ભગવાનશ્રી કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા પુષ્પ-૧૦૭

ॐ

नमः श्री सिद्धेभ्यः
नमः श्री अनुभवप्रकाशकेभ्यः

# અનુભવપ્રકાશ-પ્રવચન

[ ત્રીજી આવૃત્તિ ]

શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત
" અનુભવપ્રકાશ " ઉપર
પરમ પૂજ્ય શુદ્ધાત્માનુભવી સદ્‌ગુરુદેવ
શ્રી કાનજી સ્વામીનાં અનુભવપૂર્ણ
અપૂર્વ પ્રવચનોનો સાર

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ ( સૌરાષ્ટ્ર )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃત્તિ : પ્રત ૫૦૦

સંવત ૨૦૧૯ ફાગણ વદ ૩

બીજી આવૃત્તિ : પ્રત ૨૧૦૦

સંવત ૨૦૨૩ ભાદરવા સુદ ૧૪

ત્રીજી આવૃત્તિ : પ્રત ૨૧૦૦

સંવત ૨૦૩૮ માગશર વદ ૮

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Jinendra Foundation (Jayantibhai D Shah), London, UK who have paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:


1) We have taken great care to ensure this electronic version of Anubhav Prakash Pravachan is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 2 June 2004 | First electronic version. |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમપૂજ્ય યુગસ્રષ્ટા

ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ॐ

नमः श्री सद्गुरुदेवाय

# પ્રથમાવૃત્તિનું નિવેદન

અધ્યાત્મરસરસિક શ્રી દીપચંદજી સાધર્મીકૃત "અનુભવપ્રકાશ" શાસ્ત્ર સર્વ ભવ્ય જીવોને આદરણીય થઈ પડેલ છે. તે શાસ્ત્ર વાંચતાં એવો નિશ્ચય થાય છે કે તેના લેખક એક અનુભવી આત્મજ્ઞ સત્પુરુષ હતા. તેમણે અધ્યાત્મરસને અદ્દભુત રીતે ઘૂંટયો છે. અનેક દૃષ્ટાંતો આપીને શુદ્ધાત્માનું સ્વરૂપ સુંદર રીતે તેમાં સમજાવવામાં આવ્યું છે અને મુમુક્ષુઓને શુદ્ધાત્માનો અનુભવ કરવાની પ્રેરણા આપે છે. આ શાસ્ત્રની રચના કરી તેમણે ભવ્યાત્માઓ ઉપર ઉપકાર કર્યો છે.

આ શાસ્ત્ર ઉપર સ્વરૂપાનુભવી, અધ્યાત્મયોગી, ચૈતન્યવિહારી પરમ પૂજ્ય ગુરુદેવ **શ્રી કાનજી સ્વામીએ** અલૌકિક પ્રવચનો કર્યાં છે. આ પુનિત પ્રવચનો સ્વાનુભવના પંથને અત્યંત સ્પષ્ટપણે પ્રકાશિત કરે છે અને મુમુક્ષુ જીવોનાં હૃદયમાં સ્વાનુભવની રુચિ જાગૃત કરે છે. પ્રવચનોની વાણી એટલી સહજ, ભાવપૂર્ણ અને જોસીલી છે કે આત્મજ્ઞ ગુરુદેવનો અનુભવ જ જાણે મૂર્તિમંત બનીને વાણી-પ્રવાહરૂપે વહી રહ્યો છે. આવાં અધ્યાત્મરસ-ઝરતાં મધુર પ્રવચનો દ્વારા અધ્યાત્મતૃષિત સુપાત્ર મુમુક્ષુઓ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીએ મહાન ઉપકાર કર્યો છે. પ્રત્યક્ષ સત્પુરુષના વિયોગે વર્તતા મુમુક્ષુઓને આ પ્રવચનો અત્યંત આધારભૂત છે.

સ્વ. શ્રી અમૃતલાલ નરશીભાઈ દ્વારા લખાયેલાં આ પ્રવચનો 'સદ્દગુરુ-પ્રવચન-પ્રસાદ' માં આવી ગયાં છે. તે બધાંનો સંગ્રહ કરીને

અહીં ગ્રંથાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. મુમુક્ષુઓ તેનો અતિશય એકાગ્રતાપૂર્વક અભ્યાસ કરીને આત્મિક સુધારસનો અનુભવ કરી શકે એવી આંતરિક ભાવના થતાં શ્રી મૂળજીભાઈ ચત્રભુજ લાખાણીએ આ પ્રવચનોની આ આવૃત્તિ તેમના સુપુત્ર સ્વ. શ્રી ભાનુભાઈના ચિન્મય આત્માના સ્મરણાર્થે મુમુક્ષુઓને વાંચન, મનન અને નિદિધ્યાસન માટે ભેટ આપવા છપાવેલ છે. તેનો સઘળો ખર્ચ તેમણે આપ્યો છે. તેમનું આ કાર્ય અતિ પ્રશંસનીય અને અનુકરણીય છે.

આ બધાં પ્રવચનો શ્રી ખીમચંદભાઈ જેઠાલાલ શેઠે અત્યંત ચીવટપૂર્વક તપાસી આપ્યાં છે તેમ જ આ પ્રવચનોના પ્રકાશન માટે સલાહ-સૂચન આપીને અનેક પ્રકારે સહાયતા કરી છે તે બદલ તેમનો આભાર માનવામાં આવે છે.

મુમુક્ષુઓ અતિશય ઉલ્લાસપૂર્વક આ પ્રવચનોનો અભ્યાસ કરી, ઉગ્ર પુરુષાર્થથી શુદ્ધાત્માનો અનુભવ કરવા માટે સતત પ્રયત્નશીલ બની, પરમાનંદને પામો.

**રાજકોટ**
**સં. ૨૦૧૯**
**ફાગણ વદ, ૩**

**રામજી માણકચંદ દોશી**
**પ્રમુખ,**
**શ્રી રાજકોટ દિગંબર જૈન સંઘ.**

卐

# બીજી આવૃત્તિનું નિવેદન

સર્વજ્ઞ વીતરાગ કથિત તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિમાં તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિના સારરૂપે જે કાંઈ જિનાગમ ઉપલબ્ધ છે તેમાં અધ્યાત્મતત્ત્વ તો ઉપાદેયરૂપ નિજશુદ્ધાત્માનો અનુભવ જ છે. ગ્રન્થોમાં જ્ઞાન નથી પણ અનુભવી જ્ઞાની સમક્ષ જે કોઈ ધર્મજિજ્ઞાસુ જીવ વિનયપૂર્વક આત્માનુભવ માટે નિરન્તર જ્ઞાનાભ્યાસ કરે છે તેને સ્વસન્મુખ પુરુષાર્થ દ્વારા અવશ્ય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

આ દુર્લભ વસ્તુનું અપૂર્વ માહાત્મ્ય દર્શાવનાર અધ્યાત્મજ્ઞાની પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીનાં ભવતાપહારી, આત્મહિતકારી, અનુભવપ્રધાન પ્રવચનોની આ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરતાં અત્યંત હર્ષ થાય છે.

આ પુસ્તકના પ્રકાશન-કાર્યમાં બ્ર. શ્રી ગુલાબચંદભાઈ તથા શ્રી મગનલાલજી જૈન (માલિકઃ અજિત મુદ્રણાલય) દ્વારા ઘણી કિંમતી સહાય મળી છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

**વીર સંવત્ ૨૪૯૩**
**ભાદરવા સુદ ૧૪**
**વિ સં. ૨૦૨૩**

**સાહિત્ય પ્રકાશન સમિતિ**
**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મં. ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

*

# ત્રીજી આવૃત્તિનું નિવેદન

આ પુસ્તકની ઘણા મુમુક્ષુ ભાઈઓની માંગ હોવાથી આ ત્રીજી આવૃત્તિ છપાવેલ છે. ખાસ તો લંડનમાં રહેતા મુમુક્ષુ ભાઈ-બ્હેનોની આ પુસ્તકની ત્રીજી આવૃત્તિ છપાવવાની તીવ્ર ઉત્કંઠા હોઈને, તેમણે આ પુસ્તકની કિંમત ઘટાડવા માટે રૂા. ૧૫૦૦૦/- પંદર હજાર રૂપિયા જેવી સારી રકમ ઉદારતાથી સંસ્થાને આપી છે, જે બદલ સંસ્થા તેમનો આભાર માને છે.

સૌ મુમુક્ષુ ભાઈ-બ્હેનો આ પુસ્તકનો લાભ લે તેવી શુભેચ્છા સાથે.

**રામજી માણેકચંદ દોશી**
**પ્રમુખ-**
**શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
**સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

**માગશર વદ ૮**
**સંવત ૨૦૩૮**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# અનુભવ પ્રકાશ-પ્રવચન

* * *

* * *

* * *

* * *

* * *

* * *


*

*

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પૂજ્ય ગુરુદેવશ્રીના
# આ શાસ્ત્ર વિશેના હૃદયઉદ્‌ગારો


ॐ
આત્માને કેવા જ્ઞાનધ્યાનથી
નિર્વિકલ્પ અનુભવ કેવો હોય, કેટલો
કાળ રહે અને કેટલે અંતરે આવે એ
વાત આ અનુભવપ્રકાશમાં ખાસ વર્ણવવા-
માં આવી છે.
શ્રી દીપચંદજી સાધર્મીએ પોતે
અનુભવની રુચિ સ્થાપીને આ શાસ્ત્ર
રચેલ છે; માટે આત્માર્થી જીવોએ આ
શાસ્ત્ર વારંવાર અભ્યાસ, ચિંતવન
અને વિચારમાં લેવા જેવું છે.

[ પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ હસ્તાક્ષર ]

❃

“ વસ્તુ વિચારત ધ્યાવતેં મન પાવૈ વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઊપજૈ, અનુભૌ યાકૌ નામ.
અનુભવ રત્નચિંતામણિ, અનુભસ્વ હૈ રસકૂપ;
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ. ”

नमः श्री सिद्धेभ्यः
नमः अनेकान्ताय:

# શ્રી અનુભવ પ્રકાશ

## [ માગશર વદ ૬, રવિ ૭-૧૨-૫૨ ]

### પ્ર. - ૧

આ અનુભવ પ્રકાશ ગ્રંથ છે, આત્માના આનંદનો પ્રકાશ આ ગ્રંથમાં કર્યો છે. આત્મા જ્ઞાનાનંદસ્વભાવી છે, તેનો અનુભવ જે રીતથી થાય તે વાત આમાં કરી છે. પ્રથમ "ૐ **નમઃ સિદ્ધેભ્યઃ**" લખી ગ્રંથની શરૂઆત કરી છે. ૐ એ તીર્થંકર ભગવાનનો નિરક્ષરી ધ્વનિ છે, જે દ્વારા આત્માના સ્વરૂપનો ખ્યાલ આવે છે. સ્વભાવમાં પૂર્ણ શક્તિ હતી તેને જેમણે પ્રગટ કરી, વળી જેમણે અશરીરી દશા પ્રગટ કરી ને જેઓ અનંત આનંદનો અનુભવ કરે છે તે સિદ્ધ છે. તેમને નમસ્કાર કરી મંગલ કરે છે.

**- દોહા -**

**ગુણ અનંતમય પરમપદ, શ્રી જિનવર ભગવાન;**
**જ્ઞેય લક્ષ્ય છે જ્ઞાનમાં, અચલ સદા નિજસ્થાન.**

મંગલમાં સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરે છે. સિદ્ધ અનંત ગુણમય છે, શ્રીસ્વરૂપલક્ષ્મી વીતરાગભાવે પ્રધાનપદ પામી પ્રધાન થયા તે જિનેશ્વર ભગવાન છે. ભગવાનના જ્ઞાનમાં બધાં જ્ઞેયો વર્તે છે, કોઈ બાકી નથી, છતાં પોતે અસંખ્ય પ્રદેશમાં રહીને બધાને જાણે છે.

ભગવાન તે દ્રવ્ય છે તથા અનંત ગુણોનો ભંડાર છે–એમ કહી ભાવ બતાવ્યા, ને તેની એક સમયની પર્યાયમાં લોકાલોકને

જાણે છે તે કાળ (પર્યાય) કહ્યો, છતાં તે બધું પોતામાં રહી, ક્ષેત્ર ફર્યા વિના, પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયને ધારીને સ્વક્ષેત્રમાં રહીને જાણે છે તે ક્ષેત્ર કહ્યું-આમ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભગવાનનું સ્વરૂપ કહ્યું.

પરમાત્માને જ્ઞેયો લક્ષમાં છે પણ તેઓ જ્ઞેયોને ફેરવે કે બદલાવે તેવા નથી, માત્ર બધાં જ્ઞેયોને જાણે છે ને પોતાના અસંખ્યપ્રદેશી નિજસ્થાનમાં સદાય અચલ છે, ત્યાંથી કદી ચલિત થતા નથી.

સિદ્ધ ભગવાન અથવા નિર્વાણનાથ કેવા છે? જિનેશ્વર પરમ દેવાધિદેવ છે, પરમાત્મા છે, પોતાની ઈશ્વરતા પોતાને પ્રગટ થઈ છે માટે પરમેશ્વર છે. વળી જ્ઞાની ધર્માત્માને પરમ પૂજ્ય છે. અજ્ઞાનીને પૂજ્ય નથી, કેમકે પૂજ્ય કેવા હોય અને પૂજનાર કેવો હોય તેની અજ્ઞાનીને ખબર નથી. વળી ભગવાન મિથ્યાત્વ-રાગાદિ મળથી રહિત છે, ઉપમા વિનાના છે, તેમને આનંદમાં ખંડ પડતો નથી એવા શીતળીભૂત ભગવાન નિર્વાણનાથને નમસ્કાર કરું છું. પરિપૂર્ણ દશાની રક્ષા કરે છે તે નિર્વાણનાથ છે. આમ ઓળખાણ કરી ગ્રંથકાર નમસ્કાર કરે છે, તે વિના નમસ્કાર સાચો હોતો નથી. જીવ પોતાના સ્વરૂપને ઓળખે તો ભગવાન ઉપર નિમિત્તનો આરોપ આવે. આમ સ્વરૂપને સમજી, ભગવાનને નમસ્કાર કરી, આત્માની આનંદદશાના પ્રકાશક આ ગ્રંથની શરૂઆત કરે છે.

નિર્મળ ભેદજ્ઞાન દ્વારા આત્માના પ્રસાદથી તથા નિમિત્તરૂપે ભગવાનના પ્રસાદથી પોતાના આત્મામાં આનંદ પ્રગટ થાય તે ધર્મ છે. પ્રથમ અજ્ઞાનમાં વિકારી પર્યાય તરફ જોતો તે સ્વભાવ તરફ જોવાથી નિજ આનંદદશા પ્રગટ થાય છે. આત્મા પોતે આનંદની ખાણ છે, તેના આશ્રયે આનંદ પ્રગટે છે.

આમ નમસ્કાર કરી મહિમા કર્યો ને તેનું ફળ આનંદ બતાવ્યું.

પ્રથમ આ લોકમાં અનંતા આત્મા, અનંતાનંત પુદ્‌ગલો, એક ધર્મ, એક અધર્મ, એક આકાશ ને અસંખ્ય કાળાણુ-એમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છ પ્રકારની વસ્તુ સર્વજ્ઞે પોતાના જ્ઞાનમાં જોયેલ છે. તેમાં આત્મા તે સર્વ પરદ્રવ્યથી જાુદો છે. શરીર, મન, વાણી, કર્મ વગેરે વસ્તુ છે, પણ આત્મા તેનાથી જાુદો છે; જાુદો ન હોય તો છ વસ્તુ રહેતી નથી. શરીરાદિથી આત્મા જુદો છે-તે નાસ્તિથી વર્ણન કર્યું.

હવે અસ્તિથી કેવો છે તેનું વર્ણન કરે છે. તેનો જ્ઞાનાનંદમય સ્વભાવ સહજ છે, અનાદિનો છે, કોઈથી ઘડાયેલો નથી. છ દ્રવ્યો સહજ છે પણ આત્મા કેવો સહજ છે? તે સહજસ્વભાવરૂપ સચ્ચિદાનંદ છે. સત્=અસ્તિ, ચિત્=જ્ઞાન, પોતે જ્ઞાન ને આનંદવાળો છે. વળી અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનંતા ગુણવાળો છે. સંસારમાં શરીર નિમિત્તરૂપે હો, પર્યાયમાં વિકાર હો પણ સ્વભાવ તો જ્ઞાન ને આનંદવાળો છે. વળી આત્મા અનંત ગુણમય છે, અમૃતરસનો પિંડ છે, પર્યાયમાં વિકારને ગૌણ કરી અહીં વાત કરે છે.

હવે પર્યાયની વાત કરે છે. આત્મા સ્વભાવે શુદ્ધ હોવા છતાં અનાદિથી કર્મનો સંયોગ છે. કર્મ આદિ પરદ્રવ્યથી ભિન્ન છે. પણ તેના નિમિત્તે પોતાની દશામાં અશુદ્ધતા છે. અશુદ્ધતા ન હોય તો સંસાર ન હોય. આમ હોવાથી અજ્ઞાની અનાદિથી પર પદમાં પોતાનું સ્વરૂપ માને છે. વિકાર, દયા, દાનાદિ પરિણામ તથા શરીરાદિ પરધામ છે, છતાં તેને પોતાનાં માની પરભાવ કર્યા કરે છે. કર્મ પરભાવ કરાવતું નથી, પણ પોતે પરને પોતાનું માની પરભાવ કરે છે.

અનાદિથી જીવ પરને તથા વિકારને પોતાનાં માને છે. વિકાર એક સમયનો હોવા છતાં તેને પોતાનું ત્રિકાળી સ્વરૂપ માને તો તેમાંથી દૃષ્ટિ કેવી રીતે ઉઠાવે? ન જ ઉઠાવે. આમ રાગની રુચિ વડે શુભાશુભ લાગણીઓ કર્યા કરે છે ને જન્મનાં, વૃદ્ધાવસ્થાનાં, મરણ વગેરેનાં દુઃખ સહન કરે છે.

આ દુઃખની પરિપાટીનું કારણ કહે છે. ભગવાન આત્મા અનંતા ગુણોનો પિંડ હોવા છતાં પરને પોતાનાં માની કર્મના નિમિત્તે પરભાવ કરી દુઃખ સહન કરે છે. પોતાના અશુદ્ધ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચિંતવનથી જ દુઃખની પરિપાટી પ્રાપ્ત કરે છે ને શુદ્ધ ચિંતવનથી દુઃખ થતું નથી-એમ અનેકાંત બતાવે છે.

જો જીવ પોતાના સહજ સ્વરૂપની સંભાળ કરે તો દુઃખનો નાશ થાય, પણ અજ્ઞાની જીવ તેની પ્રતીતિ કરતો નથી તેથી દુઃખની પરિપાટી પ્રાપ્ત થઈ છે. પ્રથમ પર્યાયમાં દુઃખની વાત કરી. હવે કહે છે કે પોતાનો ત્રિકાળી સ્વભાવ-સહજસ્વભાવ પરમાનંદની મૂર્તિ છે તેની સંભાળ કરે તો દુઃખ જાય. પણ ગૃહીત મિથ્યાત્વ ટળ્યા વિના આ વાત સમજાય નહિ. જે પરથી ને પુણ્યથી ધર્મ મનાવે તે સાચા દેવાદિ નથી, કુદેવાદિ છે વગેરે વાત આગળ કહેશે.

પોતાના અશુદ્ધ ચિંતવનથી દુઃખ છે પણ પોતાના સહજ સ્વભાવની સંભાળ કરે તો દુઃખ મટે. પર્યાયબુદ્ધિથી જે સંસાર છે તે સ્વભાવબુદ્ધિથી ગુણગુણી ત્રિકાળ અભેદ છે તેની દૃષ્ટિથી તૂટે.

આત્માનો સહજ જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેના શ્રદ્ધા-જ્ઞાન કરે તો દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ નિમિત્ત કહેવાય. દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે આત્મા અનંત ગુણોનો પિંડ છે, માટે પર્યાયબુદ્ધિ છોડી સ્વભાવબુદ્ધિ કર તો દુઃખનો નાશ થાય. અનાદિથી પર્યાયમાં સંસાર છે ને તે સ્વભાવના આશ્રયે નાશ થઈ શકે છે એમ કહેનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. આમ શિષ્ય તેને સાંભળે છે ત્યારે ગૃહીત મિથ્યાત્વ છૂટે છે. તે સાચા દેવાદિકને નિમિત્ત ક્યારે કહેવાય? પોતાના સહજ સ્વરૂપની સંભાળ કરે તો દેવ-ગુરુ-શાસ્ત્રને અને તેમના પ્રત્યેના શુભ વિકલ્પને નિમિત્ત કહેવાય.

દેવ-ગુરુ એમ કહે છે કે અમને સાંભળવા આવ્યો છો તે શુભરાગ છે, તે બંધન છે. એમ સંભળાવનાર છે ને સાંભળનાર પણ છે. પ્રથમ અજ્ઞાની ઊંધું સાંભળતો હતો તે છૂટયું છે. સહજ સ્વભાવનું ધામ આત્મા છે તેની સંભાળ કરે તો દુઃખનો નાશ થાય-એમ કહેનારા હવે મળ્યા છે. અહીં “ સંભાળ ” શબ્દમાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે. પોતાના સ્વરૂપની સંભાળ કરવાનું કહ્યું છે, પરની સંભાળ કરવાનું કહ્યું નથી. અજ્ઞાની જીવ રાગદ્વેષાદિની સંભાળ કરવા રોકાયો છે તેને છોડી સ્વભાવને સંભાળે તો સાચી દૃષ્ટિથી શ્રદ્ધા અપેક્ષાએ દુઃખનો નાશ થાય ને ચારિત્રમાં સ્થિરતા કરતાં કરતાં દુઃખનો સર્વથા નાશ થાય.

આ અહિંસા પરમો ધર્મ છે. પરની અહિંસા કે હિંસા કોઈ કરી શકતું નથી. પોતાના સ્વરૂપની સંભાળ તે અહિંસા છે. અજ્ઞાની જીવ પૈસાદિ સંયોગો માટે અશુદ્ધ ચિંતવન કરી દુઃખની પરિપાટી કરે છે ત્યાં પૈસા પૈસાને કારણે આવે છે પણ જીવે રાગનો પ્રયત્ન પોતાની પર્યાયમાં કર્યો છે. જીવે પુણ્ય-પાપભાવ અથવા રળવાના-ખાવાપીવાના ભાવની-અશુદ્ધતાની પ્રાપ્તિ કરી છે. કાંઈ પર ચીજો, પૈસા, મકાન વગેરે આત્માની પર્યાયમાં પેસતા નથી તો પછી તે ચીજોની પ્રાપ્તિ જીવને થઈ કેમ કહેવાય? પરચીજો-પૈસા વગેરે જીવને પ્રાપ્ત થયા નથી, પણ જીવને મમતા-આકુળતા અથવા અશુદ્ધ ભાવની પ્રાપ્તિ થઈ છે. જીવના સ્વક્ષેત્રમાં ને સ્વકાળમાં દુઃખની પ્રાપ્તિ થઈ છે.

જુઓ, દીપચંદજી ગૃહસ્થ હતા છતાં કેવી સરસ વાત કરે છે. અજ્ઞાની જીવ અશુદ્ધ ચિંતવનથી દુઃખની પ્રાપ્તિ કરે છે ને સ્વભાવની સંભાળ કરે તો દુઃખ નાશ થાય. સામગ્રી લીધે અશુદ્ધ ચિંતવન થતું નથી, સામગ્રી એક સમયમાત્ર જીવને અડતી નથી.

આત્મા જ્ઞાન, આનંદ વગેરે અનંતા ગુણોનો પિંડ છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતા કરે તો એક ક્ષણમાં સર્વ દુઃખ નાશ થાય ને કાયમી આનંદમય પરમપદ પ્રગટ થાય. જીવ કાં તો દુઃખની પરિપાટીને પામે અથવા શાશ્વત આનંદપદને પામે, તે પદ મેળવવા માટે બીજી કોઈ વસ્તુની જરૂર પડતી નથી.

જીવ અનાદિથી પોતાની સંભાળ ન કરતાં પરમાં પોતાનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપ માને છે તે માન્યતા કર્મને લીધે થઈ નથી વર્તમાન દશામાં પોતાને પરના અસ્તિત્વમાં માની સ્વરૂપને ભૂલી ગયો છે, માટે ઊલટી દશા થઈ છે. પુણ્ય-પાપ પર્યાયમાં પોતે કરી રહ્યો છે, કોઈએ કરાવેલ નથી. પોતે સહજ આનંદ સ્વભાવવાળો હોવા છતાં પોતાની સંભાળ ન કરતાં પરને પોતાનું માની રહ્યો છે. શરીર, દીકરા, મકાન વગેરે બાહ્ય સંયોગો જીવની પર્યાયમાં આવતા નથી, જીવ માત્ર કલ્પના-રાગ કર્યા કરે છે. પરમાં પોતાને માની સ્વરૂપને ભૂલી રહ્યો છે. તે જ પરિણામ સુલટાવી પોતા તરફ વાળતાં મુક્તદશાને પામે. તે જ પરિણામ એટલે કે પર્યાયમાં જે ઊંધા પરિણામ કરી રહ્યો છો તેને સવળા કર-એમ કહે છે. દ્રવ્ય-ગુણ વળતા નથી, તે તો કૂટસ્થ છે. પણ વર્તમાન પરિણામ પર તરફ વળે છે તેને સ્વભાવ તરફ વાળી શકાય છે. આત્મા અનંત ગુણોના પિંડસ્વરૂપ છે તેને પોતાનો માનવો ને પરનું વિસ્મરણ કરવું. (કોઈ કરાવે એમ કહ્યું નથી.) આમ જો જીવ કરે તો આત્માની પરમાનંદ દશા પ્રગટ થાય.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# માગશર વદ, સોમ ૮-૧૨-૫૨
## પ્ર. - ૨

**સ્વ**ના વિસ્મરણે સંસાર છે ને પરના વિસ્મરણે મુક્તિ છે. પોતાના નિરુપાધિ અવિકારી સ્વભાવના વિસ્મરણમાં સંસાર છે ને નિર્દોષ ચૈતન્યસ્વભાવના સ્મરણથી મુક્તિનો નાથ થાય છે. સ્વરૂપ ધ્રુવ જ્ઞાયક છે, તેના તરફ પરિણામ વાળવામાં જરા પણ કલેશ નથી. એ પરિણામ કોણ કરે? તેનું સમાધાન કરે છે :-

આત્માના સ્વભાવના આનંદના પ્રકાશની વાત ટૂંકા સૂત્રોથી કરે છે. અનાદિકાળથી આ જીવ અવિદ્યામાં (મિથ્યાત્વમાં) પડયો છે. જેવો સ્વભાવ છે તેની સંભાળ નહિ લેતાં રાગની સંભાળ લીધી છે માટે અવિદ્યા કહી છે. જ્ઞાનાનંદ સ્વભાવ જે હયાતીવાળી ચીજ છે તેને ચૂકી ક્ષણિક વિકારને પોતાના માની બેઠો છે. જેમ સૂતરમાં ગાંઠ પડે તેમ ચિદાનંદ આનંદકંદને ચૂકીને પુણ્ય-પાપના પરિણામ સાથે એકત્વની ગાંઠ પડી છે. પોતાનું એકત્વ ચૂકી વિકાર, વ્યવહાર ને વિકલ્પોને પોતાના માની એકપણાની સંધિની પ્રતીતિ કરી રહ્યો છે. જેમ અફીણના અમલમાં ચડેલો પુરુષ દુઃખ પામે છે પણ છૂટી શકતો નથી, કારણ કે કેફ ઘણો ચડયો છે તેને અફીણ વિના ચાલતું નથી. ખરેખર તો તેના છૂટવાથી ઠીક છે, અફીણથી છૂટવામાં કાંઈ દુઃખ નથી. અફીણના બંધાણીને બંધાણને લીધે અફીણ વિના ચાલતું નથી એમ માને છે તેથી તલપ લાગતાં તે અફીણ લઈ જ લે છે; તેમ આ જીવ મોહથી બંધાય છે. આત્મા જ્ઞાનસ્વભાવી હોવા છતાં પરમાં બંધાઈ રહ્યો છે. મોહથી છૂટવામાં સુખ છે છતાં છૂટતો નથી, અંતર્સ્વભાવ તરફની રુચિ કરતો નથી; કોઈ કર્મને લીધે રુચિ કરતો નથી-એમ કહ્યું નથી.

સ્વાશ્રિત તે નિશ્ચય, પરાશ્રિત તે વ્યવહાર છે; તેમાં વિવેક નથી તે અજ્ઞાની છે. અજ્ઞાની જીવો વ્યવહારથી ધર્મ માને છે ને નિશ્ચય માનવાથી એકાંત થશે તેમ કહે છે. વળી દેવની પૂજાથી સમકિત થાય, શાસ્ત્રથી જ્ઞાન થાય ને ગુરુની ભક્તિથી ચારિત્ર થાય-એમ અજ્ઞાની જીવો માને છે પણ એ બધો અજ્ઞાનભાવ છે. આત્માની પ્રતીતિ પૂર્વક સ્થિરતા કરે તો ચારિત્ર થાય, ગુરુ ચારિત્ર આપી દેતા નથી; ગુરુ પ્રત્યે રાગ આવે પણ તેથી ચારિત્ર થતું નથી. શાસ્ત્ર તરફનો શુભરાગ આવે પણ શુભરાગથી જ્ઞાન થતું નથી. વળી કોઈ કહે કે સાધકદશામાં દેવ, ગુરુ ને શાસ્ત્ર પ્રત્યે શુભરાગ આવતો જ નથી તો તે પણ ખોટો છે, છતાં તે શુભરાગ આવે માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે એમ પણ નથી. શુદ્ધ સ્વભાવ તરફની એકાગ્રતારૂપ અજમાયશ કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તેમ છે.

અનાદિથી પરાશ્રયની રુચિના કારણે પુણ્ય-પાપ વગેરે ભાવો પર્યાયમાં છે, તે છૂટતાં સુખ થાય તેમ છે, પણ અજ્ઞાની વિકારીભાવમાં સુખ માની રહ્યો છે. ભગવાન આત્મા નિરુપાધિ સ્વભાવ છે ને તેની પર્યાયમાં દોષ અથવા ઉપાધિ છે, તે બેની એકપણાની સંધિ છે, તેમાં પ્રજ્ઞાછીણી નાખવી એ જ દુઃખ નાશ કરવાનો ઉપાય છે. પ્રજ્ઞાછીણી એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા પ્રગટ કરવી એ જ સુખ પ્રગટ કરવાનો ઉપાય છે. તે ઉપાયને કહેનારા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર છે. તે કહે છે કે સ્વભાવ ને વિભાવની સાથે એકત્વસંધાન થયું છે તે તોડીને પર્યાયને સ્વભાવ તરફ વાળવી.

શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે :-

**“ જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ,**
**તે કારણ છેદક દશા, મોક્ષ પંથ ભવ અંત. ”**

બંધના કારણોને છેદવા એ જ મોક્ષનો પંથ છે.

ચેતનાના અંશને પોતાનો જાણે કે જેમાં જડ પદાર્થો અથવા

વિકારાદિ ભાવ જે જડ છે તેનો પ્રવેશ નથી તેવા સ્વભાવને પોતાનો જાણે તે કેવી રીતે છે તે કહીએ છીએ.

આ જીવ પરમાં પોતાનું સ્વરૂપ જાણે છે. આવા સંયોગો અને રાગાદિ હોય તો મને લાભ થાય એમ માને છે. તેથી કામ ક્રોધ રાગાદિને, શરીર વગેરેને પોતાના જાણે છે. પરને પોતાનું માનવું તે ભૂલ છે પણ આ જે જાણે છે તે જ્ઞાનની અવસ્થા જ્ઞાનીનો અંશ છે, ચૈતન્યસૂર્યનું કિરણ છે. રાગ-દ્વેષની લહેર ઊઠે તે ચૈતન્યની વાનગી નથી, તે વિકારની વાનગી છે, માટે નિજ પૂર્ણ જ્ઞાનાનંદ સ્વભાવની સ્વાનુભૂતિને ઓળખવી. પૂર્ણ જ્ઞાન તે જ હું છું એમ પોતાને ઓળખીને હજારો સંતો અજરઅમર થયા છે. ઓળખવામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે.

સ્વસન્મુખ થયા વિના જરાય સાધક દશા હોય નહીં.

સાધકને વ્યવહાર આવવા છતાં વ્યવહાર તરફ વજન નથી. જ્ઞાની સ્વભાવ તરફ જોવાનું કહે છે. સ્વભાવને ઓળખીને અજરઅમર થયા છે, વ્યવહાર કરીને થયા નથી.

**પ્રશ્ન** :- શ્રાવકનાં છ કર્તવ્ય-દેવપૂજા, ગુરુની ઉપાસના-ભક્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ તથા દાન શાસ્ત્રમાં કહે છે તેનો શો અર્થ?

**સમાધાન** :- ખરેખર તો ધર્મીને પોતાના પૂર્ણ વીતરાગ પદનો આદર છે, આત્માનું ભાન છે ને પોતાનું બહુમાન આવતાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ભક્તિભાવ આવ્યા વિના રહેતો નથી. તે ભાવ જ્ઞાનીને વ્યવહારે છે. સ્વભાવના ભાન વિના ષટ્કર્મ વ્યર્થ છે એટલે કે તેને વ્યવહાર કહેવાતાં નથી.

અજ્ઞાની જીવો શુભરાગરૂપ વ્યવહારથી આત્માની પ્રાપ્તિ થાય એમ માને તે વ્યવહારને ક્યારે છોડે? અહીં કહે છે કે આત્માના અરાગસ્વભાવને ઓળખી સંતો અજરઅમર થયા છે. એ કહેવા માત્રથી જ ન મળે પણ સ્વભાવમાં અંતર્મુખ વીર્ય વાળે, પોતાના ચિત્તને જાણવા-દેખવાના સ્વભાવમાં અંતર્મુખ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે એ જ સ્વરૂપ અનુભવનો વિલાસ છે. તેથી સ્વભાવની રુચિવાળો સુખમાં પેઠો છે, સંયોગ અને રાગની રુચિવાળો દુઃખમાં પેઠો છે.

કોઈ કહે કે આ નિશ્ચયની વાત છે, અપ્રમત્ત ગુણસ્થાનની વાત છે. તો કહે કે ભાઈ, આ ચોથા ગુણસ્થાનને પ્રગટ કરવાની વાત છે, નાનામાં નાની સત્યધર્મની શરૂઆત કેમ થાય તેની વાત છે, અજ્ઞાન ટાળી જ્ઞાન પ્રગટ કરવાની વાત છે. અજ્ઞાની અનાદિથી શુભભાવ તો કરતો આવ્યો છે, તે નવાઈ નથી.

સંતો પોતાના સ્વભાવમાં ચિત્તને ક્ષણભર રમાવે-એ કેવી રીતે? તે કહીએ છીએ.

સંતો નિરંતર પોતાના સ્વભાવની ભાવનામાં એટલે એકાગ્રતામાં મગ્ન રહે છે. તેઓ આત્માને અનુભવથી બતાવે છે. ચેતનાનો પ્રકાશ વ્યક્ત પર્યાયમાં આવે છે, તેને પોતાના સ્વભાવમાં દૃઢ કરે છે. જાણનાર-દેખનારનો પ્રકાશ પોતાનો છે. જ્યાં વિકાર છે ત્યાં જ્ઞાનપ્રકાશ છે. જ્ઞાનપ્રકાશ ન હોય તો વિકાર જણાય નહિ, માટે નિત્ય જ્ઞાનપ્રકાશને પકડી પોતામાં દૃઢ થાય. વિકાર વખતે જ્ઞાન ન હોય તો વિકારને જાણત કોણ? મને દયા થઇ આવી, ભક્તિનો ભાવ આવ્યો-એમ જ્ઞાનમાં જણાયું તે ઉપયોગ છે. ચૈતન્યસ્વભાવને અનુસરીને થતા પરિણામને ઉપયોગ કહે છે. રાગ કે વિકારને અનુસરીને તે પરિણામ થતા નથી. રાગરહિત સ્વભાવને અનુસરીને થતા પરિણામને ઉપયોગ કહે છે. તે ઉપયોગ દ્વારા અંતરમાં જવાય છે. દયા-દાનાદિ ભાવ કે વ્યવહાર તે અંતરનું દ્વાર નથી. જ્ઞાનાનંદ ભગવાનની અવસ્થા કે જાણવા-દેખવાની છે તે દ્વારા દૃઢ ચિંતવન કરે અને એમ થતાં ચિત્‌પરિણતિ નિજસ્વરૂપમાં પરિણમતાં સ્વરૂપરસ પ્રાપ્ત થાય છે, સ્વભાવમાં સ્થિરતા થતાં આનંદનો અનુભવ થાય છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયને યથાર્થ અનુભવવા એ જ અનુભવ છે. અહીં અપેક્ષાએ કથન છે. દ્રવ્ય-ગુણનો અનુભવ નથી. દ્રવ્ય, ગુણ ને પર્યાયનું યથાર્થ જ્ઞાન થવું તે જ અનુભવ છે. દ્રવ્ય અનંતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શક્તિનો પિંડ છે, ગુણ ત્રિકાળી શક્તિઓ છે, તેમાં અનુભવ ન હોય પણ પર્યાયમાં અનુભવ હોય, જ્ઞાનપર્યાય જાણી લ્યે છે. પર્યાય દ્રવ્યને જાણે તે બરાબર છે પણ એક સમયની પર્યાયના અનુભવમાં આખા દ્રવ્યનો અનુભવ આવી જતો નથી. જ્ઞાનની પર્યાયમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે જણાય પણ વેદન ત્રણેમાં ન હોય, વેદન પર્યાયમાં હોય. પર્યાય પર્યાયને જાણે તથા ગુણ અને ગુણવાનને જાણે એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયને અનુભવવા એમ કહ્યું છે, એટલે કે ત્યાં આ ત્રણેનું જ્ઞાન હોય છે.

જેટલા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, મુનિ થયા એ આ જ અનુભવથી થયા છે ને થશે. દ્રવ્ય-ગુણ-પર્યાયનો અર્થ કહે છે. તેનો ભાવ એટલે સ્વરૂપ તેને જેમ છે તેમ જાણવું તે યથાર્થ જ્ઞાન છે. જ્યાં સાચું જ્ઞાન છે તેમાં આત્માનો અનુભવ હોય પણ અયથાર્થ જ્ઞાનમાં સાચું વેદન હોઈ શકે નહિ. તે દ્રવ્ય-ગુણ-પર્યાયના અનુભવથી પંચ પરમગુરુ એટલે પંચ પરમેષ્ઠી થયા છે ને થશે. તે આત્માનુભવ વડે થયા છે.

**પ્રશ્ન** :- તો પછી વ્યવહાર ગમે તે જાતનો આવે અથવા કુદેવાદિની શ્રદ્ધા હોય તો નડે ખરી ?

**સમાધાન** :- પોતાના જ્ઞાનસ્વભાવની પર્યાય સ્વ-પરપ્રકાશક છે. તેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે યથાર્થ નિમિત્તોનું જ્ઞાન આવી જાય છે. કુદેવાદિની શ્રદ્ધાનો વ્યવહાર ધર્મીને હોતો નથી. ખોટાનો આદર-વિનય કરે એવું જ્ઞાન તો મિથ્યાજ્ઞાનમાં હોય છે.

અહીં કહે છે કે દ્રવ્ય-ગુણ-પર્યાયના અનુભવથી પંચ પરમગુરુ થયા છે. કોઈ નિમિત્તના કે વ્યવહારના અવલંબનથી પંચપરમેષ્ઠી થયા- એમ નથી. એ બધો પ્રભાવ અનુભવનો છે. વ્યવહારનિમિત્ત હોય છે પણ તેનો પ્રભાવ નથી, જ્ઞાનમાં આવી ગયું છે કે ધર્મ પામનારને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર જ નિમિત્ત હોય.

વળી અરિહંત ભગવાન ને સિદ્ધ ભગવાન પણ પોતાના જ્ઞાન ને આનંદને સેવે છે તે જ આચરણ છે. અરીસામાં બીજી

ચીજો જણાઈ જાય છે તેમ ચૈતન્ય-અરીસામાં સ્વ-પર પ્રકાશક જ્ઞાન ખીલી ગયું છે, એટલે કે તે અનુભવને જ સેવે છે, એટલે તે અનુભવમાં અનંત ગુણના સર્વ રસ આવે છે, તે અહીં કહીએ છીએ.

જ્ઞાનનો પ્રગટ પ્રકાશ છે તે અનંત ગુણોને જાણે છે. અહીં અરિહંત, સિદ્ધની વાત છે. અલ્પજ્ઞ પોતાના પ્રમાણમાં જાણે. ભગવાનની જ્ઞાનની અવસ્થા અનંત ગુણોને જાણે પણ અનંત ગુણો જ્ઞાનમાં પેસી ન જાય. વળી જ્ઞાન સવિકલ્પ છે, સાકાર છે. સ્વ-પરને જાણવું તેને સાકાર, સવિકલ્પ અથવા જ્ઞાનવિશેષ કહે છે. તે જ્ઞાનની અવસ્થારૂપે પરિણમે, વેદે ને તેનો આસ્વાદ કરે. જ્ઞાનગુણની પર્યાયમાં આત્માના બધા ગુણોનો રસ આવે છે, ત્યાં ઉપમા વિનાનો આનંદ ઊપજે છે.

તે જ પ્રમાણે દર્શનગુણ ત્રિકાળ છે, તેની અવસ્થા વર્તમાન થાય તેને જ્ઞાન જાણે, તેનો આસ્વાદ લ્યે ને સુખફળ નીપજે, ત્યાં રાગ કે ઉપાધિ ફળરૂપે નથી. એમ બધા ગુણોની અવસ્થા થાય તેને જ્ઞાન જાણે, વેદે ને સ્વાદ લ્યે. આમ અખંડિત, અનંત ને ઉપમા વિનાનો રસ ઊપજે. જ્ઞાનની પરિણતિમાં અનંત ગુણો જાણ્યા ને વેદ્યા. તેથી સર્વ ગુણોનો રસ પર્યાય દ્વારા અનુભવ કરવામાં આવે. એ જ પ્રમાણે દ્રવ્યને પરિણમે એટલે કે તેને વેદે, આસ્વાદે ને આનંદ પામે ત્યારે પરિણતિ દ્વારા દ્રવ્યનો અનુભવ થયો.

*

# માગશર વદ ૮, મંગળ ૯-૧૨-૫૨

## પ્ર. - ૩

**આ** અનુભવપ્રકાશ ગ્રંથ છે. અંતર્પરિણતિ દ્વારા આત્માનો અનુભવ થાય તેને અનુભવપ્રકાશ કહે છે. પર્યાયમાં જે વિકાર છે તેના અવલંબને આત્માનો અનુભવ થતો નથી, પણ પર્યાયને અંતરમાં વાળવાથી અનુભવ થાય છે. અનુભવ કહો કે મોક્ષમાર્ગ કહો એક જ છે. જે પર્યાય રાગમાં એકત્વ થતી તે પર્યાય સ્વભાવમાં એકાગ્ર થતાં નિજાનંદ પ્રગટ થાય છે. મોક્ષમાર્ગની અવસ્થા ગુણોમાં એકત્વ થતાં થાય છે. પ્રથમ સ્વરૂપ ખ્યાલમાં લેવું જોઈએ. શિષ્ય સાંભળે છે તે વખતે વિકલ્પ વર્તે છે, ગુરુ ઉપર લક્ષ જાય છે. તે વ્યવહાર ભલે હો પણ આત્માનો અનુભવ તો અંતરમાં વળવાથી થાય છે. આ એક જ માર્ગ છે, બીજો માર્ગ નથી. પોતાની જ્ઞાનદશા સ્વભાવ તરફ વળે તો આનંદનો અનુભવ થાય છે. આત્મામાં અનંતા ગુણો છે, તેનું સંક્ષેપમાત્ર વર્ણન કરે છે. આત્મા છે તો તેની શક્તિઓ છે કે નહિ? છે. તેની વર્તમાન અવસ્થા છે કે નહિ? જે વર્તમાન અવસ્થા થાય છે તેને સ્વભાવ તરફ વાળવી એ જ ધર્મ છે.

અનંતા ગુણોનો પિંડ પ્રભુ ચેતનાનો પુંજ છે. જાણવા-દેખવાના ગુણ સાથે અનંતા ગુણો છે. તે બધાને અભેદ ગણી ચેતનાનો પુંજ કહી દીધો છે. અવસ્થાને અંતરમાં વાળવી તે ધર્મ છે, પુણ્ય-પાપમાં રોકાવું તે સંસારનું કારણ છે.

શ્રી સમયસારમાં સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં ૪૭ શક્તિનું વર્ણન આવ્યું છે. તેનું બીજી ઢબથી અહીં વર્ણન કરે છે. આ વિધિ સમજતાં શુભરાગ આવે તેને પુણ્ય સમજવું, પણ જે વિધિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમજતા નથી તેને તો ધર્મ થતો જ નથી. શીરાના બનાવનારે તેની વિધિ શીખવી જોઈએ. યથાર્થ વિધિએ ન કરે તો લોપરી પણ ન થાય.

ચૈતન્યવસ્તુને પ્રતીતિમાં લીધા વિના બધાં પુણ્ય-પાપ ફોક છે. સાચાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે બહુમાન આવ્યા વિના રહેતું નથી છતાં તેને ઓળખીને ચિદાનંદ આત્માની પરિણતિને પકડે તો કલ્યાણ થાય એમ છે, એ જ વસ્તુનું સ્વરૂપ છે. હવે ગુણો વર્ણવે છે.

**૧. જ્ઞાનગુણ :-** આત્મામાં જ્ઞાનગુણ મુખ્ય છે. આત્મામાં અનંતા ગુણો છે, તેને ઓળખવાનું કહે છે. જ્ઞાનગુણ પ્રધાન છે. જ્ઞાન સ્વ-પરને જાણવાની તાકાતવાળું છે. જ્ઞાન પરને-રાગદ્વેષાદિને તથા બીજા ગુણોને જાણવાની તાકાતવાળું છે, માટે જ્ઞાન વિશેષ ચેતના છે, તે જ્ઞાનની પરિણતિમાં અનંત શક્તિઓનો ખ્યાલ આવી જાય છે. બહારગામ જનારે તેની દિશા પ્રથમ જાણવી જોઈએ. દિશાના ખ્યાલ વિના ધારેલા ગામે પહોંચે નહિ, તેમ આત્મામાં પુણ્ય-પાપના ભાવથી જવાતું નથી. આત્મા કોણ છે તેની સાચી દિશા બાંધે તો તેમાં જવાય. અહીં જ્ઞાનગુણ સર્વને જાણનાર છે, માટે તેને પહેલો લીધો છે.

**૨. સૂક્ષ્મગુણ :-** જો સૂક્ષ્મ ગુણ ન હોત તો આત્મા ઇન્દ્રિયગ્રાહ્ય થઈ જાત. પણ આત્મા સૂક્ષ્મ છે, તેથી તે અતીન્દ્રિયગ્રાહ્ય છે. શરીર રૂપી સ્થૂલ છે ને આત્મા અરૂપી સૂક્ષ્મ છે, માટે આત્મા શરીર તથા ઇન્દ્રિયો વડે જણાય એવો નથી. આત્માના બધા ગુણો સૂક્ષ્મ છે. પુણ્ય-પાપ સૂક્ષ્મ નથી. શરીર, મન, વાણી સ્થૂલ છે, દયા-દાનાદિ વિકારીભાવ પણ સ્થૂલ છે. આત્મવસ્તુ સૂક્ષ્મ છે માટે જ્ઞાન દ્વારા આત્મા પકડાય તેવો છે, સૂક્ષ્મતા વડે જ્ઞાનની સિદ્ધિ છે.

**૩. સત્તાગુણ :-** જો સત્તા એટલે અસ્તિત્વગુણ-હોવાપણા નામનો ગુણ, તે ન હોય તો સૂક્ષ્મ શાશ્વત રહેત નહિ. જ્ઞાન ખ્યાલમાં આવે છે તે ઇન્દ્રિયગ્રાહ્ય નથી, માટે સૂક્ષ્મ છે ને સત્તાગુણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ન હોત તો સૂક્ષ્મપણું શાશ્વત ન હોત. હોવાપણાનો ભાવ ન હોત તો સૂક્ષ્મ ટકી ન રહેત ને જ્ઞાન પણ નિત્ય ન રહેત.

આત્મામાં અનંતા ગુણો છે, તેને ઓળખાવે છે. તેવા ગુણોની પર્યાય ગુણીમાં એકરૂપ થાય તો ધર્મ થાય. આમાંથી એક ગુણ પણ ઓછો માને તો વસ્તુ સાબિત ન થાય.

**૪. વીર્યગુણ** :- સ્વભાવની રચના કરે તે વીર્યગુણ છે, પુરુષાર્થ તેની પર્યાય છે. જો વીર્યગુણ ન હોત તો સત્તાનું રહેવું બની શકે નહિ. સત્તાની પ્રાપ્તિ ન હોત, વીર્ય ન હોત તો જ્ઞાન ને સૂક્ષ્મના સામર્થ્યની પ્રાપ્તિ ન હોત. વીર્યથી સત્તાના સામર્થ્યની પ્રાપ્તિ થાય છે ને સત્તાથી સૂક્ષ્મતાની પ્રાપ્તિ ને સૂક્ષ્મતાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

સ્વભાવને રચે તે વીર્ય છે. અનંતા ગુણોના સામર્થ્યને રચે તે વીર્ય છે. વીર્યગુણ વિના સત્તાનું સામર્થ્ય, સૂક્ષ્મનું સામર્થ્ય ને જ્ઞાનનું સામર્થ્ય ખ્યાલમાં આવત નહિ. બધા ગુણોમાં વીર્ય નિમિત્ત છે.

**૫. અગુરુલઘુત્વગુણ** :- આત્મામાં અગુરુલઘુગુણ છે, તેના કારણે દરેક ગુણ પોતાની હદ ઓળંગે નહિ. વીર્ય અધિક ન થાય ને ઓછું ન થાય, જો ગુણની મર્યાદા ન રહે તો આત્મા જડ થઈ જાય. અગુરુલઘુગુણ મધ્યસ્થ રાખે છે.

અગુરુલઘુગુણથી આત્મા હળવો-ભારે ન થાય, તેથી આત્મા કદી પણ જડતાને પ્રાપ્ત ન થાય, હીણી પરિણતિ થાય તો તે પણ હદમાં થાય ને ઉત્કૃષ્ટ પરિણતિ થાય તો તે પણ હદમાં જ થાય છે. આ ગુણથી ગુણોનો અભાવ થતો નથી ને ગુણો પોતાની મર્યાદા ઓળંગતા નથી. દરેક ગુણનો પણ એવો સ્વભાવ છે. તેમાં અગુરુલઘુગુણ નિમિત્ત છે.

**૬. પ્રમેયગુણ** :- આત્મામાં કોઈને કોઈ જ્ઞાનનો વિષય થવા રૂપ પ્રમેયગુણ છે, તેથી આત્મા જ્ઞાનના માપમાં આવી જાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જો પ્રમેયગુણ ન હોત તો ગુણો જ્ઞાનના માપમાં ન આવત, અર્થાત્ જણાત નહિ. જ્ઞાન પ્રમાણ છે. પ્રમેયગુણ ન હોત તો પ્રમાણ કોનું કરત? આત્માના અનંત ગુણોમાંથી એક ગુણ પણ ઓછો જાણે તો આત્માનું જ્ઞાન ઓછું ઠરે ને યથાર્થ અનુભવ ન થાય. જેમ કપડાં સિવડાવવા આપતાં પ્રમાણ-માપ આપે છે, તેમ અહીં જ્ઞાન પ્રમાણ છે, ને જ્ઞેયો જ્ઞાનના માપમાં આવવા યોગ્ય છે. જ્ઞાન પ્રમાણ અને પ્રમેય બન્ને છે ને બીજા બધા ગુણો પ્રમેય એટલે કે જ્ઞાનના માપમાં આવવા લાયક છે. સત્તા, વીર્ય, સૂક્ષ્મ વગેરે ગુણો પ્રમેય હોવાથી જ્ઞાનમાં જણાય છે; જ્ઞાન માપ કરે છે, બીજા ગુણો મપાવા યોગ્ય છે.

**૭. વસ્તુત્વગુણ** :- આત્મામાં વસ્તુત્વગુણ છે. ગુણ-પર્યાય તેમાં વસે છે. વસ્તુની પ્રયોજનભૂત ક્રિયા થતી ન હોય તો પ્રમાણ કોનું કરત? સસલાનાં શિંગડાં કાચબાના વાળ વસ્તુ જ નથી, તો પછી તે કેવા રંગના હશે ને કેવાં હશે તે વાત રહેતી નથી. તેમ જે વસ્તુ હોય તેનું પ્રમાણ હોય ને તેની પ્રયોજનભૂત ક્રિયા હોય. આત્મામાં વસ્તુત્વ નામનો ગુણ ન હોય તો કોનું પ્રમાણ રહેત? આત્માની વસ્તુ આત્મામાં છે, ને પરની વસ્તુ પરમાં છે. લોકો કહે છે કે વસ્તુ ખોવાઈ ગઈ પણ ભાઈ! તારી વસ્તુ તો તારામાં છે, જ્ઞાન, સૂક્ષ્મ, વીર્ય આદિ ગુણો વસ્તુ છે.

**૮. અસ્તિત્વગુણ**:- અસ્તિત્વગુણ ન હોત તો આ વસ્તુત્વ કોના આધારે કહી શકાત?

**૯. પ્રદેશત્વગુણ**:- દ્રવ્ય હોય તેમાં સ્વક્ષેત્ર (આકાર) બતાવનાર પ્રદેશત્વ નામનો ગુણ હોય જ. પ્રદેશત્વ વિના આકાર કોનો? અને આકાર વિના વસ્તુ કેવી? આત્મા અસંખ્યપ્રદેશી છે તે આ ગુણને લીધે છે. કોઈ આત્માને પરમાણુ જેવડો કહે છે, કોઈ વ્યાપક કહે છે, તે ખોટી વાત છે. આત્મા મધ્યમપરિમાણવાળો છે, લોકાલોક જેવડો નથી તેમ જ એક પરમાણુમાં આવી જાય તેવડો પણ નથી. કેટલાક જીવો કહે છે કે મરણ પછી આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતમાં ભળી જાય છે. તે વાત ખોટી છે. આત્મા પોતાના અસંખ્યપ્રદેશમાં રહે છે. સિદ્ધમાં દરેક આત્માનું પોતાનું હોવાપણું જાુદું છે. નિગોદમાં એક એક શરીરમાં અનંતા જીવો હોવા છતાં દરેક જીવ જાુદેજાુદો અસંખ્યપ્રદેશી છે, દરેકની સત્તા જાુદી જાુદી છે, તે પ્રદેશત્વગુણના કારણે છે. જ્યોતમાં જ્યોત ભળી જતી નથી.

**૧૦. પ્રભુત્વગુણ :-** પ્રભુત્વશક્તિ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપી છે. પોતાની પ્રભુતાથી આત્મા ટકે છે, બીજાને લીધે નભતો નથી. અનાદિથી અજ્ઞાની પોતાને રાંકો માને છે. શેઠ વિના, કુટુંબ વિના અમને ન ચાલે-એમ કહે છે. અહીં કહે છે કે તારામાં પ્રભુતા ભરી છે, તેનું જ્ઞાન કરવું તે પુરુષાર્થ છે. જ્ઞાનની પ્રભુતા, સત્તાની પ્રભુતા, આનંદની પ્રભુતા-બધાની પ્રભુતા પોતાની પાસે છે. ભગવાનની પ્રભુતાને લીધે પોતાને પ્રભુતા આવતી નથી, તેમ જ કર્મ ખસે તો પ્રભુતા પ્રગટે એમ પણ નથી. પ્રભુતા ત્રિકાળ ભરી પડી છે, તેનો ખ્યાલ કરે તો પ્રભુતા પ્રગટે છે. જો પ્રભુતા ન હોય તો તેના અસંખ્ય પ્રદેશ ઓછાવત્તા થઈ જાય ને તેની પ્રદેશપ્રભુતા ક્યાંથી રહે? પોતાની પ્રભુતા પોતામાં ભરી છે, એમ નિર્ણય કરે તો રાંકાઈ મટે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## માગશર વદ ૯, મંગળ ૧૦-૧૨-પર
## પ્ર. - ૪

**આ**ત્મા ચેતના આદિ અનંત ગુણોના પુંજરૂપ વસ્તુ છે, તે ગુણની પરિણતિ પોતાનામાં એકાગ્ર થાય તે અનુભવપ્રકાશ છે. સ્વમાં એકત્વ પામે ને રાગથી વિભક્ત થાય તેને મોક્ષનો માર્ગ કહે છે. અનુભવનો પ્રકાશ તે જ ક્રિયા છે. પર્યાયની ફેરણીને ક્રિયા કહે છે. પર તરફનું લક્ષ છોડી સ્વભાવ તરફ લક્ષ કરે તે ધર્મની ક્રિયા છે. જે રાગાદિની ક્રિયા થાય તે તો મોક્ષની કાતરણી છે, વસ્તુસ્વભાવમાં અંતર્મુખ થવાથી ધર્મ થાય છે. સાધકને શુભાશુભ ભાવ હોય છે પણ તે બંધનું કારણ છે. સ્વભાવના ભાનવાળાને તીવ્ર અશુભભાવ આવે નહિ.

કોઈ જીવો એક જ દ્રવ્ય કહે, કોઈ એક જ ગુણ કહે, કોઈ પર્યાયને ન માને, કોઈ ગુણને ઉપચાર માને તો તે બધા ખોટા છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, આત્મા ચેતના આદિ ગુણોનો પુંજ છે, તે તરફનો ઝુકાવ કરવો તે ધર્મ છે.

દસ શક્તિની વાત થઈ. પોતાની પ્રભુતા પોતામાં ન હોય તો વસ્તુ ખંડિત થઈ જાય. પોતાની પ્રભુતા યાદ ન કરતાં રાગ તથા સંયોગને પ્રભુતા આપે તે રાંકો થઈને રખડે. શરીર, મન, વાણી અનુકૂળ છે, તેમ માની તેને મોટાઈ આપે છે તે કાયર છે. તેને પ્રભુત્વશક્તિની ખબર નથી.

**૧૧. વિભુત્વગુણ :-** જો વિભુત્વ ન હોત તો પ્રભુત્વ સર્વમાં કેવી રીતે વ્યાપત? જ્ઞાનગુણની પ્રભુતા, સૂક્ષ્મની પ્રભુતા-એમ દરેકની પ્રભુતા વિભુત્વને લીધે છે. કેટલાક જીવો કહે છે કે આત્મા લોકાલોકમાં વ્યાપેલ છે માટે તે વિભુ છે પણ તે વાત ખોટી છે. આત્મા સ્વક્ષેત્રવાળો સદા અસંખ્યપ્રદેશી છે તેમાં વિભુત્વગુણ છે.

આગળ વાત આવશે કે અજ્ઞાની શુભાશુભ વિકારાદિ મારા છે એવું ચિંતવન પોતાને ગળે વળગાડે છે, પરમાં મજા પડે છે એવી કલ્પના કરે છે, પણ ચૈતન્યની પ્રતીતિ કરતો નથી.

પૃ. ૩૭માં કહ્યું છે કે "અવિદ્યા જડ નાની શક્તિથી તારી મહાન શક્તિ ન હણાઈ જાય. **તારી શુદ્ધ શક્તિ પણ મોટી, તારી અશુદ્ધ શક્તિ પણ મોટી, તારી ચિંતવણી તારે ગળે પડી અને તેથી પરને દેખી આત્મા ભૂલ્યો. એ અવિદ્યા તારી જ ફેલાવેલી છે;** તું અવિદ્યારૂપ કર્મમાં ન પડી સ્વને ન જોડે તો જડનું તો કાંઈ જોર નથી, અપરંપાર શક્તિ તારી છે." અજ્ઞાનીએ જડનો હાથ પકડયો છે, તે કલ્પનામાં દુઃખ છે. આ ચૈતન્યગોળો અનંતી શક્તિનો પુંજ છે, તેની તેને ખબર નથી.

આત્મામાં દરેક ગુણની પ્રભુતા છે. તેને ચૂકી અપ્રભુતા કરે તો તે પોતાથી થાય છે, પરને લીધે નથી, પોતાની કલ્પનાથી સ્વઘર ચૂક્યો ને પરઘર માંડયું છે; અંતર્મુખ દૃષ્ટિ છોડી છે, તે પોતાની ભૂલ છે. વિભુત્વ ગુણ બધામાં વ્યાપક છે, વિભુત્વ વિના બધા ગુણો એકમેક કેમ રહે?

**૧૨. જીવત્વગુણ :-** ચૈતન્યપ્રાણને ટકાવી રાખનાર જીવત્વગુણ ન હોત તો વિભુત્વ અજીવ હોત એટલે કે આત્મા જડ થઈ જાત, જીવ ચૈતન્યપ્રાણથી જીવે છે, શરીર, મન, વાણી કે પુણ્ય-પાપથી જીવતો નથી. વિકરાદિ ભાવ જાુદા જાુદા થાય છે, શરીરાદિની અવસ્થા જુદી જુદી થાય છે, પણ ચૈતન્યપ્રાણ સદાય એકરૂપ છે. તેનાથી જીવ જીવે છે.

જડ પદાર્થોને સુખ-દુઃખ નથી. સુખ-દુઃખ ચૈતન્યમાં જણાય છે. જડમાં વિભાવસ્વભાવ છે એમ જીવ જાણે છે, બીજા જીવમાં સુખ-દુઃખ થાય છે એમ જીવ જાણે છે. એક પરમાણુ છૂટો દ્રવ્ય-ગુણ-પર્યાયે શુદ્ધ છે, તેની અર્થ પર્યાય ને વ્યંજનપર્યાય બન્ને શુદ્ધ છે, તેથી તેમાં સુખ છે- એમ નથી, તેમ જ અચેત મહાસ્કંધ છે માટે દુઃખી છે-એમ પણ નથી. તેમાં સુખ-દુઃખ નથી, જીવમાં સુખ-દુઃખ છે, જીવ પોતાના ચૈતન્યપ્રાણથી સદાય જીવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૧૩. ચેતનાગુણ** :- ચેતના વિના જીવત્વ ક્યાં વર્તત? જીવમાં ચેતનાગુણ છે તેને લીધે જીવત્વ વર્તી રહ્યું છે.

**૧૪. જ્ઞાનગુણ** :- આત્મામાં જ્ઞાનગુણ ન હોત તો ચેતનના વિશેષ-ભેદોને જાણવાનું બનત નહિ, માટે આત્મામાં જ્ઞાનગુણ છે.

**૧૫. દર્શનગુણ** :- દર્શન સામાન્યને દેખે છે. ગુણ-પર્યાયનું સામાન્ય એકપણું ને ગુણ તથા પર્યાય-એવા વિશેષ અથવા ભેદ જ્ઞાન વિના ન હોત. અભેદથી દેખવું તે દર્શન છે, ભેદથી જાણવું તે જ્ઞાન છે. ગુણ અને પર્યાયના ભેદ પાડીને જાણવું તે જ્ઞાનનું કાર્ય છે, અને અભેદ દેખવું તે દર્શનનું કાર્ય છે. આમ દર્શન વિના સામાન્ય વિશેષ જ્ઞાન ન રહે.

**૧૬. સર્વજ્ઞતા** :- આત્મામાં સર્વજ્ઞશક્તિ છે, તે ન હોત તો દર્શનને કોણ જાણત? એટલે કે બધાને કોણ જાણત? આત્મામાં સર્વજ્ઞતા નામનો ગુણ છે. તેની પ્રતીતિ કરીને લીનતા કરવાથી સર્વજ્ઞતા પ્રગટ થાય છે.

**૧૭. સર્વદર્શિત્વ** :- આત્મામાં સર્વદર્શિત્વશક્તિ છે, તેના વિના જ્ઞાનને કોણ દેખત? અભેદપણે કોણ દેખત? જાણવું-દેખવું પરને લીધે નથી પણ પોતાને લીધે છે. આત્મા વસ્તુ છે, તે જાણ્યા-દેખ્યા વિના રહે નહિ. અલ્પજ્ઞતા રહેલ છે તે પોતાના પ્રમાદથી છે પણ પોતામાં સર્વજ્ઞત્વ ને સર્વદર્શિત્વ શક્તિ ભરેલી છે. સહસ્ત્રપૂટી અબરખમાં તેવી તાકાત છે માટે તે પ્રગટ થાય છે. તે શક્તિ અનાદિથી છે, તે અગ્નિની આંચને ઝીલે તેવી છે; તેમ ભગવાન આત્માને એકાગ્રતાની અમુક કાળ આંચ આપે તો સર્વદર્શિત્વ ને સર્વજ્ઞત્વશક્તિ પ્રગટ થાય ને સંસારરૂપી ક્ષયનો નાશ થાય. રાગમાં એકાગ્રતાથી સંસાર છે ને ચિદ્રૂપરસ્વભાવમાં એકાગ્ર થાય તો આ શક્તિ પ્રગટ થાય છે. જ્ઞાનાવરણીય કર્મ ટળે તો સર્વજ્ઞપણું પ્રગટે ને દર્શનાવરણીય કર્મ ટળે તો સર્વદર્શીપણું પ્રગટે-એમ નથી. પોતાના નિત્ય પૂર્ણ સ્વભાવ તરફ જોવાનું છે. અજ્ઞાની જીવો લીંડીપીપરની શક્તિનો ને અબરખની શક્તિનો વિશ્વાસ કરે છે પણ પોતાના ધ્રુવસ્વભાવનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિશ્વાસ કરતા નથી. દરેક આત્મામાં ત્રિકાળ આવી શક્તિઓ ભરેલી છે. પ્રતીતિ, જ્ઞાન ને ચારિત્ર દ્વારા તે પ્રગટ થાય છે.

**૧૮. ચારિત્રગુણ** :- સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર. આત્મામાં અકષાયરસ ત્રિકાળ છે; તે ચારિત્રગુણ ન હોય તો દર્શન-જ્ઞાન સ્થિર રહી શકત નહિ. દર્શન તથા જ્ઞાનની અવસ્થા સ્થિર રહેલ છે, માટે ચારિત્રગુણ છે. રાગથી ચારિત્ર આવતું નથી, આત્માના અવલંબને ચારિત્રદશા પ્રગટે છે. પ્રત્યેક ગુણને પોતાનું ચારિત્ર હોય છે.

**૧૯. પરિણામીપણું** :- આત્મામાં બદલવાનો ગુણ છે. જો આત્મામાં તે ગુણ ન હોય તો ચૈતન્યનો આનંદ આવે નહિ, એકલા ધ્રુવમાં આનંદનો અનુભવ હોય નહિ. ભગવાન આત્માનો ચેતનાસ્વભાવ પલટે તો જ્ઞાનનો વિલાસ કરે. લોટ પલટતો ન હોય તો રોટલી વગેરે ન થાય, જડમાં પરિણમન ન હોય તો સ્વાદનો પલટો ન થાત, તેમ આત્મામાં પરિણમન ન હોય તો જ્ઞાનનો આનંદ ન આવત, માટે આત્મામાં પરિણામીપણું છે.

**૨૦. અકારણકાર્યત્વ :- જીવ** પરનું કારણ નથી, તેમ જ પરનું કાર્ય નથી. જો આત્મામાં પરને કરવારૂપ શક્તિ હોત અથવા પરથી પોતાનામાં કાર્ય થાત તો નિજકાર્યનો અભાવ થાત. સ્વતંત્ર આત્મા પરના કારણ વિનાનો છે, પરના કાર્ય વિનાનો છે. લક્ષ્મીની અવસ્થાનું કારણ આત્મા નથી, કર્મનું કારણ આત્મા નથી, તેમ જ કર્મના કારણે આત્મામાં કાર્ય થતું નથી. પરનું કાર્ય કરવા જાય તો પોતાનું કાર્ય ન થાય. પરનું હું કારણ નથી તેમ જ પર મારામાં કાંઈ કાર્ય કરતાં નથી, એવો અનાદિથી આત્માનો સ્વભાવ છે. પરનું કાર્ય કરે એવું કારણ આત્મામાં નથી ને પર આત્મામાં કાર્ય કરે એવો આત્માનો સ્વભાવ નથી. શરીરને ચલાવવાના કારણરૂપ આત્મા હોય તો પોતાનું કાર્ય થાય નહિ. માટે આત્મામાં અકારણકાર્યત્વશક્તિ છે. પરમાં આત્માનો અધિકાર નથી. જડનું કાર્ય તેનાથી બને છે તેમાં આત્મા કારણ નથી. પર વસ્તુ આત્માનું કામ કરી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આપે તો જીવ નમાળો ઠરે-ગુણ વિનાનો ઠરે, પણ આત્મા નિત્ય પોતાના કારણકાર્યથી પરિપૂર્ણ છે જ, આત્મામાં અકારણકાર્યત્વગુણ ન હોય તો પોતાની પર્યાયમાં કાર્ય વિનાનો થઈ જાય.

**૨૧. અસંકુચિતવિકાસત્ત્વ ગુણ :-** આ શક્તિ વિના ચેતનનો વિલાસ સંકોચમાં આવત. આત્મામાં કદી પણ સંકોચ થતો નથી. અનાદિકાળથી ઘણો વિકાર કર્યો છતાં શક્તિ તો એવી ને એવી પડી છે, તેની શ્રદ્ધા કરે તો વિકાસ પામે. ચિદાનંદ આત્મામાં અનંતા ગુણોનો સંકોચ નથી. ક્ષેત્રથી સંકોચ નથી. એક પ્રદેશ ઘટતો નથી, એક ગુણ ઘટતો નથી. નિગોદમાં હોય કે સિદ્ધમાં હોય, છતાં અસંકુચિત્વગુણને લીધે સ્વભાવ સંકોચ પામતો નથી.

**૨૨. ત્યાગ-ઉપાદાનશૂન્યત્વ :-** આત્મામાં પરનો ત્યાગ સદાય છે. પરનું ગ્રહવું કે છોડવું આત્મામાં ત્રણ કાળમાં નથી. આત્મા કર્મને ગ્રહે કે છોડે એવો સ્વભાવ હોય તો કદી સંસાર તૂટે નહિ તથા ત્રિકાળી સ્વભાવ ખરેખર રાગ-દ્વેષને પણ ગ્રહતો નથી તેમ જ છોડતો નથી. પર્યાયમાં વ્યવહારથી રાગ-દ્વેષના ગ્રહણત્યાગ છે, પણ ત્રિકાળી સ્વભાવમાં તે નથી. સ્વભાવમાં એકાગ્ર થતાં રાગનો ત્યાગ થયો એમ કહેવું તે ઉપચારમાત્ર છે. જે જેનું હોય તે છૂટે નહિ. જો રાગ ખરેખર જીવનો હોય તો રાગ કદી છૂટે નહિ. વર્તમાન એક સમયની અવસ્થામાં રાગ-દ્વેષ થાય છે ને છૂટે છે. રાગાદિને જીવના કહેવા તે કથન વ્યવહારથી છે. જ્યારે રાગ-દ્વેષનાં ગ્રહણ-ત્યાગ સ્વભાવમાં નથી તો પછી પર પદાર્થનાં ગ્રહણ-ત્યાગ કેમ હોય ? ન જ હોય. કેટલાક લોકો જૈનધર્મને ત્યાગપ્રધાન કહે છે, તે વાત સાચી નથી. મમત્વનો તથા રાગ-દ્વેષનો ત્યાગ પણ નામમાત્ર છે. આત્માના શુદ્ધસ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. એ જૈનધર્મ છે, તેથી તે સ્વભાવપ્રધાન છે.

જે જીવ નિમિત્તમાં ને વિકારમાં સર્વસ્વ માને તેને સ્વભાવબુદ્ધિ કદી થાય નહિ. વળી પર પદાર્થને દૂર કરી શકું છું એમ માનવું તે ભૂલ છે. પર પદાર્થ તો તેના કારણે છૂટે છે પણ તે છૂટે માટે વીતરાગતા વધે એમ પણ નથી. પોતાના સ્વભાવના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આશ્રયે વીતરાગતા વધે છે. -એમ સ્વતંત્ર વાત સમજવી જોઈએ.

**૨૩. અકર્તૃત્વગુણ :-** આત્મા વિકારનો ખરેખર કર્તા હોય તો આત્મા અને વિકાર તન્મય થઈ જાય ને તો વિકારી પરિણમન ટળત નહિ. આત્મા પરનો તેમ જ વિકારનો અકર્તા છે. અકર્તૃત્વ વિના કર્મનો કર્તા હોત-એમ બતાવી અકર્તૃત્વગુણ સાબિત કરેલ છે.

**૨૪. અભોકતૃત્વગુણ :-** આત્મામાં અભોક્તાસ્વભાવ છે. જો તે ન હોય તો સદાય પુણ્ય-પાપને ભોગવત ને કદી આનંદને ભોગવત નહિ. આત્મા જડને કદી ભોગવતો નથી. અજ્ઞાની શરીરનું સૌંદર્ય જોઈ તેને ભોગવવાની કલ્પના કરે છે. આત્મા અરૂપી છે, જડ પદાર્થો રૂપી છે. બન્ને વચ્ચે અત્યંત અભાવ છે, માટે જડને આત્મા કદી ભોગવતો નથી. પર ચીજો જ્ઞાનમાં નિમિત્ત છે, જ્ઞાનના વિષયો છે. માટે, જ્ઞાનના નિમિત્તને પણ જ્ઞાન કહે છે. આખું જગત જ્ઞાન છે, એકમેક છે માટે નહિ પણ જ્ઞાનમાં વિષય છે માટે કહ્યું. આ ચોપડી, આ જીવ વગેરે જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન પોતાનું છે, પોતાને જાણે છે પણ પરને જાણે છે એમ કહેવું તે વ્યવહાર છે. જ્ઞાનમાં જ્ઞેય નિમિત્ત છે, તેથી પરને જ્ઞાન કહી દીધું છે. ખરેખર પર કાંઈ જ્ઞાન નથી, પોતે જ જ્ઞાનસ્વરૂપ છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# માગશર વદ ૧૦, ગુરુ ૧૧-૧૨-૫૨

## પ્ર. - ૫

**આ**ત્મામાં અનંતા ગુણો છે તેની વાત ચાલે છે. કોઈ આત્માને એકાંત અદ્વૈત કહે અથવા ગુણ–પર્યાય નથી એમ કહે તો તેના પરિહાર અર્થે આત્માના બધાં ગુણોની વાત કરે છે. આત્મામાં અભોકતૃત્વ નામનો ગુણ છે, તેને લીધે આત્મા વિકારનો અભોક્તા છે.

**૨૫. અસાધારણ** :- આત્મા પરથી સાધારણ નથી પણ અસાધારણ છે. બધામાં વહેંચાઈ જાય તેવો નથી. અસાધારણ ન હોય તો જડ ને ચેતન એક થઈ જાત. અસાધારણ ગુણને લીધે જીવ બીજા પદાર્થોથી જુદા પડે છે.

**૨૬. સાધારણ** :- આત્મામાં સાધારણ ગુણ છે. સત્‌ની અપેક્ષાએ જેમ ધર્મ છે, અધર્મ છે, પુદ્‌ગલ છે તેમ આત્મા પણ છે. એમ 'છે' ની અપેક્ષાએ આત્મા સત્‌ છે.

**૨૭. તત્ત્વ** :- પોતાનું તત્ત્વ પોતાથી છે. પોતાનું તત્ત્વ પોતામાં ન હોત તો વસ્તુસ્વરૂપ ધારી શકત નહિ.

**૨૮. અતત્ત્વ** :- અતત્ત્વ નામનો ગુણ છે. તે ન હોય તો બીજાં તત્ત્વ પોતામાં આવી જાત. શરીર, કર્મ આદિનું તત્ત્વ પોતામાં આવતું નથી.

**૨૯. ભાવ** :- આત્મામાં ભાવ નામનો ગુણ છે. તે ન હોય તો સ્વભાવનો અભાવ થાત. ભાવગુણને લીધે જીવનું હોવાપણું છે.

**૩૦. ભાવ ભાવ** :- ભાવ ભાવ નામનો ગુણ ન હોય તો ભૂતકાળનો ભાવ ભવિષ્યકાળમાં ન રહેત. જે ભાવ હતો તે અત્યારે છે ને ભવિષ્યમાં રહેશે. ભાવ છે તે ભાવ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૩૧. ભાવાભાવ :-** ભાવાભાવ વિના પરિણમન સમયમાત્ર ન સંભવત. વર્તમાન પર્યાય છે તે ભાવ છે ને તેનો બીજે સમયે અભાવ થાય છે. તેવો ગુણ ન હોત તો આત્મામાં પરિણમન રહેત નહિ. દરેક સમયના પરિણમનનો બીજે સમયે અભાવ થાય છે, એવો ગુણ આત્મામાં છે. આ ગુણ ન હોય તો સમય સમયનું પરિણમન સિદ્ધ થાય નહિ.

**૩૨. અભાવભાવ :-** ભવિષ્યકાળની પર્યાયનો વર્તમાનમાં અભાવ છે પણ ભવિષ્યમાં તેનો ભાવ થશે માટે અભાવભાવ ગુણ છે. જો તે ન હોય તો ભાવિનું પરિણમન ન આવત.

**૩૩. અભાવ :-** કર્મનો આત્મામાં ત્રણે કાળ અભાવ છે. જો અભાવ ન હોય તો કર્મનો સદ્ભાવ સદાય રહ્યા કરત. કર્મની પેઠે શરીર, મન, વાણી–બધાનો આત્મામાં ત્રણે કાળે અભાવ છે. સંસારમાં કર્મનો સંબંધ પર્યાય સાથે નિમિત્ત–નૈમિત્તિકરૂપે છે, પણ ત્રિકાળી સ્વભાવમાં કર્મનો અત્યંત અભાવ છે.

**૩૪. સર્વથા અભાવ અભાવ :-** આત્મામાં અભાવ અભાવગુણ છે. કર્મનો અત્યારે આત્મામાં અભાવ છે પણ ભવિષ્યમાં કદાચ ભાવ થાય તો ? પણ એમ બનતું નથી. ત્રણે કાળે કર્મનો આત્મામાં અભાવ છે.

લોકો કહે છે કે કર્મો હેરાન કરે છે, પણ તે વાત ખોટી છે. પોતે રખડે તો કર્મને નિમિત્ત કહેવાય ને કર્મના નિમિત્તે સંયોગો બહારમાં મળે છે, પણ કર્મોનો આત્મામાં ત્રણે કાળે અભાવ છે. આ ગુણ ન હોય તો આત્મામાં ભવિષ્યમાં કર્મનો સદ્ભાવ થઈ જાત, પણ એમ બનતું નથી. જે કર્મના કારણે સંયોગો મળે તે કર્મ આત્મામાં નથી, તો પછી બહારના સંયોગો તો આત્મામાં છે જ નહિ.

**૩૫. કર્તા :-** કર્તા નામનો ગુણ છે. તેથી પોતાના સ્વાભાવિક કાર્યનો કર્તા છે, શુદ્ધ ચેતનાના કાર્યનો કર્તા છે. જો તે ગુણ ન હોત તો સ્વાભાવિક પરિણમન ન થાત. આત્મા સ્વભાવનો કર્તા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે, પરનો કર્તા નથી. તે વાત તેમાં આવી જાય છે. જ્ઞાનાનંદ સ્વભાવ છે. તેનો કર્તા ન હોત તો આનંદનું પરિણમન થઈ શકત નહિ.

**૩૬. કર્મ :-** વીતરાગી દશારૂપ કાર્ય થવાનો ગુણ આત્મામાં ત્રિકાળ છે. દ્રવ્યકર્મ કે ભાવકર્મની વાત નથી. કર્મ એટલે સ્વાભાવિક કાર્ય, નિર્મળાનંદ દશારૂપી કાર્ય. પરિણમનારો આત્મા કર્તા છે, આનંદરૂપ પરિણમન તેનું કાર્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તે તો પર્યાય છે, તેની વાત નથી, પણ કર્મ નામનો ત્રિકાળ ગુણ છે. જેવા સમકિત, દર્શન ને જ્ઞાન આદિ ગુણો છે, તેમ કર્મ નામનો ગુણ ત્રિકાળ છે. કેવળજ્ઞાનરૂપ દશા તે કાર્ય છે. જો કર્મ ગુણ ન હોત તો આ કાર્ય થાત નહિ. આમ બતાવી પર્યાયબુદ્ધિ ઉડાડે છે ને સ્વભાવબુદ્ધિ કરાવે છે. સ્વભાવબુદ્ધિ કરે તેને આત્માનો અનુભવ થાય.

શરીર, કર્મ આદિના કાર્યની વાત નથી. આત્માને આધીન તેનું કાર્ય છે જ નહિ તેમ જ વિકારી પરિણામ થવા તે પણ તેનું કર્મ નથી. વીતરાગી પર્યાયના કર્તાનો ગુણ તેમ જ વીતરાગી પર્યાયના કાર્યરૂપે થવાનો ગુણ આત્મામાં ત્રિકાળ છે. તે ન હોય તો સ્વભાવનું કાર્ય ન થાત. અરૂપી આત્માના અસંખ્ય પ્રદેશમાં આ ગુણ રહેલો છે. આત્મામાં બધા ગુણો એકસાથે છે, પણ સમજાવવામાં ક્રમ પડે છે, ત્યાં તો ગુણો અક્રમ બધા એકસાથે પડેલા છે.

સંસારની વાતોમાં અજ્ઞાનીને ઘણો રસ પડે છે, પણ બહારના સંયોગો પોતાને હાથ નથી. લક્ષ્મી, દુકાન વગેરેમાં પોતાનું ધાર્યું થતું નથી, છતાં તેમાં રસ લ્યે છે, પણ આત્માની વાત સમજતાં કંટાળો આવે છે. બારોટ પોતાના બાપદાદાની વાત કરે તો અજ્ઞાની ખુશી થઈ જાય. અહીં ભગવાન કહે છે કે તારા આત્મામાં આટલો ખજાનો ભર્યો છે તે જો. અહીં કર્મગુણની વાત કહે છે. જડકર્મ નહિ, વિભાવરૂપી કર્મ નહિ તેમ જ સ્વાભાવિક પર્યાયરૂપી કાર્ય નહિ, પણ ત્રિકાળ ગુણ કર્મ છે તેની વાત કરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**૩૭. કરણ :-** નિજકાર્ય કરવામાં ઉત્કૃષ્ટ સાધનને કરણકારક નામે ગુણ કહેલ છે. ધર્મનું સાધન પોતે બનાવે છે. સાધન નામનો ગુણ સદાય આત્મામાં છે. તે ન હોત તો સ્વરૂપપરિણમન-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પરિણમન ન થાત. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના સાધન વડે મોક્ષદશા થાય છે. એવો ત્રિકાળ સાધન નામનો ગુણ છે. ચોથો કાળ, મજબૂત સંહનન વગેરેની અજ્ઞાની જીવો કેવળજ્ઞાનનું સાધન કહે છે પણ તે ખરું સાધન નથી. કરણ નામનો ગુણ પરિણમીને સાધન થાય છે. સાધકદશામાં દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના શુભ રાગને ઉપચારથી સાધન કહેવાય છે, પણ જો કરણ નામનો ગુણ આત્મામાં ન હોત તો આત્માના સ્વરૂપનું સાધન ન થાત. તે ગુણ છે તો વીતરાગી દશારૂપે તે પરિણમી રહ્યો છે. નિમિત્તો બાહ્યમાં હોવા છતાં ને શુભરાગ હોવા છતાં, આ કરણ ન હોત તો વીતરાગી દશા ન થાત. તે સાધન દ્રવ્યમાં ત્રિકાળ પડ્યું છે. નિમિત્તમાં કે રાગમાં સાધન નથી.

**૩૮. સંપ્રદાન :-** આત્મામાં સંપ્રદાન નામનો ગુણ છે. તે ન હોત તો પોતાની શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપી વીતરાગી દશા પોતાને સમર્પણ થઈ ન શકત આ ગુણને લીધે પોતાની નિર્મળ પર્યાય પ્રગટાવી પોતાને સોંપે છે. આત્મા પર પદાર્થનું દાન આપી શકતો નથી તેમ જ રાગ કરીને પોતામાં તેને રાખી શકતો નથી. નિર્મળ પર્યાય પ્રગટાવી પોતામાં રાખી શકે છે, તે સંપ્રદાનગુણને લીધે છે.

**૩૯. અપાદાન :-** આત્મામાં અપાદાન ગુણ છે. તે ન હોત તો પોતાથી પોતા વડે પોતારૂપ ન રહેત, પણ પરરૂપ થઈ જાત. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે શુભરાગ હોય પણ તે વ્યવહાર હેતુરૂપ ક્યારે કહેવાય? ને તે શુભરાગને બાહ્ય ચીજો નિમિત્ત ક્યારે કહેવાય? પોતે પોતાનું સાધન પ્રગટ કરે તો શુભરાગ તથા બાહ્ય ચીજોને સાધનરૂપ નિમિત્ત કહેવાય. અહીં અપાદાનગુણની વાત છે. વીતરાગી દશા પોતામાંથી પ્રગટે છે. પોતાથી પોતા વડે નિર્મળતા પ્રગટે છે, નિમિત્તથી કે રાગથી ધર્મ થઈ શકે એવો ગુણ આત્મામાં નથી. પોતાથી પોતા વડે પોતામાં રહે તેવો ગુણ આત્મામાં છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**૪૦. અધિકરણ** :- આત્મામાં અધિકરણ-આધાર નામે ગુણ છે. એરણ ઉપર દાગીનો ટીપે છે તે એરણને આધાર કહેવાય છે. તે વ્યવહાર દૃષ્ટાંત છે. તેમ આત્મામાં અધિકરણ નામનો ગુણ છે, તેના આધારે નિર્મળતા પ્રગટે છે, નિમિત્ત કે વ્યવહારના આધારે ધર્મ પ્રગટતો નથી. વીતરાગી પર્યાયનો આધાર ત્રિકાળી આધાર નામનો ગુણ છે. સ્તવનમાં પ્રભુને આધાર કહે છે, તે નિમિત્તથી કથન છે. આત્માનો આધાર અથવા ધર્મની દશાનો આધાર-અધિકરણ નામનો ત્રિકાળી ગુણ છે.

આત્માની પેઠે દરેક દ્રવ્યમાં નિરંતર પોતપોતાનું કાર્ય કરનારા છ કારકો સ્વતંત્ર રહેલા છે. અહીં આત્માની વાત ચાલે છે. જો રાગના આધારે ધર્મ હોય તો રાગ ટળી જતાં ધર્મનો પણ અભાવ થઈ જાય; મનુષ્ય દેહ અથવા મજબૂત સંહનનનો આધાર હોય તો તે ખસી જતાં નિર્મળતા રહેત નહિ, પણ એમ નથી. શાસ્ત્રમાં કથન આવે કે જિનમંદિરો હોય, મુનિઓ વિચરતા હોય તો ધર્મની પ્રભાવના થાય. એ નિમિત્તથી કથન છે. શુભ વિકલ્પ આવે પણ તેના આધારે કે મંદિરોના આધારે ધર્મ પ્રગટતો નથી, પણ અધિકરણ ગુણના આધારે ધર્મ પ્રગટે છે, ટકે છે ને વધે છે. જો રાગ અને પુણ્યને લીધે ધર્મ હોય ને શાસ્ત્રથી ધર્મ હોય તો તે ખસી જતાં અથવા રાગ ટળી જતાં તે ધર્મનો નાશ થઈ જાય પણ એમ બનતું નથી.

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન અપાદાન અને અધિકરણ -આ છ કારકો થયા તે પરની અપેક્ષા રાખતા નથી. કોઈ ઈશ્વરને જગત્કર્તા ઠરાવે તે ખોટી વાત છે. પોતે પોતાનો કર્તા છે, નિર્મળતારૂપી કર્મ થાય એવો પોતાનામાં ગુણ છે, પોતે સાધન છે, પોતે પોતાને દાન આપે, પોતે પોતાથી પોતા વડે નિર્મળતા પ્રગટાવે ને પોતાને આધારે નિર્મળતા પ્રગટાવે આમ છ ગુણો પોતામાં છે.

## માગશર વદ ૧૧, શુક્ર ૧૨-૧૨-૫૨
## પ્ર. - ૬

**આ**ત્માને અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો તે ધર્મ છે. આત્મા વસ્તુ છે, એમાં જ્ઞાન ને આનંદ ત્રિકાળ છે. અંતર્મુખ થઈ વીતરાગી આનંદનો અનુભવ થવો તે ધર્મ છે ને મુક્તિનો ઉપાય છે.

આત્મામાં અધિકરણ ગુણ છે. તેમાં એકરૂપતા છે. તેના આધારે નિર્મળતા પ્રગટ થાય છે.

જો અધિકરણ ગુણ ન હોય તો સર્વનો આધાર ન હોત. સર્વનો આધાર એટલે કે અનેક વીતરાગી પર્યાયનો આધાર તે ગુણ છે. શરીરની ક્રિયા કરી શકાય કે પરની દયા પાળી શકાય તે વાત તો છે જ નહિ. એવો રાગ આવે પણ પરનું કરી શકે એ વાત મિથ્યા છે. વસ્તુના અવલંબને અનેક પ્રકારની વીતરાગી પર્યાયો પ્રગટે છે.

**૪૧. સ્વયંસિદ્ધ :-** આત્માનો કોઈ કર્તા નથી, વળી આત્મા રાગને લીધે ટક્યો નથી તેમ જ પર્યાયને લીધે પણ ટક્યો નથી. સ્વયંસિદ્ધ નામના ગુણને લીધે ટકે છે. તે ગુણ ન હોય તો પરાધીનતા આવત. આત્મા પોતે પોતાથી નક્કી કરવા માટે રાગ, સંહનન કે પર્યાયની જરૂર નથી. સ્વયંસિદ્ધ શક્તિ પડેલી છે. મારાથી હું છું, મારાપણું પરને લીધે નથી. આત્માનું આવું વાસ્તવિક સ્વરૂપ જાણ્યા વિના ધર્મ થાય નહિ ને સંસારમાં રખડવું ટળે નહિ.

**૪૨. અજ :-** આત્મામાં અજ એટલે જન્મવું નહિ એવો ગુણ છે. આમાં કદી જન્મતો નથી. જો તે ગુણ ન હોય તો શરીર અને રાગને ઉપજાવવામાં નિમિત્ત થયા કરત. આત્મા

ચિદાનંદ ત્રિકાળ ધ્રુવ પદાર્થ છે, જન્મવાનું તો નથી પણ રાગને ઉપજાવવામાં પણ આત્મા નિમિત્ત નથી.

**૪૩. અખંડ** :- આત્મામાં અખંડ નામે એક ગુણ છે. તેના આધારે આનંદ ને અનુભવમાં અખંડિતતા આવે છે. જો તે ન હોત તો સદાય રાગદ્વેષમાં અટક્યા કરત ને જ્ઞાન-દર્શન-ચારિત્રમાં ખંડિતતા રહ્યા કરત, સાધકદશામાં બાધકદશા રહ્યા કરત ને સિદ્ધદશા કદી ન થાત; એટલે કે પર્યાયમાં સદા અપૂર્ણતા રહેત.

**૪૪. વિમળ** :- દયા-દાનાદિ શુભ વિકાર છે, તે અનિત્ય પર્યાયમાં થાય છે; પણ સ્વભાવમાં વિમળ નામનો ગુણ છે તેથી સદાય નિર્મળ છે. જો તે ન હોય તો સદાય મેલ રહ્યા કરત; એટલે કે સંસારનો અભાવ થાત નહિ. આવા સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન ને એકાગ્રતા તે ધર્મ છે.

એક ગુણની ના પાડો તો અનંતા ગુણોનો પિંડ એવું દ્રવ્ય રહેતું નથી, તેમ જ ગુણની વર્તમાન હાલત એટલે પર્યાય રહેતી નથી. આમ એક ગુણની ના પાડતાં દ્રવ્ય-ગુણ-પર્યાયમાં ભૂલ થાય છે. વસ્તુ એકરૂપ છે, તેના ગુણો સ્વયંસિદ્ધ છે. એક ગુણ ન હોય તો વસ્તુની પ્રતીતિ સાચી થતી નથી, તે વિના ચારિત્ર થતું નથી.

**૪૫. એક** :- આત્મામાં એક નામનો ગુણ છે. બધા થઈને એક આત્મા નથી, પણ ગુણ-પર્યાયરૂપે અનેકપણે હોવા છતાં વસ્તુપણે આત્મા એક છે.

**૪૬. અનેક** :- અનંત ગુણોમાં અનેક નામનો એક ગુણ છે. જો અનેક ન હોય તો ગુણ અનેક ન રહેત, જેમ દ્રવ્ય એક છે તેમ ગુણ પણ એક રહેત પણ એમ હોતું નથી.

**૪૭. નિત્ય** :- આત્મામાં નિત્ય નામનો ગુણ છે. જો તે ન હોય તો આત્મા એકાંતે અનિત્ય થઈ જાત, પણ એમ બનતું નથી.

**૪૮. અનિત્ય** :- આત્માની પર્યાયમાં ૧. અનંતગુણવૃદ્ધિ,
૨. અસંખ્યગુણવૃદ્ધિ, ૩. સંખ્યગુણવૃદ્ધિ, ૪. અનંતભાગવૃદ્ધિ,
૫. અસંખ્યભાગવૃદ્ધિ, ૬. સંખ્યભાગવૃદ્ધિ, ૧. અનંતગુણ હાનિ,
૨. અસંખ્યગુણ હાનિ, ૩. સંખ્યગુણ હાનિ, ૪. અનંતભાગ હાનિ.

૫. અસંખ્યભાગ હાનિ, ૬. સંખ્યભાગ હાનિ–એ છ છ પ્રકારે ષટ્ગુણ હાનિવૃદ્ધિરૂપ પરિણમન થયા કરે છે. એવા છ ભેદોરૂપે પરિણતિ આ અનિત્ય ગુણને લીધે થાય છે. પોતાનું પ્રયોજનરૂપ કાર્ય કરવું છે તે અનિત્યને લીધે થાય છે. આત્મા સર્વથા કૂટસ્થ નથી પણ તેમાં સમયે સમયે નવી નવી અવસ્થા થયા કરે છે. અનિત્યગુણ ન હોય તો પર્યાયમાં નવાં નવાં કાર્યો થઈ શકે નહિ. આત્મા નિત્યપરિણામી છે. આત્મામાં નિત્ય અને અનિત્ય એવા બે ગુણો છે.

**૪૯. ભેદ :-** જો ભેદ નામનો ગુણ ન હોય તો દ્રવ્ય–ગુણનો ભેદ રહેત નહિ. આત્મા દ્રવ્યે એક છે ને ગુણો અનંત છે. જો ભેદ ન હોત તો આત્મા એક તેમ જ ગુણ પણ એક થઈ જાત અથવા ગુણો અનંતા હોવાથી આત્મા પણ અનંત થઈ જાત, પણ એમ બને નહિ. દ્રવ્યે એક છે ને ગુણો અનેક છે. આમ દ્રવ્ય–ગુણમાં ભેદ છે. તે ભેદગુણને લીધે છે.

ધર્મ કરનારને આવું યથાર્થ જ્ઞાન થવું જોઈએ. પરમતત્ત્વના શ્રવણની જિજ્ઞાસા નથી તે આ સાંભળવા ન આવે, પણ ક્રિયાકાંડમાં રસ લીધા કરે. તત્ત્વની વાત સાંભળવી દુર્લભ છે, ને પછી ગ્રહણ કરવી ને ધારણ કરવી દુર્લભ છે, પછી રુચિગત કરવી દુર્લભ છે.

**૫૦. અભેદ :-** જો અભેદ નામનો ગુણ ન હોય તો ગુણ ને દ્રવ્યના પ્રદેશો જુદા થઈ જાત. શરીર, મન, વાણીથી જુદો આત્મા વસ્તુરૂપે એક છે, તે અભેદગુણને લીધે છે. અભેદ ગુણ ન હોય તો દરેક ગુણ દીઠ એક એક વસ્તુ થઈ જાત એટલે કે વસ્તુ અનંતી થઈ જાત, પણ એમ બનતું નથી. આત્મામાં અનંતા ગુણો હોવા જતાં દ્રવ્ય ને ગુણ પ્રદેશે અભેદ છે. તે અભેદગુણને લીધે છે.

**૫૧. અસ્તિ :-** જો અસ્તિગુણ ન હોય તો આત્મા પરરૂપ થઈ જાત, ને તો આત્માની નાસ્તિ થઈ જાત, પણ એમ હોતું નથી. અસ્તિગુણથી પોતે સદાય ટકી રહ્યો છે.

**૫૨. નાસ્તિ :-** જો નાસ્તિગુણ ન હોય તો શરીરાદિ જડનું હોવાપણું આત્મામાં થઈ જાત, પણ એમ બનતું નથી. પરરૂપે નહિ હોવાનો ગુણ આત્મામાં સદાય છે.

**૫૩. સાકાર :-** જો સાકાર ગુણ ન હોય તો આત્માના ક્ષેત્રની પહોળાઈ અથવા અવગાહનું ક્ષેત્ર ન હોત. આત્મા શરીરપ્રમાણે સાકાર છે.

**૫૪. નિરાકાર :-** પરનો આકાર આત્મામાં નથી. શરીર, કર્મનો આકાર આત્મામાં નથી, માટે આત્મા નિરાકાર છે. જો તે ગુણ ન હોય તો પરનો આકાર ધારી આત્મા પરરૂપ થઈ જાત ને સ્વનો આકાર રહેત નહિ, પણ એમ બનતું નથી.

**૫૫. અચલ :-** જો આ ગુણ ન હોય તો આત્મા સદાય ચલ રહ્યા કરે-પણ એમ બનતું નથી અચલ ગુણને લીધે આત્મા સદાય અચલ છે.

**૫૬. ઊર્ધ્વગમન :-** આત્મામાં ઊર્ધ્વગમન સ્વભાવ છે, તેથી સિદ્ધદશા થતાં એક જ સમયમાં લોકાગ્રે પહોંચી જાય છે. પરમાણુ ઉપર ગયા પછી નીચે આવે પણ સિદ્ધો નીચે આવતા નથી. જીવમાં ઊર્ધ્વગમનસ્વભાવ ત્રિકાળ છે, પણ પરમાનંદદશા થતાં ઊંચે જાય છે. જેમ અગ્નિની શિખા તથા ધૂમાડો ઊંચે જાય છે તેમ સિદ્ધ ઉપર જાય છે.

ચૌદ બ્રહ્માંડની ઉપર સિદ્ધ ભગવાન બિરાજે છે, માટે તેમનું ઉચ્ચપદ પીછાની શકાય છે. ઊર્ધ્વગમન સ્વભાવની ઉચ્ચતા પોતાને લીધે છે, તેમાં ઉચ્ચતા છે તો જ્ઞાન જાણે છે-એમ નથી તથા જ્ઞાનને લીધે તેની ઉચ્ચતા નથી, ઉચ્ચતા ઊર્ધ્વગમન સ્વભાવના કારણે છે.

આત્મામાં આવા અનંતા ગુણો છે. ધર્મનો કરનાર આવા વિશેષણો વિચારી આત્માની શ્રદ્ધા કરે છે ને અનુભવ કરે છે.

હવે પોતાનું જ્ઞાન કેવી રીતે થાય છે તે કહીએ છીએ. આત્માને અનુભવવો હોય તેણે શું કરવું ? પ્રથમ આત્મા સિવાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શરીર, મન, વાણી વગેરે પર પદાર્થો તે હું ને તે મારા છે-એવી ભ્રાંતિનો ભાવ આત્માના અવલંબને સર્વથા નાશ કરવો જોઈએ. તે વિના મિથ્યાત્વનો ત્યાગ થતો નથી.

આત્મા સ્વ છે, તે સિવાય બધા પર છે. પરને પોતાના માનવારૂપ અહંકાર-મમકારબુદ્ધિ નાશ કરવી, પછી ચારિત્રદોષનો નાશ કરે. નબળાઈને લીધે રાગ થતો હોય તે સ્વભાવના આશ્રયે નાશ પામે છે. પ્રથમ મિથ્યાશ્રદ્ધા નાશ થાય ને પછી અસ્થિરતાના રાગનો નાશ થાય.

જ્યારે પર પદાર્થનો રાગભાવ મટે ત્યારે પૂર્ણાનંદને પામે. જ્ઞાનમૂર્તિ આત્મામાં પરનો પ્રવેશ નથી. દયાદાનાદિ વિકલ્પ પર છે, તેનો અભાવ થતાં સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન થાય. પોતાની જાણ કેવી રીતે થાય તે બતાવે છે. પ્રથમ સાંભળે, વિચારે ને પછી શ્રદ્ધા થાય. જે જ્ઞાન પર્યાયમાં કે રાગમાં લાભ માની અટકે તે ભ્રાંતિનો દોષ છે ને ભ્રાંતિ વિના અટકે તે ચારિત્રદોષ છે. તે બન્નેનો જ્ઞાનમાં પ્રવેશ નથી, એમ નક્કી થતાં સ્વસંવેદનરૂપ નિજજ્ઞાન પ્રગટ થાય.

હવે પોતાથી વાત કરે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના વિચાર કરી નિજપદને જાણે એ એક જ રીત છે, પણ બીજી કોઈ રીતે નિજપદને જાણે નહિ.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# માગશર વદ ૧૨, શનિ ૧૩-૧૨-૫૨

## પ્ર. - ૭

ધર્મની નિશ્ચય ક્રિયાને અનુભવપ્રકાશ કહે છે. આત્મા કઈ રીતે જણાય તેનો ઉત્તર આપે છે. અનંતકાળથી આત્માનો અનુભવ નથી, પણ રાગદ્વેષનો અનુભવ છે. રાગદ્વેષનો અનુભવ તે સંસાર છે ને નિત્યાનંદસ્વરૂપ આત્માનો અનુભવ તે મોક્ષદશા છે.

પોતાને સ્વરૂપજ્ઞાન અને અનાકુળ શાંતિનું વેદન કઈ રીતે થાય તે બતાવે છે. તેની વિધિ જાણવી જોઈએ ને તેમ કરનારને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન પ્રથમ હોવું જોઈએ.

આત્મા પોતાની સત્તાની સંભાળ કરતાં પર પદાર્થો તે જ હું છું એવી મિથ્યાભ્રાંતિનો નાશ કરે. રાગ-દોષાદિ છે તે નિમિત્તના લક્ષે થતા ઉપાધિભાવ છે. સ્વભાવની પ્રતીતિ કરી મિથ્યાભ્રાંતિનો નાશ કરે, પછી સ્વરૂપમાં લીનતા વધતાં વધતાં રાગનો ક્રમે કરી નાશ થાય, બન્નેનો કાળ એક જ છે, પણ ક્રમથી સમજાવે છે.

આત્મા જાણનાર-દેખનાર છે, તેમાં પર પ્રવેશનો અભાવ થતાં સ્વસંવેદન થાય. પર પ્રવેશ અર્થાત્ રાગાદિનો અભાવ એમ કહ્યું તે નાસ્તિથી કહ્યું, નિત્યાનંદ ધ્રુવ સ્વભાવમાં પુણ્ય-પાપની લાગણીનો પ્રવેશ નથી. ભગવાન આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ છે તેવી અંતર્મુખ એકાગ્રતા કરતાં આનંદ પ્રગટ થાય છે.

તીર્થંકર ભગવાન તથા ગુરુ આ કહેવા માગે છે. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે. વીતરાગતા કેમ થાય? સ્વસંવેદનથી વીતરાગતા થાય, આ સિવાય બીજી વિધિ કહી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય તો તે નિમિત્તનું કથન છે. આવું બતાવનારા ગુરુ અને શાસ્ત્ર એમ જ કહે છે ને સર્વજ્ઞની વાણીમાં એમ જ આવેલ છે.

પોતે ત્રિકાળી શક્તિવાન છે, ગુણ=ત્રિકાળી શક્તિ ને પર્યાય=વર્તમાન દશા–આમ દ્રવ્ય–ગુણ–પર્યાયના વિચાર વડે નિજપદ જાણે. નિમિત્ત વડે કે રાગ વડે જાણે એમ કહ્યું નથી. એમ નિજપદ જાણવાની વિધિ બતાવેલ છે અથવા ઉપયોગમાં જાણરૂપ વસ્તુને જાણે, અંતરમાં જાણવા–દેખવાનો વ્યાપાર થાય તે દ્વારા વસ્તુને જાણે. નિજસ્વરૂપને જાણવાની આ કળા છે. આનું નામ ધર્મ છે. ચાલતી પર્યાયમાં જાણરૂપ વસ્તુને જાણે. જાણનાર સ્વભાવ નિત્યાનંદ પદાર્થ છે. પર્યાયનો આધાર અથવા નાથ આત્મા છે. નવી નવી પર્યાય થાય તેનો સંચાલક આત્મા છે એમ જાણે.

શું જાણે ? હવે વિસ્તારથી કહે છે. મારું સ્વરૂપ અનંત મહિમાના ભંડારરૂપ છે. મુનિઓએ, સંતોએ ને શાસ્ત્રોએ મારો મહિમા ગાયો છે. અનંત જ્ઞાન–દર્શન–વીર્ય–ચારિત્ર દશા પ્રગટે તેવો મારો આત્મા છે.

વળી આત્મા સારરૂપ છે, જાણક સ્વભાવ અનંત ગુણોના ભંડારરૂપ છે –એમ તે તરફનો ભાવ કરે તેને અનુભવ થાય. શરીર, મન, વાણી મારી ચીજ નથી, મારું સ્વરૂપ અવિકારી છે, પુણ્ય–પાપની લાગણી પર્યાયમાં થાય છે તે અંતરસ્વરૂપમાં નથી. એમ સમ્યક્ વિચાર કરવો તે અનુભવદશાનું કારણ છે.

વળી સ્વભાવ અપાર છે. અનંતી શક્તિની અનંત પર્યાયો વહે તોપણ શક્તિઓ ખૂટતી નથી. તેવી શક્તિઓથી આત્મા શોભિત છે. એવો ભાવ જ્ઞાનાનંદ સ્વરૂપની પ્રતીતિમાં કરે.

આ સ્વરૂપની રીત છે. આ મોક્ષના પંથની રીત છે. અહો ! અનંતા ગુણોના ભંડારરૂપ, અવિકારરૂપ અપાર શક્તિથી ભરપૂર મારું સ્વરૂપ છે–એમ વિચારે; રાગદ્વેષથી જરા ચલપણું થાય છે, તેનું મટવું અચલ સ્વભાવના આશ્રયે થાય છે, બહિર્મુખ રાગ દ્વારા આત્માનો અનુભવ થતો નથી. ધ્યાન ધર્યે નિશ્ચલ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય એમ જ્ઞાન જાણે. વળી સ્વરૂપનું જ્ઞાન જ અનુપમ પદનું સર્વસ્વ છે. આત્મા જ્ઞાન અને આનંદનો પિંડ છે, તે જ્ઞાન સર્વસ્વને જાણે. એ જ મારું ધન છે. કોઈ પુણ્ય-પાપ કે નિમિત્ત સાધન નથી. ટૂંકી વિધિથી અંતરની વાત કરી છે. એ સ્વરૂપના જ્ઞાન વિના પરને પોતાનું માની અજ્ઞાની દુઃખી થાય.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે :-

**જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,**
**સમજાવ્યું તે પદ નમું શ્રી સદ્‌ગુરુ ભગવંત.**

સ્વરૂપના જ્ઞાન વિના એટલે કે મારો આત્મા નિત્યાનંદ છે તેની સમજણ વિના, તેના તરફ સ્વસન્મુખદશા થયા વિના, રાગ અને શરીરની ક્રિયાને અજ્ઞાની મારી માની દુઃખી થઈ રહ્યો છે ને ચાર ગતિમાં રખડે છે, અનંત દુઃખો ભોગવી રહ્યો છે.

હવે પ્રશ્ન પૂછે છે કેઃ- પરની માન્યતા કેમ મટે? હજારો રૂપિયાની કમાણી થાય ત્યાં હર્ષ આવે, વિષયમાં મજા આવે, દીકરાના શબ્દથી રાજી થાય -આમ પર પદાર્થમાં પોતાપણાની માન્યતાથી હર્ષ માને છે, વિકારમાં દુઃખ હોવા છતાં સુખ માને છે, તે જીવ હું આનંદસ્વરૂપ છું-એમ ક્યારે માને? પર તરફની વૃત્તિ તૂટે તો માને. પરમાં ઠીક પડે છે એવી માન્યતાવાળાને પરમાં અમો છીએ ને પર પદાર્થો તે જ અમો છીએ-એ માન્યતા રહેલી છે, પર ચીજને લીધે મજા છે અથવા દુઃખ છે-એવી માન્યતા પરને પોતાનું માન્યા વિના હોઈ શકે નહિ. તે માન્યતા કેવી રીતે મટે?

**સમાધાન :-** હું જ્ઞાનસ્વરૂપ છું ને રાગ-દ્વેષાદિથી જુદો છું. એવા ભેદજ્ઞાન વડે નિજના અંશને તથા પરને ન્યારા ન્યારા જાણે. જ્ઞાનનો અંશ રાગને જાણે, દર્શનને જાણે. સમ્યક્‌જ્ઞાન સ્વભાવસન્મુખ થતાં થાય છે. રાગાદિ પરિણામ પરસન્મુખ થતાં થાય છે. તે અંશ મારો નથી એમ ભેદજ્ઞાન દ્વારા બંનેને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ન્યારા ન્યારા જાણે. માણસો કહે છે કે અમો ધર્મ કરીએ છીએ પણ સુખ આવતું નથી. જ્ઞાનસ્વભાવની પ્રતીતિ ને એકાગ્રતા કરતાં ધર્મદશા થાય છે. ચિદાનંદના પર્વત ઉપર ચડવાથી ધર્મ થાય છે. જ્ઞાનના પ્રવાહની પરિણતિ તે સ્વભાવની છે ને પરમાં અટકતો અંશ તે રાગ છે, તે દોષ છે-એમ ન્યારા ન્યારા જાણે.

હું જાણવા-દેખવાના વ્યાપારવાળો છું, રાગ-દ્વેષાદિ પરિણામવાળો નથી. ચૈતન્યસ્વભાવને અનુસરીને થતા પરિણામને ઉપયોગ કહે છે. આમ અંતરમાં વિચારે છે. મારું ઉપયોગત્વ ગ્રંથો ગાઈ રહ્યા છે, "સદા સ્વ-ઉપયોગી તે આત્મા" એવું દિવ્યધ્વનિમાં આવેલ છે. ગ્રંથો પણ એ જ ગાઈ રહ્યા છે. સંતોના ઉપદેશમાં આ વાત આવી છે. આથી બીજું સ્વરૂપ શાસ્ત્રો કહેતાં નથી. આથી વિરુદ્ધ કહે તે ગુરુ અને શાસ્ત્ર સાચાં નથી. "દયા-દાનાદિથી તારું કલ્યાણ થશે," તેમ કહેનારા ખોટા છે.

પ્રથમ વસ્તુસ્વરૂપ શું છે તે જેના શ્રવણમાં ન આવે તેને ગ્રહણ ન થાય, ગ્રહણ વિના ધારણા ન હોય ને ધારણા વિના આત્માની રુચિ થાય નહિ. જે શાસ્ત્રો એમ કહે કે તારા જ્ઞાનસ્વભાવને અંદર પકડ તો ધર્મ થાય તે સાચા છે; આથી વિરુદ્ધ કહે તે શાસ્ત્ર સાચાં નથી. સમ્યગ્દર્શન થતાં ને થયા પછી ધર્મી જીવ માને છે કે મારો સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છે, બહારના સંયોગો લાવું કે મૂકું તે મારા હાથની વાત નથી ને રાગ થયો માટે જાણ્યું એમ પણ નથી; સ્વ-પરપ્રકાશક જ્ઞાન પ્રગટ થતાં રાગને જાણું છું, મારો સ્વભાવ દેખવું-જાણવું છે, એ જ મારૂં સ્વરૂપ છે. વચમાં વિકાર ઊઠે તે મારૂં સ્વરૂપ નથી. ધર્મી આવા વિચારની ક્રિયા સ્વભાવસન્મુખ રહીને કરે છે. પર ચીજને લાવવી કે મૂકવી તે મારા અધિકારની વાત નથી, તેમ જ મારા જ્ઞાન કે રાગને લીધે તે ચીજો આવે કે જાય એવો તે ચીજોનો સ્વભાવ નથી. વર્તમાન પર્યાયમાં થતા રાગદ્વેષનો પણ વ્યવહારે જ્ઞાતા છું, નિશ્ચયથી મારા સ્વરૂપનો જ્ઞાતાદ્રષ્ટા છું-આમ નિશ્ચય કરતાં આનંદ વધે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ! આ ગ્રંથ શ્રી દીપચંદજીએ લખેલ છે. તેઓ ગૃહસ્થ હતા. તેમણે આત્માનો અનુભવ કરીને આ લખેલ છે. આ વાત શ્રવણ કરવામાં પ્રેમ આવે નહિ તેને આત્માની રુચિ થાય નહિ; આથી વિરુદ્ધ સાંભળે તે તો મિથ્યાદૃષ્ટિ છે. હું દેખવા-જાણવાના સ્વભાવવાળો છું એવો નિર્ણય કરતાં આનંદ વધે. હું ત્રિકાળી રહેનાર છું, સંયોગી ચીજોમાં મારો પ્રવેશ નથી ને તે ચીજોનો મારામાં પ્રવેશ નથી ને પર્યાયમાં થતી વિકારની લાગણીનો સ્વભાવમાં પ્રવેશ નથી. મારો સ્વભાવ જ્ઞાતાદૃષ્ટા છે, તેનો મારા દ્રવ્યમાં પ્રવેશ છે આમ નિશ્ચય ઠીક ઠીક કરતાં આનંદ વધે.

આ રીત પ્રથમ સાંભળવી જોઈએ. આવું કહેનારાનો સંગ કરવો જોઈએ ને તેવાં શાસ્ત્ર વાંચવાં જોઈએ. આવી વાત ન સાંભળે ને ઊંધી વાત સાંભળે તેને મિથ્યાત્વ થાય છે.

વ્યવહાર કરતાં કરતાં આનંદ વધે એમ કહ્યું નથી. પૈસા દાનમાં આપતાં કે સેવા કરતાં આનંદ વધે એમ કહ્યું નથી, પણ આત્માનો સ્વભાવ જાણનાર-દેખનાર છે એમ વિચાર કરતાં ચારિત્ર થાય ને આનંદ વધે. આને અનુભવપ્રકાશ કહે છે. દયા-દાનાદિની વૃત્તિ ઊઠે છે તેને પર પરિણતિ કહે છે. શરીર, મન, વાણીનો તો આત્મામાં અત્યંત અભાવ છે, શુભાશુભભાવ થાય તો ઠીક એમ માનનાર વિકાર તે જ હું-એમ માને છે.

કર્મના ઉદયને લીધે વિકાર થયો એમ નથી, તેમ જ કુદેવ કે કુગુરુને લીધે મેં વિકારને મારો માન્યો એમ પણ નથી. તે વિકારને મેં મારો કરેલ છે તેમાં કોઈની ભૂલ નથી, પણ "અપનેકો આપ ભૂલ કે હેરાન હો ગયા." સર્વજ્ઞના સમવસરણમાં ગયો છતાં એવો ને એવો પાછો ફર્યો. જે રીત છે તે રીત પકડી નહિ. જે કલ્પના થઈ તેને પોતાનું સ્વરૂપ માન્યું. પ્રભુત્વશક્તિનો ભંડાર આત્મા છે, તેને ચૂકીને વિકારથી લાભ માન્યો તે ઊંધી શ્રદ્ધા છે ને તેથી અજ્ઞાની રખડી રહ્યો છે.

તે મિથ્યામાન્યતા હું ન કરું તો ન થાય, અવળો પોતે હતો તે સવળો થઈ શકે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સંસારમાં દીકરીની માતા શીરાની વિધિ બતાવે તો તેની દીકરી તે વિધિ બરાબર સાંભળે. તેમ સર્વજ્ઞ અને સંતો કહે છે કે પ્રથમ આખા આત્માને પ્રતીતિમાં લ્યો, તો ધર્મ થાય તેમ છે. રાગની મંદતા કરે કે દયા-દાનાદિ કરે તે બધાં નકામા જાય તેમ છે. પુણ્ય-પાપના વિકારનો ચૈતન્યસમુદ્રમાં પ્રવેશ નથી. તેવા નિર્ણય વિના વ્રત, તપ, ચારિત્ર સાચાં હોઈ શકે નહિ.

પણ અજ્ઞાની તર્ક કર્યા કરે છે કે પ્રથમ બીજું કરીએ તો? વ્યવહાર કરીએ તો? આવી રીતે તેને વિશ્વાસ આવતો નથી. શરીર, મન, વાણી આત્માથી જુદાં છે. પોતાના અપરાધથી થતા વિકારભાવનો ધ્રુવસ્વભાવમાં પ્રવેશ નથી. આમ યથાર્થ માને તો મિથ્યામાન્યતા ટળે. કર્મ મંદ પડે તો મિથ્યામાન્યતા ટળે એમ કહ્યું નથી.

અઢાર વરસની દીકરીનું સગપણ થતાં જ તેને ખ્યાલ આવે છે કે માતા-પિતાનું ઘર મારું નહિ પણ મારા પતિનું ઘર તે મારું છે. અંદર માન્યતા ફરી જાય છે. તેમ અજ્ઞાની વિકારને મારો માનતો હતો, પણ માન્યતા બદલાવે ને જ્ઞાનાનંદસ્વરૂપ નિજ છે એવું માનીને સગપણ કરે તો મુક્તિ-રમણીનો કંથ થાય.

જ્ઞાન ને આનંદ શક્તિને મારી માની તે જ સમયે મુક્તિરમણી સાથે સગપણ થાય છે અને હવે કેવળજ્ઞાન જરૂર થવાનું છે એમ નિશ્ચય થાય છે.

સ્વસ્વભાવ જ્ઞાનમય ચૈતન્યસૂર્ય છું-એવી સમ્યક્ પ્રતીતિ થતાં પૂર્ણ આનંદ દશા સાથે સગપણ થાય છે.

જેમ કોઈ પુરુષ કન્યા નાની-મોટી કરવામાં કુંવારો રહી જાય છે ને તેને લગ્નનો અવસર આવતો નથી; તેમ જેનામાં સાચું-ખોટું પરખવાની તાકાત નથી તેને અનંતકાળ સંસારમાં ચાલ્યો જાય છે, તેને મુક્તિ-રમણી સાથે લગ્નનો અવસર આવતો નથી, પણ ધર્મી જીવ કહે છે કે અમારે કેવળજ્ઞાનનાં ટાણા આવ્યાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમારે કેવળજ્ઞાનની તૈયારી છે. વિકાર કરું એ મારું સ્વરૂપ નથી. હું જ્ઞાતા છું-એવો નિર્ણય કરતાં મુક્તિદશા સાથે લગ્ન જરૂર થાય.

શુભાશુભ કર્મના ભ્રમનો વિનાશ નિજસુખ પ્રાપ્ત થતાં જ થાય છે. અહીં કર્મ એટલે પુણ્ય-પાપરૂપ વિકાર. વિકાર હળવે હળવે મને લાભ કરશે એ કર્મનો ભ્રમ છે. જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવની પ્રતીતિથી તે કર્મના ભ્રમનો નાશ થાય છે. આનંદસ્વરૂપનું જ્ઞાન પ્રાપ્ત થતાં જ મિથ્યાદર્શનશલ્ય જાય છે. એ નિજસુખ કેમ પમાય? તે કહીએ છીએ.

મારું સુખ જાણવા-દેખવાના ઉપયોગમાં છે. મારી જ્ઞાનપર્યાય મારા દ્રવ્ય સાથે અભેદ થાય તેમાં જ આનંદ છે. જડમાં કે પરમાં આનંદ નથી-આવી પ્રતીતિ નથી તેને સાચા વ્રત કે ચારિત્ર ન હોય. મારું સુખ મારા જ્ઞાન ઉપયોગમાં છે, પુણ્ય-પાપ કે રાગમાં નથી, તેથી જાણવા-દેખવાના ઉપયોગને ધારણ કરી રહ્યો છું.

હું જ્ઞાનાનંદ સ્વભાવને ભૂલી અનુપયોગ એટલે વિકાર આદિમાં રત થઈ ચેતના ઉપયોગને ભૂલ્યો તેથી સુખ ક્યાંથી થાય? ન જ થાય, તેથી ધર્મી જીવ સ્વ-સ્વરૂપનો વિચાર કરે છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# માગશર વદ ૧૨, રવિ ૧૪-૧૨-૫૨

## પ્ર. - ૮

જેમ સૂર્યનો સ્વભાવ પ્રકાશ છે તેમ આત્માનો સ્વભાવ જ્ઞાન ને આનંદ છે. તેની પ્રતીતિ કરી આનંદનો અનુભવ થવો તે શાંતિનો ઉપાય છે. આવા આત્માને પર પદાર્થમાં મારાપણાની માન્યતા કેમ મટે? પોતે આનંદ અને જ્ઞાનરૂપ વસ્તુ છે તેની ઓળખાણ કરી નથી, તેથી પરમાં પોતાનું સ્વરૂપ માને છે. તે માનવાનું શી રીતે છૂટે તેનો ખુલાસો કરે છે. મારૂં સુખ મારા જ્ઞાનના વેપારમાં છે, અન્ય ઠેકાણે નથી. હું ચૈતન્યસ્વભાવને અનુસરીને થતા જાણવા-દેખવાના ભાવોને ધારક છું, પણ તે સ્વભાવને ભૂલી ગયો છું, ને અનુપયોગ અર્થાત્ શરીર, મન, વાણી તથા પુણ્ય-પાપની લાગણીઓ કે જે જડ છે તેમાં અનાદિકાળથી રત થયો છું. તે મારાં ને હું એનો એમ માની રહ્યો છું. અનંત આનંદના સ્થાનરૂપને ભૂલ્યો છું તેથી જડ પદાર્થો તથા રાગને મારા માન્યા છે. તેથી સુખ ક્યાંથી થાય? ન જ થાય. આત્મા ત્રિકાળ આનંદસ્વભાવી પદાર્થ છે. તેને ભૂલી વિકાર તથા જડને મારા માની આનંદ ચૂક્યો છું, તેથી ધર્મ કેમ થાય? શાંતિ કેમ મળે? દેહ દેવળના રજકણથી આત્મા જુદો છે. નિજાનંદ સ્વરૂપ વિકારની આડમાં દેખાતું નથી, વિકારને જ પોતાનું સ્વરૂપ માને છે, તેથી દુઃખી થઈ રહ્યો છે. ચિદાનંદભગવાન પોતાને ભૂલી પોતાના ચૈતન્યપ્રકાશને નહિ માનતો, શુભાશુભ રાગને કરવા જેવા માને છે તેથી સુખ પામતો નથી.

હવે ધર્માત્મા વિચાર કરે છે કે મેં તે ઉપયોગના પ્રકાશને સાક્ષાત્ યોગ્ય સ્થાનરૂપ કર્યો છે અજ્ઞાનવડે જાણવા-દેખવાના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરિણામ વિકારમાં તથા શરીરાદિને મારા માનવામાં રોકતો હતો તે યોગ્યસ્થાન ન હતું. શરીર તથા રાગદ્વેષને જ્ઞાન જાણે તેને બદલે રાગદ્વેષ અને શરીર એ જ હું છું, -એમ માને તે ચૈતન્યનું યોગ્ય સ્થાન નથી.

હવે જ્ઞાનાનંદ સ્વભાવનો પ્રકાશ થાય છે. જેવો સ્વભાવ છે તેવો જ પ્રકાશ થાય છે. જેમ સૂર્યમાં અંધકાર નથી તેમાં આત્મા ચૈતન્યસ્વભાવી સૂર્ય છે તેમં શરીર, મન, વિકાર આદિનું એકમેક થવું નથી. જ્ઞાનસ્વભાવમાં જાણવાની પર્યાયને અભેદ કરવી તે ધર્મ છે. તે યોગ્યસ્થાનરૂપ કર્યો કહેવાય છે. જ્ઞાનને જ્ઞાનદ્વારા એકાગ્ર કરી યોગ્ય સ્થાન આપ્યું. શરીર, મન, વાણીને મારાં માનતો તે ભૂલ હતી, હું તો જગતના પદાર્થોનો સાક્ષી છું, -એમ માનવું તે ધર્મ છે.

તે શાથી? 'હું નર' -એવી માન્યતા આ જડરૂપ નરશરીરમાં તો ન ઘટે. જડ શરીર ન જાણે કે 'હું મનુષ્ય છું,' જ્ઞાન જાણે છે કે હું મનુષ્ય છું, વીર્ય ને લોહીના બિંદુમાંથી પેદા થઈ, રોટલા, દાળ, ભાતથી શરીર થયું છે. તેને આ માન્યતા ન ઘટે; પણ ઊંધી માન્યતા ઉપયોગથી થઈ છે. શરીરના સુખે પોતાને સુખ માને છે. જાણપણાનો ભાવ આત્માનો છે પણ શ્રદ્ધા ઊંધી કરીને પરને પોતાના માને છે. એવી વિપરીત માન્યતા ઈશ્વરે કે કર્મે કરાવી નથી. એવી માન્યતાનો કરવા વાળો મારો ઉપયોગ જ અશુદ્ધ સ્વાંગ ધારણ કરી બેઠો હતો. જેમ અગ્નિ ઉપર ધૂમાડો હોય ને તેથી અગ્નિ દેખાય નહિ તેમ પુણ્ય-પાપની લાગણીઓ ચારે તરફ દેખાય તેને ચૈતન્યસ્વરૂપ માની લ્યે તે ભૂલ છે. પોતાને ભૂલીને પુણ્ય-પાપ, શુભ-અશુભ લાગણીઓ તે હું તથા હું નિર્ધન, હું ધનવાન વગેરે માન્યતા કરી અશુદ્ધ સ્વાંગ ધારણ કરી બેઠો છે, તે માન્યતા કોઈએ કરાવેલ નથી.

કોઈ એક નટ બળદનો વેશ પહેરી લાવ્યો. તે પૂછે છે કે હું નર ક્યારે થઈશ? તો જૂઠ જ પૂછે છે, પોતે નર જ છે છતાં ભૂલથી બળદ હોવાની ભ્રમણા થઈ છે. તે દષ્ટાંત મુજબ ચિદાનંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવ આદિ-અંત વિનાનો છે, પોતાનું વાસ્તવિક સ્વરૂપ જ્ઞાન ને આનંદ છે, તેમાં વિકાર કે શરીરાદિ પેઠાં નથી. પુણ્ય-પાપ પર્યાયમાં છે પણ સ્વરૂપમાં તેનો પ્રવેશ નથી, છતાં શરીર તે હું-એમ માને છે. ચિદાનંદ સ્વભાવમાં તેનો પ્રવેશ નથી, તે એકમેક થયા નથી ને થશે નહિ. અનાદિનો મૂઢ પરમાં પોતાપણું માની બેઠો છે. તે કલ્પનાનો ભેખ ચિદાનંદમાં નથી. દીકરી રાંડે કે પૈસા જાય ત્યારે દુઃખની કલ્પના કરે છે, તે મૂળ સ્વરૂપમાં નથી. જુઓ, પોતાનું મૂળ સ્વરૂપ ભૂલી જવું અને ખોટી ગણતરી કરવી તે જ દુઃખ છે. આ વાત સમજ્યા વિના ધાર્મિક ક્રિયા થતી નથી.

સ્વભાવ-સૂર્યને પોતાનું સ્વરૂપ નહિ માનતાં આ પર તે હું, એમ માને છે. સંસાર એક સમયનો છે; સ્વભાવમાં હતો નહિ, વર્તમાનમાં છે નહિ ને ભવિષ્યમાં રહેશે નહિ. આવા નિત્ય સ્વભાવને ભૂલી ભૂલ કરી બેઠો છે.

વળી હું આવો જ્ઞાનસ્વભાવી છું ને વિકારરૂપે નથી એવી લાગણી પણ સ્વભાવમાં નથી. ચિદાનંદ આત્મા પોતાને પર્યાય જેટલો માને છે એ ભૂલ છે તે ભૂલ પોતાથી મટે એવી છે.

સદા ઉપયોગધારક આનંદરૂપ આપ પોતે જ બન્યો. પ્રથમ ઊંધી માન્યતા હતી તે ટળી જાય ને સાચી માન્યતા થાય એટલે બની જાય એમ કહ્યું છે.

યત્ન વિના આ બનતું નથી. હું જ્ઞાનાનંદ સ્વભાવી છું,- એવી શ્રદ્ધા વિના સ્વરૂપનું નિહાળવું થતું નથી. વર્તમાન પરિણામને અયથાસ્થાનમાં રોક્યા છે તે સ્વસ્થાનમાં રોકે તો ધર્મ થાય તેમ છે. કેટલાક લોકો કહે છે કે સમ્યગ્દર્શન પુરુષાર્થ વિના થાય છે પણ તે વાત ખોટી છે એમ બતાવે છે.

પોતાની નજરની આળસે પોતાના હરિને પોતે જોયો નહિ. પુણ્ય-પાપના સમૂહને આત્માના ભાન દ્વારા હણી નાખે તે હરિ છે. "હે ભગવાન! હવે અમને ઉગારો" એમ અજ્ઞાની કહે છે તો પછી અત્યાર સુધી ભગવાને ઉગાર્યા નહિ એ ભગવાનનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દોષ થયો, પણ એમ નથી. ભગવાન કોઈને ડુબાડનાર નથી તેમ જ ઉગારનાર પણ નથી. પોતાના પુરુષાર્થથી ભૂલ ટાળે ને સાચી શ્રદ્ધા કરે તો સુખ થાય.

બીડી વિના ચાલે નહિ, અડદની દાળ સરખી ન હોય તો ચાલે નહિ, તમાકુ વિના ચાલે નહિ-તેવી માન્યતાવાળા રાંકાને આ વાત બેસતી નથી. ઊંધી કલ્પનામાં આખો ભગવાન આત્મા સમાઈ જતો નથી. પોતે સદાય પૂર્ણ જ્ઞાનાનંદ પ્રભુ છે એવી શ્રદ્ધા થતાં પોતાના સ્વરૂપનું અવલોકન થાય છે.

અજ્ઞાની પર ચીજોમાં ગુણ માને પણ પોતામાં ગુણ ન માને. રોટલી ભૂખ ભાંગે, પાણી તૃષા છિપાવે, કપડું ટાઢ ઉડાડે, મકાન રક્ષા કરે-વગેરે ચીજોના ગુણને માને પણ પોતાને તો નમાલો માને છે. અહીં કહે છે કે, તારો સ્વભાવ ગુપ્ત પડયો છે, તેનો ભરોસો તને આવતો નથી. શરીર અને વિકારથી ભિન્ન આત્મસ્વભાવ નિર્લેપ છે તેની શ્રદ્ધા કેમ થાય તે કહે છે.

પ્રથમ સર્વ લૌકિક રીતથી પરાઙ્મુખ થાય. સંસારના સંકલ્પ-વિકલ્પ આડે આ સત્ય વાત સૂઝતી નથી. દુનિયા આમ કહેશે, આમ નહિ કરીએ તો લોકમાં આબરૂ નહિ રહે-તેવા લૌકિક પ્રસંગોથી પરાઙ્મુખ થઈને નિજવિચાર સન્મુખ થાય.

ચિદાનંદ ભગવાન કર્મરૂપી ગુફામાં બેઠો છે. આઠ કર્મરૂપી ધૂળમાં છુપાયેલો છે. કર્મ માર્ગ આપે, એમ માની ત્યાં તપાસવા માંડે તો ભગવાન આત્મા મળે તેમ નથી. પહેલી શરીરાદિ નોકર્મગુફા છે જે કર્મ બાંધવામાં નિમિત્ત છે. બીજી જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મગુફા છે તે સૂક્ષ્મ છે તથા ત્રીજી રાગ-દ્વેષાદિરૂપ ગુફા છે, એ ત્રણ એક પછી એક કર્મકંદરાઓ છે.

પ્રથમ નોકર્મગુફામાં પરિણતિ પેસી જુએ છે કે મારો રાજા ક્યાં છે? જાણવા-દેખવાના પરિણામ શરીર અને વાણીમાંથી આવતા હશે? વાણીમાં, શરીરમાં, પરમાણુની ક્રિયામાં આત્મા હશે? પણ ત્યાં કોઈ દેખાતું નથી. શરીર તો જડ છે. પર્યાયબુદ્ધિવાળાને ચૈતન્ય ભાસતો નથી. શરીરની ક્રિયાથી ધર્મ થાય-એમ અજ્ઞાની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

માને છે. શરીરને સરખું રાખો, સાત્ત્વિક ખોરાક ખાઓ તો પરિણામ શુદ્ધ થશે, -એમ માની શરીરાદિમાં આત્માને શોધે છે. પર્વતના એકાંત સ્થાનમાં કે શરીરની ક્રિયામાં આત્મા નથી, જાણવા-દેખવાનો પ્રકાશ શરીરમાંથી આવતો નથી, નોકર્મરૂપી ગુફામાં તેને કાંઈ દેખાતું નથી; ચકરાવો થઈ રહ્યો ત્યારે તે પરિણતિ ફરવા લાગી.

શ્રીગુરુ પૂછે છે કે – 'તું શું શોધે છે?" ત્યારે પરિણતિ કહેવા લાગી કે "મારા રાજાને ખોળું છું, પણ તે અહીં દેખાતો નથી."

અહીં ગુરુ કેવા હોય તે બતાવે છે. પોતાની પરિણતિ શરીરમાંથી આવે ને શરીરથી ધર્મ થાય-એમ મનાવે તે સાચા ગુરુ નથી.

શ્રીગુરુએ કહ્યું કે તારો રાજા અહીં જ છે, શરીરમાં નથી. તારા જાણવા-દેખવાના પરિણામ પર તરફ વળે છે તે હવે શરીરાદિ પર તરફ વાળીશ નહિ, અંદરમાં જા. અહીંથી ત્રીજી ગુફા છે ત્યાં તારો રાજા રહે છે. તે ત્રીજી ગુફાનું નામ ભાવકર્મગુફા છે. તારા હાથમાં રહેલી દોરી આ ગુફા સુધી આવી છે. તે દોરી તેના હાથની હલાવી ચાલે છે. જો તે ન હોય તો દોરી પોતાની મેળે ન ચાલે. જાણનાર વસ્તુ ન હોય તો આ શરીર છે ને આ રાગ મને થયો એવું જાણવાનું બનત નહિ, માટે વિચારીને એ શક્તિ અથવા દોરીને અનુસરીને ચાલ્યો જા. દોરીને છોડીશ નહિ. ત્યાંથી એ પરિણતિ પેલી દોરીના આધારે દ્રવ્યકર્મગુફામાં પેસી જુએ છે કે આ દોરીની ક્રિયા કોણ કરે છે?

શરીરમાંથી ખસીને કર્મ ઉપર આવ્યો છે; કર્મ ઘટે અથવા પુણ્ય બંધાય તો કાંઈ હાથ આવશે કે નહિ-તેમ વિચાર કરે છે. કર્મની સ્થિતિ-રસ ઘટાડીએ તો આત્મા મળે-એમ કર્મમાં આત્માને શોધવા માંડયો.

આ કોણ હલાવે છે? વિચાર કરે છે કે મેં જેવા ભાવ કર્યા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હતા તેવા દ્રવ્યકર્મમાં નામ પડયાં છે. કર્મની સ્થિતિ વધે કે ઘટે તેથી આત્મા મળે તેમ નથી.

જેવા આત્માએ પરિણામ કરેલા તેવાં દ્રવ્યકર્મ બંધાયેલાં છે. દ્રવ્યકર્મમાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ ને અનુભાગ એવાં નામો આત્માના નિમિત્તે પડયાં છે. પણ તે જડ પ્રકૃતિમાં આત્મા મળે તેવો નથી. પુણ્ય-પાપ, રાગ-દ્વેષાદિ કર્યા તેટલા પ્રમાણમાં કર્મ બંધાયું ને તેના નિમિત્તે અનેક પ્રકારે કર્મના નામો પડયાં પણ ત્યાં આત્મા મળે તેમ નથી.

હવે ભાવકર્મગુફામાં આવે છે. રાગ-દ્વેષ જણાય છે તે જાણવાનો પ્રકાશ ક્યાંથી આવે છે તે જો. રાગ-દ્વેષમાં અટકીને દ્વેષભાવને શોધવા જોઈશ તો દ્વેષભાવ મળશે નહિ. પુણ્ય-પાપના આશ્રયે ચૈતન્યનો પત્તો મળે તેમ નથી. ચૈતન્યભગવાન શરીર અને કર્મમાં નહિ મળે ને પુણ્ય-પાપના ભાવ તો તારા ચૈતન્યનાથનો અશુદ્ધ સ્વાંગ છે. ચૈતન્યસૂર્ય છે, તેની પર્યાય તો જાણવા-દેખવાની છે. ભગવાન આત્માની પર્યાયમાં વિકાર દેખાય છે, તે ભગવાન આત્મા માટે બેકાર-નકામા છે.

જીવે દયા-દાનાદિનો રાગ અને વ્યવહારનો પ્રેમ છોડયો નથી, તેથી વિચારે છે કે તે પરિણામ છોડી દઈશ તો આત્મા હાથ આવશે કે નહિ? તેને કહે છે કે એવો ભય ન કર. પુણ્યનો પક્ષ છોડવાનું કહે ત્યાં અજ્ઞાની બૂમ પડે છે. પણ ભાઈ રે, આત્માની ધર્મદશા કરવી હોય, આત્માનો સાક્ષાત્કાર કરવો હોય તેને તેની વિધિ બતાવે છે. પ્રભુ! તારી પ્રભુતા ચૈતન્યપ્રકાશથી ભરેલી છે. ભય ન કર. દયા-દાનાદિની વૃત્તિ ઊઠે છે તે વિકાર છે. બધી વૃત્તિઓનો જાણનાર આત્મા છે. રાગ-દ્વેષ-મોહની દોરી સાથે જઈને ખોળ. એનો અર્થ રાગ-દ્વેષ સાથે લઈ જવાના નથી, પણ રાગ-દ્વેષને જાણતો અંદર જા. રાગ-દ્વેષ તે આત્માનું સ્વરૂપ નથી. રાગ-દ્વેષના દ્વારને પોતાનું સ્વરૂપ માનીશ નહિ. રાગ-દ્વેષના પરિણામ થાય છે તે તારા અટકવાથી થાય છે. દયા-દાનાદિ તારી દશામાં થાય છે, તે અશુદ્ધ સ્વાંગ છે. તે દોરીને ન જો. જેના હાથમાં દોરી છે તેને વળગવાથી તુરત મળશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગુરુ કહે છે કે "હે અવસ્થા! તું રાગદ્વેષને જોવા છોડી અંતરસ્વભાવને જો. ચિદાનંદ ભગવાનમાં કેવળજ્ઞાનની શક્તિ પડી છે તેને જો. તે જ્ઞાનમહિમાને છુપાવી બેઠો છે, તેની વિધિને જો, આત્માનો અનુભવ કરવાની આ રીત છે."

"વર્તમાન અલ્પજ્ઞતા ને વિકાર હોવા છતાં તે સ્વભાવમાં નથી. જ્ઞાનનો ભંડાર છે તેને પીછાન. તેની દૃષ્ટિ કર તો સાક્ષાત્કાર થશે, તારો નાથ ઢાંક્યો રહેશે નહિ. વિચારધારાને વિકારમાં નહિ અટકાવતાં ચિદાનંદ પ્રભુને અંતર જો, તો સુખી થઈશ. આમ તને નિજસુખનો ઉપાય કહ્યો.

તારો ચૈતન્યસૂર્ય શક્તિનો પિંડ છે, પણ વિકારમાં હાથ આવતો નથી. ધૂમાડા આડે અગ્નિ કે તપેલું દેખાતાં નથી, તેમ ચિદાનંદ ભગવાન આત્મા પુણ્ય-પાપની મજામાં દેખાતો નથી. શરીર, મન, વાણીની ક્રિયામાં ને કર્મની જાળમાં સંતાઈ ગયો છે, માટે એકવાર આ ચૈતન્યસૂર્યને જો. તારા સુખની પ્રાપ્તિનો ઉપાય તારામાં છે. ઇન્દ્રપદમાં કે સ્વર્ગમાં સુખ નથી. ભગવાન આનંદકંદ આત્માનો ભરોસો કરે તો સુખ મળે તેમ છે. વિકાર વિનાના ત્રિકાળ સ્વભાવમાં સુખ છે તેને જો. તે નિજસુખનો ઉપાય કહ્યો.

જે ચૈતન્યધારા વહે છે તેને બહારમાં રોકે છે તે સંસાર છે, તેને અંદરમાં વાળ તે ધર્મ છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# માગશર વદ ૧૩, સોમ ૧૫-૧૨-૫૨

## પ્ર. - ૯

આત્મામાં આનંદ ને સુખનો અનુભવ થવો તે અનુભવપ્રકાશ છે. નિજસુખને નિજઉપયોગ કહ્યું છે. પોતાનો જ્ઞાનનો વ્યાપાર પોતામાં વળે તો સુખ પ્રગટે તેમ છે. બાહ્ય સ્ત્રી, કુટુંબ કે રાગાદિમાં સુખ નથી. પોતામાં સુખ છે. એની પ્રાપ્તિ થવી સહેલી છે, છતાં મોંઘી કેમ થઈ પડી છે તે કહે છે.

અનાદિથી સંસારી જીવને વર્તમાન અવસ્થામાં ભૂલ થઈ છે. ચિદાનંદ ભગવાનને ચૂકી ક્ષણિકની પ્રતીતિ કરી મિથ્યાત્વનો દારૂ પીધો છે. સ્વભાવ અને વિભાવને ભિન્ન ન પાડવા તે અવિવેક છે. સ્વભાવ નિરુપાધિમય કાયમી ચીજ છે ને રાગ-દ્વેષાદિ વિભાવ ક્ષણિક છે, તે બેનો ભેદ પાડવો તે વિવેક છે. સ્વભાવનો સંગ કર્યો નથી, તેથી અવિવેકમલ્લે તે દશાનો નાશ કર્યો એમ કહ્યું છે. પરિણામમાં અવિવેક છે એમ બતાવે છે. શરીર, મન, વાણી પર છે. સંસારપર્યાયનો ત્રિકાળી સ્વભાવમાં અભાવ છે એવું ભાન નથી, તેથી વર્તમાન બુદ્ધિ એટલે પર્યાયબુદ્ધિરૂપી અવિવેકમલ્લે જયસ્તંભ રોપેલ છે. નિગોદથી માંડીને બધા મિથ્યાદ્દષ્ટિ જીવોને અવિવેકમલ્લે જીતેલ છે, તેથી તે જોરાવર બનેલ છે. શરીર, મન, વાણી ને પુણ્ય-પાપ આદિ જ્ઞાનમાં જણાય એવી ચીજો પર છે ને પોતે સ્વ છે એવું ભેદજ્ઞાન નથી, તેથી અવિવેકમલ્લ જોરાવર બની ઊભો છે. જે નિમિત્તથી જુદો પડતો નથી તે રાગથી તો જુદો ક્યાંથી પડી શકે? ન જ પડી શકે. અસંગ સ્વભાવ એકરૂપ છે. ગમે તેટલો સંસાર થયો, છતાં સ્વભાવમાં ક્યાંય ખામી આવી નથી. તેવા સ્વભાવને નહિ માનતાં કૃત્રિમ લાગણીઓને માનનારને તે અવિવેકમલ્લ જોરાવર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બની ઊભો છે. કર્મ તો જડ છે, કર્મ જીવને હેરાન કરતાં નથી. કર્મમલ્લ જીવને જીતતો નથી પણ જીવ અને કર્મ વચ્ચેનું વિવેક-જ્ઞાન નથી તે પોતાના સુખનિધિનો વિલાસ કરવા દેતો નથી.

પરથી ભેદજ્ઞાન કરવું તથા વિકાર મારા સ્વભાવમાં નથી એવું જ્ઞાન તે વિવેકમલ્લ છે. તે વિવેકમલ્લથી અવિવેકમલ્લ હણ્યો જાય છે. વ્યવહાર કરવાથી અવિવેકમલ્લ હણ્યો જાય છે-એમ કહ્યું નથી. ચૈતન્યસ્વભાવ તરફના વલણથી અથવા પરથી ભેદજ્ઞાનના બળ વડે અવિવેક હણાય છે.

અધૂરી દશામાં શુભરાગના કાળે શુભરાગ હોય છે, ને તેનું લક્ષ સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર હોય છે. તે કાળે પણ સ્વભાવ તો શુદ્ધ જ છે. શુદ્ધ સ્વભાવના અસ્તિત્વને ન માનવું પણ એકલા નિમિત્તને કે શુભને જ માનવું તે અવિવેકમલ્લ છે.

તે અવિવેકમલ્લ ભેદજ્ઞાનના પુરુષાર્થ વડે હણી શકાય છે ને તો જ પોતાના આત્માની આનંદખાણનો વિલાસ વ્યક્ત થાય છે. આ એક જ રીત છે, બીજી રીત નથી.

અજીર્ણ હોય ને ખોરાક ખાય તો ઝેર થઈ જાય, તેમ પરની રુચિ કરવી તે ખોટો આહાર છે. સ્વાભાવિક શક્તિ નિત્ય પૂર્ણ જ છે, તેની રુચિ નહિ કરતાં પરની રુચિ, રાગની રુચિ કરવી ને તેનું પોષણ કરવું તે અજીર્ણને પુષ્ટિ આપવા બરાબર છે. પોતાની શાંતિ ને આનંદ પોતાની આળસે રહી ગયા છે. વિષય વાસના, પુણ્ય-પાપની વાસના, દેહ-મન-વાણીની ક્રિયા કરું તો લાભ થાય, આવી રુચિરૂપ ખોટો આહાર લેવાથી આત્માને મિથ્યાજ્વર થયો છે, તેથી વિવેકમલ્લ નિર્બળ બન્યો છે. પ્રથમ વિવેકમલ્લ પ્રગટ થયો હતો ને પછી તે નિર્બળ બન્યો એમ નથી, પણ વ્યવહાર-કથનની એવી રીત છે.

સ્વરૂપાચરણ પારાને શ્રદ્ધાથી સુધારવો. હું શુદ્ધ છું, જ્ઞાયક છું, એવી શ્રદ્ધારૂપી બૂટ્ટીના પુટથી સુધારીને સેવન કરે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મિથ્યાજ્વર મટી જાય ને સબળ થાય. વિવેકનો ઉત્પાદ થતાં અવિવેક નાશ પામે. અવિવેકને વિવેકમલ્લ પછાડે તો આનંદ ભંડારનો વિલાસ સ્વયં થાય. એ સ્વશ્રદ્ધા કેમ થાય તે કહીએ છીએ.

અનાદિ સંસારમાં અનાદિકાળથી પરનો વિચાર કર્યો. દેશને સુધારું, ગામ-કુટુંબ અને શરીરને સુધારું-એવા પરના વિચારમાં અનંતકાળ ગયો. ધર્માત્મા વિચાર કરે છે કે પરના વિચારમાં જ્ઞાનચેતના એકાગ્ર થવાની અશુદ્ધ થઈ. હવે સ્વઆચારપારાનું સેવન કરવામાં આવે તો અવિનાશીપદને ભેટે. હું જ્ઞાનસ્વભાવી આત્મા છું, એવાં શ્રદ્ધા-જ્ઞાન કરે તો આત્મસાક્ષાત્કાર થાય, બીજી કોઈ રીત નથી.

ધર્માત્મા વિચાર કરે છે કે હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? તે સ્વરૂપ કેમ પ્રાપ્ત થાય? -આમ ત્રણ પ્રશ્નો કરે છે. પ્રથમ પદ પોતાના ચૈતન્ય જાજ્વલ્યમાન જ્ઞાન-દર્શનની વ્યક્તતા છે. તે ઉપયોગનો પ્રકાશ છે, તેના ભેદ પાડે છે. એક દર્શન-જ્ઞાનઉપયોગ છે ને બીજો ચારિત્રઉપયોગ છે. દર્શન દેખે છે ને જ્ઞાન જાણે છે તથા ચારિત્ર અંતરનું આચરણ કરે-એવી રીતે જ્ઞેયને દેખતાં-જાણતાં આચરણ કર્યું. પરને જાણ્યું ને પરને દેખ્યું પણ પોતાનો ભગવાન આત્મા આખો પડયો છે તેમાં ઉપયોગ ન જોડયો. પર્યાય ક્ષણિક છે, તે મારૂં સ્વરૂપ નથી. ત્રિકાળી સ્વભાવ એકરૂપ છે તે મારૂં સ્વરૂપ છે, તે તરફ ઉપયોગ લગાવ્યો નહિ, તેથી અતીન્દ્રિય સુખનો લાભ મળ્યો નહિ.

અનંતા તીર્થંકરો થયા, તેઓ પોતાના સ્વભાવમાં ઉપયોગ લગાવી શુદ્ધ થયા, બીજો કોઈ ઉપાય નથી. અંતરના અવલંબને એકાગ્રતા કરી પરમાનંદ દશા પામી સુખી થયા. હવે મારે પણ એવું સ્વરૂપ શુદ્ધ કરવું છે. વસ્તુ તો શુદ્ધ છે પણ પર્યાયમાં શુદ્ધતા કરવી છે. પર્યાયને સ્વભાવ તરફ વાળી શુદ્ધ કરવી છે એમ ધર્માત્મા વિચાર કરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્માત્મા નિરંતર સ્વરૂપનું સેવન કરે છે. નબળાઈથી રાગ આવે છે તેને જાણે છે, પણ રાગાદિને સેવતા નથી. તીર્થંકરોએ પૂર્ણ દશા પ્રગટ કરી, મુનિઓ સેવન કરી રહ્યા છે. ભક્તિ, પૂજા, જાત્રાનો શુભરાગ હોય છે પણ તે વ્યવહાર જાણવા માટે છે, તે મૂળ સ્વરૂપ નથી. તે વખતે પણ સ્વરૂપ સેવનની દૃષ્ટિ છે. સ્વરૂપને ભૂલનારની ભક્તિ આદિ વ્યર્થ છે. સ્વરૂપનું ભાન હોય તો રાગને વ્યવહાર કહેવાય છે. ધર્માત્મા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણીને, પર પદાર્થને આત્માથી ભિન્ન જાણીને, વિચારે છે કે મારું પદ સર્વોત્કૃષ્ટ છે. તેને અવલોકી મારૂં કાર્ય કરવું ઉચિત છે. ચિદાનંદસૂર્ય કર્મનાં વાદળાંમાં ઢંકાઈ ગયો છે, છતાં સ્વરૂપસૂર્યનો પ્રકાશ વાદળાંથી હણાયો નથી. અહીં પર્યાયમાં કમી છે તેની વાત નથી, સ્વભાવની વાત છે. ચૈતન્યસૂર્ય કર્મથી હણાયો નથી. કર્મોનું નિમિત્તરૂપે આવરણ છે, છતાં ચિદાનંદ સ્વરૂપને તે હણી શકે નહિ. મારા ચેતનસ્વભાવને જડ કરી દે એવી કોઈની તાકાત નથી. કષાયચક્ર આત્માને અચેતન કરી શકે નહિ. મારા ચૈતન્યસૂર્યને કર્મરૂપી વાદળાં હણી શકે નહિ, મારી ચીજ એવી ને એવી પડી છે, તેમ ધર્માત્મા શ્રદ્ધા-જ્ઞાન માટે વિચાર કરે છે. મેં મારા સ્વભાવની સંભાળ નહિ કરતાં પુણ્ય-પાપના ભાવને સંભાળ્યા તે મારી ભૂલ છે, સ્વપદ ભૂલ્યો છું, કોઈએ ભૂલ કરાવી નથી. મારો જ્ઞાનાનંદ સૂર્ય છે, તે કદી જડ થાય નહિ, શરીર અને કર્મરૂપે થાય નહિ, છતાં મારી ભૂલથી શરીર તથા કર્માદિને મારાં માની સ્વરૂપને ભૂલ્યો છું-એમ ધર્માત્મા વિચારે છે. અહો! મારો ચૈતન્યનિધિ અંતરમાં છે તેને ભૂલી પરને મારાં માની રહ્યો છું, તે ભૂલ છોડીને નિજપદ દેખે તો સ્વપદ તો જેમનું તેમ પડયું છે. શરીરાદિ જડ છે. પર્યાયમાં વિકાર-દોષ છે. દોષરહિત સ્વભાવપ્રભુ તો એવો ને એવો પડયો છે.

સમ્યગ્જ્ઞાનદીપિકામાં દૃષ્ટાંત છે :- પાણીથી ભરેલું તળાવ છે, ત્યાં ધોબી કપડાં ધોવા જાય છે; ત્યાં કપડાં ધોતાં તૃષા લાગી, પણ બે કપડાં ધોઈના પાણી પીશ એમ ધોવાને લોભે પાણી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પીધું નહિ. પાણી હોવા છતાં પાણી ન પીધું ને તરસ્યો રહીને મૂર્છા ખાઈ મરણ પામ્યો. ગુરુએ કહ્યું કે તારા પદને સંભાળ, પણ શિષ્ય એક પછી એક કામમાં રોકાઈ જાય છે. દીકરા-દીકરીને પરણાવી લઉં, કુટુંબનું કરી લઉં, વેપાર કરું-એમ એક પછી એક વિકારભાવ કર્યા કરે છે, કદાચિત્ પુણ્યપરિણામમાં આવ્યો ત્યાં દયા-દાનાદિમાં તથા વ્રતપાલનાદિમાં મોક્ષમાર્ગ માની રોકાયો પણ ચિદાનંદ પદની સંભાળ કરવા રોકાયો નહિ, ત્યાં આયુષ્ય પૂરું થઈ જાય છે ને મનુષ્યભવ હારી જાય છે.

અહીં અનુભવપ્રકાશમાં રત્નનું દૃષ્ટાંત આપે છે :-

જેમ કોઈ રત્નદ્વીપનો મનુષ્ય રત્નના મંદિરોમાં અનેક રત્નના ઢગલામાં રહેતો હતો. તે માણસ કમરમાં બાંધેલા કંદોરાને જાણતો ન હતો. તે કંદોરામાં કિંમતી નીલમણિ વગેરે રત્નો હતાં. તે મનુષ્ય પોતાના દેશમાં આવ્યો. પોતાના કંદોરામાં અનેક મણિ હતાં. એક દિવસ સરોવરમાં સ્નાન કરવા ગયો. કંદોરાના મણિની પ્રભાથી સરોવરનું પાણી લીલું થઈ ગયું. તે એક ઝવેરીએ જોયું. પેલો ઝવેરી તેની પાસેથી એક નંગ લઈને તે માણસને રાજાની પાસે લઈ ગયો. એક મણિના બદલામાં એક કરોડ મંદિર (ઘર) ભરાય એટલી સોનામહોર રાજા પાસેથી તેને અપાવી.

તેથી તે રત્નદ્વીપનો માણસ પસ્તાયો કે અરે રે! તે બેટમાં રત્નના ઢગલા હતા. તેને હું પીછાની ન શક્યો. એ જ પ્રમાણે આત્મા અનાકુળ શાંતિથી ભરેલો છે, તેમાંથી સમ્યક્જ્ઞાનની એક પર્યાય ખીલે તેની કિંમત ઘણી છે, તો ચિદાનંદ આત્માની તો શી વાત? તેમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સ્વચ્છત્વ, વિભુત્વ, અસ્તિત્વ વગેરે અનેક ગુણો રત્નસમાન ભરેલા છે. ગુરુએ તેને કહ્યું કે શ્રુતજ્ઞાનમાં ઘણી તાકાત છે તો કેવળજ્ઞાન પ્રગટાવે તેની શી વાત? તે પર્યાયનો નિધિ શુદ્ધ આત્મા છે. જ્ઞાનથી ઝળહળતો, આનંદથી ઓપતો ને શાંતિથી ભરેલો આત્મા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેટલા ભગવાન થયા તે અંતર્મુખ દૃષ્ટિથી થયા છે. પોતાનું નિધાન પોતા પાસે છે એમ પોતાને પીછાણતાં જ સુખી થાય છે.

સ્વસન્મુખ થયેલી શ્રુતજ્ઞાનની એક પર્યાયમાં સર્વજ્ઞ જે કહે તે બધું પરોક્ષ રીતે ભાસી જાય છે. આવી કળા શ્રુતજ્ઞાનમાં છે. પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટ કરે એવો આત્મા મારી સમીપ છે, તેથી મારો આત્મા જ્ઞાનનો ધારક છે. શરીર, મન, વાણીએ જ્ઞાનપ્રકાશ ધાર્યો નથી. મારું સ્વરૂપ અનંત ચૈતન્યશક્તિ સ્વભાવથી શોભિત છે. જેટલા પરમાત્મામાં ગુણ છે તેટલા મારામાં છે. કસ્તૂરિયા મૃગને કસ્તૂરીની ગંધ પોતાની ડૂંટીમાંથી આવે છે, છતાં તે ગંધ બહારથી આવતી હોય તેમ માને છે. તેથી વનસ્પતિને સૂંઘવા જાય છે, તેમ જ્ઞાનાનંદસ્વરૂપ હું છું, બધા પદાર્થો મારા અસ્તિત્વમાં જ્ઞેયપણે જણાય છે, છતાં પુસ્તકમાં, પર્વતના એકાંત સ્થાનમાં ને બાહ્ય સંયોગોમાં આત્મભગવાનને શોધવા જાય તે ભૂલ છે. પોતાનો ભગવાન પોતાની સમીપ છે, મારો ઉપયોગ એટલે જાણવા-દેખવાનો વેપાર સ્વભાવમાં એકાગ્ર કરવાથી સુખ થાય છે, તે મારે આધીન છે. કોઈના શાપથી કોઈ દુઃખી નથી ને કોઈના આશીર્વાદથી કોઈનું કલ્યાણ થતું નથી.

કોઈ જીવ પાપના પરિણામ કરીને આત્માને વેચે, કોઈ જીવ પુણ્યના પરિણામ કરીને આત્માને વેચે, કોઈ રાગરહિત શુદ્ધ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને આત્માને પોતામાં વેચે, આત્મા તો એનો એ છે; કિંમત કરનાર ઉપર આધાર છે. કોઈ પાપમાં સુખ માને, કોઈ પુણ્યમાં સુખ માને, કોઈ ધર્મી જીવ ચૈતન્યની સંભાળ કરી સુખ માને. આમ કિંમત કરનાર ઉપર આધાર છે. અંતર શુદ્ધ ચૈતન્યસ્વભાવ એવો ને એવો પડયો છે, તેમાં પોતાના પરિણામરૂપ ઉપયોગને ધારણ કરી રાખું તો અનાદિ દુઃખ મટી જાય અને પરમપદનો ભેટો થાય. -એમ ધર્માત્મા વિચારે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ( માગશર વદ ૦ ), મંગળ ૧૬-૧૨-૫૨
## પ્ર. - ૧૦

નિજસુખ નિજઉપયોગમાં કહ્યું છે, છતાં દુર્લભ કેમ થઈ પડયું છે તે કહે છે. આત્માનો આનંદ કહો, ધર્મ કહો, કે મોક્ષમાર્ગ કહો, બધી એક જ વાત છે. મુમુક્ષુ જીવ વિચારે છે કે મારા આત્મામાં જાણવા-દેખવારૂપ દશા છે. તે જ ક્ષણે રાગ-દ્વેષાદિનું પરિણમન થાય છે. પોતાને નહિ જાણતાં રાગમાં રોકાણો છે, તેને બદલે પોતાને જાણવામાં રોકાય તો સુખ ઊપજે. મારો જ્ઞાન-દર્શનસ્વભાવ ત્રિકાળ છે. જ્ઞાનનો સ્વ-પરપ્રકાશક સ્વભાવ છે. સંસાર એક સમયનો છે. જ્ઞાતા-દ્રષ્ટાના પરિણામને રાગદ્વેષ સાથે એકમેક માનવા તે સંસાર છે ને તે પરિણામને સ્વભાવમાં વાળે તો નિજપદની પ્રાપ્તિ થાય.

રાગીદશામાં દયા-દાનાદિ પરિણામ હોય ખરા પણ તે વિષમભાવ છે, વિરુદ્ધપણે થાય છે. જાણવા-દેખવાના પરિણામ ધારાવાહી થાય છે. તે પરિણામને ત્રિકાળી સ્વભાવમાં ધારી રાખવા તે જ ધર્મનો ઉપાય છે. પરિણામને અંતર્મુખ વાળું તો અનાદિનો ભ્રમ મટી જાય. ધર્મી વિચારે છે કે આવી રીતથી પૂર્ણાનંદને ભેટીશ ને અનાદિનું દુઃખ મટી જશે. વસ્તુ સ્વભાવે પ્રાપ્ત છે પણ પરતરફની રુચિ છે, તેથી પર્યાયમાં તેની પ્રાપ્તિ નથી. ગમે તે ક્ષેત્રે જીવ હોય તોપણ આત્મા તો નિજાનંદનો ભંડાર છે, તેની જાણવા-દેખવાની પર્યાયને સ્વભાવમાં ધારણ કરવી તે ધર્મ છે. આમ પ્રથમ ભરોસો હોવો જોઈએ.

અંતર આનંદસ્વરૂપની પ્રાપ્તિ કરવાનો આ સુગમ માર્ગ છે. દેહની ક્રિયા દેહથી થાય છે, વિકાર તે તે કાળની યોગ્યતા મુજબ

થાય છે; તે વખતે જાણવાના પરિણામને અંતરમાં વાળવા તે ધર્મ છે. દેવ-ગુરુ-શાસ્ત્રે આ કહ્યું છે, દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં જ્ઞાન વ્યાપેલું છે, દર્શન પણ ત્રણેમાં વ્યાપેલું છે. આમ જ્ઞાનને અંતરમાં વાળવું એ જ નિજ અનુભવનો માર્ગ છે. આ માર્ગ સર્વજ્ઞોએ જોયો છે. સ્વરૂપ પ્રાપ્ત કરવાનો માર્ગ સુગમ છે, પણ તેને દૃષ્ટિગોચર કરવો જ દુર્લભ છે. દયાદાનાદિ પરિણામ ઘણીવાર કર્યા છે, તેથી તે સહેલા લાગે છે. ખરેખર વસ્તુ તો સુગમ છે. ચૈતન્યના પરિણામ સ્વને આધીન છે, માટે સુલભ છે, ખોટા અભ્યાસ વડે અંતર્મુખ ઉપયોગ કરવો દુર્લભ છે; કષાય મંદ કરીએ તો લાભ થાય, વ્યવહાર કરીએ તો લાભ થાય-એમ પરમાં ને વ્યવહારમાં રુચિ છે, તેથી અહીં દુર્લભ કહેલ છે.

રાગમાં કર્તાપણાની રુચિ છોડી ત્રિકાળી હું જ્ઞાતા છું-એમ રુચિ રાખીને દેખ તો જે કાળે જે રાગ થવાનો તે થવાનો, ને તેનું લક્ષ જ્યાં જવાનું ત્યાં જવાનું. પરપદાર્થો ઉપર ને રાગ ઉપર દૃષ્ટિ છે તેને સ્વ તરફ વાળવી એ જ સુખનો ઉપાય છે.

ધર્માત્મા કહે છે કે શ્રીગુરુના પ્રસાદથી હું એ માર્ગને પામ્યો છું. તેને ગુરુના સ્વરૂપની ખબર છે. જે દયા-દાનાદિના રાગથી ધર્મ મનાવે તે ગુરુ નથી. નિશ્ચયથી તો પોતાના આત્માથી માર્ગ પામ્યો છે, પણ વ્યવહારથી ગુરુના પ્રસાદથી પામ્યો એમ કહ્યું, તેમાં નિમિત્ત કેવાં હોય તે બતાવે છે તથા વિનય બતાવે છે. એમના પ્રસાદથી આ અનુભૂતિને પામ્યો છે.

મારો આત્મા પરથી પૃથક્ અખંડ જ્ઞાન-આનંદપણે અનુભવપ્રકાશમાં રહેલો છે. ધર્મનો નિવાસ મારા અનુભવપ્રકાશમાં રહેલો છે, તે ચિત્તમાં કે પુણ્ય-પાપમાં નથી. જાણવા-દેખવાના પરિણામ વડે પરિણામી એવા આત્માને પકડવો તે સુલભ છે, પણ ઊંધી દૃષ્ટિથી દુર્લભ લાગે છે. રાગ અને પરમાં પરિણામને રોકી દીધા છે તેથી સ્વભાવની રુચિ થતી નથી.

મારો સુખનિવાસ વચનગોચર નથી, ભાવનાગમ્ય છે.

ચિદાનંદ પ્રકાશથી હું તન્મય છું. જેમ સૂર્ય પ્રકાશથી તન્મય છે ને અંધારાથી અતન્મય છે તેમ ચિદાનંદ સૂર્ય જાણવાના પરિણામથી તન્મય છે, પણ તે રાગદ્વેષાદિ સાથે કદી પણ તન્મય થયો નથી. તો પછી શરીરાદિ સાથે તન્મય થાય તેમ કદી બને નહિ. જડની પર્યાયનો આત્મામાં અત્યંત અભાવ છે. જડની પર્યાય એક સમય પણ આત્માની પર્યાયમાં પ્રવેશતી નથી. વિકાર આત્માની એક સમયની પર્યાયમાં છે. પણ વસ્તુસ્વભાવમાં તે વિકારનો પણ અત્યંત અભાવ છે.

મારો જ્યોતિસ્વરૂપ સ્વભાવ પ્રગટરૂપે મારા આત્મામાં પ્રકાશી રહ્યો છે, સમ્યક્જ્ઞાનપ્રકાશ ઘટમાં પ્રગટ છે, પ્રકાશ છુપાઈ રહ્યો નથી.

ગુરુએ શિષ્યને કહ્યું કે-મીઠાની કાંકરી પાણીમાં નાખ. શિષ્યે નાખી ને તે ઓગળી ગઈ. બીજે દિવસે ગુરુએ શિષ્યને કહ્યું કે તે મીઠાની કાંકરી લઈ આવ. શિષ્યે કહ્યું કે પાણીમાં કાંકરી ક્યાંય નથી. ગુરુએ કહ્યું કે મીઠાનો ગાંગડો હાથવડે જોવાથી મળશે નહિ; પણ પાણીનો સ્વાદ ચાખ તો ખ્યાલ આવી જશે.

તેમ હાથની ક્રિયાવડે આત્મા મળે તેમ નથી, પુણ્ય-પાપની ક્રિયાથી મળે તેવો નથી, પણ આત્મા તો જ્ઞાનસ્વભાવવડે મળે તેવો છે. મને સમજાતું નથી એમ અજ્ઞાની કહે છે, પણ જ્યાં સમજાવું નથી ત્યાં જ આત્મા જ્ઞાનવડે પકડાય તેવો છે.

અહીં કહે છે કે જ્યોતિસ્વરૂપ પ્રકાશ અંતરમાં પ્રકાશી રહ્યો છે. તે દેખે છે, તે છુપાઈ રહ્યો નથી, જ્ઞાન સ્વભાવે પ્રગટ છે, તેને છુપાએલો કેમ માનો છો? "મને આત્માની ખબર પડતી નથી" એમ કહે છે, પણ ખબર પડતી નથી એટલી જેને ખબર પડી તે જ આત્મા છે. અહીં છતી વસ્તુ છે તેને અછતી કેમ કરો છો? તું ન માન તોપણ છતી વસ્તુ અછતી થતી નથી. છતી ચીજ ન માને તો ભ્રમણાથી રખડે પણ તે અછતી થતી નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાનીને ભરોસો આવતો નથી, પોતાની ઊંધી કલ્પનાથી દુર્લભ માને છે. છતીને અછતી માની, તેથી અનાદિ દુઃખરૂપ ફળ પામ્યો. શરીર પુદ્‌ગલની અવસ્થા છે, તેને આત્મા કેમ માનીએ? શરીર તો લોહી, વીર્ય આદિ સાત ધાતુથી બનેલું છે. આત્મા ચેતન છે, શરીર અચેતન છે. આત્મા સજાતીય છે ને શરીર વિજાતીય છે. આત્મા અવિનાશી છે ને શરીર નાશવાન છે. આત્મા સ્વ છે અને શરીર પર છે.

**પ્રશ્ન** :- દેહની ક્રિયા ધર્મ માટે કરવી કે નહિ?

**સમાધાન** :- દેહની ક્રિયા ક્યા દિવસે કરી શકાય છે કે કરવી એમ કહી શકાય? તેને આત્મા કરી શકતો નથી, માટે કરવી કે નહિ તે પ્રશ્ન રહેતો નથી. શરીરની ક્રિયાથી લાભ માનનાર શરીરને પોતાનું માન્યા વિના રહે જ નહિ. ઓઘે ઓઘે કદાચિત્ કહે કે આત્મા અને શરીર જુદા છે, પણ જે શરીરને ધમનું સાધન માને તે શરીરને પોતાનું માન્યા વિના રહે નહિ.

**પ્રશ્ન** :- વ્યવહારે તો લાભ હશે ને?

**સમાધાન** :- શરીરની ક્રિયાને તો વ્યવહારે પણ કરી શકતો નથી, પણ જેને પોતાના સ્વભાવનું ભાન છે, તેના શુભ રાગને વ્યવહાર કહેવાય છે. ચિદાનંદ સ્વભાવમાં સંસાર નથી, તેમ જ મુક્તિ પણ નથી. એવી દૃષ્ટિ નથી તે શરીરથી લાભ માનનાર સ્થૂલ મિથ્યાદૃષ્ટિ છે.

હવે કર્મની વાત કરે છે. જ્ઞાનાવરણીય કર્મવર્ગણા મારી ચીજ નથી. તે ઘટાડું તો લાભ થાય તેમ માને છે તે ભૂલ છે. કર્મ મારા આનંદને આપે તેમ બને નહિ. કર્મમાં અનુભાગબંધ થયો તે મને રસ આપવા સમર્થ નથી. અજ્ઞાનીએ માન્યું છે કે જ્ઞાનાવરણીય કર્મ મને ફળ આપશે, તે ભૂલ છે. આત્માને ફળ આપે તેવી જ્ઞાનાવરણીયમાં તાકાત નથી. મારો રસ કર્મ આપી શકે નહિ, અને તેનો રસ મારામાં આવે નહિ. તે કર્મથી મારી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનપર્યાય હીણી થઈ શકે નહિ. જ્ઞાનની હીણી દશા થાય ત્યારે જ્ઞાનાવરણીય કર્મને નિમિત્ત કહેવાય. ત્યાં નિમિત્તનૈમિત્તિક સંબંધ સમજાવ્યો છે. આનંદના રસના પાકમાં કર્મ નિમિત્ત થાય એવું નથી. માટે તે બધાં કર્મો મારાં નથી.

હવે દયા, દાન, જપ, તપ, વગેરેના વિભાવની વાત કરે છે. વિભાવ સ્વભાવને મલિન કરે છે. રાગની મંદતા થતાં જે જ્ઞાનનો ઉઘાડ થાય, ને એકલા પરને પકડે તે ખરેખર ચૈતન્યની પર્યાય નથી.

(૧) શરીરની ક્રિયા તો અચેતન છે.

(૨) રાગાદિ પરિણામ વિભાવ હોવાથી આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી, માટે તેને અચેતન કહેલ છે.

(૩) મિથ્યાદૃષ્ટિને રાગની મંદતા વડે થએલો જ્ઞાનનો ઉઘાડ અથવા ક્ષયોપશમભાવ ખરેખર ચૈતન્યની પર્યાય જ નથી, માટે તેને અચેતન કહેલ છે. જ્ઞાનીને જે જ્ઞાનનો ઉઘાડ છે તે સ્વ-પર પદાર્થોને યથાર્થ જાણે છે. વસ્તુ ત્રિકાળ છે, જ્ઞાનગુણ ત્રિકાળ છે, તેની પર્યાય સ્વ-પર પ્રકાશક છે, પણ જ્ઞાનસ્વભાવને એકલો પર પ્રકાશક માનવો તે અજ્ઞાન છે. તે ચૈતન્યની જાત નથી. એકાંતે પર પ્રકાશક જ્ઞાનપર્યાયથી પોતાને લાભ થશે-એમ માનવું તે મિથ્યાત્વ છે, વિભાવ છે, તે સ્વભાવને મલિન કરે છે. વિભાવાદિ પરિણામ સ્વભાવ સાથે તન્મય નથી; માટે તે પણ મારા નથી. અંતર્મુખ પરિણામથી લાભ છે ને પર તરફના વલણથી નુકશાન છે. બાહ્યમાં લાભ માને તેને અંતરમાં વળવાનો અવકાશ રહેતો નથી.

મારું ચેતનાપદ હું પામ્યો. શરીર તે હું નહિ, કર્મ મને પાક આપે નહિ. વિભાવાદિ પરિણામ પોતાની પર્યાયનો અપરાધ છે, છતાં તે ત્રિકાળી સ્વભાવ નથી, મારું પદ જાણવા-દેખવાનું છે. રાગપદ કે શરીરપદ મારું નથી. આમ શ્રવણ કરે, ગ્રહણ કરે, ધારણ કરે, ને રુચિગત કરે તેને સુખ પ્રગટે.

ચેતનપદ કેમ પમાય? આત્માનું લક્ષણ જ્ઞાન છે. આત્મામાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાન વ્યાપક છે. તે જ્ઞાનના લક્ષણવડે લક્ષ્ય એટલે ચેતનને ઓળખવો એ ઉપાય છે. એમ પ્રથમ ખ્યાલમાં આવવું જોઈએ. પ્રથમ તેની હા પાડવી જોઈએ. તારી ચીજ પૂર્ણ છે એમ હા તો પાડ, તો આ રીતથી અંતરમાં પેસાય એવું છે. પ્રથમ સ્વ લક્ષણ વડે આત્માને ઓળખી એ જ સ્વરૂપની શ્રદ્ધાથી આનંદકંદની રમત કર. જે જાણવાના પરિણામ વ્યક્ત દેખાય છે તેટલામાં આખી ચીજ આવી જતી નથી. સ્વરૂપ અખંડ છે. સ્વભાવનો મહિમા જેને વર્તે છે, તેને સુદેવાદિ નિમિત્તોનો મહિમા આવ્યા વિના રહે નહિ. અજ્ઞાનીને વિભાવ અને વિભાવને પોષનારાનો મહિમા આવે છે. કુદેવ, કુગુરુ આદિને સ્વરૂપના સાક્ષાત્ ઘાતક માન્યા વિના ધર્મનો રસ્તો મળે તેમ નથી. અહીં કહે છે કે આત્મા અસંખ્યપ્રદેશી, આનંદકંદ છે, તેની રમત કરી સુખી થા.

આનંદકંદની રમત કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, અથવા મોક્ષમાર્ગ કહો-બધું એક જ છે. તે રમત કરી હું સુખી થાઉં. એ આનંદકેલિ નિજસ્વરૂપશ્રદ્ધાથી થાય છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પોષ સુદ ૧, બુધ ૧૭-૧૨-૫૨

## પ્ર. - ૧૧

**આ**ત્માનો આનંદકંદ સ્વભાવ છે. તેની આનંદદશા સ્વરૂપશ્રદ્ધાથી થાય છે. તે સ્વરૂપશ્રદ્ધા કેમ થાય? તે કહીએ છીએ. રાગ કે પુણ્યથી અનુભવદશા થાય એમ કહ્યું નથી. સ્વરૂપશ્રદ્ધાથી આનંદનો અનુભવ થાય છે. જ્ઞાન તે આત્માનું લક્ષણ છે. રાગ, પુણ્ય, વ્યવહાર કે નિમિત્ત આત્માનું એંધાણ નથી. કેવું છે સ્વરૂપ? અખંડિત ગુણનો પુંજ છે તથા તેની પર્યાયનો ધરનાર છે. આમ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે લીધા. તેની પર્યાય તેણે ધારી રાખી છે. વળી જ્ઞાનાદિ ગુણની પરિણતિરૂપ એટલે કે તેની પર્યાયરૂપ એવી નિજ વસ્તુનો નિશ્ચય થયો એ શ્રદ્ધા છે.

હવે ભેદ પાડીને કહે છે. શ્રદ્ધામાં નિર્ણય કર્યો છે કે જ્ઞાનનો સ્વભાવ જાણવા માત્ર છે, રાગ કરે કે નિમિત્ત લાવે કે દૂર કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી, પણ રાગ તથા નિમિત્તાદિને જાણનાર છે. નિશ્ચયથી પોતાને જાણનાર અને સ્વ-પરપ્રતિભાસરૂપ જ્ઞાન છે. દર્શન દેખવામાત્ર છે. વિકારને ઉપજાવે-ટાળે કે સંયોગોને લાવે કે છોડે એવું સ્વરૂપ નથી. સત્તા ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત છે. સતત નવી અવસ્થા ઊપજે, પૂર્વ પર્યાય નાશ પામે ને પોતે કાયમ ટકે એવી સત્તા છે. બીજાનું કરે તેવું આત્માનું સ્વરૂપ નથી. વળી વીર્યગુણથી પરને ચલાવે કે પરને સમજાવે તેવું બળ આત્મામાં નથી. વસ્તુમાં અનંતા ગુણોના સામર્થ્યની પ્રાપ્તિમાત્ર કાર્ય વીર્યનું છે. આમ શ્રદ્ધા કરવી જોઈએ. આત્મા કેવળ આવા ગુણોનો પિંડ છે. તેવી પ્રતીતિ-ભાવ કરવો તેને શ્રદ્ધા કહીએ. આવા ગુણોવાળો આત્મા છે, -એમ જે દેવ-ગુરુ-શાસ્ત્ર કહે તે પ્રત્યેની રાગસહિત શ્રદ્ધાને વ્યવહારશ્રદ્ધા કહે છે ને નિજસ્વરૂપની શ્રદ્ધાને નિશ્ચયશ્રદ્ધા કહે છે. આવી શ્રદ્ધા કરવાથી ને

આનંદકંદમાં કેલિ કરવાથી સુખી થવાય છે, બીજી કોઈ રીત નથી.

હવે તેના પ્રકાર પાડે છે-"જ્ઞાનનો આનંદ જાણ્યો તે જ્ઞાન-આનંદ," "ચિદાનંદનું દેખવું, તે દર્શન-આનંદ," ને "આનંદની પરિણતિ વિશેષ થઈ તે ચારિત્ર-આનંદ." એ પ્રમાણે અનંત ગુણોના આનંદનું મૂળકારણ અભેદ સ્વભાવ છે. પ્રથમ ગુણભેદથી વાત સમજાવી હતી, દર્શનાનંદ ને જ્ઞાનાનંદ એમ ભેદ પાડયા હતા, પણ અભેદ સ્વભાવમાં પરિણતિ રમાડવી એમ કહે છે.

પ્રથમ રાગસહિત જ્ઞાનદ્વારા આવો નિર્ણય કરીને ભેદજ્ઞાન દ્વારા એકલા નિજસ્વરૂપની શ્રદ્ધા કરે તો તે રાગને વ્યવહારનિમિત્ત કહેવાય.

અનંતા ગુણોનો ધારક, આનંદકંદ એવા નિજ આત્માના આશ્રયે પોતામાં પરિણતિ રમાડવી એ સુખ છે, તેથી સુખસમૂહ થયો છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

પરમ કૃપાળુ ભગવાને સ્વભાવ સમજવાની યોગ્યતાવાળા જીવોને આ રીત બતાવેલ છે. સર્વજ્ઞની વાણીમાં આવો પંથ આવેલ છે. વ્યવહાર આવે તેનું તથા નિમિત્તનું જ્ઞાન હોય છે, પણ અનંતગુણોના પિંડ સ્વરૂપની શ્રદ્ધા અને રમણતા કરવી-એ એક જ સુખનો પંથ છે, એમ ભગવાનની વાણીમાં આવ્યું છે.

પોતે ભગવાન છે, અનંત શક્તિનો પિંડ છે, તેની ભાવનાથી સંતો અને મહંતો થયા છે. મેં પણ આ ભાવનાનો અવગાઢ સ્થંભ રોપ્યો છે, ચિદાનંદ છું એવી પ્રતીતિ કરી છે, માણેકસ્થંભ નાખ્યો છે. સમ્યગ્દષ્ટિને આવો નિરંતર અભ્યાસ રહે છે.

**પ્રશ્ન** :- ભેદજ્ઞાન કરતાં પહેલાં શું કરવું ?

**સમાધાન** :- ભેદજ્ઞાન કેમ થાય તેનો અભ્યાસ કરવો. સમ્યક્દષ્ટિને આવો નિરંતર અભ્યાસ રહે છે; તેના અભ્યાસથી કર્મનો અભાવ થાય છે, બીજી કોઈ રીત નથી. કર્મનો અભાવ થઈ, જ્ઞાન પોતાના આનંદરસમાં મંડિત થઈ શોભે ને સુખનો પુંજ પ્રગટે એટલે કે અર્હંત દશા થાય ત્યારે કૃતકૃત્ય થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ આત્માનું સ્વરૂપ અનાદિથી ગુપ્ત થઈ રહ્યું છે, તે કેવી રીતે પ્રગટ થાય? પરમાત્મદશા પ્રગટ નથી પણ વર્તમાનમાં અલ્પ દશા છે, તેમાં નિર્ણય કરે છે કે અંતરના અવલંબને પૂર્ણ દશા થશે. એમ પરોક્ષ જ્ઞાન કરી ભાવના વધારે છે. તેની સિદ્ધિ કેમ થાય, એટલે કે કેવળજ્ઞાન કેમ થાય? કેવળજ્ઞાન વર્તમાનમાં નથી, પણ સ્વભાવમાંથી પ્રગટ થશે. પૂર્ણ પ્રગટતા થઈ નથી, પણ શ્રદ્ધાએ શક્તિ કબૂલી છે. તેની સિદ્ધિ કેમ થાય તે કહીએ છીએ.

જેમ દીપકને પાંચ પડદા છે. એક પડદો દૂર થતાં થોડો પ્રકાશ થયો, બીજો પડદો દૂર થતાં ચઢતો પ્રકાશ થયો, ત્રીજો જતાં ચઢતો થયો, ચોથો જતાં અધિક ચઢતો થયો, વળી પાંચમો પડદો ગયો ત્યારે નિરાવરણ પ્રકાશ થયો.

આત્મા ચૈતન્યરૂપ દીવો છે, તેનો જ્ઞાનપ્રકાશ છે, જ્ઞાનાવરણરૂપ પાંચ પડદા છે. મતિજ્ઞાનાવરણીય જતાં સ્વરૂપનું મનન કર્યું એટલે કે મતિજ્ઞાનાવરણીય ઓછું કર્યું, ચિદાનંદ છું એવું મનન કરતાં મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો, નિમિત્ત આવે તો કાર્ય થાય, રાગ થાય તો ધર્મ થાય-એમ અનાદિ કાળથી પર મનન હતું. ઈલેકટ્રીક ચાંપ દાબીએ તો પ્રકાશ થાય એમ અજ્ઞાની માને છે, પણ પ્રકાશની લાયકાતથી પ્રકાશ થાય છે ત્યારે ચાંપને નિમિત્ત કહેવાય છે.

અહીં આત્માએ મનન કર્યું તે પોતાની દશા છે, ને મતિજ્ઞાનાવરણીય કર્મ એના કારણે ખસી જાય છે, ક્ષયોપશમરૂપ થાય છે. આત્મા કર્મનું કાંઈ જ કરતો નથી.

અનાદિથી પરથી કાર્ય માનતો, એવું જે પરનું મનન હતું તે સ્વરૂપનું મનન કરતાં મટ્યું, પછી એવી પ્રતીતિ આવી કે જેમ કોઈ પુરુષ ગરીબ છે ને કરજવાન છે, પણ તેની પાસે ચિંતામણિ છે. ત્યારે કોઈએ કહ્યું કે તું મણિના નિમિત્તે ચિંતવન કરીશ તો લાખો રૂપિયાના ઢગલા થશે. અમુક જણને ચિંતામણિથી અમુક નિધિની પ્રાપ્તિ થઈ હતી માટે તું નિધિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

લે. સાક્ષાત્કાર થયે સર્વ ફળ પામશો. પ્રતીતિમાં તો ચિંતામણિ પ્રાપ્ત કર્યા જેવો હર્ષ થયો છે.

એ પ્રમાણે આત્મા ચિંતામણિ સમાન છે, તેની પ્રતીતિ કરવાથી આત્મા પ્રાપ્ત કર્યા જેવો હર્ષ થાય છે ને એકાગ્ર થાય તો પૂર્ણ આનંદ પ્રગટ થાય તેમ છે. ચિદાનંદ આત્માનું મનન કરી પ્રતીતિ થઈ ત્યાં સમ્યગ્જ્ઞાન એકદેશ ઉઘડયું ત્યારે કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારા આવ્યું. સમ્યગ્દષ્ટિ-મતિજ્ઞાની જીવ અશુદ્ધ અંશને પોતાનો માનતો નથી. અશુદ્ધતા તે ઉપાધિભાવ છે, તે સ્વભાવમાં નથી; માટે ત્રિકાળ સ્વભાવમાં તેની કલ્પના કરતો નથી. પર્યાયમાં અશુદ્ધતા છે તેને જ્ઞાન જાણે છે, પણ શ્રદ્ધામાં શુદ્ધ સ્વરૂપ લીધું છે. સ્વસંવેદન મતિજ્ઞાન દ્વારા થયું છે, રાગ કે નિમિત્ત દ્વારા થયું નથી. જાણવાનો સ્વભાવ મારો છે, બીજો કોઈ સ્વભાવ મારો નથી-આ પ્રમાણે સિદ્ધિ થાય છે. આમ મતિજ્ઞાનમાં વિચારની વાત કરી.

એ પ્રમાણે શ્રુતમાં વિચારે છે કે મેં મનન કર્યું કે મારું સ્વરૂપ જ્ઞાન છે, હું આનંદ છું. એ પ્રમાણે ચારે જ્ઞાન સ્વસંવેદન પરિણતિ વડે તો પ્રત્યક્ષ છે. અવધિ અને મનઃપર્યયજ્ઞાન રૂપી પદાર્થને જાણે છે છતાં તે જ્ઞાન પોતાનું છે, અંશે પ્રત્યક્ષ છે. અવધિ-મનઃપર્યયજ્ઞાનનું વેદન પોતાનું છે, જડનું નથી.

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ ચારે જ્ઞાન સ્વસંવેદનપ્રત્યક્ષ છે. અવધિ-મનઃપર્યય જ્ઞાન એકદેશ પ્રત્યક્ષ છે, સર્વઅવધિ વડે સર્વ વર્ગણા પરમાણુમાત્ર દેખે તેથી એકદેશ પ્રત્યક્ષ કહેલ છે. મનઃર્યય જ્ઞાન પણ પરના મનનું જાણે તેથી એકદેશ પ્રત્યક્ષ છે. જેને અવધિ-મનઃપર્યય જ્ઞાન થાય તેની વાત લીધી છે. ‘કોઈને મતિ-શ્રુતથી સીધું કેવળજ્ઞાન થાય, અવધિજ્ઞાન ને મનઃપર્યયજ્ઞાન ન પણ હોય. અવધિજ્ઞાન ચોથે, પાંચમે કે છઠ્ઠે ગુણસ્થાને કોઈ ધર્માત્માને પ્રગટે છે. મનઃપર્યયજ્ઞાન છઠ્ઠે ગુણસ્થાને કોઈ મુનિને પ્રગટે છે.

કેવળજ્ઞાન સર્વપ્રત્યક્ષ છે.

પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપનું જાણવું થયું કે આ જ્ઞાનમાત્ર છે. તેની પ્રતીતિ થઈ માટે સમ્યક્ નામ પામ્યું. આ સમ્યક્જ્ઞાન છે. શાસ્ત્રજ્ઞાનને સમ્યક્ કહેતા નથી. પોતે જ્ઞાનમાત્ર છે. આત્મા તે જ જ્ઞાન છે અને જ્ઞાન તે જ આત્મા છે–એવી પ્રતીતિ સહિત જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહે છે. શુભાશુભભાવને ને આસ્રવ છે, અજીવ છે, તેનું જ્ઞાનસ્વભાવ દ્વારા ભેદજ્ઞાન ન હોય તો દયા–દાનાદિના શુભભાવવડે સંસાર પરિત કેવી રીતે થાય? ન જ થાય. મિથ્યાદ્રષ્ટિ જીવ રાગાદિને આદરણીય માને છે તે ભૂલ છે. ચૈતન્યમૂર્તિ આત્મા છે, એવી પ્રતીતિ થતાં જ્ઞાન સમ્યક્ થયું, પણ તેને પૂર્ણ શુદ્ધ ન કહેવાય. જ્ઞાનમાત્ર વસ્તુ કેવળજ્ઞાન થયે પૂર્ણ શુદ્ધ થાય છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ગુપ્ત એવી કેવળજ્ઞાનરૂપ નિજવસ્તુ ને પ્રતીતિપણે પ્રગટ કરવાથી સ્વસંવેદન જ્ઞાન વધે છે. આ માર્ગ સુલભ છે, અવળા રસ્તાથી સવળા રસ્તે જવાય એમ બને જ નહિ.

નીચલી દશાવાળો જેને થોડું જ્ઞાન છે તે કેવી રીતે ભરોસો લાવે છે, તે બતાવે છે.

મારા દર્શન–જ્ઞાનનો પ્રકાશ મારા અસંખ્ય પ્રદેશમાંથી ઊઠે છે. શાસ્ત્રથી કે નિમિત્તથી જ્ઞાન થતું નથી. અજ્ઞાની જીવ જુદાં જુદાં નિમિત્તોને ભાળે છે, પણ સમય સમયની પરિણતિ પોતાથી થાય છે એ ભાળતો નથી. મારું જાણવાનું મારાથી છે, પરથી નથી, પર વસ્તુને જાણવી તે ઉપચાર છે. જ્ઞાનપ્રકાશ વિના આ પર છે એમ કોણ જાણે? હું મને જાણું છું, મારું જ્ઞાન મને જાણનાર છે–એમ પ્રતીતિ કરતાં આનંદ આવે છે. પરને લીધે જાણવાનું માને તે દુઃખ છે. પૂર્ણ પ્રકાશક શક્તિરૂપે ગુપ્ત છે, પણ જેટલી પર્યાય જાણવાની ઊઘડી છે તેને આવરણ નથી. જેટલા અંશે આવરણનો અભાવ કર્યો તેટલો જ્ઞાનપ્રકાશ ખીલ્યો. ચિદાનંદ સ્વભાવમાં જેટલી એકતા થઈ તેટલું આવરણ ટળ્યું, માટે આત્મા કર્મના આવરણથી જુદો છે. ઊઘડેલો પર્યાય મતિ–શ્રુતિ જ્ઞાનનો છે, તે પોતાનો અંશ છે, રાગાદિ પરિણામ સ્વભાવનો અંશ નથી, એટલે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કે આત્મા નથી, પણ જે સમ્યગ્જ્ઞાન પ્રગટયું તે આત્મા છે.

અહીં એટલું વિશેષ છે કે આવરણ ટળવા છતાં જ્ઞાન જેટલું પરનું લક્ષ કરે તેટલું અશુદ્ધ છે, કારણ કે તે પરમાં અટકે છે. જ્ઞાન વિકલ્પ કરે તેટલું અશુદ્ધ છે ને પોતાનું કામ કરે તેટલું શુદ્ધ છે. જ્ઞાનનો ઉઘાડ સ્વજ્ઞેયને પકડી લીન રહે તેટલું જ્ઞાન શુદ્ધ છે. સ્વને જાણતાં... પરને જાણે તે રાગનું કારણ નથી પણ સ્વને ચૂકી પરમાં રોકાય તે અશુદ્ધ છે.

કેવળજ્ઞાન છદ્મસ્થ ને ગુપ્ત છે, વ્યક્તરૂપે નથી; પણ પરોક્ષ જ્ઞાનમાં ધર્મીજીવ નક્કી કરે છે કે ત્રિકાળી શક્તિરૂપે નિરાવરણ છે તેની પ્રતીતિ કરી આનંદને વધારે અથવા ધર્મને વધારે છે. એક પછી એક નિર્મળતાના અંશોને ભેદથી જોવા તે વ્યવહાર છે, આત્મામાં અભેદતા થાય તે નિશ્ચય છે. જઘન્ય જ્ઞાની સમકિતી પોતાની શુદ્ધ ભાવનાથી શુદ્ધ થાય છે. એ નિશ્ચય છે. રાગની ભાવનાથી શુદ્ધ થાય છે એમ કહ્યું નથી.

'જેવી મતિ તેવી ગતિ' -એ વચન છે. નિત્ય જ્ઞાયકમૂર્તિ છું એવી મતિ કરે તો કેવળજ્ઞાનનું પરિણમન થાય છે, રાગને મુખ્ય કરી મતિ કરે તો સંસારનું પરિણમન થાય છે.

અજ્ઞાની જીવ દેહને મારો માને છે, તેથી દુઃખી થાય છે. તેને આત્માનું ભાન નથી, તેથી તેને મૃત્યુનો ભય લાગે છે. દેહની સ્થિતિ પૂરી થવી તે દુઃખનું કારણ નથી. એકતાબુદ્ધિ તે દુઃખનું કારણ છે. જેને આત્માનું ભાન છે તેને દેહના વિયોગ વખતે આનંદ થાય, દુઃખ ન થાય. -આમ પોતાની સમ્યક્મતિથી કેવળજ્ઞાનનું પરિણમન થાય છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ સુદ ૨, ગુરુ ૧૮-૧૨-૫૨
## પ્ર. - ૧૨

**પો**તાનું સ્વરૂપ સાક્ષાત્ કેમ થાય તે કહે છે. જેવો નિર્ણય કર્યો હોય તેવું પરિણમન થાય છે. હું રાગ છું, હું પુણ્ય છું, હું શરીર છું તથા શરીરથી લાભ થાય છે એવી મતિ હોય તો સંસારની ગતિ થાય છે; હું જ્ઞાનાનંદ છું ને શરીરથી જુદો છું એવી મતિ હોય તો આત્માનો સાક્ષાત્કાર થાય.

પ્રથમ નિર્મળભાવથી સંસારભાવને ગૌણ કરે, હલકા બનાવે. દયા-દાનાદિના ભાવ થાય તે મારું સ્વરૂપ નથી, સંસારનો આખો ભાવ અધઃ ( ગૌણ ) કરે. ચૈતન્યસ્વભાવ આનંદકંદ છે, તે ઊર્ધ્વસ્વભાવી છે, તેની અપેક્ષાએ શુભાશુભભાવ અધઃ ( હલકા ) છે તેથી તેને અધઃ ( ગૌણ ) કરે. કેવી રીતે કરે તે કહીએ છીએ.

આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર કેમ થાય તે બતાવે છે. શરીરાદિ સર્વ રૂપી જડ પદાર્થ છે તેમાં મમત્વ ન કરવું, શરીરની ક્રિયા મારાથી થતી નથી. કાજળમાં મેલપ તન્મય છે, તેમ જડની ક્રિયા જડથી તન્મય છે, મારાથી તન્મય નથી. શરીરમાં સ્વપણું માનવાથી સુખ ન થાય પણ દુઃખ જ થાય.

વળી રાગ-દ્વેષ-મોહભાવ બધા વિકાર છે, તે મારો સ્વભાવ નથી. અશાતાનો ભાવ, તૃષ્ણાભાવ કે ઈચ્છા થાય તે હેય છે. ચિદાનંદને છોડી પુણ્ય-પાપનો ભાવ તે અવિશ્રામભાવ-ખેદ છે. પુણ્ય-પાપ અસ્થિરભાવ છે, દુઃખભાવ છે, આકુળતાભાવ છે, ખેદભાવ છે. આસ્રવભાવ અજ્ઞાનભાવ છે, કેમકે વિકાર પોતાને તથા આત્માને જાણતો નથી માટે અજ્ઞાનભાવ છે, તેથી હેય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં આનંદ કેમ થાય? –કે આ બધો ભાવ હેય છે એમ જાણે તો.

હવે ઉપાદેયભાવની વાત કરે છે. હું શુદ્ધ ચૈતન્યભાવ છું, જ્ઞાનમાત્ર ભાવ છું. પુણ્ય-પાપની આકુળતા વિનાનો શાંતભાવ ઉપાદેય છે. ચિદાનંદમૂર્તિ જ્ઞાતાદ્રષ્ટા છે, તેમાં ઠરે તેને વિશ્રામ કહે છે. તે અંગીકાર કરવા યોગ્ય છે. સ્વભાવમાં સ્થિરતા ઉપાદેય છે. આકુળતા વિનાનો અનાકુળભાવ ઉપાદેય છે. જેમ પૃથ્વીમાં જ્યાં ખોદે ત્યાં બધી જગ્યાએથી પાણી નીકળે છે તેમ આત્મા ગમે ત્યાં હોય તોપણ આત્મસન્મુખ જુએ તો આનંદનું પાણી નીકળે છે. આત્મામાં દૃષ્ટિ કરે તો તૃપ્તિ થાય છે, પુણ્ય-પાપ વિકલ્પમાં તૃપ્તિ નથી. નિજભાવ-પોતાનો જ્ઞાનાનંદ સ્વભાવ આત્મા સાથે તન્મય છે, તે ઉપાદેય છે.

હવે વિશેષ કહે છે. આત્માની પરિણતિમાં આત્મા પોતે છે. હિંસાદિ તથા દયા-દાનાદિ વિકારભાવ થાય છે, તે ખરેખર આત્માની પરિણતિ નથી, તે અનાત્મા છે. નિર્દોષ જ્ઞાનસ્વભાવમાં હું તન્મય છું એવી આસ્થા કર્યે આત્મા પ્રગટે. દેહની ક્રિયાથી કે પુણ્ય-પાપની ક્રિયાથી આત્મા પ્રગટે નહિ. શિષ્ય સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને છે ને વાણી સાંભળે છે, તે વખતે શુભરાગ છે પણ તેથી આત્મા પ્રગટતો નથી. આત્માની પરિણતિમાં ગુણ-ગુણી એક થયા. ગુણની પરિણતિ જે રાગ-દ્વેષમાં એક થતી તેમાં ગુણ-ગુણીનો ભેદ થતો, તે હવે આત્મામાં એક થઈ-તેમાં 'હું પણું' માન્યું. તે સ્વપદનું સાધન છે. સાધકને રાગ-દ્વેષ થઈ આવે છે, પણ તે સાધન નથી.

આ જ્ઞાનાનંદ પરિણામને મેં જાણ્યા છે, જડ દેહ-ઇન્દ્રિયોએ જાણ્યા નથી. આત્મા શુદ્ધ ચિદાનંદ છે. જ્ઞાન એ જ હું છું એવા પરિણામથી સ્વપદની આસ્થા થાય. વ્યવહારના પરિણામ વડે સ્વપદની આસ્થા થતી નથી. વ્યવહારરત્નત્રયના વિકલ્પ વડે સ્વપદની આસ્થા થતી નથી. હું જ્ઞાનસ્વભાવી આત્મા છું-એવા પરિણામ વિના સ્વપદમાં સ્થિર થવાય નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારું નિજપદ અનાકુળ આનંદમય છે, તેમાં પરિણામ વિના સ્થિર થવા યોગ્ય સ્થાન હોય નહિ.

જે જીવ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનતો નથી તેની તો વાત નથી પણ સર્વજ્ઞ ભગવાને કહેલા સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેનો રાગ પણ સ્વપદનું સાધન નથી. પુણ્ય-પાપના સાધનથી સ્થિરતા થતી નથી, આત્માના અનુભવમાં કાયચેષ્ટા સાધન નથી, વચનઉચ્ચારણ સ્વરૂપમાં સાધન નથી, મનચિંતવન સાધન નથી.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર આમ કહે છે તેવું ચિંતવન કરતી વખતે રાગ હોય છે, પણ તે રાગવાળું ચિંતવન સ્વરૂપનું સાધન નથી. ચૈતન્યસ્વભાવમાંથી જે છૂટી જાય તે આત્માની ચીજ નથી, જે કાયમ રહે તે આત્માનું છે. મનચિંતવન વિકાર છે, તે આત્માની શુદ્ધ પરિણતિમાં સાધન નથી.

આત્માના જાણવા-દેખવાના પદમાં પોતાની લીનતા, પોતાનો વિશ્રામ-સ્થિરતા કરે તેને જ્ઞાન ને આનંદ પ્રગટે છે અથવા આત્માનો અનુભવ થાય છે. જ્ઞાનની વર્તમાન અવસ્થાનો વિવેક કરવો. પર તરફનો વિચાર કરવાથી આકુળતા થાય છે, પણ ચિત્પરિણતિ અંતરમાં એકાગ્ર થાય ને સ્વમાં રમે તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે ને આત્માનંદ ઊપજે છે.

વળી મનદ્વારા વિવેક થઈ પછી મન પણ બાજુએ રહે. રાજદ્વાર દ્વારા રાજા મહેલમાં જાય છે પણ રાજદ્વાર તે રાજા નથી; તેમ મન દ્વાર વિવેક હોય છે પણ મન આત્મા નથી. તથા આત્મા મન નથી. દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે સ્વભાવમાં રાગનો અભાવ છે ને રાગમાં સ્વભાવનો અભાવ છે આમ મન દ્વારા વિચાર કરે પણ અંતરમાં ઠરવા વખતે મન સાથે ન આવે. દ્રવ્યમનના નિમિત્તે વિકલ્પ આવે છે તે પર છે ને જ્ઞાન જ આત્મા છે.

કોઈ જીવે વ્યવહાર પકડીને તેનાથી નિશ્ચય માન્યો ને કોઈ જીવ માન્યું કે વ્યવહાર ગમે તેવો હો પણ આપણે નિશ્ચય પકડો; આવી માન્યતાવાળા બન્ને ખોટા છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ આવે છે. પણ તેથી ધર્મ થતો નથી. બારણું ગમે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેટલું સારું હોય તોપણ બારણું મકાનમાં આવતું નથી; તેમ રાગ ઘણો શુભ હોય તોપણ અંતરમાં પ્રવેશ પામે તેમ નથી. મન તથા તે તરફના રાગનો અંતરમાં પ્રવેશ નથી.

મનના સંકલ્પ-વિકલ્પથી આત્માનું પદ પમાતું નથી, પરમાનંદપદ ગુપ્ત છે, ધ્રુવપદ રાગથી પર છે. પરમાત્મપદ ગુપ્ત છે, તેની મન (જ્ઞાનપર્યાય) વ્યક્ત ભાવના કરી શકે, મન-રાગરહિત જ્ઞાનપરિણામ તેને વ્યક્ત કરી શકે. હું જ્ઞાનાનંદ છું એવો વિચાર કરવો. પુણ્ય-પાપની ભાવના, નિમિત્ત મેળવવાની ભાવના, રાગની ભાવના કરવી એમ કહ્યું નથી, પણ પરમાત્માની ભાવનાથી જે શક્તિસ્વભાવ છે તે વ્યક્ત થાય છે ને જ્ઞાનપર્યાય સ્વભાવ સાથે અભેદ થાય છે. ત્યારે પરમાત્માના તેજથી મન તરફનો વિકલ્પ રહે નહિ.

શૌર્યવાનના તેજથી કાયર સંગ્રામ વિના મરે છે. પદ્મોત્તર રાજા શ્રીકૃષ્ણ સાથે લડવા આવ્યો. જ્યાં શ્રીકૃષ્ણે શંખ ફૂક્યો ને ધનુષ્યનો ટંકાર કર્યો ત્યાં પદ્મોત્તરનું લશ્કર લડાઈ કર્યા વિના ભાગી ગયું. સૂર્યના તેજથી અંધકાર પહેલો જ નાશ થાય છે તેમ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે એવો અનુભવ થતાં મનના સંકલ્પ-વિકલ્પ પહેલાં મરી જાય છે. આ રીતે ધર્મ થાય છે, બીજી રીતે થતો નથી.

આ નિશ્ચયધર્મ સમજે તેના શુભરાગને વ્યવહાર કહેવાય છે નહિંતર વ્યવહાર કહેવાતો નથી. આત્માના ભાન વિના શુભરાગથી સ્વર્ગ મળે તો તે શું કામનું? જેમ કોઈનો વહાલો પુત્ર ખોવાઈ જાય તેને બદલે તેને પૈસા આપે તો શું કામનું? તેને તો છોકરો મળવા સાથે કામ છે. તેમ આત્માના ભાન વિના રાગાદિ પરિણામ શું કામના? એક છોકરી રસ્તામાં ભૂલી પડી ગઈ હતી, તેને રસ્તાની ખબર ન હતી, માત્ર 'મારી મા જોઈએ' એટલું કહે. પેંડા આપે કે બીજું આપે તોપણ 'મારી મા' 'મારી મા' સિવાય બીજું કાંઈ બોલે નહિ.

તેમ જ્ઞાનાનંદ સ્વભાવના જ્ઞાનને ભૂલીને કોઈ પુણ્યનાં ફળ આપે, સ્વર્ગ આપે તોપણ ધર્મી તેની ઈચ્છા કરે નહિ, માત્ર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અભેદ સ્વભાવની શ્રદ્ધા રાખે છે. જેમ છોકરી પોતાની માની શ્રદ્ધા રાખે છે, તેમ ધર્મી જીવ એકલા અભેદ સ્વભાવની શ્રદ્ધા રાખે, બાકી ગમે તેટલી પુણ્યની સામગ્રી મળે તોપણ ધર્મી લલચાતો નથી.

જેમ સૂર્ય ઉગતાં અંધકાર નાશ પામે છે, તેમ ચૈતન્યસૂર્યનો પ્રકાશ થતાં વિકાર મરી જાય છે ને શુદ્ધ વીતરાગી દશા થતાં આત્મા પણ પર્યાયમાં શુદ્ધ થાય છે. પુણ્ય-પાપના પરિણામ અનાત્મા છે. અનાત્મભાવ-પરિણામ મટાડી આત્મપરિણામ કરવા તેમાં કૃત્યકૃત્યતા છે. શુદ્ધ પરિણામ જ કરવા યોગ્ય છે, બાકી બધું અકૃત્ય છે. નિમિત્તો ને વ્યવહાર હોય ખરા, પણ તે સંસારભાવ છે. યોગી-ભાવલિંગી મુનિઓ જાણે છે કે શરીરની નગ્ન દશા જડની અવસ્થા છે, ૨૮ મૂળગુણ પાલનનો વિકલ્પ રાગ છે તે મુનિપણું નથી. આત્મામાં લીન થવું તે યોગીપણું છે. કુંદકુંદાચાર્ય, નેમિચંદ્ર આચાર્ય, પૂજ્યપાદસ્વામી આદિ આચાર્યો મહા યોગીશ્વર હતા. આત્મામાં જોડાણ કરવું તે યોગ છે, તેમાં પ્રધાન તે યોગીશ્વર છે, મુનિને નગ્નદશા જરૂર હોય છે. કોઈ વસ્ત્ર-પાત્ર રાખીને મુનિપણું માને તે મિથ્યાદૃષ્ટિ છે ને નગ્નઅવસ્થા થઈ માટે મુનિપણું છે-એમ નથી. ચિદાનંદ ભગવાનની શ્રદ્ધા-જ્ઞાન ને લીનતા કરી આત્મામાં જોડાણ કરે તે યોગી અથવા મુનિ છે. મુનિઓ શરીરની નગ્ન અવસ્થાના ૨૮ મૂળગુણ પાલનની ક્રિયાના કર્તા તથા પ્રેરક નથી.

કોઈ મુનિ છહ આવશ્યક કરે, ધ્યાન કરે, ધારણા કરે અને બાહ્ય સમાધિ કરે તે બધાં નિમિત્ત છે. તે પ્રકારનો વિકલ્પ આવે છે પણ આનંદકંદ સ્વભાવનો અનુભવ કરે તો તે બધાંને નિમિત્ત કહેવાય. નિશ્ચય પ્રગટયા વિના વ્યવહાર કેવો? અજ્ઞાની જીવ વ્યવહારથી નિશ્ચય માને છે-તે ભૂલ છે. પોતાનું સ્વરૂપ ચિદાનંદ ધ્રુવ છે, તેના પરિણામથી અનંત સુખ થયું, પોતાના પદની આસ્તિકયતા થઈ. મારા પદમાં આનંદ છે, અમૃતનો અનુભવ છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્ય-પાપ મારું પદ નથી. વળી નિજાનંદના અનુભવને કોની ઉપમા આપવી? પુણ્યને અને સંયોગોને ઉપમા આપી શકાય પણ સ્વાભાવિક પદને ઉપમા આપી શકાય નહિ.

વળી શુભાશુભ વિકારી પરિણામ હતા ત્યાંસુધી ભેદ પડતો, પણ આનંદનો અનુભવ થતાં સ્વભાવ સાથે એકરસ થયો, શુદ્ધ ઉપયોગ થયો. વ્યવહારરત્નત્રય અશુદ્ધોપયોગ છે, શુદ્ધ ઉપયોગ નવો થયો. નિત્યાનંદમાં લીનતા થતાં સહજ પદનો અનુભવ થયો, તેનું નામ મુનિપણું છે. આને મોક્ષમાર્ગ કહે છે.

અધૂરી દશામાં દયા, દાન, તીર્થયાત્રા, પૂજા આદિનો વિકલ્પ આવે છે, પણ તે મોક્ષમાર્ગરૂપ ધર્મ નથી. આત્માના ભાન દ્વારા નિર્મળતા પ્રગટે તે ધર્મ છે. આનું નામ અનુભવ છે. શુદ્ધ આત્મપરિણામનો મહિમા અપાર છે, વ્યવહારરત્નત્રયનો મહિમા નથી.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ સુદ ૩, શુક્ર ૧૯-૧૨-૫૨
## પ્ર. - ૧૩

**આ** અનુભવપ્રકાશ ગ્રંથ છે. આત્માના વીતરાગી આનંદરૂપ પરિણામને અનુભવ કહે છે. પુણ્ય-પાપરહિત સ્વભાવસન્મુખ આનંદરૂપ પરિણામનો મહિમા અપાર છે. પુણ્ય-પાપ પોતાની પર્યાયમાં થાય છે, પણ તે પરાશ્રિતભાવ-બંધભાવ છે તેથી તેને પોતાનાં કહ્યાં નથી.

પોતે અનંત શક્તિનો સ્વામી આત્મા હોવા છતાં પુણ્ય-પાપથી ચાર ગતિમાં ગોથાં ખાય છે. શુભાશુભભાવ પરપરિણામ છે. "પ્રભુ સર્વગુણસંપન્ન કહેવાય છે, પણ તેનામાં અપલક્ષણ ઓછાં નથી." એમ શ્રીમદ્ રાજચંદ્રજીએ એક પત્રમાં કહ્યું છે. આત્મા (પ્રભુ) શક્તિએ પરિપૂર્ણ છે, પણ તેની પર્યાયમાં વિકાર છે, તે તેનું અપલક્ષણ છે. અહીં ગોથાં ખાય છે એમ કહ્યું છે. અર્થને સમજે નહિ ને બીજાના દોષ કાઢે તેવા જીવોને કોઈ સમજાવી શકે એમ નથી. ચિદાનંદ પ્રભુ પુણ્ય-પાપપરિણામથી ચોરાશીમાં રખડે છે. કર્મથી રખડે છે એમ કહ્યું નથી. કર્મ તો જડ છે, તે આત્માને રખડાવતું નથી.

પોતે શક્તિરૂપે પરમેશ્વર છે, હું જ્ઞાન-આનંદમય છું એવું ભાન થયા પછી પૂર્ણ આનંદ પ્રગટે ત્યારે પર્યાયે પણ પરમેશ્વર થાય છે. પરને અથવા રાગદ્વેષને પ્રસિદ્ધ કરનાર જ્ઞાન છે તે જ્ઞાન સ્વમાં વળી પૂર્ણ પ્રગટ થાય ત્યારે પોતે પરમેશ્વર થાય છે. તે આત્માના પરિણામનો પ્રભાવ છે. શરીર, રાગ-દ્વેષ કે વ્યવહારનો પ્રભાવ નથી, સારું શરીર હોય તેનો પ્રભાવ નથી. પોતાના નિર્મળ પરિણમનથી અવિનાશી પદનો અનુભવ થાય છે. દ્રવ્ય-ગુણ

તો ત્રિકાળ છે, પર્યાયમાં વિકારનો અનુભવ કરવો તે અપૂર્વ નથી પણ અંતરમાં એકાગ્રતા કરવી તે અપૂર્વ છે. પોતાના આત્માની પર્યાય પોતામાં કેમ જોડાય તે કહીએ છીએ.

શરીર, મન, વાણી વગેરે પદાર્થોથી પરાઙ્મુખ થઈ હું ચિદાનંદ છું, હું શુદ્ધ છું એમ વારંવાર અવલોકન કરે. જે પરને જાણે તે પોતે કોણ છે-એમ વારંવાર અવલોકવાના ભાવ કરે તે અનુભવપ્રકાશ છે.

**પ્રશ્ન** :- પણ અંતરમાં તો કાંઈ દેખાતું નથી ?

**સમાધાન** :- શું દેખાતું નથી ? પોતે દેખનાર છે, તે દેખવાનો પ્રયત્ન કરતો નથી તેથી દેખાતું નથી. શરીર, રાગ વગેરે જ્ઞાનની અસ્તિમાં જણાય છે, પણ અજ્ઞાનીને પોતાના જ્ઞાનનું માહાત્મ્ય આવતું નથી. નદીના એક કાંઠેથી દસ માણસ ઊતરીને બીજે કાંઠે ગયા ને ત્યાં એક માણસ ગણવા મંડયો, તો તેને નવ માલૂમ પડયા, કેમકે પોતાને ગણતો નહોતો, તેથી એક જણ નદીમાં તણાઈ ગયો એમ માનીને રડવા લાગ્યા; તેમ આ શરીર, દુકાન, પૈસા, કોલસા છે એમ જ્ઞાનમાં જણાય છે, પણ તું કોણ છો ? દૃષ્ટાંતમાં જેમ ગણનાર પોતાને ભૂલ્યો તેમ અહીં પોતે પોતાને એટલે જાણનાર ભૂલ્યો. અનેક પ્રકારના રાગ થાય છે, તેમાં આ સત્ય બોલવાનો ભાવ, આ પુણ્યનો ભાવ, આ ગુરુ પ્રત્યે બહુમાનનો ભાવ, આ દયાનો ભાવ એમ જાુદું જાુદું જ્ઞાન જાણે છે. ખરેખર તો તે જ્ઞાનનું જ્ઞાન છે, પણ અજ્ઞાની જીવ પરનું તથા રાગનું જ્ઞાન માને છે. જુદા જુદા રાગ થયા તેની રાગને ખબર નથી, તેને જાણનાર તો જ્ઞાન છે. જ્ઞાનસ્વભાવી પોતે છે એમ નહીં જાણતાં એકલા પરને જ જાણવું તે મિથ્યાજ્ઞાન છે.

અહીં કહે છે કે આત્મા વસ્તુ જ્ઞાનવાન છે કે જેનાં વખાણ બહુ થાય છે. શાસ્ત્રો જેનાં ગાણાં ગાય છે ને સર્વજ્ઞ જેને કહે છે. લોકો કહે છે કે “ચાલો વ્યાખ્યાન સાંભળવા,” પણ તે વ્યાખ્યાન કોનું ? તે આત્માનું વ્યાખ્યાન છે. બધાએ આત્માનાં

નગારાં વગાડયાં છે. તે આત્મપદ અથવા સ્વપદને અવલોકનના ભાવ કર. વળી શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રચેતનાનો પ્રકાશ સ્થિર કરી, સ્વરૂપપરિણતિ કરે, પોતાના આત્માનો ભરોસો કરે તે દર્શન, પોતાનું જ્ઞાન તે જ્ઞાન, ને પોતામાં સ્થિરતા તે ચારિત્ર-આમ દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મામાં છે. ચેતનાનો પ્રકાશ સ્થિર કરી, સ્વરૂપપરિણતિ કરે તો વિકારનો નાશ થાય; પરમાં શ્રદ્ધા-જ્ઞાન ને સ્થિરતા કરતો તે હવે પોતામાં કરે ને ઠરે.

વળી ભગવાન આત્મા જ્ઞાયકજ્યોતિ છે ને પુણ્ય-પાપ, શરીર, મન, વાણી વગેરે અનાત્મા છે. આ આત્માની અપેક્ષાએ ભગવાન પણ અનાત્મા છે, જ્ઞાયકજ્યોતિ આત્માથી ભિન્ન છે- એમ જાણનાર આત્મા પોતે છે. અનાત્માને પોતામાં ભેળવે તો પોતે જાણનાર ન રહ્યો તેથી અનાત્માથી આત્મા જુદો છે. વળી અખંડ પ્રકાશ છે. ચૈતન્યનો એકરૂપ પ્રકાશ છે. આત્મામાં અંતર્મુખ વળે તે ચિદ્દવિલાસનો અનુભવ કરે. અંતરપરિણામવડે જ્ઞાન પ્રકાશે પણ બાહ્ય વડે પ્રકાશે તેવું નથી.

જ્યાંથી પર્યાય ઊઠે છે અથવા વહે છે તેમાં પરિણામ લગાવે, અર્થાત્ પર્યાય પર્યાયવાનમાં લગાવે, પણ બહારમાં પરિણામ ન કરે. પ્રથમ આવી સમજણ કરવી કે આ માર્ગ છે, આત્મા ચિદાનંદ પ્રકાશ છે, તેનાં પરિણામ જ્ઞાનમાં રોકે પણ બહાર જવા ન દે.

જેમ પાણીમાં નવાં નવાં મોજાં ઊઠે છે, તેમ ચિદાનંદ પ્રભુ આત્મામાં જ્ઞાનના નવા નવા પરિણામ થાય છે. નિત્યાનંદ આત્મા જ્ઞાનથી ભરેલો દરિયો છે, તેમાં નવા નવા પરિણામ થાય તે અંગ છે ને અંતરમાં લીન થઈને અભંગપણે પરિણામ ઉઠાવે તે ધર્મ છે.

અજ્ઞાની લોકો કહે છે કે વ્રત-તપ પ્રથમ કરો તો પછી ધર્મ થાય, તો તે વાત ખોટી છે. પ્રથમ સમ્યગ્દર્શન વિના વ્રત જ ન હોય, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની ઓળખાણનો શુભરાગ હોય છે, પણ તેના આલંબનરૂપ રાગને ઓળંગીને ધર્મ થાય છે. જે

જીવ શુભરાગને ઉપાદેય માને છે તે મિથ્યાદષ્ટિ છે. અહીં કહે છે કે રાગ હેય છે, તેને થવા ન દે. અંતરજ્ઞાનના પરિણામ અસંખ્યપ્રદેશી અભંગમાં લીન થયા કરે તે ધર્મ છે.

આત્માનું સિદ્ધપદ તે અમરપુરી છે. આત્માના નિજબોધના વિકાસથી અમરપુરીનો નિવાસ થાય છે. વળી આત્મા અખંડ છે, અચલ છે, જેને કોઈ ઉપમા નથી એવો અનુપમ છે. જેમાં ખંડ કે ભેદ નથી એવો અભેદ છે, અમલ છે, જેનું તેજ અમાપ છે. વળી અનંતગુણરત્નમંડિત પોતે આત્મા છે, તેને પોતે જાણે. કેવું છે તે પદ? પૂર્ણ આનંદરૂપ છે, જાણવાના સ્વભાવસ્વરૂપ છે, અરૂપ છે, અનુપમ છે. પોતે નિત્યાનંદસ્વરૂપ ત્રણ લોકને જાણનાર છે, અથવા પોતા માટે પોતે શોભાયમાન છે. પોતાના પરમ પદને પરિણામ વડે પામી પવિત્ર થઈને રહે એ બધો અનુપમનો મહિમા છે. પંચ પરમેષ્ઠીના પાંચે પદ અનુભવથી પમાય છે. શુભ રાગ જે જે પ્રકારના આવે છે તેનો જાણનાર આત્મા છે, બીજું કોઈ સ્વરૂપ નથી.

કેવી રીતે આરાધીએ છીએ તે બતાવે છે :-

આત્મા શક્તિએ પૂર્ણ જ્ઞાનવાળો છે. આત્મા પરમાર્થનિધાન છે. પરનો પરમાર્થ કોઈ કરતું નથી. પરમાર્થ પોતામાંથી નીકળે છે. કોઈનું કલ્યાણ કરી દઉં એ માન્યતા અજ્ઞાન છે. પોતે કલ્યાણસ્વરૂપ છે તેને આરાધવો. દયા-દાનાદિ પરિણામ રાગ છે કલ્યાણ નથી વળી પોતે સુખવાન છે, તેનું સુખ કદી કરમાતું નથી. વળી પોતે મુક્તિની ખાણ છે, તેના સ્વરૂપનું આરાધન કરવું. વળી આત્મામાં શરીર, મન, વાણી નથી. શરીર તો લોહી-માંસનું બનેલું છે, પુણ્ય-પાપ પણ મેલ છે. નિત્યાનંદ વસ્તુ નિરુપાધિમય છે. એવા આત્માની સમાધિને સાધીએ ને આરાધીએ.

આત્મા ઇન્દ્રિયોથી જણાય એવો નથી માટે અલખ છે, રાગ કે વ્યવહારથી પણ જણાય એવો નથી. જેમ સૂર્ય જન્મતો નથી ને મરતો નથી, તેમ આત્મા કદી જન્મતો નથી તેમ જ મરતો નથી, માટે અજ છે. ચૈતન્યસૂર્ય તો પ્રકાશમય છે. જે છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને આવરણ ન હોય અને જે ન હોય તેને આવરણ ન હોય. પર્યાયમાં આવરણ છે, તેની વાત ગૌણ છે. અહીં સ્વભાવની વાત છે. વળી આત્માનું રૂપ આનંદ છે, તે અમૃતથી ઘડાયેલી મૂર્તિ છે, અતીન્દ્રિય પ્રભુ આત્મા છે, દર્શન, જ્ઞાન, ચારિત્રનો સમૂહ છે. આત્માના સ્વરૂપમાં વિકાર નથી માટે અવિકારી છે. તેમાં અંધકાર નથી. તે જ્ઞાનપ્રકાશનો પુંજ છે. સર્વ દુઃખથી રહિત છે. સ્વરૂપમાં દુઃખ નથી. ત્રિકાળી સ્વભાવે સંસાર અથવા દુઃખને કદી ગ્રહણ કર્યું નથી તો પછી તેને છોડે ક્યારે? એટલે કે છોડવાનું રહેતું નથી. વળી બાધારહિત છે. કર્મ તેને બાધા ઉપજાવતું નથી. પર્યાયમાં પોતે બાધા કરે તો કર્મ નિમિત્ત કહેવાય, વસ્તુમાં બાધા નથી. પોતે મહિત અર્થાત્ પૂજ્ય છે. પોતાનું પૂજનિક પદ ન જાણે ને પરને જ પૂજનિક જાણે તો તેનો વ્યવહાર પણ સાચો નથી. આત્મામાં મીઠો રસ ભરેલો છે. વિકારને ગૌણ કરીને વાત કરેલ છે. આનંદ-રસ સહિત તથા અનંત સ્વભાવની શક્તિ સહિત છે. વળી નિરંશી છે, અખંડ અભેદ છે, વળી કર્મનો નાશ કરનાર છે, વળી લાયક જીવને તે ચિદાનંદ આત્મા આધારરૂપ છે; નાલાયક જીવને આત્મા બેસતો નથી. તેથી ભવ્ય જીવનો આધાર આત્મા છે એમ કહ્યું છે. વ્યવહારરત્નત્રય આધાર નથી. પરમાણુને પણ પોતાનો આધાર છે, તે જડ છે, તેને તેના ગુણની ખબર નથી, છતાં પોતાના આધારે ટકે છે. એનું જ્ઞાન કરનાર આત્મા નિરાલંબી છે. તેને કોઈનો આધાર નથી. વળી ભવનો પાર કરનાર આત્મા છે. વ્યવહારરત્નત્રય ભવનો પાર કરતા નથી. વળી આત્મા જગતનો સાર છે. આખી દુનિયામાં સારરૂપ એક જ આત્મા છે; પૈસા, આબરૂ, ઇન્દ્રપદ, વગેરે અસાર છે. વળી આત્મા દુર્નિવાર દુઃખનો નાશ કરનાર છે. એવા આત્માની દૃષ્ટિ ને અનુભવ કરવો તે ભવના નાશનો ઉપાય છે. ગૃહસ્થ કે મુનિ-બધા માટે એક જ રસ્તો છે.

વળી પોતામાં અધૂરાશ ટાળી પૂર્ણ પદને કરે ને પુણ્ય-પાપના ભવતાપનો નાશ કરી સ્વપદને પૂરે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાની જીવ પોતાની માનીતી સ્ત્રી વગેરેનાં વખાણ હોંશથી કરે છે. અહીં કહે છે કે તારા આત્માનાં ગાણાં ગવાય છે, તે હોંશથી સાંભળ.

પોતાના આત્મપદને જાણતાં ને અંતરની ઓળખાણ કરતાં પોતે ચિદાનંદ દેખાય છે.

કેવો છે ભગવાન આત્મા? સદા સુખનો કંદ છે. જેમ સુરણની ગાંઠ હોય છે, તેમ ચિદાનંદ સુખની મોટી ગાંઠ છે, પણ રાગ-દ્વેષ કરી કરીને પોતાના આત્માને ભૂલી ગયો ને તેથી આત્મા દેખાતો નથી. જો અંદર ચિદાનંદ સ્વભાવનું બોધિબીજ વાવે તો પૂર્ણાનંદને પામે. હું જ્ઞાયક છું એવી પ્રતીતિ ને અનુભવ કરતાં પૂર્ણદશા પામે. વળી આત્મામાં સંસારના ફંદ નથી. એક સમયના સંસારને ભૂલી જા ને સ્વભાવને જો.

આ તારા આત્મભગવાનનાં ગાણાં ગવાય છે. તારા પદનાં ગાણાં ગવાય છે. આત્મા પોતાના સ્વભાવને જાણતાં વિકલ્પનો વંશ ઉત્પન્ન થતો નથી. આત્મા પુણ્ય-પાપના વંશ વિનાનો એટલે નિર્વંશી છે, -આમ નિરફંદ જાણે તો પરમાત્મપદ- અવિનાશી પદને પામે. પ્રથમ ભૂલ હતી તે ભૂલ પલટીને આનંદદશા પામે ને વસ્તુ કાયમ રહે છે. આમ ઉત્પાદ-વ્યય-ધ્રુવની વાત આવી જાય છે. વળી જ્ઞાનાનંદની પ્રતીતિ ને લીનતા થતાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે ને લોકાલોકને જાણે છે. આમ નિર્ણય કરે તેને ભવનો નાશ થાય ને તે અવિનાશી પદને પામે. વળી ચારે અનુયોગ (વેદ) અથવા વીતરાગનો દિવ્યધ્વનિ આત્માનાં આવાં ગાણાં ગાય છે. તેને ક્યાં સુધી બતાવીએ?

આત્મા આવી ચીજ છે. રાગથી મહિમા ગવાય તેમ નથી. વળી ભગવાન આત્મા પ્રભુ વચનમાં આવે એવો નથી. પૂર્ણાનંદ પ્રભુ પરમબ્રહ્મ આત્મા પોતે વાણીગોચર નથી પણ જ્ઞાનગમ્ય છે. એનું નામ પરમ પદ છે. આવા સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન ને અનુભવ કરવો તે અનુભવપ્રકાશ છે.

* * *

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પોષ સુદ ૪, શનિ ૨૦-૧૨-૫૨
## પ્ર. - ૧૪

**આ** અનુભવપ્રકાશ ગ્રંથ છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે તેની સન્મુખ દશા થતાં નિર્મળતા પ્રગટે તેનું નામ ધર્મ છે. ચૈતન્ય આત્મા પરમતત્ત્વ છે, સ્વાભાવિક વસ્તુ છે, તેની જ્ઞાનપર્યાય, દર્શનપર્યાય કે વીર્યપર્યાય પર તરફ જાય તે અતત્ત્વ છે. આત્મા જ્ઞાયકમૂર્તિ છે એમ માનીને સ્વભાવમાં અભેદતા થાય તે પરમતત્ત્વ છે. ભગવાન આત્મા શક્તિએ આનંદકંદ છે. દયા-દાન-વ્રત-વગેરે રાગ છે તે અતત્ત્વ છે, ચૈતન્યત્ત્વ નથી. જે જ્ઞાનપર્યાય એકલા રાગ તથા પર્યાયને જાણે તે અતત્ત્વ છે. ચિદાનંદ ભગવાન શરીર, મન, કર્મ, વાણીથી જુદો છે. પર તરફનો વિકલ્પ તથા જે જ્ઞાન પરને જ જાણે અને અટકે એવી વિપરીત કરણી સ્વરૂપમાં નથી. સ્વભાવમાં એકાગ્રતા થવી તે ધર્મ છે. પુણ્ય-પાપના ભાવો અંતરસ્વભાવમાં નથી. માટે સ્વભાવના અવલંબને જે નિર્મળ દશા પ્રગટે તે અનુભવપ્રકાશ છે. વિપરીત કરણી એટલે કે વ્રત, દયા, દાન આદિના ભાવો-તે બધા રાગમય છે, શાંતિનું કારણ નથી; તે વિપરીત કરણી પરમતત્ત્વમાં નથી.

ચિદાનંદ ભગવાનનો અનુભવ તે મુક્તિની કરણી છે. એથી વિરુદ્ધભાવ ભવદુઃખની ભરણી છે ને ચોરાશીના અવતાર ઊભા કરે છે. હું જ્ઞાયકમૂર્તિ છું, શરીરાદિનો કર્તા નથી, કોઈ પણ રજકણથી મને લાભ નથી; દયા, દાન, વ્રતાદિ વિકલ્પ છે, તેનો પક્ષ ભવના દુઃખને પુષ્ટ કરનાર છે, ચિદાનંદનું ભાન થતાં અંદર સ્થિરતા કરવી તે સુખનું કારણ છે.

આત્માના જ્ઞાયક સ્વરૂપને ચૂકીને પર્યાયમાં જે વૃત્તિ ઊઠે તે હિતહરણી છે, હિતને નુકશાન કરનાર છે. પુણ્ય-પાપમાં ધર્મ છે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એવી માન્યતા અજ્ઞાનીએ મોહથી કરી છે, તેથી તે હિતનાશને અનુસરણી થઈ છે, પણ સ્વભાવને અનુસરણી થઈ નથી. કર્મે ભૂલ કરાવી નથી. અજ્ઞાની કર્મ ઉપર દોષ નાખે છે. પુણ્ય-પાપના ભાવો હિતના હરનારા છે, તેને અનુસરવાનું મિથ્યાભાવે કર્યું છે, જ્ઞાનભાવ તેને અનુસરે નહિ. જગતના અજ્ઞાની જીવોને તે મીઠી લાગે છે, અજ્ઞાનીને ઊંધી માન્યતાના કારણે ચોરાશીના અવતાર ગમે છે, તેને પુણ્ય-પાપની કરણી ભાવી છે. જેમ વિષ્ટાના કીડાને વિષ્ટા ગમે છે તેમ અજ્ઞાનીને પુણ્ય-પાપ રુચે છે. પુણ્ય-પાપના ભાવ દુઃખદાયક છે છતાં સુખદાયક લાગે છે.

આ વાત સત્ય છે. ઓળખાણ કર, સ્વભાવસન્મુખ ઉપાય કર- એ એક જ ધર્મનો માર્ગ છે. પ્રથમ સત્યની શ્રદ્ધા કરાવે છે.

અજ્ઞાનીને પુણ્ય-પાપ સુખકર લાગે છે, તે પુણ્ય-પાપમાં રોકાયો છે. ત્યાગી થાય, મુનિ થાય તોપણ વ્રત, તપમાં પરમાર્થધર્મ માની બેઠો છે, તેથી તેને ઘણો મેલ લાગ્યો છે.

હવે સવળી વાત કરે છે. ચિદાનંદ જાગતી જ્યોતિ છે, તેમાં જેટલો વિકાર થાય તે દોષ છે, સ્વભાવમાં દોષ નથી, માટે જ્ઞાનને ઉરમાં આણ. જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરનારને દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ પ્રતીતિ હોય જ.

હું જ્ઞાનસ્વભાવી છું, હું શરીરાદિને ચલાવું કે પર પદાર્થોને લાવું કે મૂકું તે મારા સ્વભાવમાં નથી;- આમ ભેદજ્ઞાન કરવું, પુણ્ય-પાપની ક્રિયા તે વિપરીતકરણી છે, તેને ભેદી અંતરમાં લીનતા કરી સાધકતાને સાધી મહાન થાય છે. આને સમ્યગ્દર્શન કહેવાય છે.

જે રાગ અને પુણ્ય વગેરેમાં એકત્વબુદ્ધિ કરી મિથ્યાધ્યાન હતું તે ટળીને સ્વભાવમાં રાગરહિત થઈ એકાગ્ર થયો. સ્વભાવમાં એકાગ્રતા કરતાં સિદ્ધના જેવો અંશે આનંદ પ્રગટાવી સુધાનું પાન કરે તે અનુભવ છે.

આ ગૃહસ્થાશ્રમમાં રહેતા સમકિતીની વાત છે. જ્ઞાનાનંદ-સ્વભાવની રુચિ કરી સ્વરૂપ તરફ એકાગ્રતા કરી અંતરઆનંદનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાન કરે. પૂર્ણાનંદ પદનું કારણ પોતાનો અનુભવ છે. આ કાળે અનુભવ થઈ શકે છે, આત્માના અંતરઆનંદનો રસ આવ્યો તેને અનુભવ કહે છે.

હે આત્મા! શુભરાગથી તારો પાર પમાય એમ નથી, અંતર્મુખ વિશ્રામ કરે તો થાક ઉતરે તેમ છે. પોતાના સ્વકાળમાં અનાકુળ સ્વભાવ પડયો છે. જડ ઇન્દ્રિય આત્માનું કાંઈ હરતી નથી. તેના ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તેના કારણે છે, તે મૂર્ત જડ છે અને આત્મા અમૂર્ત ચૈતન્ય છે. બન્નેનાં કાર્યો જુદાં છે, પણ જે જ્ઞાનપર્યાય પરને પોતાનાં માને તે ભાવેન્દ્રિય ચોર છે. તે જ્ઞાનપર્યાયને અંતરમાં વાળવી ને શરીરની માયા ભૂલવી એટલે કે શરીર મારાથી જુદું છે એમ માનવું. પોતે પરમેશ્વર સ્વરૂપ છે, મારો ભગવાન બીજો કોઈ નથી. પરમાણુની પર્યાય ઈશ્વર કે જીવ કરી શકે નહિ, જ્ઞાનીને શુભરાગ આવે છે પણ તેનાથી પરમાણુની અવસ્થા થતી નથી. ધર્મી શુભરાગને પણ અધર્મ માને છે. અજ્ઞાની જીવ ચિદાનંદની પુષ્ટિ ચૂકી બાહ્ય ક્રિયાકાંડની પુષ્ટિ કરે છે.

જ્ઞાનીએ કાયાની માયા ભૂલી પોતાનું સ્વરૂપપદ પોતામાં નિહાળ્યું. ભગવાન ઘટમાં નથી પણ અઘટઘટમાં એટલે કે શરીર વિનાના પોતાના સ્વરૂપમાં છે. જ્ઞાનાનંદ જલ શરીરના પરમાણુરૂપી કાંકરાથી જુદું છે. આવા જુદા તત્ત્વને નિહાળવું તે અનુભવ છે. મારું જ્ઞાન ઉપમા વિનાનું છે, તે મારામાં વ્યાપીને રહ્યું છે, રાગ સાથે વ્યાપ્યું નથી, -આમ અનુપમ ચિદ્રૂપને ઓળખવું તે ધર્મ છે.

દયા-દાનાદિથી ધર્મ થાય છે, રાગ મારી ચીજ છે, એવા ભ્રમભાવને મટાડયો ને અંતરમાં દિવ્યશક્તિરૂપ ભગવાન દીઠો. ધ્રુવસ્વરૂપ અચલ વસ્તુ પડી છે, આવું ભાન થવું તેને સમ્યગ્દર્શનરૂપ ધર્મ કહે છે.

પ્રથમ શ્રવણ કરીને પોતાનું સ્વરૂપ ખ્યાલમાં લેવું જોઈએ. સ્વભાવમાં અભેદ થવાની ટેવ છે પણ રાગ સાથે અભેદ થવાની ટેવ નથી, પર્યાયને અંતરમાં એકાગ્ર કરવાનો જ અભ્યાસ થઈ ગયો છે, - એવી અભેદ ટેવવાળો દેવ દીઠો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કેવો છે ભગવાન આત્મા? પરથી જુદો નિત્ય જ્ઞાનમય છે, રાગમય નથી. પુણ્ય-પાપના વિકલ્પ અશાશ્વત છે, જે ભાવથી તીર્થંકર નામકર્મ બંધાય તે અશાશ્વત છે. ભગવાન આત્મા શાશ્વત છે. નવતત્ત્વમાં આત્મતત્ત્વ આવું હોય તેની વાત ચાલે છે. તેનું ભાન કરી, જે પર્યાય દ્રવ્ય સાથે અભેદ થાય તે સંવર-નિર્જરા છે. અનાદિ મિથ્યાદૃષ્ટિના જ્ઞાન ને વીર્યની ક્ષયોપશમભાવરૂપી પર્યાય જે રાગ તથા અધૂરાશને સ્વીકારે છે તે અચેતન તત્ત્વમાં જાય છે, અજીવમાં જાય છે.

હે આત્મા! તારાં ગાણાં જો, "મારા નયનની આળસે હરિને ન જોયા" એમ કહે છે. પોતે નારાયણ છે, પોતાનાં જ્ઞાનનેત્ર અંતર્મુખ વાળવાં જોઈએ પણ તેમ ન કર્યું. તેની આળસે એટલે કે પુણ્ય-પાપ તરફ વાળવાથી હરિને એટલે કે પોતાના ભગવાન આત્માને ન જોયા.

જે પુણ્ય-પાપભાવ થાય છે તે પોતાનો અપરાધ છે, અજ્ઞાની લોકો કર્મને લીધે અપરાધ માને છે તે ભ્રાંતિ છે.

અહીં કહે છે કે ભવ ને ભવનાં કારણ તે મારી વસ્તુ નથી. જે ભાવથી દેવનો ભવ મળે તે વિકાર છે. ભવનાં કારણથી ઉદાસીન થઈને તથા પુણ્ય-પાપથી ઉદાસીન થઈ મારો આત્મા જ મને સુખનું કારણ છે એમ નિર્ણય કરે તો સુખ થાય. પછી પરિણતિ બહારમાં ન વહે. -આમ શાશ્વતપદના નિવાસીએ સુખરાશિ લીધી.

જ્ઞાતાદ્રષ્ટા ત્રિકાળી સ્વભાવને પ્રગટ કરે ને અંતર એકાગ્રતા કરે. સ્વપદનું વસવું પોતામાં છે, પુણ્ય-પાપના પરિણામ પરપદ છે. જેમ હરણિયું કસ્તૂરીની ગંધ બહારથી આવતી હશે તેમ માની ઢૂંઢે છે તેમ અજ્ઞાની અનાદિથી જ્ઞાનપર્યાયમાં બહારમાં ઢૂંઢે છે, પણ અંતરમાં જ્ઞાનસામર્થ્યને માનતો નથી. પૈસા આવે કે જાય તે જડ છે, શરીર જડ છે, રાગ કૃત્રિમ છે, પોતે જ્ઞાનસ્વભાવી નિત્ય છે. તેનો ભરોસો કરતો નથી, તે પોતાની ભૂલ

છે. પોતે ઊંધાઈ કરે છે તો દોષ થાય છે. પોતે અજ્ઞાન કરે છે તે જડ નથી, અજ્ઞાન કે વિકાર પોતાની ભૂલ છે, અરૂપી છે, કર્મ ભૂલ કરાવતું નથી.

જેવી રીતે મૃગલો સુગંધ બહારમાં શોધે પણ તે સુગંધ બહારમાં ન મળે, તેમ આત્મા ચિદાનંદસ્વરૂપ છે, તેના સ્વરૂપને પીછાને નહિ ને પરમાં શોધે તો મળે નહિ, સુખ બહારથી આવતું નથી, આત્મા જ્ઞાયકજ્યોતિ છે, તેની પ્રતીતિ કરતો નથી ને પુણ્ય-પાપમાં રોકાઈ જાય તેને પોતાનું પદ મળતું નથી.

પોતે મોહમાં રોકાણો છે તેથી પોતાને સૂઝતો નથી, ધર્મદશા સ્વભાવના આશ્રયે થયેલી નિર્વિકારી દશા છે, સંસાર આત્માની વિકારી દશા છે. બન્ને આત્મામાં થાય છે, જડને લીધે નથી ને જડમાં નથી.

સત્પુરુષના પ્રતાપથી અનંતગુણમય ચિદાનંદ પરમાત્મા તુરત પામે છે.

**"તનસે મનસે ધનસે સબસે, ગુરુદેવકી આન સ્વ આત્મવસે,**
**તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહી પ્રેમ ઘનો."**

આત્મામાં ગુરુનું કહેવું બેસવું જોઈએ, ધર્મદશા પામવામાં જ્ઞાની નિમિત્ત હોય છે. પુણ્યથી ધર્મ મનાવે તે કુગુરુ છે. ચિદાનંદ આત્મામાં અસ્તિત્વ, વિભુત્વ, સ્વચ્છતા, જ્ઞાનાદિ અરૂપી અનંત શક્તિ પડેલી છે તેવા આત્માને જ્ઞાનીના સંગે પોતાની પાત્રતાથી પોતે પામે. શિષ્યને સાંભળવાનો વિકલ્પ ઊઠે છે પણ ગુરુ કહે છે કે "સ્વભાવમાં જા," પર્યાયમાં વિકાર થાય છે તે નિજપદ નથી. જ્યાંસુધી રાગમાં પોતાનું પદ માને ત્યાં સુધી દુઃખી થાય, પર પદને પોતાપણે માને ત્યાં સુધી એટલે કે પોતે મિથ્યાભાવ કરે ત્યાં સુધી આકુળતા રહે, અંતરદ્રષ્ટિ ખોલે, અંતરસ્વભાવમાં વળવાની પર્યાય પ્રગટ કરે તો મિથ્યા-ભ્રાન્તિ ને અજ્ઞાન ઉત્પન્ન થાય નહિ "અપનેકો આપ ભૂલ કે હૈરાન હો ગયા" પોતે પોતાને ભૂલી હેરાન થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુણ્ય-પાપની રુચિ મટતાં જ સાચી શ્રદ્ધા કરી, સ્થિરતા થતાં વીતરાગપદ પામે છે ત્યારે અનાકુળ થઈ અનંત સુખના રસનો આસ્વાદ લ્યે ને આત્માને અમર કરે, તેને જન્મ-મરણ રહે નહિ તે કેવળજ્ઞાન પ્રગટાવી સિદ્ધ થાય. સ્વભાવ તો અમર હતો પણ પર્યાયમાં અમર ન હતો, જુદા જુદા ભવો કરતો ને અમર રહેતો નહિ, હવે ભાન કરી અનાકુળ થઈ, પર્યાયમાં અમર થયો.

જેવી રીતે કોઈ રાજા દારૂ પીને નિંદ્ય-સ્થાનમાં રતિ માને, તેવી રીતે નિજાનંદ આત્મા શરીરથી જુદો હોવા છતાં શરીર, કર્મ અને પુણ્ય-પાપરૂપી દેહમાં રતિ માને છે. વિકાર આત્માનું ખરું સ્વરૂપ નથી, માટે તેને વિકારી દેહ કહે છે. રૂપાળું શરીર ઠીક છે એમ માનનારને ચિદાનંદ ઠીક છે એમ લાગતું નથી.

હવે, જેમ રાજાને દારૂનો મદ ઊતરે ત્યારે રાજપદનું જ્ઞાન થઈને દીવાનખાનામાં જાય, તેમ અજ્ઞાનીએ મોહનો દારૂ પીધો હતો તે મદ ઊતરવાથી એટલે કે મોહનો નાશ કરી પોતાના પદનું જ્ઞાન પોતે સચ્ચિદાનંદસ્વરૂપ છે એમ ભાસે ને પોતાની સંપદા વિલસે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પોષ સુદ ૫, રવિ ૨૧-૧૨-૫૨
## પ્ર. - ૧૫

**જે**મ રાજાએ દારૂ પીધેલો તેથી નિંદ્યા-સ્થાનમાં રતિ માનતો, તેમ મિથ્યાત્વનો દારૂ પીધેલ આત્મા દેહમાં ને પુણ્ય-પાપમાં રતિ માને છે. વળી જેમ રાજાને મદ ઊતરે ત્યારે રાજપદનું જ્ઞાન થાય કે હું તો રાજા છું, તેમ ભગવાન આત્માની જ્યોતિ તો એવી ને એવી છે. પુણ્ય-પાપની વૃત્તિ ઊઠે છે તે વિકાર છે, મારા સ્વરૂપમાં નથી-એવું ભેદજ્ઞાન થયે આત્માનો અનુભવ થાય છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

**પ્રશ્ન** :- જ્ઞાન પોતાનું સ્વરૂપ છે, તે પોતાને કેમ ન જાણે? આત્મા જ્ઞાનથી વ્યાપક છે, તો તેનું જ્ઞાન પોતાને કેમ જાણતું નથી? પોતાનું જ્ઞાન પરને જાણે, દયા, દાન, શરીર, વાણીને જાણે, જડની ક્રિયાને જાણે, તો પોતાને કેમ જાણતું નથી? એમ શિષ્યને સમજવાની ઝંખના થઈ છે.

મન, વાણી ને કર્મ તથા જે શુભાશુભ ભાવો થાય તે પરથી તન્મય છે, મૂળ સ્વરૂપમાં તે નથી. એવો મારો જ્ઞાનસ્વભાવ આપ કહો છો તો મારું જ્ઞાન મને કેમ ન જાણે? એમ શિષ્યને જિજ્ઞાસા થઈ છે. આ પ્રશ્નમાં સમજવાની ધગશ તથા નિર્માનતા છે. શિષ્ય આત્માને સમજવાનો કામી છે એમ બતાવે છે. બીજો કોઈ મનરોગ નથી. મારું જ્ઞાન મને જાણવામાં કામ ન આવે, એ મને શું થયું? એમ પ્રશ્ન પૂછે છે.

**સમાધાન** :- જ્ઞાન અનાદિથી પરમાં રોકાઈ ગયું છે. રાગ અને પર પદાર્થોમાં જ્ઞાન ફેલાઈને રોકાઈ ગયું છે. ભગવાન આત્મા સમ્યક્જ્ઞાનનો સૂર્ય છે. દેહ, મન, વાણીથી પાર ને કર્મથી પાર અંદર ગુપ્ત છે. પોતે તો પ્રગટ છે, પરંતુ તેનું જ્ઞાન દેહ,

મન વગેરેમાં તથા શુભાશુભ પરિણામમાં રોકાઈ, પરનું થઈ રહ્યું છે. તેનું નામ મિથ્યાભ્રાન્તિ-અધર્મ છે. આત્મા શક્તિરૂપે જ્ઞાનસમુદ્ર છે. તેમાંથી અવસ્થા વહે છે; તે પોતાને ન જાણતાં આ દયા પળી, અહિંસા થઈ, આ વાણી સારી છે, હું બોલ્યો, આમ પોતાનું જ્ઞાન સ્વ-પરપ્રકાશક હોવા છતાં પરમાં થંભી રહ્યું છે, પરનું જ થઈ રહ્યું છે. જોકે પરનું થતું નથી, પણ પરનું થયું એમ માને છે. જે પ્રકારનો રાગ આવે તે પ્રકારના રાગને જાણતું જ્ઞાન પ્રગટે છે, માટે રાગનું જ્ઞાન થયું માને છે, પણ ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વભાવનું જ્ઞાન છે એમ જાણતો નથી. અનાદિથી જ્ઞાનસ્વભાવથી પરાઙ્મુખ થઈને વિકારની સન્મુખતા કરી પરમાં રોકાણું છે.

હવે ગુરુ કહે છે કે-હું કહું છું એમ વિચાર કર તો શુદ્ધ થાય. વસ્તુ તો શુદ્ધ છે, પણ પર્યાયમાં શુદ્ધતા અથવા આનંદ આવે તે માટે વિચારની ક્રિયા કર. વિચારની ક્રિયાથી સ્વમાં અવાય છે; બીજી રીતથી સ્વમાં અવાતું નથી. જે અશુદ્ધપણું થઈ રહ્યું છે તે ટળી, અવસ્થામાં શુદ્ધતા થાય. "સર્વ જીવ છે સિદ્ધસમ, જે-**સમજે**- તે થાય" "કર-**વિચાર**- તો પામ" સમજવું અથવા વિચાર કરવો એ એક જ ઉપાય છે.

શું વિચાર કરવો? આ રોગ, આ શરીર, આ મન, વાણી, આ ક્રોધ વગેરેને જ્ઞાન જાણે છે, પરનું જાણપણું પર કરતું નથી. દયાનો ભાવ થયો, ક્રોધ થયો વગેરે વિકલ્પો પોતે પોતાને જાણતા નથી. જ્ઞાને જાણ્યું કે આ દયા થઈ, વિકલ્પ ઊઠયો, દેહ અટક્યો, વાણી મૌન રહી, આ બધું જ્ઞાન વિના ન જણાય ને જ્ઞાન આત્મા વિના ન હોય. હું ન હોઉં તો આ શરીર છે, આ રાગ છે, એમ કોણ જાણે? પ્રથમ ગુણની પર્યાય કહી, હવે તે આત્મા વિના ન હોય એમ કહ્યું. પુણ્ય-પાપ, દયા-દાનાદિની વૃત્તિ ઊઠે તે પરપદ છે; તે પર પદને જાણનારું મારું પદ છે. રાગ-વિકલ્પ તે હું નથી, હું તો જ્ઞાન છું. એમ વિચારની ક્રિયા અથવા જ્ઞાનની ક્રિયા અંતરમાં વાળવી એ ધર્મ છે. જ્યાં ભૂલ્યો ત્યાં ભૂલ ટાળવાનો પ્રયત્ન કર. જડ ભૂલતું નથી. રાગ એ હું, દ્વેષ એ હું, તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માન્યતા પર્યાયબુદ્ધિવાળાની છે. તે રાગનું જાણપણું જ્ઞાન વિના ન હોય. જાણનહાર તે મારૂં પદ છે. વિકાર પર છે. મારી વસ્તુ જ્ઞાનશક્તિ ને પ્રભુત્વશક્તિથી ભરેલી છે. વિકાર કૃત્રિમ છે. તેની લપ છોડી તેને જાણનાર દશાને મારા સ્વભાવમાં વાળું તે મારું પદ છે. શરીર, મન, વાણી ત્રણકાળમાં મારાં નથી, પુણ્ય, પાપ તથા વ્યવહારરત્નત્રયના પરિણામ ઊઠે છે, તે મારું પદ નથી. દેવ-ગુરુ એમ કહે છે કે અમોને સાંભળવાનો વિકલ્પ ઊઠયો તે તારું પદ નથી, જાણપણું એ જ તારું પદ છે.

જાણપણાનો સ્વભાવ જે સ્થાનમાં વ્યાપેલ છે ત્યાં પુણ્ય-પાપરહિત સમ્યક્ દઢ ભાવ તે નિશ્ચય સમકિત છે, એ જ આત્માનો અનુભવ છે, અથવા આત્માના અમૃતનો સ્વાદ છે. જ્યાં જ્યાં રાગ છે ત્યાં ત્યાં હું નથી, રાગની નાસ્તિ કરવી પડતી નથી. હું જ્ઞાનજ્યોતિ છું એવા ભાવમાં દઢતા થવી તે સમ્યક્ત્વ છે. શુદ્ધ આનંદકંદમાં પ્રતીતિ આવી ને જ્યાં જ્યાં જ્ઞાન અને આનંદ ત્યાં ત્યાં હું-એ મોક્ષમાર્ગની પ્રથમ સમકિત કળા છે. "જ્યાં જ્યાં જ્ઞાન થાય ત્યાં ત્યાં તું અને જ્યાં જ્યાં રાગ ત્યાં તું નહિ," એમ જે કહે તે દેવ, ગુરુ, શાસ્ત્ર સાચા, તે પ્રત્યેનો શુભરાગ પ્રથમ હોય છે. તે ટાળી સ્વભાવ તરફ વળે તો તે શુભરાગને વ્યવહાર કહેવાય. આ સુગમ છે, છતાં વિષમ માને છે. વાણીથી, દયા-દાનથી તથા શાસ્ત્રથી જ્ઞાન પ્રગટે એમ માની વિષય માની બેઠો છે. ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા રજકણથી પાર, મન-વાણીથી દૂર છે. પર્યાયમાં પરવ્યાપકપણું છૂટીને સ્વવ્યાપકપણું થાય તેનું નામ સમકિત છે. અહીંથી ધર્મની શરૂઆત થાય છે.

પર તરફ જ્ઞાન રોકાણું તે અસાવધાનતા છે, તેને ટાળી જ્ઞાનામૃતનું પાન કરી બ્રહ્મપદમાં ઉતરવું. મોહને ટાળવો તે નાસ્તિથી કથન છે. બ્રહ્મ એટલે પોતાના આનંદસ્વરૂપમાં ઊતરતાં રાગની નાસ્તિ થઈ જાય છે. પ્રથમ જ્ઞાન રાગમાં ઊતરતું તે હવે પોતામાં ઊતરે છે, તે સમ્યગ્દર્શન છે. અનાદિ જ્ઞાન અને આનંદથી શોભતા તત્ત્વને સંભારી સ્વમાં ઊતરે તે અનુભવ છે,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

રાગ અને વિકારનો અનુભવ તે સંસાર છે. જ્ઞાન અને આનંદને અનુસરીને અનુભવ થાય તે ધર્મ છે. આ વિધિ અંતરમાં બેસે નહિ ત્યાં સુધી અંતર્મુખ વળવાની લાયકાત થાય નહિ.

અજ્ઞાની જીવને પરનું માહાત્મ્ય આવે છે. મેં શરીરને ચલાવ્યું, પરની સેવા કરી, એમ ઊંધાઈથી માને છે. એક સમયનો સંસાર સ્વભાવમાં નથી, આનંદ પામીને ખેદને ટાળ. ચિદાનંદ સ્વરૂપમાં ભવ નથી ને ભવના કારણરૂપ વિકાર નથી, માટે ચિદાનંદને સંભાળી જ્ઞાનામૃતનું પાન કર. પોતાને ભૂલીને પરિભ્રમણ કર્યું છે, કર્મને લીધે રખડયો નથી. કર્મ આત્મામાં ત્રણ કાળમાં નથી. અજ્ઞાનીએ ઊંધું માન્યું હતું તે પર્યાયનો ખેદ ચિદાનંદ સ્વરૂપની સંભાળ કરતાં ટળી જાય છે.

ધર્મ કેમ થાય તેની વાત ચાલે છે. કોઈ કહે છે કે આમાં જાત્રા વગેરેની વાત આવતી નથી. મિથ્યાત્વ-રાગદ્વેષાદિ શત્રુને જીતે એવા શત્રુંજય આત્માની વાત ચાલે છે. બહારના પર્વત ઉપર ચડે-ઊતરે એમાં ધર્મ નથી. કોની જાત્રા કરવી છે? જાત્રાનો ભાવ શુભરાગ છે. જાત્રા કરનાર આત્માની અજ્ઞાનીને ખબર નથી. પોતે જ્ઞાનપદ છે, અભેદ છે. જે જ્ઞાનપર્યાય ભેદમાં અટકતી તેને અંતર્મુખ કરી ત્યારે તે અભેદ થઈ. વિકાર પર્યાયમાં છે પણ સ્વભાવમાં નથી. એમ દષ્ટિ થતાં પર્યાયમાં સંસાર હતો તે પર્યાયમાંથી છૂટયો. પર એવી વાણીને ત્યાગી ચિદાનંદ આત્મા આવો છે-એવા અંતર્જલ્પ હતો, તેને પણ ત્યાગી દીધો. સાકરની પૂતળીમાં મીઠાશ અને સફેદાઈ ભરેલી છે, તેમ ચિદાનંદ પૂતળી બધે જ્ઞાન અને આનંદથી ભરેલી છે. તેને પીછાનીને મોહની ભાવનાને તોડી નાખ. આવો રાગ કરશું તો આ સંયોગો પામીશું એવો ભ્રમ ટાળ. આત્મા અનંત ગુણોનો સમૂહ છે. જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ છે. અંતર રમવાને લાયક છે તે મારું સ્વરૂપ છે એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને અનુભવ છે.

**પ્રશ્ન** :- આવો અનુભવ તો યોગી માટે સુલભ છે?

**સમાધાન** :- યોગી એટલે જોડાણ કરનાર. જે પર્યાય રાગમાં જોડતો તે અયોગી છે, ને આત્મામાં જ્ઞાનપર્યાયને જોડે તે યોગી છે તે સિવાય અન્ય કોઈ યોગી નથી. વેશધારી કે જટાધારી તે યોગી નથી. આત્માને સાધે તે યોગી છે. ભરત ચક્રવર્તીને ૯૬૦૦૦ રાણીઓ હતી, છતાં આત્માનું ભાન હતું તેથી યોગી હતા. બાકી મુનિ થાય પણ આત્માનું ભાન ન હોય તે યોગી નથી જે આત્માના ભાનપૂર્વક ત્રણ કષાયને ટાળી મુનિ થયા, તે મહાયોગી છે ને સર્વજ્ઞપદ તેનું ફળ છે.

જ્ઞાન મારું સ્વ-રૂપ છે. રૂપ એટલે વર્ણ-ગંધ નહિ, અરૂપી પણું મારું સ્વરૂપ છે. ચિદાનંદ મારું સુખધામ છે. એ મારું સ્વરૂપ છે. આવો અંતર્ગતભાવ તે જ મોક્ષનો ઉપાય છે. "મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા." ચિદાનંદનું વલણ કરી અપૂર્ણ શુદ્ધતા પ્રગટે તે ઉપાય છે. તે ઉપાય વડે ઉપેય એટલે મોક્ષફળ પમાય છે. "એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ"-આ એક જ રીત છે.

ઇન્દ્રપદ ને ચક્રવર્તીપદ આકુળતામાં નિમિત્ત છે. આમ જે ભવથી થાક્યો હોય તેને માટે આ વાત છે, પણ શેઠ થઈશું, પૈસાવાળા થઈશું- એવો ભાવ તે સંસારમાં રખડવાનો ભાવ છે. વર્તમાન પર્યાયને સ્વભાવ તરફ વાળતાં શુદ્ધપદ આરાધી શકાય છે, એ જ કલ્યાણની રીત છે. નિજપદ જ્ઞાનાનંદ છે, રાગાદિ તે નિજપદ નથી. મુનિવરો સ્વપંથને સાધીને સમાધિને પામ્યા. આધિ-સંકલ્પવિકલ્પ, વ્યાધિ-શરીરનો રોગ, ઉપાધિ-પરમાં એકત્વબુદ્ધિ, તેનાથી રહિત અંતર્મુખ થવું તે સમાધિ છે. કુંભક અને રેચકની ક્રિયા તે સમાધિ નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર ત્રણે સમાધિ છે. જેમ સૂર્યને અને અંધકારને એકપણું નથી. તેમ પુણ્ય-પાપ આંધળા છે, તેને મારા ચૈતન્ય સાથે એકપણું નથી. એવા આત્માને સાધીને નિર્ગ્રંથ પુરુષો સિદ્ધપદને પામી અશરીરી થયા. આ સિદ્ધ દશા પામવાની રીત છે.

આત્મા પોતાને ભૂલીને મલિન થયો છે. એક રજકણ બીજા રજકણને અડે નહિ, તો પછી આત્મા રજકણને અડે તેમ બને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિ. જીવે પર્યાયમાં મોહને સ્પર્શ્યો છે. અસાવધાનીરૂપ વિકાર પર્યાયમાં થયો છે; પણ ત્રિકાળી સ્વભાવ મેલો થયો નથી. મેલી દશા પર્યાયમાં ન હોય તો દુઃખ ન હોય, ને ત્રિકાળી સ્વભાવ મેલો હોય તો રાગ કદી ટળે નહિ. વિકાર પોતે પર્યાયમાં ઊભો કરેલ છે, પણ વિકાર અનિત્ય ને દુઃખદાયક છે ને સ્વભાવ નિત્ય ને સુખદાયક છે.

એમ ભેદજ્ઞાન કરે તો સુખ પામે. આ બધી અંતરની વાત છે. પોતે અંતરમાં ભૂલ્યો છે માટે અંતરમાં જોવાની વાત છે. જ્યાં ભૂલ હોય ત્યાં ભૂલ ટાળવાનો ઉપાય ન કરે ને બાહ્ય ઉપાય કરે તો ભૂલ ટળે નહિ. શરીરની ક્રિયા કરીને ભૂલ સુધારવા માગે છે, શરીર જડ છે તેને ભૂલ ન હોય, ત્યાં ભૂલ ટાળવાની વાત નથી. માટે જ્યાં ભૂલ છે ત્યાં ટાળવી જોઈએ. રાગ અને અવિકાર સ્વભાવની વચ્ચે ભેદજ્ઞાનની છીણી મારી નિજજ્ઞાનનો અભ્યાસ કરવો. આત્મા અવિકારી સ્વરૂપ છે, અખંડ ચૈતન્યજ્યોત છે, એમાં આનંદનો અનુભવ આણી મહામોહને ભેદવો. આનંદ પોતામાં છે, શરીર ને સ્ત્રી આદિમાં આનંદ નથી. , બાહ્ય વ્રત-તપમાં આનંદ નથી. દુઃખરસ છે. સંસારના નામામાં વેપારી ચીવટ રાખે, અહીં તારા આત્માનો રોજમેળ કર્યો! તારી શાન્તિ તારા આનંદની પર્યાયના અનુભવમાં છે. શાંતિ કહો, અનુભવ કહો, કે મોક્ષમાર્ગ કહો તે આત્મધર્મના પર્યાયવાચક નામો છે.

પોતાનું સ્વરૂપ છે તે પોતાનો સ્વભાવ છે. તેને નિજ ઉપયોગમાં સ્થિર કરે. ભગવાન આત્મા આદિ અંત વિનાનું તત્ત્વ છે. કર્મના રજકણોની અંદર એવું ને એવું પડયું છે, કર્મમાં ગુપ્ત છે, કર્મના આવરણની વાત નથી, પણ જેમ ડાબલીમાં હીરો છે તેમ કર્મની અંદર ચૈતન્યહીરો છે. તેથી શું તે શક્તિનો અભાવ માનીએ? જેમ કોઈનો પુત્ર ઘરમાં છે ને બજારમાં કોઈએ તેને પૂછયું આપને પુત્ર છે? ત્યારે તે કહે કે મારે પુત્ર છે, અભાવ કહેતા નથી. બજારમાં સાથે ન હોય તેથી દીકરો નથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એમ ન કહેવાય પણ દીકરો છે એમ કહેવાય. વ્યવહારમાં પણ એ રીત છે કે છતાને અણછતો ન કહે; તેમ શરીર સ્થૂલ ધૂળ છે, કર્મ સૂક્ષ્મ ધૂળ છે. તેમાં આત્મા નથી, પણ અંતરમાં આત્મા છે-એમ કહેવાય.

તે આત્મા રાગ અને કર્મમાં ન દેખાય, તેમ જ શરીરમાં પણ ન દેખાય, તેથી આત્મા ચાલ્યો ગયો છે એમ કહેવાય નહિ. વ્યવહારમાં રીત છે કે છતા પદાર્થને અછતો ન કરે, પણ હે ચિદાનંદ! તારું તો આશ્ચર્ય આવે છે કે દર્શન-જ્ઞાન શક્તિ છતી હોવા છતાં મને દેખાય નહિ. મને જણાય નહિ, હું આત્મા હઈશ કે કેમ? એમ કહે છે તે અચરજ લાગે છે.

પરણેલો માણસ વિદેશમાં બાર વરસ ગયો હોય, તેથી તેને કુંવારો ન કહેવાય; એમ અહીં કહે છે કે તું તારી છતી ચીજને ભૂલી ગયો છે. વિકારાદિ અણછતી ચીજને તેં છતી કરી છે. જાણનાર-દેખનાર સ્વભાવ સત્ છે, તે છતી શક્તિ છે. લોકમાં કહે છે કે સત્ ન છોડવું. ચિદાનંદ ભગવાન આત્મા ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો છે. જૂની પર્યાય ટળે છે, નવી પર્યાય ઊપજે છે ને ગુણોરૂપે ધ્રુવ રહે એવું સત્ તારા દ્રવ્યનું લક્ષણ છે. એવા છતા પદાર્થને અછતો ન કરાય. આવી છતી શક્તિ હોવા છતાં અણછતી રાખી છે તેનું કારણ કહેશે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ સુદ ૬, સોમ ૨૨-૧૨-૫૨

## પ્ર.- ૧૬

**આ**ત્માના જ્ઞાનાનંદ સ્વભાવને અનુસરી વીતરાગી દશા થવી તેને અનુભવપ્રકાશ કહે છે. આત્મા કર્મના આવરણમાં ગુપ્ત છે, પણ તેથી આત્માનો અભાવ નથી. કોઈનો દીકરો ઘરમાં છે. તેના બાપને બજારમાં કોઈ દીકરાનું પૂછે તો દીકરો સાથે ન હોવા છતાં દીકરાનો અભાવ ન રહે, પણ દીકરો છે એમ કહે; તેમ આત્મા શીતલસ્વભાવી ને જ્ઞાનસ્વરૂપ છે, તે છતો સ્વભાવ છે, કર્મમાં ગુપ્ત છે માટે તે નથી એમ ધર્મી ન કહે.

જેમ બિલાડી લોટણ નામની વનસ્પતિ જોઈને ચક્રાવો માર્યા કરે, ફર્યા કરે તેમ સત્‌સ્વરૂપ એવા જ્ઞાનસ્વભાવને નહિ જોતાં સ્વરૂપની અસાવધાનીને લીધે જીવ પરિભ્રમણ કરે છે. પોતાનું સ્વરૂપ જ્ઞાન ને આનંદમય છે, તેને અવલોક્યા વિના પરને મારું માની પરિભ્રમણ કરે છે, પણ સ્વનું અવલોકન કરવાથી પોતાનું રાજ્ય પામે. અજ્ઞાની શુભાશુભમાં રોકાઈને જ્ઞાન-આનંદ સ્વભાવની સાવધાની કરતો નથી, પણ જો સ્વરૂપની શ્રદ્ધા કરી લીનતા કરે તો ત્રણે લોકના પદાર્થોનો જ્ઞાતા-દ્રષ્ટા થઈ જાય. વિકાર ટાળવો ને નવો વિકાર આવો કરવો, તે પણ વસ્તુના સ્વરૂપમાં નથી. એક ક્ષણ પણ સ્વભાવસન્મુખ જુએ તો પોતે જ્ઞાતા-દ્રષ્ટા થઈ જાય. ચિદાનંદ તરફ વળ્યો તે ક્રિયા છે. પૂર્વે શરીર, મન, વાણીથી લાભ માનતો હતો તે ઊંધી પર્યાય નાશ પામીને જ્ઞાનક્રિયા થઈ તે ધાર્મિક ક્રિયા છે.

પોતે જ્ઞાતા-દ્રષ્ટા થવું દુર્લભ નથી, સુલભ છે; કેમકે તે પોતાની ચીજ છે. બહારના સંયોગો પોતાને આધીન રાખવા તે દુર્લભ છે. શરીર અનંત આવ્યાં ને ગયાં, પોતે એનો એ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે છે તેને પામવું છે અથવા પ્રાપ્તિની પ્રાપ્તિ છે તેથી સુલભ છે, ને જે શરીર આદિ પર છે, આત્માનાં નથી તે પામવા દુર્લભ છે.

જેટલા આત્મા છે તે બધા જ્ઞાનસ્વરૂપી છે, જાતિ અપેક્ષાએ બધા એક છે, ફેર નથી. તે પદ પામવું દુર્લભ નથી, પણ દુર્લભ માન્યું છે. આ વ્રત કરું, દેહાદિની ક્રિયા કરું તેથી ધર્મ પામું, એમ માનવાથી દુર્લભ થઈ પડયું છે.

કોઈ પુરુષ પશુનો સ્વાંગ ધરે તેથી તે પશુ થતો નથી, કોઈ નાટકિયો સ્ત્રીનો સ્વાંગ ધરે તેથી તે સ્ત્રી થઈ જતો નથી; તેમ જ્ઞાનાનંદસ્વભાવી આત્મા શરીર આદિના સ્વાંગ ધરે ત્યાં અજ્ઞાની માની બેસે કે હું વાણિયો, હું સ્ત્રી, હું પુરુષ છું-એમ તે માની બેસે છે. ક્રોધ થયો ત્યાં ક્રોધી, દ્વેષ થયો ત્યાં દ્વેષી-એમ માને છે, પણ તે લાગણી કૃત્રિમ છે, તે આત્માનું મૂળ સ્વરૂપ નથી. જ્ઞાન-દર્શન પોતાનો સ્વભાવ છે, તે તો એવો ને એવો છે.

આત્મા અનાદિ-અનંત છે ને શરીર આદિઅંતવાળું છે, અજ્ઞાની જીવ શરીરને પોતાનું માને છે, પણ પોતે તો ચિદાનંદ આત્મા છે, જ્ઞાન અને આનંદનો રસ છે. આનંદ રસાયણ-ધાતુ છે, તેની પ્રતીતિ કરે તો પુષ્ટિ થઈને સિદ્ધ થઈ જાય. પોતાનો છતો સ્વભાવ જ્ઞાન ને આનંદથી ભરેલો છે. છતી ચીજની પાસે જવું તે દુર્લભ નથી, અછતી ચીજ પાસે જવું દુર્લભ છે.

જેમ કોઈ લાકડાની પૂતળી બનાવી તેને સાચી સ્ત્રી માની બોલાવે ને પ્રેમ કરે, તેની સેવા કરે, પણ પછી જાણે કે આ લાકડાની છે ત્યારે પસ્તાય. તેમ આત્મા જડ શરીરની સેવા કરે છે, પણ શરીર લાકડા સમાન છે. તેને નવરાવવું, ધોવરાવવું, વગેરે કર્યા કરે છે. અનાદિ કાળથી આત્મા પોતાના શરીરની ને સ્ત્રીના શરીરની સેવા કરે છે. ઇન્દ્રિયોના વિષયો ધૂળ છે, છતાં તેમાં પ્રીતિ માની સેવા કરે છે, જડમાં સુખ કલ્પે છે.

જ્ઞાની સમજે છે કે આ રજકણો અનંતવાર આવ્યાં ને ગયાં, સ્ત્રી-પુરુષનાં શરીર, લક્ષ્મીના ઢગલા, વગેરે ઘણીવાર આવ્યા ને ગયાં. હું તો જાણવા-દેખવાના સ્વભાવવાળો જ છું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દયા પાળશું ને વ્રત પાળશું તો ધર્મ થશે-એમ અજ્ઞાની માને છે. પુણ્ય-પાપથી ધર્મ માની તેનું રક્ષણ કરવા માગે છે, તે જીવ પણ જડની સેવા કરે છે, ચૈતન્યને ભૂલી જાય છે. પરંતુ પોતાના આત્માનું ભાન કરે કે હું જ્ઞાનસ્વરૂપ છું, તો જૂઠ જાણી તજી દે છે. મૃગલાને સૂર્યના તાપના કારણે ખારી જમીનમાં પાણી દેખાય છે, ત્યાં જળ નથી પણ મૃગે જળ માન્યું છે. તેમ શરીરથી ધર્મ થાય, દાનથી ધર્મ થાય, પરની સેવા કરીએ તો ધર્મ થાય. એમ જે માને છે તે પરને આત્મા માને છે, સ્વને આત્મા માનતો નથી.

ચિદાનંદ આત્માના જુદા જુદા વેષ દેખાય છે, તે આત્મા સાથે એકમેક થયા નથી. પુણ્ય-પાપથી લાભ કે ધર્મ માને તે મૃગજળમાં પાણી માનવા બરાબર છે. માટે સાચી વસ્તુ જ્ઞાનથી જાણો. આત્મા જ્ઞાન ને આનંદથી ભરેલો છે. અજ્ઞાનથી થએલી ભૂલ જ્ઞાનથી ટળે તેમ છે.

શ્રીગુરુ વારંવાર આ સાર કહે છે કે-તું જ્ઞાતા-દૃષ્ટા છો, રાગ કે શરીર સાથે મેળ કરવો રહેવા દે, પણ જ્ઞાન સાથે મેળ કર. વાણિયાનો છોકરો માછીમાર સાથે સંગ કરે તે શોભે નહિ. તેમ જ્ઞાનાનંદ સ્વભાવને વિકાર સાથે એકતાબુદ્ધિ કરવી ને તેનાથી કલ્યાણ થશે એમ માનવું તે ચૈતન્યને શોભતું નથી.

શ્રીગુરુ આમ સાચો ઉપદેશ આપે છે ને શિષ્યને ખ્યાલમાં આવે છે, છતાં અવિદ્યાનું આવરણ છે. કર્મનું આવરણ કહ્યું નથી. પુણ્ય-પાપથી કલ્યાણ માને તે અવિદ્યા છે, તેનું આવરણ છે તેથી જૂઠાને સાચું માને છે. રસ્સીમાં સર્પ ત્રિકાળ નથી, તેમ આત્માના સ્વરૂપમાં પરને મારું માનવા રૂપી ઊંધી માન્યતા નથી. આ શરીર હું અને આનાથી મને લાભ-એવી કલ્પના પર્યાયમાં ઊભી કરે છે, પણ તે કલ્પના ત્રિકાળી સ્વરૂપમાં નથી.

સંપૂર્ણ સમુદ્રના જળથી ધોવા છતાં દેહ તો અપાવન જ છે, પરંતુ તેને પાવન માની રહ્યો છે. શરીરને પવિત્ર રાખું તો વિચાર સારા આવે-એમ અજ્ઞાની માને છે. જો તેમ હોય તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પાણીમાં સદાય રહેતાં માછલાંને સારા વિચાર હોવા જોઈએ. અજ્ઞાની જીવ માને છે કે સ્નાન કરવાથી કાયાનું કલ્યાણ થાય, પણ આખા સમુદ્રના પાણીથી શરીરને ધો તોપણ તે મલિન રહેવાનું, નાહ્યા પછી તુરત આંખમાંથી પાણી નીકળે, પરસેવો વળે વગેરે; માટે તેમાં પવિત્રતા નથી. અજ્ઞાની શરીરની સંભાળમાં રોકાઈ ગયો છે. ભગવાન આત્માનો જ્ઞાનપર્યાય સરખી રીતે ગોઠવવાનો તે પ્રયત્ન કરતો નથી, પણ રાગદ્વેષમાં ફરફર કરે છે. શરીર લોહી-માંસથી ભરેલું છે ને ચિદાનંદ આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તેનો ખ્યાલ કરતો નથી. ભાઈ, શરીર નબળું પડશે, ઝાડા થશે, વગેરે ઘણા પ્રકારે રોગ થશે, માટે શરીર પવિત્ર નથી. અનુકૂળ પર પદાર્થનો સદ્ભાવ રાખવા ને પ્રતિકૂળનો અભાવ કરવાના પ્રયત્ન કરી અજ્ઞાની જે રાગદ્વેષ કરે છે તે બધા નિરર્થક છે, જ્ઞાનીને નબળાઈના કારણે રાગદ્વેષ થાય છે, તે પરથી નથી. તે પોતાનો ચારિત્રદોષ છે. અજ્ઞાની પરને રાખવા માગે છે, તેથી મિથ્યાદર્શન સહિતનો દોષ છે. આવી રીતે શરીર વગેરે સુંદર હોય તો ઠીક એમ માની અજ્ઞાની ધીઠાઈ કરે છે. જુઓ, ભગવાનની વાણીએ આત્માના ગાણાં ગાયાં છે! વળી જોરાવરીથી ઠીકરીનો રૂપિયો બનાવી તેને ચલાવવા માગે તો તેથી કોઈ વસ્તુ મળે નહિ. તેમ તું પુણ્ય-પાપને ભલાં માનીને ધર્મમાં ચલાવવા માગ તોપણ તેનાથી તને ધર્મ થશે નહિ.

જડ અને પુણ્ય-પાપની ક્રિયાથી આત્મા મળશે નહિ. જ્ઞાનાનંદને ચૂકીને પુણ્ય-પાપને લાભદાયક માને છે તે ભૂલ છે. તે ભૂલ ન છોડે તો આખી દુનિયામાં પોતાની હાંસી પોતે જ કરાવે છે. જુઓ! આ આત્મા અનંત જ્ઞાનનો ધણી છે, પોતે પોતાને ભૂલી દુઃખને પામે છે. જગતમાં હાંસીથી જીવ શરમિંદો થાય છે. અરેરે! મેં આ શું કર્યું-એમ વિચારી ફરીથી હાંસીનું કામ ન કરે; તેમ ચોરાશીના અવતાર ધારણ કરવાથી આ જીવની હાંસી થઈ રહી છે. આત્માને શેઠ કહેવો તે ગાળ દીધા બરાબર છે. રાજાસાહેબ, નેકનામદાર, વગેરેથી આત્માને ઓળખાવવો તે મશ્કરી સમાન છે. "જગતમાં આવું કોઈ દાન ન આપે, તમોએ

એક રકમે પચીસ લાખનું દાન આપી રેકર્ડ તોડ્યું" – એમ કહી જડનો ધણી બનાવી હાંસી કરે છે. જગતમાં દ્રવ્યો પોત-પોતાને કારણે પરિણમે છે, છતાં અજ્ઞાની કહે કે મારાથી આ કામ થયાં. તેમ માનવું ને કહેવું તેથી હાંસી થાય છે. અનાદિથી હાંસી થઈ રહી છે. મનુષ્યદેહ મળવા છતાં પોતાના આત્માની સંભાળ ન કરી. "ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો" ની જેમ આત્માનું કલ્યાણ ન કરે ને જગતનું કલ્યાણ કરવા માટે રાગ કરે, રાગની રુચિ કરે છે. પોતે જ્ઞાનાનંદ હોવા છતાં રાગને ભલો માનવો તે હાંસી સમાન છે, છતાં લાજ ધરતો નથી. ફરી ફરીને એ જ જૂઠી રીતને પકડે છે. જે જે શરીર ધારણ કર્યાં તેમાં રુચિ કરીને જે જે પ્રકારનો રાગ કર્યો તેમાં રુચિ કરી છે ને હાંસી થઈ રહી છે, છતાં લાજ ધરતો નથી. ફરી ફરી એની એ જ જૂઠી વાતને પકડી છે.

તારા જ્ઞાનમાં ખોડખાંપણ નથી. એવું તારું પદ છે. 'આંબલીનું નામ લેતાં મોઢામાં પાણી આવે', 'લાડવા બનાવવાની વિધિ બતાવે ત્યાં મોઢામાં પાણી આવે', તેમ અહીં કહે છે કે તારા મલાવા કર્યે તને આનંદ આવે એવી તું ચીજ છો. કથા-વાર્તામાં એમ આવે કે... લક્ષ્મણે રાવણને માર્યો, ત્યાં લક્ષ્મણનું નામ સાંભળતાં ઉમળકો આવે છે, તેમ અહીં તારા આત્માની વાત સાંભળતાં ને કહેતાં આત્મબળ અને આનંદ ઊછળે એમ છે. એની વાત કરતાં અનુપમ આનંદ આવે એવું પદ છે.

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भावि निर्वाण-भाजनम् ।।

(પદ્મનંદિપંચવિંશતિકા)

જે જીવે પ્રસન્ન ચિત્તથી આ ચૈતન્યસ્વરૂપ આત્માની વાત પણ સાંભળી છે, તે ભવ્ય પુરુષ ભવિષ્યમાં થનારી મુક્તિનું અવશ્ય ભાજન થાય છે. શરીર, મન, વાણી ને પુણ્ય-પાપ વિનાનો આત્મા જ્ઞાયક છે, એવી વાત સ્વલક્ષે સાંભળે તો આનંદ આવે એમ છે.

ચિદાનંદ ભગવાન તું છો, આ શરીર તું નથી. તારા પદને તું ગ્રહણ કરતો નથી ને પર વસ્તુ તરફ રુચિ કરે છે, ચોરાશીનું બંદીખાનું છે તેને ઘણી રુચિપૂર્વક સેવે છે. "બહુ વ્યવહાર કરીએ તો કલ્યાણ થઈ જાય," એમ વિકારની વાતો હોંશથી સાંભળે પણ આત્માની વાતમાં રસ આવતો નથી.

આત્માનું સાધન દ્રવ્ય પોતે છે; તેવા સાધનને પકડે તો શુભ રાગને. વ્યવહાર કહેવાય છે. પ્રથમ શુભરાગની ભૂમિકામાં એમ જ જાણ્યું હતું કે જ્ઞાનસ્વભાવને પકડવાથી ધર્મ ીથશે. ભગવાને આનંદસ્વરૂપમાં લીનતા કરી હતી તે તપશ્ચર્યા છે ને લીનતા થતાં ઇચ્છા થઈ નહિ ને રોટલાને જોગ તેટલો કાળ ન હતો. આત્માના ભાન વિના લોકો ઉપવાસ કરી ધર્મ માને તો તેમાં ધર્મ છે જ નહિ.

લોકો પરની રુચિ કરે છે. પરની પ્રીતિ કરવી તે ચોરાશીનું બંદીખાનું છે. પાંચ લાખ પેદા કેમ થાય તેની વાત નિંદ્રા ટાણે કોઈ કહે તો નિંદ્રા ન આવે. આમ સંસારમાં રખડવાની વાત રુચિથી સાંભળે પણ આત્માની વાત પ્રેમથી સાંભળે નહિ. એવી હઠ રીતિને પકડી ચિદાનંદથી વિપરીત રૂપને અનુપમ માને છે ને પુણ્યપરિણામને મીઠા માને છે તે ધર્મનો વોળાવિયો છે. તે એમ વિપરીત માને છે. વ્યવહારરત્નત્રય ને દયા-દાનાદિના પરિણામને અનુપમ માને છે, વ્યવહાર કરી કરીને હરખ માને છે, પણ સ્વભાવ રાગરહિત છે તેને માનતો નથી. જેમ સર્પને હાર જાણી તેમાં હાથ નાખે તો દુઃખ જ થાય. તેમ પરની રુચિ તથા વિકારની રુચિકરવાથી દુઃખ જ થાય. વિકારભાવ ઝેર છે, તેનું રુચિપૂર્વક સેવન કરવાથી સંસાર થાય, તેમાં સુખ નથી, દુઃખ જ થાય.

જેમ એક નજરબંધી વાળો માણસ એક નગરમાં એક રાજા પાસે આવીને રહ્યો. કેટલાક દિવસ પછી રાજા મરણ પામ્યો. તે માણસે રાજાને મર્યો ન જણાવી, તેણે રાજાને ઘણો ઊંડો દાટી ઉપર માટી દાબી, બીજાને ખબર ન પડે એવી તે જગ્યા બનાવી,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પછી નજરબંધી વડે કાષ્ઠના રાજાને દરબારમાં બેસાડયો, તેથી નજરબંધીથી બધાને તે સાચો લાગ્યો. જ્યારે કોઈ રાજાને પૂછે ત્યારે તે નજરબંધી માણસ જવાબ આપે, અને લોક જાણે કે રાજા બોલે છે. એવું ચરિત્ર નજરબંધીથી તેણે કર્યું. ત્યાં એક મનુષ્ય જંગલની બૂટ્ટી માથા ઉપર ટાંગી આવ્યો. તે બૂટ્ટીના બળથી તેની દૃષ્ટિ બંધાણી નહિ; ત્યારે તે મનુષ્ય લોકોને કહેવા લાગ્યો કે અરે, કુબુદ્ધિજન! આ કાષ્ઠનું પૂતળું પ્રત્યક્ષ દેખાય છે, છતાં તમે તેને સાચો રાજા જાણી સેવો છો! ધિક્કાર છે... તમારી એવી સમજણને! તેમ આ સર્વ સંસારી જીવોની દૃષ્ટિ ઊંધી માન્યતાથી બંધાણી છે, પરમાં સાવધાની કરી તેને સેવે છે. ભગવાનની પ્રતિમાની સેવા કરશું તો કલ્યાણ થશે- એમ માને છે. ભગવાન આત્મા પોતે છે, તેને છોડી પરની સેવા કરે ને ધર્મ માની તેને સેવે છે. પરમાં ચેતનનો અંશ નથી, સાક્ષાત્ ભગવાનમાં પણ પોતાનો અંશ નથી. હું જ્ઞાતા-દૃષ્ટા છું- એવું બૂટ્ટી રૂપી જ્ઞાન જેણે પ્રગટ કર્યું તે જાણે છે કે શરીર, વિકાર, પુણ્ય-પાપ વગેરે બધું અચેતન છે. તેમાં પોતાપણું સંસારી કુબુદ્ધિ માને છે ને દુઃખ સેવે છે. તે સમજણને ધિક્કાર છે! જૂઠું માની દુઃખદાયક હઠને સુખદાયક જાણી સેવે છે, પણ તેને સુખ થાય નહિ.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ સુદ ૭, મંગળ ૨૩-૧૨-૫૨

## પ્ર. - ૧૭

**અ**નાદિકાળથી આત્માનો સ્વભાવ કેમ અનુભવવામાં આવતો નથી તે બતાવે છે. આત્મા પ્રસિદ્ધ વસ્તુ છે તેની સન્મુખતા કેમ થઈ નથી તે બતાવે છે– (૧) જેમ કોઈનો જન્મ થયો ને જન્મથી જ આંખ ઉપર ચામડીનો લપેટો ચાલ્યો આવ્યો. અંદરમાં આંખનો પ્રકાશ એવો ને એવો છે, પણ બાહ્ય ચર્મના આવરણથી પોતાને દેખાતું નથી. જ્યારે કોઈ તબીબ મળ્યો ને કહ્યું કે તારી આંખમાં પ્રકાશ છે, આંખમાં વાંધો નથી, એવી ને એવી છે. તેણે જતન કરીને ચામડીનો લપેટો દૂર કર્યો, ત્યારે પોતે પોતાને દીઠો ને બીજું પણ જોવા લાગ્યો. આંખ ઉઘાડતાં સ્વ-પરને જોવા લાગ્યો. પોતે ઉપાય કર્યો ત્યારે આમ થયું.

(૨) એ પ્રમાણે આત્માનો જ્ઞાનસ્વભાવ છે, પણ પર્યાયમાં આવરણબુદ્ધિથી ચૈતન્યને ઢંકાયેલો માને છે. દૃષ્ટિ સંયોગ ઉપર હોવાથી ચૈતન્યને જોઈ શકતો નથી. પછી શ્રીગુરુ મળ્યા, તે ઉપાય બતાવે છે. જે જ્ઞાનપર્યાય પર તરફ, રાગ તરફ ને અલ્પજ્ઞતા તરફ વળેલી છે તે તારી ભૂલ છે; તેને સ્વભાવ તરફ વાળ– એમ ગુરુએ કહ્યું. આમ ગુરુએ ઉપાય બતાવ્યો. તારું હુંપણું ક્યાં લાગુ પડયું? રાગમાં કે અલ્પજ્ઞતામાં હુંપણું માન્યું તે સાચું નથી. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાન ઢાંકવામાં નિમિત્ત છે, તેને ન જો. **અવસ્થાદૃષ્ટિવાળો સંયોગને જુએ છે ને દ્રવ્યદૃષ્ટિવાળો સ્વભાવને જુએ છે. તારો સ્વભાવ તારાથી ખીલે છે. તારા સ્વભાવની મુખ્યતામાં પર જણાય છે,** દ્રવ્યસ્વભાવની શ્રેષ્ઠતા–મુખ્યતાને ચૂકી પરને સર્વસ્વ જાણ્યું તેમાં જ્ઞાનાવરણીય કર્મ નિમિત્ત છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૩) આમ ગુરુએ જે કહ્યું તેનું શિષ્યે લક્ષ કર્યું. મેં પર્યાયબુદ્ધિથી પરનો માહાત્મ્ય આપેલ, તેથી જ્ઞાનાવરણીય બંધાએલ છે, પણ હવે દૃષ્ટિ ફેરવી નિત્ય નિર્મળ જ્ઞાનતેજ ને દેખ; ચૈતન્યસૂર્યને આવરણ નથી ને જે અભાવ હોય તેને આવરણ ન હોય. આમ સાચી દૃષ્ટિ કરતાં પોતે ચિદ્દ્ઘનસ્વરૂપ છે, તેમાં કાંઈ બગાડ નથી, - એવું પોતાનું ઘર જોયું તેથી સુખી થયો. પોતે શ્રદ્ધા કરી તો ગુરુને નિમિત્ત કહેવાય. આમ સાચી શ્રદ્ધાથી સુખી થયો.

(૪) જ્ઞાનસ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. એમાં પોતાને જાણતાં સાચા ગુરુ વગેરે નિમિત્તને જાણી લ્યે છે, ને રાગ બાકી છે એટલે તે પ્રકારનું બહુમાન આવ્યા વિના રહેતું નથી. તે જ્ઞાનસ્વભાવનું સામર્થ્ય છે કે પોતાના સ્વભાવને, શુભરાગને અને નિમિત્તને યથાર્થ જાણી લ્યે છે.

જેમ દોરડીમાં સર્પ નથી, તેમ વિકાર કે આવરણમાં આત્મા નથી. ધોળી છીપમાં રૂપું નથી તેમ વિકાર અને સંયોગમાં આત્મા નથી. મૃગતૃષ્ણામાં જળ નથી, તેમ પરપદાર્થોમાં આત્મા નથી. કાચના મંદિરમાં બીજો શ્વાન નથી. કાચમાં કૂતરાનું પ્રતિબિંબ દેખાતાં બીજો કૂતરો દેખાય ને કૂતરો ભસવા લાગે, પણ ત્યાં બીજો કૂતરો નથી, તેમ તારા ચૈતન્યમાં બીજી વસ્તુનો અભાવ છે. બીજામાં તું નથી. મૃગની ડૂંટીમાં કસ્તૂરી છે, પણ બહારમાં નથી, તેમ તારો આનંદ અને જ્ઞાન તારામાં છે, બીજે નથી. અંધકારે પ્રકાશ ન મળે તેમ રાગરૂપ અંધારામાં જ્ઞાનપ્રકાશ ન મળે. પીત્તળની ભૂંગળીમાં પોપટને કોઈએ પકડયો નથી. દોરીમાં ભૂંગળી રાખી હોય ને તેના ઉપર પોપટ બેસે ત્યારે પોલી ભૂંગળીઓ ફરી જાય, એટલે પોપટ ઊંધો પડી જાય, ત્યાં માને કે હું પકડાઈ ગયો. તેમ અજ્ઞાનીએ નિમિત્ત, સંયોગ અને વિકારને મહત્વ આપ્યું છે. કર્મોએ મને રોકયો છે એમ તેણે માન્યું છે, તેથી તેની દૃષ્ટિ બગડી ગઈ છે. જો પોપટ પગ છોડે તો ઉડીને ચાલ્યો જાય, તેમ સાચી દૃષ્ટિ કરે તો જ્ઞાન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટે. ગાગરમાં બોર હતાં, તે લેવા વાંદરાએ મૂઠો ભર્યો. મોટો મૂઠો ભરવાથી હાથ નીકળી શકયો નહિ. તેથી જાણે કે મને ભૂતે પકડયો-એમ તે માને છે. તેમ શરીર, મન, વાણી પુણ્ય-પાપને પોતે પકડે છે, છતાં તેઓએ મને પકડયો એમ અજ્ઞાની માને છે. શું કરીએ? બૈરાં-છોકરા રખડાવે છે, કર્મોએ મને પકડયો છે; કર્મો છૂટે તો સુખી થવાય એમ તે માને છે, પણ પોતાની ઊંધી દૃષ્ટિથી ભૂલ થઈ છે એ ખ્યાલ આવતો નથી. જેમ વાંદરો બોર મૂકી દે તો છૂટો થાય, તેમ અજ્ઞાની ઊંધી દૃષ્ટિ છોડે તો સુખ થાય.

કુવામાં સિંહ પોતાનું પ્રતિબિંબ જોઈ રાડ પાડે છે, પણ ત્યાં બીજો સિંહ નથી; તેમ મને આ પરપદાર્થોએ પકડી રાખ્યો, કર્મોએ મને હેરાન કરી નાખ્યો, કર્મની શક્તિમાં હું પકડાણો - એમ અજ્ઞાની રાડ નાખે છે, પણ હું જ્ઞાનસ્વરૂપ છું એવી પ્રતીતિ કરતો નથી. જ્યાં જે વસ્તુ ભળાય છે ત્યાં તું છે. કર્મ, રાગ કે કોઈ વસ્તુને યાદ કરનાર તારી જ્ઞાનવસ્તુ છે. જ્ઞાનાનંદ ચૈતન્યવસ્તુ આત્મા છે. ભૂતકાળની વાત પોતે યાદ કરે છે. પોતાની અસ્તિમાં તે વાતો જણાય છે. પર્યાયવાનના અવલંબનથી જ્ઞાન-પર્યાય પ્રગટે છે તેનો ખ્યાલ અજ્ઞાનીને આવતો નથી.

અનાદિથી સમયે સમયે ભૂલ કરતો આવ્યો છે, તેથી દુઃખ પામે છે. શરીર સારું હોત તો હું ત્યાગી થાત, જંગલમાં રહેત વગેરે પ્રકારે માની મૂઢ જીવ શરીર સાથે એકત્વબુદ્ધિ કરે છે ને તેથી દુઃખ પામે છે.

અજ્ઞાની જીવ દલીલ કરે છે કે - દર્શનમોહનીય કર્મના ઉદય વિના ઊંધી શ્રદ્ધા થાય? જ્ઞાનાવરણીયના ઉદય વિના જ્ઞાન રોકાય? એમ કહી કર્મ ઉપર વજન આપે તે બધાં નિમિત્તનાં કથન છે. મોહમાં દર્શનમોહ નિમિત્ત છે ને જ્ઞાનની હીનતામાં નિમિત્ત જ્ઞાનાવરણીય છે. નિમિત્તનું કથન હોય ત્યાં પણ એમ જ બતાવવું છે કે જ્યાં જ્યાં જોઉં ત્યાં ત્યાં મારો જ્ઞાન-દર્શન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વભાવ છે. પર વસ્તુ મારામાં નથી. પોતે જ્ઞાન જ છે, બીજી ચીજનો પોતામાં પ્રવેશ નથી. કર્મ વગેરે બીજી ચીજો ભાસે છે ત્યાં પણ પોતાનું જ્ઞાન ભાસે છે. આત્મા ચિદાનંદ છે, તેને સાચું જાણી સદા સુખી થાય. કોઈ પણ પરચીજ જણાય તે બધો વ્યવહાર છે. જ્ઞાનસ્વભાવને નિશ્ચયથી જગતની ખબર નથી. નિશ્ચયથી જગત જ્ઞાનમાં નથી, કેમકે નિશ્ચયથી જગત જ્ઞાનમાં આવે તો જગત અને જ્ઞાન એક થઈ જાય પણ એમ નથી. જગત છે એવું જ્ઞાન જ્ઞાનમાં આવ્યું. સ્વ-પરપ્રકાશક સામર્થ્ય છે તે પોતાનું છે. પરને જાણવું તે વ્યવહાર છે. સ્વભાવ અને સ્વભાવવાની સ્વ-પરપ્રકાશક સ્વભાવ ફૂલ અને સુગંધની જેમ એકમેક છે. જો સાચું જાણે તો સદા સુખી થાય.

આ આત્મા સુખ માટે અનેક ઉપાય કરે છે. જેમ ભિખારી રોટલાનો ટુકડો માગવા ઘેરઘેર ફરે છે તેમ વેપારી દેશ-પરદેશ ફરે છે. વળી પૈસા કમાણા તેમાંથી વ્યાજ આવશે, તેથી હવે નિરાંતે ધર્મ થશે એમ માને છે. મકાન કર્યા, દાગીના કર્યા વગેરે અમોએ અમારી કમાણીથી કર્યાં એમ માને છે, પણ લક્ષ્મી પૂર્વ-પુણ્યના કારણે મળે છે- એવી તેને ખબર નથી. અજ્ઞાની લક્ષ્મીમાં સુખ માને છે. આત્માની રુચિ છોડી જગતનો ભિખારી લક્ષ્મીની કમાણીમાં સુખ માને છે. પૈસા ભેગા થાય ત્યાં હું પહોળો ને શેરી સાંકડી-એમ માની અભિમાન કરે છે. આત્મા આનંદસ્વરૂપ છે, તેની ઓળખાણ કરતો નથી, પણ બૈરાં-છોકરાં, મકાન ને મહેલમાં સુખ માને છે. વળી પૈસા માટે ઘણાં દુઃખ સહન કરે, પરદેશમાં જાય, ટાઈમના અભાવે એક ટંક ખાય, નાવાનાં ઠેકાણાં ન હોય વગેરે દુઃખ સહન કરે છે, પણ પોતાના આત્માના સુખ માટે કાંઈ કરતો નથી. પોતે મોટી ઉંમરનો થાય તોપણ નવરો ન થાય. ભગવાન આત્માને ઓળખતો નથી, તેને જાણે તો સુખી થાય. જેમ કોઈ મનુષ્યની ગાંસડીમાં લાલ મણિ છે, તે બધાં ઊંચાં રત્ન છે. જો ગાંસડી ખોલીને દેખે તો સુખી થાય. તેમ આત્મા જ્ઞાન, દર્શન વગેરે ગુણોની ગાંસડી છે, પણ મિથ્યાભ્રાંતિ તથા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ-દ્વેષ વડે આત્માને બાંધી રાખ્યો છે ને તેને ખોલતો નથી. ચિદાનંદમૂર્તિ છે તેને શ્રદ્ધા-જ્ઞાનની કળાથી ખોલે તો સુખી થાય.

આંખ વગરનો માણસ કુવામાં પડે તો નવાઈ નથી, પણ દેખતો પડે તો નવાઈ છે. તેમ આત્મા જ્ઞાતાદષ્ટા છે, તે સંસારકૂપમાં પડે એ મોટું આશ્ચર્ય છે. જાણવું તેનો સ્વભાવ છે, છતાં આંધળો થઈ શરીરાદિ તથા વિકારને પોતાના માની કુવામાં પડે છે એ મોટું આશ્ચર્ય છે. અસાવધાનીરૂપ મોહથી ઠગાણા છે, તેથી પરઘરને પોતાનું માની નિજઘર ભૂલ્યો છે. શરીર તથા શુભાશુભ ભાવોને પોતાના માની નિજઘરને ભૂલ્યો છે. વાણિયાનો દીકરો હલકી નાતની કન્યા પરણે તેમાં તેનો મોહભાવ છે, તેમ જ્ઞાન સ્વભાવી આત્મા વિકાર અને સંયોગાદિ પરવસ્તુમાં રોકાણો છે, તે તેનો મોહભાવ છે. પર ચીજો પોતાની હયાતીમાં વિયોગ પામે છે, એમ જાણવા છતાં તેને પોતાની માને છે. જ્ઞાનમંત્રથી મોહ ટળે. હું જ્ઞાનમૂર્તિ આનંદસ્વરૂપ છું-એવું ભાન કરે તો મોહ ટળે ને નિજઘરને પામે.

“હણે બોધ વીતરાગતા અચૂક ઉપાય આમ,” બોધ દર્શન મોહનો નાશ કરે છે ને વીતરાગતા ચારિત્રમોહનો નાશ કરે છે.

શ્રીગુરુ વાંરવાર નિજઘર પામવાનો ઉપાય બતાવે છે. શ્રીગુરુ કહે છે કે તારું અખંડિત રાજ્ય તારામાં છે, જાણવા દેખવાનો વેપાર તારામાં છે. વિકાર અને શરીરને ભૂલી જા, રુચિ પલટાવ, એમ કહીને આ રીત બતાવે છે. પોતાના અખંડિત નિધાનને લઈ અવિનાશી રાજ્ય કર. તારી બેદરકારીથી જ પોતાનું રાજ્યપદ ભૂલી ગયો છે, તારી ભૂલથી તું રખડે છે. અજ્ઞાની જીવ મફતનો કર્મ ઉપર દોષ નાખે છે.

પોતાનું રાજ્યપદ ભૂલી કોડી કોડીનો ભિખારી થયો છે. અજ્ઞાની જીવ દીકરા માટે માગણી કરે, “હે પ્રભુ! આટલા પૈસા આપ્યા, હવે સવાશેર માટી આપજે.” એમ પુત્ર માટે ભિખારાપણું કરે છે. કોઈ જીવ પૈસા માટે ભીખ માગે, કંગાલ જેવો થઈ ગયો છે. હલકી કોમના ગ્રાહકો દુકાને માલ લેવા આવે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેની પાસે પણ દીનતા કરે, પોતાનું નિધાન ભૂલ્યો છે. પોતાના ચિદાનંદ સ્વભાવની અંતર રુચિ કરે, તો નિધાન પોતા પાસે છે. નજીકનું નિજપદ ન સંભાળ્યું તેથી તું દુઃખી થયો. અજ્ઞાની માને છે કે પુણ્ય કરીએ તો પૈસા મળે ને તેથી સુખી થઈએ, પણ સ્વભાવમાં સુખ છે, એમ તે માનતો નથી, તેથી દુઃખી થયો છે.

જેમ ચાંપા નામના ગોવાળે ધતૂરો પીધો ને ગાંડો થયો ત્યારે 'હું ચાંપો નથી,' એમ માનવા લાગ્યો. પછી તે પોતાને ઘેર જઈ બૂમ મારે છે કે ચાંપો ઘરે છે? ત્યારે તેની સ્ત્રીએ કહ્યું કે તું કોણ છે? ત્યારે તે ચેત્યો કે હું ચાંપો છું. તેમ અજ્ઞાની બહારમાં સુખ માગે છે. ક્યાંય શાંતિ મળે? ગુરુએ કહ્યું કે તારામાં સુખ છે, તારું નિધાન તારી પાસે છે, બહાર શોધવા જવું પડે તેમ નથી. ચિદાનંદની શક્તિનો ભંડાર તું છે, તેનાં ગાણાં દિવ્યધ્વનિથી પૂરા ગવાય તેમ નથી. તેને પામે તે સુખી થાય. કયાં સુધી કહીએ? વસ્તુ તો મહિમાની ખાણ છે. આત્મા પોતે કદી કરમાણો નથી, એક પણ શક્તિ મરી ગઈ નથી. વસ્તુ તો એવી ને એવી પડી છે. વળી પોતાનું પદ અનુપમ છે, એવું પોતાનું રાજ્ય છે, સ્વાભાવિક સુખનો કંદ છે, વળી આત્મા ઇન્દ્રિયોથી ને રાગથી જણાય તેવો નથી. પોતાથી જણાય તેવો નથી, પોતાથી જણાય તેવો છે. પોતાનું તેજ મર્યાદા વિનાનું છે. સ્વભાવને મર્યાદા નથી, તે અનંત મહિમાનો ધરનાર છે, પણ અજ્ઞાની જીવ વિષયવાસના, કામ, ક્રોધ વગેરેમાં સ્વપણું માની આનંદ માને છે, પણ ત્યાં દુઃખ છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પોષ સુદ ૮, બુધ ૨૪-૧૨--૫૨
## પ્ર. -૧૮

**અ**નુભવપ્રકાશ એટલે શું? આત્માનું નિજાનંદ સ્વરૂપ છે, તેની પર્યાયમાં પુણ્ય-પાપ થાય છે તે વેશ છે. તેની રુચિ છોડીને સ્વભાવનો અનુભવ કરવો તે અનુભવપ્રકાશ છે. નટ વેશ ધરે ત્યાં સુધી નાચે છે ને ઘરનો વેશ પહેરે ત્યારે નાચતો નથી. આ દૃષ્ટાંત છે. તેમ આત્મા જ્ઞાનાનંદ છે, તેને ચૂકીને વ્રત, ભક્તિ આદિ વિકારના પરિણામને પોતાના માની રઝળી રહ્યો છે. મેં વ્રત પાળ્યાં, મેં પૂજા કરી-એવો મિથ્યાભાવ સ્વાંગ છે, તેને લીધે ચોરાશીમાં રખડે છે. તે સ્વાંગ મૂળસ્વરૂપ નથી. આત્માનું જ્ઞાતાદૃષ્ટાપણું મૂળસ્વરૂપ છે. તેનું ભાન કર્યા વિના વિકારથી લાભ માને છે, તેથી ચોરાશીમાં અવતાર કરે છે.

હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું, એવું ભાન કરે ને અંતર્દૃષ્ટિ કરી સ્થિર રહે તો ચોરાશીમાં અવતાર થાય નહિ. ઘણી તપશ્ચર્યા કરી મિથ્યાદૃષ્ટિ મુનિ નવમી ગ્રૈવેયકે જાય છે, પણ વિકારને તે પોતાનું સ્વરૂપ માને છે, તેથી સંસારમાં રખડે છે.

પુણ્ય-પાપની લાગણી અસ્થિર છે-ચંચળ છે, તે ચંચળતા મટવાથી આત્મામાં ભવનો અભાવ થાય ને જ્ઞાનદૃષ્ટિ ખૂલે. હું જ્ઞાતા છું, શુભાશુભનો જાણનાર છું પણ તેનો કર્તા નથી.

"तनता, मनता, वचनता, जडता जडसम्मेल।
गुरुता, लघुता, गमनता, यह अजीवके खेल।।"

એ બધો અજીવનો ખેલ છે, તે આત્માનું સ્વરૂપ નથી. આત્મા જાણનાર છે, એમાં સ્થિર થાય તો પરિભ્રમણ મટે.

આ સમ્યગ્દર્શનની વાત ચાલે છે, તેને અનુભવ કહે છે. સ્વભાવમાં પરિભ્રમણ નથી-એમ શ્રદ્ધા કરે, મુનિઓને આનંદકંદમાં લીનતા હોય છે તેવા અનુભવમાં સ્થિર રહે, તેને ધન્ય છે.

પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ છે, તેના સમ્યક્જ્ઞાનથી અવલોકન કરતાં અખંડ રસધારા વરસે તે અનુભવ છે. પુણ્ય-પાપ ખંડધારા છે, ચિદાનંદના આશ્રયે રસધારા વરસે છે, એમ જાણી મિથ્યાત્વભાવ મટાડે. વિકાર મારું સ્વરૂપ છે એવી માન્યતા મટાડે તો સમ્યગ્દર્શન થાય ને પરિભ્રમણ મટે.

ધર્માત્મા વિચારે છે કે હું શક્તિની ખાણ છું, સુખનિધાન છું, મારું જ્ઞાનસ્વરૂપ છે, પરમ પ્રકાશ છે, વ્યવહાર ને શરીરની ક્રિયાનો જાણનાર છું પણ કરનાર નથી. વળી જેને કોઈની ઉપમા નથી એવું મારું પદ છે.

આવું આત્માનું સ્વરૂપ છે. આકાશવત્ અવિકારીપદ છે. કર્મનું અવલંબન લીધું તેથી સંસાર થયો છે-એમ વિચારે છે. કર્મ આત્માને વિકાર કરાવતું નથી, સ્વભાવનું અવલોકન છોડી પુણ્ય-પાપના ભાવ કરે તે વિકાર ને સંસાર છે. જેમ આકાશને લેપ લાગતો નથી, વાદળાં આવે ને જાય તોપણ આકાશમાં લેપ લાગતો નથી, તેવો મારો આત્મા છે. શરીર, મન, વાણી આદિ આવે ને જાય તોપણ લેપ નથી. કર્મના નિમિત્તે લેપ લાગેલ છે પણ સ્વભાવમાં લેપ નથી.

**પ્રશ્ન** :- આનંદકંદ આત્મામાં પરના નિવાસનો અવકાશ નથી, કર્મ જડ-રૂપી છે ને આત્મા ચૈતન્ય-અરૂપી છે, તેમાં કર્મ વગેરે પરનો અવકાશ નથી, પણ સંયોગદૃષ્ટિ કરી સંસાર ઊભો કરે છે, ભૂલ કોઈએ કરાવેલ નથી, કર્મ આત્મામાં નથી, બન્ને ભિન્ન ભિન્ન છે, તો સંસાર અથવા ઉદયભાવ ક્યાંથી થયો ?

**સમાધાન** :- સોનાની ખાણમાં સોનું ગુપ્ત છે, કર્મરૂપી દળિયાંમાં ચિદાનંદ ભગવાન એવો ને એવો પડયો છે. ધૂળ તે

ધૂળ છે ને સોનું તો સોનું છે; તેમ કર્મ માટી છે ને આત્મા ચિદાનંદ અરૂપી ગુપ્ત છે. આત્મા અનાદિ કાળથી કર્મમાં ગુપ્ત છે, અનાદિથી જ્ઞાનાનંદ સ્વભાવને ચૂકીને પર્યાયમાં સંસારનો ભેખ ધર્યો છે તે ઔદયિકભાવ છે, તે ભાવ સ્વતત્ત્વ છે. કર્મે તે કરાવ્યો નથી. આત્મામાં ભ્રાંતિ, વિકાર, દયા-દાનાદિના ભાવ થાય છે તે અરૂપી સ્વતત્ત્વ છે. તે જીવની પર્યાયમાં થાય છે, કર્મને લીધે તે થતા નથી, કર્મ નિમિત્તમાત્ર છે. સ્વનો વેપાર ચૂકીને પરના સંગે અશુદ્ધ વેપાર ઊભો કર્યો. અશુદ્ધ ઉપયોગમાં સંસારભાવ છે, ઝેરભાવ છે, આત્માના અમૃતથી ઊલટો ભાવ છે. તે અશુદ્ધતા કેવી રીતે લાગી છે તે કહીએ છીએ.

વિકારી પર્યાય ક્ષણિક ઉપાધિ છે, તેને પોતાનું સ્વરૂપ માન્યું છે. જડ ઇંદ્રિયો પાંચ છે, તે મારી છે ને હું તેનો સ્વામી છું, ઇન્દ્રિયોની ક્રિયા હું કરી શકું છું-એમ માને છે. મન જડ છે તેને પોતાનું માને છે, વાણી જડ છે છતાં હું વાણી બોલી શકું છું એમ માની વચનને પોતાનું સ્વરૂપ માને છે. મનુષ્ય આદિ ગતિને પોતાની માને છે, કર્મ-નોકર્મને પોતાનાં માને છે, ધર્મ, અધર્મ, અકાશ, કાળ, પુદ્‌ગલ ને અન્ય જીવ આદિ જેટલી પરવસ્તુ છે તે સર્વને પોતાની કરી જાણે છે. દેવ-ગુરુ અન્ય જીવ છે, પોતાથી જુદા છે. “સ્ત્રી તથા કુટુંબના માણસના આત્મા અમને અનુકૂળ છે, દેવ-ગુરુ અમને તારી દેશે ને શાસ્ત્ર અમને જ્ઞાન આપશે”-એમ અજ્ઞાની માને છે. શાસ્ત્ર જડ છે તેનાથી જ્ઞાન માને છે પણ પોતે જાણનાર છે માટે પોતાથી જ્ઞાન થાય છે તેમ માનતો નથી. પર વસ્તુથી લાભ થાય એમ માનનાર પરને પોતાની વસ્તુ માને છે, તે મિથ્યાદૃષ્ટિ છે. શરીરને સારું રાખવું, વચનનો સદુપયોગ કરવો એમ માને છે. વચનથી ક્રોધ કે ક્ષમા થતા નથી, કારણ કે વચન જડ છે, છતાં તે બધાને પોતાથી એકમેક માને છે.

આત્મા પોતે જીવતો છે. તેને જીવાડવો શું મારવો શું ને મારવો શું? શરીર, વાણી અચેતન-મરી ગયેલાં છે. તેને મારવાં શા? સામો.

જીવ પોતાના પ્રાણથી જીવે છે છતાં મેં તેને જીવાડયો-એમ અજ્ઞાની માને છે. આવો મિથ્યાદૃષ્ટિ જીવ ગમે તેટલાં વ્રત-તપ કરે તોપણ વૃથા છે. કોણ કોને મારે ને કોણ કોને બચાવે? વળી કોણ કોને સમજાવે? જીવ પોતે સમજનાર છે, તેથી તેને સમજાવવાનું રહેતું નથી ને જડમાં જ્ઞાન નથી તેથી તેને સમજાવવાનું રહેતું નથી. અજ્ઞાનીને લાગે છે કે વાણીને લીધે હું સમજું છું, પણ દરેક જીવ પોતાથી સમજે છે-એમ તે સમજતો નથી.

અજ્ઞાની માને છે કે પરની વ્યવસ્થા હું કરી શકું છું. તેને નવતત્ત્વની ખબર નથી. અજીવ સ્વયંસિદ્ધ તત્ત્વ છે, તેને જીવ રાખી શકે? ના. જે હોય તેને રખાય નહિ ને જે ન હોય તેને રખાય નહિ. અજ્ઞાની પર વસ્તુને પોતાની જાણે છે ને પોતાને પર માને છે. પુસ્તકથી જ્ઞાન માને, વાણીથી જ્ઞાન માને, તેમ માનનાર પોતાને પર માને છે.

પોતે સર્વજ્ઞશક્તિવાળો જીવ છે, છતાં પર મારા ને હું એનો, - એ માન્યતામાં રોકાઈ ગયો છે. શરીર, મન, વાણી રૂપી છે ને હું જ્ઞાનસ્વરૂપ અરૂપી છું-એવી પ્રતીતિ આવતી નથી. પરથી મને ખ્યાલ આવ્યો ને હું તેને મદદ કરું-આવી ભ્રમણાથી રાગમાં રોકાઈ ગયો. જે દયા-દાનાદિની વૃત્તિ ઊઠે છે તે મારા સ્વભાવમાંથી આવે છે-એમ માને છે, પર વસ્તુને પોતારૂપ જાણે છે ને પોતાને પર જાણે છે, એમ માનવાથી જે જ્ઞાન સર્વશક્તિવાળું હતું તેમાં (પર્યાયમાં) અજ્ઞાનરૂપ વિકાર થયો. પરથી પોતાને લાભ-નુકશાન માન્યું ને પોતાથી પરને લાભ-નુકશાન માન્યું, તે પોતાના જ્ઞાનમાં વિકાર થયો.

એ જ પ્રમાણે જીવનો દર્શનગુણ છે. પરવસ્તુને મારી કરી દેખે છે, વળી આંખથી દેખાય એમ માને છે, પણ પોતાથી દેખાય છે-એમ માનતો નથી. જેટલા પરવસ્તુના ભેદ છે તે સર્વને પોતારૂપ કરી દેખે છે. આપણે ધ્યાન રાખીએ તો છોકરા સરખા ભણે-એમ માને છે. તેની પર્યાય તેના કાળે થશે તેમાં જીવનો રાગ નિમિત્ત-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માત્ર છે, પણ પોતાથી પરમાં કાર્ય માને છે. વેપારી માને કે મારાથી દુકાનનું કામ ચાલે છે, તે મૂઢ છે. તેની પર્યાય જડથી થાય છે, આત્માથી કદી થઈ નથી, થતી નથી ને થશે નહિ. હું છું તો પરની રક્ષા થાય, પૈસાની રક્ષા થાય-એમ માને છે. પરની પર્યાય પોતાથી થાય એમ માને તે પોતાની પર્યાય પરથી થાય એમ માને છે. આમ એ સર્વ હું છું, પોતાને પરમાં દેખે છે ને પોતામાં પરને દેખે છે. લોકાલોક દેખવાની દર્શનશક્તિ છે તે શક્તિ અદર્શનરૂપ થઈ ગઈ છે, દર્શનપર્યાયમાં હીણો થયો છે. - આમ અનાદિકાળથી વિકારરૂપ થયો છે. કર્મના ઉદયને લીધે જ્ઞાન અથવા દર્શન હીણું થયું એમ કહ્યું નથી, પોતે પરમાં મમતાભાવ કર્યો માટે હીણું થયું છે. એક ચીજ બીજી ચીજને લાભ-નુકશાન કરે છે એમ માનવું તે મિથ્યાત્વ છે. મારું જ્ઞાન મારાથી થાય છે ને પરની ક્રિયા પરથી થાય છે. એમ ન માનતાં પરની ક્રિયા મારાથી થાય ને મારું જ્ઞાન પરથી થાય એમ માનવું તે હીણી દશાનું કારણ છે.

હવે જીવનો સમ્યક્ત્વગુણ હતો તેને અઠીક કરી જીવના ભેદોને અજીવમાં ઠીકપણે કરે છે. જે ચેતન ચીજ છે તેનાં જ્ઞાન, દર્શન ને આનંદ તેના કારણે થાય છે, છતાં તેની ચેતનતા પરથી આવે અથવા પુસ્તક, વાણીથી આવે એમ માને તે ચેતનને અચેતન માને છે. હું નિમિત્ત થાઉં તો બીજો જીવ સમ્યગ્દર્શન ને જ્ઞાન પામે-એમ માને છે; તે બીજા જીવને ચૈતન્યગુણવાળો માનતો નથી. આમ ચેતનને અચેતન માને છે.

વળી હું જેવી ઇચ્છા કરીશ તેવું વાણીનું પરિણમન થશે ને મારાથી શરીરની ક્રિયા થશે, -એમ માને છે તે અચેતનને ચેતન માને છે. શરીરાદિની ક્રિયા બધો અજીવનો ખેલ છે, હું પરજીવને જિવાડું ને સુખી કરી દઉં-એ માન્યતા ચેતનને અચેતન માનવા બરાબર છે.

પુણ્ય-પાપ વિભાવ છે તેને સ્વભાવ માને છે. પુણ્ય-પાપ ઉદયભાવ છે, તેના વડે સમ્યગ્દર્શન થશે એમ માને છે-તે ઊંધી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

માન્યતા છે. દર્શનમોહનીય કર્મનો ઉદય આવ્યો માટે મિથ્યાત્વ થયું-એમ કહ્યું નથી, પોતે પોતાના સ્વભાવને ચૂકે છે ને વિભાવને પોતાના માને છે તે મિથ્યાદર્શન છે. તેમાં કર્મ નિમિત્તમાત્ર છે. સ્વભાવનું રક્ષણ નહિ કરતાં વિભાવનું રક્ષણ કરવું મિથ્યાભાવ છે. પુણ્ય-પાપની વૃત્તિ વિભાવ છે, તેને ત્રિકાળી સ્વભાવ માને છે અથવા વિભાવથી ક્રમેક્રમે ધર્મ થશે-એમ માને છે તે મિથ્યાદ્રષ્ટિ છે.

પોતામાં સમ્યક્ત્વગુણ છે. તેની વિપરીત અવસ્થા પોતાની ઊંધી માન્યતાથી થાય છે. દ્રવ્ય શું છે તે પ્રતીતિમાં આવતું નથી, પણ વિભાવ ખ્યાલમાં આવે છે. દ્રવ્ય શુદ્ધ ચિદાનંદ ત્રિકાળ છે ને વિભાવ અનિત્ય પર્યાય છે. વિભાવ જેટલો જ પોતાને જે માને છે તે સ્વભાવને વિભાવ માને છે.

પોતે ત્રિકાળી દ્રવ્ય છે, તેની જેને ખબર નથી તે દ્રવ્યને અદ્રવ્ય માને છે. દ્રવ્યમાંથી પર્યાય વહે છે, દ્રવ્યત્વગુણની પ્રધાનતાથી દ્રવ્ય કહેવાય છે. અનંત ગુણોનો પિંડ જે દ્રવ્ય છે તેને નહિ માનતાં પર્યાય જેટલું જ માનવું તે દ્રવ્યને અદ્રવ્ય માનવા બરાબર છે. પરની પર્યાય મારાથી થાય એમ માને તેને દ્રવ્યની ખબર નથી. આવા જીવની દ્રષ્ટિમાં મૂળમાં ભૂલ છે.

ગુણ ત્રિકાળી સ્વભાવ છે, તેને અવગુણ માને છે. "ગુણમાં તાકાત હોય તો વિકાર ટળવો જોઈએ ને? અમને આનંદસ્વભાવ ભાસતો નથી, પણ અમને તો વિકાર દેખાય છે"-એમ ગુણને અવગુણ માને છે.

પ્રતિમાથી જ્ઞાન થયું, શ્રવણથી જ્ઞાન થયું-એમ માનનાર જ્ઞાનને પોતાનું માનતો નથી. તે જ્ઞાન તથા જ્ઞેયને ભિન્ન માનતો નથી. વળી જ્ઞેયને જ્ઞાન માને છે; શરીર, મન, વાણી તે જ્ઞેય છે, છતાં તેને પોતાનાં માનવાં તે જ્ઞેયને જ્ઞાન માનવા સમાન છે.

વળી પોતાને પર માને છે. નોકર શેઠને કહે કે-તમારા આધારે જીવું છું, પણ જડ જડથી ટકે છે, ચૈતન્ય ચૈતન્યથી ટકે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. જેની સત્તા ભિન્ન છે, તેની સાથે આધાર-આધેય સંબંધ હોઈ શકે નહિ. વળી જ્ઞેયને પોતાનો આધાર માને છે, શરીર આત્માના આધારે ટકે છે એમ માને છે, પણ શરીર શરીરના કારણે રહે છે, આત્માને લીધે રહેતું નથી. જડની પર્યાય જડના આધારે રહે છે, છતાં આત્માને લીધે રહે છે-એમ માનવું તે પાખંડભાવ છે.

શરીર શરીરના કારણે રહે છે, આયુકર્મ નિમિત્તમાત્ર છે. આયુનાં સ્વચતુષ્ટયને શરીરનાં સ્વચતુષ્ટય જુદાં જુદાં છે. આયુને લીધે જીવે છે એવું કથન નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવવા માટે છે. આત્મા ચિદાનંદની દૃષ્ટિ કર્યા વિના શરીરના વિયોગે હું મર્યો ને શરીરના સંયોગે હું જીવ્યો-એમ માનવું તે ભ્રાંતિ છે.

એ રીતે સર્વ વિપરીતતા અજ્ઞાની અનાદિથી કરે છે, તેથી જીવનો સમ્યક્‌ગુણ મિથ્યાત્વરૂપ પરિણમ્યો છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પોષ સુદ ૯, ગુરુ ૨૫-૧૨-૫૨

## પ્ર. - ૧૯

**સ્વ**ભાવસન્મુખનો પુરુષાર્થ એ જ અનુભવપ્રકાશ છે. અનંતા ગુણોના પિંડરૂપ સ્વભાવની પ્રતીતિ કરતાં જે મોક્ષમાર્ગ પ્રગટે છે, તે અનાદિ કાળથી કેમ પ્રગટયો નહિ? કર્મ કે ક્ષેત્ર કારણ નથી પણ પોતે વિપરીતરૂપે પરિણમે છે, માટે મોક્ષમાર્ગ પ્રગટતો નથી. આત્મામાં સમ્યક્ત્વ નામનો ગુણ છે, તેની ઊંધી અવસ્થા થઈ તેથી વિપરીતને અવિપરીત માને, સ્વને પર માને, વિભાવને સ્વભાવ માને-આમ વિપરીત માને છે. કર્મોએ પરિણમાવેલ નથી. આત્મામાં જ્ઞાન-દર્શન ગુણ છે, તે પરમાં અટકીને હીણા થયા છે. આત્મામાં સમ્યક્ત્વગુણ પોતાનો છે, પણ વિપરીત બુદ્ધિ કરીને મિથ્યાત્વરૂપ પરિણમ્યો. પુણ્યને હિતકર માને, સ્વભાવને દુઃખરૂપ માને, -એમ માની વિપરીતતા કરેલ છે. ઊંધી રમત કરે કે સવળી રમત કરે તે પોતે કરે છે. રમતિયાળ પોતે રમે છે, બીજી ચીજ કાંઈ કરતી નથી.

હવે, ચારિત્રગુણ આત્મામાં છે. જે યથાખ્યાતચારિત્ર સિદ્ધને પ્રગટ થયું તે ક્યાંથી પ્રગટયું? ચારિત્રગુણમાંથી તે પ્રગટે છે; પણ અનાદિથી શરીર, મન, વાણી, દયા-દાનાદિમાં તથા કામ-ક્રોધાદિમાં આચરણ કરે છે ને તેને સ્વઆચરણ માને છે, પણ તે બધો વિભાવભાવ છે. -આમ ચારિત્રગુણની વિપરીતતા કરી રહ્યો છે. અહીં ચારિત્રમોહનીય કર્મને યાદ કરેલ નથી. આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપને આચરે ને રમે એવો ગુણ છે, તેને બદલે જડની ક્રિયાથી સ્વ-આચરણ માને, શરીરના વીર્યથી આત્માના અંતવીર્યને મદદ થાય-એમ માને, બ્રહ્મચર્યના

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભભાવ થાય તેનાથી ચારિત્ર માને, -એ રીતે ચારિત્રગુણ ઊલટો થઈ રહ્યો છે. પુણ્ય-પાપમાં બધી શક્તિ રોકાઈ ગઈ છે, તેથી સ્વરૂપ તરફ જોતો નથી. સ્વભાવનો અનુભવ કરવાને બદલે પરઆચરણ કરી રહ્યો છે. પોતાનો દોષ જાણે તો ટાળી શકે પણ પરને લીધે દોષ ટાળવાનો અવસર રહેતો નથી. આ પ્રમાણે જીવનો સ્વચારિત્રગુણ વિકારરૂપે પરિણમે છે. આત્મામાં કેવળજ્ઞાન-દર્શન-આનંદરૂપ થવાની શક્તિ છે, એવો વીર્ય નામનો ગુણ છે. જીવનું સર્વ સ્વરૂપ પરિણમાવવાના બળરૂપ વીર્યગુણ વિદ્યમાન છે, પણ શરીરની ક્રિયામાં રોકવાથી તે નિર્બળ થયું છે. શરીરમાં વીર્ય વધારે હોય તો આત્માનું વીર્ય વધે ને શરીરમાં વીર્ય ઓછું હોય તો આત્માનું વીર્ય વધે ને શરીરમાં વીર્ય ઓછું હોય તો આત્માનું વીર્ય ઘટે-એમ છે જ નહિ. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં વીર્ય રોકવું જોઈએ, તેને બદલે પર પદાર્થોમાં ને રાગાદિમાં રોકવાથી તે નબળું થયું છે. તે પોતાનો દોષ છે. -આ પ્રમાણે જીવનો વીર્યગુણ વિકારરૂપ પરિણમ્યો છે.

હવે, આત્મામાં આનંદગુણ ઊલટો કેમ થયો? આત્મામાં પરમાનંદ ભોગવવાનો ગુણ અનાદિનો છે. જે હોય તે જાય નહિ ને નહોય તે બહારથી આવે નહિ. સ્વને ચૂકીને બહારમાં લક્ષ કરે છે ને હરખ, શોક, રતિ, અરતિના ભાવ કરે છે, તેથી તે આનંદનો ભોગવટો નથી; પરપરિણામનો રસ લીધા કરે છે. પોતે જ્ઞાનાનંદ છે, આનંદને ભોગવનાર છે, તેને ભૂલી હરખશોકાદિ વિકારને ભોગવે છે. લાડવા, દાળ, ભાત, શરીર વગેરેને કોઈ જીવ ભોગવતો નથી; પણ જડમાં એકાગ્રતા કરી હરખશોક કર્યા, માટે આનંદગુણ ઊલટો પરિણમ્યો છે. આનંદમૂર્તિ આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન, આચરણ કરી તેનો રસ લેતો નથી. પણ કર્મના નિમિત્તે શાતા-અશાતા, પુણ્ય-પાપરૂપ પરપરિણામના ઘણા પ્રકારના વિકારના રસને ભોગવે છે. અનાકુળ સ્વભાવની સર્વ શક્તિ પરપરિણામને જ આસ્વાદે છે, તે પરસ્વાદ પરમ દુઃખરૂપ છે. લાડવા ખાતી વખતે રાગનું દુઃખ છે; લાડવાદિ પરનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રસ જીવ લેતો નથી, પણ તે પ્રત્યેના રાગનો રસ લ્યે છે ને ન ગોઠે ત્યારે દ્વેષનો રસ લ્યે છે. પોતાના આનંદને ચૂકી શોકને અનુભવે છે, શરીરની પીડાને ભોગવતો નથી પણ અરતિના પરિણામને ભોગવે છે. આ રીતે પરમાનંદશક્તિરૂપ ગુણ દુઃખ-વિકારરૂપ પરિણમ્યો. કર્મની વાત લીધી નથી. અંતર્મુખદૃષ્ટિ કર-એમ કહે છે. જગતમાં જે આનંદ મનાય છે તે બધું દુઃખ છે. એ રીતે જીવનો પરમાનંદગુણ દુઃખ-વિકારરૂપ પરિણમ્યો.

એ પ્રમાણે આ જીવના બીજા ગુણો જે-જે વિકારી થાય છે તે બીજા ગ્રંથોથી જાણવા. કર્તા નામનો ગુણ છે, તે રાગદ્વેષ કરી વિકારરૂપે પરિણમે છે. નિર્મળતા વ્યક્ત કરવાની શક્તિરૂપ કર્મગુણ છે, તે દુઃખરૂપ પરિણમે છે. કરણ-સાધન નામનો ગુણ વિકારનું સાધન કરી રહ્યો છે ને ઊલટો પરિણમે છે. સંપ્રદાન, અપાદાન, અધિકરણ, વૈભાવિક વગેરે ગુણો ઊલટા પરિણમે છે. જેટલા ગુણો ઊંધા પરિણમ્યા છે, તે ગુણોના વિકારને ચિદ્વિકાર નામ કહેવું. ગુણ-ગુણની અનંતી શક્તિ કહી છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, સ્વચ્છત્વ, વિભુત્વ આદિ દરેક ગુણની અનંતી શક્તિ છે. એક સત્તા નામનો ગુણ છે, તે અનંતા ગુણોમાં વિસ્તર્યો છે, માટે ગુણની અનંતી શક્તિ કહેવાણી. એક આત્મામાં અનંતા ગુણો છે. દર્શન અસ્તિપણે, જ્ઞાન અસ્તિપણે, એવી અસ્તિપણાની અનંતી શક્તિ છે. બધા ગુણોની આસ્તિકયતા સત્તાથી થઈ. 'છે' એવા ગુણથી અનંતા ગુણોની અસ્તિ થઈ. જો સત્તા ન હોય તો તેનું અસ્તિત્વ કેવી રીતે હોય? તે ગુણોનું ઉપાદાનકારણ તે-તે ગુણ છે, પણ સત્તાગુણ નિમિત્ત છે. સત્તાગુણ અનંતા ગુણોની જાહેરાત કરે છે. 'છે' એવા ગુણે બધા ગુણોને શાશ્વત્ રાખ્યા. દ્રવ્યનું લક્ષણ સત્ છે. જ્ઞાનગુણ 'છે' એમ કેમ કહેવાય? સત્તાને લીધે બધામાં 'છે' -પણું વ્યાપેલું છે. દરેક ગુણ અસહાય છે, પણ તે ગુણ 'છે' એ કેમ લાગુ પાડયું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સત્તાગુણને લીધે હોવાપણું છે, માટે દ્રવ્યનું લક્ષણ સત્ કહ્યું છે. સત્તાએ બધાને શાશ્વત રાખ્યા.

જો ચેતનાના અનંતા ગુણોનું સ્વરૂપ અસત્તા હોત તો જ્ઞાનસ્વરૂપ ચેતનાનો મહિમા અવિનાશી, નિત્યાનંદ ધ્રુવરૂપે ન રહેત. જે વસ્તુ-સત્ છે તે સત્ ન હોય તો તેનો જ્ઞાનાનંદ ન રહેત. આત્મા સચ્ચિદાનંદરૂપ છે. સત્ + ચિત્ + આનંદ = પોતે જ્ઞાન ને આનંદસ્વરૂપ છે.

'સત્ દ્રવ્ય લક્ષણમ્' દ્રવ્ય લક્ષ્ય છે ને સત્તા લક્ષણ છે. એ વાતથી શરૂ કર્યું. જડમાં સત્પણું છે, પણ જ્ઞાનાનંદપણું નથી. ભગવાન આત્માનું સત્ લક્ષણ છે ને જ્ઞાનાનંદ તેનું રૂપ છે, માટે સચ્ચિદાનંદરૂપ વડે આત્મા પ્રધાન છે. તે પાંચ અજીવ દ્રવ્યોમાં નથી.

આત્મા અરૂપી છે, તેમાં સ્પર્શ, રસાદિ નથી. તેમાં ત્રણ-લોકને જાણવા-દેખવાની શક્તિ છે. દર્પણની જેમ લોકાલોક ભાસવારૂપી સ્વચ્છત્વશક્તિ વગેરે અનંતી શક્તિ તેમાં રહેલી છે, છતાં કર્મોની સંગતિ વડે અવરાઈ ગયો છે ને શરીરપ્રમાણ સંકોચ-વિસ્તાર થાય છે.

કોઈ પ્રશ્ન પૂછે કે-આત્મા આકાશવત્ કેવી રીતે સંકોચ-વિસ્તાર પામે ?

**સમાધાન :-** સંકોચ-વિસ્તાર અનિત્ય પર્યાયનો ધર્મ છે, પણ સ્વભાવનો ધર્મ નથી. સંકોચ-વિસ્તાર પરના સંયોગે થાય છે. એક સાંકળી નાના છોકરાને પહેરાવતાં ડોકમાં ઘણા સરા લેવા પડે ને મોટા છોકરાને થોડા સરા લેવા પડે, પણ સાંકળીમાં સોનું ને મકોડા તો એટલા ને એટલા છે, તેમ આત્મા જે જે શરીરમાં ગયો તે તે શરીરના આકારે પર્યાયમાં સંકોચ-વિસ્તાર પામ્યો, તે કર્મ અને શરીરના નિમિત્તે થયો છે એમ બતાવ્યું.

ઝાડ વધે, ઇયળ મોટી થાય, મનુષ્ય વધે-તેમાં જો જીવ છે તો તે વધે છે. એકલાં લાકડાં વગેરે વધતાં-ઘટતાં નથી. જો પુદ્ગલ સંકોચે ને વિસ્તરે તો કાષ્ઠ-પથ્થર પણ વધે-ઘટે. માટે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહે છે કે જીવ વિના વધ-ઘટ થતી નથી. પથ્થરમાં એકેન્દ્રિય જીવ હોય છે તો તે વધે-ઘટે છે. વળી એટલા જીવમાં સંકોચ-વિસ્તાર થાય તો સિદ્ધમાં થવો જોઈએ, પણ ત્યાં સંકોચ-વિસ્તાર નથી. માટે જડ-ચેતન બન્ને મળતાં સંકોચ-વિસ્તાર થાય છે. એવો સંસારદશામાં પર્યાયધર્મ છે.

આમ કહી સંકોચ-વિસ્તાર પર્યાયનો ધર્મ બતાવ્યો છે, તે મૂળ સ્વભાવ નથી.

દરેક જીવમાં સિદ્ધના જેટલા ગુણો રહેલા છે. અજ્ઞાની જીવ બહાર ગોતે છે, પણ પોતાના ભગવાનને માન્યા વિના કાંઈ વળે તેમ નથી. દરેક ગુણ પોતાના પ્રદેશમાં છે. અસંખ્ય પ્રદેશમાં ગુણો પડયા-પાથર્યા છે, પણ ગુણદૃષ્ટિ વિના સવળું પરિણમન થયું નહિ. સંસાર અવસ્થાની દૃષ્ટિએ મોક્ષમાર્ગની શરૂઆત ન થાય. અનંતકાળ થયો પણ ચેતન કદી જડ થતો નથી. ચેતન તો એવો ને એવો પડયો છે, પણ અસંખ્ય પ્રદેશમાં રહેલા ગુણો અને તે ગુણોના સમૂહરૂપ દ્રવ્ય-તેની દૃષ્ટિ કર્યા વિના મોક્ષમાર્ગ થતો નથી. તારા અસંખ્ય પ્રદેશમાં ગુણો એવા ને એવા તાજા પડયા છે, કદી પણ ગંધાઈ ગયા નથી. હીણી પર્યાયના આશ્રયે મોક્ષમાર્ગ ન થાય, પણ ગુણોની દૃષ્ટિથી એટલે કે શ્રદ્ધા, જ્ઞાન, રમણતામાંથી જેટલી જેટલી શુદ્ધતા થતી ગઈ તેટલો તેટલો મોક્ષમાર્ગ થયો.

નિશ્ચયમોક્ષમાર્ગ બે પ્રકારનો છે-સવિકલ્પ તથા નિર્વિકલ્પ. સવિકલ્પ-ભેદવાળો-દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ત્રણ ગુણો ભેદરૂપ છે. એમ ત્રણ ભેદનો વિચાર કરે છે કે- "अहम् ब्रह्म अस्मि।" પછી હું આત્મા જ છું એવી સ્વભાવસન્મુખ લીનતા થઈ તે નિશ્ચયમોક્ષમાર્ગ છે. હું બ્રહ્માનંદ છું એવો રાગભાવ આવે છે તે મોક્ષમાર્ગ નથી પણ સ્વભાવસન્મુખ પોતે સ્થિર થઈ જાય, રાગનું અવલંબન છોડી અભેદ સ્વભાવમાં લીન થાય છે તે નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્વિકલ્પ કહો કે આત્માનો અનુભવ કહો-બન્ને એક જ છે. જીવની શક્તિ તો ત્રણકાળ-ત્રણલોકને જાણવાની છે. તેમાં જ્ઞાન જ્ઞાનને વેદે તેટલો જ્ઞાનનો વિકાસ થયો, તે અંશ સર્વજ્ઞશક્તિ પ્રગટ કરશે. સર્વજ્ઞશક્તિ ત્રિકાળ છે તેનું વેદન થયું. સર્વજ્ઞશક્તિના આધારે સ્વસંવેદન થયું છે. પુણ્ય-પાપના આધારે જ્ઞાન થતું નથી. આત્માની વાર્તા માંડી છે, જેને રુચિ હોય તેને સમજાય તેવી છે. આત્મા જાણનાર સ્વભાવી છે, તેનું સ્વસંવેદન જ્ઞાન પ્રગટી અનુભવ થયો. જેટલું સ્વસંવેદન થયું તેમાં સ્વજ્ઞાન વિશુદ્ધતાનો અંશ થતાં થયું. સર્વજ્ઞપણું આત્મામાંથી પ્રગટશે-એમ શ્રદ્ધાએ કબૂલ કર્યું. વળી સર્વ જ્ઞાનના પ્રતીતિભાવમાંથી આનંદ વધ્યો. પ્રતીતિ હતી ને આનંદ વધ્યો, જ્ઞાનની સ્વને પકડવાની તાકાત વધવા માંડી. ચિદાનંદ આત્મા છે, તેના ગુણોની પ્રતીતિ થવાથી મોક્ષ થાય છે. પ્રથમ સર્વજ્ઞગુણથી શરૂઆત કરી છે. આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે, તેની પ્રતીતિમાં દઢતા થતાં જ્ઞાન નિર્મળ થયું.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પોષ સુદ ૧૦, શુક્ર ૨૬-૧૨-૫૨
## પ્ર. - ૨૦

**અ**નુભવપ્રકાશ કહો કે ધર્મ કહો ન, અહીં તેની વિધિ બતાવે છે. આત્મામાં સર્વજ્ઞસ્વભાવ શક્તિરૂપે છે તેમાંથી પર્યાયો પ્રગટે છે. જેને પૂર્ણપદની પ્રાપ્તિ કરવી હોય તેણે સર્વજ્ઞશક્તિની પ્રતીતિ લાવીને પુરુષાર્થનું જોર અંતરમાં વાળવું જોઈએ. પર્યાયમાંથી આવરણ ટળતાં પૂર્ણ જ્ઞાન પ્રગટ ન થાય એમ બને નહિ ને તેનું સાધન પોતામાં ન હોય એમ બને નહિ.

સર્વ જ્ઞાનના પ્રતીતિભાવમાં આનંદ વધ્યો, જ્ઞાન અધિક નિર્મળ થતું ગયું. જે જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે તેમાં જ્ઞાનબળની પ્રતીતિ કારણ છે, રાગ કે નિમિત્ત જ્ઞાનનું કારણ નથી. બીજું ઉપચારકારણ તો જાણવા માટે છે. આત્મા જાણનાર સ્વભાવી છે માટે તેમાં અજાણપણું રહે તેમ બને નહિ ને પુદ્ગલ અચેતન છે માટે તે જરાપણ જાણે તેમ બને નહિ. જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવી એ એક જ ધર્મનો પ્રાથમિક માર્ગ છે.

કેવળજ્ઞાન પ્રગટ નથી ત્યાંસુધી જ્ઞાન પરોક્ષ છે. સાધકનું જ્ઞાન રાગમાં અટકે છે, તોપણ જ્ઞાન જ્ઞાનને જ વેદીને સ્વજાતિનો આનંદ થાય તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાનઅચારિત્ર છે. તે જ્ઞાન સ્વરૂપનું થયું, સ્વ-સંવેદન થતાં જ્ઞાન સ્વરૂપનું થયું. જે જ્ઞાન એકલા રાગને નિમિત્તમાં અટકતું તે સ્વસંવેદન ન હતું. પોતાની પ્રતીતિના જોરે જે સ્વસંવેદન જ્ઞાન પ્રગટે છે મોક્ષનું કારણ છે. આ સાધકની વાત ચાલે છે.

આત્મા ચિદાનંદમૂર્તિ છે, તેનું એક અંશે વેદન થવું તે સર્વ સંવેદનનું અંગ છે. જ્ઞાન જ્ઞાનની જાતને વેદે (પુણ્ય-પાપને ન વેદે) તે કેવળજ્ઞાનનું અંગ છે. વ્યવહારથી કે દેહની ક્રિયાથી

કેવળજ્ઞાન પ્રગટતું નથી. અંદર જે જ્ઞાન-દર્શનશક્તિ છે, તેની સન્મુખ થઈ જ્ઞાનનું જ્ઞાનપણે જાણવું તે સ્વ-સંવેદન જ્ઞાન છે ને તેના કારણે કેવળજ્ઞાન પ્રગટે છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે તેને વેદવામાં આવે તે મોક્ષમાર્ગ છે, રાગને વેદવામાં આવે તે સંસાર છે. જ્ઞાનનું વેદન જ્ઞાની જાણે, પણ અજ્ઞાની જાણે નહિ. તે તો રાગ-વ્રતાદિમાં ધર્મ માની સંસારને વેદે છે. પોતે પોતાને જાણતાં સ્વ-અનુભવ થયો તે પોતે જાણે, બીજા જાણે નહિ. અજ્ઞાનીને ભરોસો આવે નહિ. સર્વજ્ઞ થયા તે મારી જાતના છે. પોતે પોતાનો પુરુષાર્થ કરી પૂર્ણ થયા તે સર્વજ્ઞ છે ને સર્વજ્ઞશક્તિને પ્રતીતિમાં લાવી જ્ઞાનને વેદ્યું તે મોક્ષમાર્ગ છે. પ્રમત્ત-અપ્રમત્તભાવ મારું સ્વરૂપ નથી, હું એકલો જ્ઞાયકભાવ છું. તેનું વેદન જ્ઞાની જાણે.

જ્ઞાનસ્વરૂપથી બહાર જેટલા વિકલ્પ ઊઠે તે સંસાર છે. વ્યવહારરત્નત્રયાદિનો વિકલ્પ સંસાર છે. આત્મા દેહ, મન ને વાણીથી જુદો છે, પુણ્ય-પાપ સંસાર છે, તેનાથી રહિત શુદ્ધ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા તે મોક્ષમાર્ગ છે; બાકી રાગાદિ પરિણામ સંસારમાર્ગ છે.

જે જ્ઞાનાનંદ સ્વભાવ છે તેનાથી વિપરીત ભાવ સંસાર છે. જ્ઞાનસ્વભાવી આત્મામાં એકાગ્ર થવાથી અથવા ગુણ-ગુણીની અભેદતાથી મોક્ષમાર્ગ પ્રગટે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિના પરિણામ આવે તે તથા વ્રત, તપ, જપ, દયા, દાન વગેરે શુભભાવ બધો સંસાર છે ને આત્માનો અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે.

આ વિધિ કબૂલ કરવાનું વીર્ય ન હોય તે જીવ અંતરપરિણામ લાવે ક્યાંથી?

જ્ઞાનાનંદનું સ્વરૂપ-આચરણ કરે અથવા અંશે સ્થિર થાય તે સાધક છે. સાધક અવસ્થામાં મોક્ષમાર્ગ છે. જ્ઞાનાનંદજ્યોતિના અવલંબને જે દશા પ્રગટે તે મોક્ષમાર્ગ છે ને પૂર્ણદશા થાય તે મોક્ષ છે. બાકી રાગાદિ પરિણામ કજાત છે-સંસાર છે. અજ્ઞાની જીવ કજાતને માહાત્મ્ય આપી સંસારમાં રખડે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાજા પાસે જવું હોય તો તેના ઇલ્કાબ-નેક નામદાર, શમશેરબહાદૂર વગેરેથી બોલાવે તો મહેલની અંદર જઈ શકે ને મુલાકાત થાય, પણ રાજાને ગાળો આપે તો રાજદરબારમાં જવા ન દે. તેમ ચિદાનંદ ચૈતન્ય-રાજાની વિરુદ્ધ પુણ્ય-પાપનાં વખાણ કરીને અંદર આત્મામાં પેસાય નહિ, પણ જેવો સ્વભાવ છે તેવા તેનાં ગુણગ્રામ કરે, પ્રતીતિ કરે તો આત્માની અંદરમાં પેસાય. અધૂરી દશામાં શુભરાગ આવે છે પણ તે બંધન છે, સ્વભાવના આશ્રયે જે દશા પ્રગટે તે મોક્ષમાર્ગ છે ને પૂર્ણદશા પ્રગટે તે મોક્ષ છે. પુણ્યથી પવિત્રતા પ્રગટતી નથી. પોતાના ચિદાનંદના અવલોકન વિના બહારના અવલોકને જીવ રખડયો છે.

હું આત્મા જ્ઞાનાનંદ છું તેવી પ્રતીતિ કરી જેટલો સ્થિર થયો તેટલો આવરણનો અભાવ થયો ને તેટલો તેટલો શુદ્ધ થયો.

સ્વરૂપની વાર્તા પ્રીતિ કરી સાંભળે તેને ભાવી મુક્તિ કહી છે-

तत्प्रति प्रीतिचित्तेन येन वार्तापि हि श्रुता ।
निश्चितं स भवेद्भव्यो भावि निर्वाण-भाजनम् ।।

(પદ્મનંદી પંચવિંશતિકા)

જેણે વિકાર રહિત આત્માની પ્રતીતિ કરી ને પુણ્ય-પાપની પ્રીતિ છોડી છે તેણે શાસ્ત્ર સાંભળ્યું છે. સ્વરૂપની પ્રીતિ કરી સ્વરૂપની વાર્તા સાંભળે તે જીવ અલ્પકાળમાં મુક્તિ પામે, પણ અજ્ઞાની કહે છે કે મુક્તિ માટે બહારનાં કાંઈ સાધન નહિ હોય? ના. જે શુભરાગ આવે છે તે બધા વિકલ્પો છે, તે સાધન નથી. અનંતા સિદ્ધો સ્વરૂપને સાધી સિદ્ધ થયા છે. આત્મામાં ચિદાનંદ સિવાય વિકાર આદિ કાંઈ પણ નથી. જ્ઞાયક અનાકુળ આત્માની વાર્તા પ્રીતિ કરી, સ્વસન્મુખ રહી સાંભળે તે જીવ મુક્તિનું ભાજન અવશ્ય થાય છે.!

અહો! આત્મા પરિપૂર્ણ જાણનાર સ્વભાવી છે, રાગ તથા શરીરાદિને ભિન્નપણે જાણે છે. પૂર્ણ જ્ઞાનપ્રકાશથી ભરેલો ચૈતન્ય પોતે છે, તેવી પ્રીતિ અથવા રુચિ કરી તેની લીનતા કરે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

તે જીવ કેવળજ્ઞાન પામશે. અનંતવાર મિથ્યાદ્રષ્ટિ જીવ નવમી ગ્રૈવેયકે ગયો પણ સ્વરૂપની રુચિ કરી નહિ. અજ્ઞાનીને વ્યવહારમાં મજા આવે છે પણ વસ્તુ તો જ્ઞાનગોળો છે, તેના સ્વરૂપનું માહાત્મ્ય તેને આવતું નથી. એક સમયના સંસારની પ્રીતિ છોડી સ્વભાવની પ્રીતિ કરે તો સંસારનો અભાવ થાય છે. છાણાને ચિનગારી લાગતાં રાખ થઈ જાય છે, તેમ અંતરશાંતિનું કારણ આત્મા છે, એમ પ્રતીતિ કરીને લીનતા કરે તો સંસારની રાખ થઈ જાય છે.

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा ।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ।।

(સમયસાર ગાથા-૪)

બંધકથા જીવોએ સાંભળી છે. ઇચ્છા કરું, દયા કરું તો ધર્મ થાય-વગેરે વાત ઘણીવાર સાંભળી છે. જીવોએ કામ, ભોગ, દયા-દાન વગેરેની વાતો સાંભળી છે, પણ રાગથી જુદા ને જ્ઞાયકથી એકરૂપ એવા આત્માની વાત સુલભ નથી ને જો આત્માની વાત પ્રીતિથી સાંભળે તો મુક્તિ થાય. આ સમયસારમાંથી લીધેલ છે, સમયસારમાં બધાં શાસ્ત્રોનાં બીજ છે, પણ અજ્ઞાની લોકો વ્યવહારની પકડ રાખે છે. અંતરમાં શક્તિ ન હોય તો પરમાત્મદશા પ્રગટ ક્યાંથી થશે? દેહ-મન-વાણી ને વિકલ્પમાંથી પ્રગટ થશે? ના. પરથી જુદી ને સ્વથી એકત્વ એવી નિજશક્તિમાંથી જ્ઞાન પ્રગટે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની તથા વ્યવહારની પ્રીતિ અનંતવાર કરી પણ સ્વરૂપની રુચિ કરી નહિ. જો સ્વરૂપની રુચિ કરે તો દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રીતિને વ્યવહાર કહેવાય.

શુદ્ધ સ્વભાવ નિશ્ચયનયનો વિષય છે. સ્વાશ્રયે પ્રગટતો વીતરાગભાવ કે જે સ્વથી અભેદ છે તે નિશ્ચયનયનો વિષય છે અને વ્યવહારરત્નત્રય આદિ પરાશ્રયરૂપ રાગપરિણામ વ્યવહારનયનો વિષય છે. બન્ને નયોના વિષયને વિરોધ છે. વ્યવહારથી સંસાર છે ને નિશ્ચયથી મોક્ષ છે. નિશ્ચયથી મુક્તિ થાય ને રાગથી

પણ મુક્તિ થાય એમ બે વાત ન હોય. વ્યવહાર છે ખરો, તેનું જ્ઞાન કરવા જેવું છે, એમ કહી સ્યાદ્વાદ વિરોધને મટાડે છે. અધૂરી દશામાં શ્રવણ આદિનો શુભરાગ હોય છે, પણ જે ભાવથી મુક્તિ થાય તેનાથી શુભભાવ વિરોધભાવ છે, છતાં તેને સાધન માનવું તે સંસાર છે.

આ માર્ગ સહેલો છે પણ અજ્ઞાનીએ મોંઘો કરી મૂકયો છે. વળી પ્રીતિ કરી વારંવાર સાંભળે છે-એમ કહ્યું છે. તેનો અર્થ એમ છે કે તેને સ્વભાવ રુચે છે, જ્ઞાયકની વાત સાંભળે છે, રાગ બંધનું કારણ છે એમ વારંવાર સાંભળે છે, પુણ્ય-પાપને વ્યવહાર ઉપર ગમે તેટલા નિષેધના કોરડા પડે તોપણ સાંભળે ને આત્મસ્વભાવની વાત સાંભળે, તેને આત્માની રુચિ છે.

અધૂરી દશામાં શુભરાગ આવે છે. ઇન્દ્રો પણ ભગવાન પાસે ભક્તિ વખતે નાચે પણ તે શુભરાગ પરલક્ષી ચીજ છે, અંતરની ચીજ નથી. જ્ઞાની તથા અજ્ઞાની બન્નેને રાગના કાળે રાગ થાય છે પણ તેનું લક્ષ કઈ બાજુ છે તે ઉપર આધાર છે.

જ્ઞાન ને આનંદ મારૂં સ્વરૂપ છે-તેવી વાર્તા કરે તો અનુપમ સુખ થાય ને અનુભવ કરે તેના મહિમાને કોણ કહી શકે? ભગવાનની વાણીમાં વાણી આવે, વાણીમાં પરમાત્માનો અનુભવ આવતો નથી. વાણીને વાણીની ખબર નથી, તથા પરમાત્માની ખબર નથી. વાણી વાણીની વાર્તા કરે ને વાણી પરમાત્માની વાર્તા કરે. વાણીમાં પરમાત્માને કહેવાનો ગુણ છે, પણ પરમાત્માને જાણવાનો ગુણ નથી. પરમાત્માની વાર્તા કહેવાનો ગુણ આત્મામાં નથી. આત્મામાં જાણવાની તાકાત છે, તે પોતાને જાણે ને વાણીને જાણે પણ આત્માની વાર્તા કહેવાનો ગુણ એટલે વાણીનો ગુણ આત્મામાં નથી-આમ ભેદજ્ઞાન કરવું જોઈએ.

મારી નાત ચૈતન્યની છે-વાણી સાંભળીને જે આવો ભાવ કાઢે તે જીવ આત્માનો અનુભવ કરી પરમાત્મા થાય. વાણી જડ છે, તેને તો ખબર પણ નથી કે આત્મા અબંધ છે, પણ આત્માને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધી ખબર પડે. જે વિકાર થાય છે તે મારી જાત નથી, હું ચૈતન્યસ્વરૂપી છું, એમ પોતાની પ્રતીતિ કરી, અનુભવ કરી પરમાનંદ દશા પામ્યો. જેવું દ્રવ્ય શક્તિરૂપે પૂર્ણ હતું તેવી પર્યાય પૂર્ણ થઈ ગઈ, તેની શી વાત કરવી? તેનો મહિમા કોણ કરી શકે?

હું જ્ઞાનાનંદ છું એવો નિશ્ચય કરીને ઠીક ભાવના કરે તેટલું સ્વ-સંવેદન થાય. નિશ્ચય એટલે શ્રદ્ધા, ભાવના એટલે સ્થિરતા, સ્વ-સંવેદનજ્ઞાન તે જ્ઞાન. આમ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર ત્રણેની સિદ્ધિ થાય છે. ત્રણેની એકતા થઈ તે આત્માની મુક્તિ થાય છે. પ્રથમ વિધિ જાણવી જોઈએ. બારોટ બાપદાદાની વાતો કરે ને ગુણગ્રામ ગાય તો જીવ ખુશી ખુશી થઈ જાય. અહીં સર્વજ્ઞ ભગવાન ત્રણ કાળની વાત કરે છે ને તારા આત્માનાં ગાણાં ગાય છે, પણ અજ્ઞાનીને સમજણ કરવાની વાત બેસતી નથી.

ભગવાન આત્મા ગુપ્ત શુદ્ધ શક્તિવાન છે. વર્તમાન અવસ્થા પ્રગટ છે તેમાં આખું તત્ત્વ આવી જતું નથી. એકરૂપ સદશ સ્વભાવમાં જ્ઞાનપર્યાય એકાગ્ર થાય તે મોક્ષમાર્ગ છે. “सिद्ध समान सदा पद मेरो” તે શક્તિની વાત છે. અવ્યક્ત દ્રવ્યમાં પરિણતિ એકાગ્ર થાય, જેમ જેમ શુદ્ધતાની પ્રતીતિમાં પરિણતિ સ્થિર થાય તેમ તેમ મોક્ષમાર્ગની શુદ્ધિ થાય. ધ્રુવસ્વભાવમાં એકાગ્ર થાય તો મોક્ષમાર્ગ થાય. જેમ ધ્રુવતારા સામે નજર રાખીને વહાણમાં હોકાયંત્ર રાખે છે તો દિશાનું જ્ઞાન થતાં વહાણ સહીસલામત પહોંચે છે, તેમ આત્મા ઈશ્વર છે, તેનો ધ્રુવકાંટો અંતરમાં છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી રમણતા કરે તો મુક્તિ થાય.

પ્રથમ આ વાત સાંભળ તો ખરો ને રુચિ તો કર. આ ચિદાનંદ ભગવાનની ટંકશાળ છે.

જેમ કોઈ પુરુષ રસ્તાના ઘણા ગાઉ કાપે તેમ નગર નજીક આવે, તેમ અંતરશક્તિની પ્રતીતિમાં જોર કરે-દ્રવ્યની પ્રતીતિમાં અવગાઢ-ગાઢ-દઢ થાય. અંતર એકાગ્ર થાય તો મુક્તિ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અવગાઢ=નિશ્ચય પ્રતીતિ. અંતર્મુખ શક્તિને અવલોકતાં મોક્ષનગર નજીક આવે, એટલે કે પોતાની પૂર્ણ શુદ્ધતા નજીક થાય.

પોતે જ્ઞાયક ચિદાનંદમૂર્તિ છે એવી શ્રદ્ધા ને રમણતારૂપી પરિણતિના ખેલ કરી પોતે સંસારથી પાર થાય, તેમાં ખેદ નથી. જ્ઞાયક મારું સ્વરૂપ છે, તેમાં એકાગ્ર થતાં સંસારરૂપી દરિયો પાર કરી આનંદ પામે. આત્માનો રમતિયાળ સ્વની રમત કરી મુક્તિ પામે છે.

સંસારદરિયામાં પુણ્ય-પાપના કલ્લોલો ઊઠે છે, ભ્રાંતિ, અજ્ઞાન ને રાગ-દ્વેષના કલ્લોલો ઊઠે છે, તેવા ભવસમુદ્રનો પાર ચિદાનંદના ખેલથી પમાય છે.

પુણ્ય-પાપ આદિ વિકારને મારા માની સંસાર વિષમનો આદર કર્યો છે. ભેદજ્ઞાન વડે ગુપ્ત શક્તિની પ્રતીતિ ને રમણતા કરી રમતમાત્રમાં સંસારનો પાર પમાય છે, પણ અજ્ઞાનીએ શુભાશુભમાં લીનતા કરવાથી સંસારને વિષમ કર્યો છે. પુણ્ય-પાપ મારાં તે સંસાર છે, ને સ્વભાવની પ્રતીતિ ને રમણતા કરી પૂર્ણ દશા પ્રગટે તે મોક્ષ છે. બન્ને અવસ્થાઓ છે. પર્યાયમાં સંસાર છે ને તેનો અભાવ કરી મોક્ષ કરે તે પણ પર્યાય છે. **નિજપરિણતિએ મોક્ષ છે ને પર પરિણતિએ સંસાર છે.** નિજ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતા એવી નિજપરિણતિથી મોક્ષ છે, ને વિકારાદિ પરપરિણતિથી સંસાર છે.

સત્સંગથી ને અનુભવી જીવના નિમિત્તથી સ્વરૂપની નિજપરિણતિ થાય. અહીં જ્ઞાનીનું નિમિત્તપણું બતાવે છે. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવની પરિણતિ જ્ઞાનીના નિમિત્તે થાય છે, અજ્ઞાનીના નિમિત્તે થતી નથી, તેમ એકલા શાસ્ત્રના નિમિત્તની પણ વાત નથી. આવી રીતે વિષમ મોહ મટે ને પરમાનંદને ભેટે.

નિર્ગ્રંથ સંતોએ સ્વરૂપ પામવાનો રસ્તો સહેલો કર્યો છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ સુદ ૧૧, શનિ ૨૭-૧૨-૫૨
## પ્ર. - ૨૧

**જ્ઞા**ન ને આનંદ આત્માનું સ્વરૂપ છે. તેની અંતર્દ્રષ્ટિ કરવી ને સ્થિરતા કરવી તે અનુભવપ્રકાશ છે. આત્માની રાગ-દ્વેષ પર્યાય તે સંસાર છે ને વીતરાગી આનંદદશા તે મોક્ષની કરનાર છે, શરીરાદિની ક્રિયા સંસારની કે મોક્ષની કરનારી નથી. નિજપરિણતિ તે મોક્ષ છે. જ્ઞાનીને શુભરાગમાં વ્રત-તપ આદિ થાય તે પણ બંધન ભાવ છે, ચૈતન્યના અવલંબને અબંધ અંશ પ્રગટે તે મોક્ષમાર્ગ છે.

હવે નિમિત્ત બતાવે છે. કોઈ નિમિત્ત ઇષ્ટ કે અનિષ્ટ છે જ નહિ, પણ અંતરસ્વભાવની સમજણમાં ગુરુ નિમિત્ત છે. પુણ્ય-પાપ બાહ્ય સામગ્રી આપનારા છે. અંતર્દ્રષ્ટિ મુક્તિનું કારણ છે. તેમાં નિમિત્ત સત્‌સંગ છે. આત્મા જ્ઞાનસ્વરૂપી છે-એવું ભાન થવા પહેલાં અનુભવી જીવનું નિમિત્ત હોય છે. કોઈ કહે કે તેમ માનવાથી નિમિત્ત ઇષ્ટ થઈ જાય છે ને તેથી મિથ્યાદ્રષ્ટિ થઈ જાય છે, તો તે વાત ખોટી છે. વળી કોઈ કહે કે ગમે તે નિમિત્ત હોય તોપણ વાંધો નથી, તો તે પણ ખોટું છે. પોતે પોતાના સ્વભાવનું ભાન કરે ત્યારે સત્‌નિમિત્ત હોય. જેમ ગતિરૂપ જીવપુદ્‌ગલ સ્વયં પરિણમે છે ત્યાં ધર્માસ્તિકાયને નિમિત્ત ગણાય છે, તેમ પોતે શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરે તે વખતે જ્ઞાનીનું નિમિત્ત હોય છે. કુદેવ, કુગુરુ નિમિત્તરૂપે ન હોય ને એકલાં શાસ્ત્ર પણ નિમિત્ત ન હોય. કોઈ કહે-ધર્માત્માને નિમિત્ત કહેશો તો તે ઇષ્ટ થઈ જશે. તો કહે છે કે ના, તેમ નથી. સ્વ-પર પ્રકાશક જ્ઞાન પ્રગટતાં સાચા ગુરુ નિમિત્તરૂપે હોય એમ જાણી લ્યે છે. પરમાર્થે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતાનો આત્મા જ પોતાને માટે ઇષ્ટ છે, ઉત્તમ, મંગળ અને શરણરૂપ છે. તો શુભરાગમાં વ્યવહારે સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ આદિને નિમિત્ત કહેવાય છે.

પોતાની પાત્રતાથી મોહ મટે ને પરમાનંદદશાનો સાક્ષાત્કાર થાય આનું નામ ધર્મ છે, એ મોક્ષમાર્ગ છે, તે જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય છે. ગ્રંથકર્તા શ્રી દીપચંદજી ગૃહસ્થ હતા. તેઓ કહે છે કે જ્ઞાનનો રાહ સ્વરૂપમાં દૃષ્ટિ કરવાથી મળે છે. એવો પંથ શ્રી કુંદકુંદાચાર્ય આદિ મુનિઓએ સહેલો કર્યો છે. રાગની રુચિ રાખી અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો, દયા-દાનાદિ કર્યા પણ તે પરાશ્રય છે, પુણ્યપરિણામ છે, માટે તે વડે આત્માને ગ્રહણ કરવો કઠિન છે, પણ તેને સ્વાશ્રયદૃષ્ટિથી-અંતરથી પકડવો તે સહેલો છે. સંતોએ માર્ગ સુલભ બતાવ્યો છે. અજ્ઞાની બહારથી ધર્મ માની દુર્લભ માને છે, પણ ખરેખર તે દુર્લભ નથી.

ભગવાન આત્મા શક્તિએ પૂર્ણ ભરેલો છે. શરીર, મન, વાણીમાં ગુપ્ત છે. અનાદિ કાળથી અનંત ભવ કર્યા, પણ હું ચૈતન્ય કોણ છું, તેની સંભાળ કરી નહિ. અનેક શરીર ધારણ કર્યા, પણ જીવ એનો એ છે. ચોરાશી લાખ યોનિમાં અવતર્યો, પણ કયાંય સ્થિર થયો નહિ. આત્મા જ્ઞાનસૂર્ય છે, ચૈતન્યજ્યોતિ છે, શરીર અને પુણ્ય-પાપથી રહિત છે, તેને ન પહોંચે ત્યાંસુધી આત્માનું કાર્ય સરે નહિ.

પૈસાથી ધર્મ થતો નથી. રાગ મંદ કરે તો પુણ્ય થાય. ઘણા ઉપવાસ કર્યા, સૂર્યના તડકે તપ્યો, પણ જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્માની જેણે સન્મુખતા કરી નહિ તેનાં તપ, જપ આદિ સંસારમાં રખડવા માટે છે. આખી જીંદગી નવ નવ કોટીએ બ્રહ્મચર્ય પાળે પણ જ્ઞાનને જ્ઞાનથી વેદ્યા વિના બ્રહ્મચર્યથી શું વળ્યું? વસ્ત્ર-પાત્ર છોડી નગ્ન મુનિ થાય. જંગલમાં વસે તોપણ શું થયું? જેવા સિદ્ધ ભગવાન છે, તેવો આ આત્મા સ્વભાવે પૂર્ણ છે. એવો અપૂર્વપણે ભાવ ભાસ્યા વિના યતિના ભેખ ધારણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરે તોપણ શું થયું? એવા ભેખથી કાંઈ વળે તેમ નથી. ખૂબ, સાદાઈ કરે, બે પૂરી અને પાશેર દૂધ લ્યે તોપણ કાંઈ વળે તેમ નથી, તો ભ્રમ-ખેદ કેમ મટે?

આત્મા અમૃતમૂર્તિ છે, તેને પીવાથી મિથ્યાત્વ મટે, બીજી કોઈ રીતે મટતું નથી. પુણ્ય-પાપ રહિત સ્વભાવમાંથી આનંદનું ઝરણું વહેતાં મિથ્યાત્વનો ભ્રમ મટે ને સંસાર ટળે. જેમાં જરા કે મૃત્યુ નથી-એવા આત્માના અમૃતને સેવવાનો માર્ગ ક્યો છે? તે અહીં કહીએ છીએ.

નવ તત્ત્વમાં આત્મા એક તત્ત્વ છે, જ્ઞાનાનંદથી ભરેલો છે, તેને અવલોકી અનુભવ કરો. વિકારના અનુભવમાં અનંતકાળ ગયો, હવે તો આત્માને અનુભવો. -કેવી રીતે?

પર પદાર્થોના લક્ષે થતા રાગ-દ્વેષથી અથવા શુભથી કલ્યાણ થશે તેવી માન્યતા અવિદ્યા છે. ચૈતન્યનો કૌતુહલી થઈને વિકારથી લાભ માનવાની બુદ્ધિ છોડો. આત્માના ભાનવિના બધાં વ્રત, તપ, જપ, આદિ રણમાં પોક મૂકવા જેવાં છે. "એકવાર તત્ત્વનો કૌતુહલી થા," એમ શ્રી અમૃતચંદ્ર આચાર્ય કહે છે. ઓઝલમાં રહેલી રાણી જોવાનું કૌતુહલ થાય, ચક્રવર્તીનો ચોસઠસરો હાર જોવાનું કૌતુહલ થાય, પણ તેમાં કાંઈ માલ નથી. એક વાર તારા તત્ત્વનો કૌતુહલી થા. પુણ્ય-પાપની ઓઝલમાં પડેલું ગુપ્ત તત્ત્વ છે. પુણ્ય-પાપની રુચિમાં આત્માની સૂઝ પડતી નથી. એકવાર જ્ઞાનજ્યોતની કુતૂહલતા કર. આત્મા આનંદની ખાણ, બેહદ વીર્યની મૂર્તિ, ઉપશમરસનો કંદ છે, ધ્રુવ શક્તિએ સદા એવો જ છે, પણ વર્તમાનદશામાં પુણ્ય-પાપની બુદ્ધિમાં અટકયો તેથી દેખાતો નથી. 'એકવાર સમ્મેદશિખર જાત્રાએ જાય તો નરક મટી જાય' -એમ માન્યતા કરી તેનું બહુમાન આવે છે, પણ અનંતી શુદ્ધ પર્યાય વહે તેવો ચિદાનંદ આત્મા સમ્મેદશિખર છે, તેનું બહુમાન કર્યું નહિ. જીવો બહારમાં ફરવા જાય છે ને મોજ માને છે. અહીં કહે છે કે નિજ આનંદની કેલિરૂપી કળા વડે સ્વ-પરને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખ. શરીર, મન, વાણી સંગે અનંતકાળ રખડયો, આત્માનો સંગ કરે તો મોહનો સંગ ન રહે.

મારું હિત ચિદાનંદની અંતરમાં છે ને વિકારાદિ પરિણામમાં અહિત છે. હિત અને અહિત વચ્ચેનો ભેદ જ્ઞાનવડે અનુભવ કર. પુણ્ય-પાપના પરિણામ કર્મચેતના છે ને હરખશોકના પરિણામ કર્મફળચેતના છે, તેને છોડી જ્ઞાનચેતનાનો અનુભવ કર. અનાદિ અખંડ બ્રહ્મપદનો વિલાસ તારા જ્ઞાનની ઉગ્રતામાં છે. પુણ્ય-પાપમાં જ્ઞાન વાળ્યું છે, તેને બદલે અંતર્સ્વભાવમાં વાળ, ઉગ્રતા કર. આમ જ્ઞાનક્રિયા કરે તો શુભરાગને વ્યવહાર કહેવાય છે. તારા જ્ઞાનની ઉગ્રતામાં ચૈતન્ય વશ થાય તેવો છે. પુણ્ય-પાપ તારૂં સ્વરૂપ નથી, પૂર્ણ પદમાં જ્ઞાનની કટાક્ષ માર તો આનંદનો અનુભવ થાય તેમ છે. સંયોગદૃષ્ટિ વડે સંયોગીભાવની ભાવનારૂપ અજ્ઞાન છે, તે પડદો ક્યારે મટે? જ્ઞાનીનું વચન એ છે કે તારા ચિદાનંદ તરફ જો, અમારા તરફ પણ ન જો. અંતરગુપ્ત શક્તિ કર્મના પડદે પડેલી છે, તેને જો. જ્ઞાનની આંખો ઉઘાડ. ક્રમેક્રમે કેવળજ્ઞાન પ્રગટ થશે ને લોકાલોક દેખાશે. સાદિ અનંત તેવી દશા રહેશે. જ્ઞાનસ્વરૂપ શક્તિમાં છે તેને વ્યક્ત કરવાનો પ્રયત્ન કર, તેનો મહિમા અપાર છે. અનંતા સંતો આવું ભાન કરી મુક્તિ પામ્યા છે.

પોતે જ્ઞાનમય મૂર્તિ છે. કોઈ લાકડાની કે આરસની મૂર્તિ છે, રત્નની મૂર્તિ છે તે બધી જડ છે. શરીર તારી ચીજ નથી, પુણ્ય-પાપ ઉપાધિ છે, તું જ્ઞાનમય છો. તેના ઉપર ત્રાટક કર. મીઠું એટલે ખારનો ગાંગડો, તેમ આત્મા જ્ઞાનનો ગાંગડો છે. તેની શોભા કર, તેમાં સહજ પદનો ખ્યાલ આવે છે. તેનું સેવન કરી અનેક મુનિ પાર થયા. રાગાદિ પરનો પરિચય કરીશ તો સ્વભાવનો અનુભવ થશે નહિ. નિમિત્તનો પરિચય વિષમ છે. ભગવાન આત્મા સહજ જ્ઞાનમૂર્તિ છે-સહજ બોધ-સ્વરૂપ છે. પૂજા કરે, દયા-દાનાદિ ભાવ કરે, એ વગેરેથી આત્મા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દૂર છે, ને તેવા પરિણામથી ચોરાશીના અવતાર નજીક છે. ચૈતન્યની દૃષ્ટિ કરવાથી ને નિમિત્ત તથા પુણ્ય-પાપની રુચિ છોડવાથી સ્વભાવ સહેલો છે.

અફીણ ખાવાથી ઘેન ચડે છે, તેમ પુણ્ય-પાપ વડે ધર્મ મનાવાથી અજ્ઞાન ને મિથ્યાત્વનો કેફ ચડે છે. વ્યવહારરત્નત્રયનાં પરિણામ નિશ્ચયથી ઝેર છે ને આત્માનો અંતરસ્વભાવ અમૃત છે. તેની રીત તો પકડ. તે સિવાય બીજો રસ્તો નથી.

ક્રિયાકાંડના કલેશમાં શાંતપદ નથી. છ-છ મહિનાના ઉપવાસ કરે ને ભાન વિના સાધુ થાય તોપણ ચિદાનંદપદ પ્રાપ્ત થાય તેમ નથી. અંતર સુખનિધાન સ્વરૂપની રુચિ કર. સુખનિધાન પોતાનો આત્મા છે, એવો સર્વજ્ઞે જાણ્યો, વાણીએ ગાયો ને એવું જ પોતાનું સ્વરૂપ છે. તેની ભાવનાથી અવિનાશી આનંદ પામે. તે રસને સેવીને મુનિઓ આત્મજ્ઞાની થયા છે. વિકારને જાણ્યો છે પણ તે વિકારને સેવ્યો નથી. માટે તે રસને તું સેવ. તું જ્ઞાન-આનંદસ્વરૂપ છો. પ્રાપ્તની પ્રાપ્તિ થાય. અંતરશક્તિમાં આનંદ ને વીતરાગતા છે, તેને સેવવાથી તે પ્રગટ થશે.

પર્યાયના રાગ-દ્વેષ ગૌણ કરીએ તો આત્મા જ્ઞાનનો સૂર્ય છે. તે પોતાનું પદ છે. વિકાર પોતાનું પદ નથી. પરમેશ્વર પણ અંતરમાં છે, બહારમાં મળે તેમ નથી. સાધકને શુભરાગ આવે છે ને બાહ્યમાં લક્ષ જાય છે પણ તે શ્રેયપદ નથી. અલૌકિક ગાણાં ગાયાં છે. લગ્ન વખતે બહેનો ગાણાં ગાય છે કે-થાળ ભર્યા શગ મોતીએ, હાથી ઝુલે... પણ ઘરમાં મોતી અને હાથી નહીં હોવા છતાં મલાવા કરીને વખાણ કરે છે. વસ્તુસ્વરૂપનાં ગાણાં કેવળીની વાણીએ પૂરાં પડે તેમ નથી. અજ્ઞાની ગુલાંટ ખાઈ ગયો છે. પરનાં ગાણાં ગાય છે ને તેમાં મજા માને છે. પોતે પોતાનો પ્રભુ છે, પોતાનો પ્રભુ બહારમાં નથી. પોતાની શક્તિનો મહિમા અપાર છે, તેવો પ્રભુ પોતે છે, પોતે પોતાને નિશ્ચયપ્રભુ સ્થાપે તો બાહ્ય ભગવાનને વ્યવહારે પ્રભુ કહેવાય.

પૃષ્ઠ ૩૨માં કહ્યું છે કે, “સ્વરૂપની પ્રતીતિમાં પરિણતિ અવગાઢ ગાઢ દઢ થાય તો મોક્ષનગર નજીક આવે.” પોતે ચિદાનંદ પ્રભુ છે-એમ પાકું કર, એકવાર દઢતા કર, પછી રમણતા થશે. ચિદાનંદ સ્વભાવની ભક્તિ કર, બીજા પ્રભુ તને કાંઈ આપે એમ નથી. ભગવાન કહે છે કે તારું પદ અમારી પાસે નથી, તું તને જો.

ચિદાનંદ પ્રભુ છે, એમ યાદ કર તો જ્ઞાનજ્યોતિનો ઉદય થાય ને મોહ અંધકાર નાશ પામે. સૂરજ પાસે અંધકાર આવી ન શકે. ચૈતન્ય જ્ઞાયકજ્યોતિનું ભાન થયે મોહઅંધકાર રહે નહિ. આત્મા જ્ઞાનસ્વરૂપી છે, જ્યાં ભાળું ત્યાં મારા જ્ઞાનને જ ભાળું છું, પર ચીજ મારામાં આવતી નથી, સ્વ-પર જ્ઞાનને જ દેખું છું-એવું ભાન થતાં આનંદ પ્રગટે છે ને તો પોતાના ચિત્તમાં કૃતકૃત્યતા પ્રગટે છે, તેને જલદી જો. ઘરમાં કિંમતી દાગીના આવે તો ઘરનાં બધા માણસો જલદી જોવા લાગે, તેમ તારા આત્માને વેગે જો. પરમાં એકાગ્રતા નિવારી આત્મામાં એકાગ્રતા કર. જ્ઞાન અને આનંદથી ભરેલો તું છે, ચિદાનંદની પ્રતીતિ અને અનુભવ વિના સામાયિક ને પોષહ ખોટાં છે. આત્માની રુચિપૂર્વક સમતાભાવ રાખવો તે સામાયિક છે. તારો બ્રહ્મવિલાસ તારામાં છે, તારી સામે જો. બહારના પદાર્થોની અવસ્થા જે થવાની તે થવાની, એમાં ફેર નહિ પડે. તારા ચિદાનંદથી અધિક કોઈ ચીજ નથી. આનંદ તારામાં છે, બહારમાં નથી. દષ્ટિ કર, ભરોસો લાવ-એનાથી બીજું શું અધિક? ...

આ મુનિની વાત નથી, પણ ધર્મની શરૂઆતની વાત છે. શુભાશુભ ભાવ હોવા છતાં તારી દષ્ટિ ચૈતન્ય ઉપર રાખ. તે કાળે તે જ પ્રકારનો રાગ હશે ને તે જ પ્રકારનાં નિમિત્તો હશે, માત્ર દષ્ટિ ફેરવ. આત્માને છોડી તું પરને ન ધ્યાવ.

ચારે અનુયોગનો સાર એ છે કે તારા આત્માને અનુભવ.

*

## પોષ સુદ ૧૨, રવિ ૨૮-૧૨-૫૨
## પ્ર. - ૨૨

**ચા**રે વેદ-દ્રવ્યાનુયોગ, ચરણાનુયોગ, કરણાનુયોગ ને ધર્મ કથાનુયોગનું રહસ્ય વીતરાગતા છે. પંચાસ્તિકાયમાં શાસ્ત્રતાત્પર્ય ને સૂત્રતાત્પર્યની વાત આપેલ છે. ગાથા દીઠ અર્થ સમજવો તે સૂત્રતાત્પર્ય છે ને આખા શાસ્ત્રનો સાર વીતરાગતા છે. ચારે અનુયોગોએ ગમે તે પ્રકારે વાત કરી હોય, અભેદની-ભેદની, નિશ્ચયની-વ્યવહારની તોપણ તેનો સાર વીતરાગતા છે. ચિદાનંદ અખંડ જ્ઞાયકમૂર્તિ પુણ્ય-પાપથી પર છે. શુભાશુભભાવ તેના કાળે હોય, પણ જ્ઞાનસ્વભાવની રુચિ ને રમણતા તે જ બધાં શાસ્ત્રોનો સાર છે. કોઈ શાસ્ત્ર એમ કહેતું નથી કે રાગમાં અટકવા જેવું છે કે નિમિત્તને મેળવવા જેવું છે. અહીં સત્સંગના નિમિત્તનું જ્ઞાન કરાવ્યું, પણ પરમાં અટકે તે શુભરાગ છે. નિશ્ચય આત્માનું જ્ઞાન કરે તો ગુરુના સત્સંગને વ્યવહાર કહેવાય. આત્મા જ્ઞાનમૂર્તિ છે, તેની અવસ્થામાં વિકલ્પ હોવા છતાં તેની રુચિ છોડી સ્વભાવની રુચિ ને એકાગ્રતા કરાવી તે ધર્મ છે. મંદિરો મંદિરોના કાળે હોય ને તે વખતે તેના તરફનો રાગ પણ હોય, છતાં જ્ઞાયકસ્વરૂપને શ્રદ્ધવું, જાણવું ને તેમાં ઠરવું તે સાર છે.

અજ્ઞાનીને પણ જ્યારે સમજાશે ત્યારે કહેશે કે અમે ભીંત ભૂલ્યા હતા. વ્યવહારના વર્ણન ગમે તેટલાં હોય પણ ચૈતન્ય દ્રવ્ય અખંડ પડયું છે તેના તરફથી રુચિ, જ્ઞાન ને એકાગ્રતા એ જ માર્ગ છે. આ વસ્તુસ્થિતિ છે, એ જ વસ્તુદર્શન છે. સાચી સમજણ વખતે દેવ-ગુરુ હોય છે, પણ દેવ-ગુરુ મળ્યા માટે સમજણ થઈ એમ નથી, પણ ત્યાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ

જણાવ્યો છે, જીવ ગતિ કરે ત્યારે ધર્મદ્રવ્ય નિમિત્ત છે, પણ તેથી જીવ પરાધીન છે-એમ નથી.

આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાન ને આનંદની લગડી છે. તેની રુચિ, જ્ઞાન ને રમણતાને અનુભવપ્રકાશ કહે છે. સર્વજ્ઞ પરમાત્માના શ્રીમુખે નીકળેલી વાણીમાં આ કહ્યું હતું.

તારી ભાવનામાં અવિનાશી રસની ધારા ચુવ્યા કરે છે. ગોળના રવામાંથી મીઠો રસ ઝરે છે, તેમ ધ્રુવ સ્વભાવનાં શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતામાં અવિનાશી રસ વહે છે. તે પર્યાય છે, પણ તે સાદિ અનંતકાળ સુધી ટકે છે, માટે અવિનાશી છે. ચિદાનંદની એકાગ્રતાથી અવિનાશી રસની ધારા વહે છે.

અજ્ઞાની પણ સ્વભાવે પ્રભુ છે, પર્યાયમાં ભૂલ્યો છે. બીજાનો સમજાવ્યો સમજે તેવો નથી ને સ્વભાવની રુચિ કરે તો તેને કોઈ ફેરવી શકે તેમ નથી. પ્રથમ પ્રતીતિ કર. અંતરદૃષ્ટિ ને લીનતા સિવાય બીજો માર્ગ નથી. મિથ્યાત્વ ટાળવાનો એ જ ઉપાય છે. વ્યવહારનાં લખાણે આરો આવે તેમ નથી. વસ્તુમાં વાદવિવાદ નથી. પ્રથમ તો વસ્તુની રુચિ થવી જોઈએ. તારી ભાવનાથી જૂઠા ભવ બનાવ્યા. પુણ્ય-પાપની લાગણી, નિમિત્તની રુચિ ને વ્યવહારનો આદર-એની ભાવનાથી તું ધ્રુવ સ્વભાવને ચૂકયો છે ને તેથી જૂઠા ભવ ઉત્પન્ન કર્યા છે. એવો બદફેલ એટલે કે ભવને ઉત્પન્ન કરવાનો ભાવ એક સ્વભાવકલ્લોલ પ્રગટતાં મટે છે. જ્ઞાયક સ્વભાવનો પર્યાય પ્રગટયો ત્યારે મિથ્યાભાવ મટી જાય છે. વસ્તુની આ મર્યાદા છે.

દેખ, તું ચેતન છો, આ શરીર વગેરે જડ-અજાણ છે, તેમાં તારું સુખ નથી છતાં માને છે. શરીર અનુકૂળ હોય ને વ્રત ખૂબ કરીએ તો સુખ થશે એમ માને છે.

તું મફતનો તેને ચોંટયો છે, તે તેને ચોંટતા નથી. અચેતન ચીજ તારી પાછળ પડી નથી. "મન વિના ધર્મ થાય? કાન વિના સાંભળાય? કાળ સારો જોઈએ ને?" -એમ શરીરાદિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અચેતન ઉપર ધર્મ અને જ્ઞાન દૃષ્ટિ નાખે છે પણ તે વ્યર્થ છે.

તારી હયાતી કબૂલતાં પરનો અભાવ તારામાં કબૂલવો જોઈએ. ચિદાનંદને શ્રદ્ધા દ્વારા ઘૂંટયો, પછી માખણ શું આવ્યું? આ અનુભવપ્રકાશમાં માખણ છે. અંદરમાં જો-એમ કહે છે. જ્ઞાયક ચૈતન્ય છો તેની સન્મુખ જો, તો જડ તારી પાછળ નહિ આવે. રાગનો ને નિમિત્તનો પ્રેમ ન કર. વ્યવહારની ને સંયોગની રુચિ છોડી સ્વભાવમાં જામી જા. જડે તારો પલ્લો-છેડો પકડયો નથી, તેં તારી માન્યતામાં તેને પકડયા છે. મફતનો બીજાની વસ્તુને તારી માને છે. લગ્નમાં કોઈકનું ઘરેણું લાવી જીવ હોંશ કરે છે પણ તે તો પારકું છે. શરીર, મન, વાણી આદિ બધી ચીજોને પોતાની માની ચોરાશીના અવતારમાં રખડે છે. બાસુંદી ખાધી, લાડવા ખાધા-એમ માની સુખ માને છે. સુંવાળા શરીરને, સુંવાળા મખમલને તથા મખમલને સ્પર્શી ભોગનું સુખ માને છે; પોતામાં સુખ છે એમ નહિ માનતાં પરમાં કલ્પના કરી સુખ માને છે. જ્ઞાનીને રાગ આવે છે પણ તેની મર્યાદા છે; તે પરમાં સુખ માનતો નથી. સ્વકાળે અસ્થિરતાનો રાગ આવે છે.

દરેક દ્રવ્યની પર્યાય પોતાના કાળે વર્તે છે, માટે તેને સ્વકાળવર્તના કહે છે. જ્ઞાનીને સ્વકાળવર્તના વખતે રાગ આવે છે, પણ તેમાં તે સુખ માનતો નથી. અજ્ઞાની જૂઠી કલ્પના કરી સુખ માને છે. હરખ સન્નિપાતવાળો જીવ ખડખડ હસે છે, તેના સગાવહાલાં સમજે છે કે આનું મૃત્યુ નજીક છે. જગતના માણસો હરખજમણમાં હોંશ કરે છે, મફતનો જૂઠી કલ્પના કરે છે ને ખુશ થાય છે. તેને સાવધાનીનો અંશ નથી, જ્ઞાનીને સાવધાનીનો અંશ છે. તે ભોગને દુઃખરૂપ માને છે, અજ્ઞાની ભોગમાં સુખ માને છે.

આત્મા ત્રણલોકને જાણનાર નાથ છે. કેવળજ્ઞાનપર્યાય પ્રગટ નથી તેને ઉત્પન્ન કરે, અધૂરા-જ્ઞાનને પૂરું કરે ને જે પર્યાય પ્રગટ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

થઈ હોય તેને સાચવી રાખે-એવો નાથનો અર્થ છે. જોગ ને ક્ષેમના કરનારને નાથ કહે છે. આત્મા પોતાની પ્રાપ્ત થયેલી ચીજને રાખે ને નહિ મળેલી ચીજને મેળવી આપે તેથી નાથ છે. આવો ત્રણલોકનો નથ પૂજ્યપદને ભૂલી થયો છે.

જ્ઞાયક ચિદાનંદનો ભોગ તે અનુભવ છે ને તેને ભૂલી વિકારનો ભોગ તે સંસાર છે.

આત્મા પોતે નિવૃત્ત તત્ત્વ છે. મનુષ્ય હો કે દેવ હો, ચાલતો હોય કે સૂતો હોય, ચૈતન્યતત્ત્વ પરનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી જુદો છે-એવા તારા તત્ત્વને જો.

ત્રણલોકનો નાથ થઈ પોતાના પૂજ્યપદને ભૂલી નીચપદમાં સ્વપણું માની વિકળ થઈ વ્યાકુળ બની ડોલે છે. લોહી, હાડકાં ને ઇન્દ્રિયોમાં સુખ માને છે. તેમાં મજા માને છે. ગાંડો થઈ વ્યાકુળ બની ડોલે છે.

જેમ કોઈ એક ઇન્દ્રજાળના નગરમાં રહે છે. ત્યાં તે ઇન્દ્ર જાળિયાને વશ થઈ ઇન્દ્રજાળના હાથી, ઘોડા, સેવક, સ્ત્રી આવે ત્યાં કોઈ ને તે હુકમ કરે છે. સેવક આવી સલામ કરે, સ્ત્રી નાચે, પોતે હાથી ઉપર ચડે છે, ઘોડા દોડાવે છે. એ ઇન્દ્રજાળમાં સાચા જાણી વિકળતા ધારણ કરી કોઈ વેળા કોઈના વિયોગથી રડે છે તથા દુઃખી બની છાતી કૂટે છે, તેમ અહીં પણ અજ્ઞાની જીવો છાતી કૂટે છે. કોઈ ચીજ મળતાં આનંદ માને છે ને વિયોગ થતાં શોક કરે છે. સિનેમામાં ઘણા પ્રકારનાં દૃશ્યો આવે, નગર દેખાય, ઘોડાગાડીઓ ચાલતી દેખાય, ઊંચાં મકાનો દેખાય પણ ત્યાં કાંઈ તે વસ્તુ નથી, ત્યાં તો માત્ર પડદો છે; તેમ આ જગતમાં જે પર ચીજો દેખાય છે તે ઇન્દ્રજાળના ખેલ છે, તેમાં કાંઈ સુખ નથી.

કોઈ વાર શૃંગાર બતાવે, કોઈ વાર ફોજ દેખે, પણ ત્યાં ફોજ નથી, બધી ઇંદ્રજાળ ખોટી છે. બધા કહે છે કે આ ઇંદ્રજાળ જૂઠી છે, એમાં જરાપણ સાચ નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ જ પ્રમાણે દેવ, નર, નારકી અને તિર્યંચનાં શરીર જડ છે તેમાં તારી સત્તા નથી. તારી હયાતી તારામાં છે-એમ દૃષ્ટિ કર. દૃષ્ટિએ દોલત દેખાય તેમ છે. અનંત શરીર ધારણ કર્યાં તેમાં આત્મા નથી. શરીર પાતળું હોય કે જાડું હોય તે બધું ઇંદ્રજાળ સમાન છે, માટે શરીરની રુચિ છોડ; તારા ચેતનનો અંશ એમાં નથી, તે તારામાં પેઠા નથી. ભ્રમણાથી શરીરને શણગારે, પોતે દાગીના પહેર્યા હોય તો ગામને બતાવે; પોતાના શાંત ભાવને ચૂકી ગયો છે. ખાવાપીવાના પદાર્થથી તથા ગુલાબઅત્તર વગેરે લગાવીને શરીરનું અનેક પ્રકારે જતન કરે છે તે વ્યર્થ છે. એક વાર આત્માની રુચિ તો કર, દૃષ્ટિ સાચી કર. જે સંયોગો આવવાના તે આવવાના, તેને કોઈ ફેરવવા સમર્થ નથી, પણ હું જ્ઞાયક છું-એવી દૃષ્ટિ કર ને તેમાં લીનતા કર તો સુખી થઈશ.

કોઈકના ઝવેરાતથી જીવ હરખાય તે વ્યર્થ છે. જડના શણગારને પોતાનો માને, જૂઠમાં જ આનંદ માની માની હરખાય છે, શરીર, મન, વાણી મડદાં છે તેની સાથે સગપણ કર્યું છે, તેની રુચિ કરે છે, તેનો સંબંધ તોડ, તે વસ્તુ તો પર છે, પણ તેની સાથેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો વિકલ્પ પણ આત્મામાં નથી. જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કર મડદાં સાથે સગાઈ કરવાથી કાર્ય ન સુધરે એટલે કે લગ્ન ન થાય, તેમ જડ પદાર્થો સાથે એકત્વબુદ્ધિથી નહિ મળે, માટે પરની રુચિ છોડ ને તારા જ્ઞાયક સ્વભાવની રુચિ કર, -એમ કહેવાનો આશય છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ સુદ ૧૪, સોમ ૨૯-૧૨-૫૨
## પ્ર. - ૨૩

**આ**ત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ છે. તેની પ્રતીતિ ને લીનતા તે આત્માનો અનુભવ છે ને તે ધર્મ છે. તે અનુભવના સ્વાદ વિના અજ્ઞાની શું કરે છે તે વાત ચાલે છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. શરીર, કર્મ આદિ અજીવ છે, પુણ્ય-પાપ વિકાર છે; જડ અને વિકારની સાથે જે એકત્વબુદ્ધિ કરે છે તેને આત્માનો અનુભવ થતો નથી, તેને સંસારનો અનુભવ છે. શરીર, મન, વાણી, બૈરાં-છોકરાંનો અનુભવ જીવ કરતો નથી. જીવ કાં તો સ્વભાવનો અનુભવ કરે અથવા વિકારનો અનુભવ કરે. રાગને અનુભવી અજ્ઞાની મજા માને છે.

જેમ કૂતરો હાડકાંને ચાવે છે અને તેથી પોતાનાં ગાલ, ગળું ને પેઢાંમાંથી લોહી ઊતરે તેને જાણે કે સારો સ્વાદ આવે છે. ત્યાં હાડકાનો સ્વાદ નથી પણ લોહીનો સ્વાદ છે; તેમ ચિદાનંદ આત્માની રુચિ છોડીને મૂઢ જીવ સ્ત્રી, લક્ષ્મી, લાડવા-દૂધપાક વગેરે જે પદાર્થો હાડકાં સમાન છે તેમાં સુખ માને છે. ત્યાં પર ચીજોનો સ્વાદ નથી પણ પોતાની એકાગ્રતારૂપી રાગનો સ્વાદ આવે છે. હરખ-શોક દુઃખમય છે. ચક્રવર્તી તથા ઇંદ્ર વગેરે સમકિતી સમજે છે કે પરમાં સુખ નથી. અજ્ઞાની પરમાં સુખ માને છે. અમારે બે-પાંચ લાખની મૂડી છે, અમારે મોટા મહેલ છે-એમ માની તેમાં સુખ માને છે.

વિકારની પરિણતિ, હરખ-શોક બધો પરફંદ છે. જ્ઞાન ને આનંદસ્વભાવમાંથી આનંદનાં ઝરણાં આવવાં જોઈએ, તેને બદલે પર ચીજોમાં સુખ માને છે. પોતે સિદ્ધસ્વરૂપી છે તેને ભૂલી પર-

ફંદમાં સુખ માને છે. વ્યવહારરત્નત્રયનો જે રાગ છે તે પણ પરફંદ છે. તેને સુખનો કંદ માને છે. વ્રત, ભક્તિ આદિની વૃત્તિ ઊઠે તે વિકાર છે, તે આત્માનું સ્વરૂપ નથી. પોતાના શાંત સ્વરૂપમાં એકાગ્રતા છોડી રાગની એકાગ્રતા કરે છે તે દુઃખ છે.

શરીરને અગ્નિની ઝાળ લાગે ત્યારે કહે કે મારે જ્યોતિનો પ્રવેશ થાય છે! જો કોઈ એ અગ્નિજવાળા બુઝાવે તો તેનાથી લડે, કેમ કે તેવો અજ્ઞાની જીવ અગ્નિને દેવી માને છે, તેથી બુઝાવનાર પ્રત્યે દ્વેષ કરે છે. અજ્ઞાની બાઈ પતિ પાછળ સતી થાય છે, તે બધો અજ્ઞાનભાવ છે. તે અગ્નિમાં પડે ને કોઈ બુઝાવે તો દ્વેષ કરે; તેમ લક્ષ્મી, કુટુંબ, મહેલ વગેરે તરફની તૃષ્ણા તે અગ્નિ છે. તેમાં કોઈ પદાર્થો કોઈ લઈ લ્યે, પૈસા લઈ લ્યે તો તેને શત્રુની જેમ દેખે ને ક્રોધ કરે. જ્યારે ધર્માત્મા તેવા પ્રસંગે વૈરાગ્યભાવના કરે છે.

**“એકાકી વિચરતો વળી સ્મશાનમાં,**
**વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;**
**અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,**
**પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.”**

અહો! શરીર મારે જોઈતું નથી, જેને જોઈતું હોય તે લઈ જાઓ. દુઃખનાં નિમિત્તો લૂંટો તો લૂંટો, છેદો તો છેદો, બાળો તો બાળો, અમે તો આનંદમૂર્તિ છીએ, એમાંથી આનંદના ઝરણાં વહે છે. શરીરાદિ દુઃખનાં નિમિત્તો છે. સિંહ આવે છે તેને શરીર ખોરાક માટે જોઈએ છે ને અમારે જોઈતું નથી. જેમ કોઈને ઘરમાંથી સર્પ કાઢવો હોય ને વાદી સર્પને લેવા આવે તો મેળ ખાઈ જાય છે; તેમ ધર્માત્મા અંતરસ્વરૂપમાં વધી ગયો છે, શરીર તેના કાળે છૂટશે, જેને શરીર જોઈતું હોય તે અમારા મિત્ર છે. ધર્માત્માને મિત્રદૃષ્ટિ છે. અમે આત્મા છીએ, શરીર કોઈનું લીધું લેવાતું નથી પણ અમે જ્ઞાનસ્વભાવી છીએ, ત્રિકાળ રહેનાર છીએ. આમ સ્વભાવમાં સ્થિરતા થવાનો કાળ, શરીર છૂટવાનો

કાળ ને સિંહને આવવાનો કાળ-બધો કાળ એક સાથે છે. આમ મેળ થઈ ગયો છે એમ સમજી જ્ઞાની સિંહને પણ મિત્ર સમજે છે. અજ્ઞાની સંયોગો ચોરનારને વૈરી સમજે છે. આમ દૃષ્ટિ ફેરે ફેર છે. બૈરાં, છોકરાં, મકાન, લક્ષ્મી વગેરે દુઃખનાં નિમિત્ત છે તેને કોઈ લૂંટે તો અજ્ઞાની તેને શત્રુરૂપ દેખે છે. ધર્માત્માને સ્વભાવની રુચિ છે, તેથી સંયોગની રુચિ છૂટી ગઈ છે. તેને શત્રુ. મિત્ર પ્રત્યે સમભાવ છે. અજ્ઞાનીને સંયોગની રુચિ છે, સ્વભાવની રુચિ નથી. તેથી સંયોગો ખસી જતાં દ્વેષ કરે છે.

ભગવાન! જ્ઞાનસ્વભાવની રુચિ કર, સંયોગો એના કાળે આવશે ને જશે માટે દૃષ્ટિ ફેરવ. દીકરો ઉડાઉ થાય તો બાપ નારાજ થાય. પૈસા માટે અમે પરસેવા ઉતર્યા છે ને તું ઉડાવ્યા કરે છે? એમ કહી તેના ઉપર કોપ કરે. અહીં દૃષ્ટિ ફેરવવાની વાત કરે છે.

પરમાં સુખ માની જીવ પોતાને ભૂલ્યો. ભોગ વખતે સ્વભાવને યાદ કરતો નથી. ચોરાશી લાખ યોનિમાં કૂતરા, કાગડા, દેવ, શેઠ વગેરે ભવોમાં પર ચીજોને પોતાની માની તેથી ઘણા કાળનો ચોર થયો છે, અનાદિકાળથી ચિદાનંદ નિજસંપદા ચૂકી વિકારને મારો માની પરનો ચોર થયો છે. ચોરાશીના અવતારમાં રખડયો છે. હું આનંદકંદ છું, તેને યાદ કરતો નથી. જૈનસાધુ થયો ત્યારે પણ નિજરૂપમાં ધર્મ ન માન્યો પાંચ મહાવ્રતાદિમાં ધર્મ માન્યો, તે પણ ચોરાશીમાં રખડનાર છે.

આત્માના સ્વભાવને ચૂકી પુણ્ય-પાપથી લાભ માની, પરમાં સુખ માની રહ્યો છે. જન્માદિ દુઃખ દંડ પામે છે તોપણ પરવસ્તુની ચોરી છૂટતી નથી.

દેખો! આત્મા સ્વ-પરને જાણનાર ત્રણલોકનો નાથ છે તેને ભૂલી કીર્તિમાં, જલસામાં હરખ માને છે. પોતાનું ઊંચપદ જ્ઞાનપદ આદિ અંત વિનાનું છે. જે હોય તેને કોઈ બનાવે નહિ ને જે હોય તે નાશ ન પામે. પોતાની ભૂલથી પોતાના જ્ઞાનપદને

પીછાન્યું નહિ ને ભિખારી બની ડોલે છે. 'હે ભગવાન! તમે પચીસ લાખની મૂડી આપી પણ સવાશેર માટીની ખામી રહી ગઈ" એમ કહી દીકરાની માગણી કરે છે. પોતે જ્ઞાયક મૂર્તિને ભૂલી પોતાની નિધિને જોતો નથી, ભિખારી થઈ ડોલે છે. એક પૈસા માટે ડોલે. દુકાનદાર એક પૈસાના વેચાણ માટે હલકા ગ્રાહક પાસે ભિખારાવેડા કરે ચૈતન્યના ભાનવાળાને રાગની મર્યાદા છે. રાગ સંયોગથી નથી ને સ્વભાવમાં નથી-એમ તે માને છે, અજ્ઞાની રાગમાં એકાગ્ર થાય છે. પોતે જાણનાર સત્તા છે તે કાંઈ દૂર નથી જ્ઞાયક જ્યોતને દેખવી દુર્લભ માની છે પણ દેખે તો સુલભ છે. રાગીને રાગ આવે ખરો પણ તેમાં આનંદ ન માન, ચેતનાનિધિ તો જાણનાર દેખનાર છે.

કોઈએ પૂછ્યું કે 'તું કોણ છો?' તેણે કહ્યું કે 'હું મરેલ મડદું છું' અથવા કહે કે 'હું મનુષ્ય છું.' -તો આ બોલે છે કોણ? તો કહે 'હું જાણતો નથી.' તો આ શરીર છે, આ મનુષ્ય છે-એમ જાણ્યું કોણે? ત્યારે સંભાર્યું કે હું જીવતો છું તેમ મનુષ્યશરીર જડ છે, શરીરની રાખ થશે, શરીર ને આત્મા એક હોય તો જાડા શરીરવાળાને જ્ઞાન વધારે હોવું જોઈએ ને પાતળા શરીરવાળાને જ્ઞાન થોડું હોવું જોઈએ પણ એમ નથી. મોટા હાથીને બુદ્ધિ ઓછી છે ને પાતળા મનુષ્યને બુદ્ધિ વધારે છે, માટે શરીર અને આત્મા જુદા છે.

અજ્ઞાની માને છે કે હું દેહ છું તો દેહમાં જે (સ્વ) માન્યતા કરી તે કોણ છે? તે કહે 'હું નથી જાણતો' પણ એવો લવારો કોણ કર્યો? આમ વિચાર કરે કે હું દેહને જાણું છું પણ મને જાણતો નથી તો આ શું છે? હું દેખનાર છું, જાણનાર છું ને પરીક્ષા કરનાર છું. આ કપડું છે, આ ફટકડી છે-એમ પરીક્ષા કરે છે. તે ચીજોને કાંઈ ખબર નથી, જીવ પરીક્ષા કરે છે. આમ પોતાને ખોજી, દેખનાર-જાણનારને પરખવામાં જોડાય તો સ્વરૂપને સંભારે ત્યાં સુખી થાય.

એક માણસ દારૂ પીને મસ્ત બન્યો ને પુરુષના આકારરૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાંભલાને જોઈ તેને સાચો જાણી અંધારાંમાં તેની સાથે લડાઈ કરવા માંડયો, પોતે નીચે પડયો ને થાંભલો ઉપર પડયો, ત્યાં કહે કે હું હાર્યો. આ પ્રમાણે પરને પોતાનું માની દુઃખી થયો. અમે આટલાં પુણ્ય કર્યાં તો ભોગવીએ છીએ-એમ પરને પોતાનું માની દુઃખી થયો. પોતાના ચેતન સિવાય બધા અચેતન છે તે મને લાભ-નુકશાન કરશે એમ માની દુઃખી થયો. આમ મિથ્યાત્વનો કેફ ચડયો છે. નોકર સાથે, બૈરાં છોકરાં સાથે, લડયો તે બધી ચીજો પર છે, તેને પોતાની માને છે. "આ સુંદર શરીરમાં ઈયળો પડશે એ અમે જાણ્યું ન હતું. આ છોકરો વિરુદ્ધ થયો," વગેરે પ્રકારે માની પોતાના ભાવથી દુઃખી થાય છે. પોતે રાગ-દ્વેષ કરી દુઃખની ભાવના કરી ભવ બનાવ્યા છે, કર્મોએ ભવ કરાવ્યા નથી. સંયોગોનો વિશ્વાસ કરે, રાગમાં સુખ માને, તે માન્યતા દુઃખની દાતાર છે. 'પૈસા ભેગા કર્યા પછી ધર્મ કરશું,' એ ઊંધી ભાવના છે. પોતાના સ્વભાવમાં રાગ નથી, છતાં રાગ ઊભો કર્યો છે.

તે બધા જડ છે, પર છે છતાં તેમાં સુખ છે એમ માને છે. તેમાં સુખ નથી, છતાં સુખ કલ્પે છે. માટે અનુત્પન્નને પેદા કર્યું તથા અચેતનને ચલાવ્યું-એમ કહે છે. મરેલાનું જતન અનાદિથી કરે છે. જૂઠી માન્યતાથી તારું કર્યું કાંઈ જડ ચેતન ન થાય. તું જ એવી જૂઠી કલ્પનાથી દુઃખ પામે છે. લક્ષ્મીમાંથી સુખ આવે એમ નથી, શાસ્ત્રમાંથી જ્ઞાન આવે એમ નથી. તું જૂઠ કલ્પનાથી દુઃખ પામે છે. જૂઠી કલ્પનાથી શું ફાયદો છે? સંસારના ફંદમાં પોતે ખૂંચી ગયો છે. પોતાના વિપરીત ભાવના ફંદમાં પોતે પડયો છે. ઊંધી દૃષ્ટિએ તથા પરના અનુભવે સંસાર છે ને સાચી દૃષ્ટિએ તથા સ્વના અનુભવે મોક્ષ છે.

ત્યાગી થાય તોપણ કહે કે કર્મ સંસારમાં રખડાવે, પણ તે ભૂલ છે. પોતે કોણ છે? તેના વિચાર વિના ભૂલ્યો છે. ચિદાનંદની ખાણ ભૂલ્યો. આત્મા અનંતચતુષ્ટય-જ્ઞાન, દર્શન,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદ ને વીર્યની મૂર્તિ છે, પણ તેને ભૂલીને અનંતચતુષ્ટયને મેલું કરે છે.

એ ચેતન! વિચાર કર, મારો કરેલો ફંદ એવો છે, જાણે આકાશ બાંધ્યું, પણ અરૂપી સર્વવ્યાપક આકાશ વાદળાથી કદી બંધાય નહિ. તેમ ચૈતન્યસ્વભાવ કદી બંધાય નહિ.

એકલાં કર્મ હોત તો તને નુકસાન ન કરત ને તો તું આવર્યો ન જાત; પણ તારું અજ્ઞાન તને ભૂલવે છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ સુદ ૧૪, ગુરુ ૩૦-૧૨-૫૨

# પ્ર. - ૨૪

**ક**ર્મ જડ છે. આત્મા તેના વડે બંધાતો નથી. કર્મથી બંધાયો તેમ કહેવું તે વ્યવહારકથન છે.

જડની શક્તિ નાની છે. તારી શક્તિ મોટી છે. તું કર્મમાં જોડાઈને રાગ કરે છે, એકલાં કર્મ જ હોત ને તારામાં ભૂલ ન હોત તો તારી શક્તિ હણાત નહિ, કેમકે તારી શક્તિ મોટી છે.

તારી શુદ્ધ શક્તિ મોટી છે ને શરીર, વાણી, મન, પુણ્ય-પાપ મારાં છે, એમ માની ઊંધાઈ તું કરે છે. તે ઊંધી શક્તિ પણ મોટી છે. કર્મથી તને નુકસાન નથી, તે જડ છે, તેની નાની શક્તિ છે તારો શુદ્ધ સ્વભાવ મહંત છે. કર્મ કિંચિત્ રોકતાં નથી. જીવની મૂર્ખાઈ પણ મોટી છે. કર્મની જોરાવરી નથી. તારી ચિંતવણી તારે ગળે પડી છે. હું દયા પાળનાર છું, હું જાત્રા કરનાર છું-એવો વિકલ્પ મારૂં સ્વરૂપ છે, તે જ ચિંતવણી તારે ગળે પડી છે. જડ કર્મને ખબર નથી, ચૈતન્યશક્તિ પરમાનંદમય છે, તેને ચૂકી હું રાગી છું, હું ભક્તિ કરૂં છું, હું વિકારી થઈ ગયો-એવી માન્યતા ચોરાશીમાં રખડવાનું કારણ છે.

ચિદાનંદનું ચિંતવન કરે કે મારો જ્ઞાન ને આનંદ મારામાં છે તો ધર્મ ને અનુભવ થાય.

હું રાગી છું, હું પરનું ભલું કરી શકું છું તેવી ચિંતવણી અશુદ્ધ અનુભવ છે, તેને લીધે જીવ રખડે છે, કર્મ પકડતું નથી, કર્મ તો તારા જ્ઞાનનું જ્ઞેય છે પણ અજ્ઞાની શરીરથી ને વ્યવહારથી ધર્મ માને છે તે માન્યતા તેને ચોરાશીમાં રખડાવે છે.

પરને દેખી પોતાને ભૂલ્યો. હું ચિદાનંદ છું એમ ચૂકી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયો. જડ કર્મ, વિકાર, પુણ્ય-પાપને દેખીને પોતાની શક્તિ ભૂલ્યો દયા, દાન, વ્રત, પૂજા આદિથી ધર્મ છે એવી માન્યતાથી મિથ્યાત્વ થાય છે.

જડકર્મમાં તેં અવિદ્યાનું નિમિત્તપણું આપ્યું છે. અશુદ્ધ ચિંતવન ન કર તો કર્મનું જોર નથી. "દર્શનમોહનીયનું જોર છે તેથી મિથ્યાભ્રાંતિ થાય છે, ચારિત્રમોહનીયનું જોર છે તેથી રાગદ્વેષ થાય છે." -એમ અજ્ઞાની માને છે. અહીં કહે છે કે તેનું જોર નથી પણ તારી અશુદ્ધ ચિંતવણીથી ભૂલ્યો છો. તું જ્ઞાનાનંદ શક્તિ તારી છે-તેવી પ્રતીતિ કર. પુણ્ય-પાપ, દયા દાનાદિમાં ધર્મ માનવો તથા પૈસા, શરીર, સ્ત્રી વગેરેને મેળવું તો સુખ મળે તે બધી ભ્રાંતિ છે. નિમિત્તોને મેળવવાની ભાવના તે પરની ભાવના છે. આવી ભાવના કરી અજ્ઞાની ચોરાશીના અવતાર કરે છે. રાગની ભાવના કરવી તે મિથ્યાત્વ છે. આવો ને આવો રાગ કાલે થજો એ તો વિકારની ભાવના થઈ, તે ભાવના મિથ્યાત્વ છે.

તો કેવી ભાવના કરવી? પોતે જ્ઞાનાનંદ છે, અવિનાશી, હું ઉપમા વિનાનો છું, મારો સ્વભાવ ચલપણા રહિત છે, પુણ્ય-પાપ ચલ છે મારૂં પદ પરમ છે, આનંદઘન મારૂં પદ નિર્દોષ છે, વિકાર દુઃખમય છે, મારો સ્વભાવ અવિકારી છે, હું સારરૂપ છું, ત્રિકાળી છું, ચિત્ ને આનંદરૂપ છું. આવી નિજ ભાવનાથી પરમાત્મદશાને પામે પણ ક્રિયાકાંડથી મુક્તિ પામે-તેમ બનતું નથી, ક્રિયાકાંડથી ધર્મ થતો નથી પણ હું નિત્યાનંદ છું એવા અમૃતના અનુભવથી જરા અને જન્મરહિત સિદ્ધદશાને એવા અમૃતના અનુભવથી જરા અને જન્મરહિત સિદ્ધદશાને પામું. આ મુક્તિની ક્રિયા છે.

પોતાનું પદ જ્ઞાનાનંદમય છે. સમવસરણ જડ છે તેમાં તીર્થંકરપણું નથી. સમવસરણ પુણ્યનું ફળ છે, તીર્થંકરપણું આત્મામાં છે માટે બધા કરતાં પોતાનું પદ ઊંચું છે. ઇન્દ્રોથી પણ પૂજ્ય હોય તો તે આત્મા છે. માટે પોતાનું સ્વરૂપ સકલ પૂજ્યપદ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરમધામનું સ્થાન આત્મા પામે છે. સર્વાર્થસિદ્ધિને દેવ થાય તે પુણ્યનું ફળ છે, તે પરમધામ નથી. વળી રમવાને લાયક પોતાનું પદ છે. પોતાના સન્મુખ રહેવું તે ખરું પદ છે. વિકાર ને નિમિત્તની દૃષ્ટિ છોડી પોતામાં આનંદ છે, પોતામાં અનંત ગુણો છે જ્ઞાન જ્ઞાનનો અનુભવ કરે તે પોતામાં છે, રાગમાં નથી નિત્યાનંદ છું એવી પ્રતીતિ કરવાથી સ્વાનુભવ થાય છે. પોતાનું પદ પરમેશ્વર છે, તે પદને કોઈ ઉપમા નથી. દેવાધિદેવપણું ચૈતન્યપદમાં છે, કેવળજ્ઞાન પ્રગટ થાય તે આત્મામાંથી થાય છે, માટે દેવાધિદેવપણું આત્મામાં છે. પોતાના આત્મા સિવાય બીજું કોઈ ઊંચું નથી, પૂજ્ય નથી, પરમધામ નથી, અભિરામ (સુંદર) નથી. પોતાના અનંતગુણ બીજામાં નથી. પોતાનો સ્વસંવેદન રસ-પોતાનો અનુભવ પરમાં નથી. પોતે પરમેશ્વર, જ્યોતિસ્વરૂપ ને અનુપમ દેવાધિદેવ છે. તેમાં સર્વ પદો છે માટે પોતાનું પદ ઉપાદેય છે.

શરીર, મન, વાણી જડ છે, પુણ્ય-પાપ વિકાર છે, તેથી હેય છે. ચૈતન્યપદ ઉપાદેય છે એવી દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન, એવું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન ને એવું આચરણ કરવું તે સમ્યક્ચારિત્ર છે.

જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે ભાવ છોડવા લાયક છે સોળકારણભાવના હેય છે, પોતાથી પર એવાં બધાં પદ હેય છે, પોતે ઉપાદેય છે-આવી અંતર્દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

તારા નિજાનંદ સ્વભાવનું સમ્યગ્દર્શનથી એકદેશ અવલોકન એવું છે કે ઇંદ્રોની સંપદા વિપદારૂપ ભાસે. આત્મા જ્ઞાનાનંદ છે એવી સાચી દૃષ્ટિ થતાં ઇંદ્રપદ, શેઠાઈ, રાજાપણું વગેરે વિકારરૂપ ભાસે. તારો આનંદકંદ આત્મા તારી પાસે પડયો છે, તેનું અવલોકન કર ને પ્રતીતિ કર. સ્વભાવ સન્મુખ દૃષ્ટિથી ધર્મ થાય છે. લાખો જાત્રા કે વ્રતાદિ કરે, તેમાં કષાય મંદ કરે તો પુણ્ય થાય છે, પણ ધર્મ થતો નથી. ચિદાનંદ સ્વરૂપની પ્રતીતિ કરી લીનતા કરે તો ધર્મ થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શુભભાવ પુણ્ય છે, તે બંધનું કારણ છે, પણ ધર્મનું કારણ નથી. રાગરહિત મારો સ્વભાવ આનંદ સંપદાનું સ્થાન છે, એવી દૃષ્ટિ કરવી તે ધર્મ છે. જેની શ્રદ્ધા-લીનતા કરી અનંતા મુનિએ ભવપાર પામ્યા છે. જ્ઞાનીને પંચમહાવ્રતના વિકલ્પ આવે છે પણ તેને શ્રદ્ધામાં હેય માને છે, જે મુનિનામ ધરાવી પાંચ મહાવ્રતને નિશ્ચયથી ઉપાદેય માને તે મિથ્યાદૃષ્ટિ છે. ભાન વિના નગ્ન થાય ને જંગલમાં જાય તોપણ કાંઈ માલ નથી. હું અમૃતઆનંદનો કુંડ છું એવો અનુભવ કરી સંતો ભવને પાર પામ્યા છે. કોઈ ક્રિયાથી કે વ્રતથી ભવનો પાર પામતો નથી. મુનિઓ ૨૮ મૂળ ગુણનું સેવન વ્યવહારથી કરે છે પણ તે તો રાગ છે, તેનું નિશ્ચયથી સેવન કરતા નથી પણ સ્વરૂપનું સેવન કરે છે. આમ સાચી દૃષ્ટિ નથી અને પોતા માટે કરેલો આહાર લ્યે તો તેનો નિશ્ચય-વ્યવહાર એકે સાચો નથી.

હું આહાર લઈ શકું છું કે છોડી શકું છું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. મુનિદશામાં શરીર નગ્ન થઈ જાય છે, ૨૮ મૂળ ગુણના વિકલ્પ આવે છે પણ તેના સ્વામી નથી. વ્યવહાર આવે છે પણ વ્યવહારથી વીતરાગી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે. જેની દૃષ્ટિ ખોટી, પ્રરૂપણા ખોટી, વ્યવહાર ખોટો તે બધા મિથ્યાદૃષ્ટિ છે.

શ્રી સર્વજ્ઞદેવે સર્વ ઉપદેશનું મૂળ આ બતાવ્યું છે ચારે અનુયોગનો સાર એ છે કે એકવાર જ્ઞાનાનંદ સ્વભાવના સ્વાદમાં મગ્ન થાય તો વિષય-કષાય આદિ રાગ-દ્વેષમાં કદી પણ ઉપાદેય દૃષ્ટિ ન ધે. સર્વ શાસ્ત્રોનો સાર આ છે કે રાગરહિત આત્માની દૃષ્ટિ ને અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે. મુનિઓનું ચિહ્ન અથવા લક્ષણ સ્વરૂપસમાધિ છે. કેટલાક ' ૐ બોલી સમાધિ લગાવે છે તે સમાધિ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર નથી તેને સ્વરૂપ સમાધિ નથી વળી મુનિનું લક્ષણ નગ્ન શરીર કે મોરપીંછ કહ્યું નથી. જ્ઞાનાનંદમાં લીન થવું તે સ્વરૂપસમાધિ છે, તે મુનિનું એંધાણ છે. આવા એંધાણથી પીછાણવા. આવા સ્વરૂપમાં એકાગ્ર થવાથી મુનિઓને રાગ થતો નથી. આકાશને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ફુલ નથી તેમ સંતોને વિકાર થતો નથી. તેઓ તો આનંદકંદનો અનુભવ કરે છે.

ચૈતન્યવિલાસનું જ્ઞાન કરી તેને ઓળખે, તે સિવાય લક્ષ્ય-લક્ષણ લખવામાં (જાણવામાં) આવી શકે તેમ નથી. લક્ષ્ય આત્મા છે ને લક્ષણ જ્ઞાન ને આનંદ છે. જ્ઞાન ને આનંદથી આત્મા જણાય તેમ છે. આત્મા જ્ઞાનાનંદરૂપ છે તેમ ઓળખવાથી સુખ થાય. સ્વાદનું નામમાત્ર જાણ્યે અનુભવ ન થાય.

આત્મા સહિત વિશ્વ એટલે છ દ્રવ્ય વ્યાખ્યા કરવા લાયક છે. વ્યાખ્યા વાણીની રચના છે ને વ્યાખ્યા કરવાવાળો તે વ્યાખ્યાતા છે. તે બધો વિકલ્પ છે. આત્મા આવો છે, તેનો વિકલ્પ પણ રાગ છે. વાણીની રચનામાં આત્મા નથી. વ્યાખ્યાન કરનાર છું એવી માન્યતા પણ આત્મામાં નથી. છ દ્રવ્યોની વિકલ્પસહિત વ્યાખ્યા કરવી તે મોહનો વિકાર છે, તે સમ્યગ્દર્શનનો વિષય નથી. માટે તારા ચિદાનંદ આત્માને જો. પાઠ મેળવતાં આવડે કે વ્યાખ્યાન કરતાં આવડે તેમાં કાંઈ માલ નથી. આટલી ભાષા ન આવડી, પાઠ મેળવતાં ન આવડયો તે બધો બાહ્યનો મહિમા છે. કોઈ જીવ હજારો માણસમાં સારું વ્યાખ્યાન કરતો હોય તો તેવો વ્યાખ્યાન કરનાર થાઉં તો ઠીક-એમ અજ્ઞાની ભાવના ભાવે છે. તારે શું જોઈએ છે? ચૈતન્યસંપદા તારી પાસે છે તેની રુચિ છોડી આ ભાવના બેકાર છે, આત્મા માટે લાભદાયક નથી. પુસ્તક વાંચતાં આવડે ને જવાબ દેતાં આવડે, એક કલાક વ્યાખ્યાન વાંચતાં આવડે તો ન્યાલ ન્યાલ થઈ જાય એમ અજ્ઞાની માને; વ્યાખ્યાનના સ્થાન ઉપર બેઠા હોઈએ, મધુર કંઠ નીકળતો હોય-એવી ભાવના મિથ્યાદ્રષ્ટિ ભાવે છે. તારી સંપદા તારામાં છે. ભાષા સારી ન હોય, પુસ્તકો કરતાં ન આવડે, તેનો કાંઈ વાંધો નથી, તેથી કલ્યાણ રોકાતું નથી.

લાખો માણસને સમજાવે. કરોડ પુસ્તક બનાવે અથવા મોટો વ્યાખ્યાન કરનાર હોય પણ તેથી આકુળતા મટતી નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતર સમ્યગ્જ્ઞાન-કળા છે. તેને ચૈતન્ય સાથે એકમેક કર. આવી વાણી બોલવી, આવા રાગ શીખવા તે મિથ્યાભાવના છે, તે જડ છે, તેની ભાવના કરવી તે મિથ્યાત્વ સહિતનો રાગ છે.

દ્રવ્ય-ગુણ ત્રિકાળ એકરૂપ છે, તેમાં એકરૂપ રહેવું તે અનાદિ સંસારના નાશનું કારણ છે. શાસ્ત્રબોધકળાની વાત નથી. ચિદાનંદ આત્માનો નિરંતર અભ્યાસ તે સહજબોધકળા છે. તેનો નિરંતર અભ્યાસ કરો ને સ્વરૂપાનંદી થઈ ભવોદધિને તરો.

કોઈના પ્રશ્નનો ઉત્તર દેતાં ન આવડે, વ્યાખ્યાન કરતાં ન આવડે તેની મહત્તા નથી. હજારોને સમજાવે તે સારા-એમ અજ્ઞાની માને છે, પણ તે યથાર્થ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેની પ્રતીતિ કરો.

દુનિયા ગણતરીમાં લ્યે કે ન લ્યે તેની મહત્તા નથી. તારી ગણતરી તારામાં કર.

આવો નરભવ સદા રહે નહિ, તારું સ્વરૂપ જ્ઞાન ને આનંદ છે, તે તારું પદ સદાય રહેશે. તેની પ્રતીતિ, જ્ઞાન ને અનુભવ કરવા જેવાં છે. દુનિયાનું થવું હોય તે થાય, માટે તું તારું કર. સાક્ષાત્ મોક્ષસાધન એટલે કે અલ્પકાળમાં મોક્ષ થાય એવી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ દશા મનુષ્યમાં થાય છે. નારકી, દેવ ને તિર્યંચમાં એવી સાક્ષાત્ મોક્ષરૂપ દશા થતી નથી, માટે વારંવાર કહીએ છીએ કે પુણ્ય-પાપની કળા છોડી, ચિદાનંદની કળા ખીલવો.

કોઈકના આશીર્વાદથી આનંદ થશે, ઘણા સમજે તો કલ્યાણ થશે તે વાત ખોટી છે. જ્ઞાનાનંદમાં રહેવાનો નિરંતર યત્ન કરો. વેપારી વેપારમાં કંટાળો લાવે નહિ તેમ આમાં કંટાળો ન લાવો. જ્ઞાનાનંદની પ્રતીતિ કરવાનો યત્ન કરો. આવું વારંવાર કહેવું તો બાળક પણ ન કરાવે. બાળક વારંવાર આમ ન કરાવે. તું અનંત જ્ઞાનનો ધણી થઈ આવી ભૂલ કરે છે, તેથી અચરજ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ સુદ ૧૫, બુધ ૩૧-૧૨-૫૨

## પ્ર. - ૨૫

**અ**નાદિથી અજ્ઞાની વિકારનો અનુભવ કરે છે તે સંસારનું કારણ છે. ચિદાનંદ આત્માનો અનુભવ કરવો તે મોક્ષનું કારણ છે. કાં તો પુણ્ય–પાપનો અનુભવ કરે, કાં તો આનંદનો અનુભવ કરે. નરભવ સદાય રહેતો નથી. સાક્ષાત્ મોક્ષસાધનની જ્ઞાનકળામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે આવી જાય છે. દેહની ક્રિયા, વ્રત–તપની ક્રિયા તે મોક્ષના સાધનની ક્રિયા નથી. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની એકતા તે સાક્ષાત્ મોક્ષસાધન છે. અહીં મનુષ્યપણાની વાત લેવી છે. મનુષ્યદેહ જડ છે, સંયોગી ચીજ છે. ભગવાન આત્માની પૂર્ણ પવિત્રદશા તે મોક્ષ છે. તેનું સાધન જ્ઞાનકળા છે. હું જ્ઞાનાનંદ છું, શરીર, મન, વાણીની ક્રિયા નહિ, પુણ્ય–પાપની ક્રિયા નહિ, હું તો જ્ઞાનાનંદ છું –એવી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાને જ્ઞાનકળા કહે છે. તે મનુષ્યભવ સિવાય બીજે ન હોય. પુણ્ય–પાપ કે ધર્મ આત્માના પરિણામથી થાય છે. સિદ્ધદશાનું સાધન જ્ઞાનકળા કહે છે. તે મનુષ્યભવ સિવાય બીજે ન હોય. પુણ્ય–પાપ કે ધર્મ આત્માના પરિણામથી થાય છે. સિદ્ધદશાનું સાધન જ્ઞાનકળા છે. તિર્યંચ, નરક ને દેવમાં સાક્ષાત્ મોક્ષના સાધનરૂપ જ્ઞાનકળા નથી. ત્યાં સમ્યગ્દર્શન હોઈ શકે પણ મનુષ્યમાં સાક્ષાત્ મોક્ષ થાય. નિજબોધની કળાથી નિજસ્વરૂપમાં રહો. પુણ્યની ક્રિયાથી નિજસ્વરૂપમાં રહેવાતું નથી. ભગવાન નિત્યાનંદ સ્વરૂપના બોધ વડે નિજસ્વરૂપમાં રહેવાય છે.

અહીં કહે છે કે વારંવાર નિજ સ્વરૂપમાં રહેજે. બાળક પણ વારંવાર કહેવડાવે નહિ. તું તો અનંત જ્ઞાનનો ધણી છો, શરીર, મન, વાણીથી જુદો છો. તું પોતાને ભૂલી આવી ભૂલ કરે છે, તેથી અચરજ આવે છે. તને તારી ખબર પડી નહિ, તેથી અચરજ આવે છે. હવે આત્માને કાંઈક જો.

આ શરીર જડ છે, તેનાથી લાભ-નુકસાન છે એ માન્યતા મોટું પાખંડ છે. તેં આત્મા સાંભળ્યો નથી, જાણ્યો નથી, અનુભવ્યો નથી. તારા ચિદાનંદમાં ખામી પડી છે. જડને પોતાનું માનવું છોડ. શરીર જુદું છે, તો પછી શરીરનાં સગાંવહાલાં, બૈરાં-છોકરાં તો તદ્દન જુદાં છે. "દષ્ટિએ દોલત છે," ચિદાનંદ આત્માની શ્રદ્ધા કરવાથી પોતાની અંતર-દોલત પ્રગટે છે.

"શરીર મારું નથી" એમ કોઈ ઓઘે ઓઘે કહે, પણ હું આત્મા છું તો શરીર ચાલે, વાણી બોલાય-એમ માનનાર શરીરને પોતાનું જ માને છે. આત્મા હોય તોપણ ઘણીવાર શરીર ચાલતું દેખાતું નથી. સંધિવા વગેરે વખતે જીવની ઇચ્છા હોવા છતાં શરીરની ચાલવાની ક્રિયા થતી નથી, કારણ કે શરીરની દશા સ્વતંત્ર છે.

અજ્ઞાની માને છે કે આત્મા પ્રેરક થઈને શરીરને ચલાવે છે, તે મૂઢતા છે. પરમાણુ દ્રવ્ય છે ને દ્રવ્યનું લક્ષણ સત્ છે. તે સત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવ સહિત છે. નવી અવસ્થારૂપે ઊપજે છે, પૂર્વ અવસ્થારૂપે નાશ પામે છે ને ગુણોરૂપે ધ્રુવ રહે છે. આમ દરેક દ્રવ્ય સ્વતંત્ર છે એમ સમજવું જોઈએ.

તું એક વાર સાંભળ. તું જ્ઞાનાનંદ છો, પુરુષ, સ્ત્રી કે નપુંસક કે દેવ તું નથી. પુણ્ય-પાપ પર્યાયમાં થાય છે તે મૂળ ચીજ નથી. પોતે અવિનાશીપદરૂપ છે-આમ સમજે તો પોતાના પદમાં અવિનાશી પુરીનો રાજા થાય. પોતાનું જ્ઞાન થતાં પૂર્ણદશા થતાં અવિનાશી પદની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનનો અપાર મહિમા છે, એવી શક્તિ ગુપ્ત છે, તે પ્રગટ કરવાની પ્રતીતિ કર. પરને પોતાનું માની દુઃખ પામે છે. કોઈ મડદાને વસ્ત્ર, આભૂષણ પહેરાવે ને માને કે મેં પહેર્યાં છે. મફતનો જૂઠું માને છે. શરીરને સ્નાન વગેરે કરાવ્યું પણ તે તો શરીરની અવસ્થા છે, છતાં તે અવસ્થા મેં કરી એમ માને છે. સ્ત્રી, વિષય, લાડવા, દાળ, ભાતને ભોગવી માને કે મેં ભોગવ્યા. એમ જડની ક્રિયાને પોતાની માને છે એ મૂઢતા છે.

જેમ સર્પ કોઈને કરડે ને કોઈ બીજાને ઝેર ચડે એમ બને નહિ. લાડવા, દાળ, ભાત, વગેરે શરીર ખાય છે, પણ આત્મા ખાતો નથી. તારામાં એક પરમાણુ લેવાની તાકાત નથી. દરેક રજકરણ તેની તાકાતથી આવે છે ને જાય છે, છતાં મેં ખાધું-એમ માન્યું, જડ શરીર કપડાં પહેરે છે છતાં મેં પહેર્યાં-એમ માને છે એ અજ્ઞાન છે.

"બગાસું ખાધું, ધક્કો ખાધો, ઠપકો ખાધો," એમ કહે છે તો ત્યાં શું ખાધું? એ બધી ભાષા છે. તે અમુક જડની ક્રિયાસૂચક વાકયો છે. અહીં જડે કપડાં પહેર્યાં છતાં મેં પહેર્યાં એમ માને છે. હું ખાઉં છું-એમ માનનારે આત્મા માન્યો નથી. શરીર ઉપર કપડાં ને દાગીના નાખ્યાં ને માને કે મેં પહેર્યાં તે ભ્રમણા છે. જડનો પર્યાય સ્વયંસિદ્ધ તેના કારણે થાય છે, છતાં મારાથી થાય છે એમ માનવું તે અજ્ઞાન છે. શરીર ઉપર પાણી પડે ત્યારે માને કે મેં સ્નાન કર્યું, હું જડને સ્પર્શું છું-એમ માને છે. પુદ્‌ગલમાં સ્પર્શગુણ છે, આત્મા અસ્પર્શી છે. શરીરને અત્તરાદિ ચોળે ત્યારે પોતે તે કાર્ય કર્યું એમ માને છે, તેને જીવ ને અજીવની ભિન્નતાની ખબર નથી. શુદ્ધ આહાર જડ છે, પર છે, તેનાથી આત્મશુદ્ધિ થતી નથી. જડના પરિણામથી આત્માના પરિણામ સુધરે એમ માનવું તે અજ્ઞાન છે. નિર્દોષ આહાર મળે તો આત્માના પરિણામ સુધરે એમ માનવું તે અજ્ઞાન છે. આત્મા જડ આહારને લઈ શકતો નથી, છતાં મેં ખાધું એમ માને છે. આ શરીર જડ છે, આત્મા અરૂપી ચૈતન્ય છે, તે ક્રિયા વખતે જીવે રાગનો અનુભવ કર્યો છે, પણ જડની ક્રિયાનો અનુભવ કર્યો નથી. જેણે જડ અને જીવને જુદા જાણ્યા નથી તેને ધર્મ થતો નથી. જ્ઞાનાનંદ સ્વભાવને ચૂકીને રાગનો ભોગ અજ્ઞાની કરે છે પણ જડનો ભોગ તો તે પણ લઈ શકતો નથી.

અજ્ઞાની જડ તથા ચૈતન્યને એક મનાવે છે, પૈસાથી ધર્મ મનાવે છે. પૈસા મેં આપ્યા તે માન્યતા અધર્મ છે, જડની ક્રિયા આત્માથી થઈ એમ માનવું તે મિથ્યાત્વ છે. લક્ષ્મીથી પુણ્ય નથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને ધર્મ પણ નથી, તૃષ્ણા મંદ કરે તો પુણ્ય થાય છે પણ ધર્મ થતો નથી. એક પરમાણુ કોઈ આપી શકે કે ફેરવી શકે તે માન્યતા અજ્ઞાનીની છે. પૈસા રૂપી છે, આત્મા અરૂપી છે, છતાં અજ્ઞાની પોતાને લક્ષ્મી આદિનો સ્વામી માને છે.

જેમ રાજા કિંકરનો સ્વામી છે છતાં એ કિંકર ભોજનથી તૃપ્ત થવાથી રાજા એમ કહેતો નથી કે 'હું ધરાયો.' તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે. જડની ક્રિયા થાય ત્યાં માને કે આ પૈસા મેં આપ્યા, મેં લાડવા ખાધા, મેં કપડાં પહેર્યાં, મેં ભોગ ભોગવ્યા –એમ માની જડનો સ્વામી થાય છે. જડ ને ચેતન જુદા છે એવું ભાન નથી તેને પરનું અભિમાન થાય વિના રહે નહિ. પરની અવસ્થાથી મારી અવસ્થા થઈ એમ માને છે. આત્મા વિના વાણી નીકળે? એમ પ્રશ્ન કરે છે. વાણી પુદ્ગલ છે, તે આત્માની નથી. તું જો, તારી આવી ચાલ તને જ દુઃખદાયક છે.

**પ્રશ્ન :–** અત્યારે તો દુઃખદાયક દેખાતી નથી.

**સમાધાન :–** હરખ સન્નિપાતવાળો હસતો દેખાય છે પણ તે દુઃખી છે. તેમ પૈસા, બૈરાં–છોકરાંથી પોતે સુખી નથી છતાં હરખ માને છે તે મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રનો ત્રિદોષ (સન્નિપાત) છે. રાજા દુઃખી છે, રંક દુઃખી છે ને ત્યાગી નામ ધરાવી શરીરની ક્રિયા મારાથી થાય ને મહાવ્રતના પરિણામથી લાભ થાય તેમ માનતો હોય તો તે પણ દુઃખી છે, મિથ્યાત્વથી દુઃખી છે. રાગ, વિકલ્પ કે દયા–દાનાદિભાવ આસ્રવ છે–ઝેર છે, દુઃખદાયક છે, તેને સુખદાયક માને છે તેથી દુઃખી છે.

જો વસ્તુ સુંદર હોય તોપણ તેને ઉપરથી જ અંગીકાર ન કરવી. શરીર માટી છે, અપવિત્ર છે, કાન, નાક, આંખ વગેરે નવ દ્વાર દ્વારા મેલ નીકળે છે. જે દેખતાં જ ગ્લાનિરૂપ છે. અંદર સુંદર હોય તો બહારમાં બૂરું કેમ પડયું છે? અજ્ઞાનીને ભાન નથી. શરીર બહાર ને અંદર ખરાબ છે, નહાતી વખતે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ પરસેવો નીકળે છે, માટે શરીર અરુચિમય છે, તેની કોઈ અવસ્થા તારાથી નથી ને તેનાથી તને સુખ નથી. વળી શરીર મળમૂત્રની ખાણ છે. માટે તેની રુચિ છોડી. જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કર. આત્માને ચૂકી શરીરમાં સ્નેહ કરીને જન્મ-મરણમાં રખડો છો. તમારી પાછળ જન્મ-મરણ લાગી રહ્યાં છે. શરીર જન્મતાં હું જન્મ્યો, શરીર મરતાં હું મર્યો-એમ અજ્ઞાની માને છે-એમ અનાદિથી જન્માદિનાં દુઃખ સહ્યાં છે.

મોટા પુરુષની રીત છે કે તેથી સાથે જે હોય તેને તે ન છોડે, તેવી રીતનો ભાવ તેં કર્યો છે. અનાદિકાળનું શરીર મારું માન્યું તેને કેમ છોડયું જાય? શરીર, મન, વાણીને કેમ જુદાં કરાય? આમ મહંત થઈશ નહિ. શરીર, મન, વાણીની ક્રિયા મારી છે એવી મિથ્યા માન્યતારૂપી પાપ છોડો તો મહંત થવાય.

શરીર તો પાપનું રૂપ છે, આત્મા જ્ઞાનાનંદ પવિત્ર છે. શરીરને પવિત્ર માની પોતાની પવિત્રતા ચૂકી ગયો છે, માટે તમે ધર્મના અંગને સમજો. શરીર અનંત ગયાં, તેને મારાં માની પકડી રહ્યા છો. શરીર, મન, વાણી પરનું ધન છે, પરને લેવાની બુદ્ધિ મિથ્યાભ્રાંતિ છે. તેને છોડતો નથી તેથી અનંતકાળ દુઃખી થયો. પર-પરિગ્રહની આદત છોડતો નથી. પોતે ચૈતન્ય ભિન્ન છે, તેની શ્રદ્ધા કરતો નથી.

હે આત્મા! તારી શાહુકારી તારા જ્ઞાન-ને આનંદમાં છે. હું દેવ થયો, પૈસાવાળો થયો, ઘણા નોકરનો સ્વામી થયો-એમ પરનો સ્વામી થયો તે ચોરી છે. નિજધન જ્ઞાન છે તેને ઓળખો.

લક્ષ્મી વગેરે ચીજો તેના કારણે આવે ને જાય છે છતાં ગાંડો જીવ માને કે મારે લીધે તે ચીજો આવે ને જાય છે.

“શરીરે સુખી તો સુખી સર્વ વાતે,” એમ અજ્ઞાની માને છે ને તેવા મનાવનાર પણ હોય છે તે બધું અજ્ઞાન છે. જ્ઞાનાનંદ હું છું, વિકાર કૃત્રિમ છે, શરીર પર છે-એવા વિવેકને ગ્રહો તો શાહપદ પામશો. શરીરનો એક રજકણ સાથે આવે એમ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પોતાનું ધન પોતાની પાસે છે. શરીર તે શરીર છે, મન, વાણી, કપડાં, દાગીનાં જડ છે, હું ચૈતન્ય છું એવો વિશ્વાસ કર. દયા-દાનાદિની વૃત્તિ થાય તો સમજ કે તે વિકાર છે. હું જ્ઞાનમૂર્તિ છું, એવી મારી જાત છે. આત્મધનને ગ્રહણ કરો, પરના મમત્વને સ્વપ્નમાં પણ ન કરો.

જીવ અનંતવાર દ્રવ્યલિંગી મુનિ થયો, મહાવ્રત પાળ્યાં, પણ આત્માની વાત સાંભળી નથી. આત્મા જ્ઞાનાનંદમૂર્તિને જાણ્યા વિના બધું ઉકરડા ઉથામવા સમાન છે.

પર વસ્તુને પોતાની માનવાથી સ્વપ્નાંતરે પણ સુખ નથી. સ્વપ્નું આવે ત્યારે પણ હું ચિદાનંદ છું, શરીર નહિ, રાગ નહિ, -એવી શ્રદ્ધા કરો. તારી ખોટી ચાલને છોડ, તું દરિદ્ર નથી. આત્મા આનંદકંદ, સિદ્ધસ્વરૂપી, દેહ ડાબલીમાં બિરાજે છે, તે શ્રદ્ધા, જ્ઞાન, રમણતા આદિ અનંત ગુણોનું નિધાન છે, દરિદ્રી નથી. આત્માની ઓળખાણ કરે તે શ્રેષ્ઠ છે. મારી પાસે કાંઈ નથી એમ માની અજ્ઞાની માગણ થઈ રહ્યો છે, માટે કહે છે કે તું દરિદ્રી નથી, તું નિધાનવાળો છે. એની પીછાન વગર દરિદ્રી માની બેઠો છો. જે દરિદ્રી હોય તે એવાં કામ કરે.

*

## પોષ વદ ૧, ગુરુ ૧-૧-૫૩

## પ્ર. - ૨૬

**આ** આત્મા છે તે કોને અનુભવે? પુણ્ય-પાપને અનુભવે તે અધર્મ છે. શરીર, મન, વાણી રૂપી છે, તેને તો અનુભવતો નથી; આત્મા શુદ્ધ છે તેનો અનુભવ કરવો તે ધર્મ છે.

શ્રીગુરુને કહ્યું કે તું આનંદઘન ધ્રુવ સ્વભાવી છો -એમ તારું નિધાન બતાવ્યું. નિર્મળાનંદ છો, પુણ્ય-પાપ વિકાર છે, એવું સ્વરૂપ ઓળખાવ્યું, માટે ગુરુએ આત્મા આપ્યો એમ કહ્યું છે. રત્નત્રયનો ભંડાર આત્મા છે એવું નિધાન આપ્યું. પોતે સાક્ષીસ્વરૂપ છે એમ વિચારે તો ધર્મ પામે. શુદ્ધ ચિદાનંદ તારું નિધાન છે, તેને સંભાળી સુખી થાઓ. અહીં સંભાળવાથી સુખી થવાનું કહ્યું. હું જાણનાર છું એવી શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે સુખનું કારણ છે.

જેમ કોઈ સ્ત્રીએ પોતાની પથારી ઉપર લાકડાની પૂતળીને શણગારીને સુવાડી. પતિએ જાણ્યું કે મારી સ્ત્રી સૂતી છે. તેને બોલાવે પણ બોલે નહિ. પવન નાખ્યો વગેરે સેવા કરી, આખી રાત ખુશામત કરી, પછી પ્રભાત થયું ત્યારે જાણ્યું કે મેં જૂઠી જ સેવા કરી. આ તો લાકડાની સ્ત્રી છે. તેમ શરીર લાકડા સમાન છે; તેને તારાથી જુદું માન. દેહની ક્રિયા ને રાગની ક્રિયામાં ધર્મ નથી એમ શ્રદ્ધા કર દેહને સાચો માની સેવે છે, શરીર, મન, વાણીમાં ધર્મ માની બેઠો છે, પછી ભાન થયું કે આ બધાં જડ છે, ત્યાં ધર્મ નથી, પુણ્ય-પાપમાં ધર્મ નથી, સ્વભાવમાં ધર્મ છે. અજ્ઞાની લોકો શરીરને ધર્મનું સાધન માને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. હું શુદ્ધ ચિદાનંદ છું એવા સ્વભાવનું સાધન કરે તો શરીરને સાધન કહેવાય છે, પણ ચૈતન્યમૂર્તિના ભાન વિના શરીરને સાધન માની વ્યર્થ ખેદખિન્ન થાય છે. હે ચિદાનંદ! તું પાંચ ઇન્દ્રિયોના ચોરને પોષણ કરે છે. ઇન્દ્રિયો સારી રાખું તો ધર્મ થાય, શરીર અનુકૂળ હોય તો જાત્રા થાય-એમ માને છે. શરીરથી પુણ્ય પણ થતું નથી, પોતાના શુભભાવથી પુણ્ય છે.

પાંચ ઇન્દ્રિયોને પોષે છે પણ અતીન્દ્રિય આત્માને પોષતો નથી. શરીર સારું હોય તો પરોપકારનાં કામ થાય-એમ માને છે. જેનાથી લાભ માને તેને પોતાથી એકમેક માન્યા વિના રહે નહિ. જાત્રા, જપ, તપના ભાવ પુણ્ય છે, ધર્મ નથી. પોતાના હાથથી ભાવલિંગી મુનિને આહાર આપે ત્યાં જડની ક્રિયાથી લાભ કે નુકશાન નથી, ત્યાં શુભભાવ કરે છે તેટલું પુણ્ય છે. તે ક્રિયાથી રહિત આત્માનું ભાન કરે તે ધર્મ છે. મારું સ્વરૂપ અરાગી છે, તેની રુચિ કર તો ધર્મ થાય.

આંખો સારી હોય તો અનાજને તપાસી શકાય. અનાજ સડેલું છે કે સારું છે તેને ગંધ દ્વારા બરાબર તપાસી શકાય -એમ માની ઇન્દ્રિયો સાથે એકતા કરે છે, તે મિથ્યાભાવ છે; પણ જડ ને રાગથી અધિક મારું જ્ઞાનસ્વરૂપ છે એવું ભાન કરે તો ધર્મ થાય.

પુણ્યનો વિકલ્પ ઊઠે તે વિકાર છે. જે ભાવથી ૧૪૮ કર્મ પ્રકૃતિ બંધાય તે બંધનભાવ છે, તે આત્માનું સ્વરૂપ નથી. હે ચિદાનંદ! તું આત્માના જ્ઞાનનો અનુભવ કરનારો છો. ઇન્દ્રિયોથી લાભ માનવારૂપ માન્યના અથવા પાંચ ઇન્દ્રિયો સહાય કરશે, પૈસાથી લાભ થશે એવી માન્યતા અંતરરત્ન જ્ઞાન-દર્શન-ચારિત્ર વગેરેને ચોરી લ્યે છે. દયા, દાન, કરુણા, કોમળતાના ભાવ વિકાર છે, વિકારમાં લાભ માનતાં આત્મા ચોરાઈ જાય છે. તું હવે તારું જ્ઞાનખડ્ગ સંભાળ. હું જ્ઞાનની શ્રદ્ધા, જ્ઞાનનું જ્ઞાન ને જ્ઞાનની રમણતા કરનારો છું, દેહની ક્રિયા કે પુણ્ય-પાપની ક્રિયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મારી નથી. ઇન્દ્રિયોની રુચિ છોડો, ઇન્દ્રિયો જડ છે, તેનાથી જુદો આત્મા છે, તેનું જ્ઞાન-અનુભવન કર તો ધર્મ છે.

હે ચિદાનંદ! પાંચ ઇન્દ્રિયોના વિષયોને તથા પુણ્ય-પાપના ભાવોને જીતો કે ફરી બળ ન પકડે. ભગવાનનાં દર્શન કરવાં તે પણ ઇન્દ્રિયોનો વિષય છે. ભગવાન આત્મા પુણ્ય-પાપ રહિત અતીન્દ્રિય છે. આ ઇન્દ્રિય જડ છે. પર તરફ ઝુકાવ કરે, ભક્તિ કરે કે શાસ્ત્ર વાંચે તે શુભરાગનો વિષય છે, તેને જીતી નિજરીતિની રાહમાં આવો. હે જ્ઞાનાનંદ! તારા જ્ઞાન ને આનંદ શક્તિમાંથી પ્રગટ થશે. સ્વભાવની રીતમાં અથવા અંતરમાં આવો. ધર્મનો વિષય અખંડાનંદ છે, તેને ચૂકી પરનો વિષય કર્યો તે બંધનું કારણ છે. પુણ્ય-પાપની પ્રવૃત્તિ તે પરરીતિ છે, તે આત્માની રીતિ નથી. તમારા સ્વભાવમાં આવો, અંતરમાં કલ્યાણસ્વરૂપ આત્માની પૂર્ણદશાને પામી રાજ્ય કરો, પુણ્ય-પાપમાં તારું રાજ્ય નથી.

હે ચિદાનંદ! તમે રાજા છો, દર્શન-જ્ઞાન વજીર છે, રાજ્યના સ્થંભ છે, અનંતા ગુણો તારી વસ્તી છે. બૈરાં-છોકરાં તારા નથી. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ સ્થંભ છે. ચારિત્ર, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન વગેરે અનંતા ગુણો આત્માની વસ્તી છે. પુણ્ય-પાપ વિકાર છે, તે આત્માની વસ્તી નથી, તે તો અપરાધ છે. આત્માને અનુભવી તમારી રાજધાનીનો વિલાસ કરો. જ્ઞાન-દર્શનથી આત્મા લક્ષ્ય થઈ શકે છે, તેથી તેને વજીર કહ્યા. તેના વડે આત્મા અનુભવી શકાય છે. પુણ્ય-પાપ તારી વસ્તી નથી ને તું તેનો રાજા નથી. સ્વતંત્રપણે કરે તે કર્તા, કર્તાનું ઇષ્ટ તે કર્મ. સ્વતંત્રપણે વીતરાગી પર્યાયનો કર્તા આત્મા છે. તે કર્તા છે ને વીતરાગપણે થવું તે તેનું કાર્ય છે, વિકારાદિ પરિણામ તેનું કાર્ય નથી. ઔદયિકભાવને તત્ત્વાર્થસૂત્રમાં સ્વતત્ત્વ કહેલ છે. પર્યાયમાં વિકાર તારા કારણે થાય છે, કર્મને લીધે નહિ. તે બતાવવા તેમ કહ્યું છે. અહીં કહે છે કે તે તારી વસ્તી નથી, તું પુણ્ય-પાપનો સ્વામી નથી. અજ્ઞાની માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે હું પુણ્યનો રાજા અથવા સ્વામી છું. દેહ, મન, વાણી, પૈસા વગેરે જડનો સ્વામી થાય તે તો મિથ્યાદૃષ્ટિ છે, પણ વિકારનો સ્વામી થાય તે પણ મિથ્યાદૃષ્ટિ છે.

એક પરમાણુનો ને રાગનો સ્વામી થઈશ તો નિગોદમાં જઈશ. તારે ધર્મ કરવો હોય તો આ સમજ ને અનંતશક્તિનો ભરોશો કર, તેનો વિશ્વાસ કર.

શ્રી દીપચંદજી ગૃહસ્થ હતા. અંતરનિધિ ખોલી બતાવે છે. દીકરીને આણું વળાવે તેમાં કરિયાવર આપે છે, અહીં આત્માની ઋદ્ધિ બતાવે છે, તેને સાંભળી સુખી થા.

**પ્રશ્ન** :- એ લૌકિક ચીજો પ્રત્યક્ષ દેખાય છે, પણ આત્મા પ્રત્યક્ષ દેખાતો નથી.

**સમાધાન** :- તેને જોનાર કોણ છે? જ્ઞાન વિના આ ચીજ છે એમ કોણે જાણ્યું? જેની સત્તામાં આ જણાયું તે જ્ઞાન છે. આ છે તે કોના પ્રકાશમાં જણાયું? જડ ન જાણે, વિકાર ન જાણે પણ જ્ઞાન જાણે છે, છતાં મને જણાતું નથી એમ કહે છે. જ્ઞાન-દર્શન ન હોય તો રાગ થયો, નવો નવો વિકાર થયો, શરીરમાં રોગ આવ્યો કે ગયો તે કોણ જાણે? તે બધું ચૈતન્યસત્તામાં જણાય છે. તેની જે પ્રતીતિ કરતો નથી તે મિથ્યાદૃષ્ટિ છે.

અહીં કહે છે કે જેટલો ભેદ પડે છે તે તારું પદ નથી. સ્વભાવમાં જ્ઞાનનું એકપણું થવું તે તારું પદ છે, પુણ્ય-પાપ તારું પદ નથી. અજ્ઞાની માને છે કે મેં આટલાં પુણ્ય કર્યાં. ભાઈ, તે બધો વિકાર છે. વિકારરહિત આત્મા તે તારું પદ છે.

શરીર, મન, વાણી જ્ઞાન વિનાનાં છે, અપવિત્ર છે, અસ્થિર ને ક્ષણિક છે. તેની સાથે શું સ્નેહ કરો છો? બરાબર નિહાળો કે શરીરની અંદર ચૈતન્યતત્ત્વ છે. આ ચૈતન્યદીવો સ્થિર છે, પવિત્ર છે, તેને ઓળખ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

"સંસાર ન બનાવ્યો હોત તો આ ઉપાધિ તો ન રહેત," એમ કોઈ અજ્ઞાની કહે છે. પોતે ભૂલ કરે છે, તે કોઈ બીજાએ કરી નથી. પર વસ્તુ તો પરમાં છે, વિકાર અથવા સંસાર પોતે કરે છે, તે પોતામાં છે, પરમાં નથી, પરે કરાવ્યા નથી ને તેને પોતે ટાળે તો નાશ થાય, છતાં કર્મ ઉપર અથવા ઈશ્વર ઉપર દોષ નાખે છે. આત્મા ત્રિકાળ આનંદમૂર્તિ છે, તેને ચૂકી પરમાં સુખ માની દુઃખની ભાવના કરી દુઃખી થાય છે.

શરીર મંદિરમાં આત્મા દીવો છે. પુણ્ય-પાપને દીવો ન કહ્યો. વિકાર સ્વભાવમાં નથી. ચેતન દીપક શાશ્વતનો ખ્યાલ કરતો નથી.

**પ્રશ્ન** :- બહારથી નિવૃત્તિ લ્યે તેને આ બધું સમજાય ને?

**સમાધાન** :- જેને ઊંધી સમજણ છે તેને નિવૃત્તિ નથી. પર પદાર્થો મારામાં નથી ને વિકાર મારું સ્વરૂપ નથી, હું જ્ઞાન છું એવો નિર્ણય કરે તો પોતે ખોટી શ્રદ્ધાથી નિવર્ત્યો કહેવાય ને સ્થિરતા કરે તો અસ્થિરતાથી નિવર્ત્યો કહેવાય.

તું શાશ્વત દીપક છે. શરીર તો છૂટે છે, શરીર છૂટેલું જ પડ્યું છે. ચૈતન્ય ને શરીર વચ્ચે અત્યંત અભાવ છે. શરીર મારું નથી, હું આત્મા છું, પુણ્ય-પાપ કૃત્રિમ છે ને સ્વભાવ અકૃત્રિમ છે-એવી દૃષ્ટિપૂર્વક અવલોકન કરો. શરીર અસ્થિર છે, ચૈતન્ય નિત્ય સ્થિર છે, તેનો અભાવ થયો નથી.

જેમ વ્યવહારમાં નટ અનેક સ્વાંગ ધરે છે, છતાં પોતે તેરૂપ નથી. કોઈ નટ કૂતરાનો વેશ લ્યે, છતાં પોતાને કૂતરો માનતો નથી. અજ્ઞાની માને છે કે હું નિર્ધન, હું ધનવાન, હું પંડિત, હું મૂર્ખ, હું કાળો, હું રૂપાળો વગેરે પ્રકારે માને છે. શરીરો તો અસ્થિર છે, તું એવો ને એવો રહ્યો છે, માટે તું તને જો.

આત્મા ચિદાનંદ દીવો છે, નિત્યાનંદ પ્રભુ છે. શરીર છૂટવાથી આત્માનો અભાવ થશે? ના. અભાવવાળી ચીજો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અભાવરૂપે રહેશે ને તારી ચીજ એવી ને એવી સદ્‌ભાવરૂપે છે, માટે તેને તું જો.

નટ ગમે તેટલા વેશ પહેરે તોપણ પોતાને તેરૂપ માનતો નથી. નટ ઘેર જાય છે ત્યારે નાટકનો વેશ પહેરીને જતો નથી; તેમ શરીર, પુણ્ય-પાપ આદિ ભેખ છે, તે ભેખ લઈને આત્માની અંદર જવાય તેમ નથી. તત્ત્વોનો વિકલ્પ પણ ભેખ છે, તે બધા ભેદો છે. તેના વડે તારા ચૈતન્યપદમાં નહિ જવાય, માટે સમ્યગ્દર્શનનું ઘર જોવું હોય તો પુણ્ય-પાપ, દયા વગેરેના ભેખ સાથે લઈને અંતપ્રતીતિ થશે નહિ. પુણ્ય કરતાં કરતાં ધર્મ થશે તેમ માને છે, તે બધું બંધનું કારણ છે, તેની રુચિ છોડી, નિત્યાનંદ દીવાની દૃષ્ટિ કર. શરીર ને વિકાર અનિત્ય છે, તેની રુચિ છોડ. સ્વભાવ એવો ને એવો નિત્ય છે; તેને જોવાથી અનુભવ થશે ને ધર્મ થશે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ વદ ૨, શુક્ર ૨-૧-૫૩

## પ્ર. - ૨૭

**આ** અનુભવપ્રકાશ ગ્રંથ છે. આત્મા હરખ-શોકને અનુભવે છે તે સંસાર છે. વિકાર રહિત આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ છે. તેનું અવલંબન લઈ વીતરાગી દશા પ્રગટ કરવી તે ધર્મ છે. આત્માનો અનુભવ કહો, મોક્ષમાર્ગ કહો કે વીતરાગી દશા કહો -એ બધું એક જ છે.

શરીર અજીવ છે, ચેતન જાણનાર-દેખનાર છે, નિત્ય એકરૂપ સ્વભાવી કાયમી ચીજ છે, તેને બરાબર જુઓ. અંદર કેવું સ્વરૂપ છે, તેને જોવું ને અનુભવવું તે ધર્મ છે.

શરીર છૂટી જાય છે, પણ ભગવાન જ્ઞાનમૂર્તિ શાશ્વત રહે છે. જેમ ખડી સફેદાઈનો ગાંગડો છે તેમ આત્મા જ્ઞાનનો ગાંગડો છે; તેની અવસ્થામાં ભ્રાંતિ છે, મૂળ સ્વભાવમાં વિકાર નથી. દેહદેવળમાં રહેલો આત્મા શાશ્વત દીવો એવો ને એવો છે. તેનો અનુભવ કરો.

નાટક્યિો અનેક સ્વાંગ ધારણ કરે. ઘડીમાં ગોરો થાય, ઘડીમાં સ્ત્રી થાય, રાજા થાય-એવા વેશ ધારણ કરે પણ નટ તો એનો એ છે; તેમ આત્માએ ગમે તેટલા પુણ્ય-પાપના ક્ષણિક પરિણામ કર્યા પણ વસ્તુ તો એની એ છે. એવા ધ્રુવ સ્વભાવની દૃષ્ટિ કરવી તે ધર્મ છે. જેમ રત્નના દીવાને પવનના ઝપાટા લાગે પણ તે મચક ન ખાય, તેમ એક સમયની વિકારી પર્યાયને ગૌણ કરીને નિત્યાનંદ સ્વભાવને જો. સમ્યગ્દર્શનનો ધ્યેય ધ્રુવ સ્વભાવ એવો ને એવો છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



શ્રી સમયસાર ગાથા ૧૪માં સ્પષ્ટીકરણ આવે છે :-

અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય ને જે નિયત દેખે આત્મને,
અવિશેષ, અણસંયુક્ત, તેને શુદ્ધનય તું જાણજે. ૧૪
અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, જે અવિશેષ દેખે આત્મને,
તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫

આ બન્ને ગાથાનો અહીં ટૂંકો સાર છે. હે ચિદાનંદમૂર્તિ! તું જ્ઞાન-આનંદનો કરનાર છો, પુણ્ય-પાપ સંસાર છે, તે તારું સ્વરૂપ નથી. તારે જૈનશાસનને જોવું હોય, તેનો મર્મ જાણવો હોય તો અમે કહીએ છીએ તેને જો. દયા-દાન, રાગ-દ્વેષ, શરીર-મન-વાણી બધો કર્મનો સ્પૃષ્ટભાવ છે. દયા-દાનાદિ વિકારીભાવ કર્મઉપાધિથી થયેલો ભાવ છે, તે કર્મનો છે. તે છ વાતથી સ્પષ્ટ કરશેઃ-

(૧) જેવી રીતે કમલિની-પત્ર પાણીમાં રહે છે, છતાં પાણીથી બંધાયેલું નથી, તેમ જ

(૨) પાણી તેને સ્પર્શ્યું નથી. બન્ને ચીજ ભિન્ન છે.

કમળપત્ર પાણીથી નિર્લેપ રહે છે. પાણી ને કમળપત્ર વચ્ચે અન્યોન્ય અભાવ છે. અભાવ ન હોય તો પૃથક્ રહી શકે નહિ. તેમ ચિદાનંદ આત્મા કમળપત્રની પેઠે કર્મરૂપી જળથી બંધાયેલો નથી. ગુંદર ને કાગળ વચ્ચે શ્લેષ સંબંધ થાય છે એવો આત્મા ને કર્મ વચ્ચે સંબંધ નથી. તે એકમેક નથી-એવી દૃષ્ટિ કરવી તે જૈનશાસન છે. મારા સ્વરૂપમાં કર્મનો બંધ નથી, તેમ જ કર્મ આત્માને સ્પર્શ્યાં નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શે એમ બનતું નથી. એકબીજાનો એકબીજામાં અભાવ છે. આત્મા કર્મને સ્પર્શ્યો નથી. ધ્રુવ સ્વભાવ ઉપર દૃષ્ટિ કર. જૈનશાસનનો ધ્યેય આ છે. ભગવાન આત્મા શાશ્વત દીવો છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે. આત્મા કર્મથી એકરૂપ થયો નથી. કર્મનો સંયોગ છે તે નિમિત્તનૈમિત્તિક સંબંધનો વ્યવહાર બતાવે છે. તે વ્યવહારનયના વિષયને અભૂતાર્થ કરીને, સ્વભાવને નિશ્ચયનયનો વિષય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કહ્યો છે અને એ દૃષ્ટિએ આત્માને કર્મ સાથે સંયોગ સંબંધ પણ નથી. આત્માની પર્યાયમાં રાગ થાય છે. તેના નિમિત્તે કર્મ બંધાય છે. તેવી નિમિત્ત-નૈમિત્તિક સંબંધવાળી વર્તમાનદશા વ્યવહારનયનો વિષય છે. ધર્મી જીવને વર્તમાન ઉપરની દૃષ્ટિ છોડાવી સ્વભાવબુદ્ધિ કરાવે છે.

વ્યવહારે આત્મા સાથે શરીર ને કર્મનો સંબંધ છે, તે જ્ઞાન કરવા માટે છે પણ આદરવા માટે નથી. આત્મા કર્મથી બંધાયેલો નથી, તેમ જ સ્પર્શાયેલો નથી. એમ નિર્ણય કર તો ભૂતાર્થ સ્વભાવ ખ્યાલમાં આવે. શ્રી સમયસાર ગાથા ૧૪ માં શ્રી કુંદકુંદાચાર્યે અને શ્રી અમૃતચંદ્રાચાર્યે આ વાત સ્પષ્ટ કરેલ છે ને શ્રી દીપચંદજીએ અહીં સાર મૂકી દીધો છે. સમ્યગ્દર્શનનો વિષય અખંડ દ્રવ્ય છે. જ્ઞાન ધ્રુવસ્વભાવ ને પર્યાય બન્નેનું જ્ઞાન કરે છે. વર્તમાન પર્યાયમાં રાગ ને કર્મનું નિમિત્ત એમ બન્નેનું જ્ઞાન કરે છે. તે જ્ઞાન યથાર્થ ક્યારે થાય? તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઉપરથી લક્ષ છોડી, રાગનો ને કર્મનો મારામાં અભાવ છે, હું શુદ્ધ ચૈતન્ય છું એમ દૃષ્ટિ કરો તો સમ્યગ્દર્શનજ્ઞાન થાય.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ-એમ ચાર વાત આમાં કહે છે. ચેતન કર્મથી બંધાયેલો નથી ને સ્પર્શાયેલો નથી-આમ શુદ્ધ દ્રવ્યનો વિષય દ્રવ્યથી બતાવ્યો.

( ૩ ) આ બોલમાં ક્ષેત્રથી અભેદતાની વાત કરે છે. માટીમાંથી ઘડો, રામપાત્ર વગેરેના અનેક આકારો થાય છે, છતાં માટી સામાન્યપણે એક છે. વ્યંજનપર્યાયો અનેક થાય છે છતાં માટી એકરૂપ રહેલી છે, તેમ આત્મભગવાનની અસંખ્યપ્રદેશી વ્યંજનપર્યાય મનુષ્યરૂપે પરિણમે, સંસારના જુદા જુદા ભવોમાં પ્રદેશત્વગુણને લીધે વ્યંજનપર્યાય અનેકરૂપ થવા છતાં આત્મા અસંખ્યપ્રદેશી એકરૂપ છે. તે સમ્યગ્દર્શનનો વિષય છે. જુદી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુદી વ્યંજનપર્યાય છે ખરી, પાણીનો આકાર જુદો જુદો થાય છે તે તપેલા અથવા વાસણ ને લીધે નહિ પણ પોતાના કારણે થાય છે; તેમ જુદા જુદા નારકી, મનુષ્ય વગેરેના શરીરના આકારે અનેકરૂપ વ્યંજનપર્યાયો થાય છે તે ખરી છે, તે વ્યવહારનયનો વિષય છે, પણ તે આદરવા જેવો નથી-અભૂતાર્થ છે.

ववहारोऽभूयत्थो भूयत्थो देसिदो दु सुद्धणओ ।
भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो ।।११।।

( -સમયસાર )

વ્યવહાર અભૂતાર્થ છે, સર્વજ્ઞે ભૂતાર્થનયને આશ્રયે ધર્મ કહેલ છે.

કર્મનો બંધભાવ એક સમય પૂરતો છે, પણ નિશ્ચયથી તે અભૂતાર્થ છે. શરીરના આકાર મુજબ પર્યાયમાં સંકોચ-વિસ્તાર વ્યવહારનયે છે પણ કોઈ કહે કે તે તદ્દન ભ્રમ છે અથવા બિલકુલ નથી-એમ કહે તો તે ખોટો છે; પણ તે વ્યવહારનયના આશ્રયે ધર્મ થાય એમ બનતું નથી, પણ એકરૂપ શુદ્ધસ્વભાવના આધારે સમ્યગ્દર્શન થાય છે. તે ભૂતાર્થનયનો વિષય છે.

આ બોલમાં દ્રવ્યદષ્ટિએ ક્ષેત્ર એક સરખું છે એમ કહી ક્ષેત્રની અભેદતા બતાવી સ્વભાવની એકરૂપ દષ્ટિ કરવા માટે કહેલ છે.

( ૪ ) હવે સ્વકાળની વાત કરે છે.

દરિયો તરંગોરૂપથી વૃદ્ધિ-હાનિ પામે છે; પણ દરિયો તે દરિયો જ છે, સમુદ્રપણું એકરૂપ છે.

ભગવાન આત્માની પર્યાયમાં સ્વપરિણામ થયા કરે છે. જેમ કાળદ્રવ્યનું લક્ષણ વર્તના તેનાથી છે, તેમ છયે દ્રવ્યોની પર્યાય પોતાથી વર્તે છે. તે પર્યાયનો સ્વકાળ છે ભગવાન આત્મા સ્વકાળમાં વર્તતાં, દયા, દાન, કામ, ક્રોધાદિ પરિણામમાં વર્તે છે. પોતાના કાળે ને પોતાના કારણે અસંખ્ય પ્રકારના શુભ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અને અશુભ પરિણામરૂપે પરિણમે છે વિભાવ વડે વૃદ્ધિ-હાનિ પામે છે, પણ અંતરમાં જુઓ તો આત્મા એકરૂપ બિરાજે છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે.

ત્રીજા બોલમાં વ્યંજનપર્યાયની વાત લીધી હતી. આકૃતિઓ પલટતી હતી. છતાં અસંખ્ય પ્રદેશમાં ઓછાવત્તાપણું થયું નથી. કેવળદશા પામે કે નિગોદમાં રહે તોપણ નિશ્ચયથી એકપણું છે તે સમ્યગ્દર્શનનો વિષય છે. તેમ અહીં કાળમાં અર્થપર્યાય લીધી છે. સમ્યગ્દષ્ટિ જીવ વ્યવહારને જાણે છે, પણ આદરતો નથી. વિભાવનું ઓછાવત્તાપણું પર્યાયમાં છે છતાં એકરૂપપણું મારામાં છે એમ તે માને છે. સામાન્યપણું દ્રવ્યનું તથા ક્ષેત્રનું કહ્યું ને અહીં સામાન્યપણું કાળનું કહ્યું તે સમ્યગ્દર્શનનો વિષય છે.

(૫) હવે, ભાવની વાત કરે છે. સોનામાં પીળાશ, ચીકાશ, વજન વગેરે અપેક્ષાએ ભેદ છે, ગુણભેદે ભેદ છે, પણ સોનું વસ્તુએ તો એક છે. તેમ આત્મામાં અનંત ગુણો છે, તે ગુણભેદનો વિકલ્પ ચિત્તના સંગે ઊઠે છે. હું જ્ઞાન છું, હું દર્શન છું-એવા ભેદ પડે છે, ગુણભેદે ભેદ છે. ગુણભેદનો વિકલ્પ કર્મના લક્ષે ઊઠે છે પણ વસ્તુમાં ગુણભેદ નથી. સોનામાં વાનભેદે, સ્પર્શભેદે ભેદ દેખાય છે, તેમ આત્મામાં અનંત ગુણો છે. તે ભેદ અને વિકલ્પ વ્યહારનયનો વિષય છે, પણ જ્ઞાન-દર્શન-ચારિત્ર કોઈના પ્રદેશો જુદા નથી, ગુણ-ગુણી પ્રદેશે અભેદ છે.

(૧-૨) વ્યવહારનયથી પર્યાયમાં કર્મનો સંબંધ છે, છતાં નિશ્ચયથી આત્મા કર્મથી બંધાયેલો નથી, તેમ જ સ્પર્શાયેલો નથી. દ્રવ્યે એકરૂપ છે.

(૩) વ્યવહારનયથી પર્યાયમાં અનેક પ્રકારના આકારો થાય છે, છતાં નિશ્ચયથી આત્મા ક્ષેત્રે અસંખ્યપ્રદેશી એકરૂપ છે.

(૪) વ્યવહારનયથી સ્વકાળે અનેક પ્રકારની અર્થપર્યાયોમાં હાનિવૃદ્ધિ થાય છે, છતાં નિશ્ચયથી આત્મા સ્વકાળે એકરૂપ છે.

(૫) વ્યવહારનયથી અનેક ગુણોના ભેદો છે પણ નિશ્ચય દૃષ્ટિથી આત્મામાં તેવા ગુણભેદો નથી. આત્મા ભાવે એકરૂપ અભેદ છે.

એવો આત્મા સમ્યગ્દર્શનનો વિષય છે. સમ્યગ્દર્શન પ્રગટતાં જે જ્ઞાન પ્રગટે છે તે અભેદ આત્માને જાણે છે તથા ગુણભેદને પણ જાણે છે. આમ પ્રમાણજ્ઞાન યથાર્થ હોય છે. સર્વજ્ઞની દિવ્યધ્વનિમાં જૈનશાસનનો સાર આવેલ છે. સમ્યગ્દર્શનપર્યાય છે, તે પર્યાય નિમિત્ત, રાગ કે પર્યાયમાંથી પ્રગટતી નથી, પણ આત્મદ્રવ્યમાંથી પ્રગટે છે. સમ્યગ્દર્શનનો વિષય આત્મદ્રવ્ય છે.

એક આત્મામાં અનંત ગુણો છે, તેમાંથી એક પણ ગુણ ઓછો માને તે જીવ મૂઢ છે. એકલા ગુણભેદને જ સ્વીકારે તે મિથ્યાદૃષ્ટિ છે. અહીં અભેદ સામાન્યની વાત કરે છે. ધ્રુવ-સ્વભાવમાં બધા ગુણો અભેદ એકાકાર છે પણ આ જ્ઞાન છે, આ આનંદ છે એમ ભેદબુદ્ધિ થતાં તેના ઉપર લક્ષ જાય છે. તેવો ચિત્તના સંગનો વિકલ્પ વ્યવહારનયનો વિષય છે. તેને અભૂતાર્થ ઠરાવીને અનંત ગુણોના પિંડસ્વરૂપ અભેદ આત્માનો ભૂતાર્થ કહેલ છે. સમ્યગ્દર્શન પામવાનો આ એક જ પંથ છે.

(૬) શ્રી સમયસાર ગાથા ૧૪ માં પાંચમો દાખલો પાણીનો આપ્યો છે. વર્તમાન અપેક્ષાએ ગરમ પાણીમાં ઉષ્ણતા દેખાય છે તે અગ્નિને લીધે નથી. અગ્નિ ને પાણી વચ્ચે અન્યોન્ય અભાવ છે. વર્તમાન દૃષ્ટિએ પાણીની ઉષ્ણતા ભૂતાર્થ છે, પણ પાણીના મૂળ સ્વભાવથી જુઓ તો તે અભૂતાર્થ છે, કેમકે પાણી સ્વભાવે શીતળ છે.

અહીં સ્ફટિકનો દાખલો આપ્યો છે. સ્ફટિકમાં લીલી-લાલ અવસ્થા ભાસે છે. તે પરને લીધે નથી. તે તેની પર્યાયનો ધર્મ છે. તેમ સમકિતી પર્યાયને જાણે ખરો પણ તેનો આદર કરતો નથી. સ્ફટિક રંગીન કપડાને લીધે જુદા જુદા રંગોરૂપે દેખાય છે, પણ તે સ્વભાવે તો સ્વચ્છ છે.

તેમ કામ-ક્રોધાદિનું વેદન દેખાય છે તે કર્મરૂપી અગ્નિના સંયોગે દેખાય છે. આ બોલમાં અનુભવની વાત કરી છે.

વર્તમાનમાં હરખ-શોકનો અનુભવ કર્મના લક્ષે દેખાય છે, પણ નિશ્ચયદૃષ્ટિએ ચેતનામાં હરખ-શોકનો અનુભવ નથી.

સમયસાર ગાથા ૧૧માં કહ્યું છે કે વ્યવહાર અભૂતાર્થ છે ને ભૂતાર્થ સ્વભાવના આશ્રયે ધર્મદશા પ્રગટે છે.

ભૂતાર્થ સ્વભાવમાં દ્રવ્યે, ક્ષેત્રે, કાળે, ભાવે ને અનુભવે એકરૂપ ભાવ છે. તેવા જ્ઞાતા તરફનો એકરૂપ અનુભવ થાય તે સમ્યગ્દર્શન છે. સમયસાર ગાથા ૧૪ની ટીકામાં પાંચ બોલ કહ્યા છે. અહીં અબદ્ધસ્પૃષ્ટના બે બોલ જુદા કહી છ બોલ કહ્યા છે.

પરમાં પર છે, નિજચેતનમાં પર નથી. આત્મા શાશ્વત ધ્રુવસ્વભાવી સમ્યગ્દર્શનનો વિષય છે. તેથી છ ભાવો ઉપર ઉપર રહે છે, બિલકુલ નથી-એમ નથી.

(૧-૨) કર્મનો સંબંધ વ્યવહારનયથી છે પણ વસ્તુમાં કર્મનો સંબંધ નથી.

(૩) ક્ષેત્રની વ્યંજનપર્યાય વ્યવહારનયથી છે પણ વસ્તુ અસંખ્યપ્રદેશી એક છે,

(૪) સ્વકાળે વિભાવની હાનિ-વૃદ્ધિ વ્યવહારનયથી છે પણ વસ્તુ એકરૂપ છે,

(૫) ગુણભેદ વ્યવહારથી છે પણ વસ્તુ તો અભેદ છે,

(૬) હરખ-શોકનો અનુભવ વ્યવહારથી છે પણ વસ્તુમાં હરખ-શોક પેઠા નથી.

કોઈ પર્યાયને ઉડાડે તો તે મૂઢ છે. પર્યાય વ્યવહારનયનો વિષય છે. પર્યાયમાં છ ભાવ રહેલા છે. ચૈતન્યવાદીમાં એવા ભાવ નથી.

શિષ્યે પૂછેલ કે-અબદ્ધસ્પૃષ્ટ આત્મામાં અનુભવ કેમ થાય? શ્રીગુરુ કહે છે કે પાંચ ભાવો અથવા છ ભાવો કાયમ રહે તેવા નથી-અભૂતાર્થ છે. દ્રવ્યસ્વભાવ ભૂતાર્થ છે. તેના અવલંબને ધર્મ થાય છે. આ છ ભાવો ઉત્પાદ-વ્યયરૂપ છે, તે સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનો વિષય ચિદાનંદ ધ્રુવ આત્મા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વ્યવહારનયે છ ભાવો ભૂતાર્થ છે. પર્યાય મિથ્યા નથી, પર્યાય છે, ગુણભેદ છે, વિકાર છે, કર્મ છે, અનંત આત્મા છે-એમ વ્યવહાર છે પણ સમ્યગ્દર્શન પ્રગટ કરવું હોય તેણે છ ભેદોની રુચિ છોડવી જોઈશે. પાણીમાં તેલ ઉપર તરે છે તેમ ધ્રુવસ્વભાવમાં ઉત્પાદ-વ્યયના ભાવો પેઠા નથી. આ સમ્યગ્દર્શનની વાત છે. પછી અંતરમાં સ્થિરતા કરતાં મુનિપણું આવે છે. શ્રી કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ સંતો ભાવલિંગી મુનિ હતા. હજારો વાર છઠ્ઠે-સાતમે ગુણસ્થાને આવતા. મુનિ ભાવલિંગી હોય તેમને શરીરની નગ્નદશા જ હોય, પણ આત્માનું ભાન ન હોય તો તે મિથ્યાદષ્ટિ છે. કોઈ જીવને અંતરમાં ચોથું ગુણસ્થાન હોય ને બહારથી છઠ્ઠા ગુણસ્થાનના વ્યવહાર પરિણામ હોય તો નવમી ગ્રૈવેયકે ચાલ્યો જાય. તે સમજે છે કે મારી ભૂમિકા ચોથાની છે. જેને સમ્યગ્દર્શન નથી તેને મુનિપણું ન હોય. સમ્યગ્દર્શન વિના શ્રાવક કે મુનિપણું ન હોય.

જૈનશાસનનો મર્મ આમાં રહેલ છે. પાણી ઉપર શેવાળ છે, તેમ આત્માની ઉપર ઉપર છ ભાવો રહેલ છે. વિકાર, વ્યંજનપર્યાય વગેરે ઉપર ઉપર છે, અંતર દ્રવ્યસ્વભાવમાં તે પેઠેલ નથી.

ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય પ્રગટ છે ને ધ્રુવસ્વભાવ ગુપ્ત છે. તેની ભાવના કર. પર્યાયમાં દ્રવ્યસ્વભાવ તરફ જોર દે. અનંત જ્ઞાન દર્શન વગેરેની પ્રતીતિ કરી તેની ભાવના કર તો કેવળજ્ઞાન પ્રગટ થશે. પુણ્ય-પાપરૂપ પર્યાય ઉપર ઉપર છે, સ્વભાવ ગુપ્ત છે તેને પ્રગટ કરવાની ભાવના કર, જેથી તે વ્યક્ત થઈને વહે.

હું પર્યાયે સિદ્ધસમાન નથી પણ સ્વભાવે સિદ્ધસમાન છું. હું પરમાત્મા છું, તેવી શ્રદ્ધા કરે તો ધર્મ પ્રગટ થાય.

હે ચિદાનંદ! તું આનંદના અવિનાશી રસનો સાગર છે. દયા-દાનાદિ ને કામ-ક્રોધાદિ ઉપર ઉપર તરે છે, સ્વભાવમાં નથી તને હરખ-શોકનો અનુભવ કેમ મીઠો લાગ્યો? દયા-દાનાદિ વિકાર પરરસ છે, કાયમ રહેનાર નથી, માટે પરરસ કહ્યો છે. તે તને કેમ ગમ્યો? વિષયનો રસ કેમ મીઠો લાગ્યો? પુણ્ય-પાપની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મીઠાશથી ચોરાશીના અવતારમાં ઘૂમે છે. આત્માના અનુભવ વિના સંસાર તૂટતો નથી. તપ કરે, ઉપવાસ કરે-તે બધો રાગનો રસ છે. જેના કારણે સંસારમાં ફરવું થાય છે તે વ્યવહારને ભલો જાણી કેમ સેવે છે? જેને વ્યવહારનો પક્ષ છે અથવા દયા-દાનાદિના ભાવ પરમાર્થે હિતકર માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, તે દુઃખ પામે છે. જેણે શુભ-અશુભ ભાવ, હરખ-શોકના ભાવને પરમાર્થે ભલા માન્યા છે તેણે મિથ્યાત્વનો દારૂ પીધો છે, તેને આસ્રવ સારો લાગે છે, અનાસ્રવી આત્મા સારો લાગતો નથી. તું ભ્રમથી ભૂલ્યો છો, માટે આ દૃષ્ટિ કરી અનુભવ કર- આ એક જ ધર્મની રીત છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ સુદ ૩, શનિ ૩-૧-૫૩

## પ્ર. - ૨૮

**આ**ત્માના આનંદના અભાવે જીવ દુઃખી થાય છે. આત્મા સહજ આનંદસ્વરૂપ છે, તેના સ્વાદના અભાવે પરને પોતાનું માની અજ્ઞાની રખડે છે.

જેમ એક નગરમાં એક મનુષ્ય રહે છે. ત્યાં બીજો કોઈ નથી. સંસારમાં જીવ પોતે અવતાર લ્યે છે ને દુઃખ ભોગવે, માટે દૃષ્ટાંત આપે છે, એ નગરમાં ચોરાશી લાખ ઘર છે. તે ઘરને તે માણસ સુધાર્યા જ કરે છે. એક દિવસ એક ઘરને સુધારે, પછી બીજાને સુધારે-આમ તે ભીંતડાને સુધારતાં સુધારતાં આખો જન્મારો ગયો. જ્યારથી સુધારતો હતો ત્યારથી રોગ લાગ્યો હતો. પોતાની પરમ ચતુરતાને ભૂલ્યો. તે મનુષ્યને મોટી વિપત્તિ આવી પડી ને વિના પ્રયોજન એકલો સૂના ઘરમાં ટહેલ કર્યા કરે છે-સંભાળ કર્યા જ કરે છે. પોતે ઘણો બળવાન છે, છતાં ભૂલીને દુઃખ પામે છે. આ મનુષ્યનું શહેર એક પરમ વસ્તીવાળું છે ને ત્યાંનો તે રાજા છે. તે રાજ્યને સંભાળે તો સૂના ઘરોની સેવા તજે ને ત્યાંનું રાજ્ય કરે, તેમ આ ચિદાનંદ આત્મા ચોરાશી લાખના અવતાર કરે છે. શરીરમાં ક્ષુધા-તૃષા લાગે તેને મટાડવી, કપડાં પહેરવાં ઇત્યાદિ સવારથી સાંજ સુધી શરીરની સંભાળ કરે છે. નિગોદથી માંડીને અંતિમ ગ્રૈવેયક સુધીના જીવો શરીરની સંભાળનો ભાવ કર્યા કરે છે. કેટલાકને તેની સંભાળ આડે ફુરસદ મળતી નથી. અનિત્યની સંભાળમાં નિત્ય જ્ઞાનાનંદમય આત્માની દૃષ્ટિ ચૂકી જાય છે. જે શરીરમાં રહે તેને સુધારે. શરીરની જ ભાવના કરે છે. અહીંથી છૂટીને દેવલોકમાં જવું છે એવી ભાવના કરે છે એટલે કે દેવના શરીરને ઇચ્છે છે, પણ

જ્ઞાનાનંદની રુચિ કરતો નથી. એક પછી એક શરીરને સુધારતો ચોરાશીમાં રખડે છે. આ શરીર જડ છે છતાં તેની ક્રિયામાં રોકાઈ જાય છે. આમ અનાદિ કાળ ગયો. "શરીર મારું ને હું એનો," આ કર્મનો રાગ અનાદિથી લાગ્યો છે, એટલે કે શરીર ને કર્મ મારાં-એવી માન્યતાનો રોગ લાગ્યો છે. હું આનંદમૂર્તિ છું એવું અનંત બળ ક્ષીણ થઈ ગયું છે ને જન્મ-મરણ ભોગવે છે. શરીર તે જ હું એમ માને છે. પણ ચૈતન્ય-જ્યોતિનું ભાન કરતો નથી.

જેમ વાનર એક કાંકરો પડે ત્યારે રડે, તેમ દેહનું એક અંગ છૂટું પડે ત્યાં મનુષ્ય રૂવે. મારો કાન અથવા નાક તૂટી ગયો એમ માને છે. જરા લોહી નીકળે ત્યાં લોહી ઘટી જતાં હું નબળો પડી ગયો-એમ માને છે. હું એનો ને એ મારાં એમ જડની સેવાથી સુખ માને છે. શરીર ઠીક હશે તો ધર્મ થશે પરોપકાર થશે-એમ માને છે. પોતે નિરૂપદ્રવ સ્વભાવી છે તેનું રાજ્ય ભૂલી ગયો-ચિદાનંદ સ્વભાવને ચૂકી ગયો.

શ્રીગુરુ કહે છે કે- 'ચેતના તારું સ્વરૂપ છે, તું પોતે ચેતન છો, એમ બોધ સાંભળે ને પોતાને સંભાળે તો અવિનાશી રાજ્ય કરે. આત્મામાં જ્ઞાન-દર્શન આદિ ગુણની વસ્તી છે પણ પુણ્ય-પાપની વસ્તી નથી. આમ પોતે શક્તિની પ્રતીતિ કરી સ્થિર થાય તો કેવળજ્ઞાન પ્રગટે ને ત્રણલોકનો જાણનાર થાય. પછી ભવ થાય નહિ ને શરીરમાં રહે નહિ. આત્મામાં જ્ઞાન દર્શન શક્તિ છે, અંતર્સ્વભાવ ભરેલો છે, તેની શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ કરે તો સદાય શાશ્વત સુખનો ભોક્તા થાય.

કેવું છે તારું રૂપ? આત્મા વસ્તુ છે. તેની વીતરાગી પરિણતિ અનંત મહિમારૂપ છે. પોતાના પરમેશ્વર પદમાં રમનારી પોતાની પરિણતિ છે. પુરુષ એટલે ચિદાનંદ ભગવાન, તેનો સ્વભાવ આનંદ છે ને પ્રકૃતિનો સ્વભાવ દુઃખ છે-એ બન્નેનું ભેદજ્ઞાન કર. પર્યાયમાં કર્મના સંગે વિકાર થાય છે તે પ્રકૃતિનો સ્વભાવ છે,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે તારો સ્વભાવ નથી. રાગાદિ પુદ્ગલનું નાટક છે માટે તેનાથી જુદો છું એવો વિવેક કર. આવા ભગવાન આત્માનો આનંદ લઈને સુખી થા.

ભેદજ્ઞાન કરવું તે ઝાડ છે ને આત્માનો અનુભવ લેવો તે નિજાનંદ ફળ છે. તેનો સ્વાદ લે.

જેમ કોઈ રાજાને બીજાનો ગઢ લેવો મુશ્કેલ છે તેમ પરમાણુને પોતાના કરવા દુર્લભ છે. શરીર, મન, વાણીને પોતાનાં કરવાં મુશ્કેલ છે. બૈરાં-છોકરાં, પૈસા પોતાનાં કદી થયાં નથી, છતાં તે બધાંને રાખું એવો ભાવ અજ્ઞાની કર્યા કરે છે, તોપણ તે તારાં થાય એમ કદી બને નહિ. એક પરમાણુનો અથવા બીજા આત્માનો સ્વામી તે-તે દ્રવ્ય છે. શરીરની સંભાળ કરતાં અનંત કાળ ગયો છતાં શરીર તારું થયું નથી. દેવમાં જાય કે મનુષ્યમાં જાય, ત્યાંના પદાર્થોને પોતાના કરવા મથ્યો પણ તે પોતાના થયા નહિ ને તારો જીવ તે-રૂપે થયો નહિ.

કોઈને પૂછે કે કયું ગામ તારું? તો તે કહે કે 'મારું ગામ ભાવનગર,' પણ તેથી તે ગામ તેનું કદી થતું નથી; તેમ શરીર, પૈસા કોના? -એમ પૂછે તો કહે કે 'તે મારા છે,' પણ જેમ ગામ મારું છે તે બોલવામાત્ર છે, કારણ કે તે કદી તેનું થતું નથી, તેમ આત્મા શરીર વગેરેનો સ્વામી કદી થતો નથી.

તારું પદ જ્ઞાતા છે તેને તું જાણતો નથી ને જે પરપદ છે તેને લેવા માગે છે. શિયાળ ઊંટના લબડતા હોઠને જોઈને તેને લેવા માગે પણ તે વ્યર્થ છે, તેમ શરીર, સ્ત્રી આદિનો સંયોગ થાય ત્યારે જીવ માને કે એ બધાંને મારાં કરી લઉં-પણ એમ બનતું નથી, શિયાળને ઊંટના હોઠ મળે તો જીવને પરવસ્તુ મળે પણ તેમ કદી બનતું નથી.

તું ભલે તારા પદને ભૂલી ગયો છો, છતાં તારું પદ મુશ્કેલ નથી. શરીરાદિને રાખવા માગે છે, પણ પરપદ મુશ્કેલ છે. નિજપદ તારું સ્વરૂપ છે તે મુશ્કેલ નથી. ભ્રમણારૂપી પડદો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેં કરેલ છે. ચિદાનંદ સ્વરૂપને ચૂકીને શરીર મારું ને રાગદ્વેષ મારા-એમ માની બેઠો છે. મોટા દરિયાની આડે ચાર હાથની ચાદર રાખી હોય તો આખો દરિયો ઢંકાઈ ગયો હોય-એમ દેખાય છે; તેમ પરવસ્તુને પોતાની માનવારૂપ ઊંધી માન્યતાની ચાદરથી ચિદાનંદ આત્મા ઢંકાઈ ગયો છે. તે ભ્રમણા પોતે કરી છે. પોતાની ભૂલથી ચૈતન્યસમુદ્રને ભાળતો નથી. જ્ઞાનસ્વભાવી આત્મા છે, શરીર અને રાગ છે તે અજ્ઞાન તત્ત્વ છે, તે પ્રકાશ કરનાર નથી. શરીર ને વિકારની આડે પોતાનો પ્રકાશ ભાસતો નથી. તું તને ન માન તોપણ તારું રૂપ એવું ને એવું પડયું છે, કાંઈ બહાર ગયું નથી.

જેમ નટે બળદ અગર કૂતરાનો વેશ ધર્યો તેથી કાંઈ તે મનુષ્ય મનુષ્યપણું છોડી બહાર ગયો નથી. પશુનો વેશ ન ધારે તો તે માણસ જ છે. તેમ શરીર, મન, વાણી મારાં નથી, હું તો જ્ઞાનજ્યોતિ છું, -એમ સાચું જ્ઞાન કરે તો આત્મા એવો ને એવો છે, ને તે દેહનો સ્વાંગ ન ધરે.

એક ડાબલીમાં રત્ન પડયું છે. રત્નમાં કાંઈ બગડયું નથી. ઢાંકણું દૂર કરે તો રત્ન એવું ને એવું છે, તેમ શરીરમાં જ્ઞાનઘન રત્ન છે. અશરીરી આત્માની ભાવના કરે તો આત્મરત્ન એવું ને એવું છે. પર્યાયમાં થતા રાગની વાત અહીં ગૌણ છે. નિત્યાનંદ સ્વરૂપ એવું ને એવું છે. પોતે ચિદાનંદની દષ્ટિ કરે ને ભાવકર્મ મારાં છે એવી દષ્ટિ છોડે તો આત્મા એવો ને એવો છે. આત્મા કર્મ ને શરીરની મધ્યમાં પડેલો છે. તે શુભાશુભ ભાવ કરી પર્યાયમાં અટકયો હોવા છતાં સ્વભાવે એવો ને એવો છે, ને સિદ્ધદશા વ્યક્ત થાય છે ત્યારે શક્તિ તો એવી ને એવી છે. એ બન્ને અવસ્થામાં સ્વરૂપ તો જેવું ને તેવું જ છે. એવો શ્રદ્ધાભાવ એ જ સુખનું મૂળ છે.

કેવળજ્ઞાનની પર્યાયને પણ ન જો, પહેલી અવસ્થા શુદ્ધ ન હતી ને પછી શુદ્ધ થઈ એવા ભેદને ન જો. ગુપ્ત ને પ્રગટ અવસ્થા-ભેદ એટલે દ્રવ્ય ને પર્યાયના ભેદને ન જો. એક સમયનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિકાર હોવા છતાં શક્તિ એવી ને એવી છે, ને અવસ્થા પ્રગટ થઈ ત્યારે શક્તિ એવી ને એવી છે. આવી શ્રદ્ધા સુખનું મૂળ છે. પુણ્યભાવ સુખનું કારણ નથી. પર્યાયમાં સ્વભાવની શ્રદ્ધા કરી માટે સ્વભાવ નવો થયો? ના, ને પુણ્ય-પાપની રુચિ હતી ત્યારે સ્વભાવ ચાલ્યો ગયો હતો? ના, બન્ને વખતે જ્ઞાયકમૂર્તિ ભગવાન આત્મા તો એવો ને એવો છે. પ્રમત્ત-અપ્રમત્તના ભેદો વખતે ભગવાન આત્મા એવો ને એવો જ છે. એવી શ્રદ્ધા કર. ધ્રુવ સ્વભાવની શક્તિ ને વ્યક્તિ એવા ભેદને ન જો. સમ્યગ્દર્શન ધર્મનું મૂળ છે, આત્મા અનાકુળ શાંતિનો ભંડાર છે. મારી પર્યાય પૂર્ણરૂપે પ્રગટે તો તે શક્તિ ખરી, ને પ્રગટ ન થાય તો તે શક્તિ ખોટી-એ વાત છોડી દે. અંતર્શક્તિ ધ્રુવરૂપ પડી છે. પીપરમાં ચોસઠ પહોરી તીખાશની શક્તિ બધે વખતે અંદર પડેલી છે, તેમ જ્ઞાન ને આનંદની તાકાતવાળો સ્વભાવ સદાય એવો ને એવો છે. ધ્રુવશક્તિ, સામર્થ્યશક્તિ કે ચિદ્શક્તિ એવી ને એવી પડેલી છે. આવી પ્રતીતિ કરવી તે સુખનું મૂળ છે.

લીંડીપીપર નાની હોવા છતાં તેમાં પૂર્ણ તીખાશ પ્રગટવાની તાકાત છે; તેમ ચિદાનંદ આત્મામાં પૂર્ણ તાકાત છે. અંતર્મુખ દૃષ્ટિ કરે તોપણ એ જ તાકાત છે ને કોઈને અંતર તાકાત ન ભાસે તોપણ એ જ તાકાત છે. આવી પ્રતીતિ કરે તે અનુભવનું મૂળ છે.

જીવને લીંડીપીપરની તાકાત વિષે શંકા પડતી નથી. પોતે એમ ને એમ લીંડીપીપર ખાધી હોય તોપણ તેની તાકાતની શંકા પડતી નથી. કોઈને સિદ્ધપદ ન ભાસે તોપણ અંતરમાં તાકાત ભરેલી છે. "જે સ્વરૂપ છે તે અન્યથા થતું નથી." વસ્તુ જ્ઞાયકમૂર્તિ છે, માટે શક્તિ ને પર્યાય વચ્ચે ભેદ ન પાડ, એવી શ્રદ્ધા સુખનું મૂળ છે.

પણ વર્તમાન ક્ષણિક દશાથી જુએ તો સુખ ન પામે. જેની દૃષ્ટિ શુદ્ધ ચિદાનંદ ઉપર નથી તે સુખ ન પામે. પર્યાયમાં અશુદ્ધતા છે તેની દૃષ્ટિ છોડ, અશુદ્ધદૃષ્ટિથી સંસાર થશે ને એક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયના સંસારને ગૌણ કર ને સ્વભાવદૃષ્ટિ કર તો આનંદ થશે. કર્મ તરફના વલણથી સુખ ન થાય. જેવી દૃષ્ટિએ દેખે તેવું ફળ થાય.

અરીસામાં મયૂરનું પ્રતિબિંબ પડતાં મોર જ ભાસે છે, પણ અરીસા તરફ દેખતાં તે અરીસો જ છે, તેમાં મોર નથી; તેમ પુણ્ય-પાપને દેખે તો પુણ્ય-પાપ જ ભાસે, પણ ચિદાનંદ આત્માને દેખે તો પુણ્ય-પાપ ન ભાસે પણ આત્મા જ ભાસે.

વિકારી પર્યાયથી જાુએ તો આત્મા વિકારમય લાગે ને આત્માની દૃષ્ટિથી જુએ તો આત્મા જ્ઞાનમય લાગે. અરીસાને લીલા રંગથી દેખે તો લીલો દેખાશે ને પ્રકાશ તરફથી જુએ તો અરીસો પ્રકાશમય ભાસે. મોરનું પ્રતિબિંબ અરીસાનું મૂળસ્વરૂપ નથી, પણ પ્રકાશમય અથવા સ્વચ્છતામય તેનું સ્વરૂપ છે; તેમ પુણ્ય-પાપના અશુદ્ધ પરિણામથી જાુએ તો આત્મા વિકારમય દેખાશે પણ દ્રવ્યદૃષ્ટિથી જાુએ તો આત્મા શુદ્ધ જ્ઞાનમય દેખાય છે. જેની દૃષ્ટિ શુદ્ધ પદાર્થ ઉપર છે તેની મુક્તિ છે ને કર્મદૃષ્ટિથી અવલોકે તો સંસાર છે. વિકારદૃષ્ટિથી આત્મામાં વિકાર જ ભાસે છે, શરીરદૃષ્ટિથી શરીરમય ભાસે છે પણ પોતે જ્ઞાનાનંદ છે એમ નિજ તરફ જુએ તો વિકાર ને શરીરરૂપ ન ભાસે; માટે દુઃખરૂપ પરદૃષ્ટિ ન કરો કારણ કે દુઃખરૂપ પરદૃષ્ટિ સંસારનું કારણ છે. તેનાથી આત્માનો અનુભવ થશે નહિ.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ વદ ૪, રવિ ૪-૧-૫૩

## પ્ર. - ૨૯

**આ**ત્માની શાંતિરૂપ પ્રકાશને અનુભવ કહે છે. આત્મામાં શાંતિ ને આનંદ શક્તિરૂપે અનાદિ અનંત પડયા છે. તેવા આત્માનો પુણ્ય-પાપ રહિત અનુભવ થાય તેને ધર્મ કહે છે. અકષાયપરિણામના પ્રકાશને અનુભવપ્રકાશ કહે છે.

હે ચિદાનંદરામ! અહીં 'રામ' શબ્દ આત્મામાં રમણતાની અપેક્ષાએ વાપરેલ છે. શરીર, મન વાણી, પુણ્ય-પાપ નાશવાન છે, તે તારું સ્વરૂપ નથી. તમે ચિદાનંદ અમર છો-એમ માની પોતાને અવલોકો. તમારું મરણ થતું નથી, શરીરનો ને વિકારનો વ્યય થાય છે.

જેવી રીતે કોઈ ચક્રી પોતાના મહેલમાં ચૌદ રત્ન અને નવનિધિ હોવા છતાં દરિદ્ર થઈને ફરે, પણ પોતાની નિધિનું અવલોકન કરે તો ચક્રવર્તી થાય; તેમ આત્મા એક સમયમાં પ્રભુત્વશક્તિથી ભરેલો છે. એક સમયના પુણ્ય-પાપને અવલોકે નહિ, પણ પોતાના જ્ઞાનાનંદ સ્વભાવને અવલોકે તો પોતે પરમેશ્વર છે.

શરીર સારું હોય તો ધર્મ થાય, પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય- એવા ભિખારાવેડા કરી જીવ રખડી રહ્યો છે. એક સમયમાં નિત્યાનંદ પ્રભુ પૂર્ણ છે. પુણ્ય-પાપની રુચિ કરવી તે ભિખારીપદ છે, તે તેનું પદ નથી કેમકે પોતે પરમેશ્વર પદવાળો છે. મને સ્ત્રી મળે, મને અધિકારીપણું મળે, આમ ભિખારાવેડા અજ્ઞાની કરે છે, તે પરમેશ્વરપદને ઓળખતો નથી.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દેખો દેખો તારી ભૂલ, જ્ઞાનમય આત્માને જાણે તો પરમેશ્વરપદ પ્રાપ્ત કરે. ભગવાન ચૈતન્યસૂર્ય પ્રભુ છે, તેનો વિશ્વાસ, જ્ઞાન ને અનુભવ કરવાથી પરમેશ્વર થાય. અવલોકન કરવું તે ક્રિયા છે. દેહની ક્રિયા જડની છે, પુણ્યની ક્રિયા તે વિકારી ક્રિયા છે. ચિદાનંદમૂર્તિ છું, એની દૃષ્ટિ થયા પછી શુભભાવ થાય તેને વ્યવહાર કહેવાય છે. ખરેખર તો સ્વભાવને અવલોકવો તે ધાર્મિક ક્રિયા છે.

જે વસ્તુ હોય તે આદિ-અંત વિનાની હોય. જે વસ્તુ હોય તેને પોતાનો સ્વભાવ હોય. આત્મામાં જ્ઞાન, આનંદ, સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનંત ગુણો છે. એવા પરમેશ્વરપદની રુચિ કરીને પુણ્ય-પાપની રુચિ હઠાવે તો ધર્મ થાય.

જડની ક્રિયા જડના કારણે થાય છે, ધર્મીને પોતાની યોગ્યતાને કારણે શુભરાગના કાળે શુભરાગ આવે છે પણ તે ધર્મ નથી. શુભરાગના અવલંબને ધર્મ થતો નથી, શુભરાગના કાળે સ્વઅવલોકનમાત્ર ધાર્મિક ક્રિયા છે. આત્મા બહારની ચીજોને લાવી કે છોડી શકતો નથી. રાગના કારણે પરની પર્યાય થાય નહિ તેમ જ રાગથી ધર્મ થાય નહિ. ચિદાનંદ પદનું અવલોકન કરે તેટલો ધર્મ છે.

સાધકને રાગ હોય છે પણ એકલા નિમિત્તનું તથા રાગનું અવલોકન કરવું તે અધર્મ છે. પોતે સ્વભાવને અવલોકે નહિ તો પાંચ ઇંદ્રિયોના શુભાશુભ વિષયો તરફ રુચિ કરી તેને તાબે થઈ પોતાનું નિધાન લૂટાતાં દરિદ્રી થયો. પાંચ ઇંદ્રિયો જડ છે પણ તે તરફનું વલણ તે રાગ છે. તેને વશ થઈ નિત્યાનંદ સ્વભાવ ચૂકી જાય છે ને પોતાનું નિધાન લૂંટાવી દે છે. મારી શક્તિમાંથી જ્ઞાન ને આનંદ વ્યક્ત થાય છે, રાગમાંથી જ્ઞાન ને આનંદ આવતાં નથી. આમ સ્વભાવના અવલોકનથી સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર પ્રગટે છે પણ રાગનું અવલંબન લઈ પોતાનું નિધાન લૂંટાવી દે છે ને ચોરાશીના અવતારમાં રખડે છે, પછી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વર્ગનો ભવ હો કે નરકનો હો, રાજાનો હો કે રંકનો હો-તે બધા પુણ્ય-પાપના ફળમાં સંસાર છે.

ગમે તે નિમિત્તો જાુદાં જાુદાં હોય ને ગમે તે રાગ જાુદો જુદો હોય છતાં હું જ્ઞાતા-દ્રષ્ટા છું-એવી દૃષ્ટિ ચૂકે તે પોતાનું નિધાન લૂંટાવે છે. પર તરફનો ભાવ વિકાર છે, તેને ધર્મ માનવો તે આત્મા માટે બેકાર-નકામો છે. પ્રથમ વિશ્વાસ કરવો જોઈએ. સત્યમાંથી સત્ય આવશે.

સંયોગો પલટતા જાય છે ને પુણ્ય-પાપ પણ અનિત્ય છે. સંયોગોને આશ્રયે થતો વિકારીભાવ અનિત્ય છે ને શાશ્વત સ્વભાવના આશ્રયે થતી અવિકારી દશા સ્વભાવ સાથે અભેદ થાય છે, માટે તે પર્યાયને પણ શાશ્વત કહી છે. દયા-દાનાદિ ભાવો વિકાર છે, નિમિત્તો ફરે છે ને વિકારો પણ ફરે છે. ચિદાનંદ સ્વભાવ એકરૂપ છે, તેના આશ્રયે પ્રગટતી પર્યાયને એક ન્યાયે અવિનાશી કહી છે કેમકે તે ધ્રુવ એકાકાર સ્વભાવ સાથે અભેદ થયેલ છે.

અજ્ઞાની જીવ ભવવિપત્તિ ભરે છે, ભૂલ મટાડતો નથી. પોતે પુણ્ય-પાપને પોતાનાં માને છે, મિથ્યાભાવને લીધે પરને એટલે કે વિકારને મારો માને છે, જેનાથી લાભ માને તેને પોતાનું માન્યા વિના રહે નહિ. જડ કર્મે વિકાર કરાવ્યો નથી. ભ્રાંતિ, રાગ, દ્વેષ તે જીવના પરિણામ છે. તેને પોતાના માને છે, તેથી વિકારરૂપ ભાસે છે પણ ચિદાનંદ ભાસતો નથી. શુભાશુભભાવ, જપ, તપ, ભક્તિ તે આત્માનો જાતિસ્વભાવ નથી. જો જાતિસ્વભાવ હોય તો આત્મામાંથી છૂટો થાય નહિ. સિદ્ધમાં શુભાશુભ ભાવો નથી, માટે તે તારો પણ જાતિસ્વભાવ નથી. તેને જાણે તે તારો સ્વભાવ છે.

આ રાગ થયો, આ દયાભાવ થયો-એને જાણનાર ચેતના છે, તે કેવળ જીવ છે. ચેતના એકલો જીવનો સ્વભાવ છે, પુણ્ય-પાપ જીવનો જાતિસ્વભાવ નથી, માટે ભેદજ્ઞાન કરો.

આત્માનો જાણવાનો સ્વભાવ એક પ્રકારે છે, પુણ્ય-પાપના વિકારો અનેક છે, કેમકે અનેક સંયોગોને અવલંબીને થયેલ છે. આત્માને જાણવું-દેખવું એકરૂપ સ્વભાવને અવલંબી થયેલ છે માટે તે એક પ્રકારે છે. તેનો અનુભવ કરવો તે ધર્મ છે.

**પ્રશ્ન** :- આ ન સમજાય ત્યાં સુધી શું કરવું?

**સમાધાન** :- ન સમજાય ત્યાં સુધી આ સમજવાની મહેનત કરવી. સ્વભાવ શું વિભાવ શું, કોના વલણથી લાભ કે નુકસાન થાય તેનો વિચાર કરવો. ઊંધો પ્રયત્ન કરે છે તો હવે સાચો પ્રયત્ન કરવો. શરીર ને વિકાર તરફ વલણ હતું તે ફેરવી નિત્યાનંદ સ્વભાવનું વલણ કરવું તે તારા હાથમાં છે. તારી અવસ્થાનો ધરનાર તું છો, સર્વજ્ઞદેવ કે ગુરુ તારા પરિણામને ફેરવનાર નથી.

લક્ષણ-પ્રસિદ્ધિએ લક્ષ્ય-પ્રસિદ્ધિ છે. ચેતના-લક્ષણ છે, તેનાથી આત્મદ્રવ્ય પ્રસિદ્ધિ છે, કેમકે ચેતના સાક્ષાત્ જીવ છે. રાગદ્વેષ પર્યાયમાં થાય છે, તે અશુદ્ધનયથી જીવના છે, પણ શુદ્ધનયથી જીવના નથી. શુદ્ધનયથી જાણવા-દેખવાના પરિણામ જીવના છે, તેથી જીવ શુદ્ધ ચેતનારૂપ થયો.

રાગાદિ ભાવોમાં જીવ પોતે પ્રવર્તે છે તે કર્મચેતનારૂપ થઈ પ્રવર્તે છે; તેમાં કર્મના ઉદયને લીધે પ્રવર્તવું પડે છે-એમ નથી. પોતે પોતાની પર્યાયમાં રાગદ્વેષરૂપે પરિણમે છે. રાગદ્વેષ પરમાં નથી, તેમ જ પરને લીધે નથી.

જીવ વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય. વિકારરૂપી કાર્યમાં ચેતના પ્રવર્તે તે અધર્મ છે ને ચેતના જીવમાં પ્રવર્તે તે ધર્મ છે. જ્ઞાનચેતના, કર્મચેતના ને કર્મફળચેતના જીવમાં હોય છે. પુણ્ય-પાપના ભાવ કર્મચેતના છે, ને હરખ-શોકના ભાવ કર્મફળચેતના છે. અને ચેતના એકાકારરૂપે ચેતે તે જ્ઞાનચેતના છે. તે ત્રણે પોતાની પર્યાયમાં થાય છે. જીવની ચેતના વિકારરૂપે

પરિણમે છે, જડને લીધે નહિ. ચેતનાને સ્વભાવમાં વાળે તે ધર્મ છે ને વિકારમાં વાળે તે અધર્મ છે. સ્વસત્તામાં પરની સત્તા નથી ને પરની સત્તામાં સ્વસત્તા નથી. ચેતના જીવ વિના નથી. પુણ્ય-પાપ જીવની પર્યાયમાં છે પણ તે અશુદ્ધ જીવનું સ્વરૂપ છે. જ્ઞાનચેતના શુદ્ધ જીવનું સ્વરૂપ છે. ગુણ-ગુણીની એકતા કરી સ્વભાવ તરફ વળવું તે ધર્મ છે.

વિકાર તરફ પ્રવર્તતો તે અધર્મ હતો. હવે મેં શુદ્ધ ચેતનાનું સ્વરૂપ જાણ્યું, જ્ઞાતાદ્રષ્ટાપણું તે ત્રિકાળ ધર્મ છે. આમ સ્વભાવ તરફ વળે તેને કેવા ભાવ થાય છે તે કહે છે. અત્યાર સુધી દયા-દાનાદિમાં તથા હરખ-શોકમાં પ્રવર્તતો હતો, હવે પોતા તરફ વળે છે. પર્યાયબુદ્ધિ ટળતાં અને સ્વભાવબુદ્ધિ થતાં એમ માને છે કે મેં શુદ્ધ ચેતનાનું સ્વરૂપ જાણ્યું. હું જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ છું, હું વિકારરૂપ નથી; પર્યાયમાં વિકાર છે તે ત્રિકાળી સ્વભાવમાં નથી, તેથી હું વિકારરહિત સિદ્ધસમાન છું.

**चेतनरूप अनूप अमूरत, सिद्ध समान सदा पद मेरौ ।**
**मोह महातम आतम अंग, कियौ परसंग महातम धेरौ ।।**
**ग्यानकला उपजी अब मोहि, कहौं गुन नाटक आगमकेरौ ।**
**जासु प्रसाद सधै शिवमारग, वेगि मिटै भववास वसेरौ ।।**

(-નાટક સમયસાર.)

અહીં દ્રવ્યની વાત કહે છે. પર્યાયમાં ફેર છે તેને જ્ઞાન જાણે છે. સિદ્ધના જેવા ગુણો તેવા મારા ગુણો છે એમ જ્ઞાની જાણે છે.

કર્મથી બંધાવું કે છૂટવું તે મારું સ્વરૂપ નથી. ચિદ્દઘન જ્ઞાયકસ્વરૂપને બંધ કે મુક્તિ નથી. બંધ-મુક્તિ પર્યાયમાં છે, સ્વભાવમાં નથી. શુદ્ધ ચેતનાસ્વરૂપ બંધાયું નથી તો પછી મોક્ષ કોનો? હું આસ્રવરૂપ નથી, સંવર-નિર્જરારૂપ નથી, તે બધા પર્યાયના ભેદો એક સમયપૂરતા છે. પુણ્ય-પાપના વિકારને મારા માન્યા હતા પણ હવે હું જાગ્યો. તે ઉત્પાદની વાત કરી ને રાગ-દ્વેષ જેટલો જ આત્મા માનેલ તે નિદ્રા હતી, તેનો વ્યય થયો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હું મારા સ્વરૂપને એકને જ અનુભવું છું. તે જ ધર્મ છે. આ ધાર્મિક ક્રિયા છે.

સમ્યગ્જ્ઞાની વિચારે છે કે સંસાર એક સમયનો છે પણ સ્વભાવમાં તે નથી. સ્વભાવની રુચિ કરવી તે ધર્મ છે. અજ્ઞાની જીવો બહારના પદાર્થોને છોડવાનું કહે છે. પર પદાર્થનાં ગ્રહણત્યાગ આત્મામાં નથી. શુદ્ધ ચિદાનંદ છું -એવું ભાન થવું તે નિશ્ચય છે, તેવા જીવને શુભરાગ હોય તે વ્યવહાર છે.

ગ્રંથકર્તા શ્રી દીપચંદજી મુનિઓની વાણી અનુસાર કહે છે કે-હું પુણ્ય-પાપની વૃત્તિ ઉપર આરૂઢ હતો તે મિથ્યાદર્શન હતું; હવે શુદ્ધ સ્વભાવમાં આરૂઢ થયો તે ધર્મ છે. સ્વરૂપગૃહમાં એટલે જ્ઞાનાનંદ શુદ્ધ ચેતનારૂપી ઘરમાં વસવું તે વાસ્તુ છે. ધર્મી જીવની દૃષ્ટિ શુદ્ધ ચેતનાના સ્વભાવ ઉપર છે. પુણ્ય-પાપના પરિણામનો દેખનારો છું-તમાશગીર છું, હું જ્ઞાતા છું, પર્યાયમાં થતા પુણ્ય-પાપનો પણ જાણનાર છું, શરીરાદિ પરની ક્રિયાનો જાણનાર છું. હું હવે મારા પોતાના જ્ઞાન-દર્શન સ્વરૂપને જાણું-દેખું છું, એવા વિચાર પણ વિકલ્પ છે. તે વિકલ્પ તૂટીને સ્વભાવમાં લીનતા થતાં જ્ઞાનનો પ્રત્યક્ષ રસ વેદવો તે અનુભવ છે. રાગ છે તે જ્ઞાનનો અનુભવ નથી પણ વિકારનો છે. પ્રથમ આવો આત્મા શુદ્ધ જ્ઞાયક છે એવો વિચાર પ્રતીતિરૂપ સાધક છે, તે નિમિત્ત છે. તે નિમિત્ત ક્યારે કહેવાય? સ્વભાવનો અનુભવ કરે તો તેને નિમિત્ત કહેવાય. સ્વભાવના વિચારની પ્રતીતિ તે સાધક છે ને અનુભવ સાધ્ય છે. વિકલ્પથી અનુભવ થયો-એમ કહેવું તે વ્યવહાર છે, નિશ્ચય પોતામાં પ્રગટ કરે તો વિકલ્પને સાધક કહેવાય.

આમ સાધક-સાધ્ય ભેદ જાણે તો વસ્તુની સિદ્ધિ થાય.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ વદ ૫, સોમ ૫-૧-૫૩

# પ્ર. - ૩૦

**આ**ત્માના જ્ઞાનાનંદ સ્વરૂપની અંતરંગ પ્રતીતિ અને રમણતાને અનુભવપ્રકાશ કહે છે. ગુણોનો પિંડ જ્ઞાયક આત્મા છે. તેવા વિચારની પ્રતીતિ નિમિત્ત છે ને આત્માનો અનુભવ તે સાધ્ય અથવા ધ્યેય છે. પુણ્ય-પાપ હું નથી, હું અખંડ જ્ઞાયક છું-એવો વિચાર સાધક છે. તે વિચારને છોડીને આનંદને અનુભવવો તે ધ્યેય છે. સાધક-સાધ્ય ભેદ જાણે તો વસ્તુની સિદ્ધિ થાય.

સાધ્ય-સાધકનાં ઉદાહરણ આપે છે. અનુભવનું ધ્યેય તો દ્રવ્ય છે પણ અહીં પર્યાયમાં સાધ્ય ઉતારે છે. અનુભવ ધ્યેય છે ને વિચાર સાધક છે. જીવ અનુભવ કરે તો વિચાર, પ્રતીતિને સાધન કહેવાય છે. આ અનુભવપ્રકાશ ગ્રંથ છે, તેથી અનુભવનું સાધન કરે છે, ‘હું અખંડાનંદ છું,’ એવા વિચારને સાધન કહે છે ને અનુભવ સાધ્ય છે.

ઉદાહરણ આપે છે-

(૧) જ્યાંસુધી સાધક છે ત્યાં સુધી બાધકપણું રહેલું છે. ત્યાં પુદ્‌ગલ કર્મનો ઉદય તો કર્મના કારણે છે. કર્મ તેની મર્યાદા પ્રમાણે ઉદયમાં આવે છે. આ કેવળજ્ઞાનની વાત નથી, પણ સાધક જીવની વાત છે, તેથી આત્માની સાથે એકક્ષેત્રાવગાહપણે રહેલ કર્મનો ઉદય આવે છે. ત્યાંસુધી ઉદય તરફના વલણના કારણે ચિત્‌વિકાર હોય છે, આત્મા જ્ઞાયક છે, તેનું ભાન તો છે પણ રાગવાળી દશા છે, તેથી જરા વિકાર થવાની લાયકાત છે ને તેમાં કર્મનું નિમિત્ત છે. ત્યાં સાધક-સાધ્ય એવો ભેદ જાણવો. આત્મા અખંડ વસ્તુ એવી ને એવી છે. તેની પર્યાયમાં સ્વભાવસન્મુખ અનુભવ થવો તે સાધક છે, પણ તે ભૂમિકામાં રાગ થવાની લાયકાત છે અથવા જ્ઞાન વગેરેની અધૂરાશની લાયકાત

છે. બારમા ગુણસ્થાનવાળો જીવ પણ સાધક છે, પણ ત્યાં રાગ નથી, છતાં જ્ઞાન અલ્પ છે. પૂર્ણજ્ઞાન પ્રગટ નથી, તેથી કર્મનું નિમિત્તપણું છે, માટે ચોથાથી બારમા ગુણસ્થાન સુધીની વાત લેવી. જ્ઞાનનું હીણું થવું તે પણ ચિત્‌વિકાર છે. રાગદ્વેષ થવા તે પણ ચિત્‌વિકાર છે. આમ બંનેને ચિત્‌વિકારમાં લઈ લેવા. નિર્વિકલ્પ આત્માનો અનુભવ સાધ્ય છે, ત્યારે પ્રતીતિ, વિચાર સાધક છે. સાધક દશામાં કર્મનો ઉદય સહજ હોય છે. બધાં કર્મો લઈ લેવાં. પૂર્ણદશા થઈ નથી ત્યાં સુધી સાધ્ય-સાધકના ભેદ છે. હું અખંડાનંદ છું એવા વિકલ્પનો વ્યય થઈ અનુભવ થયો તેમાં અનુભવની ઉત્પાદ પર્યાયને સાધ્ય કહેલ છે ને વ્યયપર્યાયને સાધક કહેલ છે. આત્મા એક સમયમાં પૂર્ણાનંદ સામર્થ્યસ્વરૂપ છે, તેની અવસ્થા સ્વભાવસન્મુખ થઈને ધર્મદશા થાય છે તે અનુભવને સાધ્ય કહેલ છે; અને આત્મા પૂર્ણાનંદ છે, શુદ્ધ ચેતનાસ્વરૂપ છે એવા વિચારને સાધક કહેલ છે.

આ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના અંશોની વાત ચાલે છે. આત્મા અનંત ગુણોનો પિંડ છે, એવી પ્રતીતિ ને લીનતા કરે છે ત્યારે વિચાર પ્રતીતિને સાધન કહેવાય છે. કોઈ વિકલ્પ તેનું સાધન થતું નથી.

(૨) જેની દૃષ્ટિ પુણ્ય-પાપ ઉપર છે, તેની મિથ્યારુચિ સાધક છે ને બહિરાત્મા સાધ્ય છે. તેવા જીવને સ્વભાવની બહાર રહેવું ગમે છે. વિષયમાં સુખ, ઇન્દ્રિયોમાં ને લક્ષ્મીમાં સુખ માને તે વિપરીતભાવ સાધક છે, તેને જ્ઞાનાનંદમાં જવું નથી, પર્યાયની રુચિમાં જવું છે, માટે તેને બહિરાત્મા સાધ્ય છે. પુણ્ય-પાપની રુચિથી બહિરાત્મા સાધ્ય છે. આત્માની પર્યાયમાં ભ્રાંતિ થાય તે સાધક છે. તેનું લક્ષ્ય બહિરાત્મા છે. સ્વભાવ અથવા અંતરાત્મા તેનું લક્ષ્ય નથી.

(૩) હું શુદ્ધ છું, વિકાર અશુદ્ધ છે, શરીરાદિ જડ છે, તેવો સમ્યક્‌ભાવ સાધક છે ને જ્ઞાનાનંદ સ્વભાવ મારી જાતિ છે, તેવી જાતિને સિદ્ધ કરવી તે લક્ષ્ય છે. સમ્યક્‌ભાવનું ધ્યેય શું છે? હું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જ્ઞાનાનંદ છું, મારી ચારિત્રપરિણતિ વીતરાગતા છે. એવો સમ્યક્ભાવ સાધક છે ને વસ્તુસ્વભાવની જાતિ સિદ્ધ કરવી તે તેનું સાધ્ય છે.

( ૪ ) હું ચિદાનંદ છું-એવી શુદ્ધપરિણતિ થવી તે સાધન છે, તે શુદ્ધપરિણતિથી પરમાત્મા સાધ્ય છે. એકરૂપ જ્ઞાયક તત્ત્વસાધ્ય છે, પુણ્ય-પાપના ભાવરહિત શુદ્ધ અવસ્થા થઈ તે સાધક છે, તેનું લક્ષ પરમ આત્મા છે. શુદ્ધ ઉપયોગનું વલણ પુણ્ય-પાપ ઉપર હોતું નથી. શુદ્ધ ઉપયોગ પર્યાય છે ને સાધ્ય અથવા ધ્યેય દ્રવ્ય છે.

( ૫ ) સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, સાચાં શાસ્ત્ર તરફના વલણનો ભાવ ને ૨૮ મૂળગુણનો વિકલ્પ તે સાધક છે, તે વિકલ્પનું લક્ષ નિશ્ચયરત્નત્રય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર આમ કહે છે, એવો વિચાર ઘોળાય છે છતાં તે વિચાર તોડી, નિશ્ચયરત્નત્રય પ્રગટ કરવા તરફનું વલણ છે. વસ્તુ અખંડ છે, તેની પ્રતીતિ, જ્ઞાન ને રાગરહિત શાંતિનું પરિણમન તે વ્યવહારરત્નત્રયના પરિણામનું ધ્યેય છે. રાગ ખરેખર સાધન નથી. વ્યવહારરત્નત્રયનું લક્ષ પુણ્ય બાંધવા ઉપર નહિ પણ શુદ્ધતા ઉપર હોય તો જ વ્યવહારને નિમિત્ત ગણી ઉપચારથી સાધક કહેવાય. નિશ્ચયરત્નત્રય લક્ષ્ય છે. વ્યવહારરત્નત્રય વિકારી પર્યાય છે ને નિશ્ચયરત્નત્રય નિર્વિકારી પર્યાય છે. દ્રવ્યસ્વભાવને પકડું, તેનું સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કરું ને વીતરાગી દશા પ્રગટ કરું. -આમ સાધ્ય ઉપર લક્ષ છે તેથી વ્યવહારરત્નત્રયને નિમિત્તમાત્ર સાધક કહેલ છે.

( ૬ ) મિથ્યાદૃષ્ટિને વિરતિ હોઈ શકે નહિ. દેહની ક્રિયા ને પુણ્યની ક્રિયામાં ધર્મ માને છે તેને વ્યવહારપરિણતિ સાધક હોઈ શકે નહિ. હું જ્ઞાયક છું એવી સમ્યક્શ્રદ્ધાવાળા જીવને અંશે વીતરાગ ચારિત્ર હોય તો ૨૮ મૂળગુણ પાલનના શુભરાગને સાધક કહે છે. ત્યાં ચારિત્રશક્તિ મુખ્ય સાધ્ય છે. મિથ્યાદૃષ્ટિને ચારિત્ર સાધ્ય ન હોય.

એક સમયનો વિકાર હોવા છતાં તેને ગૌણ કરી હું શુદ્ધ છું એવા ભાનવાળાને આગળ વધવાનો પુરુષાર્થ છે, ત્યાં ભાવલિંગી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

મુનિદશા પ્રગટ કરે તો તે જીવને ૨૮ મૂળગુણ પાલનની વિરતિ વ્યવહારપરિણતિ થવી તે સાધક છે, ચારિત્ર સાધ્ય છે. ત્યાં શ્રદ્ધા ને જ્ઞાન તો છે જ પણ વિશેષ ચારિત્રની વાત છે. અભ્યંતર આનંદકંદમાં રમતા હોય તે મુનિ હોય છે. આહાર-પાણી દોષવાળાં લેતા હોય તે તો નિશ્ચય અગર વ્યવહારથી પણ મુનિ નથી. મુનિ માટે ખાસ ચીજો બનાવે ને મુનિ તે લ્યે તો તે વ્યવહારથી પણ મુનિ નથી. વ્યવહારથી શુદ્ધિ નહિ હોવા છતાં મુનિ માને ને મનાવે તે મિથ્યાદૃષ્ટિ છે. એક રજકણ મારો નથી, પુણ્ય-પાપ મારાં નથી, હું જ્ઞાયક છું, એવી દૃષ્ટિ ઉપરાન્ત મુનિદશા થઈ છે તેને વિકલ્પ ઉઠે તો એકવાર નિર્દોષ આહાર લ્યે વગેરે ૨૮ મૂળગુણપાલનરૂપ વિરતિ વ્યવહારપરિણતિ સાધક છે ને અંતરમાં ચારિત્રશક્તિ મુખ્ય થવી તે સાધ્ય છે. શાસ્ત્ર ભણીને જ્ઞાન વધવાની મુખ્યતા નથી. વ્યવહારપરિણતિમાં શાસ્ત્ર ભણે, રાગ ઘટાડે પણ તેનો મુખ્યહેતુ ચારિત્રની શાંતિ પ્રગટે ને વધે તે છે. વ્યવહારપરિણતિનું લક્ષ્ય વ્યવહાર નથી તેમ જ શાસ્ત્રનું ભણતર પણ નથી. લોકમાં મારી પ્રતિષ્ઠા વધશે, આટલા માણસો મારાં વ્યાખ્યાનો સાંભળશે-એવું ધ્યેય નથી, પડિમા કે મુનિપણું લઈ જાઉં તો મારી પ્રતિષ્ઠા વધશે એવી માન્યતા બધી સમજણ વિનાની છે, તે વાત છે જ નહિ.

જ્ઞાન ઓછાવત્તું હો, જગત માનો કે ન માનો, ઉપદેશ દેતાં આવડે કે ન આવડે, તે લક્ષ્ય નથી, પણ ચારિત્રની શાંતિ સાધ્ય છે તે એક જ લક્ષ્ય છે.

(૭) સાચા દેવ-સર્વજ્ઞદેવ, તેમની વાણી અનુસાર રચાયેલાં શાસ્ત્ર અને દિગંબર સંત મુનિઓ-તેમના વિનય પૂજા, સત્કાર, ઊભા થઈને આદર કરવો તે સાધક છે, તે વિકલ્પનું લક્ષ્ય ઉદાસીનતા છે. સ્ત્રી-કુટુંબ પ્રત્યેના અશુભ ભાવ થાય છે તેનો નાશ છે થઈ મન સ્થિર થાય છે. મનની સ્થિરતા સાધ્ય છે, સાચા દેવાદિનું બહુમાન સાધક છે. ત્યાં વિષય-કષાયથી ઉદાસીનતા થઈ મન-પરિણતિ સ્થિરતા સાધ્ય છે, એટલે અશુભમાં ન જવા પુરતો

મનમાં, શુભ વિકલ્પ થવો તે ધ્યેય છે.

(૮) સર્વજ્ઞદેવ, ગુરુ ને શાસ્ત્ર શું કહે છે તેનો વિકલ્પ કરવો તે શુભોપયોગ છે. તેની દૃષ્ટિ તો જ્ઞાયકસ્વભાવ ઉપર છે, પણ અમુક સ્થિરતા છે અને વિશેષ સ્થિરતા કરીને મોક્ષ પામશે, માટે મોક્ષ સાધ્ય છે. સાધકને અશુભરાગ મટી ગયો છે ને પૂર્ણ શુદ્ધતા થઈ નથી, દૃષ્ટિમાં શુભ-અશુભનો આદર નથી, અશુભ છૂટી ગયેલ છે, પણ શુભ વિકલ્પ હોય છે ત્યારે મોક્ષને પ્રાપ્ત કરું એવો વિચાર કરે છે તેથી મોક્ષ પરંપરા સાધ્ય છે.

જેણે દ્રવ્યસ્વભાવને લક્ષમાં લીધો છે, અશુભનો અભાવ થયો છે ને શુભમાં આવો વિચાર વર્તે છે તે શુભનો અભાવ કરી મોક્ષ કરશે, માટે શુભોપયોગને મોક્ષનો પરંપરા સાધક કહ્યો છે.

(૯) અંતરાત્મારૂપ જીવદ્રવ્ય સાધક છે, ત્યાં અભેદ પોતે જ પૂર્ણરૂપ થાય તે ધ્યેય છે. અહીં પર્યાયને દ્રવ્ય સાથે અભેદ કહીને વાત લીધી છે. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક સાધક જીવની વાત છે. પૂર્વપરિણામયુક્ત દ્રવ્ય તે કારણ છે ને ઉત્તરપરિણામ-યુક્ત દ્રવ્ય તે કાર્ય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ જીવદ્રવ્ય સાધક છે ને આખો આત્મા પૂર્ણ એકાકાર થઈ જવો તે ધ્યેય છે. અંતરાત્મારૂપ જીવદ્રવ્યનું ધ્યેય પૂર્ણરૂપે પરિણમવાનું છે. ચક્રવર્તી થાઉં, તીર્થંકર થાઉં, દેવ થાઉં એ નથી. અંતરાત્માને વિકલ્પ આવે પણ તે વિકલ્પ ધ્યેય નથી. હું ચિદાનંદ છું, મન-વાણી-દેહ, પુણ્ય-પાપ હું નથી. એવી પ્રતીતિ થઈ ગયેલ જીવને પૂર્ણ પરમાત્મા રૂપે થવું તે સાધ્ય છે. પાંચ મહાવ્રતના પરિણામ કરવાનું ધ્યેય નથી. વ્રતના પરિણામ હોય છે પણ તે અંતરાત્માનું ધ્યેય નથી. સાધકને શુભપરિણામ તે તે કાળે આવે છે પણ તેનું ધ્યેય પોતે પરમાત્મા થાય તે ઉપર છે.

(૧૦) આત્માના, જ્ઞાન દર્શનાદિ ગુણો છે. તેવા વીતરાગી અંશો પ્રગટે છે તે મોક્ષમાર્ગ સાધક છે. નવમા બોલમાં પર્યાયસહિત દ્રવ્ય લીધેલ છે. અહીં ગુણથી વાત લીધી છે. તે મોક્ષમાર્ગ સાધક છે ને મોક્ષ સાધ્ય છે. ધ્યેય તો આત્મા છે તેના આશ્રયે

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. અહીં ઉદાહરણ આપ્યાં છે, મોક્ષમાર્ગને વ્યય થઈને મોક્ષ થાય છે માટે તે વ્યયને સાધક અને મોક્ષને સાધ્ય કહેલ છે. ઉત્પાદનું ધ્યેય તો કારણપરમાત્મા છે, તે મૂળવસ્તુ છે; પણ કઈ પર્યાયનો વ્યય થઈને કઈ પર્યાય પ્રગટે છે તેનું જ્ઞાન કરાવે છે.

જ્યાં જ્ઞાન-દર્શન-ચારિત્રના અંશો પ્રગટયા તે મોક્ષમાર્ગ સાધક છે ને તે પર્યાય ટળીને જ્ઞાનાદિની પૂર્ણદશા પ્રગટવી તે તેનું ફળ છે.

(૧૧) ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જ્ઞાન-ચારિત્ર જઘન્ય છે. સ્વભાવસન્મુખ થયેલો જ્ઞાનાદિભાવ સાધક છે-તે પર્યાય ટળીને અભેદ પોતે જ જ્ઞાનાદિ ગુણનો ઉત્કૃષ્ટભાવ સાધ્ય છે. જઘન્યભાવ ટળીને ઉત્કૃષ્ટભાવ થશે એમ કહે છે. આ અનુભવની વાત છે. આ પર્યાય ટળીને આ પર્યાય પ્રગટશે એમ જાણે તો અનુભવ થાય. આ સુખી થવાની વાત ચાલે છે. અનાદિ કાળથી પોતાના ચૈતન્યનિધિને સંભાળતો નથી ને બહારમાં ધ્યાન રાખે છે. જ્ઞાનાદિથી હીણી પર્યાય ટળીને ઉત્કૃષ્ટ પર્યાય થશે ને કેવળજ્ઞાનરૂપી જ્યોતિ પ્રગટશે, માટે જઘન્ય જ્ઞાન સાધક ને જ્ઞાનનો ઉત્કૃષ્ટ ભાવ સાધ્ય છે.

(૧૨) જ્ઞાન-દર્શન વગેરેની અલ્પ નિશ્ચયપરિણતિ સાધક છે ને તે ટળીને પૂર્ણ અવસ્થા થશે તે સાધ્ય છે. ખરેખર સાધ્ય તો આત્મા છે, દ્રવ્ય-ગુણ એવા ને એવા છે, પણ પર્યાયના ભેદ બતાવ્યા છે. અલ્પ પરિણતિ સાધક ને પૂર્ણ પરિણતિ સાધ્ય છે.

(૧૩) આત્માની પ્રતીતિ સાધક છે ને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર સાધ્ય છે. સમકિતના ફળમાં રાજ્યપદ કે દેવપદ આવતું નથી. તેના ફળમાં ત્રણની એકતારૂપ ફળ આવે છે. પુણ્ય ફળવું તે સમકિતનું ફળ નથી. સમકિતી રાગનું જ્ઞાન કરે છે પણ રાગ ધ્યેય નથી, નિર્મળતા વધવી તે ધ્યેય છે.

## પોષ વદ ૬, મંગળ ૬-૧-૫૩

## પ્ર. -૩૧

**આ**ત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતારૂપી ધર્મને અનુભવપ્રકાશ કહે છે. જે કારણો અહીં બતાવે છે તેનો યથાર્થ જ્ઞાન વિના અનુભવ ન હોય.

(૧૪) આત્મા શુદ્ધ ચિદાનંદ છે. તેની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ દશા થવી તે ગુણમોક્ષ છે. આત્માના અનંત ગુણોની નિર્મળતા થઈ, પછી તેને કર્મનો નાશ થઈ દ્રવ્યમોક્ષ થાય છે અર્થાત્ સિદ્ધદશા થાય છે. માટે ગુણમોક્ષ સાધક છે ને દ્રવ્યમોક્ષ સાધ્ય છે.

(૧૫) આત્મામાં એવો જોરથી પુરુષાર્થ ઉપાડે કે તે જ ભવમાં કેવળજ્ઞાન પ્રગટાવે તેને ક્ષપકશ્રેણી કહે છે. તેમાં કર્મનો ક્ષય થાય છે. તેવી શ્રેણીવાળાને તે જ ભવે સાક્ષાત્ મોક્ષ થાય છે. ઉપશમશ્રેણીવાળાને ભવ બાકી રહે છે, આત્મામાં ક્ષાયિક શ્રદ્ધા પ્રગટ કરી ઉગ્ર પુરુષાર્થ કરે તેને કેવળજ્ઞાન થાય જ છે. માટે ક્ષપકશ્રેણી સાધક ને તત્ભવમોક્ષ સાધ્ય છે.

(૧૬) દ્રવ્યથી નગ્ન દિગંબર દશા ને ભાવથી સ્વરૂપની પ્રાપ્તિનો લાભ અંતરમાં ત્રણ કષાય ટળી અકષાય દશા થવી તેવો સાક્ષાત્ દ્વૈત વ્યવહાર સાધક છે. તેનાથી સાક્ષાત્ મોક્ષ થાય છે. શરીરની નગ્ન દશા વિના મોક્ષ થાય નહિ ને રાગ વખતે પાંચ મહાવ્રતના પરિણામ હોય ને તે વખતે અકષાય પરિણતિનો લાભ હોય. કોઈ કહે કે શરીરની નગ્ન અવસ્થા હોય ને અંતરપરિણામ મિથ્યાત્વના હોય ને મોક્ષ થાય, તો એમ નથી. વળી પરિણામ મુનિના હોય ને બાહ્યથી વસ્ત્રસહિતપણું હોય તેમ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બને નહિ. ગમે તે લિંગે કેવળજ્ઞાન થાય તેમ બને નહિ. આમ અંતર વીતરાગતા ને બાહ્ય નગ્નપણું પાંચમહાવ્રતાદિ હોય તેને મુક્તિ થાય છે.

(૧૭) જ્યાં ચિત્તનો સંગ સર્વથા છૂટી જાય તેને સ્વભાવની પૂર્ણતા પ્રાપ્ત થયા વિના રહેતી નથી. મનના સંગના વિલયથી પરમાત્મા સાધ્ય છે. અંતર્જલ્પ-વિકલ્પનું છૂટી જવું તે સાધક દશા છે ને પરમાત્મદશા સાધ્ય છે.

(૧૮) જ્યાંસુધી જીવમાં વિકાર થાય છે, ત્યાંસુધી પુદ્‌ગલકર્મ નિમિત્ત છે ને તે કર્મો ખરે છે ત્યારે જીવમાં વિકારની લાયકાત હોતી નથી. કર્મનું નિમિત્ત નથી ત્યારે જીવમાં વિકાર થવાની લાયકાતરૂપ નૈમિત્તિક દશા હોતી નથી. આમ હોવાથી કર્મ ખરવાં તે સાધક ને વિકારનો નાશ થવો તે સાધ્ય છે.

(૧૯) એક વસ્ત્રનો તાણો પણ રાખવાનો ભાવ છે ત્યાંસુધી મુનિપણાનો ભાવ આવી શકે નહિ, મુનિપણું આવે ને વસ્ત્ર રાખવાનો ભાવ આવે એમ બને નહિ. મોરપીંછ, કમંડળ લેવાનો ભાવ ઉઠે છે તે પણ રાગ છે. જેટલી વૃત્તિ ઊઠી એટલો મમતા ભાવ છે. ત્યાં રાગ છે એમ સિદ્ધ થાય છે. જેને બિલકુલ રાગ નથી તેને બાહ્ય પરિગ્રહનું નિમિત્ત રહે તેમ બને નહિ. એક પરમાણુ લેવાની વૃત્તિ ઊઠે અથવા આહાર લેવાની વૃત્તિ ઊઠે ત્યાં મમતા રહેલ છે. કેવળીને વીતરાગતા છે તેથી તેમને આહાર લેવાની વૃત્તિ થતી નથી; માટે પરિગ્રહ સાધક છે ને મમતાભાવ સાધ્ય છે.

(૨૦) આત્માની ને તત્ત્વોની વિપરીત દ્રષ્ટિ તે સાધક છે, રાગ તે સાધ્ય છે. રાગ તે રાગ છે, સ્વભાવ તે સ્વભાવ છે, નિમિત્ત તે નિમિત્ત છે. એમ સ્વતંત્ર તત્ત્વોની રુચિ કરતો નથી ને પુણ્યથી ધર્મ માને તે મિથ્યાદ્રષ્ટિ છે, તેનું ફળ સંસારમાં રખડવું છે.

(૨૧) જ્યાં સમ્યક્ દ્રષ્ટિ થવી સાધક છે ત્યાં મોક્ષપદ સાધ્ય છે. વિપરીત અભિનિવેશરહિત સાચાં તત્ત્વોની પ્રતીતિ થવી તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાધક છે ને તેનું ફળ મોક્ષ છે. દષ્ટિમાં ધ્યેય તો દ્રવ્ય છે પણ અહીં પર્યાયમાં કારણ-કાર્ય બતાવે છે.

(૨૨) જ્યાં કાળલબ્ધિ સાધક છે ત્યાં દ્રવ્યનો તેવો જ ભાવ થવો તે સાધ્ય છે. જ્યાં વર્તમાન પર્યાયનો પુરુષાર્થ સાધક છે ત્યાં દર્શન-જ્ઞાન વગેરે ગુણોનો તેવો જ ભાવ થવો તે સાધ્ય છે.

એકલા કાળ અનુસારની દષ્ટિ સાચી હોઈ શકે નહિ. ધર્મીની દષ્ટિ કાળ ઉપર નથી. કાળલબ્ધિથી વાત કરી છે તે નિમિત્તથી વાત કરી છે. તે સમયના કાળ ઉપર જેની દષ્ટિ છે તેને નિમિત્ત ઉપર દષ્ટિ છે પણ મોક્ષમાર્ગી જીવની દષ્ટિ દ્રવ્ય ઉપર છે. જે કાળે જે થવાનું છે તે થશે તેમ માનનારની દષ્ટિ દ્રવ્ય ઉપર છે. કાળલબ્ધિનો નિર્ણય કરનાર વિકલ્પને, રાગને કે પર્યાયને અનુસરતો નથી પણ સ્વભાવને અનુસરે છે.

કાળ અનુસાર મુક્તિ થશે તેમ માનનારની સિદ્ધિ ક્યારે? તેની દષ્ટિ દ્રવ્યસ્વભાવ ઉપર હોય તો દ્રવ્યનો તેવો જ ભાવ થવો સાધ્ય છે. તે ક્યારે સાધ્ય થાય? કાળ ઉપર ને પર્યાય ઉપર નજર જાય છે? જો કાળ ને પરદ્રવ્ય ઉપર નજર કહો તો કાળ અથવા પરદ્રવ્ય અનુસાર મોક્ષ નથી. વળી કાળને સ્વપર્યાય કહો તો પોતાની પર્યાયને અનુસરવાથી પણ મોક્ષ નથી. પોતાની પર્યાય નિમિત્ત, રાગ કે બીજી પર્યાયને અનુસરતી નથી પણ સ્વભાવને અનુસરે છે. મોક્ષમાર્ગીનું ધ્યાન ક્યાં છે? કાળ ઉપર છે? ના, પર્યાય ઉપર છે? ના; માત્ર દ્રવ્ય ઉપર લક્ષ છે. આમ દ્રવ્ય ઉપર લક્ષ હોવાથી દ્રવ્યનો તેવો જ ભાવ થવો સાધ્ય છે. દર્શન-જ્ઞાન-ચારિત્રનું દ્રવ્ય તરફ વળવું તે તેનું ફળ છે. એકલા કાળ તરફ વળવું તે તેનું ફળ નથી. કોની કાળલબ્ધિ? કાળની પ્રાપ્તિ એટલે શું? પરદ્રવ્યની પ્રાપ્તિ? વિકલ્પની પ્રાપ્તિ ના. કાળલબ્ધિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ. તે ક્યારે થાય? સ્વભાવ તરફ વળે તો થાય તેમ છે.

શાસ્ત્રમાં ત્રણ પ્રકારે કાળલબ્ધિ કહી છે.

**(૧) કાળલબ્ધિ:-** કર્મસહિત આત્માને-ભવ્ય જીવને અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ જેટલો સંસાર બાકી રહે, ત્યારે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રથમોપશમ સમ્યક્ત્વ ગ્રહણ કરવાને યોગ્ય થાય છે. -તે પ્રથમ કાળલબ્ધિ.

**( ૨ ) કર્મલબ્ધિઃ-** જે વિશુદ્ધપરિણામને વશે કર્મનો બંધ અંતઃક્રોડાક્રોડી સાગરની સ્થિતિનો પડે તથા સત્તામાં રહેલાં કર્મો કર્મબંધની સ્થિતિથી સંખ્યાત હજાર સાગર ઓછાં રહી જાય, ત્યારે જીવ પ્રથમોપશમસમ્યક્ત્વ ગ્રહણને યોગ્ય થાય છે. -તે બીજી કાળલબ્ધિ છે.

**( ૩ ) ભવલબ્ધિઃ-** જે ભવ્ય જીવ સંજ્ઞી પંચેન્દ્રિય હોય, પર્યાપ્ત અવસ્થા સહિત હોય, બધાથી વિશુદ્ધપરિણામી હોય તે પ્રથમોપશમસમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે-તે ત્રીજી ભવની અપેક્ષાએ કાળલબ્ધિ છે.

આ ત્રણ સર્વજ્ઞે જોયેલી વાત છે. તે પોતાના આત્માની વાત છે. પોતાના માટે વિચાર કરે ત્યારે પર્યાય સ્વ તરફ વળે છે, પણ અર્ધપુદ્‌ગલપરાવર્તનકાળ તરફ કે કર્મ તરફ જોતો નથી. તેને તો માત્ર જ્ઞાન કરાવ્યું છે. પોતા તરફ વળે છે, તેને અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ હોતો નથી, પણ બીજા કોઈ તેવા જીવો હોય તો તેનું જ્ઞાન કરાવેલ છે.

જે જીવ પોતા તરફ વળે છે તેને અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળની સ્થિતિ રહેતી નથી, તેવા જીવને કર્મની સ્થિતિ લાંબી હોતી નથી, તેમ જ ઘણા ભવ હોતા નથી.

મેં સ્વભાવનું સાધન કરી મારા સ્વરૂપને સાધ્ય કર્યું છે એટલે મારી કાળલબ્ધિ પાકી ગઈ છે. જ્ઞાતાદૃષ્ટા છું-એવા સ્વભાવનું સાધન કર્યું, ત્યારે કાળલબ્ધિ નિમિત્ત કહેવાય. પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. કોઈ નિમિત્તને સાધન કહ્યું નથી. કર્મની સ્થિતિ ઘટી છે અથવા અર્ધપુદ્‌ગલની અંદરમાં છે માટે સ્વરૂપનું સાધ્ય કર્યું છે- એમ કહ્યું નથી. કર્મો ઉપર અમારે જોવાનું નથી. માત્ર સ્વભાવ સામે જોવાનું છે. કર્મોની સ્થિતિ ઘટે વગેરે નિમિત્તનું જ્ઞાન સાચું ક્યારે થાય?

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વરૂપસાધનનું જ્ઞાન કરે ત્યારે અંતરમાં ધર્મરૂપી નૈમિત્તિક દશા થઈ, ત્યારે કાળલબ્ધિ નિમિત્ત કહેવાય. કાળલબ્ધિનું જ્ઞાન કરાવ્યું, પણ રાગથી કે કાળથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

આ સાધ્ય-સાધક ભાવ જાણતાં અંતર્પરિણતિ સહજ સાધ્ય થાય છે. હવે તેનો વિસ્તાર કરે છે.

(૧) હું મનુષ્ય છું-એમ માનવું તે મિથ્યાભાવ છે. ત્યાં બહિરાત્મપણું સિદ્ધ થાય છે. હું દેવ છું ને હું નારક છું, હું ઢોર છું, આ શરીર મારું છે, શરીરની ક્રિયાથી લાભ થશે, નમસ્કારના જાપથી મને લાભ થશે-એમ માનવું તે મિથ્યાભાવ છે. એનું ફળ બહિરાત્મપણું છે. પુણ્ય-પાપરૂપ વિકારીભાવને પોતાના માનવા તે મિથ્યાભાવ છે. જ્ઞાયક સ્વરૂપથી જે બાહ્ય ભાવ છે તેમાં તન્મય થવું તે મિથ્યાભાવ છે. દયા, દાન, કામ, ક્રોધાદિના રાગભાવથી રંગાઈને શરીર, બૈરાં-છોકરાં ને દેવ-ગુરુ-શાસ્ત્રને લીધે લાભ માનવો તે મિથ્યાભાવ છે.

આ અગૃહીત મિથ્યાત્વની વાત કરી અગૃહીત મિથ્યાત્વને ગૃહીત મિથ્યાત્વ સાધે છે. તે કેવી રીતે સાધે છે તે કહીએ છીએ.

અતત્ત્વશ્રદ્ધાન મિથ્યાદર્શન છે, અયથાર્થ જ્ઞાન મિથ્યાજ્ઞાન ને અયથાર્થ આચરણ તે મિથ્યાઆચરણ છે.

આ દેવ-દેવી મને તારવામાં નિમિત્ત છે-એમ માને તે ગૃહીત મિથ્યાત્વ છે. સર્વજ્ઞને ક્ષુધા, તૃષા, રોગ છે-એમ માનવું તે ગૃહીત મિથ્યાત્વ છે. કોઈ કહે કે દીકરા માટે ભક્તિ કરે ને દેવ-દેવલાને માને તો? તે બધું પાપ છે. અહીં તો કહે છે કે સર્વજ્ઞને ક્ષુધાવાળા માનીને દેવ તરીકે સ્વીકારે તેને અગૃહીત મિથ્યાત્વ તો છે જ પણ ગૃહીત મિથ્યાત્વ પણ છે. તેવો મિથ્યાભાવ બહિરાત્મપણું બતાવે છે, તેને અંતર્દૃષ્ટિ થઈ નથી, તેને ધર્મ થતો નથી.

વળી વસ્ત્ર-પાત્ર રાખે તેને ગુરુ માનવા તે મિથ્યાત્વ છે. વળી મુનિ નામ ધરાવીને તેની ભૂમિકા અનુસાર કષાય છોડયા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી ને ઉદ્દેશી-આધ:કર્મી આહારાદિ લ્યે તો તે પણ વિષયારૂઢ છે. મુનિપણું પાલન ન કરી શકે તો જૈનદર્શનમાં દંડ નથી, તેણે નીચલી ભૂમિકામાં રહેવું. પણ મુનિ થઈને દીવાબત્તી રાખે, ઘડિયાળ રાખે, સાથે તંબૂ આદિ રક્ષણ રાખે, પોતા માટે બનાવેલ આહાર લે તો તે વિષયારૂઢપણું છે. તેવા મુનિ સાચા નથી. તેને ગુરુ તરીકે સ્વીકારે તે ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે.

દિગમ્બર જૈનાચાર્યોએ રચેલા ચારે અનુયોગમય શાસ્ત્ર જિનવાણી છે. સર્વજ્ઞ ત્રિલોકનાથે દિવ્યધ્વનિદ્વારા કહેલાં શાસ્ત્રષટ્‌ખંડાગમ, સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રંથો સિવાયનાં બધાં કલ્પિત શાસ્ત્રો છે, તેને માનવાં, મનાવવાં તે તેમાં સાચી વાત છે એમ માનવું ને મનાવવું તે ગૃહીત મિથ્યાત્વ છે, ને તે અગૃહીત મિથ્યાત્વને પુષ્ટ કરે છે.

મુનિને આહાર દેવાથી સંસાર પરિત (અંતવાળો-ટૂંકો) થાય એમ માને, વ્યવહારથી નિશ્ચય માને તે મિથ્યાત્વ છે. આને ગૃહીત મિથ્યાત્વ કહે છે. આને લીધે જીવ ચાર ગતિમાં રખડે છે.

ઊંધી માન્યતા બહિરાત્માને સિદ્ધ કરે છે. આવો મિથ્યાત્વભાવ સેવે છે તે સંસારમાં રખડવાના પાયા પાકા કરે છે, તેને ચાર ગતિમાં રખડવાની પનોતી બેઠી છે, તેણે રખડવાનું નક્કી કર્યું છે.

યથાર્થ સ્વરૂપને પ્રરૂપે ને અનેકાંત સ્વરૂપ બતાવે તે સત્‌શાસ્ત્ર છે. નિમિત્ત નિમિત્તથી છે ને નિમિત્તથી ઉપાદાન નથી-એમ યથાર્થ બતાવે છે. આ પુસ્તક ગૃહસ્થનું લખેલ છે એમ કહી દુર્લક્ષ કરવા જેવું નથી. મુનિના સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ને શ્રાવકના સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ફેર નથી. ચારિત્રમાં ફેર છે. આ ગ્રંથમાં યથાર્થ વસ્તુ બતાવી છે.

(૨) "સમ્યગ્ભાવ સાધક છે ને વસ્તુસ્વભાવ જાતિ સિદ્ધિ થવી સાધ્ય છે." સાચો ભાવ થવો તે સાધક છે. યથાર્થ ભાવ એટલે કે રાગ તે રાગ છે, સ્વભાવ તે સ્વભાવ છે-એમ સાચો ભાવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સાધક છે. તે અનંતા ગુણોને સિદ્ધ કરે છે. પોતાના બધા ગુણો જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સ્વચ્છત્વ વગેરે પોતાના સ્વરૂપને ધરે છે. પૂર્ણદશામાં ભેદ નથી. ભેદ પડે ત્યાં પૂર્ણદશા ન હોય. કેવો છે ભાવ? જ્ઞાનગુણ અભેદ એકાકાર થયેલ છે. આમ સમ્યક્ભાવ કેવળજ્ઞાનને સિદ્ધ કરે છે. કેવળજ્ઞાનમાં ભેદ નથી.

અમારો ભાવ સાચો છે પણ કેવળજ્ઞાનની અમોને ખબર પડતી નથી, એમ કોઈ કહે અથવા ક્રમબદ્ધ પર્યાયનું નક્કી થતાં પુરુષાર્થ કાંઈ રહેતો નથી વગેરે કહે તો તેનો ભાવ સાચો નથી. જ્ઞાનગુણની પર્યાય ગુણ સાથે અભેદ થતાં કેવળજ્ઞાનરૂપ થાય છે, ત્યાં ભેદ નથી તેમ જ આવરણ નથી. આત્મા સ્વભાવવાન છે ને જ્ઞાન તેનો સ્વભાવ છે. સમ્યક્ભાવ અંશે શુદ્ધભાવ છે, તેની જાતિ અને કેવળજ્ઞાનની જાતિ એક છે. તેથી તે પર્યાય પૂર્ણ થાય ત્યારે કોઈને ન જાણે અથવા અધૂરું જાણે એમ બને નહિ. તેને કર્મ નિમિત્તરૂપે રહે નહિ. આમ સ્વભાવજાતિ સિદ્ધ કરી.

શ્રદ્ધા દ્વારા પરમ અવગાઢ સમકિતનું નક્કી કરે. સમ્યક્ભાવદ્વારા એવો નિર્ણય કરે કે વસ્તુના જાતિસ્વભાવો એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ પૂર્ણ થાય છે. પૂર્ણ ભાવો પ્રગટ થયા પછી કેવળજ્ઞાન અને કેવળદર્શન ક્રમે ઉપયોગરૂપ હોય એમ બને નહિ. જે જીવ કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ક્રમે ઉપયોગ માને છે તેને સમ્યક્ભાવ પ્રગટયો નથી.

આ પ્રમાણે સમ્યક્ભાવ સાધક થઈને આવરણ રહિત શુદ્ધ સમ્યગ્રૂપ યથાવત્ બધા ગુણોને પૂર્ણરૂપે સાધે છે.

# પોષ વદ ૭, બુધ ૭-૧-૫૩

## પ્ર. -૩૨

**સા**ધ્ય-સાધકની વાત ચાલે છે. સમ્યક્‌ભાવ સાધ્ય છે ને વસ્તુનો જાતિસ્વભાવ સિદ્ધ થવો સાધ્ય છે. આત્માના દ્રવ્ય-ગુણ ને પર્યાયની સમ્યક્ પ્રકારે શુદ્ધિ થવી તે સાધક છે ને આવા જ દ્રવ્ય-ગુણ-પર્યાય હોય એમ વસ્તુની જાતિ સિદ્ધ થવી તે તેનું પરિણામ અથવા ફળ છે.

(૨) સમ્યક્‌ભાવ સાધક છે ને વસ્તુસ્વભાવ જાતિ સિદ્ધ થવી સાધ્ય છે.

(अ) પહેલાં ગુણની વ્યાખ્યા કરે છે. બધા ગુણો અસહાય સ્વતંત્ર છે, એમ સિદ્ધ કરે છે. કોઈને લીધે કોઈ ગુણ નથી, દરેક ગુણ સ્વયંસિદ્ધ છે. સમ્યક્‌ભાવ તેને કહીએ જે બધા ગુણોને સિદ્ધ કરે. ચારિત્ર ચારિત્રને લીધે છે, શ્રદ્ધા શ્રદ્ધાને લીધે છે એમ નક્કી કરવું જોઈએ. જ્ઞાન પૂર્ણ અવસ્થાને પામે એવો તેનો ગુણ છે. ગુણને આવરણ ન હોય ને તે અભેદરૂપ પૂર્ણ પ્રગટે, ત્યાં આવરણ ન હોય. જ્ઞાનગુણમાં હીણું પરિણમન થાય છે તે તેનું સ્વરૂપ નથી. એક સમયમાં પૂર્ણ જ્ઞાન પ્રગટ થાય એવો મારો ગુણ છે, એમ નિર્ણય કરવો તે સમ્યક્‌ભાવ છે. જેવા ગુણો છે તેવી તેની યથાર્થ જાતિને નક્કી કરે તો આત્માનો અનુભવ થાય. જ્ઞાનગુણની શક્તિ એવી છે કે તે અભેદ રહીને સ્વપર બધાને જાણે. આ એક ગુણનો ન્યાય આપ્યો.

શ્રદ્ધાગુણનું એમ નક્કી કરવું જોઈએ કે શ્રદ્ધામાં આવરણ ન હોય તેમ જ વિપરીતપણું હોવું ન જોઈએ-એવો શ્રદ્ધાગુણ છે. એમ બધા ગુણો નક્કી કરવા જોઈએ. ચારિત્રગુણમાં સ્વરૂપની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પૂર્ણ રમણતા થાય, પર રમણતાનો એક અંશ ન રહે ને આવરણ પણ ન રહે એવો ચારિત્રગુણ છે. આવા અનંતાગુણો દ્રવ્ય સાથે અભેદ થાય ને આવરણ ન રહે એવી દરેક ગુણની શક્તિ છે. તેવો સમ્યક્‌ભાવ સાધક થયો ને ગુણમાં તેવો ભાવ થવો તે તેનું ફળ છે. અહીં ગુણની તાકાતની વાત ચાલે છે. આત્મામાં સ્થિરતા કરી ને આનંદ થવો તે અનુભવ છે.

ગુણોને આવરણ નથી. વળી તેનામાં ઊણપ ન રહે તેવી દરેક ગુણની શક્તિ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, કર્તા, કર્મ, કરણ આદિ ગુણોનું સામર્થ્ય એવું છે કે તેને આવરણ ન રહે ને અધૂરો ન રહે, પોતે પોતાથી નિર્મળરૂપે થાય, પૂર્ણ થાય-એમ નક્કી કરે તો ગુણની જાતિ નક્કી કરી કહેવાય. આવી તાકાત દરેક ગુણની છે. સમ્યક્‌ભાવ સાધક છે ને વસ્તુની જાતિ સિદ્ધ થવી સાધ્ય છે. આત્મા નામનો પદાર્થ છે, તેમાં જ્ઞાનની પર્યાય વડે એમ નક્કી કરે કે કોઈ પુણ્યની ક્રિયાથી ગુણ પરિણમશે નહિ. સમ્યક્‌ભાવ તેને કહીએ કે જે દરેક ગુણને સમ્યક્ જાતિરૂપ નક્કી કરે તથા તે ગુણ સ્વયં પૂર્ણપણે પરિણમવાને લાયક છે. કોઈ રાગને લીધે નહિ કે નિમિત્તને લીધે નહિ. આવો સમ્યક્‌ભાવ સાધક છે. દરેક ગુણ નિર્વિકલ્પ છે એટલે કે દ્રવ્ય સાથે અભેદ થઈને પરિણમે તેવો છે. કર્મનું આવરણ ટળે માટે ગુણ પૂર્ણરૂપે પરિણમે છે એમ નથી, પણ પોતાના કારણે પૂર્ણરૂપે પરિણમે છે. આવા ગુણની જાતિ નક્કી કરવી તે સમ્યક્‌ભાવ છે ને ગુણની જાતિ પ્રગટ થવી તે સાધ્ય છે. મારો જ્ઞાનગુણ અભેદરૂપે પરિણમવાનો છે ને આવરણ રહિત પરિણમવાની તાકાતવાળો છે. મારો ચારિત્રગુણ ત્રિકાળ છે, તે અભેદપણે પરિણમે એવી તાકાતવાળો છે. સ્થિરતામાં એક અંશ ઓછો ન રહે ને આવરણ પણ ન રહે તેવો તેનો સ્વભાવ છે. આવી ચારિત્રગુણની જાતિ છે. જેવા ગુણ છે તેવા સમજવા જોઈએ. દ્રવ્યની જાતિ દ્રવ્યમાં, ગુણની જાતિ ગુણમાં ને પર્યાયની જાતિ પર્યાયમાં એમ નક્કી કરવું જોઈએ. આત્માના આનંદગુણની જાતિ એવી છે કે તે પોતે અભેદ થઈ પૂર્ણાનંદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈને રહે, આનંદમાં અપૂર્ણતા રહે તે આનંદગુણની જાતિ નથી. કર્તા નામનો ગુણ અનાદિ અનંત છે, તે કર્તારૂપે થઈને પૂર્ણ થશે. નિમિત્તના કર્તાથી કે વિકલ્પના કર્તાથી તે પૂર્ણ થશે એમ છે જ નહિ. કરણ નામનો ગુણ પણ એવો જ છે. નિમિત્ત સાધન નહિ, રાગ સાધન નહિ. કરણ નામનો ગુણ છે તે પૂર્ણ પ્રગટે, ભેદ ન રહે, આવરણ ન રહે, વિકલ્પ ન રહે એવી ગુણની જાતિ મારામાં છે. તેમ સમ્યક્ભાવ સિદ્ધ કરે છે. એક એક સ્વભાવ એવો છે કે તે નિર્વિકલ્પરૂપે પૂર્ણ પ્રગટ થાય છે, તેને બીજા ગુણની, પર્યાયની કે રાગની જરૂર નથી પણ દરેક ગુણ સ્વતંત્ર છે. ચોથા ગુણસ્થાનવાળો ધર્મી જીવ સમ્યક્ભાવ વડે પર્યાયમાં ગુણની જાતિ નક્કી કરે છે.

એક દ્રવ્યમાં અનંતા ગુણો છે, તેમાં આવરણ રહેશે નહિ, કર્મનું નિમિત્ત રહેશે નહિ, અધૂરાશ રહેશે નહિ પણ પૂર્ણરૂપ પ્રગટશે, –એમ સમ્યક્ભાવ નક્કી કરે છે. અસ્તિત્વ, વસ્તુત્વ, સ્વચ્છત્વ વગેરે અનંતા ગુણો અનાદિ અનંત છે, તે મારી સાથે અભેદ થઈને રહેશે. દરેક ગુણ પૂર્ણ થઈને રહેશે તેને કોઈ નિમિત્તની તો જરૂર નથી, પણ એક ગુણને બીજા ગુણની જરૂર નથી. એક એક ગુણની જાતિ સિદ્ધ કરે છે. બધા ગુણો સમ્યક્રૂપ થાય, યથાવત્ થાય ને નિશ્ચયભાવરૂપ થાય, અપૂર્ણ રહે નહિ, આવરણ રહે નહિ, બીજા ગુણની ને પર્યાયની અપેક્ષા રાખે નહિ. અહીં નિર્વિકલ્પનો અર્થ એ છે કે ગુણો પ્રગટીને આત્મા સાથે અભેદ રહે છે. આમ બધા ગુણો સમજવા. મારા ગુણોની આવી જ જાત હોય. એક ગુણ બીજા ગુણથી પૃથક્ સમજવો. આમ સમ્યક્ભાવ સિદ્ધ કરે છે ને ગુણની જાતિ સિદ્ધ કરવી તે તેનું ફળ છે.

(ब) ગુણને નક્કી કર્યા હવે દ્રવ્યને સિદ્ધ કરે છે. મારું દ્રવ્ય અનંત ગુણને પિંડ છે, દ્રવ્ય શુદ્ધ જ છે, મારૂં સ્વરૂપ સિદ્ધ સમાન છે. પર્યાયમાં વિકાર છે તે મારૂં સ્વરૂપ નથી. દ્રવ્ય અનંત ગુણોનો પિંડ એકલો નિર્મળાનંદ છે. અસંખ્ય પ્રદેશમાં રહેલા ગુણોમાં લક્ષણભેદ છે પણ પ્રદેશભેદ નથી. જ્યાં જ્ઞાન છે ત્યાં દર્શન છે. આમ પ્રદેશે અભેદતા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જગતમાં અનંતા આત્મા છે. આત્મામાં આવા અનંતાગુણો છે. એક ગુણને બીજા ગુણની સહાય નહિ છતાં આત્મા અખંડ અભેદ છે. જીવે પોતાનું પરમેશ્વરપદ સમ્યક્‌ભાવ વડે નક્કી કર્યું નથી, માટે અહીં બતાવે છે કે સમ્યક્‌ભાવ સાધક છે ને પોતાના દ્રવ્યસ્વભાવની જાતિ સાધ્ય છે. વિકાર ને અવિકારપણું પર્યાયમાં છે, દ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ છે એમ દ્રવ્યની જાતિ નક્કી કરવી. અનંતા જીવોથી ને અનંતા પરમાણુથી મારૂં આત્મદ્રવ્ય જાતિએ ભિન્ન છે. મારું દ્રવ્ય શુદ્ધ સ્વભાવવાળું છે ને અનાદિ અનંત એકરૂપ છે. આમ સ્વભાવથી નક્કી કરવું. અનંતા ગુણોમાંથી એક ગુણ ન કબૂલે અથવા દ્રવ્યનું અભેદપણું ન સ્વીકારે તો તે સાધક થઈ શકશે નહિ. આત્માના ત્રણ સ્વભાવ છે. (૧) ગુણસ્વભાવ, (૨) દ્રવ્યસ્વભાવ, (૩) પર્યાયસ્વભાવ. એમાં કોઈ ઓછું વત્તું થાય તેમ બને નહિ. આ પ્રમાણે સમ્યક્‌ભાવ સાધક છે ને દ્રવ્યનો જાતિસ્વભાવ સિદ્ધ થવો સાધ્ય છે.

(क) હવે પર્યાયની જાતિ સિદ્ધ કરે છે. પર્યાય એક સમયનો છે, આત્મા કાયમી દ્રવ્યરૂપે રહીને વર્તમાનમાં અવસ્થારૂપ થાય છે. જે કાંઈ પરિણમન સ્વભાવ છે તેવી પર્યાય તેને લીધે પરિણમે છે. કોઈ કહે કે આ વખતની આવી પર્યાય કેમ? તે પ્રશ્ન રહેતો નથી.

આ વાકયમાં **“જેવો કાંઈ”** શબ્દ મૂકેલ છે. કોઈ કહે કે સમ્યગ્દર્શન પ્રગટ થયું પણ કેવળજ્ઞાન કેમ થતું નથી? કર્મના કારણે બાકી હશે? ના. તે સમયની યોગ્યતાથી તે તે જાતનો પર્યાયધર્મ છે. એક સમયના પર્યાયમાં બધી પર્યાય આવી જાય છે? ના, પર્યાયધર્મની જાતિ સિદ્ધ કરવી છે. પર્યાય એક પછી એક એમ થાય છે. પર્યાય સ્વકાળની વર્તના છે, તે વર્તનાના કાળે પરિણમે એવો પર્યાયનો સ્વભાવ છે. સમ્યગ્જ્ઞાન થવા છતાં કેવળજ્ઞાન કેમ થતું નથી? સમ્યગ્દર્શન થવા છતાં ચારિત્ર કેમ થતું નથી? એવો પ્રશ્ન કરનાર પર્યાય ધર્મને સમજ્યો નથી. જે સમયે જે પર્યાયનો જે ધર્મ છે તે તે સમયનો છે, આડોઅવળો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પર્યાયને સમ્યક્ભાવ સિદ્ધ કરે છે. જે પરિણમન થયું તે તેમ જ છે, બીજી રીતે નથી. આમ સમ્યક્ભાવ નક્કી કરે છે. આ રીતે આત્મદ્રવ્યની દ્રવ્યજાતિ, ગુણની ગુણજાતિ ને પર્યાયની પર્યાયજાતિ સમ્યક્ભાવથી સિદ્ધ થાય છે.

(૨) શુદ્ધોપયોગ પરિણતિ સાધક છે. પરમાત્મા સાધ્ય છે. સમ્યગ્દષ્ટિ સમજે છે કે શુદ્ધોપયોગ સાધક છે પણ પુણ્ય-પાપ સાધક નથી, નિમિત્ત સાધક નથી. રાગ-દ્વેષ રહિત ચારિત્રની શુદ્ધ પરિણતિ સાધક છે ને પરમાત્મા થવું તે તેનું ફળ છે. ચિત્તના સંગ વિનાની જ્ઞાન ને આનંદની પરિણતિની વાત છે. દ્રવ્યમનનો સંગ થઈને હિંસાદિ અથવા દયા-દાનાદિની વૃત્તિ ઉઠે તે બંધનું કારણ છે. આત્માનો સંગ બંધના અભાવનું કારણ છે. હું જ્ઞાનાનંદ છું એવા અંતર્સ્વભાવના સંગથી શુદ્ધોપયોગ થાય છે. દયા-દાનથી કે ભગવાનના સંગથી શુદ્ધોપયોગ થતો નથી. શુદ્ધોપયોગ સાધન છે ને તેનું કાર્ય પરમાત્મપણું છે. ત્રિકાળી દ્રવ્યના સંગે શુદ્ધો પયોગ થાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રનાં સંગથી શુદ્ધોપયોગ થાય છે એમ નથી. તારી નિજ જાત તો દ્રવ્ય-ગુણ શુદ્ધ છે ને પર્યાયનો અંશ દ્રવ્ય સાથે અભેદ થાય તે શુદ્ધોપયોગ છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે જોડાય તો શુભોપયોગ છે ને બૈરાં-છોકરાં વગેરે અશુભ નિમિત્ત સાથે જોડાય તે અશુભોપયોગ છે, તે બન્ને અશુદ્ધ છે. શુભાશુભ પરિણામથી રહિત થઈને આત્મા સાથે જોડાય તે શુદ્ધોપયોગ છે.

આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને વર્તમાન પર્યાય સ્વભાવ તરફ ઢળી છે એ અપેક્ષાએ તેને સર્વરૂપ શુદ્ધોપયોગ કહી દીધો. જ્ઞાનદર્શન જે ઊઘડયું છે તે શુદ્ધ જ છે, માટે સર્વરૂપ શુદ્ધોપયોગ કહ્યો. શુદ્ધોપયોગ વડે સિદ્ધ થવાય છે સમ્યગ્દર્શને શુદ્ધ આત્માની પ્રતીતિ કરી છે ને જ્ઞાન આત્મામાં વળેલ છે. એ અપેક્ષાએ તેને સર્વરૂપ શુદ્ધોપયોગ કહ્યો. હવે ચારિત્રની વાત કરે છે.

જ્ઞાન-દર્શન ઉપયોગના બાર ભેદો આવે છે. તે જાણવા-દેખવાના અર્થમાં ઉપયોગ છે તેમાં શુદ્ધ કે અશુદ્ધ ઉપયોગની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાત ન આવે, શુદ્ધ-અશુદ્ધ ઉપયોગની વાત ચારિત્રના અર્થમાં-આચરણમાં આવે છે. દયા-દાનાદિના શુભરાગને અશુદ્ધ ઉપયોગ કહે છે ને રાગરહિત પરિણામ થાય તેને શુદ્ધ ઉપયોગ કહે છે. શુદ્ધ ઉપયોગની પ્રધાનતા ચારિત્રમાં જાય છે. જ્ઞાન-દર્શન સાધક છે તેથી સર્વ શુદ્ધ નથી. ચારિત્રના શુદ્ધ ઉપયોગની અંશે શરૂઆત ચોથે થાય છે ને પૂર્ણતા બારમે થાય છે. જ્ઞાનદર્શન તો શુદ્ધ જ છે, પણ નીચે ચોથા ગુણસ્થાને શુદ્ધ ચિદાનંદનો અનુભવ થતાં અનંતાનુબંધીનો અભાવ થતાં કેટલાક અંશે શુદ્ધતા છે ને બાકી અશુદ્ધતા છે. પાંચમે અનંતાનુબંધી અને અપ્રત્યાખ્યાનનો અભાવ થતાં ચોથાથી વિશેષ શુદ્ધતા છે ને બાકી અશુદ્ધતા છે. મુનિઓને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની ને પ્રત્યાખ્યાની કષાયનો અભાવ થતાં શુદ્ધતા વધી છે ને અંશે અશુદ્ધતા બાકી છે. બારમા ગુણસ્થાને ઉપયોગ પૂર્ણ શુદ્ધ છે, ત્યાં અશુદ્ધતા નથી.

ચારિત્રની શુદ્ધતા અંશે ચોથાથી શરૂ થઈને બારમા ગુણસ્થાને પૂર્ણ થાય છે. તે તેરમા ચૌદમા ગુણસ્થાને પરમયથાખ્યાતચારિત્ર નામ પામે છે. હવે જ્ઞાન-દર્શનની વાત કરે છે. નીચલી દશામાં કેટલીક જ્ઞાનશક્તિ શુદ્ધ થઈ છે. શુદ્ધતાની અપેક્ષાએ શુદ્ધ છે પણ પૂર્ણ જ્ઞાન-દર્શન ઉઘડયાં નથી તેથી કેટલીક શુદ્ધ કહી છે. મારામાં કેવળજ્ઞાન અનાદિ અનંદ ગુપ્ત પડયું છે તેની પ્રતીતિ કરી છે, કેવળજ્ઞાન પ્રગટશે એવું જ્ઞાનવડે નક્કી કર્યું છે, તે શક્તિને પ્રતીતિમાં લીધી છે ને એકાગ્ર થતાં કેવળજ્ઞાન થશે, માટે શુદ્ધોપયોગ સાધક છે ને કેવળજ્ઞાન અથવા પરમાત્મદશા તેનું ફળ છે.-સાધ્ય છે. કેવળજ્ઞાન અંતરમાં પડયું છે, તેમાંથી પ્રગટ થાય છે. તે નિમિત્તમાંથી, રાગમાંથી કે વજ્રર્ષભનારાચ સંહનનમાંથી આવતું નથી. આવી પ્રતીતિ, રુચિ ને શ્રદ્ધાભાવ કરી નિશ્ચય કર્યો, તેને લીધે શક્તિની વ્યક્તિ થઈ જાય છે.

આમ શુદ્ધોપયોગ સાધક ને પરમાત્મા સાધ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પોષ વદ ૮, ગુરુ ૮-૧-૫૩

## પ્ર. -૩૩

(૩) આ ત્રીજા બોલની વાત ચાલે છે. શુદ્ધોપયોગ સાધક ને પરમાત્મા થવું તે સાધ્ય છે. આત્મા અનંત ગુણોનો પિંડ છે, તેની પર્યાયમાં રાગરહિત શુદ્ધ ઉપયોગ દશા થાય તે સાધક છે. તે શુદ્ધત્વ સર્વદેશને સાધે છે એટલે પરમાત્મદશાને સાધે છે. જ્ઞાનનું સંવેદન કરતો આત્મા પોતાની પૂર્ણરૂપ દશાને સાધે છે. રાગ ને મન વિનાનો આત્મા મારું ધામ છે, એનો જે નિર્ણય કર્યો હતો તે શુદ્ધ ઉપયોગ પરમાત્માને સાધે છે. સ્વભાવસન્મુખ રમણતારૂપી દશા સાધન છે ને પરમાત્મદશા સાધ્ય છે.

(૪) વ્યવહારરત્નત્રયનું સાધન છે ને નિશ્ચયરત્નત્રય સાધ્ય છે. ખરેખર નિશ્ચયરત્નત્રયનું સાધન તો દ્રવ્ય છે. દ્રવ્યના આશ્રયે જ સમ્યક્શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર પ્રગટે છે. તે ફળ પ્રગટતા પહેલાં પૂર્વ પર્યાયનો વ્યવહાર બતાવી વ્યવહારને અહીં સાધન કહ્યું છે. કેવી રીતે? વ્યવહારરત્નત્રયમાં સાત તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે. અખંડ જ્ઞાનમૂર્તિ છે તેની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા સાધ્ય છે. અહીં પર્યાયને સાધ્ય બતાવવી છે. વ્યવહારથી ખસીને નિર્વિકલ્પમાં આવવું છે માટે વ્યવહારને સાધન કહેલ છે ને નિશ્ચયપરિણતિને સાધ્ય કહેલ છે. સાત તત્ત્વ હેય છે ને નિજતત્ત્વ ઉપાદેય છે, એવો વિકલ્પ તે વ્યવહાર છે. તત્ત્વશ્રદ્ધાનમાં સાતનાં પડખાં પડે છે તે હેય છે. અખંડ ચૈતન્યતત્ત્વ ઉપાદેય છે. અહીં હેય-ઉપાદેય તત્ત્વોની વિચારશ્રેણી ચાલે છે. તેને વ્યવહાર કહેલ છે. તે વિકલ્પનો અભાવ થઈ નિશ્ચય પ્રગટે છે, માટે વ્યવહારને સાધન કહેલ છે.

વળી વિચારશ્રેણી ચાલે છે કે જેનાથી ચોરાશીના ભવ પ્રાપ્ત થાય તેને છોડું ને આત્મામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થાય તેને અંગીકાર કરું-એવો વિચાર ચાલે છે. ભવભોગાદિ વિરતિ કાર્યકારી છે ને સમ્યગ્દર્શનભાવ ઉપાદેય છે.

અહીં વ્યવહારનું સાધ્ય દ્રવ્ય છે એમ કહેવું નથી તેમ જ વ્યવહારથી નિશ્ચય પ્રગટે છે એમ પણ કહેવું નથી. સાધ્ય-સાધક બન્ને પર્યાયમાં છે તેની વાત છે. વ્યવહારનો વિકલ્પ ઊઠયો તેની વિચારશ્રેણી ચાલે છે અહીં આવા વ્યવહારની વાત છે, બીજા વ્યવહારની વાત નથી. આથી વિપરીત વ્યવહાર હોય તેનો વ્યવહાર ખોટો છે. જેવાં સાત તત્ત્વો કહ્યાં છે તેવાં યથાર્થ જાણે તે વ્યવહારની વાત છે. કોઈ પણ ભાવને ભલો જાણે તો તેનો વ્યવહાર સાચો નથી. ભવથી વિરતિ કાર્યકારી જાણેલ છે ને આત્માનું સમ્યક્ આચરણ ઉપાદેય જાણેલ છે. આવો વ્યવહાર જાણી પોતાના સ્વરૂપમાં ઢળ્યો, તેથી વિકલ્પ અટકી જાય છે. આ હેય છે ને આ ઉપાદેય છે-એવો વિચાર મનના સંબંધે ચાલતો હતો તે વ્યવહાર અટકી ગયો. આમ ઇન્દ્રિય ને મન તરફનો ઉપયોગ અટકીને નિજસ્વરૂપને સમ્યક્ અનુભવે તે તેનું સાધ્ય છે. વ્યવહારની મર્યાદા, નિશ્ચયપરિણતિની મર્યાદા ને નિશ્ચયપરિણતિ જે દ્રવ્યના આશ્રયે થાય તે દ્રવ્યનું જ્ઞાન-આમ ત્રણેનું યથાર્થ જ્ઞાન હોવું જોઈએ. આવા જ્ઞાન વિના સમ્યગ્દર્શન થાય નહિ. ભગવાન આત્મા નિર્વિકલ્પ સ્વરૂપે પડયો છે. અંતરમાં ઢળતાં વ્યવહાર અટકી જાય છે, જ્ઞાનને શુદ્ધપણે અનુભવે તે સાધ્ય છે ને તે મોક્ષમાર્ગ છે. તે વખતે નિજશ્રદ્ધા સમાન કરે ત્યારે તેમાં સાત તત્ત્વના વિચારનો ભેળસેળ નથી. એવું નિજ શુદ્ધતત્ત્વ એકલું શુદ્ધતત્ત્વ અનુભવગમ્ય કરે. હું ચિદાનંદ પરમાત્મા છું, જ્ઞાયકસૂર્ય છું એવી શ્રદ્ધા કરે. પ્રથમ રાગરહિત આવી શ્રદ્ધા હતી તે વ્યવહાર હતો. તે વ્યવહાર છૂટી નિર્વિકલ્પ દશા થઈ ને નિશ્ચયસમ્યગ્દર્શન થયું.

હું જ્ઞાયક છું, એવું જાણપણું એકલા જ્ઞાનની જાતિથી જાણે, જ્ઞાનને પુણ્યના વિચાર વિનાનું એકલું કરે. થોડા સમ્યક્જ્ઞાન વડે આખા જ્ઞાનની પ્રતીતિ આવી. એક અંશ જ્ઞાનમાં પૂર્ણ જ્ઞાનની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રતીતિ આવી. આ સાધ્ય છે, આ ફળ છે. ફળ કહ્યું માટે વ્યવહારથી થયું છે-એમ નથી. વ્યવહારનો અભાવ થઈ નિશ્ચય પ્રગટે છે. થોડું જ્ઞાન પ્રગટયું એટલે આખો આત્મા-કેવળજ્ઞાનનો દરિયો ખ્યાલમાં આવ્યો.

અહીં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાની વાત ક્રમસર કહે છે, પણ ત્રણે એકી સાથે છે. વ્યવહારની રીત છોડી માત્ર જ્ઞાન દ્વારા પોતાના સ્વરૂપને બરાબર જાણ્યું. થોડા જ્ઞાનમાં ઘણા જ્ઞાનની પ્રતીતિ આવી. લોકાલોક છે તેના કરતાં અનંત ગુણો હોત તો પણ હું જાણી શકું એવી જ્ઞાનની શક્તિ જાણી.

**"દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો"**

આમ નિશ્ચય કરી પોતાનું સ્વરૂપ જાણ્યું. આનું નામ અનુભવ પ્રકાશ છે.

હવે આચરણની વાત કરે છે. વિકલ્પનો અભાવ થઈ સ્વરૂપ આચરણ પ્રગટે છે. નિશ્ચયથી સ્વરૂપ જાણ્યું. તેવી રીતે સમ્યક્જ્ઞાનની પરિણતિથી આચરણ થવું તે સ્વરૂપાચરણ છે.

પોતાના ત્રિકાળી પરમાત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરી કેટલીક દર્શનજ્ઞાનશક્તિ શુદ્ધ થઈ છે, તેવી જ સ્થિરતા થઈ તેને નિશ્ચય રત્નત્રય કહે છે. સાત તત્ત્વને જેમ છે તેમ માને તો વ્યવહાર સાચો છે ને તેનો અભાવ થઈ અંતરદશા પ્રગટે તે નિશ્ચય છે.

સિદ્ધના અને મારા સ્વભાવમાં ફેર નથી. સિદ્ધ પણ જાણે-દેખે ને હું પણ જાણું-દેખું, નિશ્ચયથી હું પરમાત્મા છું, એમ આત્માની અવસ્થા તેવી જ નિશ્ચયરૂપ પરિણમે છે.

"આ નિશ્ચય રત્નત્રય, પ્રથમ વ્યવહાર રત્નત્રય થતાં સાધ્ય છે માટે વ્યવહાર રત્નત્રય સાધક ને નિશ્ચય રત્નત્રય સાધ્ય છે." અહીં વ્યવહાર માટે 'પ્રથમ' શબ્દ મૂકેલ છે, તેનું કારણ એ છે કે સાત તત્ત્વોનો હેય-ઉપાદેય વિચાર ચાલે છે. તેને હેય સમજી તેનો અભાવ થઈ નિશ્ચય પર્યાય પ્રગટે છે. માટે વ્યવહારને પ્રથમ કહેલ છે. ખરેખર તો દ્રવ્યના આશ્રયે નિર્મળ પર્યાય પ્રગટ થાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ત્યારે વ્યવહાર નામ લાગુ પડે છે, પણ પ્રથમ યથાર્થ વિચાર આવે છે, સાત તત્ત્વોના હેય ઉપાદેયપણાની વિચારશ્રેણી ચાલે છે. વિચારનો વ્યય થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશાનો ઉત્પાદ થાય છે, માટે વ્યવહારને પ્રથમ કહ્યો છે.

શ્રી સમયસારમાં કહેલ છે કે વ્યવહાર ને નિશ્ચય આગળ-પાછળ નથી, બન્ને સાથે છે. શ્રી આત્મસિદ્ધિમાં પણ કહ્યું છે કે-

**નય નિશ્ચય એકાંતથી આમાં નથી કહેલ,**
**એકાંતે વ્યવહાર નહિ, બન્ને સાથ રહેલ.**

તેમાં પણ નિશ્ચય ને વ્યવહાર સાથે કહ્યા છે. તો પછી અહીં વ્યવહારને પ્રથમ કેમ કહ્યો? તો કે પૂર્વ પર્યાયમાં આવો વિકલ્પ હોય છે તે બતાવવા પ્રથમ કહેલ છે. આવો વ્યવહાર હોય છે. તે સિદ્ધ કરવું છે, પણ તે વ્યવહારથી નિશ્ચય પ્રગટે છે એમ કહેવું નથી. અભેદદ્રવ્યના આશ્રયે સ્વભાવ પ્રગટે છે પણ નિજતત્ત્વ ઉપાદેય ને સાતતત્ત્વ હેય છે. એવો વિચાર પૂર્વ પર્યાયમાં આવ્યો ને તે વિચાર છૂટીને નિશ્ચય પરિણતિ થઈ છે માટે વ્યવહાર સાધક છે ને નિશ્ચય સાધ્ય છે.

અજીવને અજીવ સિદ્ધ કર્યું ક્યારે કહેવાય? કે કર્મ કર્મથી પરિણમે છે પણ જીવના રાગથી નહિ-એમ માને તો. વળી આસ્રવથી અજીવ પરિણમે નહિ, અજીવથી બીજો અજીવ પરિણમે નહિ એમ સમજવું જોઈએ. એક બીજાને લીધે ક્રિયા માને તેનો વ્યવહાર પણ સાચો નથી. અનંતા આત્મા કહેતાં એક આત્મા બીજાને લીધે નથી. એક પરમાણુને લીધે બીજા પરમાણુ નથી. હું અખંડાનંદ પ્રભુ છું. એવો સમ્યક્ભાવ પૂર્વ પર્યાયમાં હતો, તે વ્યય થાય છે. માટે તેને સાધક કહ્યો ને વીતરાગી પર્યાય થઈ તેને સાધ્ય કહી. બન્ને પર્યાય છે. પ્રથમ આવો વ્યવહાર વિચાર ન હોય તેને અનુભવ પ્રકાશ થાય નહિ માટે વ્યવહાર રત્નત્રયને સાધક, નિમિત્ત અથવા વ્યવહાર કારણ કહીએ છીએ ને નિશ્ચય રત્નત્રયને સાધ્ય કહીએ છીએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે જીવ અનંતા આત્માને ન માને, અનંતા ગુણોને ન માને અથવા બીજા તત્ત્વમાં ભૂલ કરે તેનો વ્યવહાર ખોટો છે, માટે તેને નિશ્ચયરત્નત્રય પ્રગટ થઈ શકે નહિ.

(૫) "સમ્યગ્દષ્ટિને વિરતિ વ્યવહાર પરિણતિ સાધક છે ત્યાં ચારિત્ર શક્તિ મુખ્ય સાધ્ય છે."

મિથ્યાદષ્ટિને વિરતિ વ્યવહાર પરિણતિ હોઈ શકે નહિ. સમ્યગ્દષ્ટિની વાત છે. હું અખંડ જ્ઞાયક આત્મા છું, એવી પ્રતીતિ થઈ છે તેને મુનિદશા વખતે પાંચ મહાવ્રતના તથા ૨૮ મૂળગુણ વગેરેના વિકલ્પો નિમિત્ત તરીકે હોય છે. દષ્ટિમાં પૂર્ણરૂપ આત્મા જ ઉપાદેય છે પણ જેને ચારિત્ર પ્રગટયું નથી, તેને શુભભાવ આવે છે જ્યારે મુનિપણું લ્યે છે ત્યાં છકાય જીવોને મારવાના અશુભભાવ હોતા નથી પણ પંચમહાવ્રતના પરિણામ હોય છે તે વ્યવહાર છે. એવી વ્યવહાર પરિણતિ સાધક છે, પણ તે વિકલ્પ કાળે ધ્યેય વિકલ્પ નથી, પણ શુદ્ધ સ્વભાવમાં ઠરવું તે ધ્યેય છે. ચારિત્રની અકષાયદશા પ્રગટ કરી, અંતરમાં ઠરવું તેવી ચારિત્રશક્તિ સાધ્ય છે ને વિકલ્પ સાધન છે.

કેટલાક જીવો કહે છે કે આ કાળમાં સ્વરૂપ કઠણ છે. એમ કહેનારને રાગ-દ્વેષ સહેલા લાગે છે એટલે કે બહિરાત્મપણું સહેલું લાગે છે. પુણ્ય-પાપના પરિણામ કરી રખડવું સહેલું લાગે છે. તે બહિરાત્માને સાધે છે. તેને બહારની રુચિ છે. તે અંતરનો પ્રેમ કરતો નથી. આવી રીતે સ્વરૂપ કઠણ માનનાર સ્વરૂપનો અનાદર કરે છે.

અહીં સમ્યગ્દષ્ટિ જીવ વિરતિ કરવા માગે છે. તેને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં પ્રેમ નથી, કષાયમાં પ્રેમ નથી, અશુભ આચરણનો ત્યાગ છે, પંચમહાવ્રતના પરિણામ હોય છે પણ તેમાં નિશ્ચયથી પ્રેમ નથી. હું જ્ઞાયકમૂર્તિ છું તેવી શક્તિનું ભાન છે. તેને પ્રગટાવવા માગે છે. તે કેવી રીતે પ્રગટે છે? નિજશુદ્ધાત્મદ્રવ્યનો આશ્રય કરવાથી જ પ્રગટે છે.

ચારિત્ર બાહ્યથી પ્રગટતું નથી. ચારિત્ર પ્રગટાવવું હોય તેનો વ્યવહાર કેવો હોય? તે મુનિને પંચમહાવ્રતના વિકલ્પમાં રહેવાનો ભાવ નથી. દેહ, મન, વાણીની ક્રિયામાં પ્રેમ નથી. તેવા જીવને સ્વદ્રવ્યના આશ્રયે ચારિત્ર પ્રગટે છે. આહાર-પાણી સારા મળે તો પરિણામ સારા થાય એમ માનનાર અજ્ઞાની છે. આહારાદિની ક્રિયા જડની છે. તેમાં તેને પ્રેમ નથી. ચારિત્ર પ્રગટ કરવાના કામીને બહારનાં કામમાં પ્રેમ નથી, સ્વભાવનું અવલંબન થયું છે ને જેમ જેમ રાગનો અભાવ થાય છે તેમ તેમ જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિરતા વધે છે. આમ વિશ્રામપદ મળ્યું. પરાશ્રયમાં તો રાગનો થાક હતો તે સ્વરૂપને અવલંબીને વિશ્રામ મળ્યો. ભવનો પ્રેમ હતો તે છૂટી ગયો ને પોતાનું સ્વરૂપધામ મળ્યું. તેમાં સ્થિરતા કરે તે ચારિત્ર છે. તે ચારિત્રનું મૂળ સમ્યગ્દર્શન છે ને તે ચારિત્રથી કેવળજ્ઞાન પ્રગટે છે. જ્ઞાયકના અવલંબને જે અકષાય દશા પ્રગટે તે ચારિત્ર છે.

આ પ્રમાણે સમ્યગ્દ્રષ્ટિને વિરતિ-વ્યવહાર પરિણતિ સાધક છે ને ચારિત્રશક્તિ મુખ્ય સાધ્ય છે.

(૬) "જ્યાં દેવ-શાસ્ત્ર-ગુરુમાં ભક્તિ, વિનય, નમસ્કારાદિ ભાવસાધક છે ત્યાં વિષયાદિ ઉદાસીનતામાં પરિણતિની સ્થિરતા સાધ્ય છે."

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનાં ભક્તિ, વિનય, બહુમાન કરવા વગેરે પ્રકારનો વિકલ્પ સાધક છે ને સંસારના અશુભભાવથી ઉદાસીનતા થવી તે સાધ્ય છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનો ભક્ત કેવો હોય? તે કેવા દેવની ભક્તિ કરે? જેની ચેતનાશક્તિ પૂર્ણ પ્રગટી છે એટલે કે સર્વજ્ઞ સર્વદર્શીશક્તિ પ્રગટેલ છે તે અર્હંત દેવ છે, અનંતા ગુણો પ્રગટી ગયા તે સિદ્ધ છે તેને દેવ કહે છે. ધર્મી જીવ તેમની તથા તેમની પ્રતિમાની પૂજા તથા સેવા કરે છે. તેમના પ્રત્યે મનમાં પરિપૂર્ણ પ્રીતિ છે. કુટુંબ, બૈરાં-છોકરાં ને દુકાન પ્રત્યે પ્રીતિ ઘટાડીને દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પરિપૂર્ણ પ્રતિ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરી છે. વળી ધર્મી જીવ બાહ્ય પ્રભાવના કરે છે. દેવની પ્રભાવના કેમ થાય તેવો વિકલ્પ ધર્માત્માને આવ્યા વિના રહેતો નથી. દેવનું સ્વરૂપ આવું હોય તેમ વિચાર ને ભક્તિ અંતરંગ ધ્યાન છે. વળી ધર્મી જીવ સર્વજ્ઞના ગુણનું વર્ણન કરે છે. અહો! પરમાત્મા શક્તિરૂપે હતા તે પરિપૂર્ણ પ્રગટ થઈ ગયા છે. કોઈ બીજો સર્વજ્ઞથી વિરુદ્ધ કહેતો હોય તેને માને, મનાવે કે સંમત થાય-એમ બને નહિ. એવી અવજ્ઞાનો ભાવ દેવભક્તિવાળાને હોય નહિ. વળી ધર્મીને દેવ પ્રત્યે પરમ ઉત્સાહ આવે. અહો! અનંત કાળથી આવા દેવને મેં જાણ્યા ન હતા, હવે જાણ્યા એમ વિચારી તેમના પ્રત્યે પરમ ઉત્સાહ લાવે, વાણી તથા કાયાને તે તરફ જોડે એટલે કે મન-વચન-કાયાના નિમિત્તે થતો ભાવ દેવ તરફ લગાવે-લક્ષ્મીને પણ તેમાં લગાવે. જેમ સંસારમાં છોકરાનાં લગ્ન માટે ખૂબ ખર્ચા કરે છે તેમ અહીં કહે છે કે ધર્મી ને દેવ પ્રત્યે પ્રીતિ એવી છે કે દેવ-ગુરુ-ધર્મ અને શાસ્ત્ર માટે લક્ષ્મી વાપરે. આવા જીવની ભક્તિ સાધક છે ને વિષયાદિથી ઉદાસીનતા સાધ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ વદ ૯, શુક્ર ૯-૧-૫૩

## પ્ર. -૩૪

**આ** સાધ્ય-સાધકના બોલની વાત ચાલે છે. સંસારના અશુભ ભાવ ઘટાડી, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરે છે તે સાધક છે ને મનની સ્થિરતા સાધ્ય છે. જેમની જ્ઞાતા-દ્રષ્ટા શક્તિ પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે, અનંતા ગુણો પ્રગટ થઈ ગયા છે. એવા સર્વજ્ઞ દેવને ઓળખી, તેમની પૂજા ને ભક્તિ કરવી; બૈરાં-છોકરાં ઉપરના પ્રેમ કરતાં વિશેષ પ્રેમ સર્વજ્ઞ પ્રત્યે હોય જ. સર્વજ્ઞના માર્ગની પ્રભાવના થાય તેવો ભાવ કરે છે, સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકના જ્ઞાતા છે. સર્વજ્ઞ દેવથી વિરુદ્ધ માર્ગ કહેતા હોય તેને પુષ્ટિ આપે નહિ, તે ભક્તિ છે. સર્વજ્ઞ પ્રત્યે પરમ ઉત્સાહ આવે છે. પોતાને અલ્પ કાળમાં સર્વજ્ઞ થવું છે, માટે ભગવાન પ્રત્યે પરમ ઉત્સાહ આવે છે. ઘેર દીકરો આવે ને પૈસાની પેદાશ થાય, તેમાં ધર્મીને એવો ઉત્સાહ નહોય. સર્વજ્ઞના ગુણ ગ્રામમાં મન, વાણી ને કાયાને જોડે, સંસાર ખાતે લક્ષ્મી વાપરતો હોય તેના કરતાં વિશેષ દેવની પૂજા વગેરેમાં વાપરે ને સર્વજ્ઞ દેવનો વિરોધ થતો હોય તેને ટાળવા માટે પણ લક્ષ્મી વાપરે-આનું નામ સાધકપણું છે.

વળી સર્વજ્ઞ દેવને તે પોતાના પ્રાણથી વલ્લભ જાણે. ઇન્દ્રિયો ભલે જાય, આયુ ભલે જાય, મન-વચન-કાયા છૂટી જાય, છતાં સર્વજ્ઞ પ્રત્યે એવો પ્રેમ હોય કે પ્રાણની દરકાર ન કરે. સર્વજ્ઞ ભગવાનને અનંત સુખના નિમિત્તકારણ જાણે. મારા સુખનું કારણ તો મારી પાસે છે, પણ તેમાં નિમિત્તકારણ ભગવાન છે. તેથી તેને માટે મન-વચન-કાયા લગાવે.

ભાવદીપિકામાં લખ્યું છે કે ધર્મ માટે ધનનો લોભ કરે, દેવ-ગુરુ-શાસ્ત્ર માટે સંકોચ કરે તો અનંતાનુબંધીનો લોભ છે. વીતરાગ ન થાય ત્યાં સુધી સાધકને સર્વજ્ઞ પ્રત્યે પ્રેમ આવે છે. સર્વજ્ઞ દેવ કે તેમની પ્રતિમા સુખ આપે છે કે શુભભાવ કરાવે

છે-એમ તે માનતો નથી, પણ વીતરાગની ગેરહાજરીમાં 'જિનપ્રતિમા જિન સારખી', માની શુભભાવ કરે છે. ધર્મી તેને પુણ્ય સમજે છે. પોતે આનંદ સ્વરૂપ છે, પુણ્ય-પાપની વૃત્તિથી પાર છે. એમ શ્રદ્ધા કરેલ છે, એવા ભાવપૂર્વક ભગવાનની ભક્તિ કરે છે. દેવની આવી ભક્તિ ચોથા, પાંચમા અને છઠ્ઠા ગુણસ્થાનવાળાને થયા વિના રહેતી નથી. આમ દેવની ભક્તિ કહી. સમકિતી જીવ શાસ્ત્રની ભક્તિ કરે છે, તે હવે બતાવે છે.

સર્વજ્ઞના દિવ્યધ્વનિમાં નીકળેલાં શાસ્ત્રો કે જે અવિરોધ વાતને સ્થાપે છે, તેવાં શાસ્ત્રની ભક્તિ કરે, કેમ? પોતાનું સ્વરૂપ ભગવાને કહ્યું છે. તે શાસ્ત્રના નિમિત્તે પમાય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર કોને કહેવાય, ને કુદેવ, કુગુરુ ને કુશાસ્ત્ર કોને કહેવાય તે બરાબર ઓળખે ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઉલ્લાસ આવે. આ વાણી અનેકાન્ત સિદ્ધ કરે છે. જડમાં ચૈતન્ય નથી, આખું દ્રવ્ય એક પર્યાયમાં આવી જતું નથી. રાગની પર્યાય દ્રવ્યમાં નથી એક ગુણ બીજા ગુણરૂપે થતો નથી. એક પર્યાય બીજી પર્યાય રૂપે થતી નથી. આમ શાસ્ત્ર અનેકાન્તનું સ્વરૂપ બતાવે છે જેને ખોટાં શાસ્ત્ર નિમિત્તરૂપે હોય તેને મિથ્યાદર્શન હોય જ છે. ધર્મીને સાચાં શાસ્ત્ર નિમિત્ત રૂપે હોય છે. શાસ્ત્રના ભણતરથી સંસારનું દુઃખ નાશ પામે છે. સ્વ-પર વિવેકજ્ઞાન સાચા ગ્રંથની પરીક્ષા કરવાથી પ્રગટે છે. ગુરુ સદાય હાજર હોતા નથી ત્યારે શાસ્ત્ર નિમિત્ત હોય છે. આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે, વિકાર ક્ષણિક છે, જડ પર છે, જડનો મારામાં અભાવ છે ને મારો જડમાં અભાવ છે, સ્વભાવનો રાગમાં અભાવ છે. આમ બતાવે તે સાચા શાસ્ત્ર છે. તેને નમસ્કાર કરે, ઉત્સાહ કરે. શાસ્ત્ર હોય ત્યાં કુચેષ્ટા કરે નહિ, હાસ્ય ન કરે પણ તેની ભક્તિ કરે. મોક્ષનો માર્ગ સાચી વાણીથી સમજાય છે. સર્વજ્ઞની વાણી મોક્ષમાર્ગમાં નિમિત્ત છે. મોક્ષમાર્ગ ને મોક્ષનું સ્વરૂપ વીતરાગની વાણી કહે છે માટે શાસ્ત્રને ઓળખવાં જોઈએ. પૂર્વાપર વિરોધ રહિત વાણી કઈ છે, તે જાણવું જોઈએ. શાસ્ત્ર રત્નના અક્ષરેથી લખે, ચાંદી-સોનાના શાસ્ત્ર બનાવે, જગતમાં કેમ પ્રભાવના

થાય, એવો ભાવ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. સંસારમાં લગ્ન વખતે પૈસા ખરચે છે તેમ શાસ્ત્રની ભક્તિ માટે મન, વચન, કાયા ને લક્ષ્મી લગાવે તો તેનું મન સ્થિર થાય છે. સંસાર તરફના વલણનો વિકલ્પ તોડી સ્વભાવ તરફ આવી શકે છે. આમ મોક્ષમાર્ગ અને મોક્ષનું સ્વરૂપ વાણીથી સમજાય છે, માટે શાસ્ત્ર ભક્તિ કહી છે.

હવે ગુરુની ભક્તિ કહે છે. નિર્ગ્રંથ ગુરુ તે ગુરુ છે. છઠ્ઠી–સાતમી ભૂમિકામાં ઝૂલતા હોય છે. આત્માનો અંતર અનુભવ લેતા મુનિઓ વનવાસી હોય છે. મહાન વીતરાગ દશાવાળા હોય છે. તેવા સંતોને દેખી ધર્માત્માને બહુમાન આવ્યા વિના રહેતું નથી. કેવા છે ગુરુ? તેઓ મોક્ષમાર્ગ ઉપદેશે છે. જે ભાવથી બંધન થાય તે ભાવને અશુદ્ધપણે જણાવે, પૂર્ણાનંદ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા કરે એવો જ ઉપદેશ ગુરુ કરે. રાગથી ધર્મ મનાવે ને શરીરની ક્રિયાથી ધર્મ મનાવે તે ગુરુ નથી. તે તો મિથ્યાદ્રષ્ટિ છે. સાચા ગુરુ કહે છે કે આત્મા પરમાનંદની મૂર્તિ છે. અનંતા ગુણોનો પિંડ છે. એક સમયનો વિકાર છે. વિકાર અને નિમિત્તથી હિતમાનવારૂપ બુદ્ધિ છોડાવી સ્વભાવ બુદ્ધિ કરાવે, સ્થિરતા કરાવે તે ગુરુ કહેવાય છે. વળી તેઓ ઉપશમ રસમાં ઝૂલી રહ્યા છે. ત્રણ કષાય ટળી ગયા છે, આત્મરમણતા વધી ગઈ છે. જેમ ડુંગરામાંથી પાણીના ઝરણાં વહે છે, તેમ ઉપશમ રસકંદરૂપ આત્મામાંથી અકષાયી પરિણતિ વહે છે. એવા મુનિ શાંત અકષાયી મુદ્રાધારી છે. જેની મુદ્રા જ શાંત દેખાય છે, એવા ભાવલિંગી મુનિની ધર્મીજીવ ભક્તિ કરે. મુનિને પરમેષ્ઠી પદ છે. બાર અંગ અને ચૌદ પૂર્વના ધરનાર ધર્મવજીર ગણધર–ભગવાન પણ નમસ્કાર મંત્રમાં કહે છે કે "નમો લોએ સવ્વ સાહૂણં" હે સંત! તારા ચરણમાં મારો નમસ્કાર હો, એમ મુનિની દશા અક્રિય બિંબરૂપ છે. મુનિની મુદ્રાની વાત છે. જાણે કે સિદ્ધ ઉપરથી ઊતર્યા હોય, તેવી મુનિની વીતરાગી અક્રિય દશા છે. ધર્મીજીવ આવા મુનિને તરણ તારણ સ્વીકારે છે.

તેમની મુદ્રા એવી શાંત છે કે વચન બોલ્યા વિના મોક્ષમાર્ગ દર્શાવે છે. તે મુનિ ૨૮ મૂલગુણનું પાલન કરે છે, તેમને નગ્નદશા હોય છે. મારા માટે આહાર બનાવેલ હશે એવી શંકા મુનિને પડે તો આહારનો વિકલ્પ તોડી નાખે. આવા મુનિ મુક્તિનું નિમિત્તકારણ છે. ધર્મી જીવ જાણે છે કે મારો શુદ્ધ આત્મા ઉપાદાનકારણ છે, તેમાં મુનિ નિમિત્તકારણ છે. ધર્મી જીવ તેવા મુનિની ભક્તિ કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ માટે ધર્મીને એવો પ્રેમ ઊછળી જાય કે "કઈ વિધિએ પૂજું ને કઈ વિધિએ આદર કરું," એવો ઉલ્લાસ આવી જાય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની તેવી ભક્તિ સાધક છે ને મનમાં અસ્થિરતા ટાળવી ને સ્થિરતા કરવી તે સાધ્ય છે. અહીં શુભ પરિણામની વાત છે. ધર્મી જાણે છે કે આ શુભ વિકાર છે, બંધનું કારણ છે, અશુભ ટાળી શુભભાવ આવ્યા વિના રહેતો નથી.

(૭) શુભ ઉપયોગ સાધક છે ને પરંપરા મોક્ષ સાધ્ય છે. આત્મામાં કષાય મંદતાના પરિણામ થાય, તેને શુભ ઉપયોગ કહે છે. તેના ત્રણ ભેદો છેઃ-

(अ) **ક્રિયારૂપઃ-** દયાનો ભાવ, બ્રહ્મચર્યનો ભાવ, પરિગ્રહરહિતનો ભાવ વગેરે પંચ મહાવ્રતનો ભાવ, અચેલપણે રહેવાનો ભાવ, તે ક્રિયા છે. આત્મદૃષ્ટિ થઈ છે તેને દયા, વિનય, ભક્તિ વગેરેના શુભભાવ થાય તે ક્રિયા છે. વીતરાગદેવે જે રીતે શુભની ક્રિયા વર્ણવી છે તે ક્રિયારૂપ પરિણામ શુભ ઉપયોગ છે ને તે પરંપરા કારણ કહેવાય છે કારણ કે આવા રાગનો અભાવ કરીને મોક્ષદશાને પ્રાપ્ત કરશે.

(ब) **ભક્તિરૂપઃ-** દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી તે શુભ ઉપયોગ છે, સંસારનો રાગ અશુભ ઉપયોગ છે. તે બંને રહિત આત્માના આશ્રયે થતાં પરિણામને શુદ્ધ ઉપયોગ કહે છે ને તે સાક્ષાત્ મોક્ષનું કારણ છે. શુભ ઉપયોગ મોક્ષનું પરંપરા કારણ છે.

(क) **ગુણ-ગુણી ભેદ વિચારરૂપઃ-** હું આત્મા ગુણી છું, મારામાં અનંતા ગુણો છે, મારી શિવરૂપી લક્ષ્મીનો હું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વામી છું, અસંખ્ય પ્રદેશ મારું ક્ષેત્ર છે, ચેતના મારી રાણી છે– એમ ગુણગુણીના ભેદનો વિચાર કરવો તે પુણ્યબંધનું કારણ છે.

આમ ત્રણ ભેદો સાતિશય છે ને ત્રણ નિરતિશય ભેદ સહિત છ પ્રકારે છે. સમ્યક્ત્વ સહિત છે તે સાતિશય છે. ધર્મીને (૧) ક્રિયારૂપ, (૨) ભક્તિરૂપ અને (૩) ગુણગુણી ભેદ વિચારરૂપ શુભભાવ સાતિશય પુણ્યનું કારણ છે. તે વિકલ્પ તૂટીને વીતરાગતા થશે, માટે તેને સાતિશય કહે છે. હું ચિદાનંદ છું, સાક્ષી છું, જગતનો જ્ઞાતા છું, રાગમાં મારો પ્રવેશ નથી ને મારામાં રાગનો પ્રવેશ નથી. –એમ માનનાર જીવને પુણ્યાનુબંધી પુણ્ય થાય છે. જેને આત્માનું જ્ઞાન નથી, તે ક્રિયામાં કે ગુણગુણી ભેદનો વિચારમાં ધર્મ માને છે. તે નિરતિશય ભેદ સહિત છે, તેને પુણ્ય બંધાય છે, પણ ધર્મ થતો નથી. મિથ્યાદૃષ્ટિને ગુણગુણી ભેદનો વિચાર આવે છે પણ તેમાં ધર્મ માનીને અટકી જાય છે.

શાસ્ત્રમાં અનેક પ્રકારે દરેક ગુણનું વર્ણન આવે છેઃ–

(૧) અભેદ અપેક્ષાએ દરેક ગુણ બધા ગુણોમાં વ્યાપેલો છે માટે દરેક ગુણ બ્રાહ્મણ છે.

(૨) દરેક ગુણ પોતાનું રક્ષણ કરે છે, માટે દરેક ગુણ ક્ષત્રિય છે.

(૩) દરેક ગુણ પોતાના વેપારની રીત મૂકતો નથી, માટે દરેક ગુણ વૈશ્ય છે.

(૪) દરેક ગુણ સ્વસહાયપણે નિજગુણની સેવા કરે છે, માટે દરેક ગુણ શૂદ્ર છે.

(૫) વળી દરેક ગુણ પોતાના ગુણ છોડતો નથી ને સ્વગૃહમાં રહે છે માટે દરેક ગુણ ગૃહસ્થ છે.

(૬) વળી જ્ઞાન જ્ઞાનનું રૂપ છોડે નહિ, દર્શન દર્શનનું રૂપ છોડે નહિ, ચારિત્ર ચારિત્રનું રૂપ છોડે નહિ. દરેક ગુણ પોતાના રૂપમાં સ્થિત છે, માટે તેને વાનપ્રસ્થ કહે છે.

આવા અનંતા ગુણોનો ભંડાર આત્મા છે. એવા ભાવવાળાની દૃષ્ટિ શુદ્ધ સ્વભાવ ઉપર છે. તેથી તેનો વિકલ્પ તૂટી જવાનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ને મોક્ષ થવાનો છે. વિકલ્પનો દૃષ્ટિમાં નિષેધ છે ને સ્વભાવના આશ્રયે અશુભનો નિષેધ થયો છે ને જરા શુભ રહ્યો છે તે તૂટીને વીતરાગ થશે માટે તેના શુભને પરંપરા મોક્ષનું કારણ કહ્યું છે.

સમ્યગ્દર્શન વિનાનો શુભોપયોગ સંસાર સુખ આપે, લાખો રૂપિયા આપે, બૈરાં-છોકરાંનો સંયોગ આપે પણ તે આત્માના અમૃતને લૂટે છે. મિથ્યાદૃષ્ટિ જીવ સાધુ થાય ને શુભ પરિણામ કરે તો સંસારનું સુખ આપે પણ તેને ધર્મ થાય નહિ. અજ્ઞાની શુભરાગની ક્રિયાથી ધર્મ માને છે. તેવા જીવને આત્માનો લાભ જરાપણ ન થાય, બહુ તો ભવનપતિ કે વ્યંતર દેવ થાય. આત્માના ભાન વિના ગુણગુણી ભેદના વિચાર કર્યા, કાંઈક શુભ કરીએ તો ધર્મ પમાય તેમ માન્યું, પણ મારું સ્વરૂપ ચિદાનંદ જ્યોત છે એવું ભાન કર્યું, તે જીવ બાર બાર માસના ઉપવાસ કરે, સાચા સંતોને આહાર આપે તો પુણ્ય બાંધે પણ ધર્મ પામે નહિ. અક્રિય આત્માના ભાન વિના જીવને ક્રિયારૂપ શુભભાવ, ભક્તિના શુભભાવ ને ગુણ-ગુણીના શુભભાવથી કદાચ રાજ્યપદ મળે ને મોટો તાલુકદાર થાય પણ ધર્મનું ભાન નહિ હોવાથી હળવે હળવે નીચે જાય. વીતરાગે કહેલો શુભ પરિણામ કરે તો કદાચિત્ દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત મળી જાય. તેનું શ્રવણ પણ મળે પણ સમ્યગ્દર્શન તો આત્માનો આશ્રય કરે તો જ પામે. સમવસરણમાં જીવ અનંતવાર જઈ આવ્યો, તે પૂર્વના શુભભાવને લીધે છે. સ્વભાવની પ્રાપ્તિ તો આત્માના આશ્રયથી જ થાય છે. ભગવાન મળ્યા માટે ધર્મ થાય છે એમ નથી, કારણ વિના કાર્ય થાય નહિ એ નિયમ છે. જ્યારે જીવ સમ્યગ્દર્શન પામે ત્યારે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત રૂપે હોય છે. કુદેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તે ધર્મ પામે એમ બને નહિ. સાચા દેવાદિના નિમિત્તકારણ વિના સમ્યગ્દર્શનરૂપ કાર્ય થાય નહિ. એમ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. આ પ્રમાણે શુભોપયોગ સાધક છે ને પરંપરા મોક્ષ સાધ્ય છે. સમ્યગ્દૃષ્ટિ શુભભાવનો નાશ કરીને મોક્ષે જાય છે, માટે સાધક કહ્યો છે. મિથ્યાદૃષ્ટિ નવમી ગ્રૈવેયકે ગયેલો ત્યારે પૂર્વે બ્રહ્મચર્ય આદિના પરિણામ કરેલ, પણ ચિદાનંદ આત્માના ભાન વિનાના શુભભાવને નિરર્થક

ગણેલ છે. માટે મિથ્યાદષ્ટિનો શુભોપયોગ સાધક નથી. સમ્યગ્દષ્ટિના શુભ ઉપયોગને મોક્ષનો પરંપરા સાધક કહેલ છે.

(૮) જ્યાં અંતરાત્મા જીવદ્રવ્ય સાધક છે, ત્યાં અભેદ જીવ પરમાત્મરૂપ સાધ્ય છે. સાધક જીવ ભેદજ્ઞાન દ્વારા આત્માને રાગથી જુદો જાણે ને સિદ્ધ સમાન પ્રતીતિગોચર કરે, પરથી જુદો પાડી સ્વભાવસન્મુખ રહે ત્યારે પોતે સાધક છે ને પોતે જ આત્મા અભેદ પરમાત્મા સાધ્ય છે. રાગથી ને પુણ્યથી જુદા પાડવાનું જ્ઞાન કરવું તે સાધક છે ને પૂર્ણદશા પરમાત્મા રૂપે અભેદ થવું તે સાધ્ય છે. ભેદજ્ઞાન સાધક છે ને અભેદ પરમાત્મા સાધ્ય છે.

(૯) જ્યારે આત્મામાં અંશે રમણતા થાય છે ત્યારે અભેદ જ્ઞાનમૂર્તિ આત્મા મોક્ષસ્વરૂપને સાધે. જ્ઞાન અને આનંદ દશા મારામાં ભરેલી છે-એવો શુભોપયોગ સાધક ને જ્ઞાનની એકતા થવી તે સાધ્ય છે. જ્ઞાનની પૂર્ણતારૂપી મોક્ષ સાધ્ય છે. પરથી ભેદ પડીને સ્વભાવ અંશે પ્રગટયો, તે અંશ પરિણમતો પરિણમતો પૂર્ણદશારૂપે થાય તે સાધ્ય છે. અંતરાત્માનું ફળ પરમાત્મા છે. મોક્ષમાર્ગનું ફળ અભેદ જ્ઞાનરૂપ થવું તે છે. તેનું ફળ રાજ્યપદ નથી, તેનું ફળ પૈસા કે દેવલોક નથી. અંતરાત્માનું ફળ દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત મળવું તે નથી; અંતરાત્માનું ફળ તો પરમાત્મા છે. પરથી ભેદજ્ઞાનની દષ્ટિ થઈ તે સાધન છે ને એકરૂપ જ્ઞાન થઈ કેવળજ્ઞાન પ્રગટી આત્મા સાથે અભેદ થવું તે સાધ્ય છે.

(૧૦) ચોથે, પાંચમે ને છઠ્ઠે ગુણસ્થાને જઘન્ય જ્ઞાન છે. તે જઘન્ય જ્ઞાનથી ઉત્કૃષ્ટ જ્ઞાન પમાય છે. રાગ, વિકલ્પ કે પુણ્યથી ઉત્કૃષ્ટ જ્ઞાન થતું નથી. એ વાત સિદ્ધ કરે છે. થોડું જ્ઞાન એટલે કયું જ્ઞાન? શાસ્ત્રનું જ્ઞાન નહિ; પણ રાગ અને મનના અવલંબન વિનાનું, આત્માના આશ્રયે પ્રગટતું જે જઘન્ય જ્ઞાન તેનાથી કેવળજ્ઞાન થાય છે. ખૂબ ભક્તિ કરે ને કરોડ વરસ સુધી પાંચ મહાવ્રત પાળે તોપણ તેવા પરિણામથી જઘન્ય જ્ઞાન ઉત્કૃષ્ટ જ્ઞાનરૂપ થતું નથી એમ બતાવવું છે.

# પોષ વદ ૧૦, શનિ ૧૦-૧-૫૩
## પ્ર. -૩૫

**આ** સાધક-સાધ્યના બોલ ચાલે છે.

(૧૧) પૂર્વની પર્યાયને સાધક ગણીને પછીની પર્યાયને સાધ્ય ગણેલ છે. આત્મા જ્ઞાનસ્વરૂપી, દ્રષ્ટા ને આનંદસ્વરૂપ છે-એમ નિર્ણય કરે ત્યાં નિશ્ચય વધે છે. શરીર, મન, વાણી કે પુણ્ય-પાપ હું નથી, હું તો જ્ઞાનસ્વભાવી છું, દ્રષ્ટા હું છું, વીર્ય ને શાંતિ હું છું. એમ નિર્ણય કરે કે મારામાં અનંતા ગુણો ભરેલા છે, તો નિશ્ચય વધે. જેમ થોડું અફીણ પીધું હોય ને તેનો અમલ લેવા માટે કેફ ચડાવે છે, એમ મારો જ્ઞાન ને આનંદ સ્વભાવ છે, એમ નિર્ણય કરે ને તેની ખુમારી વધારે તો પોતામાં દ્રઢતા વધે એનું નામ ધર્મ છે.

આત્મા અનંતા ગુણોનું ધામ છે એવી ખુમારી વધારે તો વીતરાગી દશા થાય. તે અંતરદશા સાધ્ય છે. જેને આત્માની ખબર નથી તેની વાત નથી. અહીં કહે છે કે આત્મા અનંતા ગુણોનું ધામ છે. પરમાત્મા આત્મામાંથી થયા છે એવો ભરોસો થોડો કરે તો ખુમારી વધે ને જ્ઞાનાદિ વધે. કોઈ રાગ કે સંયોગથી વધે એમ કહ્યું નથી. સ્વભાવમાં ખુમારી ચડાવતાં આગળ વધાય છે. બાકી તો નિમિત્ત ને રાગ વગેરે તેના કારણે આવે છે તે ધર્મનું કારણ નથી, આટલાં શાસ્ત્ર વાંચીએ કે વ્રત કરીએ તો ધર્મ થાય-એમ તેને સાધન કહ્યું નથી. આત્માનો ભરોસો કરી તેની ભાવનાની ખુમારી ચડાવે તો અંતરમાં રહેલી શક્તિ પ્રગટ થાય ને વીતરાગી પરિણતિ વધી જાય. એ સિવાય બીજું સાધન નથી. પરિણતિ દ્રવ્યના આશ્રયે વધે છે તે તો બરાબર

છે, પણ અહીં પર્યાયથી વાત લેવી છે, માટે અલ્પજ્ઞાન સાધન છે ને જ્ઞાનાદિની ઘણી નિશ્ચયપરિણતિ સાધ્ય છે.

(૧૨) “સમ્યક્ સાધક છે ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધ્ય છે.” સમકિતી જીવને આત્માનું ભાન થયું છે. મારા જ્ઞાન-દર્શનની પરિણતિ સ્વભાવમાં એકત્વ થાય તો લાભ છે, તેવો સમકિતી જીવ સાધક છે. તે પુણ્ય-પાપ સાધતો નથી, નિમિત્તને દૂર કરતો નથી. આત્મા પોતે પોતાના ગુણને સાધે છે માટે સમ્યક્ત્વ સાધક છે ને દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધ્ય છે.

દરેક ગુણ પોતે પોતાને સાધે છે, તે સ્વરૂપને સાધે છે ને આત્માના અનંત ગુણોને સાધવામાં મદદ કરે છે, માટે દરેક ગુણ સાધુ છે. હું જ્ઞાન છે, વિકલ્પ શરીરાદિ મારું સ્વરૂપ નથી. એમ જ્ઞાનગુણ સાધુ છે. દર્શન પોતાની નિર્મળ પર્યાયને સાધે છે, માટે સાધુ છે. આનંદ ગુણ સહજાનંદ સ્વરૂપ છે. એવું ભાન કરેલ છે માટે આનંદગુણ સાધુ છે-આમ અનંતા ગુણો સાધક થઈને પૂર્ણદશાને સાધ્ય કરે છે. આમ અનંતા ગુણોને પ્રતીતિમાં લીધા છે માટે સમ્યક્ત્વ સાધક છે ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સાધ્ય છે. ધર્મી જીવનું સાધ્ય પુણ્ય-પાપ નથી. ગૃહસ્થાશ્રમમાં રહેલા સમકિતી જીવને ભાન છે કે શરીર તે હું નથી, જે રાગ થાય છે તે હું નથી, આમ આત્મસ્વભાવના અવલંબને જે રાગરહિત દશા થાય તેને ધર્મ કહે છે.

દરેક ગુણ યતિ છે. વિકારને જીતે છે માટે યતિ છે. સમકિતે આત્માના બધા ગુણોની નિર્વિકાર પ્રતીતિ કરેલ છે, **એમ અનંતા ગુણો યતિ છે.** તેવી રીતે અનંતા **ગુણો ઋષિ છે.** દરેક ગુણ પોતાની ઋદ્ધિ જાળવી રાખે છે ને બીજાની ઋદ્ધિ જાળવવામાં નિમિત્ત છે માટે દરેક ગુણ ઋષિ છે. **અનંત ગુણો મુનિ છે.** મન-વાણી વિનાના આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સ્વચ્છત્વ, વિભુત્વ, કર્તા, કરણ, સંપ્રદાન વગેરે બધા ગુણો મુનિ છે-પોતે પોતાને પ્રકાશે છે. ગુણને પ્રત્યક્ષ શ્રદ્ધામાં લઈ પ્રગટ કરવા મથે છે, માટે દરેક ગુણને મુનિ કહે છે.

શરીર, મન, વાણી તેના કારણે આવશે ને જશે, રાગ તેના કાળે થશે; જો સાધક થવું હોય તો અનંતા ગુણોનો વિશ્વાસ કર.

એક સત્તાગુણ છે તે પણ સાધુ છે, તે દ્રવ્યની સત્તા, ગુણની સત્તા ને પર્યાયની સત્તાને સાધે છે માટે સત્તા સાધુ છે. જીવે પોતાનો વિશ્વાસ કર્યો નથી. સત્તા દ્રવ્ય, ગુણ, પર્યાયને સાધે છે, માટે સાધુ સત્તા વિકારને જીતે છે માટે યતિ છે. દ્રવ્યની ઋદ્ધિ, ગુણની ઋદ્ધિ ને પર્યાયની ઋદ્ધિ જાળવી રાખે છે માટે સત્તાગુણ ઋષિ છે. આમ અનંતા ગુણોને પ્રતીતિમાં લીધા તે જીવ સાધક છે ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય તે સાધ્ય છે.

આત્મામાં આવા અનંત ગુણો છે, તેનો વિશ્વાસ કર. તેનાથી ધર્મ થાય છે. શાસ્ત્રભણતરથી કે રાગથી કે અમુક આહારથી દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટતાં નથી. આત્માની શ્રદ્ધા કરનારને સાધક કહ્યો ને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટવાં તેને સાધ્ય કહ્યું છે. બહુ વ્રત કરીને, પુણ્ય કરીને દેવમાં જવું તે સમકિતનું ફળ નથી, શુભરાગ તેના કાળે હો પણ અનંતા ગુણોની પ્રતીતિ કરવી તે સાધક છે ને તેનું ફળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

(૧૩) "ગુણમોક્ષ સાધક ને દ્રવ્યમોક્ષ સાધ્ય છે."

આત્મામાં સમ્યક્ત્વ આદિ અનંતગુણો છે તેવું ભાન થયા પછી વીતરાગતા વધારતાં આઠે કર્મોનો નાશ થાય છે ને સિદ્ધ થઈ જાય છે. અંતર શક્તિઓ છે તેની પ્રતીતિ, જ્ઞાન, રમણતા થઈને રાગ તથા વિકારથી છૂટયા એટલે કે રાગદ્વેષમાં તથા અલ્પજ્ઞાનમાં ને અલ્પવીર્યમાં અટકતા હતા તે મટી ગયું, એટલે કેવળજ્ઞાનાદિ પ્રગટયાં તે ગુણમોક્ષ થતાં આમ ગુણમોક્ષ થતાં દ્રવ્યમોક્ષ થાય છે એટલે કે સિદ્ધદશા પ્રાપ્ત કરે છે. અનંત ગુણોની પરિણતિ પોતાના ગુણને સંગે એકાગ્ર થઈ તે ગુણમોક્ષ થયો. પ્રથમ શ્રદ્ધા મિથ્યાશ્રદ્ધામાં અટકતી, ચારિત્ર રાગદ્વેષમાં અટકતું, જ્ઞાન દર્શન અલ્પદશામાં અટકતાં હતાં તે અધૂરાપણું ને વિપરીતપણું હતું તે બંધ હતો, તે બંધ કર્મને લીધે નહિ, જડને લીધે નહિ પણ પોતાના કારણે જ્ઞાન, દર્શન ને વીર્યમાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઓછાપણે થતો ને શ્રદ્ધા-ચારિત્રમાં વિપરીતપણે થતો હતો, તે બંધ હતો. તે મટીને ગુણમોક્ષ થયો.

અલ્પ દર્શનનો પર્યાય મટીને કેવળદર્શનરૂપે થયો,

અલ્પ જ્ઞાનનો પર્યાય મટીને કેવળજ્ઞાનરૂપે થયો,

ઊંધી શ્રદ્ધાનો પર્યાય મટીને પરમ અવગાઢ સમ્યગ્દર્શનરૂપ થયો,

ઊંધા ચારિત્રનો પર્યાય મટીને પરમ યથાખ્યાત્ ચારિત્રરૂપ થયો,

અલ્પ વીર્યપર્યાયનો વ્યય થઈને અનંત વીર્યરૂપ થયો.

આ પ્રમાણે અનંત ચતુષ્ટય પ્રગટયાં તે કેવળજ્ઞાનીની દશા થઈ. પછી કેવળી ભગવાનને ચાર કર્મો ટાળવાનો પ્રયત્ન કરવો પડતો નથી. ચારે અઘાતી કર્મો ટળી સિદ્ધદશા થાય છે એટલે દ્રવ્યમોક્ષ થાય છે. આવી રીતે ગુણમોક્ષ થતાં દ્રવ્યમોક્ષ થાય છે, સિદ્ધદશા પ્રગટે છે.

(૧૪) આત્મામાં સમ્યગ્દર્શન થયું છે, ત્યાર પછી ચારિત્ર દશા થઈ છે. ભાવલિંગી દશા થઈ છે, ત્યારપછી સ્વરૂપની દશા વધે છે ને રાગરહિત વિશેષ એકાગ્રતાની ધારા વધે છે. તેને ક્ષપકશ્રેણી કહે છે. ક્ષપકશ્રેણીવાળાને કેવળજ્ઞાન થાય જ. માટે ક્ષપક શ્રેણી સાધક છે ને તદ્ભવ મોક્ષ સાધ્ય છે.

(૧૫) "દ્રવ્યલિંગ ને ભાવિત સ્વરૂપભાવ સાધક છે ને સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે," વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ વર્ણવ્યું છે. જેવું માતાએ જન્મ્યું એવું શરીર હોય ને અંતરથી ભાવિત સ્વરૂપભાવ હોય. એકલા નગ્ન હોય તેની વાત નથી. અંતરના ભાનવાળો હોય ને સ્વરૂપમાં અંતર શુદ્ધતા ઘણી વધી ગઈ હોય ને બાહ્યમાં નગ્નદશા હોય તેની વાત છે, આવો સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. બાહ્યમાં નગ્નદશા ને અંતરમાં સ્વરૂપ રમણતા બન્ને હોય તો કેવળજ્ઞાનની તૈયારીવાળો કહેવાય. કોઈ કહે કે અમને અંતરમાં વીતરાગતા છે પણ અમને વસ્ત્ર મૂર્છા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વિના શરીર ઉપર રહેલાં છે, તો તે મિથ્યાદષ્ટિ છે. સ્વરૂપે નગ્ન એટલે ચિદાનંદ આત્મામાં વસ્ત્ર સંબંધી રાગનો નાશ ને બાહ્યમાં વસ્ત્રનો અભાવ એટલે કે શરીરની નગ્ન અવસ્થા-આમ બન્નેનો મેળ હોય તો સાક્ષાત્ મોક્ષ સાધે.

દ્રવ્યભાવ એટલે બાહ્યથી નગ્ન ને પાંચ મહાવ્રતાદિના પરિણામ ને અંતરમાં લીનતારૂપી પરિણામવાળાનો મોક્ષ થાય છે. જેને ભાવસ્વરૂપનું ભાન ન હોય તેને કેવળજ્ઞાન થાય નહિ ને જેને ભાન હોય ને અંતરસ્થિરતા વધે ત્યારે બાહ્ય શરીર નગ્ન ન હોય એમ બને નહિ. માટે બન્ને વાત કરેલ છે. હાથીના હોદ્દે બેસીને તથા ગૃહસ્થદશામાં કેવળજ્ઞાન પામે તે વાત ખોટી છે, માટે દ્રવ્યલિંગ ને ભાવિત સ્વરૂપભાવ સાધક છે ને સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે.

(૧૬) અંતરમાં વિકાર રહી જાય ને કેવળજ્ઞાન થઈ જાય એમ બને નહિ. ચિત્તનો સંગ બિલકુલ-સર્વથા છૂટે નહિ ત્યાંસુધી કેવળજ્ઞાન થાય નહિ. ગુણગુણીના ભેદનો વિકલ્પ પણ ભાવિત મનોવિકાર છે, વિકારનો વિલય થવો સાધક છે ને પૂર્ણદશા સાધ્ય છે. આગલા બોલમાં વસ્ત્રાદિનો સંગ કાઢી નાખ્યો. આ બોલમાં મનના સંગની વાત કરે છે. છાતીમાં દ્રવ્યમન ખીલેલા કમળના આકારે સૂક્ષ્મ છે, તેના નિમિત્તે થતો વિકાર આત્માના ભાનથી અને સ્થિરતાથી નાશ પામે છે. માટે ચિત્તના સંગનો વિલય થવો સાધક છે ને કેવળજ્ઞાન સાધ્ય છે.

(૧૭) દ્રવ્યકર્મ જડ છે, તેના તરફ જીવ લક્ષ કરે તો વિકાર થાય ને સ્વભાવ તરફ લક્ષ કરે તો વિકાર ન થાય. પૌદ્‌ગલિક કર્મ ખરવાં સાધક કહ્યાં છે તે નિમિત્તથી વાત કરે છે. જ્યારે પુદ્‌ગલકર્મ જાય ત્યારે નૈમિત્તિકદશા વિકારની જાય જ છે. નૈમિત્તિક વિકારી દશા ટળ્યા વિના પુદ્‌ગલ કર્મ ખર્યું કહેવાય નહિ.

જીવ પુદ્‌ગલકર્મના વિપાકમાં જોડાય તો વિકાર ઊપજે છે, તેથી પુદ્‌ગલકર્મ ખરી જાય છે ત્યારે નૈમિત્તિક મનોવિકાર હોતો

નથી, માટે કર્મ ખરવાં સાધક છે ને મનોવિકાર વિલય થવો સાધ્ય છે.

(૧૮) ગૃહસ્થને એક વસ્ત્ર લેવાની વૃત્તિ હોય અને મુનિને એક વખત આહાર લેવાની વૃત્તિ હોય ત્યાંસુધી અંતરમાં મમતા રહેલી છે, એમ પ્રસિદ્ધ કરે છે. બાહ્ય પરિગ્રહનો સંગ અંતરના ભાવને પ્રસિદ્ધ કરે છે. અંતર સ્વભાવમાં લીન હોય તેને આહાર લેવાની વૃત્તિ ઊઠતી નથી. મુનિને આહાર લેવાનો વિકલ્પ ઊઠે તે શુભ મમતા છે. માટે પરમાણુમાત્ર પરિગ્રહ સાધક છે ને મમતાભાવ સાધ્ય છે.

(૧૯) ઊંધી શ્રદ્ધા સાધક છે, નવતત્ત્વની તથા દેવ-ગુરુ-શાસ્ત્રની ઊંધી માન્યતાને મિથ્યાત્વ કહે છે તે સાધક છે ને ચોરાશીમાં ભ્રમણ કરવું તેનું ફળ છે. ચિદાનંદ આત્માને આત્મા ન માને, અજીવને અજીવ ન માને, આસ્રવને આસ્રવ ન માને, અને સંવર-નિર્જરા-બંધને તથા મોક્ષને જેમ છે તેમ ન માને તેને સંસારપરિભ્રમણ થાય છે. ત્રસની સ્થિતિ બે હજાર સાગરની છે તેથી તે પૂરી થતાં નિગોદમાં જશે. વસ્તુ જ્ઞાતાદ્રષ્ટા છે, તેમાં ભવ નથી, પણ વસ્તુસ્વભાવથી વિપરીત માન્યતા કરે તો તેમાં ભવ થાય છે. પુણ્ય-પાપથી રહિત ને મન-વાણીથી જુદા આત્માની પ્રતીતિ નથી ને પુણ્યથી ધર્મ માને, સાચા દેવાદિનો અનાદર કરે, ખોટા દેવાદિનો આદર કરે-એવી મિથ્યામાન્યતાનું ફળ સંસાર છે. માટે મિથ્યાત્વ સાધક છે ને સંસારભ્રમણ સાધ્ય છે.

(૨૦) સમ્યગ્દર્શન ભવરહિત સ્વભાવની પ્રતીતિ કરે છે. ત્રિકાળી સ્વભાવમાં વિકાર ટાળવાનો સ્વભાવ છે એવા આત્મામાં ભવ નથી. એમ સમ્યગ્દર્શને, સ્વીકાર્યું, તે સમ્યગ્દર્શન વિકારને સ્વીકારતું નથી, પણ ત્રિકાળી સ્વભાવને સ્વીકારે છે; માટે સમ્યક્ત્વ સાધક છે ને મોક્ષ થવો સાધ્ય છે.

(૨૧) કાળલબ્ધિ = નિજપરિણામની પ્રાપ્તિ સ્વાશ્રયથી થવી તે કાળલબ્ધિ છે. પોતાના સ્વભાવના પુરુષાર્થનો કાળ આવે

તે ખરેખર કાળલબ્ધિ છે. પર કાળના અનુસારે લબ્ધિ નથી. સાધક જીવ નિમિત્ત સામે કે રોગ સામે જોતો નથી. સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વભાવ સામે જુએ છે. કોઈ ચીજ ચૂલા ઉપર પાકવા મૂકી હોય તો તે પાકવાની તૈયારી થાય પણ ઘરમાં તે ચીજ જ ન હોય ને ચૂલે ચડાવ્યા વિના કહે કે ચીજ પાકવાની તૈયારી થઈ ગઈ છે તો તે ખોટું છે. તેમ આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન વિના મોક્ષનો પાક થતો નથી. ધર્મી જીવે શ્રદ્ધા-જ્ઞાન કરી આત્માને પકવવા ચડાવ્યો છે તો તે જ્ઞાની જાણે છે કે પુરુષાર્થ અનુસાર તે પાકી જશે એટલે મોક્ષદશા થશે. કાળે મોક્ષ થશે એમ લોકો કહે છે, પણ કોનો કાળ ? પોતાના શુદ્ધસ્વભાવમાં ઢળી સ્વભાવનો કાળ. મારો સ્વભાવ જ્ઞાન, દર્શન ને આનંદરૂપ છે એમ નિર્ણય કરે છે તેને સ્વભાવની સિદ્ધિ હોય છે, સાધકની દૃષ્ટિ બહારના ફળ ઉપર નથી પણ સ્વભાવ ઉપર હોય છે, તેથી તેનો કાળ પાકી જાય છે. માટે કાળલબ્ધિ સાધક છે ને સ્વભાવસિદ્ધિ સાધ્ય છે.

(૨૨) કોઈ કહે કે અમે શબ્દ સમજીએ છીએ પણ અર્થ સમજતા નથી, તો તેને શબ્દ સાધક કહેવાતો નથી. વાણીનો અર્થ ન સમજે તો નકામું છે, 'ગોળ' શબ્દ સાંભળ્યો પણ તેનો અર્થ ન સાધે તો તે શબ્દ સાધક થતો નથી. ગોળના બે અર્થ થાય છે. એક ખાવાનો ગોળ છે ને બીજી કોઈ ચીજ ગોળ હોય તેને ગોળ કહે છે. માટે કહેનારના ભાવ મુજબ જે હોય તેમ સમજવું જોઈએ, તો શબ્દને સાધક કહેવાય.

શાસ્ત્રમાં પણ ઘણા શબ્દો હોય છે પણ તેનો અર્થ ન સમજે તો શાસ્ત્રનાં શબ્દો સાધક કહેવાતા નથી. જેમકે 'સમ્યગ્દર્શન' શબ્દ છે તો ત્યાં આત્માના ભાનપૂર્વક આત્માની સમ્યક્શ્રદ્ધા કહેવા માગે છે, એમ સમજે તો 'સમ્યગ્દર્શન' શબ્દ સાધક કહેવાય; માટે શબ્દ સાધક ને અર્થ સાધ્ય છે.

(૨૩) અર્થ સાધક છે. હવે તે અર્થને સમજે તો આત્મામાં શાંતિનો રસ છે એમ સમજે. અર્થ સમજે તેને આત્માની મજા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવ્યા વિના રહે નહિ. શબ્દ સમજાય તો અર્થ સમજાય ને અર્થ સમજાય તો આત્માની મજા આવે. શાસ્ત્રના શબ્દોના અર્થ ન સમજે તેને મજા આવતી નથી. રેકર્ડ સારું ગાયન બોલે તોપણ રેકર્ડને કાંઈ મજા આવતી નથી; તેમ જેને શાસ્ત્રના અર્થ સમજવાનું જ્ઞાન નથી, શબ્દના અર્થ સમજતાં ન આવડે તેને રસ આવતો નથી. માટે દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે તે શબ્દને તથા તેના અર્થને સમજવા જોઈએ. અહો! આ જ્ઞાન અલૌકિક છે-એમ અંતરમાં સમજે તો મજા આવે. માટે અર્થ સાધક છે ને જ્ઞાનરસ સાધ્ય છે.

(૨૪) હવે સ્થિરતાને સાધક કહે છે. હું સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વરૂપી છું, પુણ્ય-પાપ હું નથી. એમ જ્ઞાનની મજા આવે તો સ્થિરતા આવે. તે સ્થિરતા થતાં ધ્યાન સાધ્ય થાય છે. સ્થિરતાથી ધ્યાન થાય છે. સમજ્યા વિના ધ્યાન કોનું કરશે? વસ્તુ શું છે, ગુણ શું છે, પર્યાય શું છે એમ જ્ઞાનની જમવટ થતાં ને સ્થિરતા થતાં એકાગ્ર થાય છે. અજ્ઞાની જીવ સમજ્યા વિના લીલા-પીળા દેખે તે ધ્યાન નથી. જે શાસ્ત્ર સમજે નહિ તેને સ્થિરતા થાય નહિ ને તેને ધ્યાન થાય નહિ, માટે સ્વ-સંવેદનરૂપ સ્થિરતા સાધક છે ને ધ્યાન સાધ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ વદ ૧૧, રવિ ૧૧-૧-૫૩
## પ્ર. -૩૬

(૨૫) આ સાધ્ય-સાધકનો અધિકાર છે. આત્મામાં આનંદનો અનુભવ થવો તે ધર્મ છે. જ્ઞાનાનંદ આત્મામાં એકાગ્રતા થવી તે ધ્યાન સાધન છે ને તેનાથી કર્મ ખરે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ રાગદ્વેષ વિનાનો છે. તે તરફ વલણ થતાં-એકાગ્ર થતાં ધ્યાન થાય છે. તેનું ફળ કર્મનું છૂટવું તે છે. માટે ધ્યાન સાધક છે ને કર્મ ખરવાં સાધ્ય છે.

(૨૬) આત્મામાંથી કર્મ ખરી જાય એટલે આત્મા મુક્તદશાને પામે તે તેનું ફળ છે. માટે કર્મ ખરવાં સાધક છે ને મોક્ષ થવો સાધ્ય છે.

(૨૭) "રાગ-દ્વેષ-મોહનો અભાવ સાધક છે ને સંસાર અભાવ સાધ્ય છે." આત્માની વર્તમાન અવસ્થા વિષે રાગ-દ્વેષ ને પરમાં સાવધાનીનો અભાવ કરવો સાધક છે. સ્વરૂપની એકાગ્રતા કરતાં મોહ-રાગ-દ્વેષનો અભાવ થાય છે, તેના ફળમાં સંસારના અભાવનું પરિણામ આવે છે, પણ પુણ્યફળની પ્રાપ્તિ હોતી નથી. આત્મા જ્ઞાનાનંદ છે, તેવી અંતર્મુખની દૃષ્ટિ વડે સંસારનો અભાવ થાય છે.

(૨૮) "ધર્મ સાધક છે, પરમપદ સાધ્ય છે." લોકો ધર્મ કહે છે તે ધર્મ શું છે? સ્વસન્મુખતા દ્વારા આત્માની દશામાં પુણ્ય-પાપ વિકારનો અભાવ થવો તે ધર્મ છે. ચિદાનંદ સ્વભાવની રુચિ કરી તેમાં એકાગ્ર થવું તે સાધન છે; તેનાથી પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. ધર્મથી લક્ષ્મી મળતી નથી, જેટલા સંયોગોની પ્રાપ્તિ થાય તે ધર્મનું ફળ નથી પણ વિકારનું ફળ છે. ધર્મ કરતાં પરમપદની પ્રાપ્તિ થાય છે. શુભરાગ કાંઈ

મોક્ષમાર્ગરૂપ ધર્મ નથી પણ નિમિત્ત ગણી રૂઢિથી ઉપચારથી ધર્મ કહેવાય છે.

(૨૯) "સ્વવિચાર પ્રતીતિરૂપ સાધક છે ને અનાકુળભાવ સાધ્ય છે." પોતે સ્વવિચાર પ્રતીતિ કરે છે. આત્મા અનંત-આનંદ ને સ્વવિચાર જ્ઞાનની મૂર્તિ છે, એવા સ્વભાવનો વિચાર કરવો. આત્મા જ્ઞાનની મૂર્તિ છે, શુદ્ધજ છે. નિર્મળાનંદ છે. આત્માના સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન ને સ્થિરતાનો વિચાર સાધક છે ને તેનું ફળ અનાકુળભાવ છે. તેનું ફળ રાજ્ય કે દેવપદ કે તીર્થંકરપદ નથી.

(૩૦) "સમાધિ સાધક છે, નિજ શુદ્ધ સ્વરૂપ સાધ્ય છે." આધિ = સંકલ્પ-વિકલ્પ, વ્યાધિ = શરીરના રોગ, ઉપાધિ = સંયોગ- એમ ત્રણેનું લક્ષ છોડી જ્ઞાનસ્વભાવમાં સમતાભાવ કરવો તે સમાધિ છે. તે સમાધિ સાધક છે ને તેના ફળમાં નિજ શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત થાય છે. લાલ-પીળા દેખાય તે સમાધિ નથી. પોતાની નિર્મળતા સાથે અખંડ આનંદનું વેદન થાય તે સમાધિનું ફળ છે.

(૩૧) "સ્યાદ્વાદ સાધક છે ને યથાર્થ પદાર્થની સાધના સાધ્ય છે." અપેક્ષાએ જાણવું તે સાધક છે. આત્મા વસ્તુએ નિત્ય છે ને પર્યાયે અનિત્ય છે. વસ્તુ એક છે ને ગુણો અનંત છે. વસ્તુએ સામાન્ય છે ને પર્યાયે વિશેષ છે-એમ સ્યાદ્વાદથી વસ્તુ સિદ્ધ કરવી. સ્યાદ્વાદનો અર્થ અહીં એકલી વાણીની વાત નથી. સંસારમાં અમુક ગુણની પર્યાય અશુદ્ધ છે પણ શક્તિ શુદ્ધ છે. સ્યાદ્વાદ વસ્તુ સાબિત કરવા માટે સાધન છે; તેથી વીતરાગતા સિદ્ધ થાય છે. રાગમાં કર્મ નથી, કર્મમાં રાગ નથી. એક સમયના રાગમાં આખો આત્મા આવી જતો નથી, રાગ મૂળ સ્વભાવમાં આવી જતો નથી, એમ યથાર્થ પદાર્થ નક્કી કરવો તે ફળ છે ને તેથી વીતરાગતા પ્રાપ્ત થાય છે.

કોઈ વખતે પરથી લાભ થાય ને કોઈ વખતે સ્વથી લાભ થાય એ સ્યાદ્વાદ નથી. પોતાથી લાભ થાય ને પરથી લાભ ન

થાય એ અનેકાંત છે. એમ બન્ને વસ્તુ સાબિત કરે છે.

આત્મા દ્રવ્યે શુદ્ધ છે તે ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ કહેવાય છે.

આત્મા અશુદ્ધ છે, તે પર્યાય અપેક્ષાએ કહેવાય છે.

આવી રીતે અનેકાંત કહેનાર સ્યાદ્વાદ યથાર્થ પદાર્થની સાધના કરે છે.

(૩૨) "ભલી ભાવના સાધક છે ને વિશુદ્ધ જ્ઞાનકળા સાધ્ય છે." ભલી ભાવના એટલે ભેદવિજ્ઞાનથી હું જ્ઞાનાનંદ છું, હું દ્રષ્ટા છું, ત્રિકાળી જ્ઞાનકળા પ્રગટ કરવાને હું સાધન છું-એમ નક્કી કરે તો તેમાંથી વિશુદ્ધ જ્ઞાનકળા પ્રગટે છે.

(૩૩) "વિશુદ્ધ જ્ઞાનકળા સાધક છે ને નિજ પરમાત્મા સાધ્ય છે."

વિશુદ્ધ-નિર્મળ ચૈતન્યમૂર્તિ હું છું, શરીર પર છે ને વિકાર કૃત્રિમ છે એવો વિશુદ્ધ જ્ઞાનકળાભાવ સાધક છે ને નિજપરમાત્મા સાધ્ય છે.

પરવસ્તુનાં ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી. કાં તો આત્માના ભાન વિના ભ્રાંતિ તથા રાગદ્વેષને ગ્રહે અથવા આત્માના ભાન દ્વારા ભ્રાંતિ, રાગદ્વેષને ત્યાગે. એ સિવાય બીજું કાંઈ કરી શકે નહિ. આત્માનું ભાન કરી જે ભલી ભાવના-વિશુદ્ધજ્ઞાનકળા પ્રગટ થઈ તે સાધન ને પરમાત્મા સાધ્ય છે.

(૩૪) "વિવેક સાધક છે ને કાર્ય સાધ્ય છે." નિમિત્તથી ને રાગથી હું જુદો છું, અવિનાશી જ્ઞાનાનંદથી એકમેક છું તે વિવેકજ્ઞાન છે. શરીર, મન, વાણી મારાં નથી. એમ પરથી ભેદજ્ઞાન કરવું તે સાધક છે ને કાર્યદશા પ્રગટે તે સાધ્ય છે.

**"ધર્મ વાડીએ ન નીપજે, ધર્મ હાટે ન વેચાય;**
**ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય."**

ક્યો ધર્મ? પુણ્ય-પાપથી આત્માને જુદો માનવો તે વિવેક છે. વિવેકને સાધન બનાવી શાંતિ પામવી તેનું ફળ છે.

(૩૫) "ધર્મધ્યાન સાધક છે ને શુક્લધ્યાન સાધ્ય છે." આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે. તેની અનાકુળ શાંતિમાં એકાગ્રતા કરવી તે ધર્મધ્યાન છે. તે ધર્મધ્યાન પલટીને શુક્લધ્યાન થાય છે. સ્વભાવ શુદ્ધ ચિદાનંદ સિદ્ધસ્વરૂપી છે, તેની અંતર શ્રદ્ધા ને એકાગ્રતારૂપી ધર્મધ્યાન સાધન છે. તેના પરિણામમાં શુક્લધ્યાન થશે. તેના ફળમાં સ્વર્ગ કે દેવની વાત નથી. શુક્લધ્યાન એટલે ઘણી ઉજ્જવળતાની પ્રાપ્તિ થવી તે છે.

"શુક્લધ્યાન સાધક છે ને સાક્ષાત્ મોક્ષ સાધ્ય છે." શુક્લધ્યાન સાધક છે. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવમાં એકાગ્રતાની ખૂબ ઉજ્જવળતા કરવી તે શુક્લધ્યાન છે. અહીં ક્ષપકશ્રેણીના શુક્લધ્યાનની વાત છે. શુક્લધ્યાનના ફળમાં મોક્ષ થાય છે.

(૩૭) "વીતરાગભાવ સાધક છે ને કર્મ અબંધ સાધ્ય છે." રાગરહિત આત્માના પરિણામ સાધન છે અને કર્મનો અભાવ થવો તે ફળ છે. તીર્થંકરનામકર્મ બંધાય છે તે રાગના પરિણામથી બંધાય છે, પણ વીતરાગ પરિણામથી બંધાતું નથી.

(૩૮) "સંવર સાધક છે ને નિર્જરા સાધ્ય છે." આત્મામાં વિકારનું રોકાઈ જવું ને સ્વભાવના આશ્રયે શુદ્ધદશાનું પ્રગટવું તે સંવર છે. સંવર કારણ છે ને શુદ્ધતાનો વધારો થાય છે તે તેનું ફળ છે. લોકો સંવર કહે છે તેની વાત નથી, પણ શરીર, મન, વાણીથી પાર આત્મા છે તેનું ભાન કરી અશુદ્ધ પર્યાયનું અટકવું ને શુદ્ધ પર્યાયનું થવું તે સંવર છે. તે સાધક છે, તેનાથી શુદ્ધતા વધે છે. શુદ્ધિની વૃદ્ધિ થાય છે તે નિર્જરા છે.

(૩૯) "નિર્જરા સાધક છે ને મોક્ષ સાધ્ય છે." આત્મામાં અકષાય પરિણામ થવા તે નિર્જરા છે, તેના ફળમાં મોક્ષ સાધ્ય છે. અકામ નિર્જરાના ફળમાં પુણ્ય બંધાય છે તેની વાત નથી, તે ધર્મનું કારણ નથી, રાગદ્વેષથી જે કર્મ બાંધતો હતો તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગદ્વેષરહિત થઈને આત્મામાં અંતર્વેપાર વધાર્યો તે નિર્જરાના ફળમાં મોક્ષ છે.

આ ગ્રંથ ગૃહસ્થ દીપચંદજીએ બનાવેલ છે. ગૃહસ્થ-અવસ્થામાં રહેવા છતાં આવો સરસ ગ્રંથ બનાવેલ છે. આત્માને બૈરાં-છોકરાં નથી, મમતા કરે તેને નિમિત્ત છે. તે વખતે મમતા વિનાના આત્માનું ભાન કરે તો ધર્મ થાય. મારો વર્તમાનભાવ અનંતા ગુણોના પુંજ પ્રભુમાં આરૂઢ થાય તે નિર્જરા છે. તેથી શુદ્ધિની વૃદ્ધિ થાય છે. તેના ફળમાં મોક્ષ પ્રાપ્ત થાય છે.

(૪૦) "ચિદ્‌વિકાર અભાવ સાધક છે ને શુદ્ધોપયોગ સાધ્ય છે." જ્ઞાનમાં જે વિકાર જણાય તેનો અભાવ કરવો તે સાધક છે. વસ્તુ જ્ઞાનાનંદ છે તેની પર્યાયમાં થતા રાગ-દ્વેષમાં અટકે છે તેનો અભાવ કરવો સાધક છે ને પુણ્ય-પાપ રહિત શુદ્ધ ઉપયોગમાં રહેવું તે ફળ છે.

(૪૧) "દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન સાધક છે ને ભાવશ્રુત સાધ્ય છે." સર્વજ્ઞ પરમાત્માએ કહેલા પદાર્થના સ્વરૂપ અનુસાર મુનિએ રચેલાં શાસ્ત્રનું સમ્યક્પણે અવગાહન કરવું, સારી રીતે સમજણ કરવી તે સાધક છે. જેમ ઊંડા દરિયામાં અવગાહન કરે તો મોતી મળે છે તેમ શાસ્ત્રમાં સમ્યક્ પ્રકારે પ્રવેશ કરી જુએ તો આત્મામાં ભાવશ્રુત પ્રગટ થાય છે. જે વિકલ્પ ઊઠે તેની પ્રધાનતા નથી. પુણ્યને લીધે દેવમાં જશું ને ભગવાન પાસે જશું તેવાની વાત નથી, તેવા જીવને દ્રવ્યશ્રુતનું અવગાહન આવડ્યું નથી. અપૂર્વપણે આત્મામાં જાગ્યો તે વીતરાગની વાણીનો વિનય કરે છે કે અહો, આત્માને જગાડનાર, વીતરાગતાને આપનારને કેવળજ્ઞાનને પમાડનાર એવી ભગવાનની વાણી છે જે ઉપાદાનને ઉપાદાન કહે, નિમિત્તને નિમિત્ત કહે, વ્યવહારને વ્યવહાર કહે છે, એમ ભગવાનની વાણી બરાબર બતાવે છે. તેના સમ્યક્ પ્રકારે અવલોકનથી સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટે છે. વિકલ્પમાં રોકવું તેનું ફળ નથી. સાચાં શાસ્ત્રોમાં ચારે અનુયોગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવે છે. દ્રવ્ય-ગુણ-પર્યાયનું મુખ્યપણે સ્વરૂપ કહેનારાં તે દ્રવ્યાનુયોગ, મુખ્યપણે ચારિત્રની વિધિ કહેનાર તે ચરણાનુયોગ, કર્મ, લોકવિભાગ, ગુણસ્થાન આદિની સ્થિતિ બતાવનાર કરણાનુયોગ અને મહાપુરુષોનાં જીવનચરિત્ર બતાવનાર કથાનુયોગ-આમ ચારે અનુયોગને બરાબર અવગાહે તે ભાવશ્રુતજ્ઞાન છે. જે જ્ઞાનવડે આત્માને પકડે તે ભાવશ્રુતજ્ઞાન છે.

**શ્રુતથી ખરે જે શુદ્ધ કેવળ જાણતો આ આત્મને,**
**લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે.।। ૯।।**

(સમયસાર)

અહીં કહ્યું છે કે ભાવશ્રુતજ્ઞાન દ્વારા આત્માને અનુભવે તેને ભાવશ્રુતકેવળી કહે છેઃ-

**શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;**
**સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે.।। ૧૦।।**

(સમયસાર)

અહીં કહ્યું છે કે ભગવાને કહેલા ચારે અનુયોગમાં નિજ શુદ્ધાત્મા જ આદરણીય કહ્યો છે તે વિચાર અને વિકલ્પ ઊઠે છે તેનો અભાવ કરી સમ્યગ્જ્ઞાન પ્રગટે છે, માટે તે શ્રુતજ્ઞાને પણ આત્માને જાણ્યો.

જે રાગાદિ પરિણામ થાય તે વાણીનું ફળ નથી. સર્વજ્ઞે વાણી દ્વારા કહેલા તથા તે અનુસાર કુંદકુંદાચાર્ય, સમંતભદ્રાચાર્ય વગેરે આચાર્યોએ ચાર અનુયોગ કહેલા છે. તેનો સાર વીતરાગી જ્ઞાન છે અથવા ભાવશ્રુતજ્ઞાન છે. જે જીવ શાસ્ત્રમાંથી વીતરાગતા ન કાઢે તે શાસ્ત્રને સમજ્યો જ નથી.

પરાશ્રયની શ્રદ્ધા છોડી વિકલ્પરહિત થઈને આત્માને ન પકડે તો તે શાસ્ત્રને સમજ્યો નથી. આગમ કહે છે કે તારો આત્મા જ્ઞાનજ્યોત છે, દયા-દાનાદિ પરિણામ આત્મા નથી-આમ દ્રવ્યશ્રુતના અવગાહનમાં નિર્ણય કરે તે ભાવશ્રુતનું ફળ છે.

શ્રી સમયસાર ગાથા ૧૫ માં એમ કહ્યું છે કેઃ-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

**અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય જે અવિશેષ દેખે આત્મને,**
**તે દ્રવ્ય તેમ જ ભાવ જિનશાસન સકલ દેખે ખરે. ૧૫**

સ્વસન્મુખ થયેલા જ્ઞાનને ભાવ શ્રુતજ્ઞાન કહેલ છે.

જે આત્મા કર્મથી બંધાયેલો નથી. કર્મથી સ્પર્શાયેલો નથી, અનન્ય છે, સામાન્ય છે તથા નિયત અને અસંયુક્ત છે-એમ જે જાણે તે જીવ જિનશાસનને દેખે છે. દ્રવ્યશ્રુત ને ભાવશ્રુતનો સાર વીતરાગતા છે. દ્રવ્યશ્રુતમાં એમ કહ્યું છે કે આત્મા તરફ વળવું તે કાર્યકારી છે ને ભાવશ્રુતજ્ઞાન પોતે વીતરાગતા છે. આમાં ચૌદ પૂર્વનો સાર આવી જાય છે. દયા-દાનાદિ પરિણામ સાર નથી. શાસ્ત્રમાં વ્યવહારની લાખ વાત હોય તોપણ વીતરાગતા જ સાર છે. તર્ક ને વિવાદ કરે તોપણ બીજો અર્થ નથી. આત્મા તરફ વલણ કરી વીતરાગતા લાવ. જેમ કોઈ જીવ દરિયામાં પડયો તો મોતી હાથ આવ્યાં, પણ દરિયામાં મોતી હતાં તો હાથ આવ્યાં; તેવી રીતે દ્રવ્યશ્રુતમાં વીતરાગતા લખેલ છે પણ અંદરથી યથાર્થતા-વીતરાગતા ગ્રહણ કરે તો વીતરાગતા પ્રગટે છે. એ રીતે તેના અવગાહનથી ભાવશ્રુત થાય છે.

ખારા સમુદ્રમાં મીઠું પાણી ન મળે, તેમ ખોટાં શાસ્ત્રમાંથી વીતરાગતા ન મળે. કુશાસ્ત્રમાં ભાવશ્રુત કહ્યું નથી; ને સાચા શાસ્ત્રનું ફળ વીતરાગતા છે. રાગ કે વિકલ્પ કે ભેદથી વીતરાગતા પામે-એમ શાસ્ત્રે કહ્યું નથી ને જે એમ કહે તે સાચાં શાસ્ત્ર નથી. તેનાથી ભાવશ્રુતજ્ઞાન પ્રગટે એમ બને નહિ. માટે દ્રવ્યશ્રુતનું સમ્યક્ અવગાહન સાધક છે ને ભાવશ્રુત સાધ્ય છે.

(૪૨) "સ્વસન્મુખ એવું ભાવશ્રુતજ્ઞાન સાધક છે ને કેવળજ્ઞાન સાધ્ય છે." આત્મા જ્ઞાનસ્વરૂપી છે, એવું અરૂપી સમ્યક્શ્રુતજ્ઞાન થવું તે સાધક છે ને કેવળજ્ઞાન સાધ્ય છે. ભાવશ્રુતજ્ઞાન ટળીને સંસારદશા મળે તેમ બને નહિ, પણ કેવળજ્ઞાન મળશે. ખરેખર કેવળજ્ઞાનનું સાધન તો દ્રવ્યસ્વભાવ છે, પણ અહીં પર્યાયથી વાત લેવી છે. ભાવશ્રુતજ્ઞાન થયા પછી લબ્ધિઓ પ્રાપ્ત

થાય, દીકરા મળે, દેવીઓને નીચે ઉતારે-તે તેનું ફળ નથી. ભાવશ્રુતનું ફળ કેવળજ્ઞાન છે. ભાવશ્રુતજ્ઞાન થતાં ક્રમે ચારિત્ર પૂરું થાય છે ને કેવળજ્ઞાન થાય છે. જેને શાસ્ત્રની ખબર નથી, આત્મા શું? દ્રવ્ય શું? રાગ શું? સ્વભાવ શું? તેની ખબર નથી, તેને ધર્મ થતો નથી. તેનાં વ્રત, તપ મીંડાં સમાન છે.

(૪૩) "ચેતનમાં ચિત્ત લીન કરવું સાધક છે, અનુભવ સાધ્ય છે." આત્મામાં આનંદનો અનુભવ કેમ થાય? શાંતિનો અનુભવ કેમ થાય? વિવેક દ્વારા પોતાના ચિત્તને ફેરવીને જ્ઞાનમાં લીન કરે તે સાધન છે ને આનંદનો અનુભવ કરે તે સાધ્ય છે.

(૪૪) "અનુભવ સાધક છે ને મોક્ષ સાધ્ય છે." આત્માને અનુસરીને આનંદનો સ્વાદ લેવો સાધક છે ને પૂર્ણ દશા થવી તેનું ફળ છે, કારણ કે અધૂરી અનુભવદશા ટાળીને મોક્ષ થાય છે.

(૪૫) "નયભંગી સાધક છે ને પ્રમાણભંગી સાધ્ય છે." નિશ્ચયનયે આત્મા ત્રિકાળ શુદ્ધ છે ને વ્યવહારનયે પર્યાયમાં અશુદ્ધ છે, દ્રવ્યસ્વભાવ ભૂતાર્થ છે ને પર્યાય અભૂતાર્થ છે, ને નયભંગી છે. તેનું ફળ પ્રમાણ છે. આખા દ્રવ્યને સિદ્ધ કરવું તે છે. કોઈવાર અસ્તિને મુખ્ય કરેલ હોય ને નાસ્તિને ગૌણ કરેલ હોય, છતાં આખી વસ્તુને પ્રમાણથી ખ્યાલમાં લેવી તે ફળ છે.

સ્યાત્‌અસ્તિ, સ્યાત્‌નાસ્તિ, સ્યાત્‌અસ્તિનાસ્તિ, સ્યાત્-અવક્તવ્ય, સ્યાત્‌અસ્તિઅવક્તવ્ય, સ્યાત્‌નાસ્તિઅવક્તવ્ય, સ્યાત્-અસ્તિનાસ્તિ અવક્તવ્ય-એ સાતે ભંગોનું ફળ અખંડ આત્માને સિદ્ધ કરવો તે છે. એકલા નયભંગોમાં રોકાવું તે નયનું પ્રયોજન નથી.

(૪૬) "પ્રમાણસપ્તભંગી સાધક છે ને વસ્તુસિદ્ધિ કરવી સાધ્ય છે." શ્રુતજ્ઞાનના એક પડખાને નય કહે છે, ને આખા શ્રુતજ્ઞાનને પ્રમાણ કહે છે. આત્મા અસ્તિનયે અસ્તિ છે ને નાસ્તિનયે પરથી નહિ હોવારૂપ છે. આમ ભંગોનું જ્ઞાન કરાવી આખા પ્રમાણનું જ્ઞાન કરાવે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાણ શ્રુતજ્ઞાન સાધક છે ને આખી વસ્તુની સાબિતી થવી તેનું ફળ છે. વિવેચન દ્વારા વસ્તુધર્મને ગૌણ-મુખ્ય કરે તે નયસપ્તભંગી છે અને ગૌણ-મુખ્ય ન કરી અભેદવૃત્તિ-અભેદ ઉપચારથી કહે તે પ્રમાણ સપ્તભંગી છે.

(૪૭) "શાસ્ત્રનું સમ્યક્ અવગાહન સાધક છે ને શ્રદ્ધાગુણજ્ઞપણું સાધ્ય છે." શાસ્ત્રનું સમ્યક્ અવગાહન કરે ને ભણે તો સાધક થાય; તેમાંથી શ્રદ્ધાગુણનું જ્ઞાન કરવું તે સાધ્ય છે. આખા ચિદાનંદની પ્રતીતિ કરે તેને શ્રદ્ધા કહે છે. જે આત્માની શ્રદ્ધા ન જાણે તેને શાસ્ત્રનું અવગાહન કર્યું નથી.

અહીં શાસ્ત્રને સમ્યક્ પ્રકારે અવગાહે તેની વાત છે. અહો! ત્રિકાળ શુદ્ધ અખંડ આત્મા મારી શ્રદ્ધાનો વિષય છે. શાસ્ત્ર આમ કહેવા માગે છે એમ અપૂર્વ મહિમા લાવી શાસ્ત્રનો ભાવ સમજે તેને સાચી શ્રદ્ધા પ્રગટે છે.

શ્રી સમયસાર ગાથા ૧૧ માં કહ્યું છે કે-વ્યવહાર અભૂતાર્થ છે. ભૂતાર્થના આશ્રયે જીવ સમ્યગ્દર્શન પામે છે. આમ શાસ્ત્રનું અવગાહન કરે. પર્યાયને અભૂતાર્થ કેમ કહે છે? પર્યાય દ્રવ્યમાં નથી, એમ કહીને શું કહેવા માગે છે? સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો પર્યાય છે તો શું કહેવા માગે છે?

ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પર્યાયનો નિષેધ કરવાનું કારણ શું? અખંડ સ્વભાવને બતાવવા પર્યાયને ગૌણ કરી, વ્યવહાર કહી, અભૂતાર્થ કહેલ છે. પર્યાયના ભેદનું લક્ષ, ભેદનો આશ્રય છોડાવવા અને ત્રિકાળી શુદ્ધ જ્ઞાયકમાત્ર ભૂતાર્થનો આશ્રય કરાવવા એમ કહ્યું છે, અખંડ સ્વભાવને ભૂતાર્થ એમ કહેલ છે. આમ શાસ્ત્રનું બરાબર અવગાહન કરે તો તે સાધન થાય. આખા ચૈતન્યતત્ત્વનો વિશ્વાસ કરાવે છે. અનેક પ્રકારના ભેદને ગૌણ કરી કાઢી નાખ્યા, સામાન્ય ને વિશેષના ભેદો જાણીને અભેદમાંથી ભેદો કાઢી નાખ્યા.

પર્યાયને અભૂતાર્થ કર્યા વિના સ્વભાવમાં ઢળી શકાય નહિ,

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માટે પર્યાય દ્રવ્યમાં નથી એમ કહી દીધું છે. પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થાય નહિ, એકરૂપ સામાન્ય દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે એમ બતાવવું છે. આમ શાસ્ત્રને બરાબર સમજે તો શ્રદ્ધાનું ફળ આવે ને તો શાસ્ત્રને સમ્યક્ અવગાહન કર્યું કહેવાય; માટે શાસ્ત્રનું સમ્યક્ અવગાહન સાધક છે, શ્રદ્ધાગુણજ્ઞપણું સાધ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## પોષ વદ ૧૨, સોમ ૧૨-૧-૫૩
## પ્ર. -૩૭

**આ**ત્માનો આનંદ સ્વભાવ પ્રગટ થવો તે ધર્મ છે. તેમાં સાધક-સાધ્ય બોલ ચાલે છે. શાસ્ત્રનો સાચા પ્રકારે અભ્યાસ કરવો, શ્રદ્ધાગુણનું જાણવું તે તેનું ફળ છે.

(૪૮) "શ્રદ્ધાગુણ સાધક છે ને પરમાર્થ પામવો સાધ્ય છે." આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે એવો વિશ્વાસ થવો તે સાધન છે ને પરમાર્થ પામવો તે તેનું ફળ છે. આત્મા પરિપૂર્ણ આનંદસ્વરૂપ છે એવી પ્રતીતિ કારણ થઈને આખો આત્મા પ્રાપ્ત થાય તેમ છે.

(૪૯) "સાધુપુરુષની સેવા સાધક છે, આત્મહિત સાધ્ય છે." મુનિની સેવા સાધક છે, તેમાં આત્મહિતનું લક્ષ છે. સ્વરૂપનું રક્ષણ કરે અને વિભાવનો નાશ કરે તે યતિ છે, તેની સેવાથી આત્મહિત થાય છે. સંસારના કોઈ લાભના હેતુથી સાધુની સેવા કરે તો તે સાધક નથી.

(૫૦) "વિનય સાધક છે, વિદ્યાલાભ સાધ્ય છે." સાચા દેવ-ગુરુનો વિનય કરવો તે સાધક છે, બધા ગુણોને જાણનાર સુવિદ્યાની પ્રાપ્તિ થવી તે સાધ્ય છે. દેવ-ગુરુનું એક વચન સાંભળતાં સ્વરૂપની વિદ્યાપ્રાપ્તિ થાય તેમ છે, માટે તેમનું બહુમાન કરવું તે સાધક છે.

(૫૧) "તત્ત્વશ્રદ્ધાન સાધક છે, નિશ્ચયસમ્યક્ત્વ સાધ્ય છે." નવ તત્ત્વોની શ્રદ્ધા કરવાનો હેતુ નિર્વિકલ્પ સમકિત પામવાનો છે, તેનો હેતુ પુણ્યબંધ નથી, સાધક જીવ વિચાર કરે છે કે

જીવ ચૈતન્યમૂર્તિ છે, પર્યાયમાં રાગ છે, તે બધા વિચારનું ફળ આત્મામાં સમ્યગ્દર્શન કે નિર્વિકલ્પ પ્રતીતિ થવી તે છે.

(૫૨) "દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રતીતિ સાધક છે, તત્ત્વ પામવું સાધ્ય છે." દેવ-શાસ્ત્ર-ગુરુની પ્રતીતિ વિકલ્પરૂપે સાધક છે ને આનંદસ્વરૂપ આત્મતત્ત્વને પહોંચી વળવું તે ફળ છે.

(૫૩) "તત્ત્વામૃત પીવું સાધક છે ને સંસારખેદ મટવો સાધ્ય છે." તત્ત્વામૃતનો રસ પીવો સાધક છે, તે પીતાં ખેદ મટી જાય છે-તે તેનું ફળ છે.

(૫૪) "મોક્ષમાર્ગ સાધક છે અને સંસારખેદ મટવો સાધ્ય છે." આત્માની પ્રતીતિ, સ્વસંવેદનજ્ઞાન ને રાગ રહિત પરિણતિનું ફળ સંસાર મટવો તે છે.

(૫૫) "મોક્ષમાર્ગ સાધક છે ને મોક્ષ સાધ્ય છે." આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા સાધક છે, અશુદ્ધ અને અપૂર્ણ પર્યાયનો વ્યય થઈ પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટવી તે તેનું ફળ છે.

(૫૬) "ધ્યાન સાધક છે ને મનોવિકાર વિલય સાધ્ય છે." આત્માના જ્ઞાનની લીનતા સાધક છે ને મનનો સંગ છૂટી જવો તે ફળ છે. આત્માનું ધ્યાન કરતાં ચિત્તનો સંગ છૂટી જાય, વિકાર વિલય થઈ જાય. ધ્યાનનું ફળ કોઈ લબ્ધિ નથી, પણ રાગનો નાશ થવો તે ફળ છે.

(૫૭) "ધ્યાનાભ્યાસ સાધક છે ને ધ્યાનસિદ્ધિ સાધ્ય છે." અખંડ જ્ઞાનસ્વરૂપને લક્ષમાં લઈ અંતરમાં અભ્યાસ કરવો તે સાધક છે. જ્ઞાનસ્વરૂપ છું-એવી અંતર્મુખ પરિણતિ સાધક છે ને ધ્યાનની સિદ્ધિ થવી તે તેનું ફળ છે.

(૫૮) "સૂત્રતાત્પર્ય સાધક છે ને શાસ્ત્રતાત્પર્ય સાધ્ય છે." ચાર અનુયોગમાં જે ગાથાએ કહ્યું હોય તેનું તાત્પર્ય એ છે કે આત્મા રાગ ને પરમાણુથી જુદો છે એમ સમજવું. ગમે તે અનુયોગ હો, તેની દરેક ગાથાનો સાર એ છે કે સ્વભાવસન્મુખ

જવું ને રાગનો ઘટાડો કરવો. "ગુરુનો વિનય કરવાથી જ્ઞાન થાય," તેમ ગાથામાં લખેલ હોય ત્યાં તાત્પર્ય 'આત્માના આશ્રયે જ્ઞાન થાય' એમ સમજવું. "અમુક માણસ મરીને નરકે ગયો" એમ કથન આવે તો ત્યાં તેવા અશુભ પરિણામના ફળમાં તે જીવને સંયોગ એવો મળ્યો, પણ તેનું શાસ્ત્રતાત્પર્ય એ છે કે-તેવા પરિણામ જેટલો હું નથી, પણ નિત્ય જ્ઞાનાનંદમય આ આત્મા છે, તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરી વીતરાગતા પ્રગટ કર.

(૫૯) "નિયમ સાધક છે, નિશ્ચયપદપ્રાપ્તિ સાધ્ય છે." કોઈ પ્રકારના નિયમ લ્યે તેમાં રાગરહિત થવું તે પ્રયોજન છે. નિયમરૂપ આત્મા સાધક છે અને સ્વભાવની સ્થિરતા થવી, નિશ્ચયપદ પામવું તે તેનું ફળ છે.

(૬૦) "નય, પ્રમાણ, નિક્ષેપ સાધક છે ને ન્યાય, સ્થાપના સાધ્ય છે." શાસ્ત્રકારોએ નય, પ્રમાણ ને વિક્ષેપ કહ્યા છે; તેમાં નય ને પ્રમાણ જ્ઞાનના ભેદ છે ને નિક્ષેપ જ્ઞેયોનો ભેદ છે. તે બધાનું ફળ વીતરાગતા છે.

(૬૧) "સમ્યક્ પ્રકારે હેય-ઉપાદેય જાણવું સાધક છે, નિર્વિકલ્પ નિજરસ પીવો સાધ્ય છે." વિકાર છોડવા જેવો છે ને સ્વભાવ ઉપાદેય છે. એવા હેય-ઉપાદેયને સમ્યક્પણે જાણવું તે કારણ છે. વિકલ્પ વિનાના આનંદનો સ્વાદ લેવો તે તેનું ફળ છે.

(૬૨) "પરવસ્તુ વિરક્તતા સાધક છે, નિજવસ્તુ પ્રાપ્તિ સાધ્ય છે." પર વસ્તુથી વિરક્તતા કરવી તે સાધક છે, પરવસ્તુ છોડવાની વાત નથી. પર વસ્તુનું નિમિત્તપણું છૂટયું કોને કહેવાય? અંતરમાં નિજવસ્તુ પ્રાપ્ત થઈ હોય તો પરવસ્તુનો ત્યાગ નિમિત્ત કહેવાય. લોકો કહે છે કે "નહાયા એકલું પુણ્ય," પણ એમ છે જ નહિ. પરનો અભાવ ખરેખર કયારે કર્યો કહેવાય? નિજવસ્તુની પ્રાપ્તિ કરે તો; પણ તે ન કરે તો નિમિત્ત કહેવાય નહિ.

(૬૩) "પર દયા સાધક છે, વ્યવહારધર્મ સાધ્ય છે." પર પ્રાણીને ન મારવાનો શુભભાવ સાધક છે ને તેનું ફળ પુણ્ય છે– વ્યવહારધર્મ છે. પરની દયા પાળી શકે છે તે વાત નથી પણ શુભભાવની વાત છે.

(૬૪) "સ્વદયા સાધક છે, નિજધર્મ સાધ્ય છે." રાગરહિત મારું સ્વરૂપ છે, તે સાધક છે. હિંસાના ભાવ તથા પુણ્ય-પાપ, દયા–દાનાદિનો ભાવ છે તે અશુદ્ધ ભાવ છે, તે નિશ્ચયથી સ્વભાવની હિંસા છે. તેનાથી રહિત સ્વની દયા સાધક છે ને નિજધર્મ સાધ્ય છે. પર દયાથી નિજધર્મ સધાતો નથી પણ સ્વદયાથી નિજધર્મ સધાય છે.

(૬૫) "સંવેગાદિ આઠ ગુણ સાધક છે, સમ્યક્ત્વ સાધ્ય છે." સંવેગ એટલે મોક્ષનો અભિલાષ, રાગથી ઉદાસીનપણું વગેરે ભાવો સાધક છે ને સમ્યક્ત્વ સાધ્ય છે. પંચાધ્યાયીમાં આ બોલ આવે છે. નિર્વિકલ્પ આત્માની પ્રતીતિ કરે તો સંવેગાદિ ને નિમિત્ત કહેવાય.

(૬૬) "ચેતનભાવના સાધક છે, સહજસુખ સાધ્ય છે." ભગવાન આત્માની ભાવના કારણ છે. ચૈતન્યમાં એકાગ્રતા કરવી કારણ છે ને અનાકુળ આનંદ આવવો તે ફળ છે. "આત્મભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન"–આવા શબ્દો ગોખી જવાની વાત નથી. આત્માનો સ્વભાવ જ્ઞાતાદ્રષ્ટા છે તેમ જાણે તો યથાર્થ ભાવના કહેવાય. જાણ્યા વિના ભાવના સાચી હોઈ શકે નહિ. ભાવનાના ફળમાં આનંદ પ્રગટે છે.

(૬૭) "પ્રાણાયમ સાધક છે ને મનોવશીકરણ સાધ્ય છે." પ્રાણાયમ સાધક છે, તેના કારણે મનની સ્થિરતા થાય છે, આત્માની સ્થિરતા થતી નથી.

(૬૮) "ધારણા સાધક છે, ધ્યાન સાધ્ય છે." આત્મા શુદ્ધ ચિદાનંદ છે. એવી ધારણા કરવી તે સાધક છે. ધ્યાનની ધારણાની વાત છે. તેમાંથી ધ્યાન થવું તે સાધ્ય છે. શરીરને જમીનની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંદર દાટી દે તોપણ વાંધો ન આવે એ ધારણાનું ફળ નથી. અંતર એકાગ્ર થવું તે ફળ છે.

(૬૯) "ધ્યાન સાધક છે ને સમાધિ સાધ્ય છે." ધ્યાન સાધક છે ને આધિ, વ્યાધિ, ઉપાધિરહિત આત્માની સમાધિ તે ફળ છે.

(૭૦) "આત્મરુચિ સાધક છે ને અખંડ સુખ સાધ્ય છે." આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે, તેની રુચિ સાધક છે ને અખંડ સુખ તે સાધ્ય છે. અખંડપણે આત્માની રુચિ કરે તો સંસારનાં ખંડખંડ સુખ નાશ થઈ, અખંડ સુખ પ્રાપ્ત થાય. લોકો કહે છે કે અમને વિશ્વાસ છે કે મરીને અમે ભગવાન પાસે જઈશું -તે આત્માના વિશ્વાસનું ફળ નથી. આત્માના અખંડ સુખને પ્રાપ્ત કરવું તે ફળ છે.

(૭૧) "નય સાધક છે ને અનેકાંત સાધ્ય છે." ત્રિકાળી સ્વભાવને જાણે તે નિશ્ચયનય છે, પર્યાયને જાણે તે વ્યવહારનય છે. એમ જાણીને અનેકાંત સિદ્ધ કરવું છે. દ્રવ્યનો દ્રવ્યધર્મ છે. પર્યાયનો પર્યાયધર્મ છે. સંસાર પર્યાયમાં વિકાર છે ને સ્વભાવમાં વિકાર નથી, આમ અનેકાંત સાધ્ય છે.

(૭૨) "પ્રમાણ સાધક છે ને વસ્તુ પ્રસિદ્ધ કરવી સાધ્ય છે." દ્રવ્ય ને પર્યાય, સામાન્ય ને વિશેષને જાણવું તે પ્રમાણ સાધક છે ને વસ્તુની પ્રસિદ્ધિ થવી તે ફળ છે.

(૭૩) "વસ્તુગ્રહણ સાધક છે, સકલ કાર્યસામર્થ્ય સાધક છે." આત્મામાં અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાય વસ્યા છે તે વસ્તુનું ગ્રહણ સાધક છે, તેનાથી પૂર્ણ કેવળજ્ઞાનદશા સિદ્ધ થયા વિના રહે નહિ. માટે સકલ કાર્યસામર્થ્ય ફળ છે.

(૭૪) "પરપરિણતિ સાધક છે ને ભવદુઃખ સાધ્ય છે." વિકાર સાધક છે તેથી ભવદુઃખનું ફળ મળે છે. દયા-દાનના શુભભાવ કે હિંસા આદિના અશુભભાવ તે બન્ને ભવદુઃખનાં કારણ છે. જ્ઞાનીને દયા-દાનાદિનો જરા રાગ રહે તેટલું ભવદુઃખ છે, અજ્ઞાનીને એકલું ભવદુઃખ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૭૫) "નિજપરિણતિ સાધક છે ને સ્વરૂપાનંદ સાધ્ય છે." આત્મા પૂર્ણાનંદસ્વરૂપ છે, એવી પોતાની શ્રદ્ધા, જ્ઞાન ને રમણતાની પરિણતિ સાધક છે ને સ્વરૂપાનંદ સાધ્ય છે.

આ પ્રમાણે સાધ્ય-સાધક છે. આવા સાધ્ય-સાધકના અનેક ભેદ જાણી આત્માનો અનુભવ કરવો તે ફળ છે. આત્મસ્વરૂપનો આનંદ પ્રગટે તે માટે આ બધા બતાવ્યા છે.

જેટલી શુભાશુભ લાગણી ઊઠે તે કૃત્રિમ છે, ત્રિકાળી ચીજ નથી. આત્મા વસ્તુ સહજ અનાદિસિદ્ધ છે. જેટલી કલ્પના ઊઠે છે તે કર્મના આશ્રયે થાય છે.

**"ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર,**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર."**

બધી કલ્પના કર્મજન્ય છે. આત્મા નિત્ય વસ્તુ છે. આત્મા અનંત આનંદનું રૂપ છે, અનંતા ગુણોના મહિમાને ધારણ કરે છે. આવા આત્માની સન્મુખ થઈ, રાગરહિત ભાવનાથી શુદ્ધ ઉપયોગ ધારણ કરી, સ્વરૂપ સમાધિમાં લીન થા. આવી રીતે આત્માનો અનુભવ પ્રગટ કરી પરમાત્મદશા પ્રગટ કરો.

હવે કોઈ જાણે કે સ્વરૂપની આવી વાત કઠણ લાગે છે. "આત્મા આનંદને અનુભવી શકે છે," આવી વાત મોટી છે-એમ કહી કોઈ સ્વરૂપને કઠણ કહે. આજના કાળે સ્વરૂપ સમજવું કઠણ કહેનાર બહિરાત્મા છે. તેને પોતા તરફ વીર્ય વાળવાનું બનશે નહિ. વ્રત પાળવાં ને સાધુપણું લેવું તે સહેલું છે પણ આત્મસ્વરૂપ કઠણ છે-એમ માનનારને સ્વની રુચિ નથી. એક સમયના સંસારથી પાર જે શુદ્ધસ્વરૂપ છે તેને મુશ્કેલ માનનાર સ્વરૂપસન્મુખ જવા માગતો નથી, તે નિમિત્તને સન્મુખ જવા માગે છે. "તમે દ્રવ્યાનુયોગની મોટી મોટી વાતો કરો છો, નિશ્ચયદર્શન, જ્ઞાન, ચારિત્રની તમે વાત કરો છો, તે કઠણ છે. આ કાળે દેવ-ગુરુની ભક્તિ કરો, આ કાળે એનાથી વધારે પમાય એવું નથી," એમ કહેનાર બહિરાત્મા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



"આત્માના આનંદની વાત કરો છો તે કઠણ લાગે છે"- એમ માનનારનું વીર્ય આત્મા તરફ વળી શકે નહિ. "પરની દયા પાળવી, વ્રત પાળવાં, આ ખાવું કે આ ન પીવું વગેરે સહેલું લાગે છે પણ નિશ્ચયની વાત પકડાતી નથી." એમ કહી સ્વરૂપને કઠણ માને છે. તેણે સ્વરૂપમાં આડ મારી છે. "નિશ્ચય તો સાતમે ગુણસ્થાને હોય" એમ કેટલાક માને છે તે ભૂલ છે. એક સમયનો વિકાર છે ને સ્વભાવ ત્રિકાળી વિકાર રહિત છે. હવે જો વિકારમાં માન્યતા રોકાઈ ગઈ તો સ્વભાવસન્મુખ કામ કરશે નહિ. વિકારને જાણશે, માનશે અથવા ત્યાં વીર્ય અટકી જશે તેથી તે બહિરાત્મા છે. અંતર્સ્વરૂપ કઠણ માન્યું તેને સ્વરૂપની ભાવના કે તે તરફની ગતિ રહેતી નથી, સ્વરૂપની વાત સાંભળવાની હોંશ રહેતી નથી. પ્રથમ યથાર્થ વાત રુચિપૂર્વક સાંભળ તો ખરો... એક સમયના વિકારની હોંશ તને આવે છે પણ વિકારરહિત ત્રિકાળી સ્વભાવની વાતની હોંસ આવતી નથી. તે અજ્ઞાની જીવ બાહ્ય પદાર્થોમાં-લક્ષ્મી ને રાગમાં રોકાઈ ગયો છે, તેને અંદર આવવું ગમતું નથી. ઊંધી માન્યતાનું શલ્ય રાખ્યું છે. સ્વરૂપની વાત ચાલતી હોય તોપણ તેને રુચિ ન થાય. "એ નિશ્ચયની વાત છે." એમ કહીને તેના તરફ દુર્લક્ષ કરે છે. તું છો કે નહિ? આજના કાળે એકલું નિમિત્ત છે? એકલો રાગ છે? - આજના કાળે રાગ વિનાનો ત્રિકાળી સ્વભાવ છે કે નહિ? કઠણ માની સ્વરૂપ તરફ ઢળતો નથી તેને સ્વની ભાવના નથી, તેને સ્વરૂપની ચાહના મટી ગઈ છે. પુણ્યની, વ્રતની ને દયાની વાત કરો, દાન કરો, જાત્રા કરો વગેરે વાત રુચે છે.

પંચમ કાળનો જીવ કે જે સ્વરૂપને કઠણ કહે છે ને અંતર્મૂખ જવાનું મોઘું કહે છે તેને કહે છે કે આજથી અધિક પરિગ્રહ ચક્રવર્તી આદિને હતો. તેને ૯૬, ૦૦૦ સ્ત્રીઓ હતી. ચોથા કાળમાં પુણ્યનાં ફળ ઘણાં હતાં. તારે તો ૯૬, ૦૦૦ નળિયાં પણ નથી. છતાં અંતરની ભાવના કરવા નવરો થતો નથી. તારી રુચિ બાહ્યમાં છે, બાહ્ય ઋદ્ધિનાં પણ ઠેકાણાં નથી. ચોથે કાળે પુણ્ય-

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વંત જીવો-તીર્થંકર, બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી વગેરેની ઘણી ઋદ્ધિ હતી, તારી પાસે તો અલ્પ ઋદ્ધિ છે. છતાં તું તેમાં રોકાઈ ગયો છે. પરિગ્રહ પરાણે-બળજોરીથી રાગ કરાવતો નથી. પરિગ્રહ ગમે તેટલો હોય તે વિકાર કરાવતો નથી, તે કાંઈ કહેતો નથી. આ જીવ દોડી દોડી મફતનો તેમાં ઝૂકી પડે છે.

ચોથા કાળે દાગીના, કપડાં વગેરેનો પાર ન હતો, છતાં આત્માનું ભાન કરી ધર્મ કરતા. અહીં તો સંયોગોનાં ઠેકાણાં નથી, છતાં ધર્મ માટે વખત મળતો નથી એમ તું કહે છે. બૈરાં-છોકરાં, પૈસા પરાણે કહેતા નથી કે તું અમારા તરફ જો, પણ અજ્ઞાની જીવ દોડી દોડી સંયોગોના વલણમાં જાય છે.

દેશકથા, રાજકથા વગેરેની કથા માંડે પણ સ્વરૂપની કથા કરે તો કોણ રોકે? કર્મ રોકયો એવી વાત કરી નથી. સ્ત્રીની કથા માંડે, આવા દાગીના કરવા વગેરે વિચાર કરે, પણ સ્વરૂપનો વિચાર કરે તો કોણ રોકે? આત્માના સ્વરૂપમાં પરિણામ કરે તો કોઈ રોકતું નથી, બૈરાં-છોકરાં રોકતા નથી. અજ્ઞાની વિકથામાં જોડાય છે, પણ આત્મકથામાં જોડાતો નથી. અધ્યાત્મની વાતને કઠણ માને છે, તેની રુચિ વિષય-કષાયમાં છે. નવરો થાય તો વિકથા કરે. પરપરિણામ સુગમ માને છે, બૈરાં-છોકરાં વગેરેના વિચાર કરવા સહેલા બતાવે છે ને આત્માના વિચાર કઠણ બતાવે છે. એકવાર હા પાડ કે આત્મામાં જ સુખ છે! પણ આત્માના પરિણામ કઠણ માને, વિષય-ભોગ લેવા સુગમ માને, દેખો અચરજની વાત! આ અધ્યાત્મની વાત સાંભળતાં માથું ફરી જાય છે-એમ કહે છે.

પોતે દેખે છે, જાણે છે છતાં દેખ્યો ન જાય ને જાણ્યો ન જાય-એમ કહે છે. તારી હયાતી વિના પર દેખાય નહિ છતાં આત્મા જણાય નહિ એમ તું કહે છે તો આમ કહેતાં શું લાજ આવતી નથી? શરમ આવતી નથી? દેખનારો ને જાણનારો ન હોય તો આ બધું કેવી રીતે જણાય? આ બધું પોતાના જ્ઞાનપ્રકાશમાં જણાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**“ ઘટ પટ આદિ જાણ તું તેથી તેને માન,**
**જાણનારને માન નહિ કહીએ કેવું જ્ઞાન ? ”**

તારું જ્ઞાન કેવું? કે જે સ્વભાવની હયાતીએ બધું જણાય છે. જગતનું અસ્તિત્વ જ્ઞાને નક્કી કર્યું છતાં જ્ઞાન પોતાનો નકાર કરે છે. તને લાજ આવતી નથી? અમને આત્મા ન સમજાય -એમ કહેતાં શરમ આવતી નથી? સંસારની વાતો કરવામાં ડાહ્યો છે, પણ પોતાને જાણવામાં શઠ છે, તારી અવળાઈને લીધે તે હઠ પકડી છે. દર્શનમોહનીયકર્મ નડે છે એ વાત લીધી નથી. [1]ધિઠાઈ પકડી પકડીને તને પરનું વ્યસન થયું છે પણ આત્માનાં સ્વભાવની રુચિ કરતો નથી.

માટે આત્માના સ્વભાવની રુચિ કરવી તે ધર્મ છે.

ધિઠાઈ = લજ્જારહિત જિદ્દીપણું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# પોષ વદ ૧૩, મંગળ ૧૩-૧-૫૩

## પ્ર. -૩૮

**આ**ત્મામાં અંતર્મુખ થઈ અનાકુળ શાંતિનું વેદન થવું તેને અનુભવ પ્રકાશ કહે છે. પર્યાયમાં વિભાવ હોવા છતાં ત્રિકાળી સ્વભાવ તો વિભાવ રહિત છે-એમ પ્રતીતિના જોરમાં અનુભવ થવો તે ધર્મ છે. આત્મા અનંત શક્તિનો ભંડાર છે, જેટલી પર્યાય કાઢવા માગે તેટલી નીકળી શકે તેમ છે-એમ ભાન કરે તો ધર્મ થાય.

અનાદિ કાળથી સંસારમાં ડહાપણ કર્યું છે પણ પોતાને જાણવા માટે શઠપણું કર્યું છે. ધિઠાઈ કરીને વિકાર પકડી પકડીને પરનું વ્યસન થઈ ગયું છે. જેમ અમલ ( કેફ ) ચડે ને અમલ છોડી શકે નહિ તેવી રીતે પુણ્ય-પાપનું વ્યસન થઈ ગયું છે. પોતે પુણ્ય-પાપમાં ગાઢો થયો છે, કર્મે ગાઢો કરાવ્યો નથી. દેહ-દેવળમાં બિરાજતો પ્રભુ આનંદમૂર્તિ છે, તેનું વ્યસન નહિ કરતાં પુણ્ય-પાપનું વ્યસન લાગ્યું છે. ધ્રુવ સ્વભાવની શુદ્ધિને વિસારી છે, ભવ ઘણા પ્રકારના બાંધ્યા છે. જેમ લીંડી પીપરમાં અંદર શક્તિ પડેલી છે, તેમ આત્મામાં આનંદ ને શુદ્ધતા ભરેલી છે તે ભૂલીને ઘણા ભવોને ધાર્યા. સ્વરૂપની શુદ્ધતામાં અંધ થઈ વિકારમાં સર્વસ્વ માની વિકારના ધંધે વળગી ગયો છે. અજ્ઞાની જીવ બાહ્યમાં દયા-દાનાદિ વૃત્તિમાં સુખ માનીને દોડયો, વિકાર કરું તો ધર્મ થાય-એમ માને છે.

શાસ્ત્રમાં દરેક ગુણને વેપારી કહ્યો છે, આત્માનો જ્ઞાન સ્વભાવ છે તે પોતાની રીતને છોડે નહિ. અજ્ઞાન તથા રાગ-દ્વેષ ન કરે માટે જ્ઞાન વેપારી છે. અજ્ઞાની જ્ઞાનવેપારની રુચિ છોડીને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આંધળો થઈ પુણ્ય-પાપની રુચિમાં દોડયો. આત્મા જ્ઞાનાનંદસ્વભાવી છે તેની તેને ખબર નથી.

હવે સત્સંગ મળ્યો, સાંભળવાનું મળ્યું, પોતાની ઋદ્ધિ પોતામાં છે, બહારની રુચિ છોડી અંતર અવલોકન કર. વિકાર આત્માનું સ્વરૂપ નથી. ભવ મેળવું કે પુણ્ય કરું તો ધર્મ પામું એવી વાસના છોડ. પોતે પોતાથી પામે, પરમાં પોતે નથી ને પરથી પામતો નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન લક્ષણ છે ને આત્મા લક્ષ્ય છે. એમ લક્ષણ દ્વારા આત્માને જાણે કે જ્ઞાન તે જ હું છું, રાગ, શરીર, મન, વાણી તે હું નથી. શુભાશુભ ભાવ થાય ખરા, પણ તે મારું સ્વરૂપ નથી. જેટલી શક્તિ પરમાત્મામાં છે તેટલી શક્તિ મારામાં છે-આમ ચિંતવન કરવાથી પોતાની રાગ રહિત અવસ્થા વધારે, બીજાનું ચિંતવન છોડે ને પોતાનું ચિંતવન કરે. પોતામાં વીતરાગતા વધારે. આનું નામ અનુભવપ્રકાશ છે.

હું આત્મા અનાકુળ શાંત છું, મારો ભોગવટો મારી પાસે છે, વિકારનો ભોગવટો મારો ખરો ભોગવટો નથી-એમ રુચિ કરી વિશેષ સ્થિરતા કરે તો સ્વરસને પામે ને કર્મબંધન મટી જાય. આટલાં તપ કરે તો કર્મ મટે એમ કહ્યું નથી.

જ્ઞાનની વર્તમાન પ્રગટ દશા અલ્પ છે પણ અલ્પનો આધાર અલ્પ નથી, ત્રિકાળી શક્તિનો આધાર છે. પોતે ભગવાન આત્મા છે તેની રુચિ ને જ્ઞાન કરે તો સ્વરસ પામે ને કર્મબંધ મટે.

જેટલાં જ્ઞાન ને વીર્ય ખૂલેલાં છે તેને અંતરમાં લગાવે ને પ્રધાન જ્ઞાનગુણ ને તેની પરિણતિનું ધ્યાન કરે તો સુખ થાય. વિકારને ધ્યાવવાનું કહ્યું નથી.

લોકો બાહ્ય ઉપવાસાદિમાં ધર્મ કહે છે પણ તેમાં ધર્મ નથી. ગુણી આત્માનું ભજન કરે તો ધર્મ થાય તેમ છે. આત્માને ધ્યાવે તો રાગદ્વેષ રહિત થઈને અંદર સ્થિર થાય ને સ્વરસનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વાદ પામે. તેને અનુભવ કહે છે, તેને દૂર કેમ બતાવે? કસ્તૂરિયો મૃગ ડૂંટીમાં કસ્તૂરી હોવા છતાં બહાર શોધે છે, તેમ આત્મામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, આનંદ વગેરે શક્તિ છે તેને દૂર કેમ બતાવે છે? આમ કહેતાં શરમ આવતી નથી? આત્માની રુચિ છોડી પરની રુચિ કરે તે અચરજ છે. અંદર ચિદાનંદમૂર્તિ છે. તેની રુચિ કર-ભવની ભાવના ઘટાડ. પ્રથમ આ વાત સાંભળવી જોઈએ. ભવની ભાવના ઘટાડે તો ઇંદ્રિયોથી, મનથી કે વિકારથી ન જણાય એવા ને જ્ઞાનથી જણાય એવા આત્માને ઓળખે. જ્ઞાન મંત્રી છે, રાજ્યમાં મંત્રી બધાને જાણે છે, તેમ જ્ઞાનમંત્રી રાગ, નિમિત્ત તથા બધા ગુણોનો પત્તો મેળવે છે. પોતે પોતાને જાણે તો તે પોતાનું રૂપ દેખાડયા વિના રહે નહિ. આત્મા ચિદાનંદ છે તેનું ભજન કર તો અવિનાશી રસનો અનુભવ થાય. જેનો જશ ભવ્ય જીવો ગાય છે. પુણ્ય-પાપરહિત ચૈતન્યનાં શ્રદ્ધા-જ્ઞાન સહિત અનુભવનાં ગાણાં ગાય છે. અહો! આત્માના આનંદ પાસે ઇંદ્રનું ઇંદ્રાસન કે ચક્રવર્તીપદ સડેલા તરણા સમાન છે-એમ ધર્મી જાણે છે. પુણ્ય-પાપના ભાવ ઉકરડા સમાન છે. લાયક પ્રાણી આત્માનાં ગાણાં ગાય છે. નિમિત્ત, સંયોગ કે વિકારાદિ છે પણ તેનાં ગાણાં ગાતા નથી, નિશ્ચયપદનાં ગાણાં ગાય છે. જેનો મહિમા અપાર છે એવો ભગવાન આત્મા દેહદેવળમાં બિરાજમાન છે. તે ગાવાથી ભવનો ભાર મટે એમ છે. આ પ્રમાણે સમયસાર એટલે શુદ્ધ આત્માને અવિકારી જાણી લેવો. આત્મા વિકાર રહિત છે તે સમયસાર છે. તેને જાણી લે, જાણવામાં મજા છે.

હે જીવો! સદૈવ પુરુષાર્થ કરો. આત્મસ્વરૂપની રુચિ ને અનુભવ કરો, જેથી પોતે પોતાનો દ્રોહ ન થાય. શરીરમાં, વિષયોમાં ને લક્ષ્મીમાં સુખ માને, પુણ્ય-પાપમાં સુખ માને તે દ્રોહી છે. અધૂરી દશામાં ભક્તિ તથા દયા-દાનના ભાવ તે તે કાળે આવે છે પણ તેનાથી મોક્ષમાર્ગ થશે એમ માનનાર દ્રોહી છે. પોતાના ચિદાનંદ આત્માને અવલોક.

સારો દાગીનો ઘરમાં આવે ત્યારે માણસો બરાબર જુએ

છે. અહીં કહે છે કે અંદર અરૂપી મોટો દાગીનો છે તેને અવલોક. તે તરફ ઉપયોગ લગાવે તો શુદ્ધ ઉપયોગ થાય, પરનો ઉપયોગ ન થાય ને દયા-દાનાદિનો તથા નિમિત્તનો વિયોગ થાય. વસ્તુ સ્વાભાવિક છે તેને જાણે. અનાદિ અનંત વસ્તુસ્વરૂપની વાત છે. પોતે ત્રણ લોકનો નાથ છે. પ્રસિદ્ધ છે એવા આત્માને નાથ કરે તો ત્રણ લોકનો નાથ પ્રગટરૂપે થાય છે. બ્રહ્મા, ઈશ્વર, શંકર બધા રૂપ પોતે છે. તેની શ્રદ્ધા કરે તો પ્રગટ દશા થાય. આ વાત પ્રસિદ્ધ છે. આત્મા શસ્ત્રથી છેદાય નહિ, અગ્નિથી બળે નહિ, પવનથી સૂક્ષ્મ છે, હાથ વડે હાથ આવે એવો નથી, છતાં જ્ઞાનથી જાણી શકાય એવો છે. દરેક આત્મા પોતાના સ્વરૂપથી પ્રસિદ્ધ છે. પોતાના સ્વરૂપનો પ્રેમ કરી પોતાના પરિણામને ધારણ કરે તો વીતરાગભાવનો મર્મ પામે. રાગ સાથેની એકતા તોડવાનો દાવ મળ્યો. તારી ઋદ્ધિ અંદર પડી છે. આવો ઉપાય મળવો મુશ્કેલ છે. ઇન્દ્રપદ મળે, શેઠાઈ મળે, રૂપિયા મળે, બધું ધૂળધાણી છે. આત્માના શ્રદ્ધા-જ્ઞાન-રમણતાનો ઉપાય મળવો મુશ્કેલ છે. અનંત કાળે નહિ કરેલું એવું કર-એ સિવાય ભવફંદ મટે નહિ, માટે જેનાથી ભવફંદ મટે એવો ભાવ ધારણ કરો.

માનના થાંભલાને મટાડ અમે શરીરે મોટા, રૂપે મોટા, બોલવામાં મોટા, પુણ્યે મોટા-એવા માનને મટાડ. ચિદાનંદ પ્રભુને જોતાં માન ગળી જાય છે. એકવાર જ્ઞાનજ્યોત ઉઘાડ ને કુટિલતાની જાળને બાળી નાખ. સ્વભાવની અરુચિ ને પરની રુચિરૂપી ક્રોધની અગ્નિને ઓલવ-બૂઝાવ. જેમ પાણીમાં તરંગ ઊઠે તેમ લોભના તરંગ ઊઠે છે. બે લાખ રૂપિયા થાય તો પાંચ લાખનો લોભ કરે. તે બધા તરંગ મટાડ ને સ્વભાવમાં લીનતા કર.

વસ્તુ ત્રિકાળ છે. તેને જોવાનો પ્રયત્ન કર. વિષયભાવનાને ન ભાવ. હે ચિદાનંદ રાજા! તારું પદ દેખ, દેખ. જેના પ્રકાશમાં લોકાલોક જણાય એવું પદ દેખ, પોતાના પદને શોધ. પર્યાયને અંતર વાળીને અંદર દેખો. આખી વસ્તુની સત્તા કેવી રીતે છે? 'છે' એ વર્તમાન પૂરતું છે કે કાંઈ ત્રિકાળી છે? તેનો પત્તો

મેળવો. શાતા-અશાતા ને વિકારની ઉચ્છેદના કરી સ્વાભાવિક ભાવને ધારણ કરી અંતરને વેદો. જેમ મોટી ગંગા વહે છે તેમ આત્મામાં જ્ઞાનધારા વહે છે. જ્ઞાનને લીધે આત્મા જ્ઞાયક કહેવાયો છે. એવા આત્માને જોતાં શાંતિ ને આનંદનો અનુભવ થાય છે. આવા પરમાત્માને તું દેખ.

પણ અનાદિથી વિકારરૂપી અવસ્થાથી લલચાયો છે. પુણ્યપાપની લાગણીમાં લલચાઈ ગયો છે. કુમતિ સખીનો સંગ ચાર ગતિમાં રખડાવશે, માટે વિકારમાં લલચાઈશ નહિ. હે આત્મા! તારી સ્વાભાવિક નિર્મળ દશારૂપી રાણીના વિયોગથી તું બહુ દુઃખી થયો છે, હવે વીતરાગી શાંતિને ભોગવો. અતીન્દ્રિય ભોગને ભોગવો, બીજે તૃપ્તિ મળશે નહિ. નિજપરિણતિ ઉપાદેય છે. ત્યાં સ્વાભાવિક નિર્વિકલ્પ રસ વરસે છે. ડુંગરરમાંથી પાણીનાં ઝરણાં વહે છે, તેમ આત્મામાંથી અવિનાશી શાંતરસ ઝરે છે. તેથી સંસારનો તાપ મટે છે. તારા સ્વભાવનું આચરણ કર.

નાગરવેલના પાનની પીચકારીને પદ્મરાગમણિ કલ્પી જૂઠો આનંદ માને છે. થૂંકને મણિ કલ્પે છે ને આનંદ માને છે. એવી રીતે પરમાં નિજભાવ કલ્પી જૂઠી હોંસ કરે છે. સંસારમાં છેલ્લા લગ્ન વખતે હોંસ પૂરી કરવાનું માણસો કહે છે તે તો એકલો કષાયરસ છે. હમણાં લહેર છે એમ કહે છે. ચારે તરફ પૈસા વાપરી આકુળતામાં પોતાનો સ્વભાવ કલ્પી હોંસ પૂરી કરે છે, પણ તેમાં તારી હોંસ પૂરી નહિ થાય.

આકાશમાં એક દેવ છે, તેના હાથમાં ચિંતામણિ છે. તેના પ્રતિબિંબને પાણીના વાસણમાં દેખી મનમાં વિચારે કે મને ચિંતામણિ આવ્યું, પણ તે તો પ્રતિબિંબ છે. મનમાં તેને મણિ વિચારીને લાખોનાં મકાન બનાવવાનો વિચાર કરે અથવા લાખો રૂપિયા દેવા કરે તે વ્યર્થ છે. કાંઈ સિદ્ધિ નથી. અજ્ઞાની જીવ કહે કે શુભભાવથી સુખી થઈશું અથવા બાહુબળથી ખૂબ પૈસા કમાયા, હવે નિરાંતે ભોગવશું-એમ મોજ માને છે. તે ચિંતામણિ નથી, ત્યાં તો આકુળતા છે. આત્માની છાયા પુણ્ય-પાપમાં પડી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ને તેના ફળમાં સંયોગ મળ્યા. પુણ્યના ફળના આશ્રયે સુખ માનીશ તો દુઃખી થઈશ, તેથી તારી સિદ્ધિ નથી. જેમ કોઈકની ઋદ્ધિ દેખી જીવ સુખી થતો નથી, તેમ વિકારથી તું સુખી થઈશ નહિ. જૂઠી કલ્પના તને જ દુઃખદાયક છે.

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. તે સાચું મણિ છે. તેને અજ્ઞાની જોતો નથી. પુણ્ય-પાપ તથા સંયોગો પ્રતિબિંબ સમાન છે. પ્રતિબિંબમાં કાંઈ હાથ આવે એમ નથી, તેમ અનિત્ય વસ્તુ ને વિકારી ભાવમાં શાંતિ શોધવા જઈશ તો મળશે નહિ. અખંડ વસ્તુ જ્ઞાન ને આનંદરૂપ છે તેને દેખો. તારું બ્રહ્મસરોવર નિત્ય આનંદામૃતના રસથી પરિપૂર્ણ છે. જેના અનુભવથી અમર થઈ જવાય એવો અનુભવ રસ પીઓ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પોષ વદ ૧૪, બુધ ૧૪-૧-૫૩

પ્ર. -૩૯

# અનુભવ વર્ણન

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે. તેનો અનુભવ કરતાં જ્ઞાન કેવી રીતે કામ કરે છે તેનું આ વર્ણન છે. પુદ્ગલકર્મથી પાંચ ઇંદ્રિય ને મનરૂપ શરીર થયેલ છે તેના પ્રમાણમાં જીવ વ્યાપેલો છે, પર્યાયમાં તે-રૂપ પરિણમેલો છે. શરીરમાં વ્યાપેલો છે, તેથી જીવ પણ ઇંદ્રિય ને મનસંજ્ઞા નામ પામે છે.

તે પ્રમાણે ભાવઇંદ્રિય એટલે ખંડખંડ જ્ઞાનના પાંચ ભેદ, તથા પર્યાયમાં મનન-વિચાર કરે તે ભાવમન-એવા છ ભેદ જાણવા દેખવાના વ્યાપારમાં પડયા. જ્ઞાન કઈ રીતે વ્યાપે છે તેનું વર્ણન કરે છે. શરીર, ઇન્દ્રિયો ને મન જડ છે, તેમાં આત્મા એકક્ષેત્રે વ્યાપેલો છે. તેના ઉપયોગના છ ભેદ પાડયા. તેમાં એક વ્યાપાર એક સમયે એકને જ જાણે-દેખે. આંખનો ઉપયોગ દેખે, મનનો ઉપયોગ વિકલ્પને જાણે. મનના વેપારમાં ભેદ પડયો તે મનના પરિણામની હદ છે, તેને ભાવમનનો ભેદ કહ્યો. "દેખ સંત! આને એક જ્ઞાનનું નામ લઈ કથન કરું છું. એ જ્ઞાનકથનથી દર્શનાદિ બધાય ગુણો આવી ગયા." અજ્ઞાની ને જ્ઞાની કઈ રીતે જાણે છે તે બતાવે છે.

મન અને ઇન્દ્રિયના નિમિત્તે જે જ્ઞાન કામ કરે છે તેને મતિજ્ઞાન કહે છે. પોતાના કારણે દરેક જ્ઞાન પોત પોતાનું કામ કરે છે. મતિથી વિશેષ કામ કરે તે શ્રુતજ્ઞાન છે. શ્રુતજ્ઞાન પોતામાં કામ કરે છે. બન્ને જ્ઞાનપર્યાય મિથ્યારૂપ ને સમ્યક્રૂપ હોય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જેની દૃષ્ટિ પર ઉપર છે તેના જ્ઞાનનો પર્યાય મિથ્યા છે, તેને સ્વ-પરની ખબર નથી. સ્વ-પરને જાણતું જ્ઞાન પોતામાં વ્યાપે છે પણ પરમાં વ્યાપતું નથી. એમ અજ્ઞાની જાણતો નથી. સ્વ-પરનું જાણવું પોતાનું છે છતાં શરીરાદિ પરમાં તથા રાગમાં એક થતું નથી. જ્ઞાન જ્ઞાનમાં રહીને કામ કરે છે. તે પરમાં વ્યાપતું નથી છતાં પરને જાણે છે એવી તેને ખબર નથી. અજ્ઞાની તપ ને ત્યાગ કરે પણ તેને સાચા જ્ઞાનની ખબર નથી. જ્ઞાન પરમાં, રાગમાં કે મનમાં લીન થયા વિના સ્વ-પરને જાણે છે એવી તેને ખબર નથી. કદાચિત્ અજ્ઞાની કહે છે કે આ રાગ છે, આ વિકાર છે, આ શરીર છે; એમ વ્યવહારે કહે તોપણ પોતાની જાતને જાણ્યા વિના ખરેખર પરને તે જાણતો નથી. આત્મા વસ્તુ છે, જ્ઞાનગુણ ત્રિકાળ છે ને તેનો પર્યાય પોતામાં રહીને કામ કરે છે. એમ જાણે તો રાગ ને પરમાં વ્યાપતો નથી, પણ સ્વમાં રહીને જાણી લે છે એમ કહેવાય, પણ જ્ઞાન ત્રિકાળ શુદ્ધ છે તેવી મિથ્યાત્વીને ખબર નથી. ગુણગુણી તાદાત્મ્ય-એકરૂપ છે ને વિકાર, શરીર, મન, વાણીથી તન્મય નથી. આત્માની નિર્વિકલ્પ પ્રતીતિ થઈ નથી, તેથી અજ્ઞાનીનું જ્ઞાન સ્વમાં તો વ્યાપતું નથી, પણ પરમાં વ્યાપે છે કે નહિ તે પણ જાણતો નથી. પરને ખરેખર જાણતો હોય તો સ્વને જાણતો હોવો જોઈએ. સ્વમાં રહીને પરમાં પ્રવેશ થયા વિના જાણી લે તેવી યથાર્થતા પ્રગટી નથી. અનંત વિકાર કર્યા, વિકલ્પો કર્યા છતાં વસ્તુ તો એવી ને એવી શુદ્ધ છે. એવી ખબર વિના જે જ્ઞાન ઊઘડયું હોય તે સ્વ કે પરને જાણતું નથી.

સમ્યગ્દૃષ્ટિ શરીર તથા રાગાદિને પર જાણે છે. પોતાના જ્ઞાનના અંતર્અનુભવમાં રહીને રાગને જાણે છે, રાગમાં જઈને રાગને જાણતો નથી. ચોથા ગુણસ્થાને રહેલો સમ્યગ્દૃષ્ટિ જીવ આવો હોય છે. મિથ્યાદૃષ્ટિના અજ્ઞાન સામે સમ્યગ્દૃષ્ટિના જ્ઞાનની વાત કરે છે.

મિથ્યાદૃષ્ટિને જ્ઞાનની જાતની ખબર નથી. તે વિકારને જાણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે એમ કહેવું તે પણ કહેવામાત્ર છે, ખરેખર તે તેને પણ જાણતો નથી. સમ્યગ્દ્રષ્ટિ દયાદિને જાણે છે. મારૂં જ્ઞાન મારામાં રહીને, પરમાં ભળ્યા વિના જાણે છે. રાગમાં તન્મય થઈને જ્ઞાન કામ કરતું નથી. દયા-દાન કૃત્રિમ છે, આત્માનો સ્વભાવ નથી. જેનો જ્ઞાનપર્યાય સ્વભાવ તરફ વળે છે તેનું જ્ઞાન રાગ તથા પરમાં એકમેક થઈને પરને જાણતું નથી, એકમેક થઈને જાણવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. આમ સમ્યગ્દ્રષ્ટિને ભાન છે.

અજ્ઞાની જીવ દયા, પૂજા, ભક્તિના ભાવ કરે, તેમાં કહે કે આ દયા મેં કરી, પરની ભક્તિ મેં કરી, દયા-દાન-વ્રતના શુભરાગને પોતાનું સ્વરૂપ સમજી અવલંબે છે-શુભભાવ આવે ત્યારે મિથ્યાદ્રષ્ટિ જીવ આ રાગ મારું કર્તવ્ય છે-એમ માને છે. મિથ્યાદ્રષ્ટિ તેમાં એકાકાર થઈ જાય છે.

ધર્મી જીવ વિકારને અને પુણ્યને અવલંબતો નથી, પણ સ્વભાવને અવલંબે છે. વસ્તુના અવલંબને ચારિત્ર હોય છે પણ દયા-દાનના અવલંબને ચારિત્ર હોતું નથી. અજ્ઞાની દયા-દાનના ભાવને ચારિત્ર માને છે.

સમ્યક્ત્વ સવિકલ્પ ને નિર્વિકલ્પરૂપથી બે પ્રકારે છે.

ચોથા, પાંચમા ને છઠ્ઠા ગુણસ્થાનવાળો જીવ રાગને તથા મહાવ્રતને જાણે છે, તેમાં હું વ્યાપતો નથી, પણ હું મારામાં વ્યાપું છું- એમ પણ જાણે છે તે સવિકલ્પતા છે. રાગમાં પેઠા વિના જાણે છે. તેનો વિસ્તાર રાગમાં નથી. મારું સ્વરૂપ જ્ઞાન છે, રાગાદિ વિકાર પરરૂપ છે એમ જાણી જ્ઞાનમાં તન્મય રહે છે તે સવિકલ્પ સમ્યક્તા છે. ધર્મીને વિકલ્પ ઊઠયો છે પણ તેમાં પેઠા વિના તેનું જ્ઞાન રાગને જાણે તેને સવિકલ્પ સમ્યક્તા કહે છે. એક સમયની જ્ઞાનપર્યાય રાગ સાથે એકમેક થઈને જાણે તે સમ્યગ્જ્ઞાન નથી. સાધક જ્ઞાનીને સર્વથા રાગ મટી ગયો નથી. સર્વથા રાગ મટી ગયો હોય તો સર્વજ્ઞદશા હોય, પણ અધૂરીદશામાં રાગ આવે છે, ત્યારે રાગને પરજ્ઞેય તરીકે જાણીને બુદ્ધિપૂર્વક રાગ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખ્યાલમાં વર્તે તે દશાને સવિકલ્પ સમ્યક્તા કહે છે.

વસ્તુ એવી ને એવી શુદ્ધ છે. અનંત કાળ ગયો ને કેટલાકને અનંત કાળ જશે છતાં આત્મવસ્તુ એવી ને એવી છે. જ્ઞાનીને ખરેખર જ્ઞાનનો જ ઉત્પાદ છે. જ્ઞાનીને લડાઈના પરિણામ હોવા છતાં સ્વ-પર પ્રકાશક જ્ઞાન દ્વેષને જાણે ખરૂં પણ દ્વેષ સાથે તન્મય થતું નથી.

નીચલી દશાવાળા જીવને વિષય વાસનાની વૃત્તિ હોય છે છતાં તે વખતે પણ જ્ઞાનનો પર્યાય જ્ઞાન સાથે અભેદ થઈને ને અશુભ રાગની સાથે તન્મય થયા વિના રાગને જાણે તે સમ્યક્ સવિકલ્પતા છે. આ દ્રષ્ટિ વિના સાચું જ્ઞાન થશે નહિ ને ચારિત્ર સમ્યક્ થશે નહિ.

વળી જ્ઞાન પોતાના આત્માને જાણે ને નિર્વિકલ્પ અનુભવ વખતે જ્ઞાન જ્ઞાનના અનુભવમાં લીન છે ત્યારે આત્મા વ્યાપક છે ને જ્ઞાનપર્યાય વ્યાપ્ય છે. તે નિર્વિકલ્પમાં સમ્યક્તા છે, ત્યાં અબુદ્ધિપૂર્વક રાગની વાત ગૌણ છે.

એકલા પૂર્ણાનંદ આત્માને સર્વ સ્વપણે જાણે ને સર્વ પરને પરરૂપ જાણે ત્યાં ચારિત્રની પૂર્ણ શુદ્ધિ હોય છે. એક સમયમાં એકલા નિજાનંદની પૂર્ણ લીનતા જામી ગઈ ને પરને પરરૂપ જાણી સ્વમાં સર્વથા ઠરે ત્યારે તદ્દન વીતરાગતા હોય છે. ત્યાં ચારિત્ર પરમ શુદ્ધ છે.

વસ્તુ તે વસ્તુ છે, તેના ધ્રુવસ્વભાવી ગુણો ત્રિકાળ છે. મતિ-શ્રુત ને ચારિત્રનો પર્યાય પરિપૂર્ણ ઠરે તે પરિપૂર્ણ દશા છે. તેમાં પરનું જ્ઞાન આવી જાય છે. આમ યથાર્થ સાંભળે કે આ સિવાય બીજો માર્ગ હોઈ શકે નહિ તો સ્વ તરફ વળવાનો અવકાશ છે.

અજ્ઞાની પરમાં વ્યાપીને જાણે છે એમ કહ્યું છે તેનો અર્થ એમ સમજવો નહિ કે અજ્ઞાની પરમાં વ્યાપે છે પણ તે માને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે કે હું પરમાં વ્યાપું છું છતાં પણ તે પરમાં વ્યાપતો નથી.

એકવાર સ્વને સ્વ સંપૂર્ણ રીતે જાણે ને પરને પર જાણે તો તે સર્વથા સમ્યક્તા છે. એટલે કે તે પૂર્ણદશા કેવળદર્શન ને કેવળજ્ઞાનમાં હોય છે. નીચલી દશામાં જે જ્ઞેય પ્રત્યે જોડાય તેને જાણે ને અન્યને ન જાણે. નીચેની ભૂમિકામાં સ્વ સર્વને સર્વથા પ્રકારે ન જાણે ને પર સર્વને ન જાણે.

ઊંધી દૃષ્ટિવાળાને કે સાચી દૃષ્ટિવાળાને જ્ઞેય પ્રયોજન જ્ઞાન તો એક જ પ્રકારનું છે, પરંતુ ભેદ એટલો જ છે કે મિથ્યાત્વી જેટલું જાણે તેટલું અયથાર્થરૂપ સાધે. આ મારૂં જ્ઞાન પુસ્તકથી ને સાંભળવાથી થયું એમ તે માને છે. જેટલાં નિમિત્તો ને સંયોગ હતા તેટલા પ્રમાણમાં જ્ઞાન થયું માને છે. મારો જ્ઞાનપર્યાય મારા સ્વભાવમાંથી આવે છે એમ નહિ જાણતાં અયથાર્થ સાધે છે. શાસ્ત્ર ભણે, દયા, વ્રત, પૂજાના ભાવ કરે, ત્યાગી થઈ રાગ ઘટાડે તોપણ અયથાર્થ સાધે છે. રાગ મંદ પડયો માટે જ્ઞાન નિર્મળ થશે એમ માને છે. સ્વભાવના અવલંબને જ્ઞાન થાય છે, રાગ ને પરના અવલંબને જ્ઞાન થતું નથી તે માનતો નથી. મિથ્યાજ્ઞાનમાં (૧) કારણવિપરીતતા, (૨) સ્વરૂપવિપરીતતા અને (૩) ભેદાભેદવિપરીતતા હોય છે. તે જીવ કારણને, સ્વરૂપને તથા ભેદાભેદને સમજતો નથી. કર્મને લીધે રાગ થયો ને રાગને લીધે જ્ઞાન થયું એમ તે માને છે, પણ યથાર્થ સ્વરૂપને જાણતો નથી. એવા મિથ્યાદૃષ્ટિનો ઉઘાડ બધો ખોટો છે.

સમ્યગ્દષ્ટિ જીવનું જ્ઞાન બધું સાચું છે. રાગ અને નિમિત્તો છે એમ જાણે છે પણ તેનાથી જ્ઞાન થતું નથી-એમ માને છે. પોતાના કારણે જ્ઞાન પ્રગટે છે. તેમાં રાગ અને નિમિત્તો જણાઈ જાય છે. મારા પરિણામ મારા સ્વભાવને અવલંબે છે પણ નિમિત્તને અવલંબતા નથી. મારો જ્ઞાન, દર્શન, આનંદનો પર્યાય અંતરશક્તિને અવલંબીને ઉત્પાદ-વ્યયરૂપ થયા કરે છે. આમ ધર્મી જીવ વસ્તુસ્વરૂપને યથાર્થ સાધે છે. ધર્મી જીવને પુણ્યપાપના ભાવ થાય છે છતાં તેનાથી બંધ થઈ શકતો નથી, કેમકે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જે ભાવ થઈ રહ્યો છે તેને તે યથાર્થ જાણે છે. તેને અસ્થિરતા થાય છે. ચોથા ગુણસ્થાનવાળાને આર્ત્ત-રૌદ્રધ્યાન કદાચ થાય છે, તેને અસ્થિરતાનો રાગ થાય છે, પણ પોતાનામાં રહીને જાણે છે, તેથી ઉપયોગની પ્રધાનતાથી તેને બંધ નથી એમ કહ્યું છે. યથાર્થપણે સાધતો હોવાથી રાગ હોવા છતાં બંધન નથી. અજ્ઞાની શુભરાગ કરે તોપણ જરાય બંધ અટકતો નથી, રાગરહિત ધ્રુવ સ્વભાવના ઉપયોગનું અભેદપણું તે જાણતો નથી. રાગને વિકારથી આત્મા નિર્લેપ છે-એવી દૃષ્ટિ હોવાને લીધે જ્ઞાનીએ બંધપરિણામને ખીલા મારી અટકાવી દીધા છે. જ્ઞાનના ઉપયોગ પરિણામે આસ્રવ-બંધની શક્તિને રોકી રાખી છે. અજ્ઞાનીને સ્વભાવની દૃષ્ટિ નથી તેથી જરા પણ બંધ અટકતો નથી. જ્ઞાનીને યથાર્થ શ્રદ્ધા-જ્ઞાન છે ને રાગ યથાર્થ સાધે છે એટલે કે રાગમાં વ્યાપ્યા વિના પોતામાં રહીને રાગને જાણે છે, તેથી તેને આસ્રવ બંધ થતાં નથી. આવા ભાન વિના જપ-તપાદિ કરે તો વૃથા છે. જ્ઞાનીને અવ્રતના ભાવ હોય તોપણ તેણે આસ્રવ-બંધ અટકાવી રાખેલ છે. એમ અહીં અપેક્ષાએ કથન કરેલ છે. દોષ સંયોગને લીધે થયો નથી. તે વખતની સ્થિતિ તેવા રાગની છે ને સ્વ-પર પ્રકાશક જ્ઞાનની એવી જ છે-એમ જ્ઞાની જાણે છે.

જ્ઞાનનો પર્યાય જ્ઞાનમાં વ્યાપક છે કે રાગમાં વ્યાપક છે તેવા ભેદની અજ્ઞાનીને. ખબર નથી. તે ગમે તેટલાં વ્રત કરે તોયે જરાપણ બંધ અટકતો નથી. જ્ઞાની લડાઈમાં હોય છતાં રાગદ્વેષ નિમિત્તને લીધે નથી ને સ્વભાવમાં રાગ નથી-એમ જાણે છે. વળી તેને અસ્થિરતાનો રાગ થયો જ નથી એમ પણ નથી, પણ પોતામાં રહીને અસ્થિરતાના રાગને જાણે છે. આમ યથાર્થ જાણે છે તેથી તેને નિરાસ્ત્રવ કહ્યો છે. વસ્તુસ્વરૂપને યથાર્થ જાણ્યા વિના બધું અયથાર્થ છે. આ બધી વાત ઉપયોગના જોરની અપેક્ષાએ કરી છે.

હવે ચારિત્રની વાત કરે છે. જ્ઞાન એકલા જ્ઞાનમાં વ્યાપ્ય-વ્યાપક થઈને એકલા જ્ઞાનને દેખવા-જાણવા લાગે ને અવસ્થામાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ રહ્યો નહિ, ને વીતરાગ થઈ ગયો ત્યારે પ્રત્યક્ષ જ્ઞાન થઈ ગયું. નીચે રાગમાં અટકીને જાણતું તેટલું પરોક્ષ હતું, હવે રાગ ટળી જતાં સર્વથા પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટી ગયું.

ચારિત્રના પરિણામથી પોતાનો સ્વઅર્થ સિદ્ધ કરે છે. નીચલી દશામાં ઉપયોગ યથાર્થતા સિદ્ધ કરતું પણ ચારિત્ર સર્વથા યથાર્થ ન હતું. હવે સર્વથા સ્થિર થયો ત્યારે ચારિત્ર સર્વથા પ્રકારે નિજ અર્થે થયું. આ પ્રમાણે શુદ્ધ વીતરાગમગ્નરૂપ પ્રવર્તે તેને જ ચારિત્ર પરિણામજન્ય નિજાર્થ થાય છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

( પોષ વદ ૦ ), ગુરુ ૧૫-૧-૫૩

પ્ર. -૪૦

## સ્વાનુભવદશાનો મહિમા અને વચ્ચેના બાધકભાવનું વર્ણન.

**આ** આત્માના અનુભવની વાત ચાલે છે. આત્મા જ્ઞાનઆનંદ વગેરે અનંત શક્તિનો પિંડ છે. તેના જ્ઞાન-દર્શનનો ઉપયોગ સ્વમાં વળતાં અંદર આત્માને જાણવા-દેખવાની ક્રિયા થાય, તથા તેમાં ચારિત્રની સ્થિરતા થતાં આનંદનો અનુભવ થાય. જ્ઞાન-દર્શન સ્વમાં વ્યાપ્ય-વ્યાપક થઈને જાણે, ત્યાં રાગનું પણ જ્ઞાન થઈ જાય છે, પણ જ્ઞાન તે રાગમાં વ્યાપતું નથી. સમ્યગ્દષ્ટિને સ્વનું જાણવું, સ્વનું દેખવું ને સ્વમાં સ્થિરતા-એવા પરિણામ વડે નિજ આનંદનો સ્વાદ આવે છે. આવી નિજ સ્વાદદશાનું નામ સ્વાનુભવ છે.

આત્માની શક્તિમાં જે આનંદ ને શાંતિ છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા વડે તે આનંદનો પ્રગટ અનુભવ થાય-તેનું નામ સ્વાનુભવ દશા છે. તે સ્વાનુભવ થતાં નિર્વિકલ્પ સમ્યક્તા ઊપજે છે. અંતરમાં વસ્તુ અનંતગુણનો પિંડ છે, તે પોતે પોતામાં અંતર્વ્યાપાર કરે ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે ને વસ્તુને ભૂલીને એકલા પરમાં જ્ઞાન-દર્શનનો વેપાર કરે તો તે મિથ્યા છે. સ્વાનુભવ કહો કે નિર્વિકલ્પ દશા કહો-એ એક જ છે.

**પ્રશ્ન:-** સ્વાનુભવ અને નિર્વિકલ્પદશા-એવાં બે જુદાં નામ કેમ પડયાં ?

**ઉત્તર:-** અંતરમાં સ્વસન્મુખ અનુભવની અપેક્ષાએ તેને સ્વાનુભવ કહ્યો ને ત્યાં બુદ્ધિપૂર્વક વિકલ્પ ન રહ્યો તે અપેક્ષાએ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેને નિર્વિકલ્પદશા કહી. વળી તેમાં જ્ઞાન-દર્શન અંતરમાં સ્વસન્મુખ વળેલાં છે, તેથી તેને આત્મસન્મુખ ઉપયોગ કહેવાય છે, તથા તેને જ ભાવમતિ અને ભાવશ્રુત પણ કહેવાય છે, અથવા તેને જ સ્વસંવેદન કહો અને તે જ વસ્તુમાં મગ્નતારૂપ ભાવ છે. દ્રવ્યસંગ્રહમાં ઘણાં નામો વર્ણવ્યા હતાં, તેને જ સ્વઆચરણ કહેવાય છે. દયા-ભક્તિ વગેરે રાગપરિણામ, તે પર-આચરણ છે, ને ઉપયોગ અંતરમાં એકાગ્ર થયો તે સ્વ-આચરણ છે, તે જ સ્થિરતા છે, તે જ વિશ્રામ છે. રાગ તે અસ્થિર અને અવિશ્રામરૂપ છે. વળી સ્વસુખ કહો કે ઇંદ્રિય-મનાતીત એવો અતીંદ્રિયભાવ કહો, શુદ્ધોપયોગ કહો કે સ્વરૂપમગ્નભાવ કહો-તે જ નિશ્ચયભાવ છે, રાગાદિ વ્યવહારભાવનો તેમાં અભાવ છે. તે સ્વરસસામ્યભાવ છે, તે જ સમાધિભાવ છે, તે જ વીતરાગભાવ છે, સ્વભાવસન્મુખભાવમાં રાગાદિનો અભાવ છે, રાગાદિ તો અસમાધિ છે, પરરસ છે અને સ્વસન્મુખભાવમાં વીતરાગતા, સ્વરસ અને સમાધિ છે.

વળી તે જ અદ્વૈત એવા આત્મસ્વભાવને અવલંબનારો ભાવ છે, તે જ ચિત્તનિરોધરૂપ ભાવ છે, તે જ નિજધર્મરૂપ ભાવ છે અને તે જ યથાસ્વાદરૂપભાવ છે. તેમાં જેવો સ્વભાવ છે તેવો સ્વાદ આવ્યો. આ પ્રમાણે સ્વાનુભવદશાનાં ઘણાં નામો છે.

ધર્મની વિધિ શું છે? તે પહેલાં સમજવું જોઈએ. અંતરમાં ચિદાનંદ સ્વભાવની રુચિ અને નિર્ણય કરવો તે માર્ગ છે. કઠણ માનીને મૂંઝાવું ન જોઈએ. આત્માની સ્વાનુભવદશાનાં અનેક નામો છે, પણ તેમાં એક સ્વઆસ્વાદરૂપ અનુભવદશા તે મુખ્યનામ છે. સુખનો રસિયો જીવ પર તરફ ઝાંવાં નાખે, તેને બદલે સ્વ તરફ વળીને અનુભવ કરે તો આત્માના આનંદનો સ્વાદ આવે, માટે તેને સ્વાદરૂપ અનુભવદશા એવું મુખ્ય નામ આપ્યું. આનંદના અનુભવની મુખ્યતા છે, આનું નામ ધર્મ છે. તે પ્રગટવાનું સાધન શું? ગમે તેવા સંયોગો કે વિકલ્પની વૃત્તિ હો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પણ તે કોઈ ધર્મનું સાધન નથી. ધર્મનું સાધન તો અંતરમાં અદ્વૈત ચૈતન્યસ્વભાવનું અવલંબન કરવું તે જ છે.

ચોથા ગુણસ્થાને રહેલા અવિરત સમ્યગ્દષ્ટિને નિર્વિકલ્પ સ્વાનુભવદશાનો કાળ અલ્પ છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અલ્પ કાળ-લઘુ અંતર્મુહૂર્ત જ રહે છે, અને તે અનુભવ લાંબા કાળે થાય છે. તેના કરતાં પાંચમા ગુણસ્થાનવાળા સાચા શ્રાવકને નિર્વિકલ્પ અનુભવનો કાળ વધારે છે. તેને બે કષાયો ટળી ગયા છે એટલે સ્થિરતા પણ વધી છે ને નિર્વિકલ્પ ઉપયોગનો કાળ પણ વધ્યો છે.

**પ્રશ્નઃ-** ચોથા ગુણસ્થાનવાળો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય તો?

**ઉત્તરઃ-** તેની સાથે સંબંધ નથી. ચોથાવાળો ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય ને પાંચમાં ગુણસ્થાનવાળો ક્ષયોપશમ સમકિતી હોય તોપણ તેને સ્થિરતા વધારે છે અને તેને વારંવાર નિર્વિકલ્પ ઉપયોગ થાય છે.

વળી તે પાંચમાં ગુણસ્થાનવાળા શ્રાવક કરતાં પણ સર્વવિરતિ મુનિરાજને સ્વાનુભવ દીર્ઘકાળ સુધી રહે છે. વારંવાર સાતમું ગુણસ્થાન આવ્યા જ કરે. ભોજન કાળે પણ વચમાં નિર્વિકલ્પદશા થઈ જાય. ભાવલિંગી સંતોને ધ્યાનમાં સ્વાનુભવ તેમ જ નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે.

ચોથા ગુણસ્થાને આત્માનો નિર્વિકલ્પ આનંદ પણ થોડો ને કાળ પણ થોડો, પાંચમે તેથી વિશેષ અને મુનિને તેથી પણ વિશેષ હોય છે. પંચમહાવ્રતના પરિણામ થાય છે તે પણ રાગ છે. તે રાગમાંથી પણ ખસીને અંતરની નિર્વિકલ્પદશા વધતી જાય છે.

જેમ જેમ આગળ વધતા જાય તેમ તેમ નવા નવા વિશેષ નિર્મળ પરિણામ થતાં આનંદનો અનુભવ વધતો જ જાય છે. કર્મધારાથી નીકળીને એટલે કે રાગ તોડતો અને સ્થિરતા વધારતો જેમ જેમ આગળ વધે છે તેમ તેમ આનંદ વધતો જાય છે. એ પ્રમાણે ક્ષીણમોહદશા સુધી સમજવું.

હે ભવ્ય! તું એક બીજી વાત સાંભળ! આ સ્વાનુભવદશા તે સ્વસમયરૂપ સુખ છે, તે શાંતિ-વિશ્રામરૂપ છે, તે સ્થિરરૂપ છે, તેમાં નિજ કલ્યાણ છે, તેમાં ચેન અને તૃપ્તિ છે, તેમાં સમભાવ છે, તે જ મુખ્ય મોક્ષપંથ છે. આ સિવાય વિકલ્પ અને રાગ તે પરસમય છે, તે અવિશ્રામભાવ છે, તે અસ્થિરરૂપ છે, તેમાં કલ્યાણ નથી.

શ્રી સમયસારની ૨૦૬ મી ગાથામાં પણ કહ્યું છે કેઃ-

**આમાં સદા પ્રીતિવંતબન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬.**

" એટલો જ સત્ય આત્મા છે જેટલું આ જ્ઞાન છે - એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ પામ; એટલું જ સત્ય કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ; એટલું જ સત્ય અનુભવનીય છે જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ. એમ સદાય આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત એવા તને વચનથી અગોચર એવું સુખ થશે; અને તે સુખ તે ક્ષણે જ તું સ્વયમેવ દેખશે, બીજાઓને ન પૂછ. "

નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ અને વિકલ્પ-તે બન્નેની વાત કરવી છે તેથી અહીં એમ કહ્યું કે "તને બીજી એક વાત કહું છું." આત્માની નિર્વિકલ્પ અનુભવદશાની તો વાત કરી; પણ વચ્ચે સમ્યક્ સવિકલ્પદશામાં જ્ઞાન-દર્શન તો નિર્મળ હોવા છતાં અસ્થિરતાથી રાગ અને વિકલ્પ આવે છે. તે પરાવલંબી, અશુદ્ધ અને ચંચળ છે. ચૈતન્યના અનુભવમાંથી ખસીને ભક્તિ વગેરેનો રાગ થાય તે પણ મોક્ષનો પંથ નથી, પણ સમ્યગ્દ્રષ્ટિને તે વખતે અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન શુદ્ધ છે, તે મોક્ષનો પંથ છે. રાગ તો પરાવલંબી-અશુદ્ધ-મેલો-ચંચળ-પર સમયરૂપ અને દુઃખ છે, તે મોક્ષનો રાહ નથી. નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-રમણતા થયાં તે તો સ્વસમય સુખરૂપ ભાવ છે અને વચ્ચે રાગ વિકલ્પ થાય તે ચંચળતા પરસમય છે, દુઃખ છે. પૂર્ણ સ્વાવલંબી ભાવ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થતાં વીતરાગતા થઈ જાય છે. અધૂરી દશામાં વચ્ચે સમ્યગ્દષ્ટિને રાગ થાય છે, પણ તે વખતે તેનાં શ્રદ્ધા-જ્ઞાનમાં નિર્મળતા છે. પહેલાં યથાર્થ વાત શ્રવણ કરીને, રુચિ પણ ન કરે તો તેને આવો અનુભવ થાય નહિ. "સમ્યક્ સવિકલ્પદશા" એટલે કે રાગ થવા છતાં અંતરમાં આત્માનું ભાન છે, તે રાગથી ધર્મ માનતો નથી, તેની વાત છે, પણ જે રાગથી ધર્મ માને છે તે તો મિથ્યાદષ્ટિ છે.

અંતરની અવલોકનદશાની જાત જ જુદી છે; માટે કહે છે કે હે ભવ્ય! તું આ વાત સાંભળ! ચિદાનંદ વસ્તુમાં રુચિ, જ્ઞાન ને રમણતા તે તો શુદ્ધોપયોગ છે-ને તે તો સ્વસમય, સુખ તથા મોક્ષનો રાહ છે. તે સાધકપણામાં વચ્ચે બાધકપણું પણ છે, તેથી તેની વાત પણ સમજાવી છે. વચ્ચે રાગ થાય તે ભાવ ચંચળ છે, તેથી તે સવિકલ્પદશા દુઃખરૂપ છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા સંતને પણ છઠ્ઠા ગુણસ્થાને શુભવિકલ્પ ઊઠે તે દુઃખરૂપ છે, તેમાં આકુળતા છે. સમ્યગ્દષ્ટિ સંતો પોતે તે રાગને આકુળતારૂપ અને દુઃખરૂપ જાણે છે. તે રાગમાં તૃષ્ણાને લીધે ચંચળતા છે. અંતરની સ્વાનુભવદશા તો શાંત-નિરાકુળરૂપ છે. સમ્યગ્દર્શનના આઠ વ્યવહાર-આચારનો ભાવ, જ્ઞાનના આઠ વ્યવહાર-આચારનો ભાવ, કે તેર પ્રકારના વ્યવહાર ચારિત્રનો ભાવ ઊઠે તે બધા ચંચળભાવો છે. પુણ્ય-પાપનો કલાપ છે; વળી સ્વરૂપના આનંદની લીનતામાંથી છૂટીને વચ્ચે જેટલી રાગની વૃત્તિ ઊઠે છે તેમાં ઉદ્વેગતા છે. તે અસંતોષરૂપ છે. એ પ્રમાણે સાધકપણાની સાથે જે બાધકભાવ છે, તેનું પણ જ્ઞાન કરાવ્યું. આત્માના અનુભવ તરફનો જે ભાવ છે, તેમાં શાંતિ અને સંતોષ છે ને પર તરફના ભાવમાં દુઃખ અને અસંતોષ છે. એ પ્રમાણે તે બધો પરાશ્રિત રાગભાવ વિલાપરૂપ છે, શુભાશુભ લાગણી ઊઠે તે બધી વિલાપરૂપ છે. તેમાં આનંદ નથી. ચૈતન્યના અનુભવમાં જ શાંતિ છે, તેમાં જ સંતોષ છે અને તે જ ધર્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એ રીતે સમ્યગ્દષ્ટિના ચારિત્ર પરિણામની બન્ને અવસ્થા બતાવીને હવે તેનો સાર કહે છે. નિર્વિકલ્પ સ્વાનુભવદશામાં સુખ છે, ને વચ્ચે વિકલ્પની વૃત્તિ ઊઠે તે દુઃખ છે. એમ જાણીને હે ભવ્ય! તું સ્વાનુભવરૂપ રહેવાનો ઉદ્યમ કર! ચારિત્રની સ્થિરતાના પરિણામ તથા અસ્થિરતાના પરિણામ એ બન્ને અવસ્થા તારામાં જ છે, એ બન્નેને જાણીએ સ્વાનુભવરૂપ રહેવાનો તું ઉદ્યમ કર! બન્ને અવસ્થા પોતાના જ પરિણામથી થાય છે, કોઈ પરના કારણે થતી નથી. માટે હે ભવ્ય! તારે માટે ભલું એ છે કે જ્ઞાનાનંદમાં સ્થિર રહેવાનો પ્રયત્ન કર્યા કર. રાગ આવે તેનો પ્રયત્ન કરવાનું ન કહ્યું પણ સ્વાનુભવમાં રહેવાનો જ પ્રયત્ન કરવાનું કહ્યું છે. જ્ઞાનસ્વરૂપ વસ્તુને પકડીને તેમાં એકાગ્રતાનો ઉદ્યમ રાખ્યા કરો. આ પ્રમાણે અમારા વચન વ્યવહારથી ઉપદેશ છે.

ગુણસ્થાન અનુસાર જેટલી જેટલી શુદ્ધતા વધે છે તેટલો તેટલો સુખનો અનુભવ વધે છે અને તે પ્રમાણે સ્વાનુભવ વધતાં વધતાં કષાય ટળતાં ટળતાં બારમાં ગુણસ્થાન સુધી સ્થિરતા વધી અને ત્યાં મતિ-શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી સ્વસંવેદન વધે છે. એ પ્રમાણે સ્વસંવેદન સ્થિરતા વડે જે રસાસ્વાદનો અનુભવ ઊપજ્યો તે જ અનંત સુખનું મૂળ છે. બાકી રાગાદિભાવો તે બધા દુઃખમય છે.

જેને આવા સ્વાનુભવની મૂસળધાર ધારા જાગી તેને બહારમાં ગમે તેવી પ્રતિકૂળતાના ગંજ હોય તોપણ દુઃખદાવાનળનો રંચ પણ થતો નથી. ભવવાસરૂપી જે મોટા ઘનઘોર વાદળ તેને વિખેરી નાખવા માટે મુનિજનો આ સ્વાનુભવને પરમ પ્રચંડ પવન કહે છે. વીતરાગી સંતમુનિઓ આ સ્વાનુભવને જ ભવવાસ મટાડવાનો ઉપાય કહે છે. વીતરાગમૂર્તિ આત્માનો સ્વાનુભવ કરવો તે જ ભવના નાશનો પ્રચંડ ઉપાય છે. અને અત્યાર સુધી અનંત અનંત સંતમુનિઓ આવા સ્વાનુભવરૂપી સુધાનું પાન કરી કરીને જ અજર-અમર થયા છે. મહાવિદેહમાં સંતો અત્યારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આવો અનુભવરસ પી-પીને મુક્તિ પામી રહ્યા છે. અનુભવરસના પ્યાલા પીને સંતો અજર-અમર મોક્ષપદને સાધી રહ્યા છે. કેવળજ્ઞાનદશા, મુનિદશા, સાચી શ્રાવકદશા કે સમ્યગ્દષ્ટિ દશા-તે બધી પૂજ્યદશા આત્માના અનુભવથી જ થાય છે. તે અનુભવ વિના સર્વે વેદ-પુરાણ પણ નિષ્ફળ છે. સર્વજ્ઞના શ્રીમુખથી નીકળેલાં શાસ્ત્રો વાંચે, પણ આત્માના અનુભવ વિના તે સર્વે નિરર્થક છે. સ્મૃતિ તે વિસ્મૃતિ છે.

ઘણાં વર્ષની વાત યાદ આવે તેનો મહિમા નથી. ચૈતન્ય-સ્વભાવના અનુભવ વિના યાદ આવ્યું તે બધું નિરર્થક છે. અહો! શાંતરસથી ભરેલો આત્મપદાર્થ છે, તેના અનુભવ વિના બીજી પરની ગમે તે વાત યાદ આવે તે બધી સ્મૃતિ પણ વિસ્મૃતિ છે, કેમકે પોતાનું તો વિસ્મરણ જ છે.

વળી ચિદાનંદ આત્માના સ્વાનુભવ વગરના શાસ્ત્રાર્થ પણ વ્યર્થ છે. શાસ્ત્રના અર્થો કરીને મોટા વાદ-વિવાદમાં જીતે તે બધું પણ આત્માના અનુભવ વગર વ્યર્થ છે, અને પૂજા તે મોહભજન છે. સર્વજ્ઞની પૂજા કરીને તે રાગમાં ધર્મ માન્યો તેણે મોહનું ભજન કર્યું. આત્મા રાગરહિત છે તેના અનુભવ વિના વેદ-પુરાણ, સ્મૃતિ ને શાસ્ત્રાર્થ તે બધું વ્યર્થ છે. ચૈતન્યના ભજન વિના એકલા પરનું ભજન તે મોહ છે.

ચૈતન્યના અનુભવ વગર, બહારનાં નિર્વિઘ્ન કાર્યો તે પણ વિઘ્ન જ છે. પોતે પોતામાં સ્વાનુભવથી નિર્વિઘ્નપણું પ્રગટ ન કર્યું તેને પાછાં પાપ બંધાશે ને સંસારમાં વિઘ્ન આવશે. માટે આત્માનો યથાર્થ સ્વાનુભવ કરવો તે જ નિર્વિઘ્ન કાર્ય છે. હજી સ્વાનુભવનો વિશેષ મહિમા કહેવાશે.

## માહ સુદ ૧, શુક્ર ૧૬-૧-૫૩
## પ્ર. -૪૧

# સ્વાનુભવનો મહિમા

આ અનુભવ-પ્રકાશનો અધિકાર છે. આત્મા આનંદસ્વભાવી વસ્તુ છે તેની પ્રતીતિ અને જ્ઞાન કરીને તેમાં એકાગ્રતા વડે તેનો અનુભવ થાય છે, તે અનુભવના મહિમાનું આ વર્ણન ચાલે છે. પોતાના ધ્રુવસ્વભાવના અવલંબન સિવાય બીજા કોઈ ઉપાયથી ધર્મ થતો નથી. આત્મા બહારના લોકથી જુદો જ છે. આત્માનો જ્ઞાન-દર્શન-આનંદ વગેરે અનંત ગુણમય સ્વભાવ છે, તે તેનો લોક છે. તેનાથી આ બહારનો લોક જુદો જ છે. એવા આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરીને તેનો અનુભવ કરવો તે ધર્મ છે. બહારના સંયોગ-વિયોગ તો તેના કાળે તેના કારણે થયા કરે છે, તેના આધારે કાંઈ ધર્મ નથી, અંતરના સ્વભાવની સન્મુખ થઈને તેનો અનુભવ કરવો તે જ ધર્મ અને મોક્ષમાર્ગ છે.

આત્માના અનુભવ વગરનાં બધાં કાર્યો વિઘ્ન સમાન જ છે. ચિદાનંદ સ્વભાવ પોતે નિર્વિઘ્ન છે. તેનો જેને અનુભવ નથી તેને પોતામાં વિઘ્નભાવ છે. ભલે બહારનાં કાર્યો વિઘ્નરહિત પતી જાય તોપણ તે વિઘ્ન જ છે. બહારના કર્યો તો થવાયોગ્ય થશે, પણ અંતરમાં પોતાના સ્વભાવને અવલોકયા વિના આત્માનું વિઘ્ન ટળે નહિ. જ્ઞાન-આનંદ સ્વભાવના સંવેદન વગર પરમેશ્વરની કથા પણ જૂઠી છે. પરમેશ્વર તો પોતાનો આત્મા છે. તેના ભાન વિના બહારમાં જેટલા વિકલ્પો ઊઠે તે બધા જૂઠા છે-તે આત્માને ઉપકારી નથી. વળી ચૈતન્યના અંતર્વેદન વગર બાર પ્રકારની તપસ્યા તે પણ જૂઠ છે. વળી તીર્થસેવન પણ અંતરના અનુભવ વગર જૂઠું છે. અંતરમાં નિર્મળ ગુણોથી

આત્મા વસેલો જ છે. તેના અંતરમાં જ્યારે જુએ ત્યારે પોતાનો સ્વભાવ એવો જ છે. એવા સ્વભાવની અંતર્મુખતા વગર બહારનાં તીર્થમાં જાય તે બધું જૂઠ છે. અરે ભગવાન! તારી વસ્તુમાં અંતર્મુખદશા વગર બહારનાં બધાં કાર્યો જૂઠ છે. તર્ક, પુરાણ ને વ્યાકરણમાં બુદ્ધિ જોડે, પણ જ્ઞાનાનંદ આત્માના અંતર્વેદનમાં બુદ્ધિ ન લગાવે તો તેને તર્ક, પુરાણ ને વ્યાકરણ તે બધું ખેદનું કારણ છે. અંતર્સ્વભાવનું વેદન કરવું તે ખેદના નાશનો ઉપાય છે. ભગવાનની મૂર્તિ સામે કે શાસ્ત્રો સામે જોયા કરે, પણ અંતરમાં આત્માની સામે જોયા વિના તે બધો ખેદ છે. જેને ચૈતન્યનો અનુભવ નથી તે જીવો, જેમ ગામમાં ગાયો ને કૂતરા રખડતાં હોય તેના જેવા છે. જે સમયે અંતર્મુખ થઈને આત્માને પકડયો તે સમય પોતાનો છે, પછી ભલે વ્રતાદિની શુભવૃત્તિ ઊઠે કે અશુભવૃત્તિ આવે તે બધું ગૌણ છે. જેને ચૈતન્યમાં પ્રવેશ નથી ને બહારમાં ભટકે છે, તે જીવો ગામમાં રખડતાં ઢોર જેવા અને જંગલમાં રખડતાં હરણાદિ પશુ જેવા છે. સાધુ થઈને જંગલમાં વસે, તોપણ તે આત્માના અનુભવ વગર જંગલના હરણ જેવો અજ્ઞાન તપસી છે. શુભ-અશુભવૃત્તિ દુઃખદાયક છે, તેનાં વિનાનો અનાકુળ શાંત આત્મા છે. તેનું જેને ભાન નથી, તે ભલે ૨૮ મૂળગુણ પાળે ને જંગલમાં રહે તો પણ હરણ વગેરે પશુ જેવો છે, અને જેને ચૈતન્યનો અનુભવ છે, તે જીવ ગમે ત્યાં વસે તોપણ અનુભવના પ્રસાદથી પૂજ્ય છે, વળી કહે છે કે પરમેશ્વરનાં જેટલાં વિશેષણો છે તે બધાંય પણ આ અનુભવથી જ સિદ્ધ થાય છે.

અનુભવમાં આનંદ છે. અનુભવમાં જ ધર્મ છે. અનુભવથી જ પરમપદ પમાય છે. અનંતગુણના રસનો સાગર તે અનુભવમાં સમાઈ જાય છે. અનુભવની પર્યાયમાં અનંતા ગુણનો સ્વાદ સમાઈ જાય છે. અનુભવથી જ સિદ્ધપદ થાય છે. અનુપમજ્યોતિ પણ અનુભવથી પમાય છે. અનુભવ સિવાય બહારના કોઈ કારણથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આવું પરમેશ્વરપદ પમાતું નથી. અહો! જેની એક જ્ઞાનપર્યાયમાં લોકાલોક ભાસે–એવા આત્માને શું ઉપમા આપવી? આવા આત્માના અનુભવથી જ કેવળજ્ઞાનરૂપ અમિત તેજ પ્રગટ થાય છે. પરમાત્મદશામાં આવાં બધાં વિશેષણો પ્રગટે છે અને તે પરમાત્મદશા આત્માના અનુભવથી જ પમાય છે. વળી પરમાત્મદશા અખંડ છે, અચલ છે. રાગરહિત અમલપદ પણ તે અનુભવથી જ પમાય છે. સ્વરૂપની વિશ્રાંતિનું ધામ અનુભવથી જ પમાય છે. અતુલ પરમાત્મદશા અનુભવથી પમાય છે. અહો! તે અનુભવનો શું મહિમા!! તેની સામે ઇંદ્રના ઇંદ્રાસન પણ સડેલાં તરણાં સમાન છે.

અબાધિતદશા અનુભવથી પમાય છે. અરૂપ એવી પરમાત્મદશા પણ તેનાથી જ પમાય છે. અજર દશા એટલે સિદ્ધદશા પણ તેનાથી જ પમાય છે. શરીરમાં તો જરા લાગુ પડે પણ પરમાત્મદશા પ્રગટી તેમાં કદી જરા એટલે વૃદ્ધાવસ્થા લાગુ પડતી નથી. એવી દશા અનુભવથી જ પમાય છે. વળી તે અમર અને અવિનાશી છે તથા પરમાત્મદશા અલખ છે. ઇન્દ્રિયોથી તે લક્ષગોચર થતી નથી, અચ્છેદ્ય છે, કોઈ શાસ્ત્ર વગેરેથી તે છેદાતી નથી અને વજ્ર વગેરે કોઈથી તે ભેદાતી નથી, તેથી અભેદ્ય છે. ચક્રવર્તીની તલવાર વજ્રના થાંભલાને કાપી નાખે પણ આત્માને તે અડી શકે નહિ. વળી આત્મા અક્રિય છે એટલે પરની કે રાગની ક્રિયા તેનામાં નથી, પોતાના અનુભવની ક્રિયા છે; વળી અમૂર્તિક છે અને સ્વરૂપનો અનુભવ કરતાં કરતાં આત્મા રાગાદિનો અકર્તા તથા અભોક્તા થઈ જાય છે. વળી પરમાત્મદશા અવિગત છે એટલે કદી વિશેષપણે તેનો નાશ થઈ જતો નથી, તથા આનંદમય અને ચિદાનંદ ઇત્યાદિ અનંત વિશેષણો યુક્ત એવી પરમેશ્વરદશા છે. તે સર્વ અનુભવથી જ સિદ્ધ થાય છે. આત્માના અનુભવથી જ આવા મહિમાવાળું પરમેશ્વરપદ પમાય છે, તેથી અનુભવ તે સાર છે. આત્માનો અનુભવ તે જ ઉત્તમમાં ઉત્તમ વસ્તુ છે.

શાસ્ત્રમાં વ્યવહારનાં વિધાન લખ્યાં હોય, તેનાથી પાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સર્વે વિધાનનો શિરોમણિ આ અનુભવ છે. આ અનુભવમાં ધર્મનાં બધાં વિધિ–વિધાન સમાઈ જાય છે. આવો અનુભવ તે મોક્ષનું નિદાન છે, અને સુખનું નિધાન છે. મુનિજનો વગેરે અનુભવી જીવોના ચરણને ઇંદ્ર વગેરે પણ સેવે છે, તેથી અનુભવ કરો. અનુભવની પ્રશંસા સર્વે ગ્રંથોમાં કરી છે. અનુભવ વગર સાધ્યની સિદ્ધિ થતી નથી. અનંત ચેતનારૂપ અનંતગુણથી શોભિત, અનંત શક્તિધારક એવા આત્મપદનો રસાસ્વાદ તે અનુભવ છે.

સર્વે ગ્રંથોનો સાર આ અવિકાર અનુભવ છે. વારંવાર ગ્રંથોમાં તે જ કહ્યું છે. વીતરાગતા તાત્પર્ય કહો કે અનુભવ કહો, કેમકે આત્માના અનુભવથી જ વીતરાગતા પમાય છે. ચારે અનુયોગના બધા ગ્રંથોનો સાર તથા બધાં વિધાનનો સાર એ છે કે અંતરમાં આત્માનો અનુભવ કરીને આનંદનો સ્વાદ લેવો. અનુભવ તે શાશ્વત ચિંતામણિ છે. જેટલો એકાગ્ર થાય તેટલો આનંદનો સ્વાદ આપે. બહારનો ચિંતામણિ પથ્થર તો પુણ્ય હોય તો મળે ને પુણ્ય ખૂટતાં ચાલ્યો જાય. અનુભવ એટલે સ્વભાવને અનુસરીને થવું; રાગને કે પરને અનુસરીને નહિ પણ પોતાના ધ્રુવસ્વભાવને અનુસરીને અનુભવ કરવો તે શાશ્વત ચિંતામણિ છે. અનુભવ જ અવિનાશી રસનો કૂપ છે. અંતરના અવિનાશી આનંદનો રસ તો અનુભવમાં છે. તેથી અનુભવ તે જ રસનો મોટો કૂવો છે, સાધકદશાની શરૂઆત પણ અનુભવથી જ થાય છે ને પૂર્ણ મુક્ત દશા પણ અનુભવથી થાય છે. તેથી મોક્ષરૂપ પણ અનુભવ છે. આત્માના પૂર્ણાનંદનો અનુભવ તે જ મોક્ષ છે એ સિવાય બીજો કોઈ મોક્ષ નથી, નવે તત્ત્વોનો સાર અનુભવમાં છે. જગતઉદ્ધારક પણ અનુભવ જ છે. અનુભવથી અન્ય કોઈ ઊંચપદ નથી. માટે કારણપરમાત્મા શક્તિરૂપ ભગવાનનો અનુભવ કરો. અહો ! અનુભવનો મહિમા શું કહીએ ? સ્વરૂપનો અનુભવ કરો. આઠ કર્મો તો જડ છે અને વિકાર થયો તે જીવનો છે પણ અંતરના સ્વભાવ તરફના વેદનમાં તે વિકાર નથી. આત્મામાં તે

જાતની યોગ્યતાને લઈને પુણ્ય-પાપ ભાવરૂપ વિકારનો સ્વાંગ જીવે ધર્યો છે તે જીવની પર્યાય છે. ૧૪૮ તો જડકર્મની પ્રકૃતિ છે. આત્મા સ્વને થૂકી અશુદ્ધતારૂપ રંજકભાવ કરે છે તે શુદ્ધભાવ વિરૂદ્ધભાવ છે. તે અશુદ્ધતાનો ફહફહાટ-ઉત્પાદ પર નિમિત્તના અવલંબને થયેલો મેલ છે. જીવે કર્યો માટે જીવનો છે, જડનો નથી. જડ કર્મે કરાવ્યો નથી, કોઈની પ્રેરણાથી થયો નથી. અશુદ્ધપણાની યોગ્યતા જીવની છે પણ તે તેનો ત્રિકાળી સ્વભાવ નથી. વાદળાં લાલ-કાળાં થાય. પણ આકાશ તેવું થતું નથી, તેમ ક્ષણિક યોગ્યતારૂપ જીવની પર્યાયમાં અશુદ્ધતાના પ્રકાર થાય છે, છતાં ચૈતન્ય તો અનાદિ અનંત એવો ને એવો નિર્મળ છે. જેમ રત્ન ઉપર માટીનો લેપ હોય તેથી કાંઈ રત્નનો પ્રકાશ ગયો નથી. અંદર રત્નની પ્રકાશ શક્તિ જેમની તેમ છે, તેમ પર્યાયની ક્ષણિક મલિનતાએ ત્રિકાળી દ્રવ્યસ્વભાવનો નાશ કદી કર્યો નથી અને મલિનતાનો નાશ કરવાનો સ્વભાવ કદી ગયો નથી. અનંત ચૈતન્ય આનંદમય સર્વશક્તિ જેમની તેમ છે. એવા નિત્યાનંદ ચિદાનંદ ભગવાન આત્માનો અનુભવ કરવો તે જ ધર્મ છે. દયા, દાન, વ્રત, પૂજા આદિના વિકલ્પ ઊઠે તે પુણ્ય છે, ધર્મ નથી-લાભદાયક નથી. પુણ્ય-પાપના વ્યવહાર વિકલ્પ રહિત અતીંદ્રિય એકલા જ્ઞાનાનંદનું વેદન થવું તે ધર્મ છે.

પરપુદ્‌ગલનું નાટક બહુ બન્યું છે, તે જડના ખેલ જાણો; તેને આત્માના ખેલ ન જાણો.

દસ પ્રકારનો પરિગ્રહ-ક્ષેત્ર, બાગ, નગર, કૂવા, તળાવ, નદી વગેરે પુદ્‌ગલ છે, જીવ તેને કરી શકતો નથી. માતા, પિતા, પુત્ર, બંધુ, સ્ત્રી આદિ સ્વજન, સર્પ, સિંહ, હાથી વગેરે આત્માના નથી. ઇષ્ટ અક્ષર-શબ્દ, અનક્ષર શબ્દાદિ આત્મા કરી શકતો નથી. બોલી શકતો નથી. સ્નાન, ભોગ, સંયોગ-વિયોગ ક્રિયા આત્માને આધીન નથી; કારણ કે એનો કર્તા જડ પુદ્‌ગલ છે, જીવ તેને કરી શકતો નથી. કર્મના એક રજકણમાં આત્મા કાંઈ ફેરફાર કરી શકતો નથી જીવ શુભાશુભભાવ કરી શકે છે ને તેના ભાવ

અનુસાર ફળ છે. પરને ભોગવી શકતો નથી. ધનાદિ કોઈ ચીજને જીવ મેળવી શકે નહિ, આપી શકે નહિ, નાશ કરી શકે નહિ, કેમકે તો પુદ્ગલના પર્યાય છે. દરિદ્રાદિ ક્રિયા જડના કારણે છે, જીવના કારણે નથી. ચાલવું, બેસવું, બોલવું, જીવની ક્રિયા નથી, જીવની ઇચ્છાને આધીન નથી, જીવ પ્રેરક નથી. શુભ-અશુભ ઇચ્છા કરવી તે ત્રિકાળી સ્વભાવનું કાર્ય નથી, ક્ષણિક વિકારનું કાર્ય છે. જ્ઞાતામાત્રપણું ભૂલી, 'હું દેહ છું, કર્તા-ભોક્તા છું.' એમ અજ્ઞાની માને છે. કાયોત્સર્ગ કરી શરીરને સ્થિર રાખી શકું એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

પરથી જુદાનું ભાન કરી એકલો જ્ઞાતા રહી, અંદર આનંદ કરવો તે ધર્મની ક્રિયા છે અને પુણ્ય-પાપ, રાગ-દ્વેષના ભાવ કરવા, પરનું કર્તા-ભોક્તાપણું માનવું તે અજ્ઞાનનું કાર્ય છે. આત્મા તે કરી શકે પણ પરનું કાંઈ કરી શકે નહિ. જુઓ, આમાં સ્પષ્ટ કહેલ છે કે બોલવું, ચાલવું, લડવું, ચડવું, ઊતરવું-એ આત્મા કરી શકતો નથી પણ તે જડની પર્યાય છે. તેને જડ-પુદ્ગલ કરે છે.

ખેલવું, ગાવું, બજાવવું વગેરે જેટલી ક્રિયા છે તે સર્વ પુદ્ગલનો ખેલ જાણો, રાગ-દ્વેષમય પુણ્ય-પાપના વિકલ્પ તે અધર્મની ક્રિયા જાણો અને શરીર વગેરેથી જુદો તથા ક્ષણિક વિકારથી જુદો ત્રિકાળ જ્ઞાનાનંદ છું-એમ જાણવું અને આનંદનું વેદન કરવું તે એક જ ધર્મની ક્રિયા છે.

# મહા સુદ ૨, શનિ ૧૭-૧-૫૩

## પ્ર. -૪૨

આ અનુભવપ્રકાશ છે. તેમાં પુદ્ગલનો ખેલ આત્માથી જાુદો છે તેનું વર્ણન કરે છે. નર-નારક-તિર્યંચ અને દેવ એવી ચાર ગતિ તથા તેનો વૈભવ તે બધુંય પુદ્ગલ છે. જડ વૈભવનો ભોગવટો પણ આત્માને નથી, તે બધો પુદ્ગલનો અખાડો છે. ચૈતન્યને ચૂકીને અજ્ઞાની જીવ તેમાં રંજિત થાય છે ને તે પુદ્ગલની ક્રિયાને પોતાની માને છે તેથી જ તેને સંસાર છે. પોતાનો અનંત ગુણનો અખાડો છે-તેની વાત હવે કરે છે. અનંતગુણોરૂપી અખાડો છે ને તેમાં નાચનારા પાત્રોની જેમ અનંતગુણોની પરિણતિ છે. વિકાર અને શરીર તો પુદ્ગલના નાટકમાં જાય છે ને ગુણની નિર્મળ પરિણતિ તે ચૈતન્યના અખાડાના પાત્ર છે. તે સ્વરૂપનો રસ ઉપજાવે છે. તે અનંતા ગુણરૂપ દ્રવ્યનું વેદન થતાં બધા ભાવોનું વેદન આવી જાય છે. ચૈતન્યદ્રવ્યની સત્તા તે મૃદંગ એટલે કે તબલાં છે ને પ્રમેય તે તાલ છે-આ બધા આત્માનો અખાડો છે. આવા પોતાના અનંત ગુણરૂપ નિજ અખાડામાં ન રંજતાં પરનું મમત્વ કરીને જીવ જન્મ-મરણનું દુઃખ ભોગવે છે.

આત્મામાં પુદ્ગલથી ભિન્ન અને વિકારરહિત પોતાના અનંત ગુણોના સ્વાદનું વેદન થવું તેનું નામ અનુભવ છે. પોતાની સત્તાનું વેદન કરતાં અનંત આનંદનું વેદન થાય છે. માટે કહે છે કે હે જીવ! તું તારા અનંતગુણના અખાડામાં રંજ. શરીરાદિની ક્રિયા તે જડ-પુદ્ગલનો અખાડો છે, તેમાં રંજિત ન થા. પુદ્ગલના અવલંબને થયેલો વિકાર પણ પુદ્ગલના અખાડામાં છે. તારો ભૂતાર્થસ્વભાવ તેનાથી જાુદો છે. અનંત ગુણરૂપ તારો અખાડો છે. તેમાં દૃષ્ટિ કરીને આનંદનો અનુભવ કર. ચૈતન્યની સત્તાને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચૂકીને પરના અખાડામાં મમત્વ કર્યું, તેથી જીવ જન્મ-મરણનાં દુઃખ ભોગવે છે. માટે કહે છે કે હે જીવ! તું તારા સ્વરૂપનો સહજ સ્વાદી થા. પર્યાયબુદ્ધિ-દેહબુદ્ધિ છોડ ને અનંતગુણના પિંડ ચિદાનંદ સ્વભાવમાં બુદ્ધિ જોડ. એનું નામ ધર્મ છે. પરનો પ્રેમ મટાડીને ચેતનાપ્રકાશના વિલાસરૂપ અતીન્દ્રિય ભોગને ભોગવ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વભાવનો નિર્વિકલ્પ આનંદ ભોગવ. અરે! વિકારી પરિણામમાં ને જડમાં જાૂઠો આનંદ કેમ માન્યો છે? જડમાં પોતાપણું માનવું તે જાૂઠ છે. જડ પદાર્થો તારાથી સૂના છે, તેનામાં તારું સુખ નથી. પરદ્રવ્યની અનુકૂળતામાં શાંતિ માને છે તે મિથ્યા છે અને પરદ્રવ્ય મને દુઃખ આપે છે એમ કહે છે તે પણ જૂઠ છે, કેમકે પરદ્રવ્યમાં તને દુઃખ દેવાની શક્તિ નથી. જડકર્મમાં એવી શક્તિ નથી કે તને દુઃખ આપે. તું તારી જૂઠી ચિંતવણીથી જ દુઃખ ભોગવે છે, પણ પરદ્રવ્ય તને કિંચિત્ પણ દુઃખ આપતું નથી, મફતનો પરના માથે જૂઠો આરોપ નાખે છે કે મને મોહકર્મે દુઃખ દીધું, પણ પરની ભૂલ નથી, તું તારી ભૂલે દુઃખી થયો છે. દ્રવ્ય-ગુણ શુદ્ધ છે ને પર્યાયમાં અશુદ્ધતા ક્યાંથી આવી? કર્મે અશુદ્ધતા કરવી-એમ અજ્ઞાની માને છે, પણ પોતે પોતાની હરામજાદગીને દેખતો નથી. પોતે પોતાના અપરાધથી જ અશુદ્ધ અને દુઃખી થાય છે ને વાંક પરનો કાઢે છે. તે હરામખોરી છે. અપરાધ પોતાનો છે ને પરને માથે ઢોળે છે, તે અજ્ઞાની છે. અચેતનદ્રવ્યને રાગ-દ્વેષનું નિમિત્ત આપીને નચાવે છે. જડ તો જડના કારણે નાચે છે; પણ અજ્ઞાની વિકાર કરીને તેને નિમિત્ત આપે છે.

જેમ કોઈ મૂર્ખ જીવ અચેતન મડદા સાથે લગ્ન કરવાની વાત કરે તો તે નિંદનીક છે; તો ચેતનને જડ સાથે સગપણ કરવાનું માને છે તેમાં તને લાજ-શરમ નથી આવતી!! તું તો અનંત જ્ઞાનનો ધારી ચિદાનંદ છો અને શરીરાદિ પુદ્ગલ તો જડ-અચેતન મડદાં જેવાં છે, તેમાં પોતાપણું માનતાં તને લાજ પણ નથી આવતી! જડકર્મ જીવને હેરાન કરે છે તેમ માનનાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જડને જ આત્મા માને છે. અરે જીવ! જડમાં પોતાપણું માનવાની અનાદિ જૂઠી વિટંબના હવે છોડ! પરાચરણને લીધે જ તને તારા જ્ઞાન-દર્શનનો લાભ થયો નથી. સ્વભાવને ચૂકીને પરને પોતાનું માન્યું તેથી તને ગેરલાભ થયો છે. દેખવા-જાણવાનો તારો સ્વભાવ છે તે કાંઈ બંધનું કારણ નથી. જો દેખવા-જાણવાથી જ બંધ થતો હોત તો તો સિદ્ધ ભગવંતો લોકાલોકને જાણે-દેખે છે તેમને પણ બંધન થાત! પણ તેમને બંધન થતું નથી, માટે જ્ઞાન-દર્શન પરિણામમાં તન્મયપણું તે કાંઈ બંધનું કારણ નથી, પણ રાગ સાથે તન્મય પરિણામ જ બંધનું કારણ છે. સિદ્ધભગવાન લોકાલોકને જાણે છે પણ પરમાં તન્મય પરિણામ નથી, તેથી તેમને બંધન થતું નથી. પરિણામથી જ સંસાર અને પરિણામથી જ મોક્ષ છે. કર્મના ઉદયથી સંસાર અને કર્મના અભાવથી મોક્ષ-એ વાત મૂકી દે. તારા સ્વભાવના પરિણામથી મોક્ષ છે ને તારા પર તરફના ઔદયિકભાવથી સંસાર છે. શ્રી તત્ત્વાર્થસૂત્રમાં ઔદયિકભાવને પણ સ્વતત્ત્વ કહ્યું છે, તે કર્મને કારણે થતો નથી પણ પોતાના અપરાધથી જ થાય છે, તે જ સંસાર છે. સંસાર તે કોઈ બીજી ચીજ નથી પણ તારા જ વિકારી પરિણામ છે.

સંસાર, મોક્ષમાર્ગ અને મોક્ષ-એ ત્રણે તારા પરિણામથી જ થાય છે. રાગ-દ્વેષ-મોહ પણ તારા પરિણામથી જ થાય છે અને સ્વભાવનું ભાન કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પણ તારા પરિણામથી જ થાય છે ને મોક્ષ પણ તારા પરિણામથી જ થાય છે. તારો જ્ઞાન-દર્શનસ્વભાવ છે, તે જ્ઞાન-દર્શન તો દેખવા જાણવારૂપ જ છે. તે જ્ઞાન-દર્શનના પરિણામમાં રાગદ્વેષ નથી. રાગના કાળે રાગ થાય પણ જ્ઞાન તેને કરનાર નથી કે રાખનાર પણ નથી. સ્વભાવદષ્ટિથી આત્મા તેનો જ્ઞાતા જ છે. તે તેનો કર્તા-હર્તા નથી. પ્રથમ રાગાદિને પોતાના પરિણામ તરીકે બતાવ્યા અને પછી તેને જ્ઞાનનાં જ્ઞેય તરીકે બતાવ્યા. આવું સમજે તેને સ્વચ્છંદ ન થાય પણ ભેદજ્ઞાન થઈને રાગ ઘણો અલ્પ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ જાય. રાગ મારા અપરાધથી થાય છે એમ જાણે છે તે વ્યવહારનય છે ને જ્ઞાન-દર્શન સ્વભાવ છે-એને જાણવો તે નિશ્ચયનય છે. જ્ઞાન જ્ઞાનને જાણે તે નિશ્ચય અને જ્ઞાન રાગને જાણે તે વ્યવહાર; જ્ઞાનમાં પોતાને તેમ જ રાગને જાણે એવું સ્વ-પરપ્રકાશક સામર્થ્ય છે. નિશ્ચય જ્ઞેય તો સ્વને બનાવ્યું ને રાગને વ્યવહાર જ્ઞેય બનાવ્યું-આવી સાધકદશા છે. અજ્ઞાની રાગાદિમાં તન્મય થઈને જાણે છે, જ્ઞાની જ્ઞાતામાત્ર સ્વભાવમાં તન્મય અને રાગમાં અતન્મય થઈને જાણે છે.

દેખવું-જાણવું જો રાગ-દ્વેષ-મોહથી થાય તો બંધાય, રાગ-દ્વેષ-મોહ ન થાય તો ન બંધાય. આ મેં કર્યું, આ તેં કર્યું-એમ અજ્ઞાનમય જાણવું તે બંધનનું કારણ છે. રાગ-દ્વેષ-મોહરહિત જ્ઞાતાપણું બંધનું કારણ ન હોય. આવી પરિણામ શુદ્ધતા અભવ્યને ન હોય. જ્ઞાન પરથી થાય છે એમ ને માને છે, તેથી તેને જ્ઞાન-દર્શન કદી શુદ્ધ ન થાય. ભવ્યને સ્વરૂપાચરણરૂપ શુદ્ધ પરિણામ હોય છે, તેથી જ્ઞાન-દર્શન શુદ્ધ હોય છે.

શ્રી પદ્મનંદી પચ્ચીસીમાં કહ્યું છે કેઃ- સમ્યક્ચારિત્રથી શુદ્ધ એવું સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ કરનારને ફરી સંસારમાં જન્મ હોય નહિ, જેમ સૂર્યોદય થાય તો રાત્રિનો અંધકાર કેમ રહે?

કોઈ પ્રશ્ન કરે કે-વસ્તુ દેખ્યા-જાણ્યા વિના તેમાં પરિણામ કેમ કરીએ?

**ઉત્તરઃ-** પરને દેખે છે-જાણે છે તે પરને દેખનાર તો ઉપયોગ છે તો દેખે છે, અને જ્ઞાન છે તો જાણે છે. ઉપયોગ શું ખાલી થઈ ગયો? નાસ્તિરૂપ છે? રાગાદિથી તો ખાલી છે પણ સ્વથી ભરેલો છે. જે આ ઉપયોગ જાણનાર-દેખનાર સ્વરૂપે છે તેને ગ્રહણ કર ને તેમાં જ પરિણામ ધરી સ્થિરતા-આચરણ કર. એ પુરુષાર્થ કર, તે જ કાર્ય તારે કરવાનું છે. પરિણામરૂપ વસ્તુને વેદ, સ્વરૂપલાભ લે, તે ધર્મ છે.

તારા પરિણામ વીતરાગ સ્વરૂપ તરફ વાળ તો ગુણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરિણતિ તેમાં વિશ્રામ કરે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ પરિણામમાં આવે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવમાં સત્ આવ્યું અને સત્માં આખું સ્વરૂપ આવ્યું. તેથી પરિણામશુદ્ધતામાં સર્વશુદ્ધતા આવી. જયારે પરિણામસ્વભાવધારી આ જીવ શુભ વા અશુભ પરિણામોથી પરિણમે છે ત્યારે તે જીવ શુભ વા અશુભ થાય છે, અને જ્યારે શુદ્ધ પરિણામોથી પરિણમે છે ત્યારે જીવ શુદ્ધ થાય છે. પરિણામ સર્વ, સ્વ-સ્વરૂપના છે. પરાચરણના બે ભેદ છે- દ્રવ્યપરાચરણ તથા ભાવપરાચરણ. નોકર્મ ઉપચાર દ્રવ્યપરાચરણ છે. પરંપરાથી અનાદિ ઉપચાર છે. જીવ તેનું કાંઈ કરી શકતો નથી, માત્ર નિમિત્તનું કથન છે. દેહધારણ સાદિ ઉપચાર છે, તે પણ નિમિત્તનો ઉપચાર છે. દ્રવ્યકર્મજોગ પણ અનાદિ નિમિત્તનો ઉપચાર છે, ભાવકર્મ અશુદ્ધ નિશ્ચયનયથી છે. ભાવપરાચરણ રાગ-દ્વેષ-મોહ છે, તે જીવનું ભાવપરાચરણ છે.

**પ્રશ્ન**:- રાગાદિ જીવના ભાવ છે અને પરભાવ સ્પર્શાદિક છે, તો રાગાદિને પરભાવ કેમ કહો છો?

**ઉત્તર**:- શુદ્ધ નિશ્ચયથી રાગાદિ જીવના નથી કેમકે ત્રિકાળી શુદ્ધસ્વભાવમાં તાદાત્મ્યપણાની દૃષ્ટિએ વિકારનો અભાવ છે, વળી તે રાગાદિ આત્માના ગુણમાં તન્મય નથી. સ્વભાવમાં સંસાર તન્મય નથી. જો તન્મય હોય તો મોક્ષ થઈ શકે નહિ, સંસાર એક સમયમાત્રનો પર્યાય છે. ઉત્પાદ-વ્યય પ્રત્યેક સમયે નવીન પર્યાય છે, અન્ય અન્ય ભાવ છે. રાગાદિ વિકારભાવ છે તે જીવની વર્તમાનપર્યાય છે, તે પર્યાયથી અન્ય નથી. પણ ત્રિકાળી સ્વભાવથી વિકારપર્યાય તન્મય નથી માટે જુદી છે, -એમ જાણે તેને ભાવકર્મના નાશથી મુક્તિ છે.

# મહા સુદ ૩-૪ રવિ ૧૮-૧-૫૩

## પ્ર. -૪૩

આત્માના અનુભવમાં શું પ્રગટ થાય અને શું છૂટી જાય તેની વાત ચાલે છે. રાગાદિ તે આત્માથી પર છે, તેથી આત્માના અનુભવમાં તે છૂટી જાય છે. જ્યારે જીવ શુદ્ધ આત્માનું ભાન કરીને રાગાદિને નિજસ્વરૂપ ન માને ત્યારે ભવપદ્ધતિ છૂટે છે. રાગરહિત શુદ્ધ દર્શન-જ્ઞાન-ચારિત્રને નિજસ્વરૂપ જાણીને ગ્રહણ કરે તે મુક્તિનું મૂળ છે. પરિણામને જે તરફ વાળે તેવા થાય છે. જો સ્વભાવમાં અંતર્મુખ વાળે તો તે પરિણામમાં ધર્મ થાય છે ને રાગાદિ પર તરફ વાળે તો વિકાર થાય છે. સ્વભાવ વસ્તુ પડી છે, તેમાં અંતર્મુખ અવલોકન કરે તો મુક્તિ થાય, ને પરવસ્તુ તરફ વળે તો સંસાર થાય. પોતે જે તરફ પરિણામ વાળે તે તરફની દશા થાય છે. પોતે સ્વતંત્ર છે, માટે પરને છોડીને પરિણામને નિજસ્વરૂપમાં લગાવો. ઉત્પાદ-વ્યય-ધ્રુવ ષટ્ગુણવૃદ્ધિહાનિ, અર્થક્રિયાકારીપણું પરિણામથી જ સાધ્ય છે, પોતાના પરિણામ પોતાને આધીન છે. માટે સ્વભાવ તરફ પરિણામ વાળ એમ કહે છે.

-એ પ્રમાણે અનુભવનું વર્ણન પૂરું કર્યું.

## હવે દેવ અધિકાર કહે છે.

આત્માના અનુભવની આવી વાત કરનાર સર્વજ્ઞદેવ છે. તારા પરિણામને સ્વ તરફ વાળ તો મુક્તિ થાય ને પર તરફ વાળ તો સંસાર થાય-એવું કહેનાર સર્વજ્ઞ પરમાત્મા તે દેવ છે. તેવા. સર્વજ્ઞને ઓળખવાથી પરમ મંગળરૂપ નિજાનુભવ પમાય છે. નિમિત્ત તરીકે એમ કહ્યું છે કે દેવથી પરમ મંગળરૂપ નિજઅનુભવ પમાય છે. પણ ખરેખર તો પોતે જ્ઞાનસ્વભાવને ઓળખીને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અંતર્મુખ થઈને નિજ અનુભવ કરે છે. સર્વજ્ઞપરમાત્માને જે ઓળખે તેને આત્માની ઓળખાણ થયા વિના રહે નહિ. આવી સર્વજ્ઞદશા મને મારી જ્ઞાનસ્વભાવના અવલંબને પ્રગટ થશે –એમ નિશ્ચયથી જેણે જ્ઞાનસ્વભાવની પ્રતીત કરી તેને વ્યવહારથી સર્વજ્ઞદેવની પ્રતીત હોય જ છે. રાગની કે પરની રુચિથી સર્વજ્ઞપણું પ્રગટતું નથી પણ જ્ઞાનશક્તિના અવલંબનથી જ સર્વજ્ઞતા પ્રગટે છે. એવી રુચિ વિના ખરેખર સર્વજ્ઞની પ્રતીત થાય નહિ. સર્વજ્ઞની પ્રતીત કરનાર રાગના અવલંબનથી લાભ ન માને, કેમકે સર્વજ્ઞને રાગ નથી. સર્વજ્ઞદેવે તે દશા કયાંથી પ્રગટ કરી ? વિકારમાંથી, નિમિત્તમાંથી કે પૂર્વની પર્યાયમાંથી તે સર્વજ્ઞતા પ્રગટ કરી નથી, પણ અંતરની પૂર્ણ શક્તિમાંથી તે સર્વજ્ઞદશા પ્રગટ કરી છે અને હું મારા સ્વભાવની પૂર્ણશક્તિના અવલંબને સર્વજ્ઞદશા પ્રગટ કરવાનો છું. –આમ સ્વભાવની સન્મુખ થઈને જેણે પ્રતીત કરી તેણે જ ખરેખર સર્વજ્ઞને માન્યા છે અને તેને સર્વજ્ઞદેવ ઉપકારી છે, એમ નિમિત્તથી કહેવાય છે. નૈમિત્તિકભાવ પોતે પ્રગટ કર્યો ત્યારે પરને નિમિત્ત કહ્યું ને ? નૈમિત્તિકભાવ વિના નિમિત્ત કોનું કહેશો ? દેવ તો પર છે, પરને કારણે ખરેખર નિજઅનુભવ થતો નથી. જો પરને કારણે થાય તો બધાને થવો જોઈએ, પરંતુ અજ્ઞાનીને ખરેખર સર્વજ્ઞની પ્રતીત જ નથી. જેને પોતાના જ્ઞાનસ્વભાવની ખબર નથી, સર્વજ્ઞદેવ સર્વજ્ઞતા કયાંથી પામ્યા–તેનું ભાન નથી, તેને માટે ખરેખર સર્વજ્ઞભગવાન ‘દેવ’ નથી, કેમકે તેના જ્ઞાનમાં સર્વજ્ઞદેવની ઓળખાણ નથી, માટે તેને તો સર્વજ્ઞદેવ અનુભવમાં નિમિત્ત પણ નથી. યથાર્થ ઓળખાણ કરીને જેણે આત્માનો અનુભવ કર્યો તેને દેવ ઉપકારી છે. સર્વજ્ઞદેવ પરમાત્મા છે. તેમાં શ્રી અરિહંત પરમાત્મા શરીરસહિત હોવાથી સાકાર છે. ને સિદ્ધ પરમાત્મા શરીરરહિત હોવાથી નિરાકાર છે. ખરેખર તો અરિહંતદેવનો આત્મા પણ શરીયરરહિત જ છે, પણ શરીરના સંયોગની અપેક્ષાએ તેમને સાકાર કહેવાય છે અને સિદ્ધ ભગવાનને દેહનો સંયોગ નથી તે અપેક્ષાએ નિરાકાર કહ્યા, પણ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છેલ્લા શરીરથી કિંચિત ન્યૂન આકાર આત્માનો છે, તે અપેક્ષાએ તેમને સાકાર પણ કહેવાય છે.

અરિહંત પરમાત્માને ચાર અઘાતિકર્મનો સંયોગ હોવાથી ચાર ગુણો હજી વ્યક્તરૂપ પ્રગટ થયા નથી; પણ કેવળજ્ઞાનમાં તો તે પ્રગટ જણાઈ ગયા છે. કયા સમયે ચાર અઘાતિકર્મો ટળશે અને ચાર ગુણો પ્રગટશે-તેનું જ્ઞાન તો વર્તમાનમાં જ થઈ ગયું છે. નામકર્મના નિમિત્તે મનુષ્યગતિ છે એટલે સૂક્ષ્મત્વ ગુણ પ્રગટ વર્તમાનમાં નથી, પણ કેવળજ્ઞાનમાં તો તે સૂક્ષ્મત્વગુણ ક્યારે પ્રગટ થશે-તે બધું જણાઈ ગયું છે, તેથી કેવળજ્ઞાન અપેક્ષાએ તો તે સૂક્ષ્મત્વને પણ વ્યક્ત કહેવાય છે. સૂક્ષ્મત્વ અટક્યું છે તે પોતાની પર્યાયની તેવી યોગ્યતા છે-એમ પણ જાણે છે. અને ભવિષ્યમાં અલ્પકાળ પછી સાદિ અનંત સૂક્ષ્મત્વસ્વભાવ વ્યક્ત થઈ જશે-એ પણ જ્ઞાનમાં આવી ગયું છે. જુઓ, આ કેવળી ભગવાનની ઓળખાણ!

વેદનીયકર્મના નિમિત્તે હજી અવ્યાબાધપણું વ્યક્ત થયું નથી, તેવી યોગ્યતા જ્ઞાનમાં જણાય છે અને અલ્પકાળમાં વેદનીય ટળીને સાદિઅનંત અવ્યાબાધદશા પ્રગટ થશે-તેનું જ્ઞાન વર્તમાનમાં થઈ ગયું છે. વર્તમાન અવ્યક્ત હોવા છતાં વ્યક્તપણાનો ખ્યાલ પણ જ્ઞાનમાં આવી ગયો છે. એવું કેવળજ્ઞાનનું સામર્થ્ય છે. જુઓ, પોતાને વર્તમાન અલ્પજ્ઞતા હોવા છતાં જેણે સર્વજ્ઞશક્તિની અંતરપ્રતીતિ કરી છે એવો સાધક જીવ કેવળીની આ રીતે પ્રતીતિ કરે છે. વર્તમાન પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા વ્યક્ત ન હોવા છતાં શ્રદ્ધામાં પૂર્ણ શુદ્ધતા આવી ગઈ છે, જ્ઞાનમાં આવી ગઈ છે અને અલ્પકાળમાં ચારિત્ર વગેરેની પણ પૂર્ણ શુદ્ધતા પ્રગટી જશે-એમ વર્તમાનમાં શ્રદ્ધા-જ્ઞાન થઈ ગયાં છે. જેમ સર્વજ્ઞ અરિહંતદેવને સૂક્ષ્મત્વાદિ ચાર ગુણો અવ્યક્ત હોવા છતાં તેની સાદિઅનંત વ્યક્તિ કેવળજ્ઞાનમાં જણાઈ ગઈ છે તેમ તે સર્વજ્ઞની પ્રતીતિ કરનાર સાધક પણ કહે છે કે હે નાથ! મારે રાગાદિ પર્યાય વર્તમાનમાં વ્યક્તપણે છે અને પૂર્ણ ગુણોની વ્યક્તદશા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી પણ સ્વભાવના અવલંબને પૂર્ણ શુદ્ધતા પ્રતીતમાં ને જ્ઞાનમાં આવી ગઈ છે અને અલ્પકાળમાં રાગાદિનો અભાવ કરીને સાદિ અનંત પૂર્ણ શુદ્ધતા વ્યક્ત થઈ જશે.

અરિહંતને અવગાહપણું હજી વ્યક્ત થયું નથી, શરીરનું નિમિત્ત હજી છે અને આયુકર્મ નિમિત્ત છે, પણ જ્ઞાનમાં તો સાદિઅનંત અવગાહપણું વ્યક્ત આવી ગયું છે.

ગોત્રકર્મના નિમિત્તે હજી અગુરુલઘુ સ્વભાવ વ્યક્ત થયો નથી, પણ જ્ઞાનમાં તેની સાદિઅનંત સ્વભાવદશા વ્યક્તપણે જણાઈ ગઈ છે. આવા સર્વજ્ઞની પ્રતીત કરનાર કહે છે કે હે નાથ! જેમ તારામાં પ્રતિજીવી ગુણોની વિપરીતદશા વર્તમાનમાં હોવા છતાં તારા જ્ઞાનમાં તે શુદ્ધ વ્યક્તપણે જણાઈ ગઈ છે ને અલ્પકાળમાં વ્યક્ત થઈ જશે, તેમ મારામાં પૂર્ણ જ્ઞાનાદિ દશા હજી વ્યક્ત થઈ નથી, પણ પૂર્ણ સ્વભાવ પ્રતીતમાં આવી ગયો છે, તેના અવલંબને અલ્પકાળમાં પૂર્ણ વ્યક્ત થઈ જશે. એ પ્રમાણે સર્વજ્ઞની ઓળખાણ કરાવી સર્વજ્ઞના જ્ઞાન અપેક્ષાએ તેમને ચારે પ્રતિજીવી ગુણો વ્યક્ત કહ્યા, પણ હજી પરિણમનમાં વ્યક્ત થયા નથી.

હવે કહે છે કે–આવા સર્વજ્ઞદેવ ચારે નિક્ષેપથી પૂજ્ય છે. કઇ રીતે? તે કહે છે. નિર્વિકલ્પ ચિદાનંદ નિજપદમાં જે નમે છે– પરિણમે છે, જે પૂર્ણ સ્વભાવનો સત્કાર કરનારો છે, તે ધર્મી જીવને અરહંતપદનું નામ પણ પરમપદની પ્રાપ્તિનું કારણ છે.

**जिन सुमरो जिन चिंतवो जिन ध्यावो सुमनेन।**
**जिन ध्यायंतहि परम पद, लहिये एक क्षणेन।।**

વીતરાગનું સ્મરણ સાચું ક્યારે કહેવાય? કે રાગ–વિકલ્પની ક્રિયા આદરણીય નથી, ભગવાન તરફનો શુભરાગ પણ મદદગાર નથી, દેહની ક્રિયા હું કરી શકતો નથી, એકલો જ્ઞાતામાત્ર છું, એમ પોતાના એકલા વીતરાગ જ્ઞાયકસ્વરૂપનાં શ્રદ્ધા–જ્ઞાન કરીને હું ત્રિકાળ આવો જ છું–એમ નિજપદની ધારણા કરે છે તેને પરમાત્મસ્વરૂપનું સ્મરણ સાચું છે, બીજાનું સ્મરણ પણ ખોટું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

એક ક્ષણમાં શુદ્ધ પરમપદ-મુક્તિ પામે, તે કઈ રીતે? સ્વાવલંબી સ્થિરતા વડે અખંડાનંદના ઉગ્ર આલંબનરૂપ શુક્લધ્યાન વડે અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રાપ્ત થાય છે.

નિષ્ક્રિય નિરાલંબનનું ભાન છે તેને સર્વજ્ઞ વીતરાગદેવની પ્રતિમા નિમિત્ત કહેવાય છે. એકલી પ્રતિમાનું વંદન-પૂજન કર્યે આત્મલાભ નથી, એવું તો અનંતવાર કર્યું. તેને નિમિત્ત પણ ક્યારે કહેવાય? કે પોતામાં સાચી દૃષ્ટિ-જ્ઞાન ચારિત્રરૂપ નૈમિત્તિક પર્યાય પ્રગટ કરે તો નિમિત્તને નિમિત્તપણે જાણવારૂપ વ્યવહાર કહેવાય.

પ્રતિમા સ્થાપનાનિક્ષેપમાં છે. નિક્ષેપ જ્ઞેયરૂપ વિષયના ભેદ છે. શ્રુતજ્ઞાનપ્રમાણરૂપ સાચા જ્ઞાન વિના જ્ઞેયના ભેદને યથાર્થ જાણી શકે નહિ, માટે સમ્યગ્જ્ઞાનીને જ સ્થાપનાનું સાચું જ્ઞાન કહેવાય. અજ્ઞાની તો જ્ઞેયથી મને જ્ઞાન થયું એમ માને છે તેને ચારમાંથી એક પણ નિક્ષેપનું જ્ઞાન સાચું નથી. સ્થાપનાના કારણે જ્ઞાન નથી, રાગ નથી, લાભ નથી-એમ માને તેને જિનેશ્વરની સ્થાપના નિમિત્ત કહેવાય. પ્રથમ જે માણસનું રૂપ જોયું હોય તે તેને યાદ કરે ને! તેમ સર્વજ્ઞદેવને કોણ સંભારે છે? કે જ્ઞાનાનંદ પૂર્ણ પરમાત્મસ્વરૂપ આત્માની પ્રતીતિ જેણે કરી છે, રાગ-નિમિત્તથી લાભ નથી એમ જેણે જાણ્યું છે તે વીતરાગ સ્વરૂપને યાદ કરી શકે છે.

જિનસ્થાપનાથી સાલંબન ધ્યાન વડે નિરાલંબનપદ પામે છે. કેવી છે સ્થાપના? કહ્યું છે કેઃ-

"હે ભવ્ય! જો તને મોક્ષસુખની પિપાસા છે, તેને પ્રાપ્ત કરવાની ઉત્કૃષ્ટ અભિલાષા છે, તો તારે જૈનમૂર્તિની ઉપાસના કરવી જોઈએ. તે મૂર્તિ શું બ્રહ્મસ્વરૂપ છે? શું ઉત્સવમય છે? શ્રેયરૂપ છે? શું જ્ઞાનાનંદમય છે? શું ઉન્નતરૂપ છે? અને શું સર્વ શોભાથી સંપન્ન છે? પણ આવા અનેક વિકલ્પોથી શું? ધ્યાનના પ્રસાદની આપની મૂર્તિને દેખવાવાળા ભવ્યો ને શું તે સર્વોત્તમ તેજને દેખાડે છે? હા જરૂર દેખાડે જ છે. અને જે મૂર્તિ મોહરૂપી પ્રચંડ દાવાનળને શાંત કરવાને માટે મેઘવૃષ્ટિ સમાન છે, જે

ઇચ્છિત કાર્યને પ્રાપ્ત કરવાને માટે નદીના ઝરણાં સમાન છે, જે સજ્જનોને કલ્પેન્દ્રવેલડી સમાન છે, કલ્પલતાની જેમ ઇષ્ટ ફળદાતા છે અને સંસારરૂપી પ્રબળ અંધકારનો નાશ કરવાને માટે પ્રચંડ સૂર્યપ્રકાશ છે, તેથી હે ભવ્ય! એવી તે વીતરાગ મૂર્તિની ઉપાસના જરૂર કરવી જોઈએ.”

હે ભવ્ય! જો તને મોક્ષસુખની પિપાસા છે, તે પૂર્ણપદ પ્રગટ કરવાની ઉત્કૃષ્ટ અભિલાષા છે, તો તારે અક્રિયબિંબ-જૈનમૂર્તિ, જે શાંત વીતરાગસ્વરૂપ છે તેની ઉપાસના કરવી જોઈએ. ભક્તિ-પૂજાના શુભરાગથી શુદ્ધ થવાતું નથી, પણ રાગના અભાવરૂપ સ્વભાવના અવલંબનથી જ શુદ્ધતા થાય છે. વીતરાગ જિનપ્રતિમા ચૈતન્ય-આનંદની મૂર્તિ છે, તે નિશ્ચયથી આ આત્મા પોતે છે. એવા ભાન સહિત વિકલ્પ ઊઠયો છે, ત્યાં પૂર્ણ વીતરાગનું બહુમાન લાવી ઉત્સાહ વધારે છે કે અહો! શું આ જિનપ્રતિમા પરમાનંદ બ્રહ્મ અક્રિયજ્ઞાનની મૂર્તિ છે? શું અનુપમ ઉત્સવમય છે? નિશ્ચય; તો તારા જ્ઞાનનું સાચું જ્ઞેય તું છો. તને જાણ તો વ્યવહાર જ્ઞેય જિનપ્રતિમાનું અવલંબન કહેવાય. શું શ્રેયરૂપ, જ્ઞાનાનંદમય, ઉન્નતરૂપ છે, ખરેખર તો સર્વોત્કૃષ્ટ ઉન્નત મહિમાવંત મારું સ્વરૂપ છે. એમ અંદર નિશ્ચય સ્થાપના છે. તે આરોપથી બહુમાન લાવી વીતરાગતાનો મહિમા કરે છે. શું જગતમાં સર્વ શોભાથી અનુપમ સર્વોત્તમતા સહિત છે? પણ આવા અનેક વિકલ્પોથી શું? વિકલ્પ ગૌણ છે. સ્વસન્મુખતારૂપ ધ્યાનના પ્રસાદથી હે ભગવાન! આપની મૂર્તિ દેખવાવાળા ભવ્યોને શું તે સર્વોત્તમ મહિમારૂપ તેજને દેખાડે છે? અંતર્-અવલોકનથી જોનારને જ દેખાય છે. વળી તે મોહરૂપી પ્રચંડ દાવાનળને શાંત કરવાને મેઘવૃષ્ટિ સમાન છે. અંદરમાં વીતરાગી પ્રસન્નતાનાં શાંત ઝરણાં બતાવનાર છે. સજ્જનોને કલ્પેન્દ્રવેલડી સમાન ઇષ્ટફળદાતા છે, સંસારરૂપી પ્રબળ અંધકારનાશક પ્રચંડ સૂર્યપ્રકાશ છે. તેથી હે ભવ્ય! એવી વીતરાગમૂર્તિની ઉપાસના જરૂર કરવી જોઈએ.

સ્વભાવનું ભાન કરીને એવી ભક્તિ જ્ઞાનીને આવે છે.

# મહા સુદ ૫, સોમ ૧૯-૧-૫૩
## પ્ર. -૪૪

આત્માનો આનંદસ્વભાવ ત્રિકાળ ધ્રુવરૂપ છે. તેની દૃષ્ટિ કરીને તેમાં લીનતા કરવી તે અનુભવ છે અને તે મોક્ષનો માર્ગ છે. આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે, તેની રુચિ કરીને અને રાગની વ્યવહારની રુચિ છોડીને જે ક્ષણે આત્માના આનંદનો અનુભવ થાય તે નિશ્ચયરત્નત્રય છે. વચ્ચે શુભરાગ આવતાં ભગવાનની પ્રતિમાનું બહુમાન-ભક્તિ આવે છે. કેમ ? – કે સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રા દેખી પોતે પોતાના સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે છે. મારો આત્મા રાગથી કે પરથી અનુભવમાં આવે તેવો નથી, પણ જ્ઞાનથી જ સ્વસંવેદનમાં આવે તેવો છે -એવા ભાન સહિત ભગવાનની વીતરાગમુદ્રા દેખીને પોતે તેનો વિચાર કરે છે. અહો ! આ સ્વસંવેદન વડે રાગ ટાળીને ભગવાન ચિદ્‌બિંબ-જિનબિંબ અક્રિય વીતરાગ થયા, મારું સ્વરૂપ પણ તેવું જ ચિદ્‌બિંબ-જિનબિંબ છે. વીતરાગ ભગવાન થયા તેઓ પણ પૂર્વે રાગવાળા હતા, ને સ્વરૂપમાં લીનતા વડે તે રાગ ટાળીને વીતરાગ થયા. સર્વજ્ઞો થયા તેઓ પણ પૂર્વે અજ્ઞાની અને રાગી હતા. પછી ભાન કરીને આત્માના સ્વસંવેદનથી તે રાગ ટાળીને વીતરાગ સર્વજ્ઞ થાય. તેમ હું વર્તમાનમાં સરાગ છું, પણ રાગ મારું સ્વરૂપ નથી, મારા સ્વરૂપના સંવેદન વડે તે રાગને મટાડીને હું વીતરાગ થઈશ. વ્યવહારરત્નત્રયનો ભાવ તે રાગ છે, ચિદાનંદ સ્વરૂપમાં લીનતા વડે સર્વ રાગ મટતાં હું મારા વીતરાગપદને પામું. વીતરાગતા તે કોઈ બહારની ચીજ નથી પણ મારું પોતાનું પદ છે. જેને આવું ભાન હોય તે જીવને પ્રતિમામાં સ્થાપનાનું યથાર્થ ભાન હોય છે.

સમંતભદ્રાચાર્ય ભગવાનની સ્તુતિમાં કહે છે કે, હે નાથ! આપ જ્ઞાનીઓને જ પૂજ્ય છો. અજ્ઞાની આપને ખરેખર ઓળખી શકતા નથી. નિશ્ચયથી તો હે નાથ! મારો સ્વભાવ પણ તારા જેવો જ વીતરાગ છે. મારો સ્વભાવ ત્રિકાળ પરની ઉપેક્ષાવાળો છે. હું ચૈતન્યપ્રતિમા છું, પણ વર્તમાન પર્યાયમાં રાગ છે તેને સ્વભાવના અવલંબને છોડીને હું વીતરાગ થાઉં. આવા ભાનપૂર્વક પ્રતિમામાં ભગવાનની યથાર્થ સ્થાપનાને જ્ઞાની જાણે છે. દેખો અરિહંતદેવની વીતરાગી મુદ્રા!! તે પથ્થરમાંથી ઘડેલી હોવા છતાં પણ ખરેખર વીતરાગમાર્ગને દેખાડે છે. પણ કોને? કે જેને અંતરમાં ભાન થયું છે તેને. અહો! શાંત-શાંત વીતરાગ મુદ્રા! આખા જગતને જાણે છે. એક સમયમાં એકસો આઠ જીવો મોક્ષ પામે તેને પણ જાણે ને જગતમાં મારફાડ થાય તેને પણ જાણે-એમ લોકાલોકને જાણે કે દેખતી હોય- એવી વીતરાગ જિનબિંબની મુદ્રા હોય છે. તે મુદ્રા માર્ગ દેખાડે છે. અહો જીવો!! ઠરો ઠરો! જ્ઞાયક ચિદાનંદ તમારું સ્વરૂપ છે. આવા સ્વરૂપને જે જાણે તેને ભગવાનની સ્થાપના નિમિત્ત છે. અહો! શાંત... શાંત... શાંત વીતરાગમુદ્રાની સ્થાપનાના નિમિત્તથી ત્રણકાળમાં ભવ્ય જીવો ધર્મને સાધે છે. પ્રતિમા કાંઈ દેતી-લેતી નથી, પણ જે જીવ યથાર્થ ભાન કરે છે તેને તે પ્રતિમા નિમિત્ત તરીકે વીતરાગમાર્ગ દેખાડે છે.

અરે જીવો! ઠરી જાઓ... ઉપશમરસમાં ડૂબી જાઓ! -એમ જાણે કે ભગવાનની પ્રતિમા ઉપદેશતી હોય! માટે સ્થાપના પણ પરમપૂજ્ય છે. ત્રણલોકમાં શાશ્વત વીતરાગમુદ્રિત જિનપ્રતિમા છે. જેમ લોક અનાદિ અકૃત્રિમ છે, લોકમાં સર્વજ્ઞ પણ અનાદિથી છે, તેમ લોકમાં સર્વજ્ઞની વીતરાગપ્રતિમા પણ અનાદિથી અકૃત્રિમ શાશ્વત છે. જેણે આવા પ્રતિમાજીની સ્થાપનાને ઊડાડી છે તે ધર્મને સમજ્યા નથી. ધર્મી જીવને પણ ભગવાનના જિનબિંબ પ્રત્યે ભક્તિનો ભાવ આવે છે. -એ પ્રમાણે સ્થાપનાનિક્ષેપની વાત કરી. હવે દ્રવ્યનિક્ષેપની વાત કરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જીવ ભવિષ્યમાં તીર્થંકર થવાનો છે તે જીવ દ્રવ્યનિક્ષેપથી તીર્થંકરની જેમ પૂજ્ય છે. હજી તીર્થંકર થયા નથી પણ ભવિષ્યમાં થવાના છે-તે પણ દ્રવ્યનિક્ષેપથી પૂજ્ય છે, અથવા બીજી રીતે દ્રવ્યનિક્ષેપ આ પ્રમાણે પણ છે કે ત્રણ કલ્યાણક સુધી તીર્થંકરનો આત્મા દ્રવ્યજિન છે, તે દ્રવ્યનિક્ષેપે પૂજ્ય છે. ગર્ભ, જન્મ અને તપકલ્યાણક સુધી ભગવાનનો આત્મા દ્રવ્યજિન છે, તે પણ પૂજ્ય છે. ભગવાનનો જન્મ થાય ત્યાં ઇંદ્ર આવીને પૂજે ને ભક્તિ કરે.

હવે ભાવજિનની વાત કરે છેઃ- ભાવજિન એટલે જેને આત્માની શક્તિ ખીલીને કેવળજ્ઞાન થઈ ગયું છે ને દિવ્યધ્વનિ વડે ઉપદેશ આપીને ભવ્ય જીવોને તારે છે. અહો! અજ્ઞાની કળા એવી છે કે મતિજ્ઞાનકળામાં કેવળજ્ઞાનનો નિર્ણય આવી જાય છે. અનંતચતુષ્ટય સહિત અરિહંત પરમાત્મા સમવસરણમાં બિરાજતા હોય છે ને દિવ્યધ્વનિમાં સાક્ષાત્ મોક્ષમાર્ગની વર્ષા કરે છે-તું ચિદાનંદઘન અનંત ગુણનો સાગર છો, તું ભગવાન છો, તું પરમાત્મા છો, તારા દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં પ્રભુત્વ વ્યાપ્યું છે, તેને જાણીને તેમાં ઠર! આમ દિવ્યધ્વનિમાં સાક્ષાત્ મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. જુઓ, **સાક્ષાત્ મોક્ષમાર્ગના** ઉપદેશની વાત કરી, એટલે કે ભગવાને સ્વભાવની સન્મુખતારૂપ વીતરાગભાવને જ મોક્ષમાર્ગ કહ્યો છે. વચ્ચે રાગ આવે તે મોક્ષમાર્ગ નથી. તું વ્યવહારની ને નિમિત્તની ઉપેક્ષા કરીને સ્વભાવની સન્મુખ જા. આમ સ્વસન્મુખતાનો ઉપદેશ ભગવાનની વાણીમાં આવ્યો છે. भूयत्थमस्सिदो खलु सम्माइट्ठी हवइ जीवो પોતાના ભૂતાર્થ-સ્વભાવના આશ્રયે જ જીવને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે. એ સિવાય વ્યવહારના આશ્રયે મોક્ષમાર્ગ નથી. સ્વભાવની સન્મુખતાની શાંતિ વડે કષાયની અગ્નિ બુઝાય છે. વર્ષામાં અગ્નિ ઠરી જાય, તેમ ભગવાને સ્વસન્મુખી મોક્ષમાર્ગની વર્ષા કરી, તે જ સંસારનો દાવાનળ ઓલવવાનું સાધન છે. અંતર્સ્વભાવની સન્મુખતા થતાં શાંતિરૂપી જળની વર્ષા વડે અનાદિના સંસાર દાવાનળનો નાશ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જુઓ, આ પ્રમાણે સર્વજ્ઞની ઓળખાણ કરાવી. રાગથી કે પરના અવલંબનથી જે ધર્મ મનાવે તે ભગવાનનો ઉપદેશ નથી.

હવે સિદ્ધદેવનું વર્ણન કરે છે.

સિદ્ધ નિરાકાર પરમાત્મા છે. તેમને શરીરનો આકાર નથી, પણ અસંખ્યપ્રદેશી આકાર છે. અરિહંતદેવને ચાર પ્રતિજીવી ગુણ વ્યક્ત નથી પણ જ્ઞાનમાં વ્યક્ત છે-એમ કહ્યું હતું. અહીં કહે છે કે સિદ્ધને અનંતગુણ વ્યક્ત થયા, પોતાના અનંતસુખને પર્યાય વડે વેદે છે, અનંતગુણનો પૂર્ણ વિકાસ થયો તે સહિત પોતાના દ્રવ્ય-ગુણને ભોગવે છે. ભોગવે છે તો પર્યાયને, કેમકે દ્રવ્ય-ગુણ તો ધ્રુવ-ત્રિકાળ છે, તે ભોગવાય નહિ, પણ જ્ઞાનના એક પર્યાયમાં પૂર્ણસ્વરૂપ જણાઈ ગયેલ છે. વળી તેઓ લોકશિખર ઉપર બિરાજે છે. હળવી ચીજ ઉપર રહે, તેમ આત્માની પૂર્ણાનંદ દશા વ્યક્ત થઈ સર્વશ્રેષ્ઠ થયા તે લોકગ્રે રહે છે.

ષટ્ગુણી હાનિ વૃદ્ધિરૂપ શુદ્ધ અર્થપર્યાય છે અને છેલ્લા શરીરથી કિંચિત્ ન્યૂન પુરુષાકારે આત્મપ્રદેશોનો આકાર તે-રૂપ વ્યંજનપર્યાય સહિત સિદ્ધ ભગવાન બિરાજે છે. જેમ ચોકઠામાં મીણ ભર્યું હોય, પછી ચોકઠું નીકળી ગયે મીણ પુરુષાકાર રહી જાય તેમ શરીરરહિત અતીંદ્રિય જ્ઞાનમય પુરુષાકારે સિદ્ધ ભગવાન રહે છે.

શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કેઃ-

**જે જાણતો અર્હંતને ગુણ, દ્રવ્ય ને પર્યયપણે,**

**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦.**

જે આત્મા સ્વસન્મુખ થઈ શ્રી અર્હંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે નિશ્ચયથી પોતાના આત્માને જાણે છે ને તેને દર્શનમોહનો ક્ષય થાય છે.

શ્રી અર્હંત-સિદ્ધદેવનું સ્વરૂપ બરાબર જાણે તેને સ્વરૂપમાં ભ્રાંતિ રહે નહિ, માટે દેવનું સ્વરૂપ કહ્યું.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## જ્ઞાન અધિકાર

જ્ઞાન લોકાલોક સર્વ જ્ઞેયને જાણે. દરેક જીવનો જાણવાનો સ્વભાવ છે. કોઈને કરે નહિ, ટાળે નહિ; કોઈનું લ્યે નહિ, કોઈને કાંઈ આપી શકે નહિ. લોકાલોકને જાણે એવું જ્ઞાનનું સામર્થ્ય છે. રાગને ટાળવો અથવા રાખવો એવી શક્તિ જ્ઞાનની નથી, પરંતુ જાણવું તે જ જ્ઞાનની શક્તિ છે. જ્ઞાતા રહે ત્યાં રાગ ટળી જાય છે, રાગને ટાળવો પડતો નથી.

દેહ દીઠ દરેક આત્મા સદાય જ્ઞાનનો પિંડ છે. સર્વજ્ઞસ્વભાવી છે છતાં વર્તમાન સંસાર અવસ્થામાં પોતાના અપરાધથી અજ્ઞાનરૂપ થઈ રહ્યો છે. તોપણ ત્રણ કાળ-ત્રણ લોકને જાણવાની તેની શક્તિ જતી નથી. બીજાનો મહિમા કરે પણ આ ચિદાનંદ પૂર્ણસ્વભાવ કોઈ થી નાશ ન પામે એવી શક્તિ કાયમ છે, તેનો મહિમા તો કર! જેમ સૂર્યને વાદળાંનું આવરણ આવે તેથી સૂર્યનો પ્રકાશ ન જાય, તેમ જ્ઞાનાવરણથી જ્ઞાન ન જાય-નાશ ન થાય. જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું તે અનુભવ છે.

શ્રી સમયસારમાં કહ્યું છે કેઃ-

જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું તે સમ્યગ્જ્ઞાન છે,
જ્ઞાનનું સમ્યક્ત્વરૂપે થવું તે સમ્યગ્દર્શન છે,
જ્ઞાનનું સ્થિરરૂપે થવું તે સમ્યક્ચારિત્ર છે.

આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે તેનાં શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા કર, તેમાં બધા ઉકેલ આવી જાય છે. તારી ચૈતન્યશક્તિ પડી છે, તેમાં એકાગ્ર થઈને તેને ખોલ. જુઓ, જ્ઞાનની તાકાત એવી છે કે અનંત ગુણોને વ્યક્ત જાણે. જ્ઞાન વિના જ્ઞેયો જણાય નહિ. ચૈતન્યના પ્રકાશમાં જ બધાં જ્ઞેયો જણાય છે. “અમે છીએ” એમ પોતાના અસ્તિત્વનું ભાન જડને નથી, તેને પ્રકાશનારું તો જ્ઞાન છે, જ્ઞાન જાણનાર છે ને જ્ઞેયો જણાવા યોગ્ય છે. જ્ઞાન વગર જ્ઞેયોને જાણે કોણ? માટે જ્ઞાનની પ્રધાનતા કહી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. આત્મા અનંત ગુણસ્વરૂપ વસ્તુ છે, પણ તેનો જ્ઞાનગુણ અસાધારણ છે તેથી જ્ઞાનમાત્ર કહ્યો છે. જ્ઞાન વિના આત્માને નક્કી કોણ કરત? સમયસાર વગેરે ગ્રંથોમાં આત્માને જ્ઞાનમાત્ર જ કહ્યો છેઃ–

**आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत् करोति किम्।**
**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणाम्।।**

ભગવાન આત્મા જ્ઞાન છે. પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાન અનંત ગુણોમાં વ્યાપીને રહ્યું છે. આવા જ્ઞાનસ્વરૂપ લક્ષણ વડે આત્માની પ્રસિદ્ધિ થાય છે, માટે આત્માને જ્ઞાનમાત્ર કહીને ઓળખાવ્યો છે. જેમ મંદિરને "ધોળું મંદિર," એમ કહીને ઓળખવવામાં આવે છે, હવે ત્યાં મંદિરમાં બીજા પણ રંગો તો છે, પણ દૂરથી શ્વેતરંગની મુખ્યતા ભાસે છે, તેથી શ્વેતરંગની પ્રધાનતા વડે મંદિરને ઓળખાવે છે. તેમ આત્મામાં અનંત ગુણો છે પણ તેમાં જ્ઞાનગુણ વડે આત્મા ઓળખાય છે, માટે આત્માને જ્ઞાનમાત્ર કહ્યો છે. ભગવાન આત્મા જ્ઞાન વડે પોતે પોતાથી જણાય છે. જ્ઞાન પ્રસિદ્ધ છે, માટે તેના વડે આત્મા ઓળખાવ્યો છે.

વળી એકેક ગુણમાં અનંત શક્તિ છે. એક ગુણ બીજા અનંતગુણોમાં વ્યાપક છે. જ્ઞાનસ્વરૂપને નક્કી કરવું તેનું નામ ધર્મ છે. એક સમયમાં ત્રણકાળ–ત્રણલોકને જાણવાની તાકાત છે. તેને પ્રતીતમાં લઈને એકાગ્ર થતાં એક સમયમાં ત્રણકાળ–ત્રણલોકને જાણે એવી તાકાત પર્યાયમાં ખીલી જાય છે.

વસ્તુનો જેવો સ્વભાવ હોય તેવો જ્ઞાન જાણે છે, પણ ત્યાં "હું આ કરું છું" એમ ભ્રમથી અજ્ઞાની માને છે. જમણા પછી ડાબો પગ ઊપડશે એમ જ્ઞાન જાણે છે, પણ "મેં પગ ઉપાડયો" એમ અજ્ઞાની ભ્રમથી માને છે, જ્ઞાનના સ્વભાવને તે જાણતો નથી. આત્મામાં અનંત ગુણો છે ને એકેક ગુણની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંત શક્તિઓ છે, ગુણની પર્યાયો અનેક છે-એ બધાને જ્ઞાન જાણે છે. સામાન્યપણે વસ્તુ એક છે ને તેના ગુણ-પર્યાયો અનેક છે-એમ જ્ઞાન બધાને જાણે એવી તેની તાકાત છે. શ્રદ્ધાનો પ્રતીત કરવાનો સ્વભાવ, ચારિત્રનો ઠરવાનો સ્વભાવ, જ્ઞાનનો જાણવાનો સ્વભાવ, અગ્નિનો ઉષ્ણ સ્વભાવ -એમ જ્ઞાન જાણે છે. આવા જ્ઞાનસ્વભાવને નક્કી કરે તો તેને અનુભવ થયા વિના રહે નહિ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મહા સુદ ૬, મંગળ ૨૦-૧-૫૩
## પ્ર. -૪૫

**આ**ત્માને જ્ઞાનની પ્રધાનતાથી "જ્ઞાયક" તરીકે વર્ણવ્યો છે. આત્મા જ્ઞાયક છે. જ્ઞાન સર્વને જાણનાર છે. જ્ઞાન સર્વ વસ્તુસ્વરૂપનો નિર્ણય કરે છે. શ્રદ્ધા તો નિર્વિકલ્પ પ્રતીતિરૂપ છે. તેને જાણનારું જ્ઞાન છે. એ રીતે અનંત ગુણોમાં જ્ઞાનગુણની પ્રધાનતા છે. જ્ઞાન વડે સ્વસંવેદન થાય છે. આત્માનું સ્વસંવેદન થતાં પ્રથમ જ્ઞાનનો અંશ શુદ્ધ થયો. ચોથા ગુણસ્થાને જ્ઞાનનું સ્વસંવેદન પ્રગટયું તે સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન છે, તે અંશ છે અને તેનો પૂર્ણ વિકાસ થતાં પૂર્ણ લોકાલોકને જાણે એવું સામર્થ્ય પ્રગટે છે. સ્વાનુભવ તરફ જે અંશ વળ્યો તે વધીને કેવળજ્ઞાન થાય છે, રાગ વડે કેવળજ્ઞાન થતું નથી. પર જ્ઞેયો છે માટે જ્ઞાન તેને જાણે છે-એમ નથી, પણ જ્ઞાનપર્યાય પોતે તેવા જ્ઞેયાકારરૂપે થાય છે. પરજ્ઞેયો કાંઈ જ્ઞાનમાં આવતાં નથી. શબ્દાદિ પરજ્ઞેયોને લીધે જ્ઞાનપર્યાય થતી નથી. મતિ-શ્રુતજ્ઞાન હો કે કેવળજ્ઞાનપર્યાય હો, તે દરેક જ્ઞાન પોતાની જ્ઞાનપર્યાયથી જ છે, પરને લીધે તે જ્ઞાન નથી.

જ્ઞેય નાશ થતાં જ્ઞાન નાશ પામે એમ નથી. રાગ થયો, રાગનું જ્ઞાન થયું, છતાં જ્ઞાનની પર્યાયમાં રાગનો ખ્યાલ અને રાગ તે હું નહિ એમ જ્ઞાનનો ખ્યાલ રહે છે, માટે જ્ઞેયના કારણે જ્ઞાન નથી.

જેટલાં જ્ઞેયો જાણવામાં આવે છે તેટલા ભેદજ્ઞાનની પર્યાયમાં પડે છે તે જ્ઞાનના કારણે છે. રાગ અને પરજ્ઞેયો જણાય તેથી જ્ઞાનનું અસ્તિત્વ નથી જ્ઞાન તો જ્ઞાનસ્વભાવથી જ થાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનેક જ્ઞેયો છે માટે જ્ઞાન અનેક ભેદરૂપ થયું નથી. સ્વ-પરપ્રકાશક સ્વભાવના અસ્તિત્વથી જ જ્ઞાન અનેક પ્રકારને જાણે છે. દયા, દાન, ભક્તિ, વ્યવહારરત્નત્રયના વિકલ્પ આદિ અનેક પ્રકારને જાણવારૂપ જ્ઞાનની અવસ્થા થાય છે, તે જ્ઞાનના કારણે છે. રાગના કારણે અનેક પ્રકાર નથી. કર્મના ઉદયના કારણે અનેક પ્રકાર નથી.

જડ કર્મ પરિભ્રમણનું કારણ નથી, રાગ પણ ભવભ્રમણનું મૂળ કારણ નથી, પણ રાગ અને જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાનની એકત્વબુદ્ધિ તે જ સંસાર અને સંસારનું કારણ છે. ભાવકર્મ-રાગદ્વેષ થાય છે તે એક સયમની અશુદ્ધ પર્યાય છે. એટલો જ હું છું, એના આધારે લાભ થાય, શુભરાગના આધારે જ્ઞાન ખીલે, એવી પર્યાયબુદ્ધિ જ સંસાર છે. રાગથી-જ્ઞેયથી જ્ઞાન નથી. ત્રિકાળ જ્ઞાનસ્વભાવથી જ મારું સર્વસ્વ છે, સ્વાશ્રય જ્ઞાતાપણું એ જ ધર્મ છે. મારો સ્વભાવ જ જાણવાનો છે. પરની હિંસા કે દયા, શરીરની ક્રિયા, ભાષા વગેરે મારે આધીન નથી. જ્ઞાયકમાત્રપણામાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા-તે ધર્મ છે. શુભા-શુભરાગનો હું જાણનાર છું, જ્ઞાનસ્વભાવમાં ભવ અને ભવભ્રમણની તાકાત નથી, હું તો નિત્ય જાણનાર સ્વભાવી જ છું, એવો દઢ નિશ્ચય તે ભવરહિતની શ્રદ્ધા છે અને ભવ-વિકાર રહિતનું જ્ઞાન તે જ સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન છે.

મારા જ્ઞાનનો પર્યાય મેચક-અનેક પ્રકારને જાણે, તે મારું નિશ્ચય સ્વસામર્થ્ય છે. જ્ઞાન પરને જાણે તેમ કહેવું તે ઉપચાર છે. મારા મતિ-શ્રુતજ્ઞાનમાં રહીને જાણું છું, તે નિશ્ચય છે. લોકાલોકને જાણે છે તે ઉપચાર છે. કેવળીને પણ એ રીતે નિશ્ચય-વ્યવહાર જાણવો.

જ્ઞેય પલટે, શરીરનો ઘાત થાય-વિયોગ થાય તેથી મારી જ્ઞાનવસ્તુનો કાંઈ નાશ થતો નથી. જ્ઞાન કોને મારે કે કોને જીવાડે? જ્ઞાન તો માત્ર જાણે. નિશ્ચયથી જ્ઞાન પોતાની જ્ઞાનપર્યાયને જાણે છે. પરને જાણવાવાળો છું એમ કહેવું તે ઉપચાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. પરને મારે કે જીવાડે, આહાર-પાણી લ્યે કે દે, એ વ્યવહાર જ્ઞાનમાં નથી. કેમકે પરની પર્યાયનો સ્વમાં અત્યંત અભાવ છે. માટે કોઈના કારણે કોઈનું સત્ છે એમ નથી. જે સમયે જેમ બને છે તેમ જ્ઞાન તો પોતાની પર્યાયના કારણે તેને જાણે છે, પરના કારણે જ્ઞાનનું અસ્તિત્વ નથી, અને જ્ઞેય પલટતાં જ્ઞાનનો વિનાશ થઈ જાય-એમ નથી. પરજીવ મર્યો તેને કારણે જ્ઞાનમાં કાંઈ નુકસાન થયું-એમ નથી. જ્ઞાન તો તેને જાણનાર છે જ્ઞાન ત્રિકાળ છે, તે સત્ છે, ને જ્ઞાનની પર્યાય પણ પોતાથી જ સત્ છે, આહાર-પાણી આવે કે જાય-તેના કારણે જ્ઞાનમાં કાંઈ લાભ-નુકસાન નથી, પર જ્ઞેયો જ્ઞાનમાં જણાય છે એ પણ ઉપચારથી છે, ખરેખર જ્ઞાનમાં પરદ્રવ્યો આવી જતાં નથી, રાગ અને નિમિત્તના અવલંબન વગર પોતાથી જ જાણવાનો જ્ઞાનનો સ્વભાવ છે.

લોકાલોક આત્મામાં નથી માટે લોકાલોકનું જ્ઞાન ઉપચારથી કહ્યું, પણ તેનો અર્થ એમ નથી કે કેવળી ભગવાનને લોકાલોકનું જ્ઞાન જ નથી.

કોઈ એમ પ્રશ્ન કરે કે લોકાલોકનું જ્ઞાન ઉપચારથી કહ્યું, તો સર્વજ્ઞપદ પદ ઉપચારથી થયું. તો શું સર્વજ્ઞપદ જૂઠ છે? ઉપચાર તો જૂઠ છે અને તમે કહો છો કે લોકાલોકનું જ્ઞાન તો ઉપચારથી છે, તો શું સર્વજ્ઞપદ પણ ઉપચારથી છે?

તેનું સમાધાનઃ- અરે ભાઈ! જેના જ્ઞાનસામર્થ્યમાં ઉપચારમાત્રથી પણ લોકાલોક ભાસ્યો, તે જ્ઞાનનું સામર્થ્ય કેટલું!! જેનું વ્યવહારસામર્થ્ય પણ આટલું, તેના નિશ્ચયસામર્થ્યનું શું કહેવું? પરજ્ઞેયો આત્મામાં નથી માટે તેનું જ્ઞાન ઉપચારથી કહ્યું છે. પણ જ્ઞાનનું સામર્થ્ય છે તે કાંઈ ઉપચારથી નથી. લોકાલોક કરતાં પણ અનંતું જાણવાની જ્ઞાનની બેહદ શક્તિ છે, પરમાત્મ-પ્રકાશમાં કહ્યું છે કે જેમ મંડપ સુધી વેલો પથરાય છે, પણ તેનામાં તો હજી વિશેષ પણ પથરાવાની તાકાત છે, તેમ આ જ્ઞાન લોકાલોકના મંડપને પહોંચી વળ્યું છે, પણ એટલું જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જાણવાની જ્ઞાનની શક્તિ છે-એમ નથી. અનંત લોકાલોક હોત તો તેને પણ જાણી લેવાની જ્ઞાનની શક્તિ છે, તે તો જ્ઞાનનો સ્વતઃ સ્વભાવ છે. જુઓ, આ જ્ઞાનનું સામર્થ્ય ?

આત્મા લોકાલોકને જાણે છે અને પોતાને નથી જાણતો-એમ વ્યવહારનયથી કોઈ કહે તો તેમાં શું દોષ છે? અર્થાત્ કાંઈ દોષ નથી, પણ ત્યાં એનો એવો અર્થ નથી કે-લોકાલોકને જાણવાનું સામર્થ્ય જ્ઞાનમાં નથી. લોકાલોકને વ્યવહારથી જાણે છે ને પોતાને તો નિશ્ચયથી જાણે છે. જો નિશ્ચયથી લોકાલોકને જાણે તો તે પર સાથે એકમેક થઈ જાય! ને જો વ્યવહારથી પોતાને જાણે તો તે પોતાથી જુદો ઠરે. માટે કહ્યું કે નિશ્ચયથી આત્મા પોતાને જ તન્મયપણે જાણે છે, લોકાલોકને નહિ. પણ આત્મામાં સર્વજ્ઞશક્તિ છે તે કાંઈ ઉપચારથી નથી, તે તો વાસ્તવિક સ્વરૂપ છે.

જેને તન્મય થયા વિના લોકાલોક ઉપચારથી ભાસ્યો તેના નિશ્ચયજ્ઞાનનો શો મહિમા કહેવો? સર્વજ્ઞપણું નહિ માનનાર એક પંડિત તત્ત્વાર્થવૃત્તિની પ્રસ્તાવનામાં લખે છે કે "ભગવાન મહાવીર તો વિશિષ્ટ તત્ત્વવિચારક હતા," તો તેને વસ્તુસ્વભાવની શ્રદ્ધા નથી.

જ્ઞાનની તાકાત લોકાલોકને ઉપચારથી જાણવાની છે, પણ અનંતા લોકાલોક હોય તો તેને પણ જ્ઞાન જાણે એવું તેનું સામર્થ્ય છે. આ જ્ઞાન સ્વસંવેદનરૂપ થયું થકું સર્વને જાણે એવા સહજ સ્વભાવવાળું છે. કોઈ નિમિત્તનું વેદન અથવા પુણ્ય-પાપના વિકલ્પનું વેદન કરે ને બધાને જાણે એવું નથી.

જુઓ, ધર્મ ચીજ અંતરની છે. વસ્તુનો સ્વભાવ જ્ઞાયક છે. પરમાં ભળ્યા વિના સ્વભાવ સ્વસંવેદનથી સર્વને જાણે છે. નિશ્ચય શું? એમ ન જાણે તેનું પરનું જાણવું પણ સાચું નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની વ્યવહારશ્રદ્ધાનું જાણવું વ્યવહારે સાચું ક્યારે થાય? કે નિશ્ચયથી સ્વસંવેદનરૂપ સ્વને જાણે ત્યારે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પરની ઉપેક્ષા સ્વ છે, સ્વની ઉપેક્ષા પર છે. પરસ્પર અભાવરૂપ સ્વતંત્ર અસ્તિત્વ છે. સ્વમાં અથવા સ્વને લઈને પર નહિ, પરને લઈને સ્વ નહિ. નિશ્ચયથી પરના વેદન વિના પૂર્ણ સ્વરૂપને જાણે છે છતાં પરને જાણવારૂપ ઉપચાર પણ છે-એવી વિવક્ષાથી વસ્તુસિદ્ધિ છે. એમ સમ્યગ્જ્ઞાનથી સ્વરૂપઅનુભવ થાય છે.



# મહા સુદ ૭, બુધવાર ૨૧-૧-૫૩
# પ્ર. -૪૬

## જ્ઞેય અધિકાર

**આ** અનુભવપ્રકાશ છે. આત્માનો ત્રિકાળ જ્ઞાન-આનંદ સ્વભાવ છે. તે પરમાં અને વિકારમાં અટકીને પર્યાયમાં વિકારનો અનુભવ કરે છે તે તેનું વાસ્તવિક સ્વરૂપ નથી. ત્રિકાળી સ્વભાવની પ્રતીત અને ઓળખાણ કરીને આનંદનો અનુભવ કરવો તે ધર્મ અને મોક્ષમાર્ગ છે. આત્માના જ્ઞાનાનંદ સ્વરૂપનો અનુભવ કોને થાય? -કે આત્મા જ્ઞાન છે, તે સ્વ-પરને જાણનાર છે ને આત્મા તેમ જ અનંતા પરપદાર્થો તે જ્ઞેયો છે, પરપદાર્થો જ્ઞાનનું જ્ઞેય છે ને આત્મા તેનો જ્ઞાતા છે. "જ્ઞાતું યોગ્યં જ્ઞેયં" એટલે કે જણાવાયોગ્ય પદાર્થો તે જ્ઞેય છે. એથી આગળ વધીને બીજો સંબંધ માને તો તે અજ્ઞાની છે. પર ચીજો જ્ઞાનમાં જણાય, પણ પર ચીજો આત્માને કાંઈ લાભ-નુકશાન કરે-એમ નથી અને આત્મા તે જ્ઞેયોને જાણે, પણ તેને કાંઈ દૂર કે નજીક કરે એવું તેનું સ્વરૂપ નથી.

જ્ઞેય પદાર્થ કેવો છે? તેનું વિશેષ વર્ણન કરે છે. પદાર્થની ત્રણ અવસ્થા-દશા-પ્રકાર છે-દ્રવ્ય, ગુણ અને પર્યાય; આ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં બધા જ્ઞેયપદાર્થો સમાઈ જાય છે તેના સિવાય ચોથી કોઈ ચીજ જગતમાં નથી. દ્રવ્ય કહ્યું તેમાં આત્મા પોતે પણ આવી જાય છે. આત્મા પોતે પણ જ્ઞેય છે. પોતાના તેમ જ પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે, પણ પરની અવસ્થાને કરે નહિ, ભોગવે નહિ, ગ્રહે નહિ, છોડે નહિ. ત્રિકાળી દ્રવ્યને, અનંત ગુણોને તેમજ પર્યાયને જ્ઞાન જાણે છે.

રાગપર્યાયને પણ જાણે છે; પણ રાગને કરું કે છોડું-એવો જ્ઞાનનો સ્વભાવ નથી. જ્ઞાન તો જાણનાર જ છે, આવી પ્રતીત કરે તેને ભેદજ્ઞાન થઈને આત્માનો અનુભવ થાય. અહીં ત્રિકાળી દ્રવ્યને 'દ્રવ્યઅવસ્થા' કહેલ છે, કેમકે દ્રવ્ય પણ ત્રિકાળ દ્રવ્યરૂપે અવસ્થિત રહે છે, તેથી તેને પણ અવસ્થા કહેવાય છે. વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણેને અહીં અવસ્થા કહી છે.

દ્રવ્યનું દ્રવ્યપણે ટકી રહેવું, ગુણનું ગુણપણે ટકી રહેવું ને દરેક અવસ્થાનું પોતપોતાપણે રહેવું-એમ દ્રવ્ય-ગુણ-પર્યાય એ ત્રણેય જ્ઞાનનાં જ્ઞેયો છે, પણ ત્યાં જ્ઞાનને લીધે જ્ઞેય નથી ને જ્ઞેયને લીધે જ્ઞાન નથી. આમ જાણે તો પરજ્ઞેયનો સ્વામી ન થાય ને સ્વજ્ઞેયનો સ્વામી રહીને ધર્મ કરે.

વસ્તુ છે, જે વસ્તુ છે તે સ્વયંસિદ્ધ છે, તેનામાં જ્ઞેય થવાનો ધર્મ છે ને આત્મામાં જાણવાનો ધર્મ છે. જો તેને બદલે પર સાથે કર્તા-કર્મપણું માને તો તેને અધર્મ અને મિથ્યાત્વ થાય છે. આત્મા સિવાય શરીર, લક્ષ્મી વગેરે જડ પદાર્થો છે. તે જ્ઞાનનું જ્ઞેય છે. પણ તે પદાર્થોમાં આત્માનું સુખ નથી. તે પદાર્થો મને સુખરૂપ છે કે મને દુઃખરૂપ છે એમ માને તો તે ભ્રમણા છે. પરદ્રવ્યમાં એવી શક્તિ નથી કે આ આત્માને તેઓ સુખ-દુઃખ આપે. હા, જ્ઞાનનું જ્ઞેય થવાની તેમની તાકાત છે. આમ સમજતાં જ્ઞાન તટસ્થ રહી ગયું ને પરમાં ઇષ્ટ-અનિષ્ટપણાની માન્યતા ન રહી-એટલે વીતરાગભાવરૂપ શાંતિ રહી. એનું નામ ધર્મ અને એનું નામ સુખ છે.

લાકડું ઊંચું થયું તે તેના પરમાણુઓનો પર્યાયધર્મ છે. તે હાથને લીધે ઊંચું થયું નથી, તેમ જ જ્ઞાનને લીધે કે રાગને લીધે પણ થતું નથી. જ્ઞાનનો તેને જાણવાનો ધર્મ છે-ત્યાં એમ માને કે મારે લીધે આ લાકડું ઊંચું થયું-તો તે મિથ્યાદૃષ્ટિ છે, તેને પરથી ભિન્ન પડીને જ્ઞાનસ્વરૂપનો અનુભવ થતો નથી.

આત્માના અનંત ગુણોમાં જ્ઞાનગુણની પ્રધાનતા છે. તે જ્ઞાન સમસ્ત પદાર્થોનો નિર્ણય કરવાના સ્વભાવવાળું છે ને પદાર્થો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તેનાં જ્ઞેયો છે. આમ સમજે તેને પરથી ભિન્નતા થઈને આત્માનો અનુભવ થાય છે.

દ્રવ્યઅવસ્થા મુખ્ય છે મૂળ ચીજ ન હોય તો તેના શક્તિરૂપ ગુણ અને તેની પર્યાયનું નક્કી ન થાય. જો આત્મા, પરમાણુ વગેરે પદાર્થ સ્વશક્તિવાનપણું ન ધરે તો ગુણ-પર્યાયપણું સાબિત ન થાય. ગળપણ હોય અને તેને ધારણ કરનાર પદાર્થની સત્તા ન હોય તો તેનું વસ્તુપણું ન હોય. દ્રવ્યઅવસ્થારૂપ કાયમી ચીજ વિના (આધારરૂપ વસ્તુ વિના) ગુણ ન હોય. જ્ઞાનસ્વભાવનું સામર્થ્ય જ એવું છે કે જેમ છે તેમ સ્વ-પર જ્ઞેયનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી અવસ્થિતપણું જાણે. વસ્તુ છે તે તેના જ ગુણ-પર્યાયને વ્યાપાર છે, તે કોઈ બીજાને લઈને નથી. જ્ઞાન સ્વ-પર જ્ઞેયને જાણે અને જ્ઞેયમાં જાણવાયોગ્યપણું છે. વસ્તુ છે તે તેના ગુણ-પર્યાયમાં વ્યાપક છે. રાગપર્યાય છે તેનો આધાર આખો ગુણ તે ચારિત્ર છે. પર્યાયરૂપ રાગ અંશનું તે ચારિત્રગુણમાં વ્યાપવું છે, કોઈ કર્મ કે નિમિત્તનું તેમાં વ્યાપવું નથી. આમ દરેકનું સ્વતંત્રપણું છે. જે કોઈ સંસારપર્યાય નિમિત્તથી થયો જાણે છે તેણે આત્માનું પોતાના ગુણ-પર્યાયમાં સ્વતંત્રપણે વ્યાપવું માન્યું નહિ.

કેવળી ભગવાનની સમીપે ક્ષાયિક સમકિતની પર્યાય ઊઘડે, ત્યાં જ્ઞાની જાણે છે કે મારા શ્રદ્ધાગુણની પર્યાયમાં મારું વ્યાપવું છે, બીજાથી તેનું વ્યાપવું થયું નથી. શરીરની નગ્નદશા થઈ તેને જ્ઞાન જાણે છે કે તે શરીરની પર્યાયનો આધાર-કારણ તે પરમાણુ દ્રવ્ય છે, તેથી પરમાણુ જ તે પર્યાયનો કર્તા અને વ્યાપક છે. પરવસ્તુ તો જ્ઞાનનું જ્ઞેયમાત્ર છે. તે અનુકૂળ કે પ્રતિકૂળ નથી, કેમકે એવો પદાર્થનો સ્વભાવ જ નથી. જે પરવસ્તુથી સુખ-દુઃખ કે રાગ-દ્વેષ થવા માને છે તે મૂઢ છે. જે કોઈ પદાર્થ છે તેમાં તેના ગુણ-પર્યાય વ્યાપ્યા છે. તેને જાણવા સિવાય જ્ઞાનની બીજી કોઈ તાકાત નથી. કોઈ જ્ઞેયમાં ઇષ્ટ-અનિષ્ટપણાની છાપ મારેલી નથી, પણ તે માત્ર જણાવાયોગ્ય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com


દ્રવ્યને નક્કી કર્યા પછી ગુણની અવસ્થાનું અસ્તિત્વ નક્કી થાય. સ્વભાવવાન છે તો તેનો સ્વભાવ શું છે તેમ જાણી શકાય છે. ગુણ વિના ગુણી ન હોય. બીજાથી જુદાપણું ગુણવડે-સ્વભાવવડે નક્કી થાય છે.

દરેક પદાર્થ ગુણોનો સમુદાય છે. છે તે કોઈ પરથી હોઈ શકે નહિ. છે તેનો કોઈ ઈશ્વર-ઉત્પાદક, રક્ષક કે નાશક નથી. દરેક પદાર્થ પૃથક પૃથક છે. નિમિત્ત છે તે જુદી ચીજ જ્ઞેયરૂપે છે. નિમિત્ત છે તો મને જ્ઞાન થાય કે રાગ થાય એમ માનનારે વસ્તુસ્થિતિ જાણી નથી. જ્ઞાની કહે કે "નિમિત્તથી લાભ-નુકશાન ન થાય એવો સ્વભાવ છે," ત્યાં અજ્ઞાની કહે કે "તમે નિમિત્તને માનતા નથી, નિમિત્તથી લાભ-નુકશાન થાય એમ માનો તો તમે નિમિત્તને માન્યું કહેવાય!" પણ એ વાત જૂઠી છે.

વસ્તુમાં **પર્યાયધર્મ** છે તેથી તેમાં સમયે સમયે પરિણામ થાય છે. જો પર્યાયઅવસ્થા ન હોય તો વસ્તુ પરિણમે ક્યાંથી? વસ્તુ પોતે પોતાના પર્યાયધર્મથી જ પરિણમે છે, પરને કારણે પરિણામ થતા નથી-આવી તત્ત્વની મર્યાદા છે. અરે જીવ! તું ધીરો થા, ધીરો થઈને તત્ત્વની મર્યાદાને જાણ, તો જ શાંતિ થશે ને દુઃખ મટશે. આ સિવાય બીજા ઉપાયથી શાંતિ થાય તેમ નથી. પર્યાય થવાનો ધર્મ વસ્તુમા છે. સંસારપર્યાય થવાની લાયકાત જીવમાં છે. જો જીવમાં તે લાયકાત ન હોય તો શું કર્મ કરાવી દે? અને શિષ્યમાં જ્ઞાન થવાની લાયકાત ન હોય તો શું ગુરુ તેને આપી દે? કોઈના કારણે કોઈની પર્યાય થાય નહિ. શિષ્ય તેના પર્યાયધર્મથી જ જ્ઞાનપણે છે, ને જીવ પોતાની પર્યાયથી જ સંસાર કે મોક્ષપણે પરિણમે છે. વળી નિર્દોષ આહારને લીધે જીવને મુનિપણું ટકી રહે છે એમ પણ નથી.

ક્ષણે ક્ષણે નવી નવી પર્યાયપણે થવું તે પણ પદાર્થનો અવસ્થાધર્મ છે, કોઈ બીજી ચીજને લઈને નથી. માટીમાંથી ઘડો થાય છે, ત્યાં માટીમાં તેવી પર્યાયઅવસ્થા છે. કુંભાર તે અવસ્થાને પરિણમાવતો નથી. તે તે પર્યાયમાં ટકવું એવો વસ્તુનો અવસ્થાધર્મ

છે. અવ = નિશ્ચયપણે, સ્થ = ટકવું; જે સમયની જે પર્યાય છે તે નિશ્ચિત જ છે, દ્રવ્ય તે સમયે નિશ્ચયથી તે અવસ્થાપણે પરિણમવાનું છે. એવો તેનો અવસ્થાધર્મ છે, તે જ્ઞેય છે, અને આત્માનો તેને જાણવાનો સ્વભાવ છે. તેને બદલે આડું-અવળું કરવાનું જે માને તેણે જ્ઞાનનો અનાદર કર્યો, અનંત ગુણોનો અનાદર કર્યો, જ્ઞેયોનો અનાદર કર્યો, તે મિથ્યાદૃષ્ટિ થઈને અનંત સંસારમાં રખડે છે. આત્માના રાગથી શરીર ચાલતું નથી ને શરીર ચાલવાને કારણે રાગ થતો નથી. સૌ પોતપોતાની અવસ્થામાં પરિણમે છે. નિમિત્ત આવ્યું માટે તે અવસ્થા થઈ -એમ નથી. ભગવાન! તારે શાંતિ જોઈતી હોય તો જ્ઞેયોને જેમ છે તેમ જાણ! વિપરીતપણે જાણે તેને શાંતિ થાય નહિ; યથાર્થ પદાર્થને જે જાણે તેને સમ્યગ્જ્ઞાન થઈને શાંતિ પ્રગટયા વિના રહે નહીં. અહો! એક સિદ્ધાંતમાં તો ત્રણકાળ-ત્રણલોકના પદાર્થોનું પૃથક્કરણ કરી નાખ્યું. પદાર્થમાં પર્યાયધર્મ ન હોય તો તે પરિણમે ક્યાંથી? દરેક પદાર્થ પોતાના પર્યાયધર્મથી જ પરિણમે છે, તે જ્ઞાનનું જ્ઞેય છે. બીજાના કારણે પદાર્થ પરિણમે એમ માને તે મૂઢ છે. માટે પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છે -એવું જ્ઞેય છે. લાકડી ઊંચી થઈ તે તેના પર્યાયધર્મથી થઈ છે, હાથને લીધે કે રાગને લીધે કે જીવને લીધે થઈ નથી, જો તેને લીધે થઈ હોય તો આકાશ કેમ ઊંચું નથી થતું? કેમકે તેનામાં તેવો પર્યાયધર્મ નથી. માટે સૌ પોતપોતાના પર્યાયધર્મથી જ પરિણમે છે. આવી વસ્તુસ્વરૂપની મર્યાદા છે. આવું વસ્તુસ્વરૂપ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે.



# મહા સુદ ૮, ગુરુ ૨૨-૧-૫૩
## પ્ર. -૪૭

**આ**ત્માના આનંદનો અનુભવ કેમ પ્રગટે તેની આ વાત છે. જો દરેક વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેની સ્વતંત્રતા સ્વીકારે તો દ્રવ્યની દૃષ્ટિ કરીને, પર્યાયબુદ્ધિ છોડીને અનુભવ થાય. પર્યાય અવસ્થા ન હોય તો વસ્તુને પરિણમાવે કોણ? કોઈ દ્રવ્યમાં બીજા દ્રવ્યને પલટાવવાની તાકાત નથી. દ્રવ્ય-ગુણ સત્ છે ને એકેક સમયની પર્યાય પણ સત્ છે. પર્યાય એકેક સમયની છે, માટે તેને સત્ ન કહેવાય-એમ નથી. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સત્ છે-એ વાત પ્રવચનસારમાં કરી છે. નિમિત્તથી પરિણમન થાય-એ વાત રહેતી નથી, કેમ વસ્તુમાં પર્યાય પણ સત્ છે, પર્યાયધર્મ વગર વસ્તુમાં ઉત્પાદવ્યય સિદ્ધ ન થાય. "ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત સત્" એટલે નવી પર્યાયનો ઉત્પાદ, જૂની પર્યાયનો વ્યય અને વસ્તુપણે ધ્રુવતા-એ ત્રણે થઈને સત્ છે. જો પર્યાય ન હોય તો ઉત્પાદ-વ્યય-ધ્રુવની સિદ્ધિ જ ન થાય અને એક સમયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ પણ ન થાય.

| | |
|---|---|
| ૧. અનંતગુણવૃદ્ધિ | ૧. અનંતગુણહાનિ |
| ૨. અસંખ્યગુણવૃદ્ધિ | ૨. અસંખ્યગુણહાનિ |
| ૩. સંખ્યાતગુણવૃદ્ધિ | ૩. સંખ્યાતગુણહાનિ |
| ૪. સંખ્યાતભાગવૃદ્ધિ | ૪. સંખ્યાતભાગહાનિ |
| ૫. અસંખ્યાતભાગવૃદ્ધિ | ૫. અસંખ્યાતભાગહાનિ |
| ૬. અનંતભાગવૃદ્ધિ | ૬. અનંતભાગહાનિ |

-એ પ્રમાણે ષટ્ગુણવૃદ્ધિહાનિ પર્યાય વગર થઈ શકે નહિ.

નિમિત્ત આવે તો પર્યાય થાય-એમ નથી. આત્મામાં પરિણમવાની તાકાત છે, તેથી જ તે સમ્યગ્દર્શનાદિરૂપે કે રાગાદિરૂપે પરિણમે છે. દેવ-ગુરુ-શાસ્ત્રના કારણે સમ્યગ્દર્શનરૂપે પરિણમે છે એમ નથી, તેમ જ કર્મના ઉદયને લીધે રાગરૂપે પરિણમે છે એમ પણ નથી. આમ સ્વતંત્ર દ્રવ્ય-ગુણ-પર્યાયને સમજતાં પોતે દ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શનરૂપે પરિણમે છે. સમ્યગ્દર્શન કહો કે આત્માનો અનુભવ કહો, કે ધર્મ કહો, તે બધું એક જ છે. વસ્તુમાં જો સ્વયંસિદ્ધ પર્યાય ન થતી હોય તો વસ્તુની અર્થપર્યાયનો એટલે કે પ્રયોજનભૂત ક્રિયાનો અભાવ થાય. મોટર ચાલી તે તેની પર્યાયથી ચાલી છે- પેટ્રોલથી નહિ. પાણી ઊનું થયું તે પોતાના પર્યાયધર્મથી થયું છે, અગ્નિથી થયું નથી. દરેક પદાર્થમાં જો સ્વતંત્ર અવસ્થા ન થતી હોય તો વસ્તુનો જ અભાવ થઈ જાય. માટે પર્યાયથી સર્વસિદ્ધ છે. સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષ તે બધું આત્માની પર્યાયમાં છે. પર્યાય ન હોય તો તે કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી, માટે મુક્તિની સિદ્ધિ પર્યાયથી જ છે. સમ્યગ્દર્શન વગેરેની સિદ્ધિ પણ પર્યાયથી જ છે. પુદ્ગલમાં પણ પુસ્તક, ભાષા, લાકડું, મોટર બધાં પર્યાયો જ છે, પર્યાય વિના તેની સિદ્ધિ થાય નહીં. દરેક દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર પોતાના પર્યાયધર્મથી થાય છે. આવું વસ્તુસ્વરૂપ જાણે તો સમ્યગ્જ્ઞાન થાય.

પરમાત્મા પોતાની પૂર્ણદશાનો અનુભવ કરે છે, મોક્ષમાર્ગી પોતાની અવસ્થાનો અનુભવ કરે છે ને સંસારી પોતાની પર્યાયનો અનુભવ કરે છે. સૌ પોતપોતાની પર્યાયનો અનુભવ કરે છે, પર સાથે કોઈને સંબંધ નથી.

દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયોમાં વ્યાપેલુંછે. ઘડામાં માટીદ્રવ્ય વ્યાપે છે, કુંભાર નહિ. સમ્યગ્દર્શનાદિ પર્યાયો થાય તેમાં આત્મદ્રવ્ય વ્યાપે છે, શરીરની પર્યાયમાં આત્મા નથી વ્યાપતો. કર્મના ઉદય પ્રમાણે રાગદ્વેષ કરવા પડે- એમ અજ્ઞાની માને છે, પણ ભાઈ! કર્મ ક્યાં તારી પર્યાયમાં વ્યાપે છે? તારી રાગદ્વેષ પર્યાયમાં તું જ વ્યાપ્યો છો. જુઓ, આ સમજતાં પરથી ભેદજ્ઞાન થઈ જાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વિકારી પર્યાય હો કે અવિકારી પર્યાય હો- પણ તેમાં આત્મા જ વ્યાપક છે. વિકારી છે તે સ્વભાવ નથી, માટે તેમાં પર નિમિત્તનો આશ્રય હોય છે ને સ્વાભાવના આશ્રયે વિકાર છૂટી જાય છે, પણ એનો અર્થ એમ નથી કે નિમિત્તને લીધે વિકાર થાય છે. અહીં તો એમ સિદ્ધ કરવું છે કે દ્રવ્ય પોતે જ પોતાની પર્યાયમાં વ્યાપે છે- ફેલાય છે. શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કરાવવા સમયસારમાં એમ કહ્યું કે વિકારનો સ્વામી જડ છે, પણ ત્યાં કર્મને લીધે રાગ કરવો પડે છે- એમ નથી. નિમિત્તપ્રધાન કથન કર્યું છે તેથી કાંઈ નિમિત્તની પ્રધાનતાથી રાગ કરવો પડે છે એમ નથી. રાગપર્યાયે પણ જીવ પોતે પરિણમે છે. રાગપર્યાયમાં કોણ વ્યાપ્યો? જીવ પોતે તેમાં વ્યાપ્યો છે. પોતાના ગુણ-પર્યાયમાં દ્રવ્ય વ્યાપે છે. ગુણ પોતાના દ્રવ્ય-પર્યાયમાં વ્યાપે છે અને પર્યાય ગુણ-દ્રવ્યાં વ્યાપે છે. જ્ઞાનપર્યાય થઈ તેમાં પોતાનો જ્ઞાનગુણ વ્યાપ્યો છે, તેમાં શાસ્ત્ર કે ગુરુ વ્યાપ્યા નથી. ચારિત્રની નિર્મળ પર્યાય થાય કે રાગરૂપ વિપરીત પર્યાય થાય- તેમાં ચારિત્રગુણ વ્યાપ્યો છે. વિપરીત શ્રદ્ધા કરે કે સમ્યક્શ્રદ્ધા કરે તેમાં પોતાનો શ્રદ્ધાગુણ વ્યાપ્યો છે. આનંદગુણ ત્રિકાળી દ્રવ્યમાં વ્યાપ્યો છે, તેમ જ દુઃખ કે સુખરૂપ પર્યાયમાં પણ તે વ્યાપ્યો છે. એ પ્રમાણે બધા ગુણો દ્રવ્યમાં તેમ જ પર્યાયમાં સ્વતંત્રપણે વ્યાપે છે, એટલે પરને કારણે અવસ્થા થાય એ વાત રહેતી નથી. નિમિત્તને લીધે પર્યાય થાય- એમ જે માને છે તે પર્યાયમાં વ્યાપક એવા દ્રવ્ય-ગુણને ઉડાડે છે અને નિમિત્તના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે તેને પણ તે ઉડાડે છે.

અગ્નિથી કપડું સળગતું નથી કેમકે ઉષ્ણપર્યાય અગ્નિમાં વ્યાપે છે. પરસ્પર અભાવરૂપ સત્તાથી જાુદા જ છે, તેથી જાુદો જાુદાનું શું કરે? કાંઈ ન કરે.

**પ્રશ્નઃ-** પંચમકાળ છે માટે કેવળજ્ઞાન નથી?

**ઉત્તરઃ-** નહીં, જીવની સ્વતંત્ર યોગ્યતા જ તેવી છે. તેમાં જીવ અને જીવના ગુણ વ્યાપે છે. ધર્મ કે અધર્મમાં પોતાના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ગુણનું વ્યાપવું છે, પરથી તેનું અસ્તિત્વ નથી. એમ દરેકની સ્વતંત્રતા જાણવી તે ધર્મ છે.

પર્યાય ગુણ-દ્રવ્યમાં વ્યાપે છે. ઘટપર્યાય માટીરૂપ પરમાણુના દ્રવ્ય-ગુણમાં વ્યાપે છે, કુંભારમાં નહિ. વિકાર સ્વતંત્રપણે જીવના ગુણ-દ્રવ્યમાં વ્યાપે છે, પરમાં નહિ. એમ જાણે, પછી ક્ષણિક વિકાર સ્વભાવમાં નથી, તેથી તેને અભૂતાર્થ કહેવાય છે. આત્મા અને પુદ્દગલાદિમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું ત્રિકાળ સ્વતંત્રપણું છે. જ્યાં દેખો ત્યાં સિદ્ધમાં કે નિગોદપર્યાયમાં તેના તેના દ્રવ્ય-ગુણનું વ્યાપવું છે. કોઈ પદાર્થની પર્યાય પરમાં વ્યાપે નહિ, પરથી ફેલાય (વ્યાપે) નહિ.

દ્રવ્ય પોતાની પર્યાયને પણ સ્પર્શતું નથી, કેમ કે પર્યાય પર્યાયસત્‌થી છે. એમ પ્રથમ નિરપેક્ષ પર્યાયસત્ સિદ્ધ કર્યા પછી પર્યાય કોની? સામાન્ય દ્રવ્યગુણની-એમ કહેવાય. પર્યાય સત્ છે, તે દ્રવ્ય-ગુણથી અનાલીઢ છે. જો એકમેક થઈ જાય તો તો તેની સત્તા ન રહે, માટે દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ ત્રણે અવસ્થા પદાર્થની છે.

દરેક આત્મા અને પરમાણુ આદિ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવથી અસ્તિ છે. ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય. અસંખ્યાત વગેરે પ્રદેશ સ્વઆકારે છે તે ક્ષેત્ર, વર્તમાન અવસ્થા તે કાળ, અને શક્તિરૂપ ગુણ છે તે ભાવ. તે સ્વચતુષ્ટયથી આત્મા આદિનું અસ્તિપણું છે ને પરથી નાસ્તિપણું - અભાવ છે. શરીરને અગ્નિ અડી જ નથી, કેમકે પરથી નાસ્તિપણાપૂર્વક સ્વચતુષ્ટયથી તેનું અસ્તિપણું છે.

વસ્ત્ર છોડવાં કે લેવાં તે જીવની ઇચ્છા અથવા જ્ઞાનને આધીન નથી, કેમકે દરેક પદાર્થ સર્વત્ર સર્વકાળે પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, પરનાં ચતુષ્ટયમાં તે નથી. આ એક મહાનિયમનો નિર્ણય કરે તો ત્રણકાળ-ત્રણલોકવર્તી સર્વ પદાર્થની

યથાર્થ પ્રતીતિ થઈ જાય અને સ્વતંત્ર જ્ઞાનાનંદ-સ્વભાવસન્મુખ થવાની રુચિ અને સ્થિરતા થાય એ જ સુખી થવાનો ઉપાય છે.

જ્ઞેયરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્ર અવસ્થાને યથાર્થપણે જાણવી તે વસ્તુસ્વભાવરૂપ ધર્મ છે. કુંભારથી માટી નથી, માટે ઘડો કુંભારથી થયો નથી, કેમકે પરસ્પર નાસ્તિપણું છે.

**પ્રશ્નઃ-** મુનિને આહારદાન દેવું હોય તો શુદ્ધ આહાર-પાણી વગેરે લાવવાં કે નહિ?

**ઉત્તરઃ-** વિકલ્પ આવે, પણ પર ચીજને જીવ લાવી શકે નહિ. હું આહારાદિ પર વસ્તુને લાવી શકું- એમ માને તે અજ્ઞાની છે. સામા પદાર્થો તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જ પરિણમી રહ્યા છે. તેનું પરિણમન બીજાથી માને તે પરનો કર્તા થવા માગે છે. બે દ્રવ્ય જુદાં છે- સ્વતંત્ર છે તેમ તે માનતો નથી.

દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ તે સામાન્ય છે અને સ્વકાળરૂપ વર્તમાન અવસ્થા તે તેનું વિશેષ છે. સામાન્યના કારણે વિશેષ થાય છે, બીજાથી નહિ. એને જાણવાવાળો હું છું એમ જ્ઞાતાપણાની શ્રદ્ધા, જ્ઞાતાપણાનું જ્ઞાન અને અનુભવ તે ધર્મ છે.

આત્મામાં કર્મનો ત્રિકાળ અભાવ છે, તેથી કોઈ આત્મા કર્મથી રખડતો નથી પણ પોતાની ભૂલથી રખડે છે. ત્રિકાળી દ્રવ્ય કે ગુણનો અનુભવ ન હોય. અનુભવ-કાર્ય તો પર્યાયમાં હોય છે. દરેક દ્રવ્ય વસ્તુપણે એક છે. દરેક દ્રવ્યમાં ગુણાદિ ભેદ વડે ભેદ છે, ગુણ અવસ્થા તે અનેક છે, ભેદરૂપ છે.

**પ્રશ્નઃ-** માટી છે તે કુંભારના કારણે વિલક્ષણરૂપે થાય છે?

**ઉત્તરઃ-** ના, કેમકે તેનું એક-અનેકપણું તે દ્રવ્યનો જ સ્વભાવ છે. દરેકનો સ્વભાવ સ્વથી છે, પરથી નથી. એમ સદા સ્વતંત્ર દૃષ્ટિ કરે તો સ્વસન્મુખ જ્ઞાતા રહેવારૂપ ધર્મ થાય.

# મહા સુદ ૯, શુક્ર ૨૩-૧-૫૩
## પ્ર. -૪૮

**આ** જ્ઞેયનો અધિકાર છે. **ज्ञातुं योग्यं ज्ञेयं** એટલે જ્ઞાનમાં જણાવાયોગ્ય પદાર્થો તે જ્ઞેય છે. જ્ઞેયોનું યથાર્થ જ્ઞાન થતાં પરથી ભિન્ન આત્માનો અનુભવ થાય છે. પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયસ્વરૂપ છે. વળી દરેક વસ્તુ ગુણપણે અનેક છે ને વસ્તુપણે એક છે. વળી ગુણભેદ વડે ભેદરૂપ છે ને અભેદ વસ્તુપણે અભેદરૂપ છે. આવું ભેદ-અભેદપણું તે પદાર્થનું સ્વરૂપ છે, તે કોઈ પરને લીધે નથી.

પદાર્થ દ્રવ્યપણે નિત્ય છે ને પર્યાયપણે અનિત્ય છે. આવું નિત્ય-અનિત્યપણું તે પદાર્થનું સ્વરૂપ છે- એમ જ્ઞાન જાણે છે. સંયોગના કારણે અનિત્યતા છે- એમ નથી, પણ પોતાના જ કારણે વસ્તુમાં અનિત્યતા છે, એટલે પર્યાયનો પલટો થવાનો તેનો સ્વભાવ છે, તે પરને લીધે નથી. આવું જ્ઞેયનું સ્વરૂપ જાણવું તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે. પદાર્થની પર્યાય પરના કારણે થાય છે એમ માને તો તેણે જ્ઞેયના સ્વરૂપને જાણ્યું નથી, તે મિથ્યાજ્ઞાન છે. શુદ્ધ નિશ્ચયથી વસ્તુ શુદ્ધ છે. વસ્તુ સામાન્ય-વિશેષસ્વરૂપ છે. ત્રિકાળી દ્રવ્ય-ગુણ સામાન્ય છે અને પર્યાય તે તેનું વિશેષ છે, તે વસ્તુના જ કારણે છે, પરના કારણે નથી.

વસ્તુપણે નિત્ય સામાન્ય અને પર્યાય અપેક્ષાએ વિશેષરૂપ છે. વિશેષ અવસ્થા કોઈ પરને લઈને થાય એ વાત રહેતી નથી. ઉપાદાન-નિમિત્તનો ખુલાસો પણ આમાં આવી જાય છે. નિમિત્ત આવે તો કાર્ય થાય, તો પછી વસ્તુનું વિશેષ ક્યાં રહ્યું? વસ્તુ પોતે જ સામાન્ય-વિશેષસ્વરૂપ છે, તો પરને

કારણે વિશેષ થાય- એ વાત ક્યાં કહી? વિશેષ એટલે અવસ્થા તે પદાર્થનું સ્વરૂપ છે. સંસાર-મોક્ષમાર્ગ-મોક્ષ, નિગોદ, સિદ્ધ, સોનું-વિષ્ટા તે બધી પદાર્થોની અવસ્થા છે, તે પદાર્થનો જ વિશેષ સ્વભાવ છે. પરને કારણે તે અવસ્થાઓ થતી નથી. આવું વસ્તુસ્વરૂપ તે સમ્યગ્જ્ઞાનનું જ્ઞેય છે. જેમાં ગુણ-પર્યાય વસે તેનું નામ વસ્તુ. વસ્તુ પોતાના ગુણ-પર્યાયમાં વસે છે, પણ પરના ગુણ-પર્યાયમાં રહેતી નથી. તેમ જ વસ્તુના ગુણ-પર્યાયો વસ્તુમાં જ રહે છે, પરમાં રહેતા નથી. એટલે પર્યાય કોઈ પરના કારણે થતી નથી, પણ પોતાના કારણે જ થાય છે. સામાન્ય-વિશેષ સ્વરૂપથી વસ્તુનું વસ્તુત્વ છે.

દ્રવ્યના ભાવને ધરે છે તેથી દ્રવ્યત્વ છે. દ્રવ્યનું દ્રવ્યત્વ પરના ભાવને ધરતું નથી, આત્મા આત્માના ભાવને ધરે છે, ને પરમાણુ પરમાણુના ભાવને ધરે છે. વસ્તુ પોતાના દ્રવ્યત્વભાવને ધારણ કરે તેથી તેનામાં દ્રવ્યત્વ છે. નિમિત્ત અને ઉપાદાન બન્ને જુદાં રહી સ્વતંત્રપણે પોતપોતાના દ્રવ્યના ભાવને ધારણ કરે, બીજાના ભાવને ન ધરે, એવું જ દ્રવ્યત્વ દરેક દ્રવ્યનું છે. ત્રણકાળ-ત્રણલોકમાં આત્મા, પરમાણુ ઇત્યાદિ બધાંય દ્રવ્યો પોતાના જ ભાવને ધરે છે- એવો નિયમ છે.

પ્રમેયના ભાવને ધારે, પ્રમાણજ્ઞાનમાં જણાવાને લાયકપણું ધારે તે પ્રમેયરૂપ છે. રાગ, પુણ્ય, પાપ, દયાના ભાવાદિ જે થાય તે પણ જ્ઞાનમાં જણાવાલાયક પ્રમેયપણું ધારે છે, પણ જ્ઞાન તેને ઉત્પન્ન કરે, નાશ કરે કે રાખે એવું જ્ઞાનનું કાર્ય નથી. આ નિમિત્ત છે, આ વ્યવહારરત્નત્રયનો શુભરાગ છે- એમ જ્ઞાન જાણે પણ તેનાથી જ્ઞાન થાય કે નિશ્ચય મોક્ષમાર્ગ થાય- એમ નથી.

કોઈ કહે છે કે પ્રથમ વ્યવહાર જોઈએ પછી નિશ્ચય થાય, પણ અનાદિરૂઢ પરાશ્રયરૂપ વ્યવહાર તો છે, તે કાંઈ નવો-અપૂર્વ નથી તેથી તેનાથી ધર્મની શરૂઆત કદી થઈ શકે નહિ. વ્યવહાર,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રાગ, નિમિત્ત એ બધી ચીજો પ્રમેયપણું ધારે છે પણ નિશ્ચયને ધારે એવો વ્યવહારનો સ્વભાવ નથી. જે કંઈ ક્રિયાપર્યાય છે તેના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ પ્રમેયપણાને ધારે છે ને જ્ઞાન તેને તે રીતે જાણે જ છે. એનું નામ ધર્મ છે. પ્રમેયત્વ દરેક વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપે છે. ઇચ્છા તે જ્ઞાનમાં પ્રમેય થવાના ભાવને ધારે છે, પણ તેનાથી જ્ઞાન થયું કે પરમાં ક્રિયા થઈ એમ તે બતાવનાર નથી.

અગુરુલઘુના ભાવને ધરે તે અગુરુલઘુ અવસ્થા છે. અગુરુલઘુ નામનો ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપેલ છે. કેવળજ્ઞાનની અપેક્ષાએ મતિજ્ઞાનપર્યાયને ઓછી કહેવાય, પણ તે પર્યાય પોતે પોતાથી અગુરુલઘુરૂપ છે. બીજી પર્યાયની અપેક્ષા ન લ્યો તો એકેક સમયની પર્યાય અગુરુલઘુસ્વભાવે છે. વિકારી- અવિકારી પર્યાય પણ તે અવસ્થારૂપે બરાબર કામ કરે એવી અગુરુલઘુ છે, પરથી તેનું કાર્ય નથી. જ્યાં જ્યાં જે પદાર્થ છે ત્યાં તેના દ્રવ્ય-ગુણ-પર્યાય અગુરુલઘુના ભાવને વ્યવસ્થિતપણે ધારી રાખે છે અને એ પ્રમાણે જેમ છે તેમ જ્ઞાન તે બધાને જાણે પણ તેમાં કાંઈ આઘુંપાછું કરી દે એવું જ્ઞાનમાં નથી. બહારની ક્રિયા તો આત્મા કરી શકતો નથી પણ પોતાની પર્યાયનો ફેરફાર પણ તે કરી શકતો નથી.

નિગોદ અવસ્થા હો કે કેવળજ્ઞાનરૂપ અવસ્થા હો, પણ અંદર અનંત ગુણ છે તેમાં કમી અથવા પુષ્ટિ થઈ જતી નથી. જઘન્ય મતિ-શ્રુતજ્ઞાન હો કે ઉત્કૃષ્ટ કેવળજ્ઞાન પર્યાય હો, પણ અંદર જ્ઞાનગુણમાં કાંઈ ઓછું-વધતું થઈ જતું નથી. પરમાણુમાં વર્ણગુણ ત્રિકાળ છે, તેની અવસ્થામાં વધઘટ દેખાય છતાં વર્ણગુણમાં કોઈ કાળે ફેરફાર પડતો નથી, કારણ કે દ્રવ્ય-ગુણનો સ્વભાવ ત્રિકાળ અગુરુલઘુભાવને ધારે છે તથા પર્યાય પણ તે કાળે સત્ છે. જે સમયે જે પર્યાય વર્તે તે અગુરુલઘુપણે વર્તે છે, તેમાં ફેર ન પડે એવું પર્યાયસત્‌નો અગુરુલઘુપણું ધારણ કરવાનો ધર્મ છે, તેમાં કોઈ ફેરફાર કરે એવું તેનું સ્વરૂપ નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દરેક દ્રવ્યમાં અનંતગુણ છે, ને તે પોતાના જેટલા પ્રદેશ છે તેને ધારે છે. દરેક દ્રવ્યને આકાર છે, પરને લઈ ને જીવનો સંકોચ-વિસ્તાર નથી પણ પોતાના પ્રદેશત્વગુણની યોગ્યતાથી તે છે.

અન્યત્વગુણનું લક્ષણ અનંતા ગુણથી અન્યત્વ છે પણ પ્રદેશભેદ નથી. એક પરમાણુમાં અનંત ગુણ છે. જેમાં જેટલા ગુણો છે તે ત્રિકાળ સ્વતંત્ર છે, કદી એક પણ ગુણ ઓછો થતો નથી. આત્મામાં અનંત ગુણો છે, તેમાં જ્ઞાન તે દર્શન નથી, ચારિત્ર તે વીર્ય નથી. એમ ગુણોમાં જો અનેરાપણું ન હોય તો અનંતગુણ સિદ્ધ ન થાય.

વળી સ્વદ્રવ્ય પરદ્રવ્યથી અન્ય છે; પહેલાં ગુણોમાં અન્યપણું કહ્યું ને પછી દ્રવ્યમાં અન્યત્વની વાત કરી. આવું અન્યપણું છે તે જ્ઞેય છે ને જ્ઞાનનો તેને જાણવાનો સ્વભાવ છે. વસ્તુએ વસ્તુ જુદી છે- એવું અન્યત્વ છે. કોઈને લઈને બીજું નથી. જુદા પદાર્થોને પરસ્પર અનેરાપણું છે, બધા પદાર્થો ભેગા થઈને એકમેક ત્રણકાળમાં થતા નથી. સિદ્ધમાં અનંતા જીવોને અનેરાપણું છે. સિદ્ધમાં બધા જીવો એકમેક થઈ જતા નથી.

વળી વસ્તુમાં દ્રવ્યત્વ ને પર્યાયત્વ છે. દ્રવ્યત્વ તે જ્ઞેય છે, ને પર્યાયપણું તે પણ જ્ઞેય છે. વસ્તુ દ્રવ્ય-પર્યાયરૂપ છે, દ્રવ્ય પણ સત્ છે ને પર્યાયપણે પર્યાય પણ સત્ છે. પર્યાય ત્રિકાળી નથી પરંતુ એક સમયપૂરતી તે સત્ છે. જો તેને સત્ ન માને તો તેણે દ્રવ્યને ઓળખ્યું નથી - અને પર્યાયને સત્ માને- તો પરને લીધે પર્યાય થાય તે વાત રહેતી નથી. નિમિત્તને લીધે પર્યાય થાય એમ માને તો તેણે પર્યાયને સત્ જાણી નથી એટલે વસ્તુના પર્યાયધર્મને જાણ્યો નથી. પ્રવચનસાર ગાથા ૧૦૭માં કહ્યું છે કે દ્રવ્ય સત્, ગુણ સત્ ને પર્યાય સત્ છે. આવું સત્ તે જ્ઞાનનું જ્ઞેય છે.

વસ્તુઓમાં આકાશ વગેરે પદાર્થો સર્વગત છે ને કાળાણું વગેરે એકપ્રદેશી છે, તે અસર્વગત છે. ધર્માસ્તિ-અધર્માસ્તિ પણ લોકની અપેક્ષાએ સર્વગત છે. આવું પણ જ્ઞેય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વળી પદાર્થોમાં કોઈ મૂર્ત્ત છે ને કોઈ અમૂર્ત્ત છે. તે તેના સ્વભાવથી જ છે ને તે જ્ઞાનનું જ્ઞેય છે. આત્મા અમૂર્ત્તપણે જ્ઞેય છે ને પુદ્‌ગલદ્રવ્ય મૂર્ત્તપણે જ્ઞેય છે. આત્માને કર્મના નિમિત્તે મૂર્ત્ત કહેવો તે ઉપચાર છે. આત્મા ત્રિકાળ અમૂર્ત્ત છે- તે કદી મૂર્ત્ત થઈ જતો નથી. પરમાણુ સૂક્ષ્મ હોવાથી તેને કોઈ વાર અમૂર્ત્ત કહી દે, પણ વાસ્તવિકપણે તો તે મૂર્ત્ત જ છે અને આત્મા અમૂર્ત્ત જ છે.

વળી કોઈ જ્ઞેયપદાર્થ અક્રિય છે ને કોઈ સક્રિય છે. જીવ-પુદ્‌ગલમાં ગમન વગેરે સક્રિયતા છે, તે તેના પોતાના કારણે છે. ધ્વજા પવનથી નથી ચાલતી પણ તેનામાં તેવો સક્રિય ધર્મ છે. ઘોડા ઉપર બેઠેલા માણસની ગતિ થાય છે તે ઘોડાને કારણે થતી નથી પણ તેવા ગતિધર્મ તે માણસનો પોતાનો છે. ધર્માસ્તિ વગેરે દ્રવ્યો અક્રિય સ્વભાવવાળાં છે. સક્રિયપણું કોઈ પરને લીધે નથી. શરીરની સક્રિયતા આત્માને લીધે નથી, તે સક્રિયતા પરને લીધે માને તો તેણે પદાર્થના સક્રિયધર્મને જાણ્યો નથી, એટલે કે તેવા જ્ઞેયને જાણ્યું નથી.

તડકામાં માણસ ચાલે ત્યાં તેનો પડછાયો પાછળ પાછળ ચાલતો દેખાય છે, પણ ખરી રીતે પડછાયો ચાલતો નથી, પરંતુ તે તે જગ્યા પરમાણુઓ ધોળાઓમાંથી કાળીઅવસ્થારૂપે (છાયારૂપે) પરિણમે છે. એક જગ્યાની છાયાના પરમાણુઓ બીજી જગ્યાએ જતા નથી, પણ બીજી જગ્યાએ રહેલા પરમાણુઓ છાયાપણે પરિણમે છે. તે પરિણમન માણસના શરીરના કારણે થતું નથી પણ તેની પોતાની અર્થપર્યાયનો તેવો ધર્મ છે.

જગતમાં કોઈ જ્ઞેયો સચેતન છે ને કોઈ જ્ઞેયો અચેતન છે. જગતમાં જીવ જ છે ને અજીવ છે જ નહિ- એમ માને તો તેનું જ્ઞાન ખોટું છે. અનંતા અચેતન પદાર્થો પણ જગતમાં છે ને અનંતા ચેતન દ્રવ્યો પણ છે. એ બન્ને પ્રકારના પદાર્થો તે જ્ઞાનનાં જ્ઞેયો છે. વળી જીવ અને અજીવમાં કર્તૃત્વ છે. તે તેનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્મ છે. જીવ કે જડ પોતપોતાના કર્તૃત્વપણે પરિણમે છે– એવું જ્ઞાનનું જ્ઞેય છે, પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે– એવું જ્ઞાનનું જ્ઞેય નથી. રાગાદિભાવે પરિણમે છે તેમાં જીવનું કર્તૃત્વ છે– એમ માનવાનું મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે. ત્યાં એમ બતાવવું છે કે તે જીવનું કર્તૃત્વ છે, તે રાગાદિ કાંઈ જડનું કર્તૃત્વ નથી. આમ ભિન્ન ભિન્ન કર્તૃત્વ જાણીને સમ્યગ્જ્ઞાન વડે પરથી ભિન્ન આત્માનો અનુભવ કરવો તે ધર્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મહા સુદ ૧૦, શનિ ૨૪-૧-૫૩
## પ્ર. -૪૯

**આ** જ્ઞેય અધિકાર છે. જ્ઞેયોના સ્વરૂપનું વર્ણન ચાલે છે.

આત્મામાં અને બધાં દ્રવ્યોમાં કર્તૃત્વ નામનો ગુણ છે એટલે દરેક દ્રવ્ય પોતપોતાના કાર્યને કરે એવો તેનો સ્વભાવ છે, તે જ્ઞાનનું જ્ઞેય છે. પર દ્રવ્યને છોડે કે લ્યે-તેવો ગુણ આત્મામાં નથી. ચરણાનુયોગમાં નિમિત્તથી કથન આવે, પણ તેથી કાંઈ ચરણાનુ-યોગમાં આત્મા પરનાં ગ્રહણ-ત્યાગ કરીશકે છે એમ કહ્યું નથી. આધાકર્મી આહાર હો કે ઉદ્દેશિક આહાર હો-તે આહારનું છૂટવું તે તો જડની ક્રિયા છે. તે વખતે મુનિને તે આહારના ત્યાગની વૃત્તિ ઊઠે, ત્યાં મુનિએ સદોષ આહાર છોડયો એમ ઉપચારથી કહેવાય છે, પણ જડનું કર્તૃત્વ જડમાં છે ને આત્માનું કર્તૃત્વ આત્મામાં જ છે. આહાર છૂટવો તે જડની ક્રિયા છે. તેને બદલે આહાર છોડવાની ક્રિયા મેં કરી એમ જે માને તેને મુનિપણું હોય નહિ ને સમ્યગ્જ્ઞાન પણ ન હોય. મુનિને સદોષ આહારના ગ્રહણની વૃત્તિ જ ન આવે. વસ્તુસ્વરૂપ જેમ છે તેમ જાણવું તે સમ્યગ્જ્ઞાન છે.

બે પદાર્થો જુદા છે તો તેનું કર્તૃત્વ પણ જુદું છે. બે પદાર્થની એક ક્રિયા હોતી નથી ને એક પદાર્થની બે ક્રિયા હોતી નથી. “હું જ્ઞાયક છું” એ વાત અંતરમાં બેઠા પછી, અલ્પરાગ થાય તેને ધર્મી જાણે છે કે આટલું મારી પર્યાયનું કર્તૃત્વ છે આરાગ થાય છે તે મારું પરિણમન છે, પરને કારણે રાગ થતો નથી. સર્વ દ્રવ્યોનું પરિણમન સ્વતંત્ર છે, જ્ઞાતા તેનો જાણનાર છે. સર્વ દ્રવ્યોને નિજ નિજ પરિણામનું કર્તૃત્વ છે ને પરનું

અકર્તૃત્વ છે. આમ જ્ઞાન જ્ઞેયોને જાણે છે. હું મારા પરિણામનો કર્તા, ને અનંત પરદ્રવ્યોના પરિણામનો અકર્તા છું. મારામાં પરનું અકર્તૃત્વ છે, પરદ્રવ્ય મારા પરિણામને કરતું નથી ને હું પરદ્રવ્યના પરિણામને કરતો નથી. એમ એક દ્રવ્યનું બીજા દ્રવ્યમાં અકર્તૃત્વ છે.

પુદ્ગલનો કર્તા જીવ નથી તેમ જ એક પુદ્ગલનો કર્તા બીજું પુદ્ગલ નથી, દરેક દ્રવ્યનું કર્તૃત્વ પોતપોતામાં છે, પરમાં તો અકર્તૃત્વ છે.

વળી ભોક્તૃત્વ એટલે દરેક દ્રવ્ય પોતપોતાના પરિણામનું ભોક્તા છે. રાગાદિ પરિણામ કરે તેને આત્મા પોતે ભોગવે છે, પણ જડકર્મને આત્મા ભોગવતો નથી. વ્યવહારથી આત્મા આહારને ખાઈ શકે છે-તેમ પણ નથી. કોઈ કહે કે 'જો આત્મા ન ખાતો હોય તો શું મડદું ખાય છે? અરે ભાઈ! ખાવું એનો અર્થ શો? તે પુદ્ગલની ક્રિયા છે. જડ પદાર્થોને આત્મા ખાતો નથી. આત્માએ ખાધું-એમ વ્યવહારે કથન કરવામાં આવે છે પણ કાંઈ આત્મા વ્યવહારથી તે જડને ખાય છે એમ નથી.

હજી તો આહારને આત્મા ખાય ને જડને આત્મા ભોગવે એમ જે માને છે તેને સમ્યગ્દર્શન પણ નથી, તો તેને વ્રતાદિ શેનાં હોય? ન જ હોય. જડનો ભોક્તા જડ છે, એટલે કે તેની એક પર્યાયનો વ્યય થઈને નવી પર્યાય થાય છે. આત્મા પોતાના રાગાદિ પરિણામને ભોગવે છે, પણ જડનો ભોક્તા આત્મા નથી. જડ કર્મનો ભોક્તા પણ આત્મા નથી. કર્મનો વિપાક કર્મમાં છે, આત્મામાં કર્મનો વિપાક નથી. 'विपाको अनुभवः" એમ કહ્યું છે ત્યાં આત્મા કર્મના વિપાકનો અનુભવ કરે છે એમ નિમિત્તથી કહ્યું છે, પણ ત્યાં ખરેખર આત્મા તે નિમિત્ત તરફ વલણવાળા પોતાના ભાવકર્મનો અનુભવ કરે છે. જડકર્મનો વિપાક તો નિમિત્ત છે, તેથી નિમિત્ત તરીકે કર્મના વિપાકનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનુભવ કહેવાય છે, પણ ખરેખર આત્મા પરદ્રવ્યને કરે કે ભોગવે-તે માન્યતા મૂઢ જીવોનો વ્યવહાર છે.

યથાર્થ વસ્તુસ્વરૂપ આવું છે કે કોઈ દ્રવ્ય કોઈનું ભોક્તા નથી. આવું જ્ઞેય છે, તેનું યથાર્થ જ્ઞાન કરવું તે અનુભવનું કારણ છે. જગતમાં જેટલાં નામો છે તે કોઈ ને કોઈ પદાર્થને બતાવે છે, એટલે તે જ્ઞેય છે. વળી ઉપલક્ષણ તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. "ધ્યાન રાખજે! બિલાડી દૂધ ન પી જાય"- એમ કહ્યું ત્યાં બિલાડી કહેતાં ઉપલક્ષણથી કૂતરા વગેરે પણઆવી ગયા. વળી કાળ અને સ્થિતિ તે પણ જ્ઞાનના જ્ઞેયો છે. કાળ પણ પદાર્થ છે, તે જ્ઞાનનું જ્ઞેય છે. તેને ન માને તો જ્ઞાનસ્વભાવની ખબર નથી. વળી સંસ્થાન એટલે કે આકાર, દરેક પદાર્થને પોતપોતાનો આકાર હોય છે. તે પણ જ્ઞાનનું જ્ઞેય છે. મૂળ વસ્તુનું યથાર્થ જ્ઞાન થયા વિના સમ્યગ્જ્ઞાન થાય નહિ. નવ તત્ત્વ શું? જીવ-અજીવ શું? દેવ-ગુરુ-શાસ્ત્ર શું? તે બધું જાણવું જોઈએ. વિપરીતતા રહિત નિર્ણય કરીને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને ઓળખે અનેકુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને છોડે, ત્યારે ગૃહીત મિથ્યાત્વ છૂટે. જે તત્ત્વનું જેવું સ્વરૂપ હોય તે પ્રમાણે જાણવું જોઈએ. વળી પદાર્થનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને પણ જાણવાં જોઈએ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ તે ચારે પ્રકારો જ્ઞાતાનું જ્ઞેય છે.

સંજ્ઞા એટલે પદાર્થનું નામ, તથા તેની સંખ્યા, તેનું લક્ષણ અને તેનું પ્રયોજન તે બધાંને પણ જાણવાં જોઈએ.

વસ્તુનો તત્સ્વભાવ છે એટલે દરેક પદાર્થ પોતાનાં દ્રવ્ય-ગુણ-પર્યાયથી તત્સ્વરૂપે છે. અને પરદ્રવ્યથી તે અતત્સ્વરૂપે છે. એવું વસ્તુસ્વરૂપ તે જ્ઞાનનું જ્ઞેય છે.

વળી પદાર્થ સ્વથી અસ્તિરૂપ છે, પરથી નાસ્તિરૂપ છે, ઇત્યાદિ સપ્તભંગ છે તે જાણવા એમ સામાન્ય ગુણોથી સિદ્ધિ છે.

પદાર્થ સત્તારૂપ છે. સત્તાના મહાસત્તા અને અવાંતરસત્તા એવા બે ભેદ છે. મહાસત્તા એટલે કે બધું છે. આમ કેમ?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



-એવું જ્ઞેયમાં નથી. જેમ છે તેમ છે, એ રીતે મહાસત્તારૂપે જ્ઞેયને જાણવાની તાકાત જ્ઞાનની છે. અવાંતરસત્તા એટલે સ્વરૂપસત્તા, વિશેષસત્તા, પેટાભેદરૂપસત્તા, મહાસત્તા-તે મહાસત્તારૂપ છે ને અવાંતર સત્તારૂપે નથી. તે અપેક્ષાએ સત્ત્વ-અસત્ત્વરૂપ સત્તા છે.

ત્રિલક્ષણ= દરેક પદાર્થમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે, તે મહાસત્તા અપેક્ષાએ છે. સર્વવિશ્વની સત્તા તેમાં સમાઈ જાય છે.

અત્રિલક્ષણ= પેટાભેદ અપેક્ષાએ એકેક લક્ષણવાળી છે. સર્વ દ્રવ્યની ઉત્પાદસત્તા જોઈએ તો સર્વ ઉત્પાદલક્ષણવાળાં છે, સર્વ દ્રવ્યની વ્યયસત્તા જોઈએ તો સર્વ વ્યયલક્ષણવાળાં છે. આમાં વીતરાગતા જ આવે છે.

કોઈને કેવળજ્ઞાનપર્યાયનો ઉત્પાદ હો, કોઈ કરોડપૂર્વ ચારિત્ર પાળી મિથ્યાત્વી થયો તેને મિથ્યાત્વનો ઉત્પાદ હો, કોઈને નિગોદદશાપણે ઉત્પાદ હો, કોઈને સિદ્ધ દશારૂપે ઉત્પાદ હો, કોઈને સમ્યગ્દર્શનપણે ઉત્પાદ હો, કોઈને મિથ્યાત્વપણે ઉત્પાદ હો, પણ એ બધાને ઉત્પાદરૂપ એકલક્ષણથી સમાનપણું છે.

છયે દ્રવ્યની ઉત્પાદપર્યાયને લક્ષમાં લ્યો તો બધાના ગમે તે પ્રકાર હો પણ ઉત્પાદ લક્ષણે બધાં સરખાં છે. તેમ 'છે' પણું જોવામાં વીતરાગતા છે કેમકે તેમાં શુદ્ધ-અશુદ્ધ, નાનું-મોટું કોઈ ભેદ જોવાની વાત નથી.

કોઈને ક્ષયોપશમ પર્યાયનો વ્યય, કોઈને મિથ્યાત્વ પર્યાયનો વ્યય, કોઈને સમ્યગ્દર્શનપર્યાયનો વ્યય, વળી પુદ્‌ગલમાં સુગંધપર્યાય અથવા દુર્ગંધપર્યાયનો વ્યય. વિશ્વમાત્રની બધી વ્યયપર્યાયનું એક વ્યયલક્ષણમાં સમાઈ જવા અપેક્ષાએ સમાનપણું છે. સામાન્ય મહાસત્તાપણે દેખો કે વિશેષ અવાંતરસત્તાપણે દેખો-વિષમતા જોવાની વાત નથી.

જ્ઞાન જ્ઞેયને જાણે છે, એકલો જ્ઞાતામાત્ર વીતરાગભાવ ઊભો રાખે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

દીક્ષા લીધા પછી ઋષભદેવ ભગવાને હજાર વર્ષે, બાહુબલિજીએ એક વર્ષે ને ભરતચક્રવર્તીએ બે ઘડીમાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. કોઈને દેશે ઉણા કરોડ પૂર્વ સુધી સંયમ પાળ્યા પછી કેવળજ્ઞાન થયું અથવા કોઈને ઘોર ઉપસર્ગ પછી કેવળજ્ઞાન થયું તો તેમાં ક્યું સારું? તો કહે છે કે બધાયએ એક જ પ્રકારે કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યું છે, તેમાં વિષમતા નથી.

આ માણસને ઘણા સમયથી આટલું સમજાવ્યો છતાં ન સમજ્યો માટે અઠીક, બીજો માણસ ક્ષણમાં સમજી ગયો માટે ઠીક-એવી વિષમતા જ્ઞેયને જ્ઞેયપણે જાણનારને રહેતી નથી.

અનંત કાળ પહેલાં સિદ્ધ થયા તે વધુ સુખી, અને મોડા સિદ્ધ થયા તે થોડા સુખી-એમ હશે? નહિ. સ્વભાવ પૂર્ણ થયો તે અપેક્ષાએ બધા સરખા જ છે. જ્ઞાની ક્યાંય કોઈને, કોઈ પ્રકારે આડુંઅવળું કરવા માગતો નથી. જ્ઞાનમાં પરનો ફેરફાર કરવાનો સ્વભાવ નથી. કોઈ માને કે તીવ્ર રાગ છે તેને મંદ કરૂં, પણ તે શી રીતે બને? તીવ્ર રાગના સમયે તીવ્ર જ છે, બીજે સમયે તો વ્યય થશે જ, જ્ઞાન કરે શું? જેમ જ્ઞેય છે તેમ એને માત્ર જાણવાની તાકાત જ્ઞાનની છે, બીજું કાંઈ જ્ઞાનમાં નથી. અહો! જાણવામાં જાણવું જ આવે છે. અશુભ રાગ થયો તો આમ કેમ? એવું જ્ઞાનમાં નથી, તે તો જ્ઞેયમાત્ર છે. શુભરાગ થયો તો આમ કેમ? એવું જ્ઞાનમાં નથી, તે તો જ્ઞેયમાત્ર છે. એમ જાણે એ જ સુખી થવાનો ઉપાય છે.

જ્ઞેયમાં આમ કેમ કે તેમાં કાંઈ કરવું એવો જ્ઞાનનો સ્વભાવ નથી. મિથ્યાજ્ઞાનનું જગતમાં કોઈ જ્ઞેય નથી, કેમકે મિથ્યાદૃષ્ટિ માને છે તેવું જ્ઞેય વિશ્વમાં નથી. મિથ્યાત્વી માને છે કે મને નિમિત્તથી લાભ-નુકશાન થાય છે, કર્મથી રાગ-દ્વેષ થાય છે-તો તેવું વસ્તુસ્વરૂપ નથી માટે મિથ્યાજ્ઞાનનો જગતમાં કોઈ વિષય નથી. જેવું જ્ઞેય છે તેવું જાણે તો તે જ્ઞાન સમ્યક્ છે.

બધું સત્ છે એમ જાણ્યું તેમાં વીતરાગતા છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકત્વ–મહાસત્તાપણે એક છે.

અનેકત્વ– અવાંતરસત્તાપણે–વિશેષપણે અનેક પણ છે.

મહાસત્તા સર્વપદાર્થસ્થિત છે, અવાંતરસત્તા એક પદાર્થસ્થિત છે, મહાસત્તા વિશ્વરૂપ છે, અવાંતરસત્તા એકરૂપ છે.

મહાસત્તા અનંત પર્યાયપણે છે, અવાંતરસત્તા એક પર્યાયપણે છે.

મહાસત્તા જીવદ્રવ્ય, પુદ્ગલદ્રવ્યસ્વરૂપરૂપ બધામાં વર્તે છે. તથા અવાંતરસત્તા–દ્રવ્યસત્તા, અનાદિ–અનંત પર્યાયસત્તા અને સાદિસાંત–સ્વરૂપસત્તા એમ ત્રણ પ્રકારે છે. એમ જ્ઞેયને યથાર્થ જાણે તેને વીતરાગતા છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મહા સુદ ૧૧, રવિ ૨૫-૧-૫૩

## પ્ર. -૫૦

દ્રવ્યસ્વરૂપસત્તા, ગુણસત્તા, પર્યાયસત્તા-એમ ત્રણ પ્રકારે સત્તા છે. જ્ઞેય જ્ઞાનમાં જાણવા લાયક વસ્તુ છે. તેને જેમ છે તેમ જાણવું તે જ્ઞાનનો ધર્મ છે. આત્મા જ્ઞાનવડે પોતાના તથા પરના દ્રવ્ય-ગુણ-પર્યાયને જેમ છે તેમ જાણે છે ને જ્ઞેયનો જ્ઞાનમાં જણાવાનો સ્વભાવ છે.

આ જગત જ્ઞાનમાં જણાવા યોગ્ય વસ્તુ છે. તેમાં દ્રવ્યસ્વરૂપની વાત કરે છે. ચૈતન્ય ચૈતન્યરૂપે અને જડ જડરૂપે દ્રવ્ય છે, અનંતા ગુણો જેમ છે તેમ જ્ઞાન જાણે તથા ત્રીજો બોલ પર્યાયસત્તાનો છે. આત્માનો સ્વભાવ જાણવાનો છે. પર્યાય સત્ છે તેને જ્ઞાન જાણે. પરમાણુની સુગંધ કે દુર્ગંધપર્યાયને જ્ઞાન જાણે. સારા-નરસાપણું પર્યાયમાં નથી. જ્ઞાનમાં કેવળજ્ઞાનની પર્યાય સત્તા ખ્યાલમાં આવી માટે કેવલી આદરણીય છે, એવો જ્ઞાનસ્વભાવ નથી તેમ જ જ્ઞેયસ્વભાવ પણ તેવો નથી. પ્રતિમાની પર્યાય જડની પર્યાય છે એમ જ્ઞાન જાણે. જ્ઞેય એમ કહેતું નથી કે મને આદર, ને જ્ઞાન પણ અમુક પર્યાય છે માટે આદરવા જોગ છે-એમ જાણતું નથી. મુનિની પર્યાય સત્રૂપે છે, કેવળજ્ઞાનીની પર્યાય સત્ છે એમ જ્ઞાન જાણે છે, પણ તે પર્યાય આદરણીય છે-એમ જ્ઞાન ન જાણે. મિથ્યાત્વની પર્યાય હો કે સિદ્ધની પર્યાય હો-તે બધી જાણવા યોગ્ય છે. જ્ઞાની બીજાના મિથ્યાત્વપર્યાયને જાણે, પણ ઇષ્ટ-અનિષ્ટપણું જ્ઞાનમાં નથી તેમ જ જ્ઞેયમાં પણ નથી. આ કસ્તૂરી છે માટે ઇષ્ટ છે, વિષ્ટા છે માટે અનિષ્ટ છે-એમ ઇષ્ટ-અનિષ્ટપણું કરવું તે જ્ઞાનનો સ્વભાવ નથી, તેમ જ જ્ઞેયોનો પણ એવો સ્વભાવ નથી.

**પ્રશ્નઃ-** જ્ઞાન હેય-ઉપાદેય કરે છે ને?

**સમાધાનઃ** ચારિત્રની અપેક્ષાએ એ ઉપચાર આવે છે. જ્ઞાન તો માત્ર બધાને જાણે છે. પરને જાણવું એમ કહેવું તે વ્યવહાર છે, કારણ કે પરમાં તન્મય થયા વિના જાણે છે.

આ સર્વજ્ઞ છે માટે આદરણીય છે-એમ માને તો પરને લીધે રાગ માન્યો તે ભૂલ છે. જ્ઞાની તો માત્ર જાણે છે, પણ હજી પૂર્ણ વીતરાગ નથી. માટે ચારિત્રદોષના કારણે વિકલ્પ ઊઠે છે. વળી જ્ઞાને જાણ્યું માટે વિકલ્પ ઊઠયો એમ પણ નથી. પ્રતિમાને લીધે રાગ થતો નથી, વળી જાણવાને લીધે રાગ થતો હોય, અથવા જ્ઞેયોને લીધે રાગ થતો હોય તો કેવળીને રાગ થવો જોઈએ, પણ એમ બનતું નથી. સાધક જીવને રાગની ભૂમિકા હોવાથી વિકલ્પ ઊઠે છે, પણ પરને આદરણીય માનીને તે વિકલ્પ ઊઠતો નથી. જ્ઞાનીને તે કાળે ચારિત્રગુણની નબળાઈના કારણે રાગ થાય છે, તેને જ્ઞાન જાણે છે. અનંતા પદાર્થોને કેવળી ભગવાન જાણે છે, પણ તેમને રાગ થતો નથી, કારણ કે તેઓ વીતરાગ છે. રાગી જીવને રાગ થાય છે. જ્ઞેયોને લીધે રાગ નથી, જ્ઞાનને લીધે રાગ નથી ને રાગને લીધે જ્ઞેયનું જ્ઞાન નથી. આમ જાણવું જોઈએ.

આત્માને ધર્મ કેમ થાય? જ્ઞાનમાં એકાગ્રતા થવી તે અનુભવ છે. આત્માના જ્ઞાનસ્વભાવમાં વર્તમાન પર્યાય એકત્વ થાય તે ધર્મ છે. રાગ સાથે એકત્વ થાય તે અધર્મ છે. આ નિયમ ફરે તેવો નથી. ત્રિકાળી શક્તિવાનની સત્તા તે દ્રવ્ય છે, શક્તિસત્તા તે ગુણ છે ને પર્યાયસત્તા-આમ ત્રણ પ્રકારે વસ્તુ હોઈ શકે. જ્ઞાનમાં ત્રણે જણાવા લાયક છે. દીક્ષા લીધા પછી ઋષભદેવ ભગવાનને હજાર વરસે કેવળજ્ઞાન થયું, ભરતને અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન થયું એમ જ્ઞાન જાણે છે. અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન થાય તે સારું અને હજાર વરસે કેવળજ્ઞાન થાય તે ઠીક નહિ-એવું જ્ઞેયસ્વભાવમાં નથી, તેમ જ જ્ઞાનસ્વભાવમાં નથી. જે પર્યાય જેવો હોય તેમ જ્ઞાન જાણે.

સુદેવાદિ કે કુદેવાદિ બન્ને જ્ઞેય છે. જ્ઞાની તેને જાણે છે. આ આદરણીય છે ને આ આદરણીય નથી-એમ જ્ઞાનમાં ભેદ નથી, તેમ જ જ્ઞેયમાં ભેદ નથી. ધર્મીજીવ જેમ છે તેમ જાણે છે. આ જ્ઞેય ઊંચું છે માટે રાગ થાય એમ નથી. તે સમયનો જે રાગ ઝેરાગ છે તેને પણ જ્ઞાન જાણે છે. જ્ઞાન જાણે છે કે રાગ થાય છે. આમ જ્ઞાનનો વિવેક રહેવો તે ધર્મ છે. ગુણ-ગુણીની એકતા થવી તે ધર્મ છે.

વસ્તુ છે તે સ્વભાવવાન છે. તેને સ્વભાવ અથવા ગુણો હોય છે ને તેના વર્તમાન અંશને પર્યાય કહે છે. તેને જ્ઞાન જાણે છે. આ આદરણીય છે ને આ છોડવા લાયક છે-એમ જ્ઞાનમાં નથી. જ્ઞેયનો જણાવાનો સ્વભાવ છે, પણ બીજાને રાગ-દ્વેષ કરાવવાનો સ્વભાવ નથી. વળી જ્ઞાનનો સ્વભાવ જાણવાનો છે, પણ રાગદ્વેષ કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. સાધક જ્ઞાનીને રાગ પોતાની નબળાઈથી આવે છે, પણ રાગ આદરણીય છે એમ જ્ઞાન જાણતું નથી, પણ રાગ છે એમ જ્ઞાન જાણે છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આત્માનો સ્વભાવ જ્ઞાન છે. જાણવું એ જ ધર્મ છે.

કોઈ પૂછે કે અનાયતનને છોડવાં વગેરે વાત શાસ્ત્રમાં આવે છે ને ?

**સમાધાનઃ-** હું જ્ઞાનસ્વરૂપ છું એમ જ્ઞાન જાણે છે. જે પ્રકારનો રાગ આવે તેને પણ જ્ઞાન જાણે છે. સમયસારની છઠ્ઠી ગાથામાં કહ્યું છે કે પ્રમત્ત-અપ્રમત્ત દશા મારું સ્વરૂપ નથી, જાણવું તે જ્ઞાયકનો સ્વભાવ છે.

પ્રમત્તભાવ આવે છે તે જ્ઞાનનું જ્ઞેય છે;-એમ કહેવું તે પણ વ્યવહાર છે. પોતે પોતાને જાણે છે તે નિશ્ચય છે. પ્રમત્ત અને અપ્રમત્તની પર્યાય છે માટે જ્ઞાન છે-એમ નથી. જો એમ હોય તો તેની સાથે જ્ઞાન તન્મય થઈ જાય. પ્રમત્ત-અપ્રમત્ત દશા જણાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે પોતાના સ્વ-પર પ્રકાશક જ્ઞાનસ્વભાવના સામર્થ્યને લીધે જણાય છે. આવો નિશ્ચય જ્ઞાનસ્વભાવ જાણવો તે ધર્મ છે.

અહીં પર્યાયસત્તાની વાત ચાલે છે. બધા પદાર્થોની જે વર્તમાન દશા છે, તેને જ્ઞાન જાણે છે. જ્ઞાન રાગની પર્યાયને કે કેવલીની પર્યાયને જ્ઞેય તરીકે જાણે છે. હેય-ઉપાદેયનાં કથન આવે છે તે વ્યવહારનાં કથન છે. નિશ્ચય જ્ઞાનસ્વભાવ જાણે તેનો વ્યવહાર સાચો છે. કેવલી ભગવાનને લીધે રાગ થતો હોય તો બધાને રાગ થવો જોઈએ પણ એમ બનતું નથી. સાધક જીવને ચારિત્રગુણની નબળાઈથી રાગ આવે છે, તે પર્યાયસત્તાને જ્ઞાન જાણે છે. વિકલ્પ, રાગ, પ્રમત્ત, અપ્રમત્ત-બધી-પર્યાયસત્તા છે. તેને જ્ઞાન જાણે છે. તે પણ વ્યવહારથી જાણે છે. વિકલ્પ છે માટે જ્ઞાનપર્યાય થઈ છે એમ નથી. ચારિત્રગુણની પ્રમત્તરૂપ પર્યાય થઈ માટે જ્ઞાનની પર્યાય થઈ એમ માને તો જ્ઞાનનું સ્વસામર્થ્ય રહેતું નથી. જ્ઞાન પોતાના સામર્થ્યથી રાગાદિને જાણે છે. જ્ઞાન પર પદાર્થોને જાણે છે-એમ કહેવું તે વ્યવહાર છે, અસત્યાર્થ છે; માટે છોડવા લાયક છે. પોતે પોતાને જાણે છે એ નિશ્ચય છે, ભૂતાર્થ છે. પોતાનો જ્ઞાનસ્વભાવ કેવો છે-તે જાણ્યા વિના પર્યાયસત્તાને કે પરની સત્તાને યથાર્થ જાણી શકે નહિ. આપ્ત વિના વસ્તુસ્વભાવનું જ્ઞાન થાય નહિ. વસ્તુસ્વભાવ જાણ્યા વિના સમ્યગ્દર્શન થાય નહિ, સમ્યગ્દર્શન વિના ચારિત્ર થતું નથી, ચારિત્ર વિના કેવળજ્ઞાન થતું નથી ને કેવળજ્ઞાન વિના સિદ્ધદશા થતી નથી.

પ્રથમ સમ્યગ્દર્શનને સમજો, ત્યારપછી વિશેષ સ્થિરતા થતાં પડિમા આદિ હોય છે. સમ્યગ્દર્શન વિના વ્રતાદિ હોય નહિ, આત્માની અંતર્સ્થિરતા તે બ્રહ્મચર્ય છે. બ્રહ્મ એટલે આત્મા, તેનું ભાન થયા પછી વિશેષ આનંદ આવે છે-તેને બ્રહ્મચર્ય કહે છે. કાયાથી બાહ્ય બ્રહ્મચર્ય પાળે તે શુભ છે. અભવીને પણ તેવું બ્રહ્મચર્ય હોય છે પણ તેમાં કાંઈ વિશેષતા નથી.

અહીં પર્યાયસત્તાની વાત ચાલે છે. જ્ઞાનપર્યાય પોતાની છે માટે નિશ્ચય છે, રાગની પર્યાય તે ખરેખર પોતાની નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

અહીં ચારિત્રપર્યાયના ગુણ-દોષની વાત નથી. જે જે તીવ્રતા-મંદતા હોય તેને જ્ઞાન જાણે છે. આ જાણવા યોગ્ય છે એમ જ્ઞાન જાણે છે. "જ્ઞાતું યોગ્યં જ્ઞેયં."

અહીં કોઈ પ્રશ્ન કરે કે-વિપરીત પ્રરૂપણા કરનાર પ્રત્યે તલાકપણું ન આવે તો તે મિથ્યાદૃષ્ટિ છે, -એવું કથન આવે છે તેનું શું સમજવું? સત્તાસ્વરૂપમાં કહે છે કે-જે સાચો જૈન હશે તે તો પ્રયોજનભૂત રકમમાં અન્ય દ્વારા બાધા સર્વથા આવવા દેશે નહિ, તથા બાધા જોઈને પોતાને તલાક (એમ નહિ એવો નકાર) ન આવે તો તે જૈનાભાસી-મિથ્યાદૃષ્ટિ જ છે. આનો શો અર્થ?

**સમાધાનઃ-** જે વિકલ્પ ઊઠે છે તે ચારિત્રગુણની પર્યાયનો દોષ છે. જ્ઞાનમાં હેય-ઉપાદેયપણું નથી. જ્ઞાને તે પ્રકારના જ્ઞેયને જાણ્યું છે. વિપરીત વાત જાણી માટે સાધકને તલાકપણાનો રાગ આવ્યો છે એમ નથી, પણ સાધકદશામાં પૂર્ણ વીતરાગતા નથી માટે રાગ આવે છે. મિથ્યાદૃષ્ટિની વાત સાચી નથી-એવો વિકલ્પ સાધકદશામાં આવ્યા વિના રહેતો નથી. સામો જીવ ખોટી પ્રરૂપણા કરે છે, માટે તલાપણાનો રાગ આવે છે, -એમ નથી; જ્ઞાને જાણ્યું માટે રાગ આવે છે, એમ પણ નથી; પણ પોતાની ચારિત્રની પર્યાયનો દોષ છે એટલે તલાકપણાનો વિકલ્પ આવે છે.

શાસ્ત્રમાં અનેક પ્રકારનાં લખાણ આવે-શબ્દાર્થ, આગમાર્થ, ભાવાર્થ, નયાર્થ, મતાર્થ, વગેરેનું જ્ઞાન કરવું જોઈએ. જ્ઞાનમાં પર્યાયસત્તા જણાય છે. પરની સત્તાને જાણવી તે વ્યવહાર છે. ચારિત્રગુણની પર્યાયને જાણવી તે વ્યવહાર છે. અખંડ સ્વભાવને જાણવો તે નિશ્ચય છે.

સાધકજીવને રાગ આવે છે. સ્વ-પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ છે, માટે રાગ થયો છે એમ નથી, રાગ થયો માટે જ્ઞાન પ્રગટયું એમ પણ નથી. પોતાને જાણતાં પર તથા રાગને વ્યવહારે જાણે છે. રાગ આ કાળે આવો કેમ છે તેવો પ્રશ્ન રહ્યો નહિ ને રાગ


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સારો ને નરસો એમ પણ રહ્યુ નહિ. આમ રાગથી જ્ઞાન જાુદું પડતાં જ્ઞાનપર્યાય આત્મા સાથે અભેદ થાય છે એ ધર્મ છે.

જ્ઞાન જ્ઞાનસત્તાને જાણે છે. જ્ઞાન પોતે જ્ઞાતા અને જ્ઞેય બંને છે. વળી જ્ઞાન દર્શનસત્તાને જાણે છે. દર્શન એટલે દેખવું. મારામાં દેખવાનો ગુણ છે-એમ જ્ઞાન જાણે છે. એવી રીતે સ્વચ્છત્વ, વિભુત્વ, પ્રભુત્વ વગેરે અનંતા ગુણો છે તેને જ્ઞાન જાણે છે. અનંતા ગુણને જેમ છે તેમ જ્ઞાન જાણે છે. દરેક ગુણ ભિન્ન ભિન્ન છે. એમ જ્ઞાન જાણે છે, પણ તેમાં પ્રદેશભેદ નથી. જ્ઞાન અમુક જગ્યાએ રહે ને દર્શન અમુક જગ્યાએ રહે-એવો ભેદ નથી. બધા ગુણો અસંખ્યપ્રદેશમાં વ્યાપક છે, માટે પૃથક્ત્વ ભેદ નથી; છતાં અન્યત્વ ભેદ છે. જ્ઞાનગુણ તે દર્શનગુણ નથી, આનંદ તે આનંદ છે, દર્શન તે દર્શન છે-એમ દરેક ગુણને ભિન્ન ભિન્ન જાણવા તે જ્ઞાનનું કાર્ય છે.

આત્મદ્રવ્યની સત્તા, ગુણની સત્તા અને પર્યાયની સત્તાને જેમ છે તેમ જાણવી તે ધર્મ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## મહા સુદ ૧૨, સોમ ૨૬-૧-૫૩
## પ્ર. -૫૧

જ્ઞાનમાં જણાવા લાયક તે જ્ઞેય છે. જેવું જ્ઞેય છે તેવું જ્ઞાન જાણે ને જ્ઞેયનું જેવું સ્વરૂપ છે તેવું જ્ઞાનમાં જણાય.

આત્મામાં અનંત ગુણો છે. દરેક ગુણ બીજાથી અન્યત્વભેદરૂપ છે. દરેક ગુણ ક્ષેત્રથી પૃથક નથી પણ સ્વભાવથી પૃથક છે-એમ જ્ઞાન જાણે છે. જ્ઞાન જ્ઞાનને જાણે છે, દર્શન અને ચારિત્રને પણ જાણે છે. દરેક ગુણનો પરિણમનસ્વભાવ જુદો જુદો છે-એમ જ્ઞાન જાણે છે. સમ્યગ્દર્શન પ્રગટ થયું તો પછી જ્ઞાન કેવળજ્ઞાનરૂપે કેમ ન થયું? ને ચારિત્ર પૂર્ણ કેમ ન થયું? એ પ્રશ્ન રહેતો નથી. દરેક ગુણનું પરિણમન સ્વતંત્ર છે એમ જ્ઞાન જાણે છે. કોઈ ધર્મીને અવધિજ્ઞાન થઈ જાય-એટલે કે ત્રણ જ્ઞાન પ્રગટે પણ ચારિત્ર પ્રગટે નહિ ને છઠ્ઠા ગુણસ્થાને મુનિને મતિ-શ્રુત બે જ્ઞાન હોય ને મુનિનું ચારિત્ર હોય છે, -એમ કેમ? એવું આશ્ચર્ય જ્ઞાનમાં નથી. કોઈ કરોડો વર્ષ સુધી મુનિપણું પાળે ને કેવળજ્ઞાન ન પ્રગટે તેને પણ જ્ઞાન જાણે છે. ગુણસ્થાનોમાં રહેલી શુદ્ધતા, અશુદ્ધતા કે અપૂર્ણતા, નિમિત્તરૂપે કર્મ વગેરે જે જે પ્રકાર હોય તેને જ્ઞાન જાણે છે. રાગનો ઉત્પાદ કે વ્યય વગેરેને જ્ઞાન જેમ છે તેમ જાણે છે.

વળી આત્મામાં અનંતા ગુણોનું પૂર અથવા પ્રવાહ છે તેને જ્ઞાન જાણે છે. એમાંથી એક ગુણ અથવા એક પર્યાય ઓછી જાણે તો તેણે જ્ઞાનસ્વભાવ જાણ્યો નથી ને જ્ઞેયસ્વભાવ પણ જાણ્યો નથી. સાચા જ્ઞાન વિના શાંતિ થતી નથી.

કોઈ જીવ ભગવાનના સમવસરણમાં જાય છતાં તેને સમ્યગ્દર્શન ન થાય ને કોઈ જીવ મુનિ પાસે જાય ને અલ્પ-

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમયમાં સમ્યગ્દર્શન પામે તો આમ કેમ? એવો પ્રશ્ન જ્ઞાનમાં નથી. તે-તે પ્રકારનો જ્ઞેયનો સ્વભાવ છે. તેને જ્ઞાન જાણે છે. આમ ભૂત, વર્તમાન ને ભવિષ્યની પર્યાય તે જ્ઞાનનો વિષય છે.

પ્રથમ પોતાની વાત કરી હતી, પછી પર પદાર્થોની વાત કરી. જીવ તથા અજીવ દ્રવ્ય ને તેની સાત પર્યાયો-એમ ત્રણે કાળના નવ પદાર્થોને જેમ છે તેમ જ્ઞાન જાણે છે. અજીવ પદાર્થને જ્ઞાન જાણે. અજીવથી રાગ થાય એમ માને તો નવપદાર્થ રહેતા નથી. કર્મ અજીવ છે, રાગ અથવા પુણ્ય-પાપ વિકાર છે. આમા ચૈતન્યમૂર્તિ છે, સંવર, નિર્જરા ને મોક્ષ એકસમયની નિર્વિકારી પર્યાય છે-એમ જાણવું જોઈએ. વ્યવહારરત્નત્રયથી સંવર માને તો નવને માન્યા નહિ. પુણ્ય તો વિકારતત્ત્વ છે. વિકારના કારણે સંવર માને તો વિકારે સંવરનું કાર્ય કર્યું ને એમ થતાં સંવર અને પુણ્યતત્ત્વ બન્ને ઊડી જાય છે. આત્માથી શરીર ચાલે છે એમ જે માને છે તે નવને માનતો નથી. શરીર જડ છે ને તે સ્વતંત્રપણે ચાલે છે-એમ માને તો અજીવતત્ત્વને માન્યું કહેવાય. જીવની ઈચ્છાથી શરીર ચાલે એમ માને તો નવતત્ત્વ રહેતાં નથી.

કારણપરમાત્મા-શુદ્ધકારણજીવ તે જીવ પદાર્થ છે, કર્મ અને શરીરાદિ અજીવ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાય પ્રગટે તે સંવરતત્ત્વ છે, શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે, દયા-દાનાદિ ભાવ પુણ્ય છે, હિંસા-જૂઠાદિ તે પાપભાવ છે, બન્ને આસ્રવ ને બંધ છે, સર્વથા બંધરહિત થવું તે મોક્ષ છે. નવે પદાર્થ સ્વતંત્ર છે-આમ જ્ઞાન જાણે.

કર્મ અજીવ છે, તેનાથી રાગ થયો માને તો નવ તત્ત્વ રહેતાં નથી. તેનું જ્ઞાન મિથ્યા છે તેમ જ તેણે જ્ઞેયને પણ યથાર્થ માન્યાં નથી. અહીં તો નવે તત્ત્વો છે એમ સાબિત કરવું છે. **સંવરપર્યાય જીવદ્રવ્યમાંથી આવ્યો છે-એમ પણ અહીં કહેવું નથી. જીવ અને સંવરને અહીં જુદાં**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**( જુદાં તત્ત્વો કહેવાં છે. સંવર પણ ' છે ' એમ કહેવું છે, જીવ પણ ' છે ' એમ કહેવું છે; કોઈને લીધે કોઈ નથી. )**

મુનિની દશામાં ત્રણ કષાય ટળે છે. તે સંવરદશામાં રાગ ઘણો મંદ થઈ જાય છે, તેને વસ્ત્ર-પાત્ર હોતાં નથી-એમ માનવું જોઈએ. આધાકર્મી કે ઉદ્દેશિક આહાર મુનિને હોય એમ જે માને તેને નવે તત્ત્વની ભૂલ છે. ઉદ્દેશિક આહાર લેવાનો તીવ્ર રાગ આવવા છતાં તેને છઠ્ઠી ભૂમિકાનો મંદ રાગ માન્યો તે આસ્રવતત્ત્વની ભૂલ છે.

વળી મુનિને નિર્દોષ આહાર જ હોય, છતાં ઉદ્દેશિક આહાર માને તે અજીવમાં ભૂલ છે. વળી મુનિદશામાં ઘણો મંદ રાગ બાકી રહ્યો છે ને અકષાયી દશા થઈ છે એમ પણ તેણે યથાર્થ ન માન્યું તે સંવર-નિર્જરામાં ભૂલ છે. વળી શુદ્ધ જીવતત્ત્વને પણ ન માન્યું. ઉદ્દેશિક આહારનો તીવ્રરાગ માન્યો તેથી નિમિત્તરૂપે તીવ્રકર્મનો ઉદય માન્યો પણ ખરેખર તો કર્મનો મંદ ઉદય છે. માટે તેની અજીવતત્ત્વમાં ભૂલ છે-વગેરે પ્રકારે નવેમાં ભૂલ આવે છે.

કર્મને લીધે રાગ થાય છે એમ જેણે માન્યું તેણે ભૂતકાળમાં પણ અનંતા જીવોને કર્મથી રાગ થયો માન્યો-એમ ત્રણે કાળમાં નવતત્ત્વનો ખીચડો કરે છે. ઈચ્છાથી શરીર ચાલે છે એમ માનનાર ત્રણે કાળના તત્ત્વનો ખીચડો કરે છે. છઠ્ઠા ગુણસ્થાને ૨૮ મૂળગુણનો વિકલ્પ તે આસ્રવતત્ત્વ છે. તે છે તો સંવરતત્ત્વ ટકી રહ્યું છે એમ માને તો મોટી ભૂલ છે. સંવરતત્ત્વ ભિન્ન છે. આમ અજ્ઞાની ત્રણે કાળના તત્ત્વોમાં ભૂલ કરે છે.

એક તત્ત્વને મિશ્ર કરે તો નવેમાં ભૂલ થાય છે. નિમિત્ત-નૈમિત્તિકસંબંધમાં ભૂલ કરનાર નવેમાં ભૂલ કરે છે. જડકર્મની પર્યાય સ્વતંત્ર છે. નૈમિત્તિકદશા આત્મામાં થાય તે પણ સ્વતંત્ર છે. સંવર-નિર્જરા અપૂર્ણ શુદ્ધ પર્યાય છે, મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય છે; આસ્રવ-બંધ મલિન પર્યાય છે, -એમ ન માનતાં પુણ્યકર્મ બાંધશું તો ભગવાન પાસે જઈશું ને ત્યાં ધર્મ પામશું એમ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અજ્ઞાની માને છે. દ્રવ્યપુણ્ય અજીવતત્ત્વ છે. પુણ્યરૂપી અજીવતત્ત્વથી શરીર (બીજું અજીવ) ભગવાન પાસે જતું નથી. વળી વાણી અજીવતત્ત્વ છે. તેનાથી સમ્યગ્દર્શન માને તે જીવ, અજીવ તથા સંવરને એક માને છે. રાગથી પૈસો મળે એમ માને તો પાપ ને અજીવ એક થઈ જાય. રાગથી સુખ માને તો પાપ ને સંવર એક થઈ જાય. એક તત્ત્વમાં ભૂલ કરે તેની નવેમાં ભૂલ થાય છે. નવે પદાર્થ સત્ છે માટે કોઈ કોઈનો આશ્રય લેતું નથી. જીવ ત્રિકાળ શુદ્ધ આનંદકંદ પરમાત્મા છે, વિકારથી અવિકારીદશા પ્રગટે એમ માને તો તે નવ પદાર્થોને માનતો નથી. આત્મામાં જે પર્યાય પ્રગટ થાય તે તેનો સ્વકાળ છે, - તેમ જાણવું. પૈસા અજીવ છે, તેને લીધે આકુળતારહિત ધર્મ થઈ શકે એમ માનનાર મૂઢ છે હું છું તો દુકાનની વ્યવસ્થા ચાલે છે એમ માનનાર મૂઢ છે. જીવે રાગ કર્યો માટે કર્મ બંધાયું તે વાત ખોટી છે. કર્મ અજીવતત્ત્વ છે, રાગ આસ્રવતત્ત્વ છે, એકબીજાને પરાધીન નથી. આમ વસ્તુસ્વરૂપ જાણવું જોઈએ.

મુનિપણાની જે પર્યાય છે તેથી વિપરીત જાણે તો જ્ઞાન ખોટું છે. અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની પર્યાય જેમ છે તેમ જ્ઞાન જાણે. નવપદાર્થમાં નવેને પૃથક જાણે તો યથાર્થ છે. કર્મ આદિ પદાર્થ અજીવ છે. તેવા અનંતા અજીવ છે. એક અજીવથી બીજો અજીવ પદાર્થ ચાલે તો અનંતા અજીવ રહેતા નથી. સ્વતંત્ર પદાર્થો માને તો અજીવને યથાર્થ માન્યા કહેવાય આમ નવેને જેમ છે તેમ જાણવા જોઈએ.

વળી જીવ શુદ્ધ કારણપરમાત્મારૂપ છે ને તેની પર્યાયમાં થતાં રાગદ્વેષ તે આસ્રવતત્ત્વ છે. જીવ ને આસ્રવ બન્ને ભિન્ન પદાર્થ છે. વળી કર્મનું જોર છે માટે રાગદ્વેષ થાય છે એમ પણ નથી. આમ જીવ, અજીવ, આસ્રવ વગેરેને પૃથક્પણે જ્ઞાન જાણે છે.

કર્મનું જોર છે માટે પુરુષાર્થ થઈ શક્તો નથી. એમ માનનાર પદાર્થોને સ્વતંત્ર માનતો નથી. જીવ સ્વતંત્ર, વિકાર સ્વતંત્ર ને કર્મ સ્વતંત્ર છે-એમ તે માનતો નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ધર્માસ્તિકાય અજીવ છે, તેને લીધે જીવની ગતિ થતી નથી. જીવમાં ક્રિયાવતી શક્તિ છે, તેને લીધે ક્ષેત્રાંતર થાય છે તે ધર્માસ્તિકાયથી થતું નથી. કાળને લીધે પદાર્થોમાં પરિણમન માનવાથી ને અધર્મદ્રવ્યને લીધે જીવ સ્થિર થાય છે એમ માનવાથી નવતત્ત્વ રહેતાં નથી. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ અજીવ છે, તેને સ્વતંત્ર માનવા જોઈએ. ત્રણે કાળના પદાર્થોને સ્વતંત્ર માનવા જોઈએ.

વળી ત્રણ કાળના દ્રવ્ય-ગુણ-પર્યાયને જેમ છે તેમ જ્ઞાન જાણે. ગુણને પર્યાય ન જાણે, દ્રવ્યને ગુણ ન જાણે, એક ગુણ આખો પર્યાયમાં આવી જતો નથી. ભૂતપર્યાયને લીધે વર્તમાન પર્યાય થતી નથી ને વર્તમાન પર્યાયને લીધે ભવિષ્યની પર્યાય થતી નથી. મોક્ષમાર્ગની પર્યાયને લીધે મોક્ષ થયો માને તો મોક્ષમાર્ગ જે સંવર-નિર્જરા છે ને મોક્ષ જે મોક્ષતત્ત્વ છે-એ બન્ને એક થઈ જતાં નવ પદાર્થો પૃથક્ રહેતા નથી. એક પર્યાયને લીધે બીજી પર્યાય માને તો ત્રણ કાળની પર્યાય ભિન્ન ભિન્ન રહેતી નથી, પર્યાયનો નાશ થઈ જાય છે. સમ્યગ્દર્શન થયું માટે ચારિત્ર થયું? ના. દરેક ગુણ ભિન્ન ભિન્ન છે, પર્યાય ભિન્ન-ભિન્ન છે-એમ જ્ઞાન જાણે.

દરેક સમયના ઉત્પાદને ઉત્પાદ, વ્યયને વ્યય અને ધ્રુવને, ધ્રુવ જાણે. વ્યય કારણ ને ઉત્પાદ કાર્ય એ અહીં લેવું નથી. વ્યયથી ઉત્પાદ કહો તો વ્યય ને ઉત્પાદ રહેતા નથી. ધ્રુવથી ઉત્પાદ કહો તો ધ્રુવ ને ઉત્પાદ રહેતા નથી. દરેક જુદાં જુદાં જ્ઞાન જાણે.

આમ જ્ઞેયની વાત આગમમાં લખી છે, ષટ્ખંડ આગમમાં ને સમયસારાદિમાં આ વાત કહી છે. ज्ञातुं योग्यं જ્ઞેય=જ્ઞાનમાં જણાવાયોગ્ય તેને જ્ઞેય કહીએ છીએ.

જ્ઞેય સામાન્ય પ્રકારે એક છે. હવે બે ભેદ પાડે છે-આત્મા સિવાય બીજા પદાર્થો જ્ઞેય છે એમ જ્ઞાન જાણે છે. જેમ છે તેમ જ્ઞાન જાણે, પરને પર તરીકે જાણે પણ પરનો અનુભવ ન હોય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિજ જ્ઞેયને જાણવું, સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયને જાણી પરની ઉપેક્ષા કરી સ્વની અપેક્ષા કરી સ્વનો અનુભવ કરવો એ ફળ છે. બીજા જીવો, પુદ્ગલ, ધર્મ વગેરે પદાર્થોને જેમ છે તેમ જ્ઞાન જાણે સ્વને જાણીને સ્વનો અનુભવ કરે. પરનું જ્ઞાન હોય છે પણ પરનો અનુભવ હોતો નથી, સ્વનો જ્ઞાન સહિત અનુભવ હોય છે. લોકાલોકનું જ્ઞાન પોતામાં થાય છે પણ લોકાલોક પોતામાં પેસી જતા નથી.

હવે નિજધર્માધિકાર કહીએ છીએ.

## નિજધર્માધિકાર

નિજધર્મ-વસ્તુસ્વભાવ. આત્મા પોતે જ્ઞાનાનંદ સ્વભાવી છે, ને નિર્વિકારપણું તેનો ધર્મ છે. અહીં વિકારની વાત લેવી નથી. આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરતાં સમ્યક્દશા પ્રગટ થાય છે. પરનું રાગનું ને સ્વનું યથાર્થ જ્ઞાન થતાં સ્વમાં વીતરાગદશા પ્રગટે છે. યથાર્થ જ્ઞાન થતાં નિજધર્મ પ્રગટે છે. સાચું જ્ઞાન રમણતાનો અંશ લેતું આવે છે. સાચી પ્રતીતિ ને સાચું જ્ઞાન થતાં અંશે વીતરાગતા જરૂર પ્રગટે છે. યથાર્થ જ્ઞાન થતાં પર્યાય દ્રવ્યમાં એકત્વ થાય છે. તે ધર્મ છે.

આત્મામાં અનંતા ગુણો છે. તેને પર્યાયમાં ધારે ત્યારે નિજધર્મ પ્રગટ થાય છે. મારામાં અનંતા ગુણો છે, એમ નક્કી કરતાં પર્યાયમાં વીતરાગતા પ્રગટે છે. નિમિત્ત તે હું, રાગ તે હું, એમ જે પર્યાય ધારે તેણે જીવના અનંતા ધર્મોને ધાર્યા નથી. અહીં ધર્મ શબ્દ વાપરેલ છે. 'न धर्मो धार्मिकैर्विना' પોતાનો પર્યાય પોતાને ઉદ્ધારે, નિમિત્ત ને રાગથી બચાવે ને સ્વભાવમાં એકાગ્ર થાય તે ધર્મ છે.

ભગવાન આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાયધર્મોને ધારી રાખે છે. હું શુદ્ધ જીવ છું ને વિકાર આદિ આસ્રવ છે તે મારું સ્વરૂપ નથી. એમ ભેદજ્ઞાન ધારણ કરી રાખે તે ધર્મ છે. હું પર જીવને બચાવી શકું છું, પરની દયા પાળી શકું છું, બીજાનું કાર્ય કરી શકું છું-એમ માનનારને ધર્મ થતો નથી.

બીજાના ધર્મો તું ધારી શકે છે? ના. ધર્મી જીવને અલ્પ રાગ થાય છે, પણ રાગ રહિત સ્વભાવનું જોર વર્તતું હોવાથી તે અનંતા ગુણોને ધારી રાખે છે-સ્વભાવની પૂર્ણતાની શક્તિને ધારી રાખે-ટકાવી રાખે તેને ધર્મ કહે છે.

ધર્મી વિના ધર્મ હોતો નથી, જેને ધર્મી જીવ પ્રત્યે પ્રેમ વર્તે છે તેને ધર્મ પ્રત્યે પ્રેમ વર્તે છે, ધર્મી જીવ પ્રત્યે અણગમો વર્તે છે તેને ધર્મ પ્રત્યે દ્વેષ વર્તે છે. તેને પોતાનો ધર્મ રુચ્યો નથી, પણ દ્વેષને તેણે ધારી રાખ્યો છે. ધર્મ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશા, તે આત્મા વિના ન હોય. ધર્મીને બીજા ધર્મી પ્રત્યે ભૂમિકાને યોગ્ય પ્રેમ આવ્યા વિના રહેતો નથી. રાગનો પણ તે કાળ છે. 'અશુભવંચનાર્થમ્' એમ લખાણ આવે છે તે વ્યવહારની ભાષા છે. અશુભભાવ થતો હતો ને તેને ટાળ્યો એમ નથી; અશુભના વ્યય વખતે શુભ હોય છે એવો તેનો કાળક્રમ છે. ધર્મી જીવ સમજે છે કે મારો ધર્મ મારાથી છે; રાગથી નથી; એમ અનંતા જીવો પણ દ્રવ્યસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનથી ધર્મદશા પામ્યા છે. નિમિત્ત ને રાગથી ધર્મ થતો નથી. મુનિએ નિજધર્મ ધાર્યો છે, શરીરને ધાર્યું નથી, વિકલ્પને ધાર્યો નથી. અનંતા ગુણોને પોતાનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતામાં ધારી રાખ્યા તે ધર્મ છે. શરીરની ક્રિયા કરી શકે કે છોડી શકે તે આત્માના અધિકારની વાત નથી. રાગ રાગના કાળે થાય છે, પણ જે વીતરાગતા થાય છે તે ધર્મ છે. સાધક જીવને રાગ વખતે અન્ય ધર્મી પ્રત્યે પ્રેમ આવે છે પણ દ્વેષ આવતો નથી, દ્વેષ આવે તો તે ધર્મી નથી.

દરેક પદાર્થ પોતપોતાના ધર્મને ધારે છે. આત્મા પોતાનો સ્વભાવ ધારણ કરે છે, અજીવ તેનો સ્વભાવ ધારણ કરે છે. આત્માનો ધર્મ આત્મામાં છે, આત્માનો ધર્મ પરથી નથી ને પરની પર્યાય આત્માથી નથી. અહીં ધર્મ એટલે સ્વભાવ અથવા ગુણ-પર્યાય. દરેક દ્રવ્યે પોતાનો સ્વભાવ પોતે ધાર્યો છે, બીજાએ ધાર્યો નથી, એમ યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

## મહા વદ ૧૩, મંગળ ૨૭-૧-૫૩

## પ્ર. -૫૨

આત્માનો ધર્મ કોને કહેવો? જાણવું, દેખવું ને રાગદ્વેષરહિત દશામાં ઠરવું તે ધર્મ છે.

**પ્રશ્નઃ-** તમોએ ધર્મની વ્યાખ્યામાં કહ્યું કે દેહ, મન, વાણીની ક્રિયા થાય કે વિકાર થાય તે ધર્મ નથી પણ અખંડ શુદ્ધ ચિદાનંદનાં શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા તે ધર્મ છે. તો પછી જેમ આત્મામાં નિજ ધર્મો છે, તેમ પુદ્‌ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિ ધર્મ છે. તો તેને ધર્મ કેમ ન કહ્યો? આત્માનાં જ્ઞાન, દર્શન અને રાગરહિત દશાને નિજધર્મ કહો છો, પણ બધા પદાર્થોનો જે જે સ્વભાવ છે તે તે નિજધર્મ છે, તો બધાને નિજધર્મ કહો, પણ દર્શન-જ્ઞાન-ચારિત્રને જ નિજધર્મ કહો નહિ. એમ પ્રશ્ન કરે છે.

**સમાધાનઃ-** દરેક દ્રવ્યનો સ્વભાવ પોતપોતામાં છે. ત્રિલોકનાથે છ દ્રવ્યો જોયાં છે ને વાણીમાં તેમ જ આવેલ છે. તેનો જે જે સ્વભાવ તે તે નિજધર્મ કહેવાય, પણ અહીં તેની વાત નથી. અહીં તો જે આત્માને તારે તેને નિજધર્મ કહીએ છીએ. પુદ્‌ગલમાં ગમે તે ફેરફાર થાય તોપણ તેને દુઃખ નથી. અહીં આત્માની વાત છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં રહેતાં સંસારથી બચી જાય તેને નિજધર્મ કહે છે. અજીવને દુઃખ નથી. શરીર હાડકાં અને માંસથી ભરેલું છે, તે ગમે તે રૂપે થાય, તેનો ધર્મ તેની પાસે છે, પણ તારણધર્મ જીવમાં છે. જીવને સંસારથી બચાવી મોક્ષદશામાં લઈ જાય તે ધર્મ છે.

વળી સજીવધર્મ જીવમાં છે. પોતાને તથા પરને જાણે એવો પ્રકાશધર્મ જીવમાં છે. પુણ્ય-પાપ ટળી સંવર અને શાંતિ પ્રગટે તેવો હિતરૂપ ધર્મ જીવમાં છે. અસાધારણ ધર્મ, અવિનાશી-

સુખરૂપ ધર્મ, ચેતનાપ્રાણધર્મ, પરમેશ્વરધર્મ, સર્વોપરિધર્મ, અનંતગુણધર્મ, શુદ્ધસ્વરૂપપરિણતિધર્મ, અપારમહિમાધારકધર્મ, નિજશુદ્ધાત્મસ્વભાવરૂપધર્મ-એ નિજધર્મ છે. પાંચ જડદ્રવ્યોના ધર્મની વાત કરતા નથી. અહીં જીવના નિજધર્મની વાત કરીએ છીએ. જડને હિત-અહિત નથી, જીવને હિત કરવું છે. જીવમાં તારણધર્મ છે તેની વાત કરે છે.

(૧) **સંસારતારણ ધર્મઃ-** આ સંસાર આદિ વિનાનો છે. કર્મના નિમિત્તે જીવ જન્માદિ દુઃખ ભોગવે છે. કર્મે દુઃખ કરાવ્યું નથી, કર્મ જડ છે. તેના સંબંધમાં જોડાણ કરે તો દુઃખ ભોગવે છે. તેવાં દુઃખ કે અધર્મથી તારે તેને તારણધર્મ કહે છે. દયા, દાન, કામ, ક્રોધ ભાવ થાય તે પરધર્મ છે-વિકાર છે. અજ્ઞાની વિકારને પોતાનું સ્વરૂપ માને છે. શરીરના ધર્મને પોતાનો માને, પુણ્યથી ઠીક થાય, પૂર્વનાં પુણ્ય ફળે તો ઠીક થાય, એવી માન્યતા તે અધર્મભાવ છે. પૈસા, બૈરાં, છોકરાં અને અનુકૂળતા પોતાને મળ્યાં માને છે. પુણ્ય-પાપ વિકારાદિ પરધર્મને પોતાના માને છે તથા તેને હિતકારક માની દુઃખ ભોગવે છે. પરધર્મને નિજધર્મ માનવો તે દુઃખ છે. સંયોગો, પૈસા કે શરીર સુખ-દુઃખ આપતાં નથી. પર વસ્તુના સ્વભાવને પોતાનો સ્વભાવ માનવો તે દુઃખનું કારણ છે. ખાવાપીવાના પદાર્થોમાં સુખ-દુઃખ નથી. લાડુ સુખરૂપ નથી, ઝેર દુઃખરૂપ નથી. પૈસા હોય તો ઠીક પડે વગેરે માન્યતા ભૂલ ભરેલી છે. પરવસ્તુનો સ્વભાવ સ્વતંત્ર છે, આત્મા તેમાં કાંઈ કરી શકતો નથી. પરનો સ્વભાવ આત્મા કરી શકે છે એમ માનવું અથવા પરનો સ્વભાવ અનુકૂળ-પ્રતિકૂળ માનવો તે સંસાર છે. પર જીવ બચે છે તે તે જીવનો ધર્મ છે, છતાં હું તેને બચાવું છું એ માન્યતા દુઃખનું કારણ છે. પર પ્રાણી મારાથી મર્યો ને મારાથી બચ્યો એ માન્યતા દુઃખનું કારણ છે.

શરીરાદિ અનંતા પર પદાર્થો છે. પર પદાર્થને પોતાના માનવા કે ઠીક-અઠીક માનવા તે દુઃખનું કારણ છે. પચીસ હજાર રૂપિયા મળે તે સુખનું કારણ નથી ને પચીસ હજાર

રૂપિયા કોઈ લૂંટી જાય તે દુઃખનું કારણ નથી. પર પદાર્થ સુખ-દુઃખનું કારણ નથી. પર પદાર્થનો ધર્મ પોતાને સુખરૂપ અથવા દુઃખરૂપ માનવો તે ભ્રાન્તિ છે. બીજો જીવ મને તારી શકે છે-એમ માનવું તે ભૂલ છે.

શરીર આદરવા યોગ્ય નથી માટે નિંદ્ય છે, છતાં અજ્ઞાની શરીરને ધર્મનું સાધન માને છે. શરીરમાં સુખ માને, વિષયમાં સુખ માને, ઇન્દ્રિયથી સુખ માને, જડની અવસ્થાથી આત્માની અવસ્થા માને તો દુઃખ પામે. શરીર સારું હોય તો ધર્મ થાય ને રોગી હોય તો ધર્મ ન થાય-એ માન્યતા અજ્ઞાન છે. શરીર ઉપરની દૃષ્ટિ તે પર્યાયદૃષ્ટિ છે. સ્વભાવ ઉપર જેની દૃષ્ટિ નથી પણ રાગ ઉપર દૃષ્ટિ છે તેની દૃષ્ટિ શરીર ઉપર ગયા વગર રહે નહિ. શરીરથી તપશ્ચર્યા થશે ને તેનાથી ધર્મ થશે-એમ મૂઢ માને છે. અનાદિથી જડની ક્રિયાથી ધર્મ માને છે, માટે તે દુઃખ પામે જ પામે, પણ સુખ પામે નહિ. દયા, દાન, વ્યવહારરત્નત્રય પરધર્મ છે. શરીરને પોતાનું માન્યા વિના રાગને પોતાનો માની શકે નહિ. પર પદાર્થો એ જ હું છું-એવી બુદ્ધિ પર્યાયબુદ્ધિવાળાને થાય છે. આત્મા મોટો સરદાર છે, તે શરીર તથા પુણ્યને પોતાનાં માને તો દુઃખ પામે જ પામે, તેને ધર્મ ન થાય. શરીર તે હું નથી, વિકાર તે હું નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું-એમ શુદ્ધ ચૈતન્યધર્મને જાણે ત્યારે સંસારથી તરે છે. તે સંસારતારણ ધર્મ છે. તેને નિજધર્મ કહીએ છીએ. કર્મને દુઃખ નથી. કર્મ પરમાણુની અવસ્થારૂપે થાય તો કર્મને દુઃખ નથી, ને કર્મ છૂટાં પડી જાય તો કર્મને સુખ નથી. સિદ્ધદશા વખતે સિદ્ધનાં કર્મ છૂટાં પડી ગયાં તો કર્મને સુખ થતું હશે? ના, કર્મને સુખદુઃખ નથી. અહીં આત્માને સુખદુઃખ થાય છે. અહીં આત્માના ધર્મની વાત ચાલે છે. પરથી સુખદુઃખ માનવું તે અધર્મ છે. શુદ્ધિ ચૈતન્યના આશ્રયે અધર્મ ટળી ધર્મદશા થાય તેવો સંસારતારણ ધર્મ જીવમાં છે, જડમાં એવો ધર્મ નથી. કસ્તૂરી, હીરા, વગેરે પુદ્‌ગલોમાં એવો ધર્મ નથી. પરથી સુખ-દુઃખ માનવારૂપ અધર્મથી છૂટાય

ને શાંતિ પ્રગટે તેને સંસારતારણ ધર્મ કહે છે. શિષ્યે પ્રશ્ન કરેલ હતો કે જીવમાં જ્ઞાન, દર્શનને નિજધર્મ કહો છો તો બધાં દ્રવ્યોના સ્વભાવને નિજધર્મ કહો ને? તેનો ખુલાસો આપ્યો કે આત્મા દુઃખથી બચી જાય ને સંસારથી તરી જાય તેવો તારણધર્મ આત્મામાં છે. માટે તેને નિજધર્મ કહીએ છીએ.

(૨) **સજીવધર્મઃ-** આત્મા પોતાના ચેતનાપ્રાણથી જીવે છે. જાણવું-દેખવું તે જીવનો સ્વભાવ છે, તે સ્વજીવનો ધર્મ છે, માટે તેને નિજધર્મ કહે છે. શરીર હું નથી, રાગદ્વેષ અને અલ્પજ્ઞપણું મારું સ્વરૂપ નથી, હું તો પરિપૂર્ણ જાણનાર છું. સજીવ એટલે જાગતો ધર્મ છે, ચેતનાર છે. રાગદ્વેષ થાય તેને પણ જાણે એવો ધર્મ છે. જાણવાની અધિકાઈ થતાં ને રાગદ્વેષની હીનતા થતાં સજીવધર્મ પ્રગટે છે. અહો, રાગ-દ્વેષ, પુણ્ય-પાપને જ્ઞાનની અધિકાઈથી હું જાણું છું, શરીરની ક્રિયાને હું કરતો નથી, તે બધી ક્રિયાને જાણું છું, એવો જાગતો ધર્મ જીવમાં છે. ચૈતન્ય-જાગૃતધર્મ પ્રગટેલા સાધકને નબળાઈથી રાગ થઈ આવે છે ને પર ઉપર લક્ષ જાય છે, તે રાગને ધર્મ કહેતા નથી. હું તો નિર્મળાનંદ છું-એવા શુદ્ધ ચૈતન્યના લક્ષે વિકારથી બચી ગયો તે તારણધર્મ છે ને બીજો ધર્મ જાગ્રતધર્મ છે. શરીરાદિને તથા વિકારાદિને જાણનાર છું. આમ અનંતા ધર્મોને જાણીને સ્વમાં એકાગ્ર થાય તેને સજીવધર્મ પ્રગટે છે. આ ધર્મ અજીવ પદાર્થોમાં હોતો નથી.

(૩) **પ્રકાશધર્મઃ-** હું ત્રિકાળ જ્ઞાનાનંદ છું-એમ જાણે ને જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવમાં રહે તેને પ્રકાશધર્મ કહે છે. તે જીવમાં હોય છે. પોતે પોતાના ધર્મને જાણે ને પરના ધર્મને પણ જાણે તે પ્રકાશધર્મ છે. હું જ્ઞાતા છું, શરીરાદિ તથા રાગદ્વેષનો જાણનાર છું, પરનો કર્તા નથી, હું તો સ્વ-પરનો જાણનાર છું. -એવા પ્રકાશધર્મને નિજધર્મ કહે છે. આત્મા સ્વ-પરને જાણનારો છે. વ્યવહારરત્નત્રયને પરજ્ઞેય તરીકે જાણું ને પોતાને સ્વજ્ઞેય તરીકે જાણું આમ જ્ઞાન યથાર્થ થતાં અંદર સ્થિર થયું તે ધર્મ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પરમધર્મઃ-** આત્માએ બધા ધર્મોને પ્રગટ જાણ્યા. જડને પોતાના ધર્મની ખબર નથી. પરમાણુમાં આ ધર્મ છે, ધર્મદ્રવ્યમાં આ ધર્મ છે- એમ આત્મા જાણે છે. વળી આ રાગ થયો, આ દ્વેષ થયો-તે બધાને જ્ઞાન જાણે છે, માટે જ્ઞાન આત્માનો ઉત્કૃષ્ટ ધર્મ છે. પાંચ દ્રવ્યો જડ છે- એવી જાહેરાત આત્માએ કરી. -આમ બધા પદાર્થોના સ્વભાવને પ્રગટ કર્યા. આવો ઉત્કૃષ્ટ ધર્મ જીવમાં હોય છે, જડમાં હોતો નથી. માટે પરમધર્મ નિજધર્મ છે.

(૫) **હિતધર્મઃ-** મારો આત્મા ચિદાનંદસ્વરૂપ છે, તેની શ્રદ્ધાથી હિત થાય છે. પૈસા આદિથી હિત ન માને પણ પોતાથી હિત થાય છે- એમ માને તેને હિતધર્મ કહે છે. હિતધર્મ જીવની પર્યાયમાં રહે છે. વ્યવહારથી કે નિમિત્તથી હિત થાય એમ માનવું તે મિથ્યાભાવ છે. મારા નિજરૂપથી શાંતિ થાય છે, - એવી પ્રતીતિ, જ્ઞાન અને રમણતાને હિતધર્મ કહે છે. તે જીવનો નિજધર્મ છે. આમાં જ્ઞાનની ક્રિયા આવે છે, ખોટી ક્રિયાનો નિષેધ થાય છે. હિતરૂપ દશા જીવમાં હોય છે. પરમાણુને હિત-અહિત નથી. ઘઉંનો લોટ ઘીમાં શેકવાથી શીરો થાય તો તે લોટના પરમાણુનું કાંઈ હિત થતું હશે? ના, જડમાં હિતપણું નથી. આત્મા અનંત જ્ઞાનસ્વરૂપ છે-એવી શ્રદ્ધા હિતરૂપ છે. અજ્ઞાની પરથી સુખ માનતો તે અહિતરૂપ હતું. સાચી શ્રદ્ધાથી હિત થાય છે. ખરાબ પરમાણુ પલટીને સારા થઈ જાય તોપણ પરમાણુમાં હિત નથી. આત્મામાં હિતરૂપ ધર્મ છે. જે વ્યવહારનો રાગ આવે છે, દયા-દાનાદિના તથા કામ-ક્રોધના પરિણામ ઊઠે છે તે અહિતરૂપ છે. પોતે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ છે, તેની શ્રદ્ધાથી હિતરૂપ ધર્મ પ્રગટે છે. લોકો કહે છે કે અમો પરનું હિત કરી શકીએ છીએ સારી ઓળખાણ હોય અથવા સારાં સગાં મળે તો હિત થાય-તે બધી માન્યતા ભ્રમ છે. હિતધર્મ પોતામાં છે. જ્ઞાનાનંદસ્વભાવ હિતેચ્છુ છે. પોતાની પર્યાયમાં થતો શુભરાગ પણ હિતેચ્છુ નથી તો પછી પરપદાર્થોને તો હિતેચ્છુ કેમ કહેવાય? ન જ કહેવાય.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૬) **અસાધારણ ધર્મ:-** આત્માનાં જ્ઞાન, દર્શન, સુખ બીજાં દ્રવ્યોમાં નથી, માટે અસાધારણ ધર્મ આત્મામાં છે. તેમ જ એક જીવનાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ બીજી જીવમાં નથી. –એવો અસાધારણ ધર્મ જીવમાં છે, તેને નિજધર્મ કહે છે.

લોકોએ સત્ય વાત સાંભળી નથી, બાહ્ય ક્રિયાકાંડમાં ધર્મ માન્યો છે. એક હીરો ઢાંકીને રાખ્યો હોય ને ઉપર જૂના ફાટેલાં ગોદડાં ઢાંકી દીધા હોય ને પટારામાં ઊંડે ઊંડે હીરોને સાચવી રાખ્યો હોય તો તેમાં ગોદડાં આડે હીરો દેખાતો નથી, બહારથી ફાટેલાં ગોદડાં દેખાય છે. શરીર, મન, વાણી, વગેરે ચીંથરા સમાન છે. તેમાં ધર્મ નથી. અંતરમાં આત્મા રત્નસમાન પડયો છે, તેને દેખે ને ઓળખાણ કરે તો ધર્મ થાય તેમ છે. ફાટેલાં ચીંથરાને ચૂંથવાથી હીરો હાથ આવતો નથી, તેમ બાહ્ય ક્રિયાકાંડથી આત્મારૂપી હીરો હાથ આવે એમ નથી, અંતર ઓળખાણ કરે તો આત્મા હાથ આવે ને ધર્મ થાય.

*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મહા સુદ ૧૪, બુધ ૨૮-૧-૫૩
## પ્ર. -૫૩

અનુભવ પ્રકાશમાં આ નિજધર્મ અધિકાર ચાલે છે. આત્મામાં જ્ઞાન, દર્શન ને આનંદગુણ છે. તે બીજા પદાર્થમાં નથી. આવાં જ્ઞાન, દર્શન ને આનંદનું અવલંબન લઈ જે વીતરાગદશા પ્રગટે તે અસાધારણ ધર્મ છે.

(૭) **અવિનાશી સુખરૂપ ધર્મઃ-** ધર્મ દેહ કે વાણીમાં નથી કે પુણ્ય-પાપના રાગમાં નથી. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે, તે આનંદરૂપ છે, તેના અવલંબને જે આનંદ પ્રગટે તેને અવિનાશી સુખરૂપ ધર્મ કહે છે. દેહ નાશવાન છે, પુણ્ય-પાપ વિકાર નાશવાન છે માટે તે ધર્મ નથી. અંતર્શક્તિનું અવલંબન લઈ જે દશા પ્રગટે તેને અવિનાશી સુખધર્મ કહે છે; મોક્ષમાર્ગ કહો કે અવિનાશી સુખધર્મ કહો એક જ છે. પોતાના આત્માના અવલંબન વિના ધર્મ થતો નથી. અજ્ઞાની કહે છે કે સંયોગ મળે ને વ્રત-તપ કરીએ તો ધર્મ થાય-તો તે વાત ખોટી છે. આનંદસ્વરૂપ આત્માનું અવલંબન લેતાં આનંદ અથવા શાંતિ પ્રગટે તેને ધર્મ કહે છે. બહારના સંયોગો અનુકૂળ વર્તે તેમાં અથવા વ્રતાદિના પરિણામમાં ધર્મ નથી. આત્મામાં આનંદ ત્રિકાળ પડયો છે, તેના અવલંબને આનંદ પ્રગટે તેને નિજધર્મ કહે છે. વ્યવહારરત્નત્રય શુભ ઉપયોગ છે, તેમાં ધર્મ નથી, તે આત્માની શાંતિ માટે બેકાર છે. આત્મા અનાકુળ રસનો કંદ છે, તેનું અવલંબન લઈ અમૃતદશા પ્રગટે તેને નિજધર્મ કહે છે. અંતરમાં શુદ્ધ ચૈતન્યતત્ત્વ પડયું છે. તેમાં આનંદનાં ઝરણાં પ્રગટે તેને નિજધર્મ કહે છે. તેને મોક્ષમાર્ગ કહે છે, તે મોક્ષનું કારણ છે. આ અંતર્દષ્ટિની વસ્તુ છે. અંતર દેખે તો ખ્યાલ આવે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(૮) **ચેતનાપ્રાણ ધર્મ:-** આત્મા જ્ઞાન-દર્શનનો પિંડ છે. રાગદ્વેષ તૂટીને ચેતના પર્યાયમાં આવે તે ચેતનાપ્રાણધર્મ છે, તે નિજધર્મ છે. આત્મા વસ્તુ ચેતન ત્રિકાળી છે. રાગદ્વેષરહિત થઈને ચેતે ને ચેતનાગુણમાં એકાગ્ર થઈ ચેતનાપ્રાણને ધારી રાખે ને રાગદ્વેષને તોડી નાખે તે ચેતનાપ્રાણ ધર્મ છે.

(૯) **પરમેશ્વર ધર્મ:-** આત્મા અનંત શક્તિનો ધરનાર છે. અંતરમાંથી સ્વભાવ પ્રગટયો તે પરમેશ્વર ધર્મ છે. પરમેશ્વરની ભક્તિ તે પરમેશ્વરધર્મ નથી. પોતે ઈશ્વર છે, -એવી અંતરની શક્તિ પ્રગટે તે પરમેશ્વર ધર્મ છે.

જૈનશાસન કયાં રહેતું હશે? એમ પ્રશ્ન કરે છે. શ્રી સમયસાર ગાથા ૧૫ માં કહ્યું છે કે "જે પુરુષ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, નિયત, અવિશેષ અને અસંયુક્ત દેખે છે તે સર્વ જિનશાસનને દેખે છે."

આત્મા કર્મથી બંધાયેલો નથી, કર્મને સ્પર્શતો નથી, એકરૂપ છે, નિયત છે, અવિશેષ છે ને અસંયુક્ત છે-એમ પાંચ પ્રકારે છે, તેમાં એકાગ્ર થાય તેને પરમેશ્વર ધર્મ કહે છે. ચિદાનંદ આત્મા કર્મથી જુદો છે ને રાગ પણ આત્માનું સ્વરૂપ નથી. અનંતા ગુણોનો પિંડ આત્મા છે એવાં શ્રદ્ધા-જ્ઞાન કરવાથી જે વીતરાગતા પ્રગટી તે પરમેશ્વર ધર્મ છે. જૈનધર્મ તે કલ્પના નથી, વાડો નથી. આત્મા અનંત શક્તિનો પિંડ છે, તેની પ્રતીતિ, રમણતા કરવી તે જૈન પરમેશ્વરનો ધર્મ છે. આત્મા જ્ઞાનદર્શનરૂપ સામાન્ય ધ્રુવ ચિદાનંદ છે, આત્મા પ્રભુ છે. સ્વભાવમાં પ્રભુ છે ને વિભાવમાં પણ પ્રભુ છે. બીજો કોઈ પ્રભુ નથી. પર્યાયમાં વિકાર થાય છે, તેનું લક્ષ છોડી આત્મા તરફ લક્ષ કર. ત્રિકાળ ધ્રુવ સ્વભાવમાં પરમેશ્વરપદ ન હોય તો પર્યાયમાં સિદ્ધપદ ન આવે. પ્રાપ્તની પ્રાપ્તિ હોય છે, અપ્રાપ્તની પ્રાપ્તિ ન હોય. સ્વભાવમાં પરમેશ્વરશક્તિ છે, તે કારણપરમાત્મા છે. તેનાં શ્રદ્ધા, જ્ઞાન, એકાગ્રતાથી પર્યાયમાં સિદ્ધદશા પ્રગટે, તે કાર્યપરમાત્મા છે. તેને પરમેશ્વરપદ કહે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અહીં કહે છે કે તારું પરમેશ્વરપદ તારામાં છે-એમ દૃષ્ટિ કર, આવી શ્રદ્ધા કરવાથી પરમેશ્વરધર્મ પ્રગટે છે. આ સાધકની વાત છે, પૂર્ણ દશાની વાત નથી.

(૧૦) **સર્વોપરિ ધર્મઃ-** આત્માના અવલંબને જે દશા પ્રગટી તે સર્વોપરિ ધર્મ છે. આ મોક્ષમાર્ગની પર્યાયનાં નામો છે.

(૧૧) **અનંતગુણધર્મઃ-** સર્વગુણાંશ તે સમ્યગ્દર્શન. આત્માની યથાર્થ પ્રતીતિ થતાં જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિભુત્વ, કર્તા, કરણ, સંપ્રદાન વગેરે ગુણોની અંશે શુદ્ધતા થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટતાં અનંતા ગુણોની અંશે શુદ્ધતા આવી જાય છે, માટે તેને અનંતગુણધર્મ કહે છે. આત્માની પ્રતીતિ થતાં કર્તાગુણનો અંશ નિર્મળ થાય છે. સ્વચ્છત્વ, પ્રભુત્વ વગેરેના અંશો નિર્મળ થાય છે. કર્તા, કરણ, સંપ્રદાન, આનંદ, જ્ઞાન, વગેરે ગુણો ત્રિકાળ છે; તેવા અનંતા ગુણોને પર્યાયમાં ધાર્યા ને અવસ્થા પ્રગટ થઈ માટે તેને અનંતગુણધર્મ કહે છે. સત્તા વગેરે ગુણો અશુદ્ધ થતા નથી પણ આત્માનું ભાન થયું એટલે બધા ગુણો શુદ્ધ થયા એમ કહ્યું ને જેને આત્માનું ભાન નથી તેને બધા ગુણો અશુદ્ધ છે એમ કહેવાય. આમ અનંતગુણધર્મ તે નિજધર્મ છે.

(૧૨) **શુદ્ધસ્વરૂપપરિણતિ ધર્મઃ-** જેવો આત્મા દ્રવ્યે શુદ્ધ છે તેવો પર્યાયમાં પણ શુદ્ધ-નિર્મળ પરિણમ્યા કરે તે ધર્મને શુદ્ધસ્વરૂપપરિણતિ ધર્મ કહે છે. અહીં મુખ્યપણે મુનિની વાત છે. દેહની ક્રિયા કે ૨૮ મૂળગુણનું પાલન તે મુનિપણું નથી, પણ નિર્વિકારી દશા મુનિપણું છે. શક્તિરૂપ સ્વભાવનું પરિણમન થતાં પર્યાયમાં શુદ્ધતા રહ્યા કરે છે, તે શુદ્ધ દશાને શુદ્ધ સ્વરૂપપરિણતિધર્મ કહે છે. શરારાદિ જડ છે, પર્યાયમાં વિકાર થાય છે તે મૂળસ્વરૂપ નથી. તે પર્યાય ઉપરથી લક્ષ ઉઠાવી દ્રવ્યસ્વભાવમાં શ્રદ્ધા-લીનતા કરે તે શુદ્ધ સ્વરૂપપરિણતિ ધર્મ છે.

ભરત અને બાહુબલિએ લડાઈ કરી તે વખતે પણ તેમને શુદ્ધ સ્વરૂપપરિણતિ ધર્મ છે. જે દ્વેષનો અંશ થયો છે તે આત્માનું સ્વરૂપ નથી એમ તેઓ જાણે છે. શુદ્ધ આત્માનું ભાન વર્તે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લડાઈની ક્રિયા આદિ જડની ક્રિયા છે, આત્મા હાથ કે તીરને અડતો નથી. જડના પરાવર્તન મુજબ પરિણમન થાય છે. અલ્પ દ્વેષ થાય છે તેને ધર્મી જાણે છે. પોતે જ્ઞાયકસ્વભાવી છે એમ ટકાવી રાખે તે શુદ્ધ સ્વરૂપપરિણતિ ધર્મ છે.

(૧૩) **અપારમહિમાધારક ધર્મ:-** આત્માની સ્વભાવદશા અપાર મહિમાવાળી છે. તે દશા પ્રગટતાં ધર્મીને ઇન્દ્રપદ, રાજ્યપદ તુચ્છ લાગે, ચક્રવર્તીનો વૈભવ તુચ્છ-ઉકરડા સમાન લાગે, વ્યવહારરત્નત્રયના પરિણામને પણ ઝેર સમાન માને, અનંતા ગુણોનો પિંડ આત્મા છે તેનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતારૂપ દશા પ્રગટે તેનો અપાર મહિમા છે; જેની મહિમા ભગવાનની વાણીમાં પણ પૂરી આવતી નથી. સ્વભાવમાં આવી અનંત શક્તિ છે. એમ શ્રદ્ધા ને લીનતા કરી જે દશા પ્રગટી તેને અપારમહિમાધારક ધર્મ કહે છે.

આ નિજધર્મ અધિકાર પૂર્ણ થયો.

દરેક ગુણની અનંત શક્તિ છે. તેની અનંતી પર્યાય છે. એક ગુણ પોતાને ઉપાદાન છે ને બીજા અનંતાને નિમિત્ત છે. જ્ઞાનગુણે અનંતા ગુણોને જાણ્યા. જ્ઞાનની એક સમયની પર્યાય અનંતા ગુણોને-દર્શન, ચારિત્ર વગેરેને જાણી લ્યે છે, તેથી અનંતા ગુણોને ધારે છે. ચારિત્રગુણનો પર્યાય અનંતા ગુણોને સ્થિરતામાં ધારી રાખે છે. આનંદની પર્યાય અનંતા ગુણોનો આનંદ ધારી રાખે છે, સમ્યગ્દર્શન પર્યાય અનંતા ગુણોની પ્રતીતિ ધારી રાખે છે. એમ એક એક ગુણની ઉપાદાનશક્તિ અનંતી છે ને એક ગુણ બીજા અનંતા ગુણોને નિમિત્ત થાય છે-એમ અનંતાને નિમિત્ત થવાની શક્તિ દરેક ગુણમાં રહેલી છે. આમ દરેક ગુણની અનંતી પર્યાય છે. આવી પ્રતીતિ કરો.

વસ્તુમાં અનંતા ગુણો છે, એક ગુણમાં અનંતી શક્તિ છે ને એક ગુણની અનંતી પર્યાય છે. જેટલા સમય તેટલા પર્યાય છે. કેવળજ્ઞાનના એક પર્યાયમાં લોકાલોક આખો જણાઈ જાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છે. એક જ્ઞાનપર્યાયમાં અનંતા ગુણોનું સામર્થ્ય, અનંતા ગુણોનું જ્ઞાન ને અનંતા પર પદાર્થોનું જ્ઞાન આવી જાય છે. લોકાલોક છે માટે જ્ઞાન છે– એમ નથી. જ્ઞાન નિરપેક્ષપણે કામ કરે છે. દરેક આત્મા પોતાની પ્રભુત્વશક્તિથી ભરેલો છે. અનંતા ગુણો અનંત મહિમાને ધારે છે. એ નિજધર્મના મહિમાને કયાં સુધી કહીએ?

એકદેશ નિજધર્મ કરતાં સંસાર પાર થાય છે. આત્મા આનંદકંદ છે; એવા આત્માનો અંશે આનંદ આવ્યો ને સ્વરૂપાચરણચારિત્ર પ્રગટયું તેને કેવળજ્ઞાન પ્રગટયા વિના રહે નહિ. જેમ બીજ ઊગતા પૂર્ણિમા થાય છે, તેમ સમ્યગ્દર્શનરૂપી બીજ અથવા અંશે શુદ્ધતા પ્રગટતાં સર્વશુદ્ધ દશા પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન થયે સિદ્ધપદ થાય જ થાય–માટે તેની અનંત મહિમા છે. જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે શુભભાવ આસ્રવ છે, તેનો મહિમા નથી પણ જે સમ્યગ્દર્શન ને જ્ઞાન પ્રગટયું તેનો મહિમા છે. તે જ્ઞાન વધીને કેવળજ્ઞાન થશે. માટે આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન કરી નિજધર્મ ધારી પરમેશ્વરપદને પ્રગટ કરો.

આવા નિજધર્મની ધારણા કેવી રીતે હોય? આત્માના અનુભવથી નિજધર્મની ધારણા થાય છે. કેરીના જ્ઞાન વિના કેરીનો ખ્યાલ ન આવે, તેમ આત્માના જ્ઞાન વિના આત્માનો ખ્યાલ ન આવે. આત્મા રાગરહિત છે–એમ જ્ઞાન કરે તો અનુભવ થાય. ધારણા એટલે ધારી રાખવું, તે અનુભવથી થાય છે.

સ્વભાવશક્તિની પ્રતીતિ ને રમણતાથી અનુભવ થાય છે. વ્યવહારથી, વજ્રકાયથી કે પુણ્યથી અનુભવ થતો નથી. માટે અનુભવસાર સિદ્ધિ અર્થે નિજધર્મ અધિકાર કહ્યો.

અહીં કોઈ પ્રશ્ન કરે કે–સમ્યગ્દર્શન થતાં તરત જ સર્વથા રાગરહિત દશા પ્રગટ થઈ જતી હશે કે રાગ બાકી રહેતો હશે?

**સમાધાનઃ-** સાધકદશામાં જ્ઞાનધારા ને કર્મધારા બે પ્રવર્તે છે. બારમાં ગુણસ્થાન સુધી બન્ને ધારા છે. બારમે

રાગ નથી પણ જ્ઞાન ઓછું છે એટલી કર્મધારા છે. આત્માનાં શ્રદ્ધાન-જ્ઞાન સમ્યક્સ્વરૂપ છે તે જ્ઞાનધારા છે ને જેટલો રાગ બાકી છે તેટલી રાગદ્વેષધારા છે.

પહેલે, બીજે ને ત્રીજે ગુણસ્થાને બહિરાત્મપણું છે. પોતે આત્માનો અનુભવ નહિ કરતાં બાહ્યમાં અટકે છે તે બહિરાત્મા છે, આત્માનો અંશે અનુભવ કરે તે અંતરાત્મા છે, પૂર્ણદશા પ્રગટ કરે તે પરમાત્મા છે. શક્તિરૂપે તો બધા પરમાત્મા જ છે-શરીર, મન, વાણી, સંયોગોને પોતાનાં માને તે બહિરાત્મા છે. સ્વરૂપની શક્તિનો ભરોસો કરે ને અંશે નિર્મળ પર્યાય પ્રગટે તે અંતરાત્મા છે ને પૂર્ણ શુદ્ધદશા પ્રગટે તે પરમાત્મા છે.


થોડો ધર્મ ઊઘડયો છે ને ઘોડો ધર્મ ઊઘડયો નથી એવી દશાને મિશ્રદશા કહે છે.

હું આત્મા અખંડાનંદ છું, આનંદકંદ છું-એવી શ્રદ્ધા થઈ છે પણ રાગદ્વેષ હજી રહ્યા છે, કષાયભાવ સર્વથી ટળ્યો નથી. જેટલો કષાયઅંશ છે તેટલી રાગદ્વેષધારા છે. સમયસાર કળશ ૧૧૦ માં જે વાત છે તેનું આ સ્પષ્ટીકરણ છે. આત્મા વસ્તુએ પરમાત્મા છે પણ પર્યાયમાં પરમાત્મા નથી. ચોથે ત્રણ કષાય બાકી છે, પાંચમે બે કષાય બાકી છે, મુનિને એક સંજ્વલકષાય છે. દસમાં ગુણસ્થાન સુધી રાગ હોય છે. મેડી ચડવામાં દાદરના પગથિયાં હોયછે, તેમ આત્માની પૂર્ણદશા પહોંચવા માટે ચૌદ પગથિયાં છે, તેમાં પહેલેથી ત્રણ સુધી બહિરાત્માપણું છે, ચોથાથી બારમા સુધી અંતરાત્મદશા છે ને તેરમે તથા ચૌદમે ગુણસ્થાને પરમાત્મદશા છે. દસમે અવ્યક્ત રાગ છે. અહીં સાધક જીવની વાત કરે છે. જેટલો રાગદ્વેષ છે તેટલો બાધક છે, આત્મા શુદ્ધ ચિદાનંદની પ્રતીતિ થઈ તેટલો આનંદ છે. શ્રદ્ધા આનંદને સ્વીકારે છે પણ હજી રાગ બાકી રહ્યો છે, તે કર્મના કારણે રાગ રહ્યો નથી. મલિન પર્યાય સર્વથા છૂટી નથી. દસમા ગુણસ્થાન સુધી કષાયભાવ રહેલ છે, ત્રિકાળી સ્વભાવની શ્રદ્ધા મુખ્ય છે. ચોથા ગુણસ્થાને પૂજા-પ્રભાવના આદિનો વિકલ્પ હોય છે.

વળી ચોથે અને પાંચમે આર્ત્ત અને રૌદ્રધ્યાન હોય છે, ને છઠ્ઠે આર્ત્તધ્યાન હોય છે પણ તેની ગૌણતા છે, દ્રવ્યસ્વભાવની મુખ્યતા છે, તેથી શ્રદ્ધાભાવ મુખ્ય છે ને કષાયભાવ ગૌણ છે-માટે કષાયને ગૌણ કહી વ્યવહાર કહી અભૂતાર્થ કહેલ છે. સમ્યગ્દર્શન થયું કે તુરત જ સર્વ પર્યાયો પૂર્ણ નિર્મળ થઈ ગઈ-એમ નથી, જેટલો રાગ છે તેટલો દોષ છે.

અહીં કહે છે કે આત્માની શ્રદ્ધા થવી તે મુખ્યભાવ છે. અલ્પ રાગ ગૌણ છે. અખંડભાવ પૂરો થયો નથી, પરમાત્મદશા થઈ નથી, થોડો ધર્મ પ્રગટયો છે ને થોડો પ્રગટયો નથી, માટે તેને મિશ્રધર્મ કહે છે. તે ચોથાથી બારમા સુધી હોય છે.

*



# મહા સુદ ૧૫, ગુરુ ૨૯-૧-૫૩
## પ્ર. -૫૪

આ મિશ્રધર્મનો અધિકાર છે. આત્માનો જ્ઞાન ને દર્શનરૂપી ચેતનાસ્વભાવ છે. તેમાં લીનતા કરી કેવળજ્ઞાનદશા ન થાય ત્યાં સુધી મિશ્રધર્મ છે એમ કહે છે. કેવળજ્ઞાનમાં કર્મધારા નથી, એકલી જ્ઞાનધારા છે ને જે દયા-દાનથી ધર્મ માને ને શરીરની ક્રિયાથી ધર્મ માને તેવા મિથ્યાદષ્ટિને એકલી કર્મધારા છે; ત્યાં મિશ્રધારા નથી. ચોથાથી બારમા ગુણસ્થાન સુધી મિશ્રધર્મ છે તેની વાત કરે છે.

હું આત્મા અખંડાનંદ છું-એવી શ્રદ્ધા ને સ્થિરતા કરી તેટલી જ્ઞાનધારા છે ને જેટલો રાગ બાકી રહ્યો તેટલી રાગધારા છે. આત્માના અવલંબને આનંદધારા હોય છે, પણ સાધકને જ્ઞાનચેતના પૂર્ણ થઈ નથી એટલો રાગભાવ બાકી છે. ચોથા, પાંચમા, છઠ્ઠા વગેરે ગુણસ્થાનવાળા જીવોને ગુણની અપૂર્ણતા છે એટલો મિશ્રભાવ છે, પણ મુખ્ય શ્રદ્ધાભાવ છે. હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું, એક રજકણનો કર્તા-ભોકતા નથી તેમ જ રાગાદિનો ખરેખર કર્તા-ભોકતા નથી, એવા શ્રદ્ધાભાવમાં આનંદ છે ને આવી શ્રદ્ધા થવા છતાં કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી રાગાદિ પરિણામ થાય છે પણ તે ગૌણ વર્તે છે. રાગાદિ હેયભાવે વર્તે છે તેને વ્યવહાર ગણી તે મારા સ્વરૂપમાં નથી એમ કહ્યું છે.

શ્રી નિયમસરની ટીકામાં પદ્મપ્રભમલધારિદેવ કહે છે કે "હું સ્વર્ગમાં હોઉં કે ગમે ત્યાં હોઉં તો હે પ્રભુ! તારા ચરણકમળમાં રહું" તેનો અર્થ એમ છે કે-પુદ્‌ગલપરાવર્તનના નિયમ

મુજબ બહારની ગમે તે અવસ્થા હો, હું સ્વર્ગમાં હોઉં કે બીજે જડના ગમે તે સંયોગમાં હોઉં, પણ તે વખતે હું ચિદાનંદ આત્માની દષ્ટિ ટકાવી રાખું- એ મારી ભાવના છે ને એ જ તારી ભક્તિ છે. નરકમાં હોઉં તોપણ તે વખતે નરકમાં ક્ષેત્ર, ભવ ને અલ્પરાગ જે વર્તતાં હોય તેની રુચિ નહિ રહેતાં હું જ્ઞાનસ્વભાવી છું એવી શ્રદ્ધા થઈ છે તે કાયમ રહેજો. મુનિને નરકપર્યાય થતી નથી પણ સંયોગદષ્ટિ ઉડાડે છે. હું સંયોગમાં નથી, હું શુદ્ધસ્વભાવી છું, આમ સ્વભાવની મુખ્યતાનું ધ્યેય હોવાથી સંયોગો અને પર્યાયમાં થતા રાગાદિ ભાવ ગૌણ છે, તેનો આદર નથી. હે નાથ! સંયોગો તો નહિ, પણ જે વિકલ્પ ઊઠે છે તેને ગૌણ કરું છું તેનો આદર કરતો નથી પણ સ્વભાવનો આદર કરું છું- અને સાધકની મિશ્રદશા કહે છે.

કોઈ વખતે જો રાગની મુખ્યતા થઈ જાય ને અખંડ સ્વભાવની મુખ્યતા ન રહે તો તે જીવને મિશ્રધર્મ રહેતો નથી. ને મિથ્યાદષ્ટિ થઈ જાય છે. શરીરાદિની અવસ્થા તેના કારણે થાય છે. જે કાંઈ પણ નબળાઈથી પુણ્ય-પાપના પરિણામ થાય છે તેને ધર્મી મુખ્ય કરતા નથી, પણ સ્વભાવને મુખ્ય કરે છે.

હું અખંડ ચૈતન્યસ્વભાવી છું-એવી પૂર્ણદશા પર્યાયમાં પ્રગટ થઈ નથી પણ ચેતનામાં અધૂરી દશા રહી છે, તેથી તેને મિશ્રભાવ કહે છે. અહીં કર્મની વાત નથી. આત્મા અને કર્મ સાથે છે-એમ મિશ્રની વાત નથી. કર્મ તો જડ છે, પર છે, તેની સાથે આત્માનું મિશ્રપણું ન હોઈ શકે.

અંતરાત્મા બારમા ગુણસ્થાન સુધી હોય છે, સર્વજ્ઞપણું પ્રગટયું નથી ત્યાંસુધી અખંડધારા અથવા પૂર્ણ આત્મા નથી. અજ્ઞાન એટલે ખોટું જ્ઞાન નહિ પણ અધૂરું જ્ઞાન સમજવું બારમે ગુણસ્થાને જ્ઞાન અટકેલું છે તે કર્મચેતના છે. જ્ઞાનચેતના પૂર્ણ થઈ નથી તેથી ત્યાં મિશ્રધારા છે.

આત્મા શુદ્ધ ચૈતન્યરૂપ છે, નિમિત્ત અને વિકારને ગૌણ કરી શુદ્ધ ચૈતન્યની પ્રતીતિ કરી છતાં પર્યાયમાં દયા-દાનાદિના પરિણામ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થયા વિના રહેતા નથી. રાગ ને અલ્પજ્ઞતા છે ત્યાંસુધી કાર્ય અધૂરું છે. અંતરમાં સ્થિરતા થઈને જ્ઞાન થયું તેટલી જ્ઞાનધારા છે. આત્મા અનંતાગુણના સામર્થ્યથી ભરેલો છે, એવી પ્રતીતિ થઈ તે મુક્તિનું કારણ છે, પણ જે રાગાદિ પરિણામ થાય છે તે મુક્તિનું કારણ નથી. જ્ઞાન જ્ઞાનમાં પૂર્ણપણે સ્થિર થયું નથી ને રાગાદિ મલિન પરિણામમાં રોકાયું છે ત્યાં મલિનતા બંધનું કારણ છે. હું ચૈતન્યસ્વરૂપ છું-એવી પ્રતીતિ ને જ્ઞાન મુક્તિનું કારણ છે. તે ભવબાધા મટાડવાનું કારણ છે. ભવબાધા મટાડવાનું સામર્થ્ય આત્માની યથાર્થ પ્રતીતિમાં છે. આત્મા પરમાત્મા છે એવી પ્રતીતિનું થવું તે મુક્તિનું કારણ છે. વચમાં જે દયા-દાનાદિની વૃત્તિઓ આવે તે મલિનભાવ છે. તેને ટાળવાનું સામર્થ્ય શ્રદ્ધામાં છે.

પોતે પરમાત્મા ન થાય ત્યાંસુધી અલ્પજ્ઞતા ને રાગ-દ્વેષ વર્તે છે, ત્યાંસુધી કર્મધારા છે. આત્માનું ભાન હોવ છતાં રાગાદિ પરિણામ ને અલ્પજ્ઞતા ટાળવાની તાકાત મિશ્રધારામાં નથી. ત્યાં કોઈ કર્મનું કારણ નથી. રાગદ્વેષ ને અલ્પજ્ઞતા કર્મધારા છે. ધર્મી જીવની ધર્મદશા શુદ્ધ ચિદાનંદની પ્રતીતિમાં વર્તે છે. પર્યાયમાં પૂર્ણ નિર્મળતા થઈ નથી, અનિર્મળતા વર્તે છે, તેને અંતરાત્મા હજી ટાળી શકતો નથી. પુરુષાર્થ નબળો છે, જો પુરુષાર્થ વધી જાય તો વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટયા વિના રહે નહિ. સાધક જીવે પ્રતીતિ તો ઠીક કરી છે. મારી ચીજ ચૈતન્યજ્યોત છે, બીજી નથી-આમ ધર્મીએ નક્કી કરેલ છે. અંદરમાં રાગાદિ પરિણામ થાય તે અપરાધ છે પણ ત્રિકાળી સ્વરૂપ નથી.

ધર્મી જીવે પ્રતીતિમાં સ્વરૂપ ઠીક કર્યું છે પણ હજી રાગ બાકી છે. પર્યાયમાં રાગ બાકી જ નથી અથવા અલ્પજ્ઞતા નથી જ એમ ખોટું જ્ઞાન કરે તો વ્યવહારનું ખોટું કર્યું કહેવાય, તો તે મિથ્યાદષ્ટિ થઈ જાય છે. રાગ અને અલ્પજ્ઞતા બાકી રહે છે તેને આદરણીય માને ને તેનાથી નિશ્ચય પ્રગટશે એમ માને તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તે પણ મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. આત્માનું ભાન થયું તે નિશ્ચય છે ને જેટલો રાગ ને અલ્પજ્ઞતા વર્તે છે તેને જાણવું તે વ્યવહાર છે.

શ્રી સમયસાર ગાથા ૧૨ની ટીકામાં કહ્યું છે કે-જો નિશ્ચયને છોડશો તો તત્ત્વનો નાશ થઈ જશે ને જો વ્યવહારનું જ્ઞાન નહિ કરે એટલે કઈ ભૂમિકાએ કેટલો કેટલો રાગ વર્તે છે તેનું જ્ઞાન ન કરે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. જે અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતા માને ને રાગમાં વીતરાગતા માને તેણે તીર્થપણું છોડી દીધું છે. તેણે વ્યવહારને છોડયો છે. વ્યવહારનય છોડવો નહિ એનો અર્થ એમ નથી કે શરીરાદિ પર પદાર્થોની ક્રિયા ન છોડવી. પર પદાર્થની વાત જ નથી. આત્મા પરપદાર્થની ક્રિયા કરી શકતો નથી, તેમ જ છોડી શકતો નથી. સ્વરૂપમાં સંપૂર્ણ સ્થિર થયો નથી ત્યાં સુધી રાગ-દ્વેષાદિના પરિણામ ને અલ્પજ્ઞતા વર્તે છે. ચોથી, પાંચમી, છઠ્ઠી વગેરે ભૂમિકામાં જે જે રાગાદિ પરિણામ વર્તે છે તેને જાણવા તે વ્યવહારનય છે, તેને યથાર્થ ન જાણે તો વ્યવહારને ઉડાડયો કહેવાય છે.

હું જ્ઞાયક છું-એવું ભાન કરીને સ્વરૂપમાં શ્રદ્ધા કરી પણ રાગ અનેક પ્રકારે થાય છે ને અનેક પ્રકારની જ્ઞાનની તારતમ્યતા થાય છે તેને જાણવું તે વ્યવહાર છે. પર્યાયમાં નબળાઈ છે-રાગ છે તેને જાણવું તે વ્યવહાર છે. તે વ્યવહાર છોડવો નહિ છતાં વ્યવહાર આદરણીય નથી. અગિયારમી ગાથામાં વ્યવહાર અભૂતાર્થ કહ્યો હતો એટલે બારમી ગાથામાં ખુલાસો કર્યો કે વ્યવહાર અભૂતાર્થ કહ્યો પણ જાણવા જેવો છે ખરો. જાણવા જેવો નથી-એમ નથી. પર્યાયનું જ્ઞાન કરી, સ્વભાવમાં સંસાર નથી એવી દૃષ્ટિ કરી લીનતા કરવી તે ધર્મ છે.

આમ નિર્ણય ઠીક કર્યો હોવા છતાં પર્યાયમાં અલ્પજ્ઞાન છે, અલ્પદર્શન છે, અલ્પચારિત્ર છે. અલ્પવીર્ય છે, અલ્પઆનંદ છે-એમ પર્યાયનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, તે વ્યવહાર છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિશ્રધારામાં બે પ્રકાર વર્તે છે. જેટલી શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કરી તે નિશ્ચય છે છતાં જેટલો રાગ વર્તે છે ને જ્ઞાનદર્શનની હીનતા વર્તે છે, જ્ઞાન અનંતમા ભાગે, દર્શન અનંતમા ભાગે, આનંદ અનંતમા ભાગે વર્તે છે–એમ ધર્મી જાણે છે તે વ્યવહાર છે.

અજ્ઞાની માને છે કે બહારના પદાર્થોને છોડવા તે વ્યવહાર છે. તે મૂઢ છે. બહારના પદાર્થોને આત્મા છોડી શકતો નથી. પરપદાર્થથી આત્મા જુદો છે ને રાગ–દ્વેષ આત્માનું સ્વરૂપ નથી. –એવું ભાન કર્યા પછી રાગાદિ પરિણામ રહે તેનું જ્ઞાન કરવું જોઈએ.

પર્યાયમાં ચારિત્ર ન હોવા છતાં ચારિત્ર માની લેવું તે ભૂલ છે. સ્વભાવના અવલંબને શાંતિ વધે ને રાગ ઘટી જાય ત્યારે ચારિત્ર થાય છે. એકલા ૨૮ મૂળગુણના વિકલ્પને વ્યવહાર કહેતા નથી. આત્માના ભાનવાળાને વ્યવહાર હોય છે.

જડની પર્યાય આવી જ હોય એવો જ્ઞાનીને આગ્રહ નથી, રાગનો પણ આગ્રહ નથી. જે પ્રકારનો રાગ આવે તેને જ્ઞાન જાણે છે. હું શુદ્ધ ચૈતન્ય પૂર્ણાનંદ છું, અસંખ્યપ્રદેશી છું, શરીરપ્રમાણ ક્ષેત્ર પરિમિત છે છતાં સ્વભાવ અપરિમિત છે. એવા સ્વભાવનું ભાન કરી સ્વરૂપ ઠીક કર્યું, આમ શ્રદ્ધા ઠીક કરવા છતાં રાગાદિ પરિણામ વર્તે છે ને કેવળજ્ઞાન પૂર્ણ નથી એમ જાણવું જોઈએ. જે રાગ ઊઠે છે તે ભૂમિકા અનુસાર ઊઠે છે, તે સ્વકાળ છે. કાળક્રમે તે પરિણામ થાય છે તેને જાણવા તે વ્યવહાર છે, તે આદરણીય નથી. અખંડ સ્વભાવને જાણવો તે નિશ્ચય છે–આમ બન્નેનું જ્ઞાન કરવું તે પ્રમાણ છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યે શ્રી સમયસારની ટીકામાં સ્પષ્ટ કરેલ છે કે વ્યવહારનય જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. ચોથાવાળાને દર્શનનો ક્ષયોપશમભાવ વર્તતો હોય તો ક્ષયોપશમ જાણવો ને ક્ષાયિકભાવ વર્તતો હોય તો ક્ષયિકભાવ જાણવો. જેમ છે તેમ જાણવું.

આત્માનું ભાન થવા છતાં રાગ ને અલ્પજ્ઞતા છે, તેથી તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દશાને મિશ્રદશા કહે છે. જે પર્યાય જેમ છે તેમ જાણે, પર્યાય ઓછી ઊઘડી હોય તેને વધારે ઊઘડેલી માનવી નહિ ને વધારે ઊઘડી નથી માટે ખેદ કરવાની જરૂર નથી.

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૫૫ માં કહ્યું છે કે "વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું તેનું શ્રદ્ધાન કરવું."

**પ્રશ્નઃ-** જો એમ છે તો જિનમાર્ગમાં બન્ને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તેનું શું કારણ?

**ઉત્તરઃ-** જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો "સત્યાર્થ એમ જ છે" એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે તેને "એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે" એમ જાણવું, અને એ પ્રમાણે જાણવાનું નામ જ બન્ને નયોનું ગ્રહણ છે, પણ બન્ને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી "આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે," એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બન્ને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

બધા જીવોને પરમાત્મા સમાન શક્તિએ કહ્યા છે. નિગોદની પર્યાયમાં પરમાત્મદશા પ્રગટ નથી, ત્યાં પર્યાય ઘણી હીણી છે. તલમાં જેમ તેલ શક્તિરૂપે છે, પ્રગટ નથી. તેલ પ્રગટ કરે ત્યારે થાય છે. તલમાં તેલ માની પુરી તળવા માગે તો તલ ને લોટ બન્ને બગડે. આત્મામાં પરમાત્મા શક્તિસ્વરૂપે છે તેમ ન માનતાં પર્યાયમાં પણ પરમાત્મા માની લ્યે તો ચાર ગતિમાં રખડે. આત્માની પ્રતીતિ ને લીનતા કરી પરમાત્મદશા ન થાય ત્યાં સુધી પરમાત્મપણું પર્યાયમાં માનવું જોઈએ નહિ, છતાં શક્તિરૂપે પરમાત્મા છે એમ ન માને તો પર્યાયમાં પરમાત્મા ન થાય. શક્તિએ કેવળજ્ઞાનરૂપ છું ને પર્યાયે પામર છું એમ જાણવું જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મવસ્તુ છે-એમ શ્રદ્ધા ને લીનતા કરી એકાગ્ર થાય તે ઉપાદેય છે. આ ઉપાદેય છે, એવો વિકલ્પ તે ઉપાદેય નથી ને જેટલો રાગ ને અલ્પજ્ઞતા ટળતી જાય છે તેને હેય કહે છે, હેય કરવું પડતું નથી. હેયનું જ્ઞાન વ્યવહારનયનો વિષય છે ને ઉપાદેયનું જ્ઞાન તે નિશ્ચયનયનો વિષય છે.

આત્મામાં એવો ભરોસો થયો કે હું શુદ્ધ ચિદાનંદ છું; એવી દ્રઢ પ્રતીતિને કોઈ ફેરવવા સમર્થ નથી. તેને ક્ષાયિક સમકિત કહે છે. તે શ્રુતકેવળી, કેવળીભગવાન ને તીર્થંકરની સમીપે થાય છે. બહારમાં સંસારમાં દેખાતો હોય છતાં ધર્મીને ચૈતન્યજ્યોતનો ભરોસો આવ્યો છે, તેને ડગાવવા કોઈ સમર્થ નથી. પોતે પાછો પડે એવો નથી. અખંડ વસ્તુ આનંદકંદ છે, એવી પ્રતીતિ થઈ છે તેને ક્ષાયિક સમકિત કહે છે. પર્યાયમાં નિર્મળતા પ્રગટ કરી ને નિમિત્તરૂપે કર્મ ન રહ્યું. હવે તેમાં પ્રશ્ન કરે છે-આત્મામાં એવી પ્રતીતિ આવી કે તે પાછો પડે નહિ ને પૂર્ણદશા લીધે છૂટકો-એવી શ્રદ્ધાવાળાને સમ્યક્પણું પૂર્ણ પ્રગટયું છે કે અધૂરું છે? જો સમ્યક્ પૂર્ણભાવ પ્રગટયો હોય તો સિદ્ધ થઈ જવો જોઈએ કેમકે એક ગુણ પૂર્ણ સમ્યક્ થતાં બધાં ગુણો પૂર્ણ સમ્યક્ થઈ જાય અને સિદ્ધદશા પ્રગટે?

અહીં મિશ્ર અધિકારની વાત લીધી છે. આત્મા આનંદનો પિંડ છે, એવી ક્ષાયિક પ્રતીતિ કરી તેને સમ્યક્ગુણ પૂરો થઈ ગયો છે, માટે બધા ગુણો પૂર્ણ થઈ જવા જોઈએ-એમ શિષ્ય શંકા કરે છે. તેનું કારણ એ છે કે સમ્યક્ગુણ બધામાં વિસ્તરેલો છે. શ્રદ્ધાગુણની દશા પૂર્ણ નિર્મળ થઈ ગઈ તે આખા આત્મામાં વ્યાપેલ છે માટે બધા ગુણો પૂર્ણ થઈ જવા જોઈએ-એમ શિષ્ય શંકા કરે છે.

શ્રેણિક રાજાને ક્ષાયિક સમકિત થયેલ છે. તેઓ નરકમાંથી નીકળી તીર્થંકર થશે. બધા ગુણો અત્યારે પૂર્ણ નથી, જેથી શિષ્ય પ્રશ્ન કરે છે કે સમ્યગ્દર્શન પૂર્ણ નિર્મળ થયું છે અને આત્મામાં વિભુત્વ નામનો ગુણ છે જેથી એક ગુણ આખા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં વ્યાપેલ છે, માટે બધા ગુણો પૂર્ણ હોવા જોઈએ.

**સમાધાનઃ-** ક્ષાયિક સમકિત થવા છતાં પરમ સમ્યક્‌ભાવ થયો નથી કેમકે બધા ગુધો પૂર્ણરૂપ થયા નથી. ભરત રાજાને ઘરમાં વૈરાગી કહ્યા એટલે ઘરમાં મુનિપણું છે એવો તેઓ અર્થ નથી. ક્ષાયિક સમકિત થયું છે પણ બધા ગુણો નિર્મળ થયા નથી. શિષ્યે પ્રશ્ન કરેલ હતો કે એક ગુણ પૂર્ણ નિર્મળ થતાં બધાં ગુણો પૂર્ણ નિર્મળ થઈ જવા જોઈએ પણ એમ નથી.

આ બધી સમજણ કરવી જોઈએ. સમજણ વિના ધર્મ થતો નથી. ક્ષાયિક સમકિત થવા છતાં બધા ગુણો સંપૂર્ણ નિર્મળ થયા નથી, અંશે નિર્મળ થયા છે, તેથી મિશ્રધારા રહી છે-એમ અહીં બતાવે છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## મહા વદ ૧, શુક્ર ૩૦-૧-૫૩
## પ્ર. -૫૫

આ અનુભવપ્રકાશ ગ્રંથમાં મિશ્રધર્મનો અધિકાર છે. આત્મામાં જે ક્ષણે અનુભવ એટલે ધર્મ પ્રગટ થાય છે તે જ ક્ષણે પૂર્ણ અનુભવ થતો નથી. પૂર્ણ અનુભવ તો કેવળજ્ઞાનમાં થાય છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, એની પ્રતીતિ અને અનુભવ તે ધર્મ છે.

ચોથા ગુણસ્થાનથી માંડીને જેટલી શુદ્ધ દશા થઈ તેટલો ધર્મ છે અને જેટલી વિકારી દશા રહે તેઅધર્મ છે. જ્યાંસુધી પૂર્ણદશા ન થાય ત્યાંસુધી બંને ભાવ હોય છે. એને મિશ્રદશા કહે છે.

હવે એમાં પ્રશ્ન ઉઠાવ્યો કેઃ- તમો એમ કહો છો કે સમ્યગદર્શનરૂપી ધર્મ પ્રગટ થાય છે, એમાં ક્ષાયિક સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. તે ક્ષાયિક સમ્યક્ગુણ સર્વથા શુદ્ધ થયો છે કે નહિ? જો તેને સર્વથા સમ્યક્પણું થયું હોય તો તેને સિદ્ધ કહેવો પડશે, કેમકે એક ગુણ સર્વથા સમ્યક્ થયો હોત તો બધા ગુણ સમ્યક્ હોવા જોઈએ, કારણ કે એક ગુણ બધા ગુણમાં વ્યાપેલો છે તેથી ક્ષાયિક સમ્યગ્દષ્ટિને મિશ્રપણું રહેતું નથી.

ક્ષાયિકસમ્યક્ત્વ થયું તે વખતે તે ગુણ સર્વથા સમ્યક્ થયો હોય તો બીજા ગુણો પણ સર્વથા સમ્યક્ હોવા જોઈએ, પણ એમ તો નથી, કેમ કે સમ્યગ્જ્ઞાન પૂર્ણ થયું નથી. એકદેશ જ્ઞાન છે તેથી ક્ષાયિકને સર્વથા સમ્યક્પણું ન કહો, એમાં કિંચિત્ કચાશ રહી ગઈ છે-એમ કહેવું પડશે. હવે તેને કચાશ કહેશો એટલે કિંચિત્ શુદ્ધ થયો છે એમ કહેશો તો સમ્યક્ગુણને ઘાતક મિથ્યાત્વ તથા અનંતાનુબંધીનું કર્મ એને હોવાં જોઈએ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હવે ક્ષાયિક સમ્યગ્દષ્ટિને મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કર્મનું નિમિત્ત તો હોતું નથી. અહીં મિશ્ર અધિકાર છે, એટલે આ વાત લીધી છે કે- સમ્યક્ગુણ ક્ષાયિક સમ્યગ્દષ્ટિને પૂર્ણ છે કે અધૂરો છે એવો પ્રશ્ન કર્યો છે. એને કહે છે કે સમ્યક્ગુણ ત્યાં પૂર્ણ પણ છે અને અપૂર્ણ પણ છે. એ વિવક્ષાવશ સમજવું પડશે. તેનો ખુલાસો કરે છે.

એ આવરણ તો ગયું પણ બધા ગુણો સર્વથા સમ્યક્ થયા નથી. આવરણ જવાથી સર્વ ગુણો સમ્યક્ સર્વથા ન થયા, તેથી પરમ સમ્યક્ નથી. અહીં કહે છે કે ક્ષાયિક સમ્યક્ત્વ થતાં બીજા ગુણો તો પરમ સમ્યક્ નથી. પણ ક્ષાયિક સમ્યક્ત્વ જે પ્રગટ થયું છે તે પણ પરમ સમ્યક્ત્વ નથી. ક્ષાયિક સમ્યક્ત્વરૂપ પર્યાયમાં અશુદ્ધતા કે અપૂર્ણતા રહી નથી પણબીજા ગુણો સર્વથા શુદ્ધ થયા નથી, માટે ક્ષાયિકને પણ પરમ સમ્યક્ત્વ કહેતા નથી. જ્યારે બધા ગુણો સાક્ષાત્ સર્વથા શુદ્ધ સમ્યક્રૂપ થાય ત્યારે પરમ સમ્યક્ત્વ એવું નામ પામે છે. વિવક્ષા પ્રમાણથી કથન પ્રમાણ છે. સમ્યગ્દર્શન થયું એટલે પડિમા લેવી જ જોઈએ-એમ કોઈ કહે તો તે મિશ્રધર્મને સમજતો નથી. અહીં તો કહે છે ક્ષાયિક સમ્યક્ત્વ થયું હોય છતાં પણ બધા ગુણો નિર્મળ થતા નથી, માટે પરમ સમ્યક્ત્વ નથી; પણ તે પરમ સમ્યક્ત્વ નથી માટે ક્ષાયિક સમ્યગ્દર્શનમાં કાંઈ મલિનતા, અશુદ્ધતા કે ઉણપ છે-એમ નથી. ક્ષાયિક સમ્યગ્દર્શન તો જે નિર્મળ થયું તે થયું. આગળ ગુણસ્થાનો ચડતાં ક્ષાયિક સમકિત વધારે નિર્મળ થાય છે એમ નથી, કેમકે એમાં કાંઈ અશુદ્ધતા રહી નથી કે શુદ્ધતા વધે પણ બીજા ગુણો પૂર્ણ શુદ્ધ થયા નથી, માટે એ પરમ સમ્યક્ત્વ નામ પામતું નથી-એમ કહે છે

કોઈને સમ્યગ્દર્શન થયા પછી અંતર્મુહુર્તમાં કેવળજ્ઞાન પ્રગટ થાય છે. અને કોઈને સમ્યગ્દર્શન થયા પછી લાખો-ક્રોડો વર્ષ સુધી પાંચમા ગુણસ્થાનની દશા પણ થતી નથી, કેમકે ક્ષાયિક સમ્યગ્દર્શન થયું એટલે કાંઈ બધા ગુણો શુદ્ધ થાય છે-એમ નથી. સમ્યગ્દષ્ટિને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

શક્તિ પ્રમાણે તપ-ત્યાગ હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈને સમ્યગ્દષ્ટિને ત્યાગ હોય છે, એવો વીતરાગનો માર્ગ છે.

ક્ષાયિક સમ્યગ્દર્શનમાં આવરણ રહ્યું નથી, એટલે તે પૂર્ણ નિર્મળ છે, છતાં ચારિત્રગુણ પૂર્ણ નિર્મળ નથી, માટે પરમ સમ્યક્ત્વ નથી-એમ કહેલ છે. ધર્મી પોતાના પરિણામ જોઈને પ્રતિજ્ઞા લે છે, પણ હઠથી પ્રતિજ્ઞા લેવી એવો વીતરાગનો માર્ગ નથી. સમ્યગ્દષ્ટિ સમજે છે કે મારા પરિણામમાં શિથિલતા છે, રાગ છે. અંતરમાં દઢતા આવે કે પ્રાણ છૂટી જાય પણ પ્રતિજ્ઞા ન ભાંગે એવા પરિણામ થવા જોઈએ.

દર્શનગુણમાં ક્ષાયિક સમ્યગ્દર્શન થતાં કોઈ અધૂરાશ રહી નથી, છતાં ત્યાં બધા ગુણો પૂર્ણ થયા નથી, માટે મિશ્રધર્મ છે એમ કહેલ છે.

બારમા ગુણસ્થાન સુધી મિશ્રદશા હોય છે, તેથી ત્યાં ધર્મ પૂર્ણ થયો નથી. સમ્યગ્દર્શન પૂર્ણ છે પરંતુ બીજા ગુણો પૂર્ણ થયા નથી તેથી મિશ્રધર્મ કહેલ છે.

જ્ઞાનીને આત્મામાં વિભાવ થાય છે તે પોતાના કારણે થાય છે એમ તે માને છે. અજ્ઞાની નિમિત્તથી તે ભાવો થાય છે એમ માનીને સ્વચ્છંદી થાય છે, તેને મિથ્યાત્વનો નાશ થતો નથી. વિભાવ આત્મામાં પોતાને કારણે થાય છે એમ માનીને તે પોતાનો સ્વભાવભાવ છે એમ માને તો તે પણ મિથ્યાદષ્ટિ છે. વિભાવ ભાવ પર્યાયમાં પોતાને કારણે થાય છે, કર્મના કારણે થતો નથી. પણ તે મારો સ્વભાવ નથી એમ જ્ઞાની માને છે તેથી તેના નાશનો પુરુષાર્થ કરે છે.

સમયસાર કળશ-ટીકા રાજમલ્લજીની છે. એમાં કહેલ છે કે જે કોઈ જીવો આત્માની પર્યાયમાં રાગાદિ થાય છે તે કર્મના કારણે થાય છે એમ માને છે તે મિથ્યાદષ્ટિ-અનંત સંસારી છે. ક્ષાયિક સમ્યગ્દષ્ટિને પણ જે રાગાદિની પરિણતિ છે તે ચારિત્રમોહકર્મની પ્રબળતાના કારણે છે-એમ પણ નથી. અહીં મિશ્રધર્મની

વાત કરેલ છે. ચારિત્ર પૂર્ણ નથી માટે સમ્યક્ત્વગુણમાં કાંઈ કમી છે– એમ નથી.

ચેતન-અચેતનની જુદી પ્રતીતિથી સમ્યક્ત્વગુણ નિજજાતિરૂપ થઈ પરિણમ્યો છે એટલે કે હું ચેતન જ્ઞાયકમૂર્તિ છું, અચેતન હું નહી, પોતાની જેવી જાતિ છે એ રીતે પરિણમ્યો છે. તેનું લક્ષણજ્ઞાનગુણ અનંતશક્તિએ કરી વિકારરૂપ થઈ રહ્યો હતો, તે ગુણની અનંતશક્તિમાં કેટલી શક્તિ પ્રગટ થઈ તેને મતિ-શ્રુત જ્ઞાન કહેવાય છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે જ્ઞાનશક્તિ વિકારરૂપ થઈ રહી હતી, તે સામાન્યથી મતિ-શ્રુતની પર્યાયને સમ્યક્ કહેવામાં આવે છે. જાતિ અપેક્ષાએ સમ્યક્ થયો પણ પૂર્ણ નિર્મળપણાને જ્ઞાનગુણ પામ્યો નથી. સ્વસંવેદન થયું એટલે તે જ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહેવાય છે. તે જ્ઞાન જઘન્ય છે, પૂર્ણ નથી, કેમકે હજુ જ્ઞાન ઘણું બાકી રહ્યું છે, તેથી તેને અજ્ઞાનપણું કહેવાય છે. એટલો જ્ઞાનનો અભાવ છે, એટલે વિકારરૂપ કહીએ અજ્ઞાનભાવ કહેલ છે.

ધર્મ થાય છે એ વખતે અધર્મ પણ હોય છે-એની વાત ચાલે છે. જો અંશે ધર્મ પ્રગટ થતાં તુરત જ પૂર્ણતા થતી હોય તો સાધકદશા અને મિશ્રધર્મને તે સમજતો નથી. જ્ઞાનમાં પૂર્ણદશા નથી, અલ્પજ્ઞતા છે, તેને વિકારશક્તિ કહેલ છે અને તે વિકારશક્તિને અહીં કર્મધારા કહેલ છે. અહીં આવરણરૂપ જે કર્મ છે એની વાત નથી, કેમકે એ તો જડ છે; પણ આત્માની પર્યાયમાં જેટલી કમી છે-હીણપ છે તેને કર્મધારા કહે છે.

આ કર્મધારા પોતાના કારણે રહેલ છે. જેટલી જ્ઞાનશક્તિ નિર્મળ થઈ છે-એટલી તો સમ્યગ્જ્ઞાનધારા છે. એ બે ધારાને મિશ્રધારા કહે છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિને કર્મનો તીવ્ર ઉદય છે માટે ચારિત્રદશા નથી-એમ નથી. એવી રીતે જ્ઞાનમાં જેટલી અધૂરાશ છે તે બધી જ્ઞાનશક્તિ પૂર્ણરૂપે થઈ નથી માટે છે, પણ કર્મના આવરણના કારણે છે-એમ નથી. સમ્યગ્દર્શન ક્ષાયિક થયું છે


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પણ હજુ કેવળજ્ઞાન થયું નથી; એ જ બે ધારા બતાવે છે. એ રીતે જ્ઞાન અને સમ્યગ્દર્શન મેળવીને વાત કરી.

હવે કહે છે, જેવી રીતે જ્ઞાનની વાત કરી એવી રીતે જીવની દર્શનશક્તિ અદર્શનરૂપ છે-આ સામાન્ય ઉપયોગરૂપ દર્શનશક્તિની વાત છે, સમ્યગ્દર્શનની વાત નથી, કેમકે ક્ષાયિક સમ્યગ્દર્શનમાં તો પૂર્ણ નિર્મળ દશા છે. તે વખતે દર્શનશક્તિ સામાન્ય ઉપયોગરૂપ પૂર્ણ નથી-પૂર્ણ નિર્મળ નથી, માટે જેટલી શક્તિ બાકી છે એટલી અદર્શનરૂપ છે-એ પ્રમાણે ચારિત્રગુણની કેટલીક શક્તિ ચારિત્રરૂપ તથ કેટલીક શક્તિ અન્ય વિકારરૂપ છે. ચારિત્રગુણની પર્યાય વિકારરૂપે છે તે પોતાના કારણે રહી છે, કર્મના કારણે રહી નથી-એમ કહેવા માગે છે. માટે મિશ્રદશારૂપ ધર્મ હોય છે.

*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## મહા વદ ૨, શનિ ૩૧-૧-૫૩

## પ્ર. -૫૬

### મિશ્રધર્મ-અધિકાર

આત્મામાં ભેદજ્ઞાનપૂર્વક સ્વનું અવલંબન લઈને જે આત્માનો ધર્મ થાય તે અનુભવપ્રકાશ છે. તે વખતે ચારિત્રગુણની મિશ્રદશા હોવાના કારણે અંશે નિર્મળતા અને અંશે મલિનતા છે. તે મલિનતા કર્મના કારણે નથી. નિમિત્તથી હું પર છું એવી જેને ખબર નથી એને વિકારથી રહિત હું છું એવું ભાન થતું નથી. આત્મજ્ઞાન યથાર્થ થયા પછી પૂર્ણદશા હજુ થઈ નથી. એ વખતે જ્ઞાન, ચારિત્ર, યોગ વગેરે ગુણોની શક્તિ પ્રગટરૂપે પૂર્ણ નથી. જો કે શ્રદ્ધાગુણ તો પૂર્ણ પ્રગટ થયો છે, તોપણ બીજા ગુણો પૂર્ણ થયા નથી-એ મિશ્રભાવ છે.

આત્માના જેટલા ગુણો નિર્મળ થયા છે એટલા શુદ્ધ છે, અને જેટલો વિકારભાવ જે જે ગુણોમાં છે એટલી અશુદ્ધતા છે. સમ્યગ્દર્શન થયા છતાં અનુભવ પૂર્ણ થતો નથી. નીચલી દશામાં મિશ્રભાવરૂપી ધર્મ છે. આમ હોવા છતાં પ્રતીતિરૂપ ધર્મમાં સર્વશુદ્ધ શ્રદ્ધાભાવ થયો છે. હજુ જ્ઞાનમાં ઓછપ છે, માટે મિશ્રભાવ છે. આત્માને નિમિત્ત અને રાગથી પૃથક્ કરીને સ્વભાવમાં એકત્વરૂપ શ્રદ્ધાભાવ કર્યો છે, પણ બીજા ગુણોની અપૂર્ણતા છે, એટલી કચાશ છે, તે ભાવઆવરણ છે; તેને મિશ્રધર્મ કહે છે.

સ્વસંવેદન છે પણ સર્વપ્રત્યક્ષ સંવેદન નથી. આત્માનો અનુભવ તો છે, પણ પર્યાયને પ્રત્યક્ષ જાણે એવું પૂર્ણ જ્ઞાન હજુ થયું નથી. જ્યારે સર્વથા આવરણરહિત થાય છે ત્યારે સર્વપ્રત્યક્ષ હોય છે અને સર્વ કર્મઅંશ જતાં જ તે શુદ્ધ થાય છે. એમ કહેલ છે. અઘાતિકર્મ હોવા છતાં પણ કે કેવળજ્ઞાન શુદ્ધ

છે, કેમકે ઘાતિયાકર્મના નાશથી તે સકલ પરમાત્મા થયા છે. તેને સર્વપ્રત્યક્ષજ્ઞાન છે, ત્યાં મિશ્રભાવ રહ્યો નથી.

સમ્યગ્દૃષ્ટિ બે ઘડીમાં કેવળજ્ઞાન પ્રગટ કરે છે. તેને પણ અંતર્મુહૂર્ત તો મિશ્રભાવ રહે છે અને જ્યારે તેનો નાશ કરે છે ત્યારે સકલ પરમાત્મા થાય છે. -એ શરીર સહિત પરમાત્મા છે એની વાત કરી. હવે સિદ્ધ પરમાત્માની વાત કરે છે.

સિદ્ધ સકલકર્મરહિત પરમાત્મા છે. અંતરાત્માને જ્ઞાનધારા અને રાગધારા બે છે-એમ જો તમે કહો છો તો એમાં પ્રશ્ન થાય છે કે બારમા ગુણસ્થાને બે ધારા છે કે એક જ્ઞાનધારા જ છે? જો જ્ઞાનધારા જ છે તો તેને અંતરાત્મા ન કહો તથા જો ત્યાં બન્ને ધારા છે, એમ કહો તો બારમે મોહક્ષય થયો છે, તો કર્મધારા કયાં રહી? એટલે કે બારમા ગુણસ્થાનમાં તો વીતરાગદશા થઈ ગઈ છે. તો હવે ત્યાં અધૂરાશ કેવી રહી છે?

**સમાધાનઃ-** બારમા ગુણસ્થાને હજુ કેવળજ્ઞાનને આવરણ છે એ અપેક્ષાએ તે અંતરાત્મા છે. એટલે કે અજ્ઞાનભાવ બારમા સુધી છે, માટે ત્યાં મિશ્રભાવ અને અંતરાત્મા કહેલ છે. પ્રત્યક્ષ જ્ઞાન સિવાય પરમાત્મા ન કહેવાય. બારમા ગુણસ્થાનમાં કષાયભાવનો નાશ થવા છતાં જ્ઞાનની પૂર્ણતા થઈ નથી-એટલું અજ્ઞાનપણું રહ્યું છે, માટે ત્યાં મિશ્રદશા છે; તો કહે છે કે ત્યાં અજ્ઞાન કેવું છે? તેનું સમાધાનઃ- કેવળજ્ઞાન વિના સકલ પર્યાય ભાસતાં નથી એ જ અજ્ઞાન અને નિજ પ્રત્યક્ષજ્ઞાન વિના જ ત્યાં અજ્ઞાન છે, એટલે કે પોતાના ગુણ-પર્યાય પ્રત્યક્ષ નથી માટે પણ અજ્ઞાન કહેલ છે અને બધું પ્રત્યક્ષ નથી તેથી પણ ત્યાં અજ્ઞાન નામ પામે છે. ત્યાં વિપરીત જ્ઞાન માટે અજ્ઞાન છે એમ નથી. પ્રત્યક્ષ જ્ઞાનની અપેક્ષાએ ત્યાં અજ્ઞાન કહેલ છે. આ રીતે મિશ્ર અધિકાર થયો.

થોડી નિર્મળતા અને થોડી અનિર્મળતા સાધક દશામાં હોય છે. જો એમ ન હોય તો સમ્યગ્દર્શન થતાં જ કેવળજ્ઞાન થઈ જાય, પણ એવો ક્રમ નથી. પર્યાયનો ધર્મ એવો છે કે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્દર્શન થયા પછી મિશ્રદશા ઓછામાં ઓછી અંતર્મુહૂર્ત તો રહે; માટે એ અધિકારનું વર્ણન કર્યું.

## નિશ્ચય વસ્તુસ્વરૂપ

જુઓ, હવે ન્યાય કહે છે. ખરેખર વસ્તુનું જેવું સ્વરૂપ છે એનું વર્ણન કરે છે. ખરેખર વસ્તુ અનંતગુણમય છે. તેમાં દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રધાન છે. આત્મામાં અનંતા ગુણો હોવા છતાં પણ એમાં જાણવું, દેખવું અને પરિણમવું એ ત્રણના કારણે આત્મામાં વેદન-અનુભવ થાય છે. અહીં પરિણમવું... એટલે ચારિત્રની પર્યાયની વાત છે અને જ્ઞાન તે આત્મા છે. જાણ્યું, દેખ્યું અને સ્થિર થયો એટલે અનુભવ થયો. આ અનુભવપ્રકાશની વાત છે. તે અનુભવ કેમ થાય? તો કહે છે કે જ્ઞાન-દર્શન-ચારિત્રની એકતા થતાં રસાસ્વાદરૂપ અનુભવ થાય છે.

વસ્તુ અનંતગુણનો પિંડ છે. પરથી તો વસ્તુ ન જણાય પણ વિકાર કે આત્માના અસ્તિત્વ, વસ્તુત્વ આદિ ગુણભેદથી પણ વસ્તુ જણાય નહિ. અહીં તો કહે છે કે જ્ઞાન-દર્શન લક્ષણ વડે જાણવા-દેખવાના પરિણમનથી આત્માનું વેદન થાય છે. આ વસ્તુ છે એમ નક્કી કોણ કરે છે? કે આત્મામાં દેખવા-જાણવારૂપ પરિણમનથી તે વેદન થાય છે. જેને નિમિત્તની રુચિ છે તે નિમિત્તથી પૃથક્ થવાનો પુરુષાર્થ કરતો નથી.

જે પરથી પૃથક્ થયો નથી અને રાગથી પૃથક્ થતો નથી તેને આત્મામાં એકત્વભાવ પ્રગટ થતો નથી. ચેતનની ચેતના જાણવામાં આવે ત્યાં સુખ પ્રગટે છે.

આત્માનું વેદન કેમ થાય? તો કહે છે કે કાંઈ નિમિત્ત અને રાગમાં પ્રેમ કર્યે તે થાય નહિ, પણ ચેતનની ચેતના છે તે જ્ઞાન-દર્શન વડે જ ખ્યાલમાં આવે છે. તે પરથી તો નહિ પણ જ્ઞાન સિવાયના બીજા ગુણોથી પણ તે ખ્યાલમાં આવતી નથી. ચેતના વડે ચેતનસત્તાનો નિર્ણય થયો; જ્યારે જ્ઞાનમાં ચેતના ખ્યાલમાં આવી ત્યારે ચેતનસત્તા છે એમ નિર્ણય થયો. જાણવા-દેખવાવાળી વસ્તુ છે, તે વડે સુખનો અંશ પ્રગટ થયો ત્યારે ચેતનસત્તાનો નિર્ણય થયો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આત્મા ચેતનસત્તામય છે. પ્રયોજનભૂત ક્રિયા વડે ચેતનનું વસ્તુત્વ નક્કી થયું, તેના અનંત ગુણો પરિણમે છે તે ચેતનનું દ્રવ્યત્વ છે, જણાય તે ચેતનનું પ્રમેયત્વ છે. આમ વસ્તુ છે એની ખાત્રી પોતાને કેવી રીતે થાય? જાણવા-દેખવાવડે ચેતનસત્તાનો નિર્ણય થતાં ચેતનવસ્તુત્વ, ચેતનદ્રવ્યત્વ, પ્રમેયત્વનો નિર્ણય થયો, પ્રદેશત્વને જાણ્યું. આ વસ્તુ આમ જ છે એવો નિર્ણય થયો. દર્શન, જ્ઞાન, અને ચારિત્ર જીવવસ્તુનું સર્વસ્વ છે એમ કહેલ છે.

અનુભવ તો પર્યાય છે. તે પર્યાય દર્શન-જ્ઞાન અને ચારિત્રની છે. પદાર્થનો નિર્ણય પરથી તો થાય નહિ, પણ વ્યવહારરત્નત્રયથી પણ આ નક્કી થાય નહિ. ચૈતન્ય અખંડ વસ્તુ છે, એમાં પર્યાયની અંદર જેટલો રાગ છે તેને વ્યવહાર કહ્યો છે. તે વડે નિશ્ચય અખંડ દ્રવ્યનો નિર્ણય થાય નહિ. દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય સિવાય બીજા ગુણોથી પણ વસ્તુનો નિર્ણય થતો નથી એ સિદ્ધ કર્યું છે.

જાણવા-દેખવામાં સ્થિરતા થઈ એનું નામ અનુભવ છે, એ જ ધર્મ છે. એને સામાયિક કહો કે પૌષધ તપ કહો, એ સિવાય યથાર્થ સામાયિક-પૌષધ વગેરે કાંઈ હોતું નથી. દ્રવ્ય અવસ્થિત છે. દ્રવ્યસત્તા છે એમ ગુણસત્તા છે અને એવી રીતે પર્યાયસત્તા પણ છે. આત્મવસ્તુ દ્રવ્યગુણપર્યાયથી અખંડ ચેતનારૂપ અનાદિ અનંત વર્તે છે. આવો શુદ્ધ સ્વભાવ હોવા છતાં અનાદિથી કર્મના નિમિત્તે પર્યાયમાં અશુદ્ધ થઈ રહ્યો છે. અજ્ઞાનીને સુખસ્વભાવની ખબર નથી, તોપણ સ્વભાવથી તો તે પણ શુદ્ધ સ્વરૂપ જ છે.

જુઓ, અહીં ચેતનાની વાત કરી. તે ચેતના કેમ પ્રાપ્ત થાય? એની વાત કરે છે. કોઈએ કોઈ એક જ્ઞાનવાન પુરુષને પુછયું કે અમને શુદ્ધ ચેતનની પ્રાપ્તિ બતાવો. ચેતના પોતામાં છે એવી જેને ખબર નથી તે બીજા પાસે જાય છે. તેને તે પુરુષ કહે છે કે અમુક પુરુષ પાસે જાવ. વળી તે બીજો પુરુષ મગરમચ્છ પાસે મોકલે છે અને કહે છે કે તે મચ્છ તમને શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ કરાવશે. તેથી તે પુરુષ મચ્છ પાસે ગયો અને કહ્યું કે મને શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિ કરાવો. જુઓ, અજ્ઞાની નિમિત્તમાં ને રાગમાં આત્માનું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કલ્યાણ થઈ જશે-એમ માને છે; અને ઠેકાણે ઠેકાણે શુદ્ધ પ્રાપ્તિ માટે ભમ્યા કરે છે. તેને મચ્છ કહે છે કે મારું એક કામ કરો તો તમારું કામ હું કરીશ. ત્યારે તે પુરુષ બોલ્યો કે હું તમારું કામ કરીશ, સંદેહ ન કરો. ત્યારે મચ્છે કહ્યું કે દરિયામાં ઘણો કાળ કાઢયો પણ તરસ્યો છું, મને હજુ સુધી પાણી મળ્યું નથી, માટે મને પાણી મેળવી આપો. મોટા માણસનું કામ છે કે તે બધાનો ઉપકાર કરે, એમ તમે મારા ઉપર ઉપકાર કરો અને મને પાણી લાવી આપો, તરસ મટાડો, એટલે હું તમને ચિદાનંદની પ્રત્યક્ષ પ્રાપ્તિ કરાવીશ. આ સાંભળીને તે પુરુષ બોલ્યો કે પાણી લાવવાનું મને ન કહો કેમકે પાણીના સમૂહમાં તો તમે રહો છો. તમો ઊંચે જુઓ છો એના બદલે દરિયા સામે જુઓ તો પાણીમાં જ તમો છો. ત્યારે મચ્છે કહ્યું કે હું પાણીમાં છું એમ તું માને છે તો તું પણ પ્રત્યક્ષ સચ્ચિદાનંદ છો. ચેતના છે તો આવો વિચાર તમે કર્યો છે. હવે તમે મને પૂછવા પણ જેના માટે તમો આવ્યો છો તે તમો પોતે જ છો, તમે પોતે ચિદાનંદ હંસ છો. હંસ જેમ દૂધ અને પાણીને જુદા પાડે છે, એમ રાગ અને વિકારથી રહિત પરમેશ્વર તમે છો, માટે સંદેહને ત્યાગો અને આત્માનો જાણવા-દેખવાનો સ્વભાવ છે એને અનુભવો. પરના સંગમાં અનાદિથી હોવા છતાં આત્મા તો જેવો ને તેવો છે. રાગદ્વેષમાં એકાગ્ર થઈને ઢંકાઈ ગયો છે પણ દેખવા-જાણવાનો સ્વભાવ ગયો નથી અને પરિણમન અન્યથા નથી થયું. એટલે કે સ્વભાવરૂપ પરિણમનની યોગ્યતાનો અભાવ થયો નથી. પર્યાયમાં મલિનતા થઈ છે પણ અનાદિથી ચિદાનંદ સ્વભાવ તો એવો ને એવો છે.

એકેન્દ્રિય પણ સ્વ-પરપ્રકાશક સ્વભાવ એવો ને એવો છે, જરાયે વધ્યો-ઘટયો નથી. અનંતકાળથી સંસારદશા છે, માટે સ્વભાવ ઘટી ગયો છે એમ નથી. ઘણા કાળ પહેલાં મોક્ષ થયો છે, એનું દ્રવ્ય ઘટી ગયું છે કે વધી ગયું છે એમ નથી. માત્ર ભ્રમથી-કલ્પનાથી પોતાના સ્વરૂપને ભૂલી ગયો છે અને પરને પોતાનું માન્યું છે પણ એથી કરીને ત્રિકાળી જ્ઞાયક અખંડ ચેતનામય સ્વભાવમાં કાંઈ ફેર પડયો નથી, માટે એનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા કરવાં એ અનુભવપ્રકાશ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મહા વદ ૩, રવિ ૧-૨-૫૩

## પ્ર. -૫૭

આ અનુભવપ્રકાશ ગ્રંથ છે. આત્માને પરદ્રવ્યથી ભિન્ન જાણતાં સ્વભાવસન્મુખ દ્રષ્ટિ થાય ત્યારે ધર્મ થાય છે.

પ્રથમ દૃષ્ટાંત આપે છે. અહીં હાથમાં ચિંતામણિનો દાખલો આપે છેઃ- જેવી રીતે હાથ વિષેના ચિંતામણિને ભૂલે ને કાચને રત્ન માને તો તે રત્ન ન થાય ને ચિંતામણિને કાચ જાણે તો તે કાચ ન થાય ને તેનું ચિંતામણિપણું જતું ન રહે, તેમ અજ્ઞાની જીવ આત્માને શરીર, કર્મ આદિ પરરૂપ જાણે તેથી આત્મા પરરૂપ થતો નથી. શરીર, મન, વાણીની ક્રિયા પોતે કરે એમ માને તો પર ઉપર દ્રષ્ટિ રહે છે છતાં આત્મા પોતાનો સ્વભાવ કદી પણ છોડતો નથી. વસ્તુ વસ્તુપણાને છોડે નહિ, પોતાના દ્રવ્યને છોડે નહિ, પોતાનું પ્રમાણ-સ્વરૂપ છોડે નહિ. પ્રમાણ એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ને ભાવની હદ છોડે નહિ. કોઈ દ્રવ્ય પોતાના પ્રદેશને છોડે નહિ, આત્મા પણ પોતાના અસંખ્ય પ્રદેશને કદી છોડતો નથી, પરને પોતાનું માને તેથી પર પોતાનું થાય નહિ ને પોતે પરરૂપ થાય નહિ.

સંસાર અવસ્થા હો કે સિદ્ધ-અવસ્થા હો-કોઈ દ્રવ્ય પોતાની હદ છોડી પરમાં ન જાય. દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ ત્રિકાળ છે ને કાળ એટલે સંસારદશા અથવા સિદ્ધદશા જે હોય તેને જીવ છોડતો નથી. બધા પદાર્થો બીજા દ્રવ્યની બહાર લોટે છે. નિગોદ-અવસ્થા હો, સાધક-અવસ્થા હો કે સિદ્ધ-અવસ્થા હો-દરેક વખતે દ્રવ્ય પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં છે. ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, અવગાહન પોતાનું ક્ષેત્ર છે, પોતાની સમય સમયની અવસ્થા તે કાળ છે અને શક્તિઓ તે ભાવ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મામાં પરને લીધે વિલક્ષણતા થતી નથી. અત્યારના કોઈ પંડિત પરને લીધે વિલક્ષણતા થાય એમ કહે છે. જેમકેઃ- સ્મશાનમાં એકલો માણસ જાય તો બીક લાગે ને બે માણસ સાથે જાય તો ઓછો ડર લાગે ને હાથમાં હથિયાર લઈને જાય તો એથી પણ ઓછો ડર લાગે; જુઓ, નિમિત્તનો પ્રભાવ! -એમ અજ્ઞાની જીવ કહે છેઃ આમ સંયોગને અનુકૂળ-પ્રતિકૂળ માનનારા સંયોગમાં એકતાબુદ્ધિ દ્વારા ઊંધી પ્રરૂપણા કરે છે. ત્યાં સંયોગાનુસાર ડર નથી પણ પોતાની યોગ્યતા મુજબ ડર લાગે છે, નિમિત્તને લીધે ફેર પડતો નથી. મડદા પાસે અથવા સ્મશાનમાં કીડી વગર જીવો છે તેને ડર લાગતો નથી. માટે નિમિત્તનો પ્રભાવ ઉપાદાન ઉપર જરાપણ નથી. દરેક જીવને ભય થાય છે તે પોતાના કારણે થાય છે, પરને લીધે નહિ. સંજ્ઞી જીવને જ્ઞાન વધારે છે માટે ભય છે? ના, તે ભય પોતાને કારણે છે.

પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પોતામાં છે. નિશ્ચયે વસ્તુ પોતામાં જ છે, માટે પોતાની વસ્તુની શ્રદ્ધા કરો. પર્યાયમાં સ્વતંત્ર, ગુણમાં સ્વતંત્ર ને દ્રવ્યમાં સ્વતંત્ર છે. કોઈની સ્વતંત્રતા કોઈ લૂંટતું નથી. આત્મા જ્ઞાનાદિ અનંત ગુણોનો પિંડ છે. પોતાનો સ્વભાવ ક્યાંય ગયો નથી-એમ વિચારે તો શાંતિ પામે. મોક્ષમાર્ગરૂપ ઉપાયથી મોક્ષરૂપી ઉપેય પામે. ઉપેય શું? આત્માની પૂર્ણ દશા થાય તે ઉપેય છે. સંસાર-અવસ્થા વિષે જડકર્મ ને શરીરમાં આત્મા ગુપ્ત છે ને પરની ભાવનાથી દુઃખ પામ્યો. સ્વભાવને ચૂકવાથી પોતાના જ્ઞાયકસ્વભાવને એટલે પરમેશ્વરપદને ન પામ્યો. તેનો ઉપાય હોય તો ઉપેયને પામીએ. મોક્ષનો અથવા પરમેશ્વરપદ પ્રગટ કરવાનો ઉપાય કહે છે. પરમાં જે ઉપયોગ વાળ્યો છે તે સ્વમાં વાળવો. અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરે તેને સ્વ-તરફ ઉપયોગ વાળ્યો કહેવાય છે.

પોતાની ભૂલ થઈ છે તે પોતાથી સુધરે. શુદ્ધ ઉપયોગ એક જ ઉપાય છે; બાકી વ્રત, તપ, સંયમાદિ કરે તે શુભભાવ પુણ્યનો ઉપાય છે, તે મોક્ષનો ઉપાય નથી પણ બંધનો ઉપાય છે. પરથી એટલે નિમિત્તથી ને સંયોગથી ઉપયોગ ખસ્યો એટલે સ્વ-તરફના

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉપયોગમાં આવ્યો. સમ્યગ્દર્શન પણ શુદ્ધ ઉપયોગમાં પ્રગટે છે, એનું ફળ મોક્ષ છે.

વળી ગ્રંથ ઉપદેશ પણ નિમિત્તકારણ કહ્યું છે. વીતરાગની વાણી નિમિત્તકારણ છે. અહીં ગ્રંથવાંચન કહ્યું નથી, જ્ઞાની પુરુષોનો ઉપદેશ નિમિત્તકારણ છે. આત્માના શુદ્ધ ઉપયોગથી શુદ્ધતા થાય છે. ત્યાં ઉપદેશ નિમિત્ત છે. સ્વરૂપ તરફ અનુભવની એકદેશ શુદ્ધતા ચડતી જાય તેમ મોક્ષમાર્ગમાં ચડે છે પણ શુભભાવના કારણે મોક્ષમાર્ગમાં ચડાતું નથી. આ પ્રમાણે જિનેન્દ્ર ભગવાનનો નિરાબાધ ઉપદેશ છે. પોતે આત્માના આધારે શુદ્ધ ઉપયોગ કરી, સ્વભાવ તરફ વળે ત્રે વાણી આદિ ને નિમિત્ત કહેવાય. હું જ્ઞાનાનંદ છું અવી દ્રષ્ટિ કરે તો પોતા તરફ વળે. આત્મઉપયોગથી સમાધિ થાય છે ત્યારે સાક્ષાત્ શિવપંથ સુગમ થાય. એવી રીતે અનેક સંત સ્વરૂપસમાધિ ધરી ધરી પાર પામ્યા. હવે સમાધિનું વર્ણન કરીએ છીએ.

## સમાધિ વર્ણન

સમાધિ કોને થાય? સંકલ્પ-વિકલ્પ આધિ છે, બહારના સંયોગો તે ઉપાધિ છે ને શરીરમાં રોગ તે વ્યાધિ છે. -ત્રણેથી રહિત થઈ સ્વભાવમાં સ્થિરતા કરવી તે સમાધિ છે. સમાધિ ધ્યાન થતાં થાય છે, તે ધ્યાન ચિંતાનિરોધ કરવાથી થાય છે ને રાગ દ્વેષ મટાડવાથી ચિંતાનિરોધ થાય છે ને ઇષ્ટ-અનિષ્ટ સમાજ મટાડવાથી રાગદ્વેષ મટે છે, પણ આ બધું સત્સમાગમના નિમિત્તે સમજાય છે. સમજ્યા વિના એકાંતમાં બેસી જાય તો કાંઈ વળે તેવું નથી. કોઈ પૂછે કે પરદ્રવ્ય લાભ કરનાર નથી તો પછી સત્સમાગમનું શું કામ છે? તે તેને કહે છે કે જેને સ્વભાવ સમજવાની ધગશ છે તેને સત્સમાગમનો વિકલ્પ આવ્યા વિના રહે નહિ.

જેની માન્યતા ખોટી છે તે બહારના પદાર્થોને છોડવા માગે છે. રાગનાં નિમિત્ત ઇષ્ટ સમાજ છે ને દ્વેષનાં નિમિત્ત અનિષ્ટ સમાજ છે. પરંતુ ખરેખર તે ઇષ્ટ-અનિષ્ટ નથી, પણ જ્ઞાનનું જ્ઞેય છે, ઇષ્ટ-અનિષ્ટપણું વસ્તુમાં નથી. ઇષ્ટ-અનિષ્ટપણાની દ્રષ્ટિ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

છૂટતાં જે ઇષ્ટ-અનિષ્ટપણાનું નિમિત્તપણું કલપ્યું હતું તે મટી જાય છે ને રાગ-દ્વેષ મટી જાય છે.

બહાર એકાંતમાં જાઓ-એમ કહ્યું હોય, તો ત્યાં બહારનું એકાંત લાભ કરશે તેમ કહેવું નથી પણ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને લીતનારૂપી અંતર એકાંતતા પ્રગટે તે લાભનું કારણ છે ને તે વખતે એકાંત સંયોગ હોય તો સંયોગનું જ્ઞાન કરાવવા કહ્યું છે.

જે જીવ સમાધિનો વાંચ્છક તે ઇષ્ટ-અનિષ્ટનો સમાગમ મટાડે છે-તે નિમિત્તનું કથન છે. ચરણાનુયોગના કથનમાં સામાયિકની વિધિમાં અમુક રીતે બેસવું વગેરે કથન આવે છે; ત્યાં આત્મા જડની ક્રિયા કરી શકે છે એમ કહેવું નથી પણ સામાયિક-કાળે તે પ્રકારના વિકલ્પ આવે છે તેનું જ્ઞાન કરાવેલ છે.

અહીં નિમિત્ત તરફનું લક્ષ છોડાવવા કહ્યું છે કે ઇષ્ટ-અનિષ્ટનો સમાગમ મટાડ. નિમિત્ત હટાવવાની વાત નથી ને નિમિત્તને મેળવવાની પણ વાત નથી. પોતે નિમિત્ત તરફનો ઉપયોગ હઠાવ્યો ત્યાં નિમિત્ત હઠાવ્યું એમ કહે છે. તત્ત્વજ્ઞાનપૂર્વક પરનો ત્યાગ કરવો એનો અર્થ એ છે કે પર તરફનો આસકિત છૂટી એટલે રાગ છૂટયો. વળી જેને ઉદ્દિષ્ટ આહાર તરફનો રાગ છૂટયો નથી તેને ઉદ્દિષ્ટ આહાર છૂટયો નથી-એમ કહેવાય છે પણ તેથી પરદ્રવ્યનાં ગ્રહણ-ત્યાગની વાત નથી.

વળી રાગ-દ્વેષ છોડવાની વાત પણ વ્યવહારથી છે. સ્વભાવમાં એકાગ્રતા થતાં વિકલ્પ છૂટી જાય છે ને નિમિત્તનું લક્ષ છૂટી જાય છે તેણે રાગ-દ્વેષ છોડયા કહેવાય છે. ચિંતાના લક્ષે ચિંતા છૂટતી નથી પણ સ્વભાવમાં એકાગ્ર થતાં ચિંતા ઉત્પન્ન થતી નથી.

પોતાના ધ્રુવ સ્વભાવમાં એકાગ્ર થઈને નિજાનંદને ભેટો એ મુક્તિનું કારણ છે. રાગદ્વેષના આશ્રયે વીતરાગતા થતી નથી, પોતાના સ્વરૂપમાં એકાગ્રતા કરવાથી જ્ઞાનભાવ થાય છે ને સમાધિ ઊપજે છે તે વખતે વિકલ્પો છૂટી જાય છે. જડ મનને પોતામાં લીન કરવું નથી, જ્ઞાનપર્યાયને પોતામાં લીન કરે છે, તે કથનને સ્વરૂપમાં મન લીન કરે છે-એમ કહ્યું છે. સ્વદ્રવ્ય-ગુણ-પર્યાયમાં પરિણામ લીન થાય તેને સમાધિ કહે છે.

# માહ વદ ૩, સોમ ૨-૨-૫૩

## પ્ર. -૫૮

### સમાધિ વર્ણન

આત્માના સ્વરૂપમાં એકતા થવી તેનું નામ સમાધિ છે. સ્વભાવ જ્ઞાયક છે, એમાં લીનતા થવી તે મોક્ષમાર્ગ છે, અથવા સર્વથા અંતર્મુખદૃષ્ટિ કરીને એકાગ્ર થવું તે સમાધિ છે. શરીરાદિની ક્રિયા જડ છે અને પુણ્ય-પાપના પરિણામ તો વિકાર છે. આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એની દૃષ્ટિપૂર્વક સ્થિરતા થવી તે સમાધિ છે.

આત્માના આનંદની આગળ ઇંદ્રાદિની સંપદા રોગવત્ લાગે છે. ધર્મીને ઇંદ્રના ભોગનો અનુભવ પણ દુઃખરૂપ લાગે છે. આત્માની પ્રીતિમાં ઇંદ્રના ભોગની વેદના આકુળતા લાગે છે, ત્યાં અનુકૂળતા લાગતી નથી. આત્મા ત્રિકાળ ધ્રુવ શુદ્ધ નિર્મળાનંદ છે, એના આશ્રયે જે આનંદ પ્રગટે એમાં પુણ્ય-પાપની રુચિ તો નથી પણ એના ફળની પણ રુચિ ધર્મીને હોતી નથી. આત્મા જ્ઞાયક છે, એની રુચિથી સ્વભાવમાંથી આનંદ જ વહે છે-દ્રવે છે. દ્રવ્ય પોતે દ્રવે છે-વહે છે. જેને પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે અને દ્રવ્યબુદ્ધિ થઈ છે એ ખરેખર પોતાના સ્વભાવને દ્રવે છે, તેને યથાર્થમાં દ્રવ્ય કહે છે. વિકારને દ્રવે તે આત્મદ્રવ્ય નહિ-એમ કહે છે.

જેમ પાણીનો બરફ હોય છે એમાંથી પાણી વહે છે, તેમ દ્રવ્ય પોતે વહે છે. તે પરિણામ વિષે પરિણમે છે. દ્રવ્યનું લક્ષણ દ્રવવું તે છે. આત્માને દ્રવ્ય કેમ કહ્યું છે? આત્મા ચિદાનંદસ્વરૂપ દ્રવ્ય છે, તે વીતરાગદશારૂપ દ્રવે તો દ્રવ્ય છે અખંડ જ્ઞાયકસ્વભાવ છે એમ દ્રવે-વહે તો દ્રવ્ય કહેવાય છે. અહીં તો સમાધિનું વર્ણન છે. સમાધિ કોને કહેવાય? કે આત્મદ્રવ્ય પોતે પોતાનો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વીતરાગસ્વભાવ જ્ઞાયક અખંડ છે તેને દ્રવે તો દ્રવ્ય કહેવાય છે. પર્યાયબુદ્ધિ છોડીને-શરીરાદિની બુદ્ધિ છોડીને, અખંડ દ્રવ્યની જેને પ્રતીતિ થઈ છે તેનું દ્રવ્ય સ્વભાવને દ્રવે છે. આ સિવાય ક્યાંય ધર્મ નથી. પૈસાથી, શરીરથી તો ધર્મ નથી કેમકે તે તો પર છે, પણ આત્મામાં દાનાદિના શુભપરિણામ થાય એનાથી પણ ધર્મ નથી. અહીં તો કહે છે કે રાગ અને પરની બુદ્ધિ છોડીને હું તો શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છું-એની દૃષ્ટિ કરી પર્યાયમાં વીતરાગીભાવરૂપ પરિણમે તે દ્રવ્ય છે, કેમકે દ્રવ્ય પોતાની શક્તિથી ગુણને દ્રવે છે. દ્રવ્ય અને ગુણ બન્નેમાં દ્રવવાનું લક્ષણ છે. જેવો સિદ્ધમાં આનંદ છે એવો એક અંશે આત્મામાં આનંદ પ્રગટ થવો તે દ્રવ્ય-ગુણમાં અભેદ પરિણામ થતાં થાય છે. એવી એકદેશ સાધકદશા પ્રગટ થતાં પરિષહનું વેદન એને હોતું નથી.

લોકો ધર્મ ધર્મ પોકારે છે પણ ધર્મ ક્યાં અને કેવી રીતે હોય છે એની ખબર નથી. ધર્મ પહાડમાં, પૈસામાં કે શરીરની ક્રિયામાં કે આહારદાનમાં નથી. મંદ કષાયના પરિણામ કરે તો એમાં પણ મોક્ષમાર્ગરૂપ ધર્મ નથી. આત્મા ગુણ દ્વારા શક્તિમાંથી દ્રવે છે. જેને આત્માની રુચિ પ્રગટ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણતિ થઈ તેને પરિષહ અનેક પ્રકારના હોય તોપણ એની વેદના હોતી નથી. જ્યારે આત્માનો અનુભવ છે ત્યારે બાહ્ય વેદનાનો અનુભવ હોતો નથી. આત્મા આનંદકંદ શુદ્ધ છે; એની રમણતા થતાં ગમે તેવા પરિષહના ગંજ હોય પણ એનું વેદન હોતું નથી. જેણે ચારિત્રને કષ્ટરૂપ માન્યું છે એ ચારિત્રના સ્વરૂપને સમજતો નથી, તે અજ્ઞાની છે, તે ચારિત્રને ગાળ દે છે, અવર્ણવાદ કરે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો અવર્ણવાદ કરે છે તે દર્શનમોહનીય બાંધે છે. ચારિત્રદશા જેને પ્રગટ થઈ હોય તેને પરિષહની વેદના હોતી નથી. આત્મા જ્ઞાયક ચિદાનંદ છે, એની દૃષ્ટિપૂર્વક સંવર-નિર્જરા થાય છે. ચારિત્ર આનંદમય છે, છતાં એને કષ્ટરૂપ-દુઃખરૂપ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનીને જેટલી અંતર્‌સન્મુખદૃષ્ટિ થઈને પર્યાય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

પ્રગટી છે એટલી શાંતિ તો સદાય હોય છે. પાંચમા ગુણસ્થાને અને છઠ્ઠા ગુણસ્થાને એના કરતાં પણ શાંતિ વધી ગઈ છે. મુનિપણું કષ્ટરૂપ નથી.

આત્મા અનાકુળ અકષાય આનંદરૂપ છે. એમાં લીન થતાં મનના સંકલ્પ-વિકલ્પ તૂટી જાય છે, બુદ્ધિપૂર્વક ઉત્થાન થતું નથી. તે આનંદને ધારણ કરી રહ્યો છે, તે સ્વરૂપધારણા છે.

પોતાનો જ્ઞાનઉપયોગ રાગાદિ-પરમાં ઝુકાવ કરતો હતો, પરમાં એકાગ્ર થતો હતો તેને બદલે આત્મા ચિદાનંદ અચળ વસ્તુ છે, એમાં જેટલો ઉપયોગ જોડયો તેટલું પરનું વિસ્મરણ થાય છે. આનું નામ ધર્મ ને મોક્ષનો માર્ગ છે. લોકો બહારમાં ધર્મ માની રહ્યા છે. જ્ઞાનજ્યોતમાં જેટલો ઉપયોગ લીન થયો, સ્વભાવમાં સ્થિર થયો ત્યારે પર ઉપાધિ રહેતી નથી, એટલે નિરુપાધિ સ્વરૂપ પ્રગટે છે તે સમાધિ છે.

આધિ-વ્યાધિ-ઉપાધિરહિત દશા તે સમાધિ કુટુંબ-પરિવાર આદિ પરની ક્રિયા તે ઉપાધિ છે, શરીરમાં શરીરમાં રોગાદિ થાય તે વ્યાધિ અને મનમાં સંકલ્પ-વિકલ્પ થાય તે આધિ છે. એ ત્રણથી રહિત આત્મામાં લીન થવું તે સમાધિ છે. આત્મા મન, વાણી અને દેહથી ભિન્ન છે. શુભાશુભભાવથી રહિત પોતાનું સ્વરૂપ છે એમ સ્વસન્મુખ દૃષ્ટિ થતાં લીનતા થાય તે સમાધિ છે, એ જ ધર્મ છે. આવું સ્વરૂપ સમજે નહિ અને બહારથી હા, હો અને હરિફાઈ કરે, લાખે રૂપિયા દાનમાં આપે અને લોકો માન આપે, એમાં આત્માનો ધર્મ નથી. પર પદાર્થની ક્રિયા થાય છે એ તો જડનું વહેવું-દ્રવણ છે અજે શુભાશુભ ભાવ તે વિકારનું દ્રવણ છે, એમાં આત્માનું દ્રવણ નથી. સ્વભાવનું દ્રવણ થાય તે ધર્મદશા છે.

સમ્યગ્જ્ઞાન થવાથી સુખ થાય. સમ્યક્ એટલે સત્ય અને સત્ય તે જ સુખ છે. મિથ્યાજ્ઞાન તે અસત્ય છે અને અસત્ય તે દુ:ખરૂપ છે. સમ્યગ્જ્ઞાન થતાં વસ્તુનો મહિમા થાય અને આત્મામાં

આનંદ પ્રગટે-આત્મા અંતર શુદ્ધસ્વરૂપ છે, એનું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન છે. એ સમ્યગ્જ્ઞાન થતાં આત્માનો મહિમા થાય છે અને આત્મા જાણતાં જ આનંદ થાય છે. હું જ્ઞાયક છું, અખંડ છું, અભેદ છું-એમ જાણવું તે જ આનંદ છે. જ્ઞાન જ્ઞાનને જાણે તે આનંદ છે. જ્ઞાન રાગ અને પરને જાણવામાં રોકાતું હતું તે જ દુઃખ હતું. જ્ઞાન જ્ઞાનને જાણે છે, જ્ઞાન દર્શનને જાણે છે, જ્ઞાન બધા ગુણોને જાણે છે અને પોતાની પર્યાયને પણ જાણે છે. તે કેટલી નિર્મળ છે અને કેટલી મલિન છે તેને પણ જાણે છે. એકદેશ જ્ઞાન સાધવા દશામાં છે, પૂર્ણજ્ઞાન નથી, પૂર્ણજ્ઞાન તો કેવળદશામાં થશે. અંતર્જ્ઞાન દ્વારા પોતાના દ્રવ્યને તથા અનંત ગુણોનો જાણતાં પરમપદ પામે છે. નીચલી દશામાં આત્માને યથાર્થ જાણતા પરમપદ જેવું અંશે સુખ પ્રગટે છે. સાધકદશામાં પ્રત્યક્ષ જાણતો નથી, તેથી ત્યાં જ્ઞાન પરોક્ષ છે, પણ વેદન પ્રત્યક્ષ છે. જ્ઞાન પ્રત્યક્ષ નથી, પણ પ્રતીતિમાં તો પ્રત્યક્ષ છે, સ્વરૂપમાં ઉપયોગ જામી ગયો હોય એવી સમાધિ થતાં બાહ્ય પરિષહાદિનું વેદન થતું નથી. સનત્કુમાર ચક્રવર્તીને કોઢ હતો. વળી મુનિને અગ્નિમાં કોઈ નાખી દે એ વખતે પણ તેમને આત્માનું વેદન હોય છે, દુઃખનું વેદન હોતું નથી, કેમકે ત્યાં નિર્વિકલ્પ અનુભવ હોય છે. સમયસાર કળશ ૧૦ માં કહે છે કે જ્ઞાનસ્વરૂપે થવાનું એટલે અનુભૂતિ કરવાનું જ આગમમાં નિધાન અર્થાત્ ફરમાન છે. ભગવાન આત્માના અનુભવને જ ધર્મની વિધિ કહી છે. સર્વજ્ઞની વાણીમાં એવું ફરમાન નીકળ્યું છે કે તારો આત્મા જ્ઞાનાનંદ છે, અખંડ છે-એનો જ એક અનુભવ કરવો તે વિધાન છે. શરીરની કે રાગની વિધિ કરતાં કરતાં ધર્મ થાય-એમ નથી. વિધિ વિધાન તો આત્માની દૃષ્ટિ કરી અંતર્લીનતા કરવી તે એક જ છે. પુણ્ય-પાપનો વિકાર તે વિધિ નથી. રાગની ભૂમિકામાં હેયબુદ્ધિપૂર્વક તે દયા-દાન-ભક્તિ-વ્રતાદિના શુભભાવ આવે ખરા પણ ભગવાને ખરેખર તેને ધર્મની વિધિ કહી નથી. આત્માનો અનુભવ કરવો એ જ ધર્મ છે, એ જ વિધિ અને એ જ વિધાન

છે, એનાથી જ સમાધિ પ્રગટે છે, અસમાધિ થતી નથી. સ્વરૂપનું વેદન કરવું એને જ ભગવાને વિધાન કહેલ છે.

અજ્ઞાની શાસ્ત્રના અર્થને સમજતો નથી. શાસ્ત્રમાં તો નિમિત્તથી પણ કથન કર્યું હોય. આત્મા છે તો એની પર્યાય એનાથી થાય કે પરથી થાય? પરથી થાય એમ માને તે નિમિત્તના કથનને સમજતો નથી. એક મૂરખો પરદેશ ગયો હતો; એના બાપે કાગળ લખ્યો કે તારી સ્ત્રી કહે કે હું રાંડી છું. તે કાગળ વાંચી તેણે માન્યું કે મારી સ્ત્રી રાંડી, પણ તેના લખાણને સમજ્યો નહિ કે હું બેઠાં મારી સ્ત્રી રાંડે નહિ. એમ શાસ્ત્રના કથનને સમજે નહિ અને મારી પર્યાય પરથી થાય એમ માને તે આત્મા જીવતો-મોજૂદ પદાર્થ છે એની પર્યાય પરથી થાય નહિ, આટલી પણ તેને ખબર નથી. અહીં તો કહે છે કે પરની તો વાત નથી પણ આત્મામાં શુભાશુભ ભાવ થાય એ પણ ધર્મનું વિધાન નથી. જ્ઞાની સ્વસન્મુખ થઈને આત્માનો અનુભવ થાય તેને ધર્મનું વિધાન સમજે છે અને તે જ સમાધિ છે.

*



## મહા વદ ૪, મંગળ ૩-૨-૫૩

## પ્ર. -૫૯

**ચૈ**તન્યસ્વભાવનો અનુભવ અને વેદનનો પ્રકાશ થાય તે અનુભવપ્રકાશ છે. ચિદાનંદની રુચિ કરીને આત્મામાં લીનતા થાય તે અનુભવ, સમાધિ અને મોક્ષમાર્ગ છે.

આગમમાં સ્વરૂપને વેદવાનું જ વિધાન કહ્યું છે. શુદ્ધ ચિદાનંદ હું છું એવી અંતરદૃષ્ટિમાં રમણ કરવું તેનું વિધાન સર્વજ્ઞોએ ભાખ્યું છે. કચાશ રહી જાય અને શુભભાવ થાય એનું વિધાન મુખ્યપણે કહ્યું નથી. આત્મા એક સમયમાં પરિપૂર્ણ ચિદાનંદ પિંડ છે. એનું મુખ્યપણે વેદન કરવું તે જ વિધાન છે. જે પર્યાયને બિલકુલ માનતો નથી એને શુદ્ધ-અશુદ્ધ પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે એમ કહેલ છે. અહીં તો જેને પર્યાયનું જ્ઞાન છે તેને પર્યાયદૃષ્ટિ છોડાવી ત્રિકાળ ધ્રુવ આત્મા શુદ્ધ છે એની દૃષ્ટિ કરવે છે. આત્મા એક સમયમાં ચિદાનંદ પરિપૂર્ણ છે, એવી દૃષ્ટિ કરવી તે જ વિધાન છે અને એમાં સ્વાશ્રયના બળ વડે જેટલા અંશે પુણ્ય-પાપની વૃત્તિનો અભાવ થાય તેટલી સમાધિ છે. સ્વરૂપનું વેદન થવું તે અસ્તિથી વાત કરેલ છે અને વિકારનો અભાવ થવો તે નાસ્તિથી વાત કરેલ છે.

હવે આ છેલ્લો અધિકાર છે, માટે એમાં સાર સાર વાત કરે છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે. જેટલું સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન છે એના પ્રમાણમાં અંતરશાંતિનું વેદન છે. ચોથા ગુણસ્થાને પણ નિર્વિકલ્પ સમાધિ અંશે હોય છે અને અંશે શુદ્ધ ઉપયોગ પણ હોય છે. પૂર્ણ શુદ્ધ ઉપયોગ તો બારમે ગુણસ્થાને હોય છે. અહીં તો જેટલે અંશે પુણ્ય-પાપનો અભાવ થયો એટલે અંશે આત્માનો અનુભવ હોય છે. ત્રિકાળ ચૈતન્યજ્યોતના આશ્રયે ઉત્પન્ન થયેલો

ભાવ છે તે નિરૂપાધિ ભાવ છે અને જેટલો પરલક્ષે થયેલો ભાવ છે તે ઉપાધિભાવ છે. ઉપાધિરહિત ભાવ તે સમાધિ છે.

લોકો સમાધિ કહે છે એવી આ સમાધિ નથી. ટીલાંટપકાં કરીને કુંભક-રેચક આદિ કરે છે અને ધ્યાનમાં બેસે છે એ કાંઈ સમાધિ નથી. સમાધિની ખબર હોય નહિ અને સમાધિના પાઠો ભણે એથી કરીને કાંઈ સમાધિ થઈ જાય નહિ.

આત્મામાં વિશ્રામ થતાં સ્વરૂપસ્થિરતા પામી સમાધિ લાગી, જ્ઞાનધારા નિરાવરણ થઈ, જેમ જેમ નિજતત્ત્વ જાણે તેમ તેમ જ્ઞાનધારા વધવા માંડી. ત્રિકાળ શુદ્ધ દ્રવ્યનો આશ્રય કરવાથી એકરૂપધારા વધે છે, તેમ તેમ વિશુદ્ધતા કેવળથી અને જ્ઞાનપરિણતિ પરમ પુરુષથી મળી નિજમહિમા પ્રગટ કરે ત્યાં અપૂર્વ આનંદભાવનો દર્શાવ થાય ત્યારે સ્વરૂપસમાધિ કહેવાય.

અહીં નિજતત્ત્વ એટલે ત્રિકાળ શક્તિરૂપ સ્વભાવભાવ છે. એને જાણતાં વિશુદ્ધતા વધે છે, ત્યારે તે પરિણતિ આત્મા ત્રિકાળસ્વભાવરૂપી પરમ પુરુષમાં એકાકાર થઈ અને પોતાનો મહિમા ખ્યાલમાં આવ્યો તથા પૂર્વે એક સમયમાં પણ પ્રગટ નહિ કરેલ એવો આનંદ પ્રગટ થયો, એને અહીં સમાધિ કહે છે. પૂર્વે સ્વર્ગમાં, મનુષ્યાદિ વગેરેમાં કયાંય પણ નહિ અનુભવેલ આનંદ પ્રગટ થાય છે. એવો આનંદ તે સમાધિ છે.

આત્મા નિરંજન નિર્વિકલ્પ રૂપ છે; તેને જાણીને અંતર્અવલોકનથી નિર્વિકલ્પ દશા પ્રગટ કરવી તે ગિરિગુફામાં પ્રવેશ છે. બહારમાં વસ્તી છોડીને પહાડમાં ચાલ્યા જાય તે ગિરિગુફા નથી. આત્માના સ્વરૂપમાં લીન થવું તેને ગિરિગુફામાં પ્રવેશ કર્યો કહેવાય છે.

અનાદિ અજ્ઞાનનો ભ્રમભાવ જે આકુળતાનું મૂળ છે તે ભાવ સમાધિ થતાં મટે છે. જુઓ, અહીં અનાદિનો આકુળતાભાવનો નાશ કેમ થાય તે કહે છે. પુણ્ય-પાપ તો દુઃખ છે, એ ભ્રમભાવને છોડીને અંતર્સન્મુખ થવું તે આકુળતા નાશ

કરવાનો ઉપાય છે. અનાત્મઅભ્યાસના અભાવથી સહજપદનો ભાવ ભાવતાં ભવવાસના વિલય પામે છે અને આત્માનું પરમપદ દેખાય છે. સહજ ત્રિકાળી ભાવની ભાવના ભાવતાં ભવના વિલાસનો નાશ થાય છે. અનંત કાળથી જે લાભ મળ્યો ન હતો એવો ચિદાનંદ ભગવાનનો લાભ મળે છે. સ્વરૂપની દૃષ્ટિ કરતાં આત્માનો લાભ થયો. કોઈ દિવસ મલિન થયો નથી એવો ચિદાનંદ જ્ઞાયકસ્વભાવ છે તેની પ્રાપ્તિ થાય છે.

પોતાનો જ્ઞાનસ્વભાવ જ ખરું આશ્રયધામ છે. એવી પ્રતીતિ થઈ એટલે ચક્રવર્તીનાં નવનિધાન પણ સડેલાં તરણાં જેવાં લાગ્યાં. તીર્થંકરનું સમવસરણ પણ જડ છે, તે આત્મા નથી. અજ્ઞાનીને તીર્થંકરનામકર્મ હોય નહિ અને જ્ઞાનીને એનો આદર હોતો નથી. જગતનું વિધાન જૂઠું ભાસ્યું અને આત્મવિધાન સાચું ભાસ્યું એટલે આત્મસ્વભાવ પ્રકાશ્યો. આત્માએ પોતે પોતાની ઓળખાણ કરી ત્યારે ચેતનભાવ ખ્યાલમાં આવ્યો અને શુદ્ધભાવના કરી-નિજભાવના કરી-શિવપદને અનુસરી આનંદરસથી ભરી, ભવબાધા વિનાશી આત્માનંદ પ્રગટ કર્યો તે સમાધિ છે.

હું જ્ઞાયક આનંદમૂર્તિ છું. તેની દૃષ્ટિ થઈ એટલે હું શિવપદરૂપ છું. આત્મા આનંદરસથી ભરેલો છે એનો અનુભવ થયો સ્વરૂપમાં પ્રમોદ થવાની શુદ્ધિ વધે છે-એમ કહ્યું છે, પણ વ્યવહાર કરતાં કરતાં શુદ્ધિ વધી જાય છે એમ કહ્યું નથી. આત્મપ્રમોદથી જેટલી શક્તિ વધી તેટલી શુદ્ધતા વધે છે. આત્મા ચિદાનંદસ્વરૂપ છે, તેની જ અધિકાઈ ધર્મીને લાગી છે તે સમાધિ છે. ગ્રંથોને વિષે આવી સમાધિને અને ધર્મને ગાયો છે.

સ્વરૂપાનંદ પદ સમાધિથી થાય છે. અંતરમાં રાગદ્વેષને છોડી સ્વરૂપને જાણનારો થઈને સમાધિને પામે છે. વસ્તુનું સ્વરૂપ ગુણથી જણાય છે. વસ્તુ ત્રિકાળ છે. એમ ગુણ પણ ત્રિકાળ છે, માટે જ્ઞાન તે આત્મા, આનંદ તે આત્મા-એમ ગુણથી જણાય છે. વિકલ્પથી, પરથી, નિમિત્તથી આત્મા જણાતો

નથી. ભગવાન આત્મા અનંત ગુણનો પુંજ છે, એની દૃષ્ટિ થવી તે સમ્યગ્દૃષ્ટિ છે. અજ્ઞાની પૈસાને દ્રવ્ય માને છે. એની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થતું નથી. ગુણોના સમૂહને દ્રવ્ય કહેલ છે. આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે, એને ભૂલીને પુણ્યથી ધર્મ માને તે જીવનો ઘાત કરે છે. તેને ધર્મ થતો નથી.

અનંત ગુણો અભેદ છે, એવી દૃષ્ટિ કરવી તે દ્રવ્યદૃષ્ટિ છે. એક વસ્તુ જેમ સોનું છે તેમાં પીળાશ-ચીકાશ-વજન આદિ અભેદ છે. પીળાશ જુદી રહે છે અને ચીકાશ જુદી રહે છે-એમ નથી; તેમ આત્મામાં જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણો અભેદ છે, પણ સંજ્ઞા, સંખ્યા, લક્ષણ, પ્રયોજન અપેક્ષાએ ભેદ છે, પણ પ્રદેશભેદ નથી, વસ્તુ અભેદ છે.

વિતર્ક એટલે દ્રવ્યશબ્દના અર્થને ભાવવો. ભાવશ્રુતમાં સ્વરૂપ-અનુભવકરણ કહ્યું, વિતર્ક શ્રુત કહેવાય છે. શ્રુતજ્ઞાનમાં હું શુદ્ધ છું-એવા શબ્દનો વિકલ્પ ઊઠે છે તે દ્રવ્યશ્રુત છે, કેમકે અહીં ગુણ-ગુણીભેદનો વિકલ્પ ઊઠે છે. દ્રવ્યશ્રુત હોય છે પણ તેને અનુભવનું કરણ કહેલ નથી. બાહ્યશ્રુત તો નિમિત્ત છે, શ્રુતજ્ઞાનનો વિકલ્પ ઊઠયો એનાથી પણ આત્માનો અનુભવ થતો નથી પણ તે વિકલ્પથી રહિત શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ થઈ, અંતર-અવલંબનનું થયું તે ભાવશ્રુત છે, તે અનુભવનું કારણ છે. ભાવશ્રુત પહેલાં દ્રવ્યશ્રુત હોય છે ખરું, એને વ્યવહારથી શ્રુતજ્ઞાન કહેવાય છે.

જ્ઞાન તે આત્મા છે-એમ વિકલ્પ લક્ષમાં લે છે, માટે એને દ્રવ્યશ્રુત કહેવાય છે. ભાવશ્રુત આત્માનું અનુકરણ કરે છે, નિમિત્ત અને રાગનું અનુકરણ કરતું નથી. આ વાત સમજતાં અઘરી લાગે છે. સંસારમાં રુચિ હોય છે તેને સંસારની વાત અઘરી લાગતી નથી, તેમ જેને આત્માની રુચિ હોય એને આ વાત અઘરી લાગતી નથી. નિશ્ચયશ્રુતજ્ઞાન વિના વ્યવહારશ્રુતજ્ઞાન પણ કહેવાતું નથી. જ્ઞાનનો પર્યાય સ્વજ્ઞેયમાં અભેદ થયો તે ભાવશ્રુત છે. અમરપદનું કારણ આવી સમાધિ છે.

લોકો વાતો કરે છે કે ગિરનારની ગુફામાં ઘણા જોગી અમર થયા છે, મરતા નથી; તે બધી કલ્પનાઓ છે. એમ કોઈ અમર થતાં નથી. અમરફળ ખાવાથી અમર થાય-એમ પણ નથી. સમાધિથી અમર થવાય છે.

## " અબ હમ અમર ભયે, ન મરેંગે "

આત્માનો વિચાર અનાદિ ભવભાવનાનો નાશ કરે છે. નિજદ્રવ્ય-ગુણ-પર્યાયના વિચારથી પરનાં દ્રવ્ય-ગુણ-પર્યાયને ન્યારાં જાણી દર્શન-જ્ઞાન વાનગીને પિછાણી, ચેતનમાં મગ્ન થવાથી, સિદ્ધદશાની શાંતિની વાનગી મળે છે. જેમ અનાજનો નમૂનો આપે એવો બધો માલ હોય છે, તેમ આત્મામાં જ્ઞાન-દર્શન ભરેલ છે, એની એક સમયની પર્યાયમાં નમૂનો-વાનગી છે, એને જોઈને આખો આત્મા એવો છે એમ નક્કી કરે છે.

હજુ જેને નિમિત્તથી ભેદજ્ઞાન કરતાં આવડતું નથી એને રાગથી ભેદજ્ઞાન થતું નથી. આત્માના લક્ષણ દ્વારા આત્માને પરથી જુદો જાણે તો તે વડે સારરૂપ પદને પામે અને સમાધિ થાય અને જેનો અપાર મહિમા છે. એવું પરમ પદ પામે.

અનાદિથી પર ઇંદ્રિયજનિત આનંદ માનતો હતો તે મટયો, આત્માના અતીંદ્રિય સુખનું ભાન થતાં આકુળતારૂપ દુઃખનો નાશ થયો, જ્ઞાનાનંદમાં સમાધિ થઈ, વસ્તુને વેદી આનંદ થયો, ગુણને વેદી આનંદ થયો, પરિણતિ વિશ્રામસ્વરૂપમાં લીન થઈ ત્યારે આનંદ થયો. એકદેશ સ્વરૂપાનંદ આવો છે. આ સાધકની વાત છે. એકદેશ સ્વભાવનો આનંદ આવો છે, એટલે આ ચોથા ગુણસ્થાનની વાત છે, અહીં કેવળીની વાત નથી. કેવળી-પૂર્ણ દશા તો સર્વથા રાગાદિનો નાશ થતાં થાય છે, ત્યાં પૂર્ણાનંદ દશા હોય છે.

## મહા વદ ૫, બુધ ૪-૨-૫૩

## પ્ર. -૬૦

**આ**ત્મશાંતિ કે આત્માના ધર્મને અનુભવપ્રકાશ અથવા તો મોક્ષમાર્ગ કહે છે. તે અનુભવપ્રકાશ કેમ પ્રગટ થાય? તે કહે છે.

આ સમાધિની વાત છે. જ્યાં ઇંદ્રિયવિકારબળ વિલય થયું છે–મનવિકાર નથી ત્યાં સમાધિ છે. આત્મામાં કર્મ અને શરીરનું બળ જ નથી કેમકે આત્મા પરથી નિવૃત્તસ્વરૂપ છે. નિમિત્તથી નિવૃત્તસ્વરૂપ છે એમ જેને નક્કી કર્યું નથી તે વિકારથી નિવૃત્ત થઈ શકતો નથી, માટે પ્રથમ નક્કી કરવું જોઈએ કે ઇંદ્રિય આદિ પરનિમિત્તનું મારામાં જોર નથી, તેથી ઇંદ્રિયવિકારનો વિલય થાય છે. ઇંદ્રિયવિકાર એટલે અશુભભાવ જે ઇંદ્રિયના નિમિત્તે થાય છે એટલો જ ઇંદ્રિયવિકારનો અર્થ નથી પણ ભગવાનનાં દર્શન કરવાં, શ્રવણ આદિ કરવું તે બધો ઇન્દ્રિયનો વિકાર છે. પરથી–નિમિત્તથી લાભ માન્યો તેને ઇન્દ્રિયવિકાર વિલય થતો નથી.

નિમિત્તથી લાભ–નુકશાન થાય છે એમ માન્યું તેને નિમિત્તનો પક્ષ છૂટયો જ નથી એટલે નિમિત્તનો પરિગ્રહ છૂટયો નથી અને જેણે વિકારનું બળ છે એમ માન્યું તેણે આત્મામાં વિકારનો નાશ કરવાનું સામર્થ્ય છે–એમ માન્યું નથી.

અહીં સમાધિ અધિકાર છે. તો તે સમાધિ કોને થાય છે? કે જેને નિમિત્તની રુચિ છૂટી અને ઇંદ્રિયના નિમિત્તે થતો વિકારભાવ એની પણ રુચિ જેને છૂટી હોય અને આત્માની યથાર્થ રુચિ થઈ હોય. આત્મા ચિદાનંદ ત્રિકાળ શુદ્ધ છે, એના આશ્રયે જ ધર્મ થાય છે. એવી દ્રષ્ટિપૂર્વક અંતર્લીનતા થઈ તેને અહીં સમાધિ કહી છે. નિમિત્તનું બળ જેને છૂટયું નથી એને વિકારનું બળ ત્રણકાળમાં છૂટતું નથી. આત્મામાં શુભાશુભ પરિણામ થાય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે તે વિકાર છે. ભગવાનના દર્શનનો વિકલ્પ તે શુભભાવ છે અને સ્ત્રીને જોવાનો ભાવ તે અશુભભાવ છે-એ બન્ને વિકાર છે. નિમિત્તથી તે શુભાશુભભાવ થાય છે એમ જેણે માન્યું એને તો નિમિત્તનો પરિગ્રહ છૂટયો નથી, એટલે એને વિકારની પક્કડ પણ છૂટી નથી.

સાચા દેવાદિની શ્રદ્ધા તથા પંચમહાવ્રતાદિનો વિકલ્પ છે તે મનનો વિકાર છે. જેને આત્માના આશ્રયે શુદ્ધ પરિણતિ પ્રગટી છે, અનાકુળ શાંતરસરૂપ સમાધિ પ્રગટી છે તેને મનનો વિકાર હોતો નથી. આ જ ધર્મ છે અને એ જ મોક્ષમાર્ગ છે.

જેને આત્મા શાંત સમાધિરૂપ છે એની ખબર નથી તેને પુણ્યની રુચિ છૂટતી નથી. પર્યાયમાં દાનનો શુભવિકલ્પ થાય છે તે પણ મનવિકાર છે. પહેલાં નિમિત્તનું બળ જેણે માન્યું તેને તો નિમિત્તની પક્કડ છે અને જેણે વ્યવહારથી ધર્મ માન્યો છે તેને વિકારનો પરિગ્રહ છૂટતો નથી-એમ બે વાત કરી છે.

આત્માની શાંતિ કોઈ લૂંટી ગયું નથી, તેમ જ તે પરમાં ભરી નથી. આત્મા પોતે શાંતિરૂપ છે એનું જ્ઞાન રુચિ કરવાથી થાય છે. જેણે નિમિત્તથી ધર્મ-શાંતિ માની છે એને નિમિત્તબુદ્ધિ છૂટતી નથી. પરનાં કારણે આત્મામાં કાંઈ લાભ-નુકશાન થતું નથી અને આત્માના વિકલ્પના કારણે પરમાં કાંઈ થતું નથી એમ જાણવું જોઈએ. મારી ચીજ તો મારી પાસે છે, પરની સાથે તો મારે કાંઈ સંબંધ નથી પણ મારી પર્યાયમાં વિકાર થાય છે તેટલો માત્ર હું નથી. એમ અંતર્દષ્ટિ થતાં સમાધિ જાગે છે.

આત્મામાં તે આનંદસ્વાદ આવ્યો એને મોક્ષમાર્ગ કહે છે. હવે તે આનંદ થવા પહેલાં કેવો વિકલ્પ હોય છે એ કહે છે. હું આનંદ છું, હું બ્રહ્મસ્વરૂપ છું-એવો વિચાર કેટલોક કાળ સુધી રહે છે. પછી સમાધિમાં અહંપણું તો છૂટે છે अस्मि કહીએ એવો ભાવ ત્યાં રહે છે. ત્યાં દર્શન-જ્ઞાનમય છું, હું સમાધિમાં લાગું છું. એમ જ રહેવું એ વિચાર હોય છે. હું જ્ઞાતાદષ્ટા છું એવો વિકલ્પ થવો તે પણ શુભરાગ છે. એનો અભાવ થવાથી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સ્વરૂપમાં સ્થિરતા થાય છે. જ્ઞાન-દર્શનનો વિકલ્પ તેને અહીં દ્રવ્યશ્રુત કહે છે. નિમિત્ત, રાગની રુચિ છૂટી ગયા બાદ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા-એવા વિકલ્પને દ્રવ્યશ્રુત કહે છે. તે ગુણગુણીના ભેદનો વિકલ્પ મટે છે ત્યારે સમાધિ પ્રગટે છે.

જ્યાં સુધી વિકલ્પ હતો ત્યાં સુધી તો પુણ્યબંધનું કારણ હતું, પછી જ્યારે દ્રવ્યશ્રુતનો પણ વિકલ્પ છૂટી ગયો અને આત્મામાં એકત્વ થયું તે સમાધિ છે. આવું ધર્મનું સ્વરૂપ છે-એવી જેને ખબર નથી તે કદાચ દયા, દાન, ભક્તિ, વ્રત આદિના પરિણામ કરતો હોય તોપણ તેને ધર્મ થતો નથી. આત્મા કોણ છે? એને જાણી ગુણ-ગુણીનો ભેદ મટાડીને અંતર્લીનતા થાય-તેને ધર્મ થાય છે. ધર્મવિધિ તો પહેલાં જાણવી જોઈએ. વિધિ જાણ્યા વિના ધર્મ થતો નથી. પ્રથમ વિકલ્પ હોય છે પણ તે વિકલ્પના કારણે નિર્વિકલ્પ થવાતું-એમ જાણવું જોઈએ. આત્મા પરમાનંદસ્વરૂપ છે. એની દૃષ્ટિ કરવાથી વિકલ્પનો અભાવ થાય છે-એની વિધિ છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ખબર નથી અને વ્રત કરીએ તો ધર્મ થઈ જશે-એમ જે માને છે તે વિધિને સમજતો નથી. જેને ઘી-ગોળ અને લોટનો શીરો ખાવો હોય તેણે પ્રથમ વિધિ જાણવી પડે છે. વિધિ જાણે નહિ અને પાણીમાં લોટ નાખી દે તો શીરો થાય નહિ. એમ પહેલાં સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ જાણે નહિ અને વ્રતાદિ શુભભાવથી ધર્મ થઈ જશે એમ માને તેને ધર્મ કે મોક્ષમાર્ગ થતો નથી.

આત્મા શુદ્ધ ચિદાનંદ છે, એની રુચિ કરવાથી અને એની લીનતાથી સમાધિ થાય છે અને એ જ વીતરાગરૂપ સ્વસંવેદનભાવ છે. જ્યારે એકત્વચેતનામાં મન લાગી લીન થયું ત્યાં ઇંદ્રિયજનિત આનંદના અભાવથી સ્વભાવનું લક્ષ થતાં રસાસ્વાદ કરી આનંદ વધ્યો. ત્યાં વિવેકરૂપી શુદ્ધ પરિણતિ છે. જ્યાં પરમાત્માનો વિલાસ નજીક થયો ત્યાં અનંતગુણનો રસ પાછો પરિણામ વેદી સમાધિ લાગી, નિર્વિકાર ધર્મના વિલાસનો પ્રકાશ થયો.

પરથી વિભક્ત થયો એટલે સ્વથી એકત્વ થયો–આ અસ્તિ–નાસ્તિની વાત છે. અનંત ગુણનું પરિણમન શુદ્ધ થયું એટલે અંતર્સમાધિ પ્રગટી. નિર્વિકાર ધર્મના વિલાસનો પ્રકાશ થયો. રાગાદિરહિત ભાવનમાં મનોવિકાર ઘણો ગયો. પહેલાં પ્રતીતિ થઈ કે હું જ્ઞાન છું, વિકાર નહિ, પર નહિ; ત્યાં તો રાગાદિ વિકારના સ્વામીત્વનો નાશ થાય છે અને આગળ જતાં સ્થિરતા થતાં થતાં શુદ્ધિ વધે છે અને મનનો વિકાર પણ નાશ પામે છે.

આવી સમાધિ–સ્વરૂપદષ્ટિપૂર્વક સ્થિરતા કરીને સ્વભાવની શાંતિ પ્રગટ કરી એને ભગવાને તપ કહે છે. આવો તપ કરીને ભગવાને કેવળજ્ઞાન પ્રગટ કર્યું છે. લોકોને તપની પણ ખબર નથી. તપને જગત કષ્ટરૂપ માને છે. સ્વભાવની સ્થિરતા અને પરભાવનું વિસ્મરણ થાય એવી જમવટ કરવાથી શીઘ્રકાળમાં પરમાત્મા થાય છે. આ સહજનો ધંધો છે. જે એને કષ્ટરૂપ માને છે તેને વસ્તુની ખબર નથી.

આત્મામાં સ્વરૂપલીનતા કરતાં કેવળજ્ઞાન પ્રગટે છે. મિથ્યાત્વભાવનો નાશ જેને થતો નથી તેને મનનો વિકાર મટતો નથી. મિથ્યાત્વના નાશનો ઉપાય કરે નહિ અને બીજી કડાકૂડ કર્યા કરે તો તેને સંસારનો નાશ થતો નથી. મિથ્યાત્વરૂપી મોહ મોટો દુશ્મન છે. આ મોહ તે આત્માનો ઊંધો ભાવ છે. તે અનાદિથી જીવને સંસારમાં નચાવે છે. ધર્મના બહાને અનેક ક્રિયા કરે છે તે બધા મોહથી નાચી રહ્યા છે. આત્મા જ્ઞાયક છે એવી વાત સાંભળવામાં કંટાળો આવે છે અને કોઈ કહે કે રાગ ઘટાડો તો ધર્મ થઈ જશે ત્યાં તેને હોંશ આવે છે. તે મિથ્યાત્વભાવની રુચિવાળો છે. તે સંસારમાં રખડે છે. મિથ્યાત્વ સેવીને હરખ માની માનીને સંસારમાં પરિભ્રમણ કરે છે. જો કોઈ ત્યાગની વાત કરે, ધનથી ધર્મ થશે અને ધર્મથી ધન મળશે–આવી વાતો કરે તો ત્યાં હરખ માની માનીને જીવો મિથ્યાત્વ સેવી રહ્યા છે.

લાખો રૂપિયાનાં દાન કરીને, ઉપવાસ આદિ તપશ્ચર્યા કરીને ધર્મ માને છે અને હરખ કરે છે. વ્રતાદિ લઈને ધર્મ માની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખુશી થઈ જાય છે. તેમાં આત્માનું કલ્યાણ માની એ બધી ક્રિયા કરીને પોતાને ધન્ય માને છે તે મૂઢ છે, તેને આત્માના ધર્મની ખબર નથી. મિથ્યાત્વને દઢ કરે અને તેમાં ધર્મ માને છે, તે હરખી હરખીને સંસારમાં રખડે છે. આહારનાં ગ્રહણ-ત્યાગ મારામાં છે જ નહિ, લક્ષ્મી આદિ મારાથી પર છે એમ જાણતો નથી, આહારદાન કરે ત્યાં સાધુને અધઃકર્મી અને ઉદ્દિષ્ટ આહાર આપે અને પોતાને ધન્ય માને પણ જે સાધુ અધઃકર્મી અથવા ઉદ્દિષ્ટ આહાર લે છે તે નિશ્ચય-વ્યવહાર બન્ને પ્રકારે સાધુ નથી એમ તે જાણતો નથી તેથી સંસારમાં રખડે છે.

મુનિની દશા તો એવી હોય છે કે પોતાના માટે આહાર બનાવ્યો છે એવી શંકા પડે તો તે આહાર છોડી દે. અજ્ઞાનીને એની ખબર નથી. જુઓ! અજ્ઞાનીએ ધીઠાઈ કેવી પકડી છે? નિજનિધિ અનંત સુખદાયક તેને કોણ સંભારે છે? માટે એ જ જીવોને શ્રીગુરુપદેશામૃત પીણું યોગ્ય છે, એનાથી મોહ મટે છે તથા અનુભવ પ્રગટે છે તે હવે કહે છે.

સંસારમાં જીવ રખડે છે અને પહેલાં દેશનાલબ્ધિ હોવી જોઈએ એમ કહે છે. પોતાની મેળે શાસ્ત્ર વાંચીને કોઈ ધર્મ પામી જાય-એમ નથી. સત્‌સમાગમ કરવો એ વાત લીધી છે. અનાદિસંસારી મિથ્યાદૃષ્ટિ પહેલાં જ્ઞાની પાસે શુદ્ધ આત્મતત્ત્વની વાત સાંભળે અનેઅંતરમાં ઊતારે ત્યારે તેને મોહનો નાશ થાય છે અને આત્માનો અનુભવ પ્રગટે છે. પાત્રતા હોય ત્યાં યોગ્ય જીવને જ્ઞાનીની દેશનાલબ્ધિ મળે જ છે. દેશનાલબ્ધિ વિના માત્ર શાસ્ત્ર ભણવાથી કે અજ્ઞાનીના ઉપદેશથી કદી પણ સમ્યગ્જ્ઞાન થાય નહિ, એવો નિમિત્તનૈમિત્તિક સહજ સ્વતંત્ર વસ્તુનો સ્વભાવ છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## મહા વદ ૬, ગુરુ ૫-૨-૫૩

## પ્ર. -૬૧

**જે**ને ધર્મ કરવો હોય ને શાંતિ જોઈતી હોય તેણે આત્માની પ્રતીતિ કરવી જોઈએ. આત્માના આનંદનો અનુભવ થવો તેને અનુભવપ્રકાશ કહે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે-તેની પ્રતીતિ કરી આનંદ લેવો તેને ધર્મ કહે છે.

પ્રથમ શું કરવું? શ્રી જિનેંદ્રદેવની આજ્ઞાની પ્રતીતિ કરો. કુદેવાદિને માનવા તે જિનેંદ્રદેવની આજ્ઞા નથી. જેમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું, નવ તત્ત્વાદિનું યથાર્થ વર્ણન હોય તે યથાર્થ શાસ્ત્ર છે. સર્વજ્ઞભગવાનપ્રણીત તત્ત્વ વિચારે, જિનેંદ્રદેવના ઉપદેશ મુજબ ગુરુ ઉપદેશ આપે છે ને તે ઉપદેશ બરાબર સાંભળે. ભગવાને કયા તત્ત્વો ગ્રહણ કરવા યોગ્ય કહ્યા છે? ચેતનપ્રકાશ અનંત સુખધામ છે, દેહ જડ છે, પુણ્ય-પાપભાવ હેય છે, ભગવાન આત્મામાં જ્ઞાનપ્રકાશ છે, તે અનંતસુખનું ધામ છે. ભગવાન આત્મા મળરહિત છે. ત્રિકાળ દ્રવ્ય એક સમયના સંસારથી રહિત છે, તે જ શાંતિનું કારણ છે. આવો ચિદ્દ્યન આત્મારામ ઉપાદેય છે. નિમિત્ત અને વિકાર રહિત આત્મા ઉપાદેય છે. અહીં તો વિકારને પણ સ્વભાવની અપેક્ષાએ પર કહેલ છે. જેને શાંતિ જોઈતી હોય તેણે પોતાના ચિદાનંદ આત્માને માનવો જોઈએ. આત્મા પર પદાર્થોથી ને રાગાદિથી રહિત છે, શરીર, કર્મ આદિ આત્મામાં નથી તો પછી શરીર, કર્મ આત્માને શું કરે? વળી પર્યાયમાં થતા શુભાશુભ પરિણામ તે વિકાર છે માટે હેય છે ને શુદ્ધ આત્મા ઉપાદેય છે, હું શુદ્ધ ચિદાનંદ છું એમ ભેદજ્ઞાન કરવું. આમ ભેદજ્ઞાનથી સ્વરૂપની પ્રાપ્તિ થાય તે સમ્યગ્દર્શન છે. ક્રિયાકાંડ, દાન, પૂજા, ભક્તિ ધર્મ

નથી પણ પુણ્ય છે, ધર્મ તો સ્વાશ્રયરૂપ નિર્વિકલ્પ વીતરાગપરિણતિ છે.

અજ્ઞાની જીવ પુણ્યથી ધર્મ માની હરખ માને છે અને પુણ્યથી મોટો લાભ માને છે ને સંતુષ્ટ થાય છે પણ તે બધો ભ્રમભાવ છે. સ્વ-પર ભેદવિજ્ઞાન કરવું તે ધર્મ છે. તેનો નિરંતર અભ્યાસ કરવો. હું જ્ઞાનસ્વરૂપ છું એવી પ્રાપ્તિ અનુભવમાં થાય.

શરીર જડ છે, શરીરની અવસ્થા શરીરને આધીન છે, આત્મા તેનો કર્તા નથી. જે જીવ નિમિત્તથી લાભ અથવા પ્રભાવ માને અથવા કર્મના ઉદયથી પોતામાં વિકાર માને તેને પરથી અથવા કર્મથી ભેદજ્ઞાન કરવાની તાકાત નથી, તેનામાં વિકારથી ભેદજ્ઞાન કરવાની તાકાત નથી. ભગવાન સાક્ષાત્ હોય કે પ્રતિમા હોય, સમ્મેદશિખર હોય કે શેત્રુંજય હોય-બધા પર છે, તેનાથી ધર્મ નથી. કષાયમંદતા કરે તો પુણ્ય થાય, પરથી પુણ્ય પણ નથી. નિમિત્તથી લાભ-નુકશાન નથી. રાગથી લાભ નથી. પોતે જ્ઞાનસ્વભાવી છે-એમ નિરંતર અભ્યાસ કરવો. રાગથી પર્યાયમાં નુકશાન થાય છે પણ રાગથી ત્રિકાળી સ્વભાવમાં લાભ-નુકશાન નથી. સંસારનો ઔદયિકભાવ પારિણામિકભાવમાં પેસી જતો નથી.

શ્રી નિયમસારમાં ચાર ભાવો-ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિકને આવરણવાળા કહ્યા, વિભાવકહ્યા ને પરિહાર કરવા યોગ્ય કહ્યા. ચારે ભાવો દ્વારા આત્મા જાણી શકાય એવો નથી. ચારે ભાવો પર્યાયો છે. તેનો આશ્રય લેવાથી આત્મા ગમ્ય થતો નથી. પર્યાય ભેદરૂપ છે, તેથી ભેદનું લક્ષ છોડાવવા અભેદનું લક્ષ કરાવવા એમ કહ્યું છે. ભેદના લક્ષથી વિકલ્પ ઊઠે છે.

સાધક જીવને પૂર્ણ ક્ષાયિકભાવ પ્રગટ નથી. જે નથી તેનો વિચાર કરવાથી વિકલ્પ ઊઠે છે, માટે તે પરિહાર કરવા યોગ્ય છે-એમ કહ્યું છે.

તત્ત્વાર્થસૂત્રમાં રાગદ્વેષ, ગતિ આદિ ઔદયિક ભાવને સ્વતત્ત્વ કહેલ છે, કેમકે તે પરિણામ અશુદ્ધ ઉપાદાનથી જીવ પોતે કરે છે, કર્મ કરાવતું નથી. તે બતાવવા સ્વતત્ત્વ કહેલ છે. અહીં ચારે ભાવોને વિભાવભાવ કહ્યા છે, કેમકે એ ચારે પર્યાયો છે, ભેદ છે. ભેદના આશ્રયે ધર્મ થતો નથી માટે તે આદરણીય નથી, તેના આશ્રયે રાગની ઉત્પત્તિ થાય છે. પારિણામિક ચિદાનંદભાવના આશ્રયે ધર્મ થાય છે-એમ અર્થ જેમ છે તેમ સમજવો જોઈએ.

અહીં સાધક જીવ વિચાર કરે છે કે ચૈતન્યતત્ત્વ ઉપાદેય કરી ચૈતન્યતત્ત્વની પ્રાપ્તિ કરે તો રાગદ્વેષ મટે. સાધકદશામાં ભક્તિ આદિ ભાવ થાય છે, દયા-દાનાદિ તથા પ્રભાવનાના ભાવ ઊઠે છે પણ જ્ઞાની તેને હેય સમજે છે. દૃષ્ટિ તો સ્વભાવસન્મુખ છે ને રાગને નાશ કરવાનો પ્રયત્ન છે.

સ્વ તથા પરનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ, તેથી રાગદ્વેષ મટે છે. આત્મામાં પર પદાર્થનાં ગ્રહણ-ત્યાગ નથી. આત્મા પરપદાર્થનાં ગ્રહણ-ત્યાગ કરી શકે છે એમ માનવું તે જ મિથ્યાત્વ છે. પૈસા આત્મા ખર્ચી શકતો નથી. જડની પર્યાયનો આત્મા કર્તા-હર્તા નથી. આત્મા જાણનાર છે એમ પ્રથમ પ્રતીતિ કરવાથી ધર્મ થાય છે.

જુઓ, આ ગ્રંથ શ્રી દીપચંદજી ગૃહસ્થે લખેલ છે. કેવી સરસ વાત લખી છે. આત્માના સ્વરૂપની પ્રતીતિ ને લીનતાથી મોહ-રાગ-દ્વેષ નાશ થાય છે. જ્ઞાનસ્વરૂપનો અનુભવ કરવો તે વિકાર મટવાનો ઉપાય છે તેનાથી કર્મનું આવવું અટકી જાય છે.

હું જ્ઞાનાનંદ છું એમ પ્રતીતિ ને લીનતા કરવાથી નિર્જરા થાય છે. અભવ્ય જીવે અજ્ઞાન તપશ્ચર્યા ઘણી કરી; બાહ્ય ક્રિયા તે કાંઈ વાસ્તવિક તપ નથી. હું જ્ઞાનસ્વભાવી છું. એવા આત્માના આશ્રયે નિર્જરા થાય છે. કર્મનું છૂટવું તે દ્રવ્યનિર્જરા છે. અશુદ્ધતાનો નાશ થવો ને શુદ્ધતાની વૃદ્ધિ થવી તે બન્નેને ભાવનિર્જરા કહે છે. તથા સંપૂર્ણ શુદ્ધતાનું પ્રગટવું તે મોક્ષ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આમ સંવર, નિર્જરા, મોક્ષ-ત્રણે આત્માના આશ્રયે થાય છે. મિથ્યાત્વ, વ્રત, પ્રમાદ, કષાય, યોગ-એમ પાંચ આસ્રવ છે, તેમાં મુખ્ય મિથ્યાત્વ છે. મિથ્યાત્વ ટળ્યા વિના અવ્રત ને પ્રમાદ ટળતા નથી. આત્માની પ્રતીતિ ને લીનતા કરવાથી મિથ્યાત્વ ને રાગદ્વેષ ટળે છે. ભેદજ્ઞાન કરવાથી સંવર, નિર્જરા ને કેવળજ્ઞાન થાય છે. ભાવમોક્ષ થતાં કર્મો છૂટી જાય છે, તે દ્રવ્યમોક્ષ છે.

શરીર, કર્મ આદિ પર પદાર્થોથી જુદો છું એવા ભેદજ્ઞાનથી સિદ્ધિ થાય છે.

भेदविज्ञानत: सिद्धा: सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।

જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે ને જે બંધાયા છે તે ભેદજ્ઞાનના અભાવે જ બંધાયા છે.

અજ્ઞાની નિમિત્ત ઉપર વજન આપે છે. નિમિત્તને લીધે વિલક્ષણતા માને છે તે જીવને નિમિત્તથી ભેદજ્ઞાન નથી, તો પછી વિકારથી ભેદજ્ઞાન ક્યાંથી થાય? માટે ભેદજ્ઞાન કરવું જરૂરી છે. ભેદજ્ઞાનના અભ્યાસથી પરમપદ-સિદ્ધપદ થાય છે, તે ભેદજ્ઞાન ઊપજવાનો વિચાર કહીએ છીએઃ-

જ્ઞાનભાવ પોતાનો છે પણ દયા-દાનાદિના રાગને પોતાના માને તે મિથ્યાભ્રાંતિ છે. જ્ઞાનને પોતાનું હિતરૂપ કાર્ય ન માને તે સંસાર છે. પુણ્ય-પાપથી લાભ માને તે પુણ્ય-પાપને પોતાના માન્યા વિના રહે નહિ. બાહ્યમાં કરવા-ન કરવાની વાત નથી પણ પરિણામની વાત છે. હું દયા પાળું, જાત્રા કરું, વિનય કરું એવી વૃત્તિને વિભાવ કહે છે. તે જ હું છું-એમ માને છે તે સંસાર છે.

ધર્મી દયા-દાનાદિને જાણે છે. ભેદજ્ઞાન દ્વારા વિકારને હેય જ જાણે છે. કોઈ પણ વિભાવને પોતાનો ન માને પણ વિભાવને જાણવાની શક્તિને પોતાની માને. હું જાણનાર છું, મારા જાણવાના સ્વભાવથી વિકારને જાણું, -આમ જાણવારૂપ પરિણમન કરે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

જ્ઞાનરસ પીએ ને અનુભવ કરે. હું રાગ નથી પણ રાગનો જાણનારો છું, તે પણ વ્યવહારથી છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં એકગ્રતા કરવી તે નિર્વિકલ્પ અનુભવ છે. સાધકની ભૂમિકામાં રાગ થવા છતાં સાધક તેને પોતાનો ન માને.

જીભનો સ્વભાવ એવો છે કે મોઢમાં નાખેલ ગુંદર જેવી ચીકણી ચીજને ઓગાળી નાખે ને જીભને ચીકાશ કાઢવા સાબુની જરૂર પડતી નથી; તેમ બાહ્ય ક્રિયાકાંડથી રાગદ્રેષની ચીકાશ નાશ થતી નથી. પરથી લૂખા એવા આત્માના અવલંબને રાગની ચીકાશ નાશ પામે છે.

અજ્ઞાની જીવ પર પદાર્થની કર્તાબુદ્ધિમાં રોકાયો છે. વિભાવ અજ્ઞાનધારા અથવા મૂર્છાધારા છે. સ્વભાવનું જ્ઞાન કરવું તે જ્ઞાનધારા તે. બન્ને ધારાને જ્ઞાની જાણે છે.

શ્રી સમયસારના પુણ્ય-પાપ અધિકારના શ્લોક ૧૧૦ માં કહ્યું છે; "જયાં સુધી જ્ઞાનની કર્મવિરતિ બરાબર પરિપૂર્ણતા પામતી નથી ત્યાંસુધી કર્મ અને જ્ઞાનનું એકઠાપણું શાસ્ત્રમાં કહ્યું છે, તેમના એકઠા રહેવામાં કંઈ પણ ક્ષતિ અર્થાત્ વિરોધ નથી."

સાધકદશામાં બે ધારા હોય છે. કર્મધારા એટલે જડકર્મની વાત નથી પણ પોતાની નબળાઈથી થતા રાગદ્વેષના પરિણામ તે કર્મધારા છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞાનધારા છે. રાગને જ્ઞાન જુદો જાણે છે.

જેણે વિભાવથી આત્માને જુદો જાણ્યો ને આઠ કર્મથી આત્માને જુદો જાણ્યો તેને ધર્મ થાય છે. "कर्म बिचारे कौन भूल मेरी अधिकाई" કર્મ અજીવ છે, તે ભૂલ કરાવતું નથી, પોતે અપરાધ કરે છે. કર્મને લીધે રાગદ્વેષ માને તેને ભેદજ્ઞાન કરવાની તાકાત નથી. જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને રોકે છે, તે નિમિત્તનું કથન છે. શાસ્ત્રમાં કેવળજ્ઞાનાવરણીય કર્મની શક્તિ ઘણી મોટી કહી છે. જીવ પોતે કેવળજ્ઞાન પ્રગટ ન કરે ત્યારે કેવળજ્ઞાનમાં વિઘ્નરૂપે નિમિત્ત થાય તે કેવળજ્ઞાનાવરણીય કર્મ છે તેથી તેની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ઉત્કૃષ્ટ શક્તિ છે-એમ કહ્યું છે. કેવળજ્ઞાન ન પ્રગટવામાં નિમિત્તપણે થવામાં ઉત્કૃષ્ટતાનું વર્ણન છે પણ તે કર્મ જ્ઞાનને રોકે છે એવો અર્થ નથી. મોહનીયકર્મ મોહ કરાવતું નથી. આમ આઠે કર્મોને આત્માથી જુદાં જાણે. અષ્ટકર્મ દહન કરવાની શક્તિ તો સ્વભાવમાં છે. મારામાં એવી ચિદાનંદ અગ્નિ જાગો જેથી આઠ કર્મ નાશ થઈ જાય-એવી ધૂપ પૂજા વખતની ભાવના છે. ધૂપ મૂકવાની ક્રિયા તથા ધૂપ જડ છે, પૂજામાં તૃષ્ણાભાવ ઘટાડે તેટલો પુણ્યભાવ છે. ધર્મીને ધર્મપ્રભાવનાનો ભાવ આવે છે પણ તે ખરેખર ધર્મ નથી. આત્મા શરીર અને કર્મથી જુદો છે ને વિભાવથી પણ જુદો છે એવું ભાન થવું તે ધર્મ છે. શરીરથી ધર્મ થાય, કર્મ મંદ પડે તો ધર્મ થાય-તેમ માનનારને શરીર ને કર્મની રુચિ છે.

આત્મા ચૈતન્યઉપયોગમય છે. શરીરાદિ પ્રત્યક્ષ જુદાં છે. શરીર અને કર્મમાં ચેતનાનો પ્રવેશ નથી. આત્મા શરીરને ચલાવતો નથી. શરીર જડ છે. જડનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આત્માના સ્વ-ચતુષ્ટયનો અભાવ છે. ચેતનાનો અંશ શરીરમાં નથી, કર્મનો અંશને શરીરનો અંશ ચેતનમાં નથી. ચેતન ને જડ જુદાં છે. આમ શાસ્ત્ર કહે છે, વીતરાગ પ્રત્યક્ષ કહે છે. સાધારણ માણસો કહે છે કે શરીર ને આત્મા જુદા છે પણ તે માત્ર બોલવા ખાતર છે, પણ યથાર્થ ભેદજ્ઞાન કરતા નથી.

ચૈતન્યમાં જડનો પ્રવેશ નથી, વીતરાગની વાણી સ્પષ્ટ-પ્રત્યક્ષ કહે છે. હું જ્ઞાનસ્વરૂપ છું ને આવાં શરીર અનંતા છોડયાં એમ ખ્યાલમાં આવે છે. જો શરીર તારું હોય તો તારાથી જુદું કેમ પડે? શરીર જુદું પડે છે માટે તે તારું નથી. દર્શન-જ્ઞાન તારો સ્વભાવ તારાથી જુદો પડતો નથી માટે આત્મા દેખવા-જાણવાવાળો છે ને જાણવું-દેખવું તે જ મારો ઉપયોગ છે. જડમાં ઉપયોગ નથી. શરીરને શરીરની ખબર નથી. આત્માને પોતાની તથા શરીરની ખબર પડે છે. શરીર, કર્મ અનુપયોગી છે ને પોતે ઉપયોગી છે, આમ વિચારતાં જડ-ચેતનની ભિન્નતાની પ્રતીતિ આવે.


Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વળી રાગ-દ્વેષાદિ પરિણામમાં રોકાય તે કર્મચેતના છે, તે વિકારી છે. મિથ્યાત્વાદિ ભાવમાં ચેતના પરિણમે છે, કર્મ પરિણમતાં નથી. આમ પોતાના ભાવકર્મનો વિચાર કરે. રાગ-દ્વેષ, દયા-દાનાદિભાવપણ ચિદ્‌વિકાર હોવાથી તે ભાવકર્મ છે. તેમાં જ્ઞાતાદ્રષ્ટા શક્તિ રોકાઈ જાય છે, માટે તેને કર્મચેતના કહે છે. તેનો આદર કરવો નહિ. કર્મને લીધે રાગદ્વેષ નથી. પોતે રોકાય છે તો ચિદ્‌વિકાર થાય છે. પોતે પોતાથી મલિન થયો છે, પરથી મલિન થયો નથી. કોઈએ અથવા કર્મના ઉદયે વિકાર કરાવ્યો નથી.

એકલો જ્ઞાનપ્રકાશ આત્માનો વિલાસ છે. તેને અજ્ઞાની સંભાળતો નથી. શાસ્ત્રથી જ્ઞાન થશે વગેરે પ્રકારે મોહ રાખી શાસ્ત્ર સાંભળે છે. પોતે જ્ઞાન કરે તો શાસ્ત્રને નિમિત્ત કહેવાય, તે વાતને સમજતો નથી. વળી ખબર છે કે શરીર નાશ પામશે, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, દિકરા, દીકરી રહેશે નહિ; છતાં તેનાથી હિતભાવ કરે છે. પ્રત્યક્ષ જુદાં હોવા છતાં તેનાથી ભેદજ્ઞાન કરતો નથી. ઘડપણમાં દીકરા કમાણી કરી આપશે-એમ માની પોતાના માને છે, તેનાથી હિતભાવ કરે છે ને અશુભભાવ કરીને નરકનો બંધ પાડે છે. લક્ષ્મી, પુત્ર વગેરે અનંત દુઃખના નિમિત્ત છે, છતાં તે દુઃખનાં નિમિત્તકારણને સુખનાં કારણ સમજે છે. માટે પરથી ભેદજ્ઞાન કરી, વિકારથી ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મહા વદ ૭, શુક્ર ૬-૨-૫૩

## પ્ર. -૬૨

**આ**ત્માના સ્વરૂપને આનંદનું કારણ માને તેને અનુભવપ્રકાશ કહે છે. પરને સુખરૂપ માનવું તે દુઃખનું કારણ છે. આત્મા શક્તિરૂપે જ્ઞાનાદિ અનંત ગુણોનો પિંડ છે, તે જ આનંદનું કારણ છે એમ સમજે નહિ અને દેવ-ગુરુ-શાસ્ત્રાદિ પર પદાર્થો મને સુખના કારણો છે એમ જે માને છે તે મિથ્યાત્વના કારણે દુઃખને જ ભોગવે છે; પોતાની સહજ શક્તિની સંભાળ કરતો નથી.

જ્ઞાનપ્રકાશરૂપ મારો ઉપયોગ છે તે સદા મારું સ્વરૂપ છે. સદાય મારો સ્વભાવ મારામાં છે, એનો કદી વિયોગ થયો જ નથી, એમ અનંત મહિમાનો ભંડાર અવિકાર સાર હું જ છું, એમ દૃષ્ટિ કરતાં દુર્નિવાર મોહનો નાશ થાય છે. જ્ઞાનપ્રકાશ મારો સ્વભાવ છે, આનંદ મારો સ્વભાવ છે અને સદાય મારો સ્વભાવ મારામાં જ છે. એનો કદી અભાવ થયો જ નથી એમ જ્ઞાની ચિંતવે છે. દેહનો સંયોગ અલ્પકાળ રહે છે. એમાં આત્માનું યથાર્થ સાધન નહિ કરું તો ક્યારે કરીશ ? માટે આત્માનો અનુભવ કરવો એ જ કર્તવ્ય છે. એમ જ્ઞાની જાણે છે. લોકોને બહારની વાતમાં તો જલદી ગમ પડે છે, પણ એ તો ધૂળધાણી ને વા પાણી છે. આ તત્ત્વને સમજ્યા વિના ત્રણ કાળમાં આરો આવે એમ નથી. આત્મા જ્ઞાનસ્વરૂપી છે, એનો નિર્ણય કરવો એ જ આ મનુષ્યભવ પામીને કરવા જેવું છે. પર પદાર્થની ક્રિયા તો આત્માની નથી. તે પદાર્થો પોતામાં વિયોગરૂપ છે અને વિયોગરૂપ રહે છે. આત્માનો સ્વભાવ તો એવો ને એવો રહે છે. એનો વિયોગ થતો નથી. પુણ્ય-પાપના પરિણામ પણ એકરૂપ રહેતા નથી, તે પણ બદલ્યા કરે છે.

અનંત મહિમાનો ભંડાર આત્મા અનંતકાળથી પરમાં સાવધાની કરતો હતે, હવે પોતાની સાવધાની કરવી એ જ કર્તવ્ય

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. પુણ્ય-પાપની ભાવના કરવી તે ઝેર રૂપ છે, માટે આત્માની ભાવના કરવી, અનુપમ આનંદની ભાવના કરવી. નાનામાં નાનો અંશ જે જડ પરમાણુ આદિ છે તે પર છે, જડ અને બીજા જીવો આ આત્માથી પર છે. તે આત્માની વસ્તુ નથી. આત્મા તો જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ અનંત ગુણમય છે, એ જ મારું સ્વરૂપ છે. અનાદિ કાળથી જ્ઞાની અને મુનિઓ કહેતા આવ્યા છે કે પર પદાર્થથી આત્માનું કલ્યાણ થતું નથી પણ લોકોને એ વાત પકડાતી નથી. સિદ્ધગિરિ હોય કે સાક્ષાત્ તીર્થંકરદેવ હોય તો તે આત્માથી પર છે, એનાથી ત્રણ કાળમાં આત્માનું કલ્યાણ થાય નહિ. આમ અનંત કાળથી સંતો મુનિઓ કહેતા આવ્યા છે. પોતાનું કલ્યાણ પોતાથી થાય છે. એમ ભાવના કરવી-એમ રુચિ કરવી એ જ કર્તવ્ય છે.

હું દષ્ટિ દ્વારા દેખું છું, દર્શન દ્વારા દેખું છું અને જ્ઞાન દ્વારા હું જાણું છું. આંખમાં છિદ્ર નથી કે છિદ્ર દ્વારા આત્મા દેખે! નામકર્મની સંઘાત પ્રકૃતિનું ફળ એવું છે કે ઔદારિકાદિ શરીર છિદ્ર રહિત બંધાય છે, માટે શરીરમાં છિદ્ર નથી કે જે દ્વારા આત્મા રૂપને દેખે, પણ આત્મા જ્ઞાન દ્વારા જાણે છે. આંખથી આત્મા દેખતો નથી, આત્મા સ્વયં સિદ્ધ પોતાની પર્યાયથી જાણે છે અને દેખે છે. આ શરીરનો અંશેઅંશ આત્માથી જુદો છે, માટે આત્મા એનાથી જાણતો-દેખતો નથી. એવી પ્રતીતિ કરે તો શરીરાદિ પોતાથી પર છે એમ ભાસે અને અનાદિ વિભાવદષ્ટિનો નાશ થાય.

આત્મામાં વિભાવ થાય છે તે ઉપરથી ઊપડેલો ભાવ છે, અંદરથી આવેલો નથી. આત્મામાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે બધા ઉપર ઉપર તરે છે, જેમ પાણીમાં તેલ ઉપર તરે છે. એ વિકાર મારા સ્વભાવમાં નથી. ભગવાન આત્માનું જ્ઞાન અનાદિથી ગુપ્ત થયું છે. ભ્રમ મટતાં અને ગુપ્ત જ્ઞાનશક્તિની પ્રતીતિ થતાં જ્ઞાન પ્રગટ થાય છે, શુદ્ધ-અશુદ્ધ બન્ને દશામાં જ્ઞાન તો શાશ્વતી શક્તિ સહિત જ છે અને ચિદ્‌વિકાર તો ક્રોધાદિરૂપ થતાં થાય છે. અજ્ઞાનથી ક્રોધ, માન, માયાદિ કરે તો થાય છે. નિર્વિકાર

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સહજ ભાવે પોતે-પોતાનામાં આચરણ, વિશ્રામ, સ્થિરતારૂપ પરિણમન કરે તો વિભાવ મટે. જે પુણ્ય-પાપના ભાવ થાય છે તે બાહ્ય છે. શરીર, વાણી તો આત્માની ચીજ નથી, પરંતુ વ્યવહારરત્નત્રયના પરિણામ પણ બાહ્ય છે, વિકાર છે અને અશુદ્ધ છે. તે પરિણામ અશુદ્ધ હોવાથી આત્મા પણ અશુદ્ધ થાય છે. જો પોતે બાહ્ય વિકારમાં ન આવે અને ઉપયોગ ને પોતાની જ્ઞાયક શક્તિને જાણવામાં રોકે તો નિજરૂપમાં સ્થિર થાય. ચેતન-ઉપયોગની પ્રતીતિ કરતાં કરતાં, પરથી સ્વામિત્વ મટાડી, સ્વરૂપસ્વાદ ચઢતો ચઢતો જાય, ત્યારે શુદ્ધ ઉપયોગ સ્વરસમાં પૂર્ણ વિસ્તાર પામે તે કૃતકૃત્યપણું છે.

આ જિનેન્દ્રશાસનમાં સ્વાદ્વાદ વિદ્યાના બળથી નિજજ્ઞાનકળાને પામી અનાકુળ પદને પોતાનું કરે તે ધર્મ છે. ભગવાન વીતરાગના માર્ગમાં સ્વાદ્વાદથી આત્માના પૂર્ણ સ્વભાવને પમાય છે. સ્વાદ્વાદ એટલે આત્મા આત્મામાં છે, નિમિત્તમાં નથી-અને નિમિત્ત નિમિત્તમાં છે, આત્મામાં નિમિત્ત નથી-એ સ્યાદ્વાદ છે. જેને એની ખબર નથી તે અજ્ઞાની પરમાં ધર્મ માનીને, હરખ કરી કરીને ભવમાં રખડે છે. આત્મા તો જાણે કાંઈ વસ્તુ જ નથી. શરીર, વાણી, પર અને વ્યવહાર જ એને ભાસે છે. અહીં તો કહે છે કે જ્ઞાની તો સ્યાદ્વાદકળાને બરાબર જાણીને પોતાના અનાકુળ સ્વરૂપને પ્રાપ્ત કરે છે.

અહીં તાત્પર્ય આ છે કે પરનું ધણીપણું સર્વથા મટાડી સ્વરસસારસ્વરૂપ શુદ્ધ ઉપયોગ કરો. રાગ-દ્વેષ વિષય વ્યાધિ છે, તેને મટાડી મટાડી પરમ પદને પામો.

“આત્મભ્રાન્તિ સમ રોગ નહીં, સદ્‌ગુરુ વૈદ સુજાણ;
ગુરુઆજ્ઞાસમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન.”

અતીન્દ્રિય-અખંડ-અતુલ-અનાકુળ સુખને પોતાના પદમાં સ્વસંવેદન પ્રત્યક્ષથી વેદો, સર્વસંત મુનિજન પંચપરમગુરુ સ્વરૂપઅનુભવને કરે છે. જેટલા સંત-ભાવલિંગી મુનિ જૈનદર્શનમાં થયા છે તે બધા અનુભવને કરે છે. સિદ્ધ અરિહંતાદિ પંચ પરમેષ્ઠી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધા આત્માનો અનુભવ કરે છે. આત્મા અનાકુળ આનંદસ્વરૂપ છે, એનો ભોગવટો કરે છે તે અનુભવ છે. એવો અનુભવ પંચપરમગુરુ કરે છે. આચાર્ય, મુનિ આદિને અલ્પ આનંદ હોય છે અને સિદ્ધ અરિહંતને પૂર્ણ આનંદ હોય છે, પણ તે બધા આનંદને જ અનુભવે છે.

અરિહંતનું લક્ષણ બહારમાં સમવસરણ છે-તે નથી. બહારની ચીજ તો ઇંદ્રાદિને પણ હોય છે. સમંતભદ્રાચાર્ય કહે છેઃ- ભગવાન! હું તો આપને સર્વજ્ઞપદ અને વીતરાગદશા પ્રગટ થઈ છે તેથી આપને અરિહંત માનું છું પણ બહારના કારણે હું આપને અરિહંત માનતો નથી. અરિહંતપદ તો આત્માની પર્યાય છે, અરિહંતપદ કોઈ જડની દશા નથી. વીતરાગ ચિદાનંદ દશા થઈ છે, એ અરિહંતપદ છે. આપ શરીરાદિના ધણી નથી, વાણી પણ આપ કરતા નથી, આપને કોઈ પર રાગ-દ્વેષ નથી, આપ તો વીતરાગ છો. અને આચાર્ય મુનિ થયા છે તે બધા સ્વરૂપ-અનુભવ કરે છે. મહાપુરુષો તો અનુભવના પંથે ગયા છે. મોટા પુરુષો જે પંથે ગયા છે તે પંથે જ્ઞાનીને જવું તે કર્તવ્ય છે. એના પંથે જવું તે અનંતકલ્યાણનું મૂળ છે.

ચેતનામાં એકાગ્ર થાય તો અચળ જ્ઞાનજ્યોતિ ત્યાંથી પ્રગટ થાય છે. એકદેશ શુદ્ધદશા કરીને જ્ઞાનદ્વારમાં જ્ઞાનલક્ષણથી જાણે. જ્ઞાનદ્વારમાં સ્વરૂપશક્તિને જાણવી. લક્ષણ જ્ઞાન અને લક્ષ્ય આત્મા પોતાના જ્ઞાનમાં ભાસે છે ત્યારે સહજ આનંદધારા વહે છે, તે અનુભવ છે.

સહજ ધારાવાહી નિજશક્તિ પ્રગટ કરતો કરતો સંપૂર્ણ વ્યક્તતા કરે છે ત્યારે યથાવત્ જેવું તત્ત્વ છે તેવું પ્રત્યક્ષ દેખે છે. હવે અજ્ઞાનીની વાત કરે છે. જુઓ, જેમ કોઈ ઠગવિદ્યા વડે કાંકરાને નીલ, હીરા, મોતી બતાવે, સાવરણીના તૃણને સર્પ કરી બતાવે એ સાચું નથી; એમ આત્મા પરમાં સુખ માને છે તે ઠગવિદ્યા છે, છે. પરમાં સુખ, પૈસામાં સુખ, ખાવામાં સુખ, શરીરમાં સુખ માને છે તે બધી ઠગવિદ્યા છે, તે બધું ખોટું છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરમાં પોતાપણું માને છે, સ્ત્રી-કુટુંબ આદિ મારાં છે, એ મને સુખના કારણ છે-એ માન્યતાથી જીવ પોતે પોતાને ઠગે છે. સુખનો પ્રકાશ તો તારી અનંતશક્તિમાં ભર્યો પડયો છે. પરમાં ક્યાંય સુખ નથી-એમ દૃષ્ટિ કર, પ્રતીતિ કર તો સુખ થશે. આત્મા પોતે કોણ છે અને વિકાર શરીરાદિ કોણ છે-એને બરાબર જાણે તો પોતાના સ્વરૂપને પામે. વારંવાર આ વાત કરવામાં આવે છે, કેમકે અનાદિથી દૃઢ મિથ્યાત્વની ગાંઠ અજ્ઞાનીએ પોતામાં પાડી છે. દર્શનમોહના કારણે નથી પણ અજ્ઞાનીએ પોતે દૃઢ ગાંઠ પાડી છે-માટે સ્વપદની ભૂલ પડી છે.

હવે ભેદજ્ઞાન-અમૃતરસ પીએ ત્યારે અનંતગુણધામ અભિરામ આત્માની અનંતશક્તિનો મહિમા પ્રગટ થાય છે. અનંત પરમાણુ જડ છે, એક પરમાણુથી બીજા પરમાણુની ક્રિયા થાય તો અનંત પરમાણુ પૃથક્ પૃથક્ રહે નહિ. અને નિમિત્તના કારણે આત્મામાં કાંઈ થાય તો અજીવ અને જીવ પૃથક્ પૃથક્ છે એમ રહેતું નથી. માટે જીવ-અજીવની પણ યથાર્થ શ્રદ્ધા રહી નહિ. વ્યવહાર છે માટે નિશ્ચય પ્રગટે છે એમ માને તો આસ્રવ-સંવર બે ભિન્ન ભિન્ન સ્વતંત્ર તત્ત્વ છે-એમ પણ માન્યું નહિ. અને કર્મના કારણે વિકાર થાય છે એમ માનવામાં આવે તો અજીવ અને આસ્રવ બન્ને પૃથક્ પૃથક્ રહેતાં નથી. આમ અજ્ઞાનીને સાત તત્ત્વની યથાર્થ શ્રદ્ધા હોતી નથી. એક પણ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા કરે તો ભેદજ્ઞાન થયા વિના રહે નહિ. અને ભેદજ્ઞાન જેને થાય છે તેને આત્માનો અનુભવ થાય છે. તે જ સમ્યગ્દર્શન છે.

આત્મા પર પદાર્થની ક્રિયા કરે તો બે પદાર્થો પૃથક્ પૃથક્ રહેતા નથી. બે વસ્તુને ભિન્ન ભિન્ન માનીને ભેદજ્ઞાન કરે તો આત્મામાં અનુભવ થાય. પર પરિણામ દુઃખધામ જાણી, પરનું

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાન મટાડી, સ્વરસ કરવો. પરની દૃષ્ટિ કરીને દુઃખનું સેવન અનાદિથી કર્યું છે, તેથી જન્માદિ દુઃખો થયાં, પણ હવે નરભવ પામી સત્સંગથી તત્ત્વવિચારનો કાળ મળ્યો છે તો હવે સ્વભાવદૃષ્ટિ કરવી યોગ્ય છે. સત્સંગથી નરભવમાં તત્ત્વવિચાર કરીને, ભવની બાધાને ટાળવી જોઈએ. અનાદિ ભવસંતાનની બાધા કરવાવાળો જે પરભાવ-તેને પછી તે સેવતો નથી. જેનાથી અખંડિત, અનાકુળ, અવિનાશી, અનુપમ અને અતુલ દશારૂપ થવાય એ જ ભાવને જ્ઞાની સેવે છે અને એ જ ભાવ સેવવા યોગ્ય છે.

*



Please inform us of any errors on rajesh@AtmaDharma.com

## મહા વદ ૯, રવિ ૮-૨-૫૩

## પ્ર. -૬૩

**આ**ત્માનો શાંત સ્વભાવ છે. તેની રુચિ કરી, એકાગ્રતા કરવી તે અનુભવ છે. વર્તમાનદશામાં પુણ્ય-પાપ થાય છે તેની રુચિ છોડી, સ્વભાવમાં એકાગ્ર થવું તે ધર્મ ને અનુભવપ્રકાશ છે. જગતનું ચારિત્ર જૂઠું જ બન્યું છે, તેને મોહથી જાણતો નથી. પર વસ્તુનું જૂઠપણું જાણતો નથી. વિકાર ને પરની પ્રીતિ કરે છે તેથી ચારિત્ર જૂઠું બન્યું છે. પુણ્ય-પાપરૂપ ભાવો પર્યાયમાં છે પણ તે સ્વભાવમાં અભાવરૂપ હોવાથી જૂઠા છે. આત્માના ભાન વિના બધું જૂઠ છે. પરની પ્રીતિ છોડતો નથી તેથી સંસાર છે. હું જ્ઞાન ને આનંદસ્વરૂપ છું એમ સ્વ-સ્વભાવની પ્રીતિ કરે તો પરપ્રીતિ ન ધારે. આત્માનું સમ્યગ્દર્શન કહો કે સ્વરસનું સેવન કહો-એ એક જ છે. પર્યાયમાં રાગ થાય છે, પણ સમ્યગ્દષ્ટિ તેનો આદર કરતા નથી. પુણ્ય-પાપ આકુળતા છે. અનાકુળ શાંત સ્વભાવની પ્રીતિમાં પુણ્ય-પાપની પ્રીતિ ન કરે, પરની પ્રીતિ ન કરે. સમ્યગ્દષ્ટિ જાણે છે કે હું અનાકુળ શાંત છું, તેને આત્માના આનંદ સિવાય પુણ્ય-પાપના પરિણામમાં પ્રીતિ નથી. જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી રાગ આવે છે પણ રાગથી ધર્મ થાય અથવા રાગથી સમ્યગ્દર્શન કે ચારિત્ર થાય એમ ધર્મી માનતો નથી.

સંસારમાંથી તરવાનો ઉપાય એ છે કે જાણવા-દેખવાનો વ્યાપાર થાય છે તે જ હું છું, આ સિવાય બીજો ઉપાય નથી. જ્ઞાન-દર્શનનો ઉપયોગ તે જ હું છું. રાગની ભાવના છોડે એમ કહેવું તે વ્યવહાર છે. પોતે જ્ઞાનસ્વભાવી છે એમ ભાવના કરે તો તરે જ તરે.

હું આત્મા છું. -એવી રુચિ છોડી, વિકાર અને સંયોગથી

લાભ માની મેં દુઃખ સહન કર્યું. અનંતા કેવળીઓ તથા સંતો એમ જ કહે છે કે આનંદકંદ ધ્રુવસ્વભાવમાં પ્રવેશ કરી આત્માનો અનુભવ કર. શ્રીગુરુ એમ કહે છે કે વિકાર ને નિમિત્તની રુચિ છોડી, ભગવાન આત્માની રુચિ કર-એમ ગુરુના કહેવા મુજબ શ્રદ્ધા કરે તો મુક્તિનો નાથ થાય. પોતે શ્રદ્ધા કરે તો ગુરુને નિમિત્ત કહેવાય, ગુરુ શ્રદ્ધા કરાવી દેતા નથી. સમ્યક્શ્રદ્ધા રાગ, પુણ્ય કે ભોગવાસનાનો આદર કરતી નથી, સંયોગનો આદર કરતી નથી, નિશ્ચયથી સ્વભાવનો આદર કરે છે. એક સમયમાં સ્વભાવ પરિપૂર્ણ છે. શરીર અને રાગમાં લાભ નથી, અંતર ધ્રુવસ્વભાવની સાથે લાભનો સંબંધ છે. નિમિત્ત અને રાગ સાથે લાભનો સંબંધ નથી-એમ સત્યશ્રદ્ધા કરે ને પછી સ્થિરતા કરે તેને કેવળજ્ઞાન જરૂર થાય. શ્રદ્ધા ચોથા ગુણસ્થાને થાય છે. પોતાના સ્વભાવની શ્રદ્ધા થઈ એટલે અંશે આચરણ થયું, તે વિશેષ સ્થિરતા લાવી મુક્તિ પામશે. માટે શ્રદ્ધાથી મુક્તિનો નાથ થાય છે. એમ કહ્યું છે.

હવે ગ્રંથકાર હરખ બતાવે છે. ધર્મી જીવને રાગ છે તેથી ગુરુનો ઉપકાર ગાય છે. ગુરુએ ભવગર્ભમાંથી નીકળવાનો ઉપાય બતાવ્યો. ચોરાશી લાખના અવતારના મધ્યમાં અજ્ઞાની જીવ પડયો હતો તેને શ્રીગુરુએ તાર્યો-એમ કહે છે. આત્મા પોતાની શક્તિના વિશ્વાસે તરશે એવો ઉપાય બતાવ્યો. સિદ્ધપદની શક્તિ આત્મામાં છે, તે પોતે પ્રગટ કરી શકે છે એમ ભાન થયું એટલે ગુરુ પ્રત્યે વિનય લાવી ઉપકાર માને છે. જે પોતાના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન પામે છે તે જીવને શુભરાગ વખતે ગુરુનું બહુમાન આવ્યા વિના રહેતું નથી.

આત્મા ચિદાનંદ જ્ઞાયક છે, તેના આશ્રયે જન્મ-મરણનો અંત આવે છે. વ્યવહાર કરવાથી જન્મ-મરણનો અંત આવતો નથી. આમ ગુરુના કહેવાનો આશય પકડયો તો ગુરુને નિમિત્ત કહેવાય. આત્માની પર્યાયમાં થતા રાગની જેને પ્રીતિ છે તેને આત્માની પવિત્રતાની પ્રીતિ નથી. આત્માની પ્રીતિમાં પુણ્યની ને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિમિત્તની પ્રીતિ છૂટી જાય છે. પુણ્યની પ્રીતિવાળાને ધ્રુવસ્વભાવની પ્રીતિ નથી. આમ યથાર્થ જાણી શ્રીગુરુની વચનપ્રતીતિથી પાર થવું.

ધર્મી જીવને ભાન થયું એટલે રાગની દિશા બદલે છે. પ્રથમ નિશ્ચય સ્થાપીને હવે વ્યવહારની વાત કરે છે. ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને રાગ આવે છે પણ દિશા બદલે છે. પ્રથમ કમાવા વગેરેનો તીવ્ર અશુભ ભાવ થતો હતો, મિત્ર પુત્ર, ભાર્યા, ધન, શરીર વગેરે પર તરફ તથા પાંચ ઇન્દ્રિયોના વિષયો તરફ વલણ હતું. દીકરાનાં લગ્નમાં, મકાનાદિ બનાવવામાં, મિત્રના જલસામાં રાગ હતો તે પાપરાગ હતો, તેની બદલીમાં હવે પોતાના સ્વભાવ પ્રત્યે રુચિ કરે, વિષયોમાં અનુરાગ કરતો તેની રુચિ બદલાવી પોતાના સ્વભાવમાં પ્રીતિ કરે, પંચ પરમગુરુમાં રાગ કરે તે બધો શુભરાગ છે. અંતર્દષ્ટિમાં શુભરાગને પણ જ્ઞાની હેય માને છે. સ્વભાવમાં લીનતા ન હોય ત્યારે રાગ આવે છે; તે વખતે અશુભ રાગ ઘટીને શુભરાગ આવે છે. અહીં "શુભરાગ કરે" એમ કહ્યું છે તે નિમિત્તનું કથન છે. સાધક જીવને શુભ રાગ આવે છે, પણ તેને તે મુક્તિનું કારણ માનતો નથી. સ્વભાવની શ્રદ્ધા ને લીનતાથી મુક્તિ થાય છે.

અજ્ઞાનીને પાંચ ગુરુ પ્રત્યે ખરેખર પ્રીતિ નથી. ગુરુ એમ કહે છે કે સ્વાશ્રય વડે અંતર્સ્વભાવની દઢતા કરો પણ અજ્ઞાની તેમ કરતો નથી. ગુરુ કહે છે કે અમે આત્માનો અનુભવ કરતાં કરતાં ગુરુ થયા છીએ-એમ ગુરુના કહેવા મુજબ પોતાના આત્માની શ્રદ્ધા કરે છે તેવા ધર્મીને ગુરુ પ્રત્યે બહુમાન ને રાગ છે, પણ અજ્ઞાનીને ગુરુ પ્રત્યે ખરેખર રાગ છે જ નહિ. જ્ઞાનીને મોક્ષ અતિ સુગમ થાય.

જેમ સંધ્યાની લાલાશ સૂર્ય અસ્તતાનું કારણ છે તથા પ્રભાતની લાલાશ સૂર્ય ઊગવાની તૈયારી બતાવે છે, તેમ અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે મુનિ-એ પાંચ ગુરુ પ્રત્યે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

ભેદજ્ઞાન સહિત રાગ નથી તેને કેવળ શરીર, ધન વગેરેનો રાગ છે જે કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે. રાગ ખરેખર કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ નથી પણ રાગ સાથે રહેલી ઊંધી શ્રદ્ધા કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે.

ધર્મી જીવને બૈરાં-છોકરાં કરતાં વિશેષ અનુરાગ પંચપરમેષ્ઠી ઉપર આવ્યા વિના રહેતો નથી. કોઈ કુદેવાદિની શ્રદ્ધા છોડીને સુદેવાદિની શ્રદ્ધા કરે, પણ જો સ્વભાવની શ્રદ્ધા ન કરે તો તેણે નિમિત્ત પલટયું એમ પણ ખરેખર કહેવાતું નથી. નિમિત્ત, સંયોગ અને રાગની રુચિ છૂટી છે ને સ્વભાવની રુચિ થઈ છે એવા ધર્મી જીવને ઉપાદાન પલટી ગયું છે તેથી ખરેખર તેને નિમિત્ત પલટી ગયું એમ કહેવાય છે.

સ્વભાવની પ્રીતિ નથી એવા મિથ્યાદષ્ટિ જીવને કુટુંબાદિ પ્રત્યેનો અશુભ રાગ ચૈતન્યસૂર્યને હીણો કરી દેશે. મિથ્યાબુદ્ધિ જ ચૈતન્યસૂર્યના અસ્તપણાનું કારણ છે, તેથી તેના અશુભ રાગને ચૈતન્યસૂર્યના અસ્તપણાનું કારણ કહેવાય છે. જેને આત્માની શ્રદ્ધા થઈ હોય તેને પંચ પરમેષ્ઠી પ્રત્યે શુભ રાગ આવ્યા વિના રહે નહિ. જેને સ્વભાવનું ભાન નથી એવા મિથ્યાદષ્ટિનો અશુભરાગ કેવળજ્ઞાનની અસ્તતાનું કારણ છે.

ધર્મીજીવને પંચ પરમગુરુ પ્રત્યે રાગ આવે છે. અશુભ રાગ ઘટી ગયો છે ને શુભ રાગ આવે છે, તે શુભ રાગનો પણ અભાવ કરીને વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટાવશે. અધૂરી દશામાં શુભ રાગ આવે તે જાુદી વાત છે, પણ શુભ રાગથી ધર્મ માને તે મિથ્યાદષ્ટિ છે. ધર્મી જીવ દષ્ટિમાં શુભ રાગને પણ હેય માને ને છે જ્ઞાનાનંદસ્વભાવને ઉપાદેય માને છે, તેથી તેમાં લીનતા થતાં રાગનો અભાવ થઈ કેવળજ્ઞાનસૂર્ય ઊગશે.

જેને આત્માના સ્વભાવનો આદર છે તેને રાગનો જરાય આદર નથી, તેથી ધર્માત્માના પંચ પરમગુરુ પ્રત્યેના શુભ રાગને કેવળજ્ઞાનના ઉદયનું કારણ કહેલ છે.

હવે અર્થ, કામ, ધર્મ ને મોક્ષની વાત કરે છે.

(૧) અર્થ એટલે લક્ષ્મી. ધર્મી જીવને લક્ષ્મી અર્થરૂપ ભાસતી નથી પણ તેને અનંત અનર્થનું નિમિત્તકારણ માને છે, માટે લક્ષ્મી કાંઈ પણ કામની નથી. લક્ષ્મીથી સુખ મળશે તેમ મિથ્યાદૃષ્ટિ માને છે. આત્માના સ્વભાવની ૠદ્ધિની રુચિ થઈ છે તે વિચારે છે કે પૈસા અનર્થનું નિમિત્ત છે, તેનું કાંઈ પ્રયોજન નથી. પૈસાથી નિવૃત્તિ મળતી નથી પણ પૈસા ઉપરની વૃત્તિ અનર્થનું કારણ છે. ધર્મી જીવ પુણ્ય ને પુણ્યના ફળમાં પ્રીતિ કરતો નથી, અમે તો શુદ્ધ આનંદસ્વરૂપ છીએ એમ તે માને છે. બીજા આત્મા પોતાની અપેક્ષાએ અનાત્મા છે, સિદ્ધ પણ પોતાની અપેક્ષાએ અનાત્મા છે. બધા સંયોગો પર છે, જેટલો રાગ થાય છે તે નુકશાન છે, સ્વભાવમાં લીન થવું તે કલ્યાણકારી છે.

ધર્મી જીવ વિચારે છે કે લક્ષ્મી અનર્થનું કારણ છે. અર્થ તો મારી ચૈતન્યલક્ષ્મી છે. પરમાર્થને સાધે તે મારી લક્ષ્મી છે. નિર્ધનતા અવગુણ નથી, સધનતા ગુણ નથી. નિર્ધનતા કે સધનતા પાપ-પુણ્યના ખેલ છે, પરમાર્થને સાધે એવો આત્મા ખરેખર અર્થ છે. આ અર્થપુરુષાર્થની વાત કરી.

(૨) હવે કામની વાત કરે છે. ઇન્દ્રિયોના વિષયોની કામનાથી શું કામ? ચિદાનંદ આત્માનું કાર્ય કરવું તે ખરું કામ છે. હું અનાકુળ શાંતસ્વરૂપ છું; એ જ મારું કામ છે, એ જ મારું ધ્યેય છે, તે જ ભલા કાર્યને સુધારે, તે નિજ ભાવના છે.

*

# મહા વદ ૧૦, સોમ ૯-૨-૫૩
## પ્ર. -૬૪

**ધર્મ**, અર્થ, કામ ને મોક્ષની વ્યાખ્યા કરે છે.

(૨) પાંચ ઇન્દ્રિયોના વિષયથી શું કામ છે? પોતે સચ્ચિદાનંદ પ્રભુ છે એવી શુદ્ધિની ભાવનાથી કામને સુધારે. પર પદાર્થથી આત્મામાં સુધારો થતો નથી, કોઈ પદાર્થ કોઈને સુધારતો નથી. હું ચિદાનંદ છું, અધિકારી છું-એવી અંતર્‌ભાવના કરવી તે કામ છે, એ જ ધર્મ ને મોક્ષમાર્ગ છે.

(૩) **ધર્મ:-** સર્વજ્ઞની વાણીમાં સર્વ પદાર્થોની સ્વતંત્રતાની વાત આવી છે, તેથી વિરુદ્ધ કહે તે મિથ્યાત્વ છે. શુભથી ધર્મ મનાવે તે મિથ્યાત્વ છે. આત્મા સાક્ષીસ્વરૂપ છે, એની શ્રદ્ધા ને લીનતાથી ધર્મ થાય છે. તેને બદલે વિકારથી ધર્મ મનાવે તે અધર્મ છે. પરથી દયાથી અથવા પરની સેવાથી પરમાર્થરૂપ ધર્મ માને તે મિથ્યાધર્મ છે. પરની સેવા કરી શકું છું એ મિથ્યાભાવ છે. મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર બંધનું કારણ છે. પરની પર્યાય પોતાને આધીન નથી, પરનાં જીવન-મરણ તે તે જીવને આધીન છે, પણ પરની અવસ્થા મારાથી થઈ ને મારી અવસ્થા પરથી થઈ એમ માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. આત્માના આશ્રયે થતી અવિકારી દશા તે ધર્મ છે, બહારથી ધર્મ આવતો નથી. પરના આશીર્વાદથી ધર્મ થાય એમ અજ્ઞાની માને છે. પરની અવસ્થા તે તે પદાર્થથી પલટે છે, આ જીવથી તે પલટતી નથી. દરેક પદાર્થમાં નવી પર્યાયનો ઉત્પાદ, જૂની પર્યાયનો વ્યય ને ગુણોનું ધ્રુવપણું રહેલું છે-આમ સમજવું જોઈએ.

જે મિથ્યારૂપ ધર્મ અનંત સંસાર કરે તે શાનો ધર્મ? સર્વજ્ઞ ભગવાને છ દ્રવ્યો કહ્યાં છે. જે શુભરાગ આવે છે તે પુણ્ય છે, તેમાં દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે. રાગરહિત, નિમિત્તરહિત આત્માની શ્રદ્ધા કરવી તે ધર્મ છે. પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પરપદાર્થ નથી, ને પરપદાર્થનાં ચતુષ્ટયમાં આત્માનાં ચતુષ્ટય નથી. આત્મા જ્ઞાતા છે, પોતે જ્ઞાનસ્વરૂપ છે, તેની અખંડ રુચિ કરવી, જ્ઞાન કરવું, લીનતા કરવી તે ધર્મ છે. વ્યવહારરત્નત્રય રહિત શુદ્ધોપયોગરૂપી લીનતા તે સાક્ષાત્ નિજધર્મ છે, તેનું નિમિત્તકારણ વ્યવહારરત્નત્રય છે. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતાદિના પરિણામ તે નિમિત્તમાત્ર કારણ છે પણ વ્યવહારથી નિશ્ચય થાય છે એવો એનો અર્થ નથી. પોતે નિશ્ચય પ્રગટ કરે તો વ્યવહારને નિમિત્ત કહેવાય.

સર્વજ્ઞના દિવ્યધ્વનિ અનુસાર ષટ્ખંડ આગમ રચાયેલાં છે. ભાષાનો કર્તા આત્મા નથી. ભગવાનને અક્રમ વાણી છે. સર્વજ્ઞને અભેદ એકરૂપ દશા થઈ છે, તેથી નિમિત્તરૂપે અક્રમ અનક્ષરી વાણી છે. નીચલી દશામાં રાગ ને ભેદદશા છે, તેથી નિમિત્તરૂપે ક્રમવાળી વાણી હોય છે. ભગવાનને વાણી કાઢવાનો વિકલ્પ નથી, વાણી સહજ નીકળે છે. વાણીમાં એમ આવેલ છે કે આત્મા શક્તિવાન છે, આત્મામાં સર્વજ્ઞપદ ભરેલું છે, સર્વજ્ઞપદ શરીરમાંથી, રાગમાંથી કે અલ્પજ્ઞ પર્યાયમાંથી આવતું નથી, અંતર એકરૂપ સર્વજ્ઞસ્વભાવ પડેલો છે તેમાંથી સર્વજ્ઞપણું આવે છે.

૧. વજ્રકાય નિમિત્ત છે, તે જડ છે. તેમાંથી સર્વજ્ઞપદ આવતું નથી,

૨. વર્તમાન રાગ ઉપાધિ છે, તેમાંથી સર્વજ્ઞપદ આવતું નથી,

૩. ક્ષયોપશમપર્યાય અધૂરી છે. તેમાંથી સર્વજ્ઞપદ આવતું નથી,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૪. અંતર્સ્વભાવ સર્વજ્ઞતાથી ભરેલો છે, તેમાંથી સર્વજ્ઞતા પ્રગટે છે.

આ સિવાય અન્ય કહે તે સર્વજ્ઞથી વિરુદ્ધ છે.

**પ્રશ્નઃ-** કોઈ કોઈનો ઉપકાર કરતો નથી તો પછી સર્વજ્ઞથી શો ફાયદો ?

**સમાધાનઃ-** જેના ઉપાદાનની યોગ્યતા હોય તેને વાણી નિમિત્ત કહેવાય. નિયમ એક જ હોવો જોઈએ. જો ભગવાનની વાણીથી લાભ હોય તો સમવસરણમાં બધાને ધર્મ થવો જોઈએ પણ બધા ધર્મ સમજતા નથી. જે ઉપાદાન પોતે આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન ને લીનતા પ્રગટ કરે છે તેને વાણી નિમિત્ત કહેવાય છે. ઉપાદાન વિના નિમિત્ત કોનું ? નૈમિત્તિક પર્યાય પ્રગટ કરે છે તે વખતે જે તેને અનુકૂળ પદાર્થ ઉપસ્થિત છે તેના પર નિમિત્તનો આરોપ આવે છે. વાણીથી લાભ હોય તો બધા શ્રવણ કરનારને સરખો લાભ થવો જોઈએ. સર્વજ્ઞની વાણીમાં અખંડ ધારા આવે છે તે બાર અંગનું રહસ્ય લેતી આવે છે. જો વાણીથી જ્ઞાન હોય તો બધાને બાર અંગનું જ્ઞાન થવું જોઈએ-પણ એમ બનતું નથી. જેવું કાર્ય થાય છે તેવો તે નિમિત્ત ઉપર આરોપ આવે છે. સભાના જીવોને પોતાની યોગ્યતા મુજબ જ્ઞાનની વિશેષ દશા થાય છે. પોતે સામાન્ય ઉપર દૃષ્ટિ કરે તો જ્ઞાનનું વિશેષ પરિણમન થાય. ભગવાન ઉપરનું પણ લક્ષ છોડે તો સમ્યગ્દર્શન થાય છે.

પ્રથમ ભગવાનની વાણી સાંભળવાનો વિકલ્પ આવે છે પણ વિકલ્પ છોડી અંતરમાં અનુભવ કરવો તે ધર્મ છે. સર્વજ્ઞ દેવ, નિર્ગ્રંથ ગુરુ ને અનેકાંત બતાવનારી યથાર્થ વાણીને પ્રથમ માનવાં જોઈએ. વિકાર વિકારથી છે ને ધર્મથી નથી. ઉપાદાન ઉપાદાનથી છે ને નિમિત્તથી નથી-એમ અનેકાંત ધર્મ વસ્તુમાં નક્કી કરવો જોઈએ. પ્રથમ તો જ્ઞાની પાસે રુચિપૂર્વક વાત સાંભળવી જોઈએ. સાંભળતી વખતે જે શુભ રાગ થાય છે તે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચારિત્રગુણની વિપરીત પર્યાય છે, તેનાથી સમ્યગ્દર્શનની નિર્વિકારી પર્યાય પ્રગટે તેમ કદી બને નહિ. પ્રભુત્વશક્તિ અંદર પડી છે તેની પ્રતીતિ ને લીનતા કરવાથી પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે એમ દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે. જે વિકલ્પ આવે છે તેનું લક્ષ છોડી પ્રતીતિ ને લીનતા કરે તો પૂર્વના રાગને ભૂત નૈગમ નયથી કારણ કહેલ છે. ખરેખર કારણ તો શુદ્ધ સ્વભાવ છે. મુનિને ૨૮ મૂળગુણ પાલનનો શુભ રાગ આવે છે તે વખતે આત્માના અવલંબને જેટલી વીતરાગી દશા પ્રગટી છે તે નિશ્ચય છે, તે જ વખતે વર્તતો શુભ રાગ વર્તમાનમાં નિમિત્તકારણ અથવા વ્યવહાર છે. આ પ્રમાણે ધર્મની વાત કરી. આમાં ધર્મનો પુરુષાર્થ બતાવ્યો.

પોતાના આત્માની સાચી શ્રદ્ધા કરે તે સાચો અર્થ છે, તે સાચો પુરુષાર્થ છે. રાગના પુરુષાર્થમાં અપૂર્વતા નથી, શુભ-અશુભભાવમાં ધર્મ નથી. પુણ્ય-પાપની રુચિ છોડી આત્માનો પુરુષાર્થ કરે તે કામનો છે.

(૪) **મોક્ષ:-** કેટલાક લોકો કહે છે કે મોક્ષ થયા પછી જીવ ફરી સંસારમાં આવે છે પણ તે વાત ખોટી છે. સમ્યગ્દષ્ટિ જીવને રાગની રુચિ નથી, કર્મ બાંધવાની રુચિ નથી. એવી દષ્ટિવાળાને પણ સ્વભાવની બહાર નીકળવાની ભાવના નથી, તો પછી જેને પૂર્ણ નિર્મળ દશા-મોક્ષ પ્રગટેલ છે તે સંસારમાં ફરી અવતરે તેમ કદી બને નહિ.

જ્યારે જ્યારે સત્ સમજવાની લાયકાતવાળા જીવો હોય ત્યારે કોઈ જીવ ઉન્નતિક્રમે ચઢતો ચઢતો તીર્થંકરપદ પામી અવતરે છે, પોતાના સ્વભાવનું સાધન કરતો પોતાના કારણે અવતરે છે ને જેને ધર્મ સમજવાની લાયકાત છે તેને ભગવાન નિમિત્ત કહેવાય છે.

"મોક્ષ કહ્યો નિજશુદ્ધતા," પોતાની પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે. સ્વભાવ ત્રિકાળ પરિપૂર્ણ છે, તેનું અવલંબન લઈ પૂર્ણદશા

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રગટ કરે તે મોક્ષ છે. માખણમાંથી ઘી થાય પણ ઘીમાંથી માખણ ન થાય. સંસારનો નાશ થઈ મોક્ષદશા થાય છે પણ મોક્ષદશા થયા પછી સંસારનો ઉત્પાદ થતો નથી.

શ્રી પ્રવચનસારમાં કહ્યું છે કે જે ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધતા વ્યક્ત કરે છે તેનો ઉત્પાદ વ્યયરહિત છે એટલે કે મોક્ષનો નાશ થઈ હવે કદી સંસાર થશે જ નહિ. તથા સંસારનો ભંગ ઉત્પાદરહિત છે એટલે કે તેનો સંસાર નાશ થયો તે સંસારનો ઉત્પાદ થાય તેમ કદી બને નહિ. કેવળજ્ઞાન અથવા સિદ્ધપર્યાય એક સમય રહે છે, તે ગુણ નથી પણ પર્યાય છે. તેનો ઉત્પાદ-વ્યય થાય છે પણ કેવળજ્ઞાન અથવા સિદ્ધદશા સદશપણે રહે છે. તેનો વ્યય થઈને સંસાર થતો નથી. એ અપેક્ષાએ આ વાત કરી છે.

મર્યાદા-મહોત્સવ આને કહે છે દરેક દ્રવ્ય પોતાના ચતુષ્ટયમાં ટકે છે, પરમાં ટકતો નથી. પોતાના દ્રવ્યમાં રહીને લીનતા કરવી તે મર્યાદા-મહોત્સવ છે.

કર્મ કર્મમાં વર્તે છે, વિકાર વિકારમાં વર્તે છે. જેને વિકારની રુચિ છૂટી છે તેને કર્મની રુચિ છૂટી જાય છે. સ્વભાવની રુચિ ને પૂર્ણ લીનતા કરી મોક્ષદશા પામે તે ફરી કર્મ બાંધે નહિ. આ પ્રમાણે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ બરાબર વિચારવા. લક્ષ્મી હિતકર નથી, પાંચ ઇન્દ્રિયોના વિષયો કામના નથી, પુણ્ય તે ધર્મ નથી, ને પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે.

આમ વિચારવું કે જેમ દીપકને મંદિરમાં ધરવાથી પ્રકાશ થાય તો સર્વ સૂઝે, તેમ સમ્યક્જ્ઞાનના પ્રકાશથી સર્વ સૂઝે. પોતાના દ્રવ્યની તથા નિમિત્તની સૂઝ પડે. ચોથા ગુણસ્થાનવાળા જ્ઞાનીને પણ પ્રયોજનભૂત વાતમાં ભૂલ ન પડે. તેના જ્ઞાનમાં વિપરીતતા આવતી નથી. કોઈ જ્ઞાનીને જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય તોપણ વિપરીતતા નથી. સાત તત્ત્વને પૃથક્ માને છે. કર્મથી વિકાર માને અથવા આસ્રવથી ધર્મ માને તે અજ્ઞાની છે. કર્મ અજીવ છે, પુણ્ય-પાપ આસ્રવ છે, દ્રવ્યકર્મથી ભાવકર્મ અને ભાવકર્મથી દ્રવ્યકર્મ એમ ખરેખર માને તો સાત તત્ત્વ રહેતાં નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્વભાવના આશ્રયે જે શુદ્ધ પર્યાય પ્રગટે છે તે સંવર-નિર્જરા છે, મોક્ષ પૂર્ણ નિર્મળ પર્યાય છે. વગેરે પ્રકારે સાતે તત્ત્વોમાં જ્ઞાનીને વિપરીતતા આવતી નથી. દ્રવ્યસંવર, દ્રવ્યઆસ્રવ, દ્રવ્યબંધ, દ્રવ્યપુણ્યપાપ વગેરે અજીવમાં આવી જાય છે. આમ સાત તત્ત્વોને યથાર્થ જાણવાં જોઈએ.

કેવી રીતે જ્ઞાન વડે વિચારે?

ધર્મી જીવ વિચારે છે કે હું ચેતન છું, હું જ્ઞાતાદ્રષ્ટા છું, દષ્ટિદ્વારા વડે દેખવું તે મારો સ્વભાવ છે, રાગથી દેખવું તે મારો સ્વભાવ નથી. આંખથી જીવ જોતો નથી, આંખઅજીવ છે. તેનું વર્તમાન તે પદાર્થથી છે. આત્માથી આંખની ક્રિયા થતી નથી. હું તો મારા દર્શન દ્વારા દેખું છું, આંખથી નહિ, રાગથી નહિ, ઇંદ્રિયથી નહિ.

ભગવાન આત્મા કોઈ લિંગથી ગ્રહણ થાય એવો નથી. આત્મા ઇન્દ્રિયોથી પરને જાણતો નથી તેમ જ ઇંદ્રિયોથી પોતાને જાણતો નથી. પોતાનાં છ કારકો-કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ પોતામાં છે. પોતાની પર્યાયનો કર્તા પોતે છે, પર્યાયરૂપી કાર્ય પોતાનું છે, સાધન પોતાનું છે, પોતાની નિર્મળતાનું પોતાને સંપ્રદાન કરે છે, પોતે કાયમ રહીને પોતામાંથી પર્યાય પ્રગટે છે. પોતાના આધારે શુદ્ધતા પ્રગટે છે. નિમિત્તના આધારે હું કાર્ય કરો નથી, મારા આધારે હું કાર્ય કરું છું એમ જ્ઞાની વિચારે છે. આમ છ કારકો પોતામાં છે. એમ સમજી આત્માની શ્રદ્ધા કરે તેને ધર્મ થાય છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મહા વદ ૧૧, મંગળ ૧૦-૨-૫૩

## પ્ર. -૬૫

**જે**ને ધર્મ કરવો હોય તેણે શું કરવું? ધર્મ કહો, શાંતિ કહો, અહિંસા કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, બધું એક જ છે. આત્મા જ્ઞાનાનંદસ્વરૂપી છે, અનંત શક્તિનો ભંડાર છે તેની રુચિ કરવી તે ધર્મ છે. દેહ, મન વાણીની ક્રિયા જડથી થાય છે, આત્માથી થતી નથી. કોઈ પણ પદાર્થ પલટન વિનાનો ન હોય. પર પદાર્થનું આત્મા કાંઈ કરી શકતો નથી. સમ્યગ્દ્રષ્ટિ બધા પદાર્થોનો જ્ઞાતા છે. પર ચીજો આત્માને સહાય કરે તેવું તે ચીજોમાં નથી ને આત્મા પરને સહાય કરે એવો આત્માનો સ્વભાવ નથી.

કેવી રીતે જ્ઞાન વડે વિચાર? શરીરમાં આત્મા છે તે દૃષ્ટિદ્વાર વડે દેખે છે. શરીર અને ઇંદ્રિયોથી આત્મા દેખતો નથી, પોતાના સ્વભાવથી દેખે છે. આત્મા શરીરનું કાંઈ કરતો નથી. પરની હિંસા કે અહિંસા કરી શકતો નથી. પોતાની પર્યાયમાં તીવ્ર રાગ, મંદ રાગ, અથવા રાગનો અભાવ કરી શકે છે. તીવ્ર રાગ પાપ છે, મંદ રાગ પુણ્યભાવ છે. દરેક પદાર્થ સત્ છે, તેની પર્યાય તેના કારણે થાય છે. દરેક પદાર્થ દ્રવ્યત્વગુણના કારણે દ્રવે છે-પ્રવહે છે, તેનું પરિણમન તેનાથી થાય છે. પરનું આત્મા કરી શકતો નથી, પરનું આત્મા કરે છે એમ કહેવું તે વ્યવહારમાત્ર છે. ઘીના સંયોગે માટીના ઘડાને ઘીનો ઘડો કહેવાય છે; તેમ પર્યાય પોતાના દ્રવ્યના કારણે થાય છે, ત્યારે પર વસ્તુના કારણે થાય છે એમ વ્યવહારે કહેવાય છે.

જો જીવની ઈચ્છાથી પરમાં કામ થતું હોય તો પોતાના વહાલા સ્ત્રી-પુત્રને કેમ મરવા દે છે? પરમાં કાંઈ બની શકતું

નથી. પૂર્વ પર્યાયનો વ્યય, નવી પર્યાયનો ઉત્પાદ ને ગુણરૂપે ધ્રુવ-દરેક પદાર્થમાં થઈ રહેલ છે. અજ્ઞાની જૂઠું અભિમાન કરે છે. વ્યવહારે તો હું પરનો કર્તા છું એવું મિથ્યાત્સવશલ્ય અજ્ઞાનીને હોય છે. પર પદાર્થની પર્યાય આત્મા કરી શકતો હોય તો તે પદાર્થના ગુણના વર્તમાને શું કર્યું? પરનાં જીવન-મરણ અથવા સુખ-દુઃખ કરવાની તાકાત જીવમાં નથી, જીવનો અશુભભાવ પોતાની મર્યાદામાં રહે છે, પણ પરમાં કામ કરતો નથી. એક સમયમાં ઉત્પાદ, વ્યય, ધ્રુવ, -ત્રણે અંશો દરેક પદાર્થમાં સ્વતંત્ર રહેલા છે.

જ્ઞાની સમજે છે કે પરની પર્યાય પરના કારણે થાય છે ને પર્યાયમાં રાગ થાય છે તે પણ અપરાધ છે. તેનો પણ ખરેખર કર્તા નથી, આત્મા જ્ઞાનનો કર્તા છે. આમ સમજે તો ધર્મ થાય.

આત્મા દષ્ટિદ્વાર વડે દેખે છે. અજ્ઞાનીને ભ્રમ પડે છે કે આંખરૂપી છિદ્ર દ્વારા દેખે છે. આ શરીર છિદ્ર કે તડ વિનાનું છે. સંઘાત નામકર્મની પ્રકૃતિના નિમિત્તે શરીર અખંડ દળ છે, તેમાં તડ નથી. આત્માની આડે અખંડ શરીર હોવા છતાં તે પોતાના દષ્ટિદ્વાર વડે દેખે છે. આત્મા ઇંદ્રિય વડે દેખતો નથી. ઇંદ્રિય અને આત્મા વચ્ચે અત્યંત અભાવ છે. આત્મા સ્વયંસિદ્ધ છે. જેની આવી દષ્ટિ થઈ છે તેવો ધર્મી કહે છે કે હું દષ્ટિદ્વાર વડે દેખું છું, જ્ઞાતા જ્ઞાન વડે જાણું છું, પુસ્તકથી નહિ પણ વર્તમાન જ્ઞાનપર્યાયથી જાણું છું. -એવો મારો સ્વભાવ છે. આમ પોતાના ઉપયોગ વડે પોતે દેખે જાણે છે. કર્મથી, શરીરથી કે પુણ્ય-પાપથી મારું ચેતનપણું નથી, મારું ચેતનપણું મારા જાણવા-દેખવાના ઉપયોગથી છે. પરની ક્રિયા પરના કારણે થાય છે, તે પદાર્થ સત્ છે, અનાદિનિધન છે. તેનો કર્તા ત્રિકાળમાં અન્ય કોઈ નથી ને તેની વર્તમાન પર્યાયનો પણ અન્ય કોઈ કર્તા નથી. આત્મા ત્રિકાળ સત્ છે. તેની વર્તમાન પર્યાય રાગની હો કે ગમે તે હો, તે તેના કારણે સત્ છે. આમ ધર્મી જીવ સમજે છે-વિચાર કરે છે. દીકરા-દીકરી સ્વતંત્ર છે; તેનો દેહ ને આત્મા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પોતપોતાની મર્યાદામાં વર્તે છે, કોઈ કોઈની મર્યાદાને અડતા નથી. આત્મા ત્રિકાળ પદાર્થ છે, તેના જ્ઞાન-દર્શનાદિ ગુણો છે. વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. આત્મા પોતાનો ઉપયોગ કરી શકે છે. શુભાશુભ ઉપયોગ કરે તે બંધનું કારણ છે ને શુદ્ધ ઉપયોગ કરે તે અબંધનું અથવા ધર્મનું કારણ છે.

કોઈ કહે કે જડની પર્યાય કરવી પણ અભિમાન ન કરવું. તેને કહે છે કે તે મૂળમાં ભૂલ છે. જડ પદાર્થોનું તેના કારણે ક્ષેત્રાંતર કે અવસ્થાંતર થાય છે, આત્મા તેનો કર્તા-હર્તા નથી, છતાં આત્માને જડ પદાર્થનો કર્તા કહેવો તે આત્માને ગાળ દીધા સમાન છે. તે પદાર્થનાં દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ તો ત્રિકાળ છે, તેનો સ્વકાળ છે કે નહિ? છે, તો તે પર્યાયનો કર્તા તે તે પદાર્થ છે. અજીવ પદાર્થમાં જડભાવ છે, જીવ પદાર્થમાં ચેતનભાવ છે. ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય છે, તેની પહોળાઈ છે તે ક્ષેત્ર છે, તેની વર્તમાન હાલત તે સ્વકાળ છે અને તેની શક્તિઓનો ભાવ કહે છે. પરમાણુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અસ્તિત્વ વગેરે અનંતા ગુણો છે. એક પરમાણુ બીજા પરમાણુને લીધે નથી. શુભ-અશુભ ભાવરૂપી કષાયપરિણતિ તથા શુદ્ધભાવરૂપી અકષાયપરિણતિ જીવમાં છે પણ જડમાં નથી. જડના ભાવ અથવા ગુણો જડમાં છે. તે પદાર્થોના ગુણ કાયમ રહીને સમયે સમયે તેની અવસ્થા તેનાથી જ થાય છે. દરેક પદાર્થમાં છ કારક અનાદિથી છે તેથી પોતે જ કર્તા થઈને કાર્યરૂપ થાય છે.

પોતે પોતાની પર્યાયનો કર્તા છે, પોતે પોતામાં કાર્ય કરે છે, પોતાના સાધનથી કાર્ય કરે છે, પોતાના આધારે કામ કરે છે-વગેરે છ કારકો દરેકમાં છે, એક પદાર્થ બીજા પદાર્થનું કામ કરતો નથી. ધર્મી વિચારે છે કે પરની વિશેષતાથી, સંયોગથી આત્મામાં પ્રભાવ પડતો નથી, વિલક્ષણતા આવતી નથી. દ્રવ્યમંગળ, ક્ષેત્રમંગળ, વગેરે મંગળનું કથન શાસ્ત્રમાં આવે છે. તેનો અર્થ એ છે કે સ્વભાવની રુચિ કરી પવિત્રતા પામે. નિજશુદ્ધાત્માના આશ્રયવડે પુણ્ય-પાપના અહંકારને ગાળે તે મંગળ છે. આમ મંગળ જે ક્ષેત્રે પ્રગટ કરે તે ક્ષેત્રને મંગળપણાનો ઉપચાર આવે છે. શાસ્ત્રકારનો આશય સમજવો જોઈએ.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

સર્વજ્ઞ ત્રણ કાળ-ત્રણ લોકના સર્વ પદાર્થને જાણવાવાળા છે એમ કોણ નિર્ણય કરે છે? અલ્પજ્ઞ પર્યાયના આધારે સર્વજ્ઞનો નિર્ણય થતો નથી, પોતાના સર્વજ્ઞ સ્વભાવના આધારે તે નિર્ણય થાય છે. તેવો નિર્ણય કરનાર કહી શકે કે જે સમયે જે પર્યાય થવાની તે થવાની છે. પરની પર્યાય જે થવાની તે થવાની છે, તે કોના માટે સાચું?

અલ્પજ્ઞતા ને રાગદ્વેષને હેય માની સર્વજ્ઞ સ્વભાવને ઉપાદેય માને ને સ્વભાવ તરફ વળે તેને માટે તે સાચું છે ને તેમાં જ પુરુષાર્થ વધે છે. સર્વજ્ઞની પ્રતીતિ અલ્પજ્ઞતાના આધારે થાય છે? ના; સર્વજ્ઞસ્વભાવના આધારે સર્વજ્ઞ થઈ શકાય છે એમ નિર્ણય કરનાર કહી શકે છે કે દરેક પદાર્થ વ્યવસ્થિત છે, કોઈ પણ પદાર્થ અવ્યવસ્થિત નથી. પદાર્થ નિશ્ચિત છે તેનો નિર્ણય કોણે કર્યો? જગતમાં સર્વજ્ઞ છે તેનો નિર્ણય કેવી રીતે કર્યો? અલ્પજ્ઞતા ને રાગદ્વેષને હેય માની, સ્વભાવ ઉપાદેય છે એમ નિર્ણય કરે તો અલ્પજ્ઞતા ઘટી ઘટીને સર્વજ્ઞતા થાય છે, આમ વસ્તુસ્વરૂપ છે.

આત્મા જ્ઞાનસ્વભાવી છે, પણ શરીરસ્વભાવી નથી, રાગદ્વેષસ્વભાવી પણ નથી. રાગદ્વેષ એક સમયના છે, જ્ઞાનદર્શન ત્રિકાળ છે-એમ ગુણીની રુચિ થતાં પર્યાયની રુચિ છૂટી જાય છે.

ધર્મી વિચારે છે કે હું મારા જ્ઞાનદ્વાર વડે જાણું છું, જેવું સત્ય છે તેનું જ સ્વીકારવું તે ધર્મ છે. વિપરીત માનવું તે હિંસા છે. સ્વભાવની દૃષ્ટિ ને એકાગ્રતા કરવી તે અહિંસા છે. પરનો કર્તા-હર્તા માનવો ને રાગાદિમાં એકાગ્રતા કરવી તે હિંસા છે. હિંસા-અહિંસા કાર્ય છે, તે પર્યાયમાં થાય છે, દ્રવ્ય-ગુણમાં નથી. નિમિત્તથી કાર્ય થાય, પુણ્યથી ધર્મ થાય તે માન્યતા હિંસા છે. વર્તમાન પર્યાયમાં રાગદ્વેષ કર્મથી થતા નથી, પોતાની નબળાઈથી થાય છે પણ તે મારું ખરું સ્વરૂપ નથી, હું તો જ્ઞાનસ્વભાવી છું એમ જ્ઞાતાદ્રષ્ટામાં એકાગ્રતા કરવી તે અહિંસા છે.

જડની પર્યાયનું અસ્તિત્વ જડમાં છે, પોતે પોતામાં છે. દેહને

ચલાવવો તે આત્માના હાથની વાત નથી. પોતે દેહનો પણ વ્યવહારે જાણનાર છે. પોતે એવું જાણે કે દેહમાં દેહથી ભિન્ન દેહને દેખવાવાળું મારું ચેતનરૂપ છે. આત્મા જડને ચલાવે તે નિમિત્તનું કથન છે.

तनता, मनता, वचनता, जडता जडसम्मेल।
लघुता गुरुता, गमनता-ये अजीवके खेल।।

જડની પર્યાય જડના કારણે થાય છે, તેમાં આત્મા નિમિત્ત છે. જીવમાં ઈચ્છા થાય છે માટે તેને પ્રેરક કહે છે. નિમિત્તના બે પ્રકાર છે. સ્થિર પદાર્થ નિમિત્ત હોય તેને ઉદાસીન નિમિત્ત કહેવાય છે, ઈચ્છાવાન અથવા ગતિમાન પદાર્થ નિમિત્ત હોય તેને પ્રેરક નિમિત્ત કહે છે આત્મામાં ઈચ્છા છે માટે આત્માને પ્રેરક નિમિત્ત કહે છે પણ આત્મા પ્રેરણા કરીને શરીરને ચલાવે છે-એમ તેનો અર્થ નથી. બધાં દ્રવ્યો અસહાય છે, કોઈ દ્રવ્ય કોઈનું પ્રેરક નથી. ઉદાસીન અને પ્રેરક એ તો નિમિત્તના બે ભેદ છે. અજ્ઞાની કહે છે કે અમે પ્રેરક નિમિત્ત છીએ તો કામ થાય છે ને? પણ તે વાત ખોટી છે.

શ્રી સમયસાર-નાટક પૃ. ૩૫૧ માં કહ્યું છેઃ-

कोऊ शिष्य कहै स्वामी राग दोष परिनाम,
ताको मूल प्रेरक कहहु तुम कौन है।
पुग्गल करम जोग किंधौ इंद्रिनिकौ भोग,
किंधौ धन किंधौ परिजन किंधौ मौन है।
गुरु कहै छहौ दर्व अपने अपने रूप,
सबनिकौ सदा असहाई परिनौन है।
कोऊ दरब काहूकौ न प्रेरक कदापि तातै,
राग दोष मोह मृषा मदिरा अचौन है।।६२।।

કર્મ જડ છે, કર્મથી વિકાર થતો નથી. પોતાથી વિકાર થાય છે તો કર્મને નિમિત્ત કહેવાય છે. જીવો પોતાની દ્રષ્ટિથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વાંચે છે, લોકો કહે છે કે પરનો ખરેખર પ્રભાવ પડે છે, પણ તે ભૂલ છે. કારણ કે પર-પર્યાયનો આત્મામાં પ્રવેશ નથી.

અહીં આત્માનું નિમિત્તપણું બતાવવું છે. ચેતન પ્રેરક છે, અચેતન દેખતું-જાણતું નથી. અજીવને પોતાની ખબર નથી, તેને જીવ જાણે છે; છતાં અજીવની પર્યાય જીવથી થઈ માનવી અથવા જીવની પર્યાય અજીવની થઈ માનવી તે ભૂલ છે. અજીવથી જીવમાં કાર્ય માને તો સાત તત્ત્વો ભિન્ન રહેતાં નથી. જડ અનુપયોગી છે તે પ્રસિદ્ધ છે. મરતી વખતે જીવ ચાલ્યો જાય છે ત્યારે શરીર કાંઈ જાણતું નથી, જાણવાવાળો જીવ ચાલ્યો ગયો છે. જ્ઞાન આત્માની ચીજ છે. જડની પર્યાયને જ્ઞાન નથી છતાં અજ્ઞાની અભિમાન કરે છે.

ગમન કરવું તે પુદ્‌ગલનો ધર્મ છે, પુદ્‌ગલનો ખેલ છે. ભાષા થવી, શરીરનું ચાલવું તે પુદ્‌ગલનો ધર્મ છે, આત્માને લીધે તે ચાલતું નથી. શરીર કાંઈ જાણતું નથી. પોતે જાણવા-દેખવાવાળો છે એમ નિર્ણય કરે તો પરનો અહંકાર છૂટે.

જગતના પદાર્થો સ્વતંત્ર છે, પોતાની પરિણતિથી વહી રહ્યા છે. તેને મદદ કરનાર કે રોકનાર કોઈ પણ નથી. પરનું કરી શકું છું એવું અભિમાન મિથ્યાદર્શનશલ્ય અનંતગણું પાપ છે.

જડની પર્યાય જડથી થાય છે, આત્માથી તે થાય છે એમ માનવું તે અભિમાન છે ને તે અભિમાન તત્ત્વજ્ઞાન વડે તજવું એ મોક્ષનું મૂળ છે. અશુદ્ધ પર્યાય તે સંસાર છે, સ્વસન્મુખતારૂપ અધૂરી નિર્મળ પર્યાય તે મોક્ષમાર્ગ છે અને પૂર્ણ શુદ્ધ પર્યાય તે મોક્ષ છે. પરનો અહંકાર છૂટવો અને સ્વની દ્રઢતા થવી તે મોક્ષનું મૂળ છે.

ચરણાનુયોગના કથનમાં શુભની વાત આવે છે, ત્યાં શુભ વિકલ્પનું જ્ઞાન કરાવે છે. શુભભાવ આવે છે પણ શુભભાવથી અચેતનની પર્યાય થતી નથી. તૃણનો એક ટૂકડો કરવાની તાકાત જીવમાં નથી. તે પુદ્‌ગલ છે તે તેના કારણે પુરાય છે ને ગળે છે. અજ્ઞાની માને છે કે મારાથી તેના ટુકડા થાય છે. હાથની પર્યાય તથા ઘાસ-તૃણની પર્યાયને અન્યોન્ય અભાવ છે. હાથથી તૃણનો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કટકા થયા તેવું કથન નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે પણ હાથથી ટુકડા થયા એવો અર્થ નથી.

જીવમાં દ્વેષ થયો માટે શત્રુનો નાશ કરી શકે અથવા રાગ થયો માટે ખોરાક લઈ શકે એમ બનતું નથી. પરનું અભિમાન છોડવું તે મોક્ષનું મૂળ છે. " दंसण मूल धम्मो " વીતરાગી ચારિત્રરૂપી ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. પરની ક્રિયાથી કે રાગથી ધર્મ માને તે મિથ્યાદષ્ટિ છે. એક સમયની પર્યાય વ્યક્ત છે ને શક્તિ અવ્યક્ત છે. શક્તિવાનની શ્રદ્ધા કરવી તે રાગદ્વેષ છૂટવાનું તથા વીતરાગતા થવાનું મૂળ છે.

" દર્શનશુદ્ધિથી જ આત્મસિદ્ધિ થાય છે. " દર્શન એટલે ભગવાનનાં દર્શનથી નહિ પણ પોતાના આત્માના દર્શનથી આત્માની સિદ્ધિ છે.

વળી કહે છે કે શરીર-વાસનાના ત્યાગી થવું, શરીરના કર્તાપણાની વાસના છોડવી. હું છું તો શરીર ચાલે છે એવી મિથ્યાત્વની ગંધ છોડવી. સ્વભાવની ભાવના કરતાં શરીરની વાસના છૂટી જાય છે. શરીરની વાસના છોડવી પડતી નથી. પોતાના સ્વરૂપનો અનુભવ થતાં શરીર-વાસના છૂટી જાય છે. અજ્ઞાની માને છે કે શરીર, મન, વાણી, કર્મ તે જ હું છું. જેનાથી લાભ માન્યો તે પદાર્થ પોતાના માન્યા વિના રહે નહિ. શરીર, મન, વાણી ચૈતન્યની શક્તિથી શૂન્ય છે. રાગદ્વેષમાં ચૈતન્યની વસ્તી નથી, છતાં ઉજ્જડને વસ્તી માને છે. શરીર, મન, વાણી તથા પુણ્ય-પાપથી લાભ માન્યો તે ઉજજડને વસ્તી માને છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ ગુણો ચેતન-વસ્તી છે. પરમાત્મપુરાણમાં આ વાત આવે છે. પોતાની અવ્યક્ત શક્તિ ખ્યાલમાં આવતી નથી, કેવળજ્ઞાન પ્રગટ કરે તેવી તાકાતનો ભરોસો આવતો નથી. તેથી ચેતન-વસ્તીને ઉજ્જડ માને છે.

માટે અચેતનને અચેતન માની, અચેતનનો અહંકાર છોડી પોતે ચૈતન્યસ્વરૂપ છે એવાં શ્રદ્ધા-પાન કરવાં તે ધર્મ છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# મહા વદ ૧૨, બુધ ૧૧-૨-૫૩

## પ્ર. -૬૬

**શ**રીરની ક્રિયા જડથી થાય છે, આત્માથી થતી નથી, તે પ્રથમ જાણવું જોઈએ. વ્યવહારથી પણ આત્મા શરીરને ચલાવી શકતો નથી. શુદ્ધ ચિદાનંદ આત્માની શ્રદ્ધા થયા પછી શુભરાગ આવે તેને જાણવો તે વ્યવહાર છે. શરીરની ખાવા-પીવા આદિની ક્રિયા આત્માથી થાય છે એમ માનવું તે મૂઢતા છે. સારાં આહાર-પાણી મળે તો આત્મા ઉપર પ્રભાવ પડે તે માન્યતા મિથ્યાદષ્ટિની છે. પર પદાર્થનો પ્રભાવ આત્મા ઉપર પડતો નથી. આહાર અને આત્મા વચ્ચે અત્યંત અભાવ છે. જેને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું હોય તેણે શરીર ઉપરનું મારાપણું છોડવું. હું જ્ઞાનાનંદ છું, શરીર તે હું નથી, રાગાદિ મારો સ્વભાવ નથી-એવી દષ્ટિ કરવી તે ધર્મ છે.

અનાદિથી અજ્ઞાની જીવ શરીર, મન વાણીની ક્રિયાને પોતાની માને છે તથા પુણ્યથી લાભ માને છે, તે ઉજ્જડને વસ્તી માને છે. ધર્મીજીવ પુણ્યથી ધર્મ માનતો નથી. સારાં આહાર-પાણી આદિ જડની ક્રિયામાં આત્મા નથી ને વિકારી પરિણામમાં નિર્વિકારી સ્વભાવ નથી, છતાં પરથી ને પુણ્યથી ધર્મ માને તે ઉજ્જડને વસ્તી માને છે. જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણોનો પિંડ આત્મા છે તેને ઉજ્જડ માને છે; એટલે તેની શ્રદ્ધા કરતો નથી.

અનંત કાળથી લોકોએ નિમિત્તને સુધારવાની, પુણ્ય કરવાની વાત સાંભળી છે, પણ શરીર રહિત, રાગ રહિત શુદ્ધ આત્માની વાત સાંભળી નથી. ભગવાનની વાણીનો જે આશય છે તે પકડયો નથી, તેથી તેણે તે વાત સાંભળી નથી. શરીર,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મન, વાણીની રુચિ છોડી, જ્ઞાનાનંદની રુચિ કરે ને અંતર્લીન થાય તો પોતાના અનંત ગુણના નિધાનને ન લુંટાવે. જો રાગ અને નિમિત્તથી ધર્મ માને તો નિધાન લૂંટાવે છે.

લોકો બાહ્યની ક્રિયામાં અટકી ગયા છે, પણ બાહ્યક્રિયામાં ધર્મ નથી. વ્યવહાર પ્રથમ ને નિશ્ચય પછી પ્રગટે એમ માનનારે ચૈતન્યની વાત સાંભળી નથી. રાગથી ચૈતન્યનો સુધારો થાય છે તે મિથ્યાદૃષ્ટિનું કથન છે. અજ્ઞાની ભ્રમમાં પડી ગયો છે. આત્મા જ્ઞાનાનંદ છે એવી દૃષ્ટિ થયા પછી જે શુભ રાગ આવે છે તેને વ્યવહાર કહે છે.

૩૫૦ વર્ષ પહેલાં યશોવિજયજીએ દિગ્પટના ૮૪ બોલ બનાવી, દિગંબરની ભૂલ કાઢી છે કેઃ–

"નિશ્ચય નય પહલે કહૈ પીછે લે વ્યવહાર,
ભાષા ક્રમ જાને નહીં જૈનમાર્ગ કો સાર."

શ્વેતાંબર કહે છે કે ભાષામાં વ્યવહાર પહેલો આવે છે માટે વ્યવહાર પ્રથમ હોવો જોઈએ, પણ તે વાત ખોટી છે. આત્માનું ભાન થયું તે નિશ્ચય છે; તેવું ભાન થયા પછી જે રાગ આવે તે હેય છે–એમ જાણવું તેનું નામ વ્યવહાર છે. આ વસ્તુસ્વરૂપ છે.

શ્વેતાંબર કહે છે કે "તમો ભાષાનો ક્રમ જાણતા નથી. ભાષામાં પહેલો વ્યવહાર આવ્યો માટે વ્યવહાર પહેલો હોવો જોઈએ. ગુરુ શિષ્યને ધર્મ સમજાવે છે, તેમાં શિષ્યને વાણી સાંભળવાનો શુભ રાગ આવે છે, માટે રાગ અથવા વ્યવહાર પ્રથમ હોવો જોઈએ, પછી નિશ્ચય પ્રગટે ને તે જૈનમાર્ગનો સાર છે.' – એમ શ્વેતાંબર કહે છે પણ તે ભૂલ છે. શુભ રાગનો પણ અભાવ કરી, શુદ્ધ આત્માનું ભાન કરે તો સમ્યગ્દર્શન પ્રગટ થાય છે.

આત્મા શુદ્ધ જ્ઞાનાનંદ છે, તેવી દૃષ્ટિ ને લીનતા થવી તે જૈનમાર્ગનો સાર છે. રાગમાં રોકાવું તે જૈનમાર્ગનો સાર નથી.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વળી યશોવિજયજી દિગમ્બરની ટીકા કરતાં કહે છે કેઃ–

"તાતેં સો મિથ્યામતી જૈનક્રિયા પરિહાર,
વ્યવહારી સો સમકિતી કહૈ ભાષ્ય વ્યવહાર."

દિગમ્બરને તેઓ મિથ્યાદૃષ્ટિ કહે છે. "તમો રાગથી ધર્મ માનતા નથી માટે શુભ રાગને તમો ઉડાડો છો" એમ શ્વેતાંબર મતવાળા દલીલ કરે છે, પણ તે વાત ખોટી છે. આત્મા શુદ્ધ ચૈતન્ય છે, એવી દૃષ્ટિ થયા પછી જે શુભ રાગ આવે છે તેને વ્યવહાર કહે છે, અથવા પૂર્વના શુભ રાગનો અભાવ થઈને સમ્યગ્દર્શન થાય છે, માટે ભૂતનૈગમનયથી તેને વ્યવહાર કહે છે. સાંભળવાના રાગથી લાભ નથી ને જે સંભળાવે છે તેને પણ રાગથી લાભ નથી, પણ રાગરહિત શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરે તો સમ્યગ્દર્શન પ્રગટે છે.

વર્તમાનમાં જે દિગમ્બરો વ્યવહાર પ્રથમ જોઈએ એમ કહે છે ને વ્યવહારથી નિશ્ચય પ્રગટશે એમ માને છે તે પણ શ્વેતામ્બર માફક મિથ્યાદૃષ્ટિ છે. વળી તે કહે છે કે "તમોએ રાગરૂપ ક્રિયાને છોડી દીધી કેમકે તમોએ રાગથી લાભ માન્યો નહિ." વળી કહે છે કેઃ–

"વ્યવહારી સો સમકિતી કહે ભાષ્ય વ્યવહાર." "જે વ્યવહારી છે તે સમકિતી છે"– એમ યશોવિજયજી કહે છે, પણ તે વાત ખોટી છે. હું જ્ઞાનાનંદ છું–એવું ભાન થયા પછી લીનતા કરે તેની મુક્તિ થાય છે. શ્રી કુંદકુંદ આચાર્ય કહે છે કેઃ "નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની." ભૂતાર્થ–નિશ્ચયનો આશ્રય કરવાથી જ સમ્યક્ત્વ–જ્ઞાન–ચારિત્રરૂપ ધર્મ પ્રગટે છે, ટકે છે, વધે છે અને પૂર્ણ થાય છે.

શુદ્ધ ચિદાનંદ સ્વભાવના આશ્રયે મુનિવરો નિર્વાણની પ્રાપ્તિ કરે છે. વળી વર્તમાનમાં અજ્ઞાની કહે છે કે સારાં ખાન–પાનની અસર આત્મા ઉપર પડે છે ને શુભ રાગ થાય છે તેથી ધર્મ પ્રગટે છે; પણ તે બન્ને વાત ખોટી છે.

આત્માનું ભાન થયા પછી યથાયોગ્ય આહાર લેવાની વૃત્તિ આવે છે. મુનિને ઉદ્દેશિક આહાર લેવાની વૃત્તિ થવી તે પ્રમાદ છે. તેવો વિકલ્પ મુનિઓ છોડી દે છે. અભક્ષ્ય લેવાની વૃત્તિ જ થતી નથી. પર ચીજનાં ગ્રહણ-ત્યાગ આત્મામાં નથી, જો પરનાં ગ્રહણ-ત્યાગ આત્મામાં હોય તો આત્મા અને પર એક થઈ જાય. માંસ, મદિરા આદિ લેવાનો અશુભ રાગ સમ્યગ્દષ્ટિને કદી પણ આવતો નથી. પર પદાર્થ છોડવાની વાત નથી. જડ પદાર્થને લઈ શકું છું કે છોડી શકું છું એમ માનવું તે મિથ્યાત્વ છે, તેમ જ શુભ રાગથી પરની પર્યાય થાય છે એમ પણ નથી. જે આત્મજ્ઞાન થયા પછી મુનિપણું લે છે તેવા મુનિને ઉદ્દેશિક આહાર લેવાની વૃત્તિ થતી નથી. આત્મા યા તો સ્વભાવની શ્રદ્ધા કરે અથવા શુભ-અશુભ રાગ કરે પણ પરનાં ગ્રહણ-ત્યાગ કરી શકે નહિ.

યશોવિજયજી વળી કહે છે કેઃ- "તમો રાગથી ધર્મ માનો નહિતર તમોએ રાગને છોડી દીધો ગણાશે," પણ તે વાત ખોટી છે, રાગથી ધર્મ છે જ નહિ. વળી વ્યવહારીને સમકિતી કહે છે, તે વાત પણ ખોટી છે. આત્માનું ભાન થયા પછી પણ જે શુભ રાગ આવે તે બંધનું કારણ છે ને ભાન થયા પછી પણ જે શુભ રાગ આવે તે બંધનું કારણ છે ને ભાન થયા પછી સ્વરૂપમાં લીનતા કરવી તે અબંધનું કારણ છે.

"જો નય પહિલે પરિણમે સોઈ કહૈ હિત હોઈ,
નિશ્ચય કયોં ધુરિ પરિણમે સૂક્ષ્મ મતિ કરી જોઈ."

શ્વેતામ્બર કહે છે કે "વ્યવહારને પ્રથમ કહો તો વ્યવહારને માન્યો કહેવાય" પણ એ વાત સાચી નથી. વળી કહે છે કેઃ-

"જો સૂક્ષ્મ મતિથી જુઓ તો નિશ્ચય પહેલાં ન હોય." એમ તે કહે છે પણ તે વાત ખોટી છે.

શ્રી કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, સમન્તભદ્ર આદિ આચાર્ય પ્રથમ નિશ્ચય પ્રગટે ત્યારે શુભ રાગને વ્યવહાર કરે છે. સમયસાર ગાથા ૪૧૩ માં કહે છે કે કષાય મંદતાના પરિણામમાં અનાદિથી જીવ આરૂઢ છે, તેને વ્યવહાર કહેવાતો નથી; કેમકે તેને રાગની રુચિ છે. યશોવિજયજીએ દિગમ્બરની ટીકા કરી કે

પ્રથમ વ્યવહાર જોઈએ, તેમ વર્તમાનમાં દિગંબરો વ્યવહારને પ્રથમ કહે તો તે પણ શ્વેતામ્બરની જેમ મિથ્યાદષ્ટિ છે. શ્વેતામ્બર પંથ વ્યવહારને મુખ્ય કરી તત્ત્વનો વિરોધ કરીને જુદો પડયો છે. પ્રથમ નિશ્ચય હોય તો રાગને વ્યવહાર કહેવાય છે-એમ બધા દિગંબર આચાર્ય કહે છે, પણ વર્તમાનમાં કોઈ કહે કે પ્રથમ વ્યવહાર તો કરવો જોઈએ ને? તો તેમ કહેનારની વાત ખોટી છે.

નિશ્ચય એટલે સત્ય, વ્યવહાર એટલે આરોપ. આત્મા શુદ્ધ ચિદાનંદ છે-એવી દષ્ટિવાળાને વર્તતો શુભ રાગ વ્યવહાર નામ પામે છે-છતાં તે શુભ રાગ તો બંધનું જ કારણ છે. વર્તમાન વર્તતા શુભ રાગને વ્યવહાર કહે છે ને પૂર્વના શુભ રાગને ભૂતનૈગમનયથી વ્યવહાર કહે છે.

હું જ્ઞાનાનંદમય છું, પુણ્ય-પાપ મારા આત્મા માટે બેકાર છે એમ પ્રથમ નિર્ણય થવો જોઈએ. રાગથી ધર્મ માનનાર જીવ મિથ્યાત્વની રુચિના કારણે પોતાના અનંત ગુણધામને લૂંટાવે છે, સ્વભાવની રુચિ અને અવલંબન કરે તે નિજધનનો ધણી બાદશાહ છે, વ્યવહારથી અને પરથી ખરેખર લાભ માને તે ચોર છે.

**પ્રશ્નઃ-** એવું માનતાં તો આત્મા નિષ્ક્રિય બની જશે.

**સમાધાનઃ-** જડની પર્યાય જડથી થાય છે. દરેક પરમાણુ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે. પરની પર્યાયનો આત્મા કર્તા નથી. શ્રી અમૃતચંદ્રાચાર્ય પુરુષાર્થસિદ્ધિઉપાયમાં કહે છે કે આત્મા નિવૃત્તસ્વરૂપ જ છે. પરથી નિષ્ક્રિય છે. દરેક દ્રવ્ય પોતપોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે ને બીજાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નથી, પોતાથી અસ્તિરૂપ છે ને પરથી નાસ્તિરૂપ છે. અજ્ઞાની માને છે કે હું છું તો શરીરની, કુટુંબાદિની વ્યવસ્થા કરી શકું છું-એ જ અજ્ઞાનભાવ છે. પરથી પોતાને ભિન્ન માન્યા પછી વિકારથી રહિત આત્મા છે-એમ ભેદજ્ઞાન કરવું તે સમ્યગ્દર્શન છે. આવા ભાન વિના બધી ક્રિયા અરણ્યરુદન સમાન છે.

જેવી રીતે જ્ઞાન-દર્શન-ચારિત્ર ગુણ છે, તેવી રીતે વીર્ય પણ આત્માનો ગુણ છે. તેનું કાર્ય પોતામાં ઓછાવત્તારૂપે પરિણમવું તે છે, પણ તેનું કાર્ય શરીરમાં કે પરમાં નથી. જો આત્માને પરથી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાસ્તિરૂપે ન માનવામાં આવે તો આત્મા અને પર એકરૂપ થઈ જાય.

**પ્રશ્નઃ-** આવું માને તો બાવા થવું પડે.

**સમાધાનઃ-** ના ભરત ચક્રવર્તીને ઘણો પરિવાર હતો છતાં આત્માનું ભાન હતું, પર પદાર્થોથી આત્મા જુદો છે, એવું ભાન થતાં મિથ્યાત્વથી બાવો થયો. અલ્પ અપરાધ છે તે ચારિત્રનો દોષ છે, પણ દોષરહિત ત્રિકાળી આત્માનું ભાન છે તે ધર્મ છે. વસ્તુદૃષ્ટિ વિના જીવ સ્વધર્મનો ત્યાગી છે. અહીં કહે છે કે જે પોતાના અનંત ગુણોનો ઘણી થાય છે તે શાહુકાર છે. નિમિત્તની કે પરની ક્રિયા પરથી થાય છે, છતાં તે આત્માથી થાય એમ માનવું તે ચોરી છે.

પોતે અમુક પ્રકારનો રાગ કરે તો પરની ક્રિયા થાય એમ કદી બનતું નથી. એમ બને તો પરનો નાશ માન્યો ને પોતે અભિમાન કર્યું. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના જ્ઞાયકભાવને પોતાનું ધન માને છે. મારો સ્વભાવ શુદ્ધ ચિદાનંદ અમૃતકુંડ છે, પુણ્ય-પાપ દોષ છે, -એમ સમજે તે શાહુકાર છે, તેને ચિદાનંદ આત્માની અનુભૂતિ થાય છે. અંતરમાં આનંદનો અનુભવ સિદ્ધના જેવો થાય છે ને અવિનાશી નફો થાય છે. પુણ્ય-પાપપરિણામ આસ્રવ છે, લક્ષ્મી આદિ પર છે, તેમાં નફો-નુકશાન નથી, પર્યાયમાં શુભ-અશુભભાવ થાય તે બન્ને નુકશાન છે. શુભથી ધર્મ થતો નથી. જેમ ઝેર ખાતાં ખાતાં અમૃતનો ઓડકાર આવતો નથી. તેમ રાગ કરતાં કરતાં કદી વીતરાગતા થતી નથી. જ્ઞાનીને શુભ પરિણામ આવે છે પણ તેને નુકશાન માને છે, અજ્ઞાની શુભને લાભદાયક માને છે. અનાદિથી અજ્ઞાનીએ શરીર, મન, વાણીથી લાભ માની પરમાં સ્વપણું માન્યું છે, પરને ગ્રહણ કરતાં પર વસ્તુનો ચોર થયો છે. ધર્મી સમજે છે કે જડની ક્રિયા થાય તે મારા અધિકારની વાત નથી. અજ્ઞાની પરવસ્તુનો ચોર થાય છે, તેથી જન્મ-મરણનાં દુઃખ ભોગવે છે. જગતમાં ચોર દંડ પામે છે. તેમ શરીરાદિ પરને પોતાનાં માને અથવા શરીરની ક્રિયાથી આત્મામાં મદદ માને તે જન્મ-મરણનાં દુઃખ ભોગવે છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# ફાગણ સુદ ૧, શનિ ૧૪-૨-૫૩
## પ્ર. -૬૭

**સં**સારમાં પર વસ્તુનું ગ્રહણ કરતાં જેલમાં જવું પડે છે, તેમ જ્ઞાનાનંદસ્વભાવની નિજ આત્માની દૃષ્ટિ છોડીને વિકાર જેટલો જ હું છું-એમ માનતાં જન્મ-મરણનું દુઃખ ભોગવવું પડે છે. હું શુદ્ધ ચિદાનંદ છું, વિકાર મારું સ્વરૂપ નથી, એમ ભેદજ્ઞાન થાય ને શરીરાદિમાં મારાપણાની પક્કડ છૂટે તો શાહુકાર કહેવાય, નહિતર શાહુકાર કહેવાય જ નહિ. હું શુદ્ધ ચૈતન્યનો સ્વામી છું એવી દૃષ્ટિ થાય તો શાહુકાર થાય ને પરનો સ્વામી થાય તે ચોર થાય. સ્વાશ્રયથી જ લાભ થાય એમ જે શુદ્ધ ચૈતન્યસ્વભાવની દૃષ્ટિ કરતો નથી પણ વિકાર અને સંયોગની દૃષ્ટિ કરે છે તે ચોર છે. જ્યારે પોતામાં વિવેક કરે કે રાગાદિ પરિણામ હું નથી, હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું-એમ ભેદજ્ઞાન કરે તો શાહપદ ધરી સુખી થાય; વીતરાગી પરિણતિ દ્વારા પોતાનું ઘર સ્થિર કરે. પોતાની ચિદાનંદ લક્ષ્મીને માનતો નથી ને પરને પોતાનું માને છે તે પોતાનું ઘર લૂંટાવે છે. શક્તિવાન આત્મા છે તેને ભજવાનું કહે છે. પુણ્ય-પાપમાં આત્માની ખરી શક્તિ નથી. શક્તિવાન આત્માનાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરે તો મુક્તિ થાય.

અનાદિથી શુભાશુભ લાગણીને પોતાની ચીજ માની હતી તેથી અસ્થિરતા થતી હતી, અસ્થિરપદનો પ્રવેશ પોતામાં છે એમ માની ધ્રુવ સ્વભાવને પોતાનો માનતો નથી એ જ ઊંધી માન્યતા છે. પુણ્યાદિ વિકાર કરું તો મને શાંતિ થાય એવી માન્યતા છોડી શુદ્ધ ચિદાનંદની દૃષ્ટિ કરે તો મુક્તિમહેલમાં પહોંચે.

પોતાના સ્વરૂપનાં શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે સાક્ષાત્

મોક્ષમાર્ગ છે. આત્માની કેવળજ્ઞાનદશાને શિવપદ કહે છે. અનુભવથી તે પમાય છે. વિકારથી કે ક્રિયાકાંડથી શિવપદ મળતું નથી. "क्रिया पर्यायकी फेरणि" સ્વરૂપની અનુભવદશાને પલટાવી તે અનુભવની ક્રિયા છે.

જ્ઞાનસ્વરૂપ છે તેનો અનુભવ ત્રિભુવનમાં સાર છે, બીજું કાંઈ સાર નથી. પુણ્ય આદિ પરિણામ શુભ ઉપયોગ છે, આસ્રવતત્ત્વ છે, બંધનો માર્ગ છે, તે મુક્તિનો માર્ગ નથી. જ્ઞાયકસ્વભાવસન્મુખ થઈને જે વીતરાગ દશા પ્રગટ કરે તે અનુભવ અનંત કલ્યાણનું કારણ છે. આત્મા વીતરાગી શાંતિ ને કેવળજ્ઞાનાદિ મહિમાનો ભંડાર છે. શાસ્ત્ર ભણે, ચાર અનુયોગ ભણે છતાં જેની તુલનામાં ન આવે તે બોધનું ફળ અનુભવ છે. બાર અંગના ભણતરનું ફળ અનુભવ છે. રાગદ્વેષ થાય છે તે વિકાર છે, દુઃખ છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે એમ અનુભવ કરવો તે ભેદજ્ઞાનનું ફળ છે. અનુભવ સ્વરસનો રસ છે. આત્મા સિદ્ધસ્વરૂપ છે એવી અંતર્દષ્ટિ કરી આત્માના રસની પર્યાય નીકળે છે તે સ્વરસ છે 'વસંતમાલતી' વગેરે દવાના રસમાં કાંઈ માલ નથી. આત્મા ચિદાનંદ શુદ્ધ ધ્રુવ આનંદકંદ છે, તેની શક્તિના રસની પ્રગટતા એ જ ખરો રસ છે.

**પ્રશ્નઃ-** અમને તો આત્માનો બહાર બધું દેખાય છે.

**સમાધાનઃ-** તે બધું પોતાની પર્યાયમાં દેખાય છે પણ પર્યાય જેટલો આત્મા નથી. આત્મા પર્યાયવાન છે, જ્ઞાનાનંદસ્વભાવ છે, તેની પ્રતીતિ કરીને લીનતા કરવી તે રસ છે.

પુણ્ય-પાપના ભાવ વિકાર છે, તે રહિત આત્માનો અનુભવ કરવો તે ધર્મ છે. આત્મા ત્રિકાળ ધ્રુવ સત્ છે તેવી દષ્ટિ ને જ્ઞાન વિના રાગને વ્યવહાર પણ કહેવાતો નથી.

અનુભવ સ્વસંવેદન છે. આત્મા જ્ઞાનાનંદ છે, તેનું વેદન સ્વસંવેદન છે; પુણ્યનું વેદન તે સ્વસંવેદન નથી.

લોકોએ આ વાત સાંભળી નથી. જગતને વાસ્તવિક તત્ત્વની

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખબર નથી. અજ્ઞાની દેહ, મન, વાણીની ક્રિયાનો કર્તા આત્મા છે એમ માને છે. વિકાર વિનાના આત્માની દૃષ્ટિ કરવી તે ધર્મ છે, આત્માનું સ્વસંવેદન કરવું તે અનુભવ છે. હું છું તો શરીર ચાલે છે, પરની દયા પાળી શકું છું-એમ માનવું તે અજ્ઞાન છે. રાગને લીધે કર્મની પર્યાય થાય એમ માને તે અજ્ઞાની છે. આત્માનો સ્વભાવ નિત્યાનંદ છે. શરીર, વાણી પર છે. રાગની પરિણતિ ગૌણ છે. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદ છે એવી દૃષ્ટિપૂર્વક સ્વનું વેદન કરવું તે મુખ્ય છે, તેને મોક્ષમાર્ગ કહે છે.

અનુભવ તૃપ્તિભાવ છે. આત્મા શુદ્ધ ચિદાનંદ છે. તેની દૃષ્ટિ કરી મોક્ષમાર્ગ પ્રગટ થાય તેથી શાંતિ ને તૃપ્તિ થાય છે. ખાવાપીવાના પરિણામથી કે પુણ્ય-પાપથી તૃપ્તિ નથી ને ૨૮ મૂળગુણના પાલનથી પણ તૃપ્તિ નથી. આત્મા જ્ઞાયક ચિદાનંદ છે, તેની શ્રદ્ધા ને અનુભવ કરવો તે તૃપ્તિભાવ છે. આત્મા શાંત અનાકુળ શક્તિનો ભંડાર છે, તેવી જ પર્યાય પ્રગટવી તે તૃપ્તિભાવ છે. પુણ્યમાં તૃપ્તિ નથી, વિકારથી તૃપ્તિ નથી. અનુભવ સ્વરસ છે, રાગ સ્વરસ નથી. વળી અનુભવ અખંડપદ સર્વસ્વ છે. અભેદમૂર્તિ આત્મામાં સર્વસ્વ છે, રાગમાં સર્વસ્વ નથી. આત્માનો અનુભવ કરવો-રમણતા કરવી તે નિજરસનો અનુભવ છે. આત્માની જ્ઞાનાનંદ શક્તિ વ્યક્તિ થવી તે અનુભવ વિમળરૂપ છે-નિર્મળરૂપ છે. શુભ રાગ પ્રગટ કરવો તે નિર્મળરૂપ નથી. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે, તેને પ્રગટવાનું સાધન અનુભવ છે. નિમિત્ત અથવા વ્યવહાર-સાધનને અહીં ઉડાડી દીધાં. જ્ઞાનજ્યોત પ્રગટ કરવાનું કારણ અનુભવ છે.

અજ્ઞાનીને આત્મા પરથી જુદો છે એવું ભાન નથી ને પરનો ઉપકાર કરવા માગે છે, પણ પોતાથી પરમાં કાંઈ થતું નથી. બાહ્યદૃષ્ટિવાળાને અંતર્મુખ અવસર રહેતો નથી.

અનુભવના રસમાં-સમ્યગ્દર્શનમાં-હું અખંડ જ્ઞાનાનંદ છું એવી શ્રદ્ધા ને અનુભવમાં તે અનંતા ગુણોનો રસ છે. અનુભવમાં અનંત ગુણોનો રસ આવે છે. આત્માના અવલંબને પ્રગટતી

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

નિર્વિકારી દશામાં અનંતા ગુણોનો રસ આવે છે. અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સાધુ વગેરે ક્યા સાધન વડે થયા? તે બધા અનુભવથી થયા છે, થાય છે ને થશે. ક્રિયાકાંડથી પાંચ પદ પ્રાપ્ત થતા નથી. જ્ઞાનાનંદના અવલંબનથી શાંતિ, વીતરાગી દશા થાય ને પંચપરમેષ્ઠિપદ પ્રાપ્ત થાય છે. અર્હંત ને સિદ્ધ કેવળજ્ઞાનનો અનુભવ કરે છે. સાચા આચાર્યાદિ આત્માનો અનુભવ કરે છે. ક્રિયાકાંડનોઅનુભવ કરે તે આચાર્ય નથી. આચાર્યાદિને રાગ થાય છે પણ રાગમાં તન્મય થતા નથી. આત્માનો અનુભવ આનંદ કરે તે સાધુપદ છે.

જગતમાં આત્માના ભાનવાળા સંતો તથા જે ગુણવંત કહેવાય તે આત્માનો અનુભવ કરો. જ્ઞાનીને પણ દયા, દાનાદિ પરિણામ થાય છે. પરંતુ તે આસ્રવ છે. ધર્મ નથી-તેમ જાણો. બહારની તપશ્ચર્યા કરે, અભિગ્રહ કરે તેથી તેને ગુણવંત ધર્મી કહ્યા નથી. આનંદસ્વભાવની ખોજ કરે તે ગુણવંત સંત છે, માત્ર ક્રિયાકાંડ કરે તેને સંત કહેતા નથી. બધા જીવરાશિ સ્વરૂપને અનુભવો, અનુભવ એક જ મુક્તિ માર્ગ છે.

અખંડ સ્વભાવની દૃષ્ટિ કરી, લીનતા કરવી તે જ વિધિ છે. જેને અંતરમાં મિથ્યાત્વની ગ્રંથિ છેદાઈ ગઈ છે તથા અલ્પરાગ રહ્યો છે અને બાહ્યમાં પરિગ્રહ છૂટી ગયો છે એ નિર્ગ્રંથ મુનિ છે. અંતર્શક્તિની સંભાળ કરી-નિત્યની દૃષ્ટિ કરી-સામાન્ય સ્વભાવનો અનુભવ કરી, ભગવાન થયા છે. લોકોને મડદાં જોઈ સ્મશાનવૈરાગ્ય થાય છે પણ વર્તમાન શરીર જ મડદા સમાન છે. આત્મા અમૃત સમાન છે ને શરીર મૃતક સમાન છે. સમયસાર ગાથા ૯૬ માં કહ્યું છે કે અમૃત સમાન આત્મા મૃતક સમાન શરીરમાં રોકાયો છે-મૂર્છાઈ ગયો છે. તે મૂર્છા છોડી અંતર્શક્તિનો વિશ્વાસ લાવી નિર્ગ્રંથ મુનિઓ ભગવાન થયા છે. આત્માના ભાનવાળા મુનિઓ ભગવાન થયા છે.

હવે ગૃહસ્થની વાત કરે છે. ધર્મી ચક્રવર્તી બાહ્ય સંયોગોમાં દેખાતો હોવા છતાં કોઈ કોઈવાર આત્માનો અનુભવ કરે છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્ત્રી, મકાન તથા શરીર આદિ આત્માથી ભિન્ન છે-એમ શ્રદ્ધા કરી અનુભવ કરે છે. ધર્મી સમજે છે કે શરીર, મન, વાણી પર છે, વિકાર અપરાધ છે, તે રહિત આત્મા શુદ્ધ ચિદાનંદ છે-એવું ભાન હોવાથી કોઈ કોઈવાર અમૃતનો અનુભવ કરે છે તથા મુનિઓ વારંવાર અનુભવ કરે છે. ચોથા-પાંચમા ગુણસ્થાનવાળા તે મુક્તિના સાધક છે કેમકે આત્માનું ભાન છે. મિથ્યાદષ્ટિ મુનિ બાહ્યથી ક્રિયાકાંડ કરતો હોય પણ આત્માનું ભાન નથી તેથી સંસારનો સાધક છે. ધર્માત્મા બાળક હો, વૃદ્ધ હો, કે દેડકો હો, પણ હું જ્ઞાનાનંદ છું, રાગ હું નથી-એમ ભાન હોવાથી જ્યારે અનુભવ કરે છે ત્યારે અંશે સિદ્ધ સમાન આત્માનો અનુભવ કરે છે. સિદ્ધના જેટલો પૂર્ણ અનુભવ નથી પણ સિદ્ધની જાતનો અનુભવ છે. પોતાના સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે આત્મતત્ત્વને અનુભવે છે. ધર્મી આઠ વર્ષના રાજકુમાર અથવા રાજકુમારી હોય તો તેને પણ આત્માનો અનુભવ થાય છે. એકદેશ આનંદકંદનો અનુભવ થયો એટલે સ્વરૂપઅનુભવની સર્વ જાતિ પિછાણી છે. સિદ્ધ-અર્હંત વગેરેને આવો અનુભવ હોય છે તેમ જાણી લ્યે છે. અનુભવ પૂજ્ય છે. પોતે શુદ્ધ આનંદકંદ છે એવી શ્રદ્ધાપૂર્વક અનુભવ પૂજ્ય છે. તે જ પરમ છે, તે જ ધર્મ છે. આત્માના શ્રદ્ધા, જ્ઞાન ને રમણતા તે જ ધર્મ છે. ધર્મ કહો, કે ચારિત્ર કહો, -એક જ છે. એ જ જગતનો સાર છે. આત્માનો અનુભવ ભવનો ઉદ્ધાર કરે છે. અનુભવ વિકાર રહિત છે. અનુભવ ભવનો પાર કરે છે. મહિમાને ધારણ કરે છે. જ્ઞાનાનંદ આત્માની દષ્ટિ કરીને અનુભવ થાય તે દોષનો નાશ કરે છે. આત્માની શક્તિમાં જ્ઞાન ને આનંદ ભર્યાં છે. શક્તિની વ્યક્તિરૂપી અનુભવથી ચિદાનંદનો સુધાર થાય છે, તે જ સુધાર છે.

દેવ જિનેન્દ્ર, અર્હંત, ગણધરો ને મુનિઓ વગેરે અનુભવ કરીને નિશ્ચય પામ્યા છે. આત્માની રુચિ કરીને આનંદ પામ્યા છે. અર્હંત ને સિદ્ધ કેવળજ્ઞાનમાં બિરાજે છે. તેમને નિત્ય

Please inform us of any errors on rajesh@AtmaDharma.com


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આનંદનો અનુભવ છે, એકધારા આનંદ અનુભવે છે. હું રાગરહિત છું, અખંડ છું, તેનો સ્વાદ લીધો તે જગતમાં ધન્ય છે. પોતાના આત્માની ભાવના કરી અનુભવ કરે છે તે ધન્ય છે.

આ અનુભવ-પ્રકાશ ગ્રંથ છે. જ્ઞાની સાધર્મી દીપચંદજી શ્રાવક થઈ ગયા તેમણે બનાવેલ છે. પહેલાંના શ્રાવકો રાજમલજી પાંડે, ટોડરમલજી, શ્રી જયચંદ્રજી, દ્યાનતરાય વગેરે જ્ઞાની હતા. અનુભવ નિજ જ્ઞાનનો દાતાર છે, એનો અનુભવ કરી સંતો સુખ પામ્યા છે. ભવ્ય જીવો નિરુપમ આત્માની શ્રદ્ધા કરે. શ્રી દીપચંદજી કહે છે કે આત્મા પોતે અવિકારસ્વરૂપ છે, તેની શ્રદ્ધા કરો.

## સમાપ્ત



Please inform us of any errors on rajesh@AtmaDharma.com